અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુ

# શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો

(ટિપ્પણી સહિત)



સર્વજીવહિતાવહ ગ્રંથમાળા - ૬

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

અમદાવાદ-૧૩

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

### જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિક:** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ:** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા:** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ:** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ:** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ:** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ
પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

|| સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે. ||

|| અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે. ||

|| જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે. ||



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

## અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા **'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન'**નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્ગુરુવર્ય

**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના

ચરણકમળમાં શતકોટિ વંદન !

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃ પ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
**નારાયણભાઈ ગી. ઠક્કર**
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

## અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુ

# શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો

(ટિપ્પણી સહિત)

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૬


સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

અમદાવાદ - ૩૮૦૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

● પ્રકાશન સમિતિ ●

*: પ્રેરક - માર્ગદર્શક :*

**● અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ●**

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ

(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)

ઈન્કમટેક્સ એક્ષેમ્પશન u/s 80(G)5

***તૃતીય આવૃત્તિ***

પ્રત : ૧૦૦૦

૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૩

સં. ૨૦૭૯ મહા વદ અગિયારસ

***સેવા મૂલ્ય*** : રૂ. ૪૦/-

***પ્રકાશક***

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩. ✆ 079-27682120

E-mail : info@shriswaminarayandivinemission.com

Website : www.shriswaminarayandivinemission.org

***: મુદ્રક :***

મુદ્રણ સંસ્કાર;
મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ
આંબલી ગામ, અમદાવાદ.

# તૃતીય આવૃત્તિનું નિવેદન

પરમ યોગીવર્ય, અનાદિ મહામુક્ત, સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીશ્રીની વાતોના આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરતાં અત્યંત આનંદ અનુભવીએ છીએ.

આ 'વાતો' અગાઉ પ. ભ. શા. વલ્લભજીભાઈ કુબેરદાસભાઈએ અમદાવાદમાંથી સં. ૧૯૬૦ (ઈ. સ. ૧૯૦૪)માં છપાવીને પ્રસિદ્ધ કરી હતી. ત્યાર બાદ તે જ પુસ્તક સં. ૧૯૯૫ (ઈ. સ. ૧૯૩૯)માં પ. ભ. જેરામભાઈ રામજીભાઈ મિસ્ત્રીએ ફરી છપાવ્યું હતું. આ બંને પુસ્તકોમાં સ. ગુ ગોપાળાનંદ સ્વામીશ્રીની વાતો ઉપરાંત ધ. ધુ. આદિ આચાર્ય મહારાજશ્રી રઘુવીરજી મહારાજશ્રીની વાતો તથા સ. ગુ. શુકાનંદ સ્વામીશ્રીની વાતો પણ જોડવામાં આવી હતી. તેમાંથી સ. ગુ. ગોપાળાનંદ સ્વામીશ્રીની વાતો જુદી સં. ૨૦૩૧ (ઈ. સ. ૧૯૭૫)માં અમદાવાદના સ. ગુ. પૂજારી સ્વામી શ્રી કૃષ્ણવલ્લભદાસજીએ છપાવી હતી. આ બધી વાતો 'બે પ્રકરણની વાતો' તરીકે જાણીતી છે. જે અરસામાં જેરામભાઈ મિસ્ત્રીએ 'વાતો' છપાવી તે જ અરસામાં એટલે સં. ૧૯૯૪ (ઈ. સ. ૧૯૩૭)માં રાજકોટના સત્સંગ સાહિત્ય

કાર્યાલય તરફથી બ્રહ્મચારી બાલકૃષ્ણાનંદજીએ હસ્તલિખિત પ્રતો મેળવી સંશોધિત કરી સ. ગુ. ગોપાળાનંદ સ્વામીશ્રીની વાતો 'ત્રણ પ્રકરણ' તરીકે છપાવી હતી. આ ત્રણ પ્રકરણની વાતોનું સંસ્કૃત અને હિન્દી ભાષાંતર કરીને જૂનાગઢના સ. ગુ. શાસ્ત્રી શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીશ્રીએ સં. ૨૦૨૩ (ઈ. સ. ૧૯૬૭)માં છપાવી, ગુજરાતી નહિ જાણનાર મુમુક્ષુઓ ઉપર બહુ મોટો ઉપકાર કર્યો છે.

'બે પ્રકરણ'ની વાતોમાં જે પ્રથમ પ્રકરણ છે તે સ્વામીશ્રી વાતો કરતા તે જ વખતે તે નોંધી લઈ ભેગી કરેલી વાતોનું છે, જે 'ત્રણ પ્રકરણ'ની વાતોમાં બીજા પ્રકરણ તરીકે રજૂ કરેલ છે. આ 'બે પ્રકરણની વાતો'ના પ્રથમ પ્રકરણમાં વાર્તા ૧૫૧થી ૧૭૬ 'શ્રી પુરુષોત્તમ નિરુપણ' તરીકે જોડવામાં આવી છે (જેને અમે પ્રસિદ્ધ કરેલા આ પુસ્તકમાં વાર્તા ૧૦થી ૩૫ તરીકે આપેલ છે) તે સ્વતંત્ર પુસ્તિકા તરીકે 'શ્રી પુરુષોત્તમ નિરુપણ' અથવા 'સદ્‌ગુરુ વિધાત્રાનંદ સ્વામીકૃત પુરુષોત્તમ પત્રી' નામે શ્રી સત્સંગ હિતવર્ધક મંડળે સં. ૧૯૭૬ (ઈ. સ. ૧૯૨૦)માં પ્રસિદ્ધ કરી હતી. 'બે પ્રકરણની વાતો'માં બીજું પ્રકરણ છે તે સ. ગુ. ગોપાળાનંદ સ્વામીશ્રી થકી સિદ્ધ સ્થિતિને પામેલા સ. ગુ. ચૈતન્યાનંદ સ્વામીશ્રીએ સાંભળીને લખી લીધેલી તે છે, તે 'ત્રણ પ્રકરણની વાતો'માં પહેલા પ્રકરણ તરીકે આપેલ છે. આ બંને પુસ્તકોમાં પહેલા અને બીજા પ્રકરણમાં થોડી વાતો વત્તી-ઓછી છે કે સહેજ-સહેજ પાઠભેદ પણ છે. 'ત્રણ પ્રકરણવાળી વાતો'માં ત્રીજું

પ્રકરણ સ્વામીશ્રીએ જુદી જુદી જગ્યાએ વાતો કરી હોય જે સંત-હરિભક્તોએ લખી લીધી હોય તે સંગ્રહના આધારે બનેલ છે.

અત્યાર સુધી પ્રસિદ્ધ થયેલા 'બે પ્રકરણવાળા' ને 'ત્રણ પ્રકરણવાળા' પુસ્તકોમાં વાતોનો ક્રમ વિષયવાર ગોઠવેલ નથી. એક જ વિષય-મુદ્દાની વાતો જુદી જુદી જગ્યાએ વહેંચાયેલી જોવા મળે છે. વળી, સ્વામીશ્રીની ભાષામાં કોઈ કોઈ જગ્યાએ તળપદા રૂઢિપ્રયોગોનો ઉપયોગ જોવા મળે છે. વળી કેટલીક જગ્યાએ સ્વામીશ્રીએ કોઈ મુદ્દો સમજાવવા દૃષ્ટાંત આપ્યું હોય તો તે દૃષ્ટાંતની વિગત જણાવ્યા વિના ફક્ત તે દૃષ્ટાંતનો ઉલ્લેખ જ કરેલો છે. આથી વાંચનારને સમજવામાં મુશ્કેલી પડે છે. વળી કેટલાક શાસ્ત્રીય શબ્દોના અર્થ પણ હવેના જમાનામાં એટલા પ્રચલિત રહ્યા નથી, તેથી આ પુસ્તકમાં, વાંચનારની સરળતા માટે, નીચેની વિશેષતાઓ સામેલ કરી છે, જેની નોંધ લેવા વિનંતી છે :

(૧) સ્વામીશ્રીની વાતોને વિષયો-મુદ્દાઓ-મુજબ જુદી જુદી જગ્યાએથી એકત્રિત કરીને ફેર-ગોઠવણી કરી છે, આથી મુમુક્ષુઓને એક જ મુદ્દાને લગતાં સ્વામીશ્રીનાં અનુભવસિદ્ધ વચનો એક સાથે વાંચવા મળી શકે.

(૨) આ માત્ર ફેર-ગોઠવણી છે, મૂળ વાતોમાં સહેજ પણ ફેરફાર કરેલ નથી. આની સૌને ખાતરી થાય અને જૂનાં પુસ્તકો સાથે સરખામણી કરવી હોય તો તે થઈ શકે તે માટે

પુસ્તકને અંતે ‘સંદર્ભ’ આપેલ છે, જેમાં આ પુસ્તકમાં આપેલી વાતો ‘બે પ્રકરણની વાતો’માં ને ‘ત્રણ પ્રકરણની વાતો’માં કેટલામા નંબરની છે તે મળી આવે છે. જે વાતમાં ‘બે પ્રકરણની વાતો’ ને ‘ત્રણ પ્રકરણની વાતો’માં પાઠભેદ જોવા મળ્યો છે તેમાં ‘બે પ્રકરણની વાતો’નો પાઠ અહીં આપ્યો છે. ‘ત્રણ પ્રકરણની વાતો’માં ત્રીજા પ્રકરણની બધી વાતો તથા પહેલાં-બીજાં પ્રકરણોમાંની વધારાની વાતો પણ અહીં રજૂ કરી છે. આવી વાતોના અંતે તેના નંબર પછી *નું ચિહ્ન મૂક્યું છે.

(૩) સ્વામીશ્રીની વાતો સમજવામાં વધુ અનુકૂળ પડે તે માટે એક ‘ટિપ્પણી’ બનાવી પરિશિષ્ટ તરીકે સામેલ કરી છે, જેમાં શાસ્ત્રીય શબ્દોના અર્થ, અઘરા શબ્દોના અર્થ, રૂઢિપ્રયોગોના અર્થ તથા સ્વામીશ્રીએ આપેલાં દૃષ્ટાંતોની વિગત વગેરે આપેલ છે.

આ રીતે પૂર્ણ પુરુષોત્તમ, સર્વાવતારી મહારાજાધિરાજ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીના પરમ લાડીલા અને અનેક જીવોને શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપને વિષે જોડવા માટે જ જેમનું આ લોકને વિષે માંગલિક વિચરણ હતું તેવા પરમ દયાળુ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીશ્રીની અનુભવવાણીનું આ પુસ્તક સૌ કોઈને વિશેષ ઉપયોગી થાય તેવા નમ્ર પ્રયત્નો કર્યા છે. આશા છે કે આનાથી સૌને આનંદ થશે.

જ્ઞાન ને વ્યવહારના નિરર્થક ઝઘડા પડતા મૂકીને, સર્વ સુખનું ધામ, સર્વ કારણના કારણ ને અપાર સુખ-સામર્થ્ય-ઐશ્વર્યના નિધિ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીની પરમ દિવ્ય મૂર્તિમાં પ્રતિલોમપણે જોડાઈ જવું તે જ જીવનનું એક માત્ર સર્વોત્તમ ધ્યેય છે, તે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીશ્રીની આ દિવ્ય વાતોમાં સુસ્પષ્ટપણે જણાઈ આવે છે.

આ પુસ્તકની 'ટિપ્પણી' બનાવવામાં 'ભગવદ્‌ગોમંડળ કોશ' તથા અન્ય શાસ્ત્રોનો આધાર લીધો છે. સ્વામીશ્રીએ આપેલાં દૃષ્ટાંતોની સમજ માટે સ. ગુ. શાસ્ત્રી શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી સ્વામીશ્રીએ પોતાના સંસ્કૃત-હિન્દી ભાષાંતરિત પુસ્તકના પરિશિષ્ટમાં જે સમજ આપી છે તેનો આધાર લીધો છે. આ માટે સ. ગુ. પંડિતવર્ય શાસ્ત્રીજીના અમે ઋણી છીએ.

આ ગ્રંથ પ્રકાશનના કાર્યમાં વ્યાકરણશુદ્ધિ, પ્રૂફ સુધારણા, સુંદર મુદ્રણકાર્ય, બાઈન્ડિંગ આદિ છપાઈકામમાં કાળજી રાખી, જહેમત ઉઠાવી સેવારૂપ થનાર સર્વે પર શ્રીજીમહારાજ ને તેમના અનાદિ મહામુક્તોની પ્રસન્નતા સદાય વરસતી રહે એ જ પ્રાર્થના.

સં. ૨૦૭૯, મહા વદ અગિયારસ — **પ્રકાશન સમિતિ**
ઈ. સ. ૨૦૨૩, ૧૬ ફેબ્રુઆરી શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

# અનાદિમુક્તરાજ સદ્‌ગુરુ
# શ્રી ગોપાળાનંદ સ્વામીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર

સત્પુરુષોનાં જીવનચરિત્રોનું વાચન આપણને એ પ્રેરણા આપે છે જેના દ્વારા આપણે પોતાનો દેહભાવ ભૂલીને પરમ દિવ્યતાને પામી શકીએ. અહીં પ્રસ્તુત કરેલ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીનું આછું રેખાચિત્ર પ્રેરણાના તેજોમય ઝબકારે આપણા પથને ઉજ્જવળ કરે એવી સચોટ ભૂમિકા ધરાવે છે.

‘‘અમે સ્વામિનારાયણને જોયા નથી, પણ તેમના સાધુ ગોપાળાનંદ સ્વામીને જોયેલા છે; તે અમે કહીએ છીએ કે, જરૂર ભગવાન હતા, તો પછી એવા જેમના શિષ્યો હોય તે ભગવાન હોય તેમાં શું આશ્ચર્ય છે ?’’ વડોદરાના રાજ્યપંડિત શાસ્ત્રી બદરીનાથજીના પંડિતવર્ય ને વયોવૃદ્ધ પિતાશ્રી ત્ર્યંબકનાથ શાસ્ત્રીજીનાં આ વચનો ઉપરથી સમજાય છે કે શ્રી સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પથી પ્રગટ થયેલા અનાદિમુક્તોનો ઐશ્વર્ય-પ્રતાપ પણ એવો અદ્‌ભુત જ હોય ને !

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે આ

બ્રહ્માંડના અનંત જીવોને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી સુખિયા કરવા માટે કૃપા કરીને મનુષ્યરૂપ ધારણ કરી આ ધરતીના પટે પધાર્યા. અનંત જીવોને પોતાના સ્વરૂપની ઓળખ કરાવવા તથા પોતાના દિવ્ય સ્વરૂપને વિષે જોડવા, શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના અક્ષરધામને વિષે રહેલા મુક્તોને પણ મનુષ્યરૂપ ધારણ કરાવી પોતાની સાથે લાવ્યા. સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી આ મુક્તોના અગ્રગણ્ય સમા મહાન સમર્થ અનાદિમુક્ત હતા.

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા ગામની નજીક ટાકાટુકા ગામ પાસે આવેલા ટોરડા (ટોડલા) નામના નાનકડા ગામમાં તેઓશ્રીનો જન્મ થયો હતો. તેઓશ્રીનું પૂર્વાશ્રમનું નામ ખુશાલભાઈ હતું. સંપ્રદાયમાં સ્વામીશ્રીની જન્મતિથિ સંવત ૧૮૩૭ના મહા સુદ ૮ ને સોમવારની પ્રચલિત છે, પરંતુ ખુશાલભાઈના કાકાના દીકરા ઈશ્વરભાઈ દત્તરામ ઠાકરના હસ્તલિખિત ચોપડાની નોંધ પ્રમાણે જન્મતિથિ સંવત ૧૮૩૩ના શ્રાવણ સુદ ૧૫ની હતી.[૧] ખુશાલભાઈના પિતાશ્રી મોતીરામ રાજેશ્વર ઠાકર તથા માતુશ્રી જીવીબા ભગવાનના તપઃપ્રિય અનન્ય ભક્ત હતાં. તેમના અતિ ઉત્કટ પુણ્યબળને લીધે આ મહાસમર્થ મુક્તનો તેમના ઘરમાં જન્મ થયો. ખુશાલભાઈને બે બહેનો હતી.

આઠમે વર્ષે બાળક ખુશાલભાઈને યજ્ઞોપવિત સંસ્કાર આપી મુડેટી ગામે ભોળાનાથ શુક્લને ત્યાં ભણવા મોકલવામાં

૧. યોગેશ્વર ગોપાળાનંદ સ્વામી– લેખક ડૉ. ગોવિંદભાઈ ડી. પટેલ (ઈ. સ. ૧૯૭૭)

આવ્યા. ત્યાં તેઓશ્રીએ બાર વર્ષ રહી વેદવેદાંત, ન્યાયશાસ્ત્ર, મિમાંસા, તર્કશાસ્ત્ર, વ્યાકરણ આદિ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. વળી, ટોરડા ગામથી પૂર્વ દિશામાં ૫-૬ કિલોમીટર દૂર આવેલા રામપુરી ગામ પાસેના ડુંગરમાં આવેલ ધારેશ્વર મહાદેવની જગ્યામાં રહીને તેમણે અષ્ટાંગ યોગ પણ સિદ્ધ કર્યો હતો.

વિદ્યાભ્યાસ કર્યા પછી ખુશાલભાઈએ ટોરડામાં પોતાના પિતાશ્રી જે શાળા ચલાવતા હતા તેમાં વિદ્યાર્થીઓને ભણાવવાનું કામ પોતાના માથે લીધું. ટોરડામાં હાલ જ્યાં શ્રી સ્વામિનારાયણ મંદિર (ગોપાળલાલજીનું મંદિર) છે તે જગ્યાએ જ ખુશાલભાઈ શાળા ચલાવતા. વિદ્યાર્થીઓને આલોક અને પરલોકની વિદ્યા શીખવતા. વિદ્યાર્થીઓને સમાધિ કરાવતા, કોઈ શુભ હેતુસર કે કોઈનાં દુઃખ જોઈને અનુકંપાથી અવારનવાર અલૌકિક ચમત્કાર બતાવતા. ક્યારેક વરસાદની ખેંચ હોય તો માનવ હિત ખાતર સંકલ્પથી વરસાદ વરસાવતા. રોગીઓને રોગમુક્ત કરતા, દટાઈ ગયેલા કૂવા કે દાટેલા પૈસા દેખાડતા.

'ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો ભગવાનના અનાદિમુક્તનો પણ પ્રતાપ છે.' (વચનામૃત : ગઢડા મધ્ય ૨૨). એ રીતે ખુશાલભાઈ તો શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીના સંકલ્પથી પ્રાગટ્ય પામેલા મુક્ત હોવાથી તેમનામાં ઐશ્વર્ય પ્રતાપ સ્વતઃસિદ્ધ હતાં. બાલ્યાવસ્થાથી જ કુટુંબમાં, આડોશ-પાડોશમાં ને ગામમાં ઘણી અલૌકિક

ઘટનાઓ ખુશાલભાઈના દિવ્ય પ્રભાવદ્વારા બનતી હતી. તેમાંની થોડીક અત્રે સંક્ષિપ્તમાં રજૂ કરીએ છીએ :

એક વખત ખુશાલભાઈના પારણાં પર ચડીને એક સર્પે તેમના ઉપર ફેણથી છત્રછાયા કરેલી. કોઈ કોઈવાર ખુશાલભાઈના શરીરમાંથી જાજવલ્યમાન તેજ નીકળતું. કોઈવાર રમત રમતમાં પોતાના ઘરની મોટી કોઠીમાંથી ગોળ કાઢી બધાં બાળમિત્રોને પ્રસાદી આપતા. છતાં કોઠીમાં ગોળ તેટલો ને તેટલો જ રહેતો. એકવાર ઘોડિયાથી છ-આઠ ફૂટ દૂર બાંધેલી કપિલા ગાય ઉપર ઘોડિયામાં સૂતેલા ખુશાલભાઈએ હાથ લાંબો કરી ફેરવતાં જ તે ગાય સદેહે સૂર્યનારાયણના રથમાં બેસીને પરલોકમાં જતી આખા ગામે નિહાળી હતી.

એકવાર ખુશાલભાઈનાં માતુશ્રી જીવીબા ઘરની બાજુની નવેરી વાળતાં હતાં ત્યારે ત્યાં સોનાનાં ઝાંઝર, કાનનાં કુંડળ ને રૂપાની એક ગેડી (લાકડી) મળી આવ્યાં. જીવીબા તો અતિ આશ્ચર્ય પામ્યાં. પોતાના ઘરની આર્થિક સ્થિતિ તો અતિ સામાન્ય હતી. ત્રણ-ચાર વર્ષના ખુશાલભાઈને આ વિષે પૂછ્યું તો તેમણે કહ્યું કે, ''એ તો મારા મિત્ર શામળાજી ભૂલી ગયા લાગે છે.'' ટોકડા ગામથી શામળાજીનું સુપ્રસિદ્ધ મંદિર આશરે ૧૫-૨૦ કિલોમીટરે આવેલું છે. તે મંદિરના ભગવાન શામળાજી બાળ ખુશાલભાઈ જોડે રમવા આવતા ! તે દિવસે પોતાનાં ઘરેણાં ભૂલી ગયેલા તે માતુશ્રીની નજરે પડેલાં પાડોશી ખાતરા સોનીને દાગીના બતાવી ખાતરી કરી જોતાં એ દાગીના શામળાજી ભગવાનના જ હતા. દરમિયાન

શામળાજી મંદિરમાં બૂમાબૂમ થઈ કે મંદિરમાંથી ઘરેણાંની ચોરી થઈ છે. સ્વાભાવિક રીતે જ સહુને પૂજારી ઉપર સંદેહ આવ્યો. ત્યાં તો મંદિરમાંથી અલૌકિક અવાજ આવ્યો કે, ‘‘ટોરડા ગામમાં મોતીરામ ઠાકરના પુત્ર ખુશાલભાઈ મારા મિત્ર છે. તેમની જોડે હું રમવા ગયો હતો, ત્યારે પૂજારીએ મંગળા આરતી માટે શંખ તથા ઘંટારવ કરી ઝટ કમાડ ઉઘાડ્યાં એટલે મારે દોડતાં દોડતાં ટોરડાથી આવવું પડ્યું. તેમાં મારાં ઘરેણાં હું ટોરડા ભૂલી ગયો; મારી ઉપરણી તથા શાલ વચ્ચે રસ્તામાં ઝાડની ડાળે ભરાઈ ગઈ, ચાખડી પડી ગઈ, તે લઈ આવો.’’ મંદિરના પૂજારી, બારોટ વગેરે ખુશાલભાઈને ત્યાં ગયા ને એ દિવ્ય બાળકની અદ્‌ભુત પ્રતિભાથી આશ્ચર્ય પામી, તેમનાં દર્શન કરી, અહોભાગ્ય માની, ઘરેણાં લઈ શામળાજી પાછા આવ્યા.

એકવાર વખંભર સર્પના દંશથી મૃત્યુ પામેલાને જીવતો કરી તે સર્પને એક વર્ષ સુધી પોતાનું તથા બ્રાહ્મણોનું ઉચ્છિષ્ટ અન્નજળ જમાડી, પાપ રહિત કરી, મોક્ષ કરેલો. એક વખત પાદરમાં આવી ચડેલા વાઘે એક બાળકને મારી નાખ્યો. તેને જીવતો કરી વાઘને લપડાક મારી પાળેલા કૂતરા જેવો નિરુપદ્રવી કરી ત્રણ વર્ષ ગામમાં રાખ્યો હતો. એક વખત ગામમાં કોઈના ઘરમાં આગ લાગતાં પંદર વર્ષનો એક છોકરો આગામાં ઘેરાઈ ગયો. તેને ખુશાલભાઈએ પોતાની નિશાળામાં બેઠાં બેઠાં હાથ લાંબા કરીને બચાવી લઈ નિશાળમાં લઈ આવેલા. એકવાર પોતાના ખેતરમાં આવેલા

કડવા મહુડાને મીઠો સાકર જેવો કરી દીધો હતો. વળી એક વખત ગામમાં આવેલી ખાખી બાવાની મોટી જમાતના દરેક સાધુને ખુશાલભાઈએ ઠાકોરજીની પૂજાનું ચરણામૃત પીવરાવી ક્ષુધાની નિવૃત્તિ કરાવી દીધી હતી.

ઇડર પાસેના બડોલી ગામનો, જન્મથી મૂંગો ને પડી જવાથી બંને પગ ભાંગેલો બ્રાહ્મણનો એક અનાથ છોકરો હતો, તેને તે ગામના લોકો ગાડામાં નાખી ટોરડે ખુશાલભાઈ પાસે લાવ્યા. તેમણે તેના ઉપર દયા લાવીને તેનો હાથ ઝાલી ઊભો કર્યો અને પોતાના ઘરની સામે પીપળો ને તુલસીક્યારો હતો તેની પ્રદક્ષિણા કરાવી. પોતાની જોડે વેદમંત્ર બોલતો કર્યો ને આશીર્વાદ આપ્યા કે આ છોકરો દેવની પંક્તિમાં ગણાશે. એ આશીર્વાદથી તે છોકરો વેદપંડિત થયો ને યજ્ઞયાગાદિકમાં પ્રવીણ થયો ને ગૌરીશંકર ધનપાઠી તરીકે પ્રસિદ્ધિ પામ્યો. આગળ જતાં ગૌરીશંકર સારા સત્સંગી થયા, ને અમદાવાદમાં શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા વખતે વરૂણીમાં હતા. તેમની ઓળખાણ શ્રીજીમહારાજે પોતે આપી અને કહ્યું કે, 'મોટા પુરુષ તો જડને ચેતન કરે અને પશુને દેવ કરે, તે જુઓ, આ બેઠા.' ત્યારે ગૌરીશંકર ઊભા થઈ હાથ જોડી નમસ્કાર કરી બોલ્યા કે, 'મને ગોપાળાનંદ સ્વામીએ શારીરિક યાતના અને પીડામાંથી મુક્ત કરી વિદ્યાનું દાન કર્યું છે. હું તો તેમને ભગવાન જેવા સમર્થ સમજું છું.' આમ, મૂઢ અને મૂંગાને ખુશાલભાઈએ વેદપંડિત કરી પોતાનું અલૌકિક સામર્થ્ય બતાવ્યું હતું.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના પરમ આનંદઘન સ્વરૂપમાં તન્મય થઈને સ્વતંત્રપણે સુખ ભોગવતા અનાદિ મહામુક્તોને કોઈની પાસેથી કોઈ અપેક્ષા હોતી નથી. તેમનું વિચરણ તો કેવળ અનંત જીવોના કલ્યાણ માટે જ હોય છે. તેમણે બતાવેલા ચમત્કારો પણ કોઈને આંજી દેવા માટે નહિ, પણ તેના આધ્યાત્મિક ઊર્ધ્વીકરણ માટે જ હોય છે. તે છતાં, કોઈ સામાન્ય સિદ્ધિ મેળવીને લોકોને આંજી દઈને દંભ કરીને ઠગતો હોય તો તેવાની સાન પણ તેઓ ઠેકાણે લાવે છે. એકવાર ગોપાળદાસ નામના રામાનુજી સાધુ ટોરડામાં ચાતુર્માસ માટે આવ્યા. તેઓ જ્યાં જમવા જાય ત્યાં પોતાની પૂજાનું સિંહાસન મૂકી વિદાય થઈ જાય અને સાંજ વખતે સિંહાસન આપોઆપ મંદિરમાં તેમની પાસે ચાલ્યું જાય. લોકોને આંજી દેવા માટેનો જ આ ચમત્કાર હતો. મોતીરામ ઠાકરને જમાડવાનોવારો આવ્યો ત્યારે તેમણે ત્યાં પણ સાધુએ એમ જ કર્યું, પણ સાંજ પડ્યે પોતે સાધેલા ભૂતને સિંહાસન લેવા મોકલ્યું તો તે ઘરમાં તેનાથી જવાયું જ નહિ. આમ આ મહાન સત્પુરુષના પ્રભાવ આગળ તેનું મલીન મંત્રબળ નિષ્ફળ નીવડ્યું. સાધુ ખસિયાણો પડીને સિંહાસન મૂકીને બીજે ગામ ચાલ્યો ગયો.

ટોરડા ગામ ઈડર રાજ્યમાં હતું. ઈડરના રાજા ગંભીરસિંહે લોટ ઉઘરાવતા બ્રાહ્મણ ઉપર ‘વટલોઈ વેરો’ નાખ્યો હતો. બ્રાહ્મણો ત્રાસી ગયા ને આજીજી કરી પણ રાજાએ વેરો કાઢ્યો નહિ. બ્રાહ્મણોએ મળીને ટોરડા જઈ

'પ્રતાપી' ખુશાલભાઈને આ બાબત મદદ કરવા વિનંતી કરી. ખુશાલભાઈએ ઈડર જઈ રાજાને વેરો કાઢી નાખવા વિનંતી કરી, પણ રાજા માન્યા નહિ. ખુશાલભાઈ અને બ્રાહ્મણોએ ઈડર ગામમાં મુકામ કર્યો. ભગવાનના નામની ધૂન શરૂ કરી; ત્યાં રાજમંડળ સહિત પ્રજા સર્વનાં મળમૂત્ર તત્કાળ બંધ થઈ ગયાં. સૌએ અપરાધની ક્ષમા માગી, રાજાએ વેરો રદ કર્યો. તે વખતે તે રાજાને ૧૬ રાણીએ પણ પુત્ર ન હતો. તેથી ખુશાલભાઈને મહાપ્રતાપી જાણી પુત્રની યાચના કરી. ખુશાલભાઈ આશીર્વાદ આપી માણસાની કુંવરી પરણવાની સૂચના કરી, તે આશીર્વાદથી જુવાનસિંહ નામના પુત્ર થયા. પાછળથી રાજારાણીએ ઈડરમાં રાજમહેલની સામે જ ત્રણ શિખરનું શ્રી સ્વામિનારાયણ ભગવાનનું મંદિર બંધાવ્યું. આ પરચો ઈડર રાજ્યના અધિકૃત ઇતિહાસમાં પણ નોંધાયેલો છે.

પોતાની અનિચ્છા છતાં માતાપિતાના એક માત્ર પુત્ર હોવાથી ખુશાલભાઈનાં લગ્ન ચિત્રોડા ગામમાં કરેલાં. તેમને અનુપબા નામનાં એક પુત્રી થયેલાં. પરંતુ તેમનું ચિત્ત તો પ્રભુમાં જ લાગેલું રહેતું. વાડાશિનોરના કાશીરામ અને મુરલીધર નામના બે સત્સંગી હરિભક્તો પાસેથી ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રગટ થયા છે એ જાણ્યું ત્યારથી તેમનાં દર્શન-મેળાપ માટે તેમનું અંતર આતુર રહેતું.

એવામાં આ અરસામાં શ્રીહરિએ ખુશાલભાઈને તેડવા, ટોરડા ગામે શ્રી રામાનંદ સ્વામીના શિષ્ય રામદાસજીભાઈ આદિ સંતોને મોકલ્યા. ત્યારે ખુશાલભાઈ તેમની સાથે ડભાણ

આવ્યા ને શ્રીહરિજીનાં દર્શન કરી મહાઆનંદ પામ્યા અને શ્રીહરિની આજ્ઞાથી પાછા ઘેર ગયા. પછી જ્યારે શ્રીહરિ જેતલપુર પધાર્યા ત્યારે પોતે બ્રાહ્મણના વેશમાં ખુશાલભાઈને તેડવા ટોડલા ગયા. તેમની સાથે તેઓ જેતલપુર આવ્યા, ત્યાં શ્રીહરિનાં દર્શન થતાં જ તેમની વૃત્તિ પ્રભુમાં જોડાઈ ગઈ ને સદાને માટે ગૃહત્યાગ કરી શ્રીહરિની સેવામાં રહ્યા. સં. ૧૮૬૪માં કાર્તિક વદ ૮ને દિવસે ગઢડામાં દાદાખાચરના દરબારમાં અક્ષરઓરડીમાં શ્રીહરિજીએ ખુશાલભાઈને ભાગવતી દીક્ષા આપી ગોપાળાનંદ સ્વામી નામ પાડ્યું. અનંત જીવોના આત્યંતિક કલ્યાણને કાજે જાણે રવિ-ચંદ્રની સુભગ જોડલી ગુંથાઈ ગઈ !

અતિ સમર્થ હોવા છતાં આ સદ્‌ગુરુશ્રી પોતે પોતાનું ઐશ્વર્ય ઢાંકીને હંમેશાં વર્તતા. પોતે સત્સંગમાં દાસત્વપણે જ સદાય વર્ત્યા છે. ગઢડા મધ્ય પ્રકરણના ૬૨મા વચનામૃતમાં શ્રીજીએ સ્વમુખે શ્રી ગોપાળાનંદ સ્વામીની દાસત્વભક્તિને વખાણી છે. ગઢડા અંત્ય પ્રકરણના ૨૧મા વચનામૃતમાં શ્રીહરિજીએ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીને વિષે કહ્યું છેઃ ‘‘અમે તો જેવા સર્વથી પર જે દિવ્યધામ તેને વિષે ભગવાનના પાર્ષદ છે, તે થકી અધિક જો આ સત્સંગીને (ગોપાળાનંદ સ્વામીને) ન જાણતા હોઈએ તો અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે.’’ ‘ભક્તચિંતામણિ’ ગ્રંથ લખાતો હતો ત્યારે પણ શ્રીજીમહારાજે પોતે સ. ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીને ખાસ સૂચના આપી, સ. ગુ. શ્રી

ગોપાળાનંદ સ્વામી વિષેનું પ્રકરણ (પ્ર. ૧૪૨) ઉમેરાવ્યું હતું.

શ્રીજીમહારાજની આજ્ઞાથી પરમહંસ દીક્ષા અગાઉ અને ત્યાર બાદ, પોતે ઘણીવાર વડોદરા રહેતા. એ જમાનામાં ગુજરાતમાં મોટામાં મોટું રાજ્ય વડોદરાનું હતું, અને મોટા વિદ્વાનો-પંડિતો ત્યાં રાજ્યાશ્રય મેળવીને રહેતા, તેથી તે ગુજરાતનું કાશીક્ષેત્ર કહેવાતું, નવા સ્થપાયેલા સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રતાપ સહન ન થવાથી, કોઈ પોતાના મંત્ર-તંત્રની સિદ્ધિના મદથી કે પંડિતાઈના ગર્વથી સ્વામિનારાયણ સંપ્રદાયનો વિરોધ કરી, સંપ્રદાયના અનુયાયીઓને પજવતા કે પોતાની મોટપ સાબિત કરવા આવતા, તે સર્વેને સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ પોતાનો પ્રૌઢ પ્રતાપ જણાવી જીતી લઈ સન્માર્ગે વાળ્યા હતા. દિન-પ્રતિદિન સ્વામીશ્રીનો પ્રતાપ એટલો વધ્યો કે વડોદરાના મહારાજા સયાજીરાવ (બીજા) ગાયકવાડ પોતે પણ શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થયેલા, ને શ્રીહરિજીની વડોદરામાં પધરામણી કરી ચતુરંગી સેના સાથે સવારી કઢાવી અતિ ધામધૂમ કરી શ્રીહરિજીની પ્રસન્નતાને પામ્યા હતા. વડોદરામાં સ્વામીશ્રીએ બતાવેલું ઐશ્વર્ય સુપ્રસિદ્ધ છે ને અનેક જગ્યાએ નોંધાયેલું છે.

તે જ રીતે આણંદ પાસેના ઉમરેઠ ગામમાં ખેડાવાળ બ્રાહ્મણો શાસ્ત્રજ્ઞ અને જ્ઞાનપિપાસુ હતા, તેથી ઉમરેઠ 'છોટી કાશી' તરીકે ગુજરાતમાં પંકાતું. સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ પોતાના અલૌકિક પ્રતાપ, વિદ્વત્તા અને પ્રાગલ્ભ્યથી ઘણા પંડિતોને શ્રીહરિના આશ્રિત કરેલા.

એકવાર શ્રીહરિની આજ્ઞાથી સ્વામીશ્રી ધંધુકા પાસેના સુંદરિયાણા ગામે પધાર્યા. ત્યાંના અગ્રગણ્ય શેઠ હેમરાજશા ચુસ્ત વૈષ્ણવ અને નિપુણ નાડીવૈદ્ય હતા. હાથની નાડી પકડીને તેની ગતિ ઉપરથી રોગ પારખી જઈ, એકસીર દવા કરી જાણતા. તેમના બે દીકરાઓ વનાશા-પૂંજાશા શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયેલા, પણ હેમરાજશા તો વૈષ્ણવી નિષ્ઠામાં અચળ હતા. સ્વામીશ્રીના કહેવાથી વનાશા-પૂંજાશાએ હેમરાજશાને સ્વામીની તબિયત જોવા મોકલ્યા. હેમરાજશા સ્વામીના હાથની નાડી જોવા ગયા ત્યારે સ્વામીશ્રીએ સંકલ્પપૂર્વક નાડી ખેંચી લીધી. પોતે વાતો કરતા જાય. હેમરાજશા તો પારખુ હતા, નિષ્ણાત હતા. તરત ઊઠીને સ્વામીશ્રીને દંડવત્-પ્રણામ કર્યા ને કહ્યુંઃ ''શ્રીકૃષ્ણ પરમાત્મા સિવાય કોઈ પોતાની ઇચ્છાએ આવી રીતે નાડી-પ્રાણ ખેંચી ન શકે, માટે આપ સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ છો. મને હવે કૃપા કરી 'બ્રહ્મસંબંધ' આપો.'' સ્વામી કહે : ''ભગવાન તો હાલ ગઢડામાં બિરાજે છે, ને અમે તો એમના સેવક છીએ.'' એ રીતે હેમરાજશા સત્સંગી થયા ને જ્ઞાતિની અતિશય કનડગતને પણ ન ગણકારી સ્વામીશ્રીના પ્રતાપે શ્રીહરિના આશ્રિત થઈને રહ્યા.

ધોળકામાં હાલ જ્યાં શ્રી સ્વામિનારાયણ મંદિર છે ત્યાં બ્રહ્મરાક્ષસની જગ્યા હતી, તે બ્રહ્મરાક્ષસનો સ્વામીશ્રીએ મોક્ષ કર્યો, તથા ભૂત-પ્રેત-ભૈરવ-ભૈરવીનાં દુઃખો દૂર કરવા સારંગપુરમાં સં. ૧૯૦૬માં હનુમાનજી પધરાવી તે મૂર્તિમાં

અદ્‌ભુત દૈવત મૂક્યું, જે હાલ પણ ચાલુ છે. સ્વામીશ્રીનો અતિ દયાળુ સ્વભાવ હોવાથી દુખિયાનાં દુઃખ જોઈ તેમનું હૃદય દ્રવી જતું અને પોતાની દિવ્ય શક્તિ દ્વારા ઘણીવાર તે તત્કાળ દૂર કરી દેતા.

એક વખત સ. ગુ. સ્વામીશ્રી ઉમરેઠમાં બિરાજેલા હતા. ધોળકાના હરિભક્તો દર્શને આવ્યા. સ્વામીશ્રી બે કેરી જમ્યા તે પ્રસાદીના ગોટલા એ હરિભક્તો લઈ જવા ધારતા હતા. સ્વામીશ્રીના સાધુ કહે તે ગોટલા ઊગશે નહિ ! સ્વામીશ્રીના ઉપયોગમાં આવ્યા તેથી બીજરૂપે રહેલા જીવની પણ ઊર્ધ્વગતિ થઈ ગઈ ! તેની ખાતરી કરવા તે ગોટલા તે હરિભક્તોએ વાવ્યા અને ખાતર-પાણી સારી રીતે આપવા છતાં તે બિલકુલ ઊગ્યા જ નહિ. આમ, સ્વામીશ્રીની મોટપ વર્ણવી જ અશક્ય છે.

સ. ગુ. સ્વામીશ્રી પોતે યોગીવર્ય હતા, સમગ્ર બ્રહ્માંડ તેમને વશ વર્તે તેવું તેમનામાં અદ્‌ભુત સામર્થ્ય હતું. એક સમયે વડોદરાની રાજ્યસભામાં સત્સંગી પંડિત શાસ્ત્રી કૃષ્ણારામભાઈએ ગણતરી-ભૂલથી ''આ પૂનમે ચંદ્રગ્રહણ નહિ જ થાય, ને થશે તો પોતાનું માથું ડૂલ કરશે'' એવું જાહેર કરી દીધેલું. સ્વામીશ્રીએ જોયું કે તે દિવસે ગ્રહણ થવાનો યોગ તો હતો જ, પણ જો ગ્રહણ થશે તો શાસ્ત્રીજીની લાજ જશે ને સત્સંગને ઝાંખપ લાગશે. આથી સ્વામીશ્રીએ સત્સંગની તેમ જ શાસ્ત્રીજીની પ્રતિષ્ઠા જળવાઈ રહે તે હેતુથી પોતાની આધ્યાત્મિક શક્તિ દ્વારા સત્સંગી શાસ્ત્રીજીના બોલ પ્રમાણે

ગ્રહણ થવા દીધું નહિ.

એક વખત સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી શ્રીહરિની આજ્ઞાથી પોતાના મંડળ સહિત ઝાડી દેશમાં સત્સંગ કરાવવા ફરતા હતા, ત્યારે એક પર્વતની ગુફામાં સર્વે સંતોને ધ્યાનમાં બેસાડી દઈ, પોતાના સંકલ્પથી તેમના જેવા બીજા સંતો તથા પોતે જે જે ગામમાં જવું હતું ત્યાં દેખાયા. છ માસ સુધી આ રીતે ગામોગામ ફરી શ્રીજીમહારાજના ઐશ્વર્ય પ્રતાપની ઘણી વાતો કરી, સત્સંગનો ખૂબ પ્રચાર કરી અનેકને સત્સંગી બનાવ્યા. ત્યાર બાદ પાછા ફરતા ગુફામાં બેસાડેલા સંતોને જગાડી નવા હરિભક્તો સાથે શ્રીજીનાં દર્શને વડતાલ પધાર્યા. શ્રીહરિજીએ વડતાલમાં સ. ગુ. સ્વામીશ્રીના આ અદ્ભુત પ્રતાપની વાતો સભામાં કરી ત્યારે સૌ આશ્ચર્ય પામ્યા.

સં. ૧૮૮૩ની સાલમાં શ્રીજીમહારાજે સ. ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢ મંદિરની મહંતાઈ આપવા માંડી, ત્યારે તેમણે શરત કરી કે જો સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી પ્રતિ વર્ષ એક માસ મને ભગવદ્વાર્તા કહેવા જૂનાગઢ આવે તો જ હું મહંતાઈ સ્વીકારું. આથી સં. ૧૯૦૮ સુધી સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી આ પૃથ્વી ઉપર રહ્યા ત્યાં સુધી દર વર્ષે જૂનાગઢ એક માસ ભગવદ્વાર્તા કરવા પધારતા. જો કોઈ સાલ ન જવાયું હોય તો બીજી સાલ એકને બદલે બે માસ જૂનાગઢ રહેતા. જ્યારે શ્રી ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ પધારતા ત્યારે શ્રી ગુણાતીતાનંદ સ્વામી પોતે સ્વામીશ્રીની સેવામાં રહેતા.

એક વખત સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ સ. ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીને પૂછ્યું કે, ''તમે જ્યારે મહારાજની મૂર્તિ ધારીને ધ્યાન કરો છો ત્યારે કોઈ માન-અપમાન કરે, કોઈ સુખ-દુઃખ કરે, કોઈ સારા-નરસા શબ્દ કહે, ઈત્યાદિકના વિક્ષેપ પરાભવ કરે છે ?'' ગુણાતીતાનંદ સ્વામી કહે, ''હા.'' એટલે શ્રી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે, ''તમે બાહ્ય વૃત્તિએ કરીને મૂર્તિ સિદ્ધ કરી છે, તેથી વિક્ષેપ પરાભવ કરે છે. જ્યારે દેહાદિક જે માયાનું કાર્ય તેને ચાર પ્રકારના પ્રલયે કરીને નિષેધ કરીને, પોતાના જીવાત્માને શુદ્ધ સત્તારૂપ માનીને, અક્ષરબ્રહ્મ સાથે એકતા કરીને તેને વિષે અક્ષરાતીત શ્રી પુરુષોત્તમ હરિકૃષ્ણ મહારાજને ધારો એટલે સર્વે વિક્ષેપ શાંત થશે.'' સ. ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ એવી રીતે મહારાજનું ધ્યાન કરવા માંડ્યું એથી દેહાદિકના ભાવ ટળી ગયા અને આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થયો. પછી તો વડતાલમાં હજારો માણસોની સભામાં તેમનું અતિશય અપમાન થવા છતાં તેમને લેશમાત્ર ક્ષોભ થયો નહિ (સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો, વાત ૬૨, પાન ૮૧).

સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી અને સદ્‌ગુરુ શ્રી શુકાનંદ સ્વામી જેવા જે વચનામૃતના આચાર્ય કહેવાય છે તેઓ પણ ઘણી વખત ભરી સભામાં કહેતા કે અમે શ્રીજી પાસેથી વચનામૃતો સાંભળ્યાં ને લખ્યાં પણ અમને પૂરાં સમજાયાં નહોતાં તે શ્રી ગોપાળાનંદ સ્વામીના સમાગમથી બરોબર સમજાયાં ને હવે તેનો નવો ને નવો જ સ્વાદ આવે

છે અને સુખ-શાંતિ વર્તે છે.

સ. ગુ. શ્રી સિદ્ધાનંદ સ્વામીએ શ્રીહરિનાં દર્શન કરી સમાધિની સ્થિતિ પ્રાપ્ત કરી હતી. સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી ગઢડા પધારે ત્યારે સ. ગુ. શ્રી સિદ્ધાનંદ સ્વામી, સ્વામીશ્રીની વાતો સાંભળવા-સમાગમ કરવા ન આવે. એમને એમ કે મોટેરા છે તે કોઈ પ્રવૃત્તિમાં જોડી દે તો મૂર્તિ ભૂલી જવાય. તે સિદ્ધાનંદ સ્વામીએ અન્યના આગ્રહથી શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો સાંભળી ત્યારે તેમને યથાર્થ સમજણ થઈ અને શ્રીહરિને વિષે સિદ્ધ સ્થિતિને પામ્યા. ત્યાર બાદ તો તેમણે અનેક ગામોમાં મંદિરો કરાવ્યાં ને અનેક જીવોને શ્રીહરિને વિષે જોડ્યા.

શ્રીજીમહારાજે સં. ૧૮૮૧ની સાલમાં આદરેજમાં અન્નકૂટોત્સવ કર્યો ત્યારે સત્સંગનો વ્યવહાર ચલાવવા માટે પ્રથમ ચાર સદ્ગુરુઓ નીમીને આરતી ઉતારી હતી. તેમાં શામળિયા ચૈતન્યાનંદ સ્વામી પણ હતા. જેમનું શ્રીજીમહારાજ ઢોલિયા વગેરેથી સન્માન રખાવતા. તેમને પાછળથી સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીનો સમાગમ થયો ને શ્રીહરિજીના સર્વોપરી મહિમાની જાણ થઈ અને અનુભવસિદ્ધિ થઈ ત્યાર પછી તેઓ કહેતાં કે જો સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીનો સમાગમ ન થયો હોત તો સત્સંગની પરિપક્વ સમજણ વિના કાચા ને કાચા મરી જાત ! તેમણે સ. ગુ. સ્વામીશ્રીની વાતો નોંધી છે, જે આ પુસ્તકમાં છે.

તે જ પ્રકારે અમદાવાદ મંદિરના મહંત સદ્ગુરુ શ્રી

સર્વનિવાસાનંદ સ્વામી પોતાનું મંડળ, પૂજામાંની શ્રીહરિનાં ચરણારવિંદની જોડ, પ્રસાદીની વસ્તુઓ વગેરે ધ. ધુ. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને સોંપી દઈ બે શિષ્ય લઈ સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા તેમની સાથે રહ્યા હતા. તે વખતે ગોપાળાનંદ સ્વામી કોઈને પોતાના મંડળમાં સાધુ તરીકે લેતા ન હતા, તેથી સર્વનિવાસાનંદ સ્વામીએ નિર્માની થઈને સ્વામીશ્રીના શિષ્ય પુરુષાનંદ સ્વામીના મંડળમાં તેમની આજ્ઞામાં રહી, શ્રી ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરી શ્રીહરિના સર્વોપરી સ્વરૂપનો અનુભવ કર્યો હતો.

ભાદરાના રતના ભક્ત, જે પાછળથી વિજ્ઞાનદાસજી નામે સાધુ થઈ સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી પાસે રહ્યા. તેમને પણ સ્વામીશ્રીએ સાક્ષાત્કારની સ્થિતિ કરાવી હતી. વિજ્ઞાનદાસજીને સમાધિ થતી ને અક્ષરધામની દિવ્યસભાનાં દર્શન થતાં.

એકવાર સ. ગુ. સ્વામીશ્રી ભાલના ગામડામાં ચોમાસામાં પગે ચાલીને એક ગામે પધાર્યા. સ્વામીશ્રી પોતે કોમળ શરીરવાળા હતા. એક સાધુને સેવાનો ઉમંગ થયો ને તે સ્વામીશ્રીના પગ દાબવા લાગ્યા. સ્વામીશ્રી થાકેલા હતા. પોઢી ગયા. સાધુને થયું કે સ્વામીશ્રીની આજ્ઞા વિના પગ દાબવાનું બંધ કેમ રખાય ? તે તો પગ દાબતા જ રહ્યા. વહેલી પરોઢે સ્વામીશ્રી યોગનિદ્રામાંથી જાગ્યા, પેલા સાધુ પગ દાબતા જ હતા. સ્વામીશ્રી બેઠા થઈ ગયા, અતિશય

રાજી થઈ ગયા. સાધુને નિર્વાસનિક કરી શ્રીજીની મૂર્તિ વિષે જોડી દીધા !

સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી એટલે જાણે અમૃતનો દરિયો ! જેમણે જેમણે એ અમૃત પીધું તે તો પરમ સુખિયા થઈ ગયા ! ઉત્તમ પારસના સ્પર્શથી અનેક પારસ બની જાય તેમ અનાદિ મહામુક્ત સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના યોગથી અનેક મુમુક્ષુઓ શ્રીહરિજીના દિવ્ય સ્વરૂપને વિશે જોડાઈ અનાદિમુક્તની સ્થિતિને પામ્યા હતા.

સર્વકારણના કારણ, પરાત્પર, પૂર્ણબ્રહ્મ, પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે મનુષ્યરૂપ ધારણ કરીને આ પૃથ્વી ઉપર પ્રગટ થયા ત્યારે તેમને જેવા છે તેવા ઓળખવાનું આ જગતના જીવોને માટે ઘણું મુશ્કેલ હતું, પરંતુ શ્રીહરિજીની અપાર કૃપાથી જીવો પાત્ર થતા ગયા તેમ તેમ સર્વોપરી અવતારી શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનો મહિમા સમજવા લાગ્યા. એક સમયે શ્રીહરિ કારિયાણીમાં બિરાજતા હતા ત્યારે સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી ત્યાં પધાર્યા. સ્વામીને શ્રીહરિએ એકાંતમાં બેસાડી, જીવોના આત્યંતિક કલ્યાણને અર્થે પોતાનું સર્વોપરીપણું અને પોતાને પૃથ્વી ઉપર પધારવાના હેતુઓ પ્રવર્તાવવા ભલામણ કરી. તે વાત સ. ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પણ જાણી ને શ્રીહરિજીનો અદ્ભુત મહિમા આલેખતો 'પુરુષોત્તમપ્રકાશ' ગ્રંથ તૈયાર કર્યો.

સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી સં. ૧૮૬૪માં પરમહંસ

દીક્ષા લઈ સં. ૧૮૮૬માં શ્રીહરિજી અંતર્ધાન થયા ત્યાં સુધી, એટલે ૨૨ વર્ષ, આ લોકમાં શ્રીહરિ સાથે રહ્યા. ત્યાર બાદ પોતે સં. ૧૯૦૮ સુધી આ પૃથ્વી પર વિચર્યા, એટલે સ્વામીશ્રીએ બીજાં ૨૨ વર્ષ (શ્રીહરિજી અંતર્ધાન થયા બાદ) દર્શન દીધાં, અને શ્રીહરિજીની ભલામણ અનુસાર અનેક મુમુક્ષુઓને શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની દૃઢતા કરાવવાનું કાર્ય જીવનપર્યંત નીડરપણે ચાલુ રાખ્યું હતું.

સં. ૧૮૮૬માં શ્રીજીમહારાજ અંતર્ધાન થયા તે પહેલાં શ્રીહરિજીએ પોતે સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીને બંને દેશના મધ્યસ્થી તરીકે સ્થાપી, સૌને તેમની આજ્ઞામાં રહેવાનો આદેશ આપેલો (સત્સંગીજીવન પ્રકરણ ૫, અધ્યાય ૫૫). એ રીતે, શ્રીહરિ અંતર્ધાન થયા બાદ તેમણે સંપ્રદાયનું પોષણ-પ્રચાર કરી, સર્વ સત્સંગી મુમુક્ષુઓ શ્રીહરિજીના પરમ અદ્ભુત સ્વરૂપમાં જોડાય તેવી પરંપરા-પ્રણાલિકાઓ સ્થાપી અને અનેક ત્યાગી-ગૃહી હરિભક્તોને શ્રીહરિના સર્વોપરી સ્વરૂપની દૃઢતા કરાવી હતી.

સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી આ લોકની દૃષ્ટિએ પણ પ્રખર પંડિત હતા. તેમણે સંસ્કૃત ભાષામાં શ્રી ભગવદ્‌ગીતાભાષ્ય, ઉપનિષદભાષ્ય, બ્રહ્મસૂત્રાર્થદીપ, શ્રીમદ્ ભાગવતની દ્વિતીય સ્કંધની શુકાભિપ્રાયબોધિની ટીકા, દશમ સ્કંધની ગૂઢાર્થબોધિની ટીકા, એકાદશ સ્કંધની કૃષ્ણાભિપ્રાયબોધિની ટીકા, વેદસ્તુતિની શ્રૃત્યબોધિની ટીકા, શાંડિલ્યસૂત્રની ભક્તિપ્રકાશિકા ટીકા વગેરે વિદ્વતાપૂર્ણ

ગ્રંથો રચ્યા છે. ઉપરાંત શિક્ષાપત્રીનું મરાઠીમાં ભાષાંતર પણ કર્યું છે.

સ. ગુ. સ્વામીશ્રી શરીરે ગૌરવર્ણના હતા, યોગાભ્યાસથી તેમનું શરીર કૃશ હતું પણ તેમનું સ્વરૂપ તેજસ્વી અને દૈદિપ્યમાન હતું. દૃષ્ટિ વેધક અને નાસિકા અણિયાળી હતી. તેમની સર્વે ક્રિયામાં વિલક્ષણપણું જણાતું.

શ્રીહરિજીના સંકલ્પથી આ લોકને વિષે પ્રાકટ્ય પામેલા સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ, સં. ૧૯૦૮ના વૈશાખ વદી પાંચમના રોજ વડતાલમાં ભૌતિક લીલા સંકેલી લીધી. પોતે તો અનાદિ કાળથી શ્રીહરિના દિવ્ય સ્વરૂપમાં જ છો, એવા અનાદિ મહામુક્તને આવવા-જવાપણું હોતું જ નથી. પણ કેવળ અનંત જીવોને શ્રીહરિના દિવ્ય સુખમાં લઈ જવા માટે જ આ લોકમાં મનુષ્ય સ્વરૂપે તેમનું પ્રાકટ્ય થાય છે.

સ્વામીશ્રીની જીવનલીલા પણ શ્રીજીની પેઠે અપાર છે, જેનું યથાર્થ વર્ણન થઈ શકે તેમ નથી, તેથી જેમ જેની પાંખમાં જેટલું બળ તેટલું તે આકાશમાં ગતિ કરી શકે તેમ, અહીં યથામતિ-યથાશક્તિ સંક્ષેપમાં વર્ણન કરેલ છે તે વાંચી સૌ સંત-હરિભક્તોને શ્રીહરિજીની મૂર્તિમાં જોડાવાનું બળ અને પ્રેરણા અવશ્ય મળશે. સત્પુરુષોનાં જીવનચરિત્રો ને તેમની અદ્‌ભુત લીલાઓ આપણને એ ખ્યાલ આપે છે કે આપણે પણ એમનો પ્રભાવ અધ્ધરથી ઝીલીએ તો આપણને પણ તેમના જેવી પ્રાપ્તિ થાય. શ્રીહરિ અને સદ્‌ગુરુશ્રીની કૃપાથી એવી ધન્યતા સર્વ વાચક વર્ગને મળે એવી અભ્યર્થના !

योऽसावष्टांगयोगे जनसमसमयं पूर्वसंस्कारमूम्ना ।
सिद्धिं प्राप्तो भवाब्धिं प्रभवति मनुजो यस्य तत्तुं प्रसादात् ॥
यस्त्रय्यन्तप्रसिद्धं भजति हि सहजानन्दपादारविन्दम् ।
गोपालानन्दनामा स जयतु सततं योगवर्याग्रगण्यः ॥

અર્થઃ– જન્મ સમયમાં જ પૂર્વ સંસ્કારના પ્રભાવથી જેમણે અષ્ટાંગયોગમાં સંપૂર્ણ સિદ્ધિને મેળવી હતી, જેમની કૃપાથી મનુષ્ય તત્કાળ ભવસાગર તરવામાં સમર્થ થાય છે, અને વળી જે વેદાદિક શાસ્ત્રોમાં પ્રસિદ્ધ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીના ચરણકમળને નિરંતર સેવી રહેલા છે, તેમ જ જે સર્વ યોગીવર્યોમાં અગ્રગણ્ય છે, એવા આ શ્રી ગોપાળાનંદ સ્વામી તે નિરંતર જય પામો.

**પ્રકાશન સમિતિ**
**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાન |
|---|---|---|
| ૧. | પુરુષોત્તમપણાની વાતો | ૧ |
| ૨. | મુક્તના ભેદની વાતો | ૪૬ |
| ૩. | પ્રતિલોમપણે ધ્યાનની વાતો | ૬૪ |
| ૪. | દૃષ્ટામાં ધ્યાનની વાતો | ૬૭ |
| ૫. | ઉપાસનાની વાતો | ૬૯ |
| ૬. | શ્રીજીના મહિમાની વાતો | ૭૧ |
| ૭. | અક્ષરભાવે વર્તવાની વાતો | ૭૬ |
| ૮. | ઉપશમની વાતો | ૭૮ |
| ૯. | આત્મસ્વરૂપે રહેવાની વાતો | ૮૦ |
| ૧૦. | આત્માનું સ્વરૂપ સમજવાની વાતો | ૮૪ |
| ૧૧. | ભગવાનના નિશ્ચયની વાતો | ૮૬ |
| ૧૨. | મોટા પુરુષનો મહિમા સમજવો અને સંગ રાખવાની વાતો | ૯૩ |
| ૧૩. | અખંડ અનુસંધાનની વાતો | ૧૦૯ |
| ૧૪. | વિવેકી પુરુષનાં લક્ષણોની વાતો | ૧૧૨ |
| ૧૫. | ભગવાનના ભક્તે વર્તવાની રીતની વાતો | ૧૩૭ |
| ૧૬. | ત્યાગીને વર્તવાની રીતની વાતો | ૧૮૪ |
| ૧૭. | ઇંદ્રિયો-અંતઃકરણ-ગુણ જીતવાની વાતો | ૧૯૦ |

| ક્રમ | વિષય | પાન |
|---|---|---|
| ૧૮. | વિષય ખંડનની વાતો | ૨૦૧ |
| ૧૯. | વાસના ટાળવાની વાતો | ૨૧૨ |
| ૨૦. | સ્વભાવ ટાળવાની વાતો | ૨૨૭ |
| ૨૧. | વૈરાગ્યની વાતો | ૨૪૧ |
| ૨૨. | જ્ઞાનની વાતો | ૨૪૨ |
| ૨૩. | પ્રકીર્ણ વાતો | ૩૦૦ |
| ૨૪. | સાધુને પરસ્પર વાર્તા કરવાની રીત | ૩૧૭ |
| ૨૫. | સત્સંગી હરિભક્ત હોય તેની આગળ વાત કરવાની રીત | ૩૨૦ |
| ૨૬. | ધ્યાનના શ્લોકો | ૩૨૨ |
| ૨૭. | પ્રતિલોમવૃત્તિએ ધ્યાન કરવાની રીતનો પત્ર | ૩૨૬ |
| ૨૮. | શ્રી પુરુષોત્તમ નારાયણ અવતારી જે સ્વયંમૂર્તિ તેના અસાધારણ લક્ષણ | ૩૨૯ |
| ૨૯. | શ્રીહરિજીએ ભગવાનના સ્વરૂપની ઉપાસના સિદ્ધ કરવા લખાવેલો પત્ર | ૩૩૨ |
| ૩૦ | શ્રી પુરુષોત્તમ નારાયણના સ્વરૂપના જ્ઞાનનો નિર્ણય | ૩૩૪ |
| ૩૧. | શ્રી હરિકૃષ્ણ મહિમાષ્ટકમ્ | ૩૩૮ |
| ૩૨. | સ્વામીકૃત મંત્ર | ૩૪૨ |
| ૩૩. | પરિશિષ્ટ | ૩૪૪ |
| ૩૪. | સંદર્ભ | ૩૯૦ |

## કૈવલ્ય મુક્તની સ્થિતિ

શ્રી સહજાનંદ સ્વામી સર્વે અવતારના અવતારી સર્વોત્તમ પુરુષોત્તમ છે.

અતિ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા મુક્ત છે તેને તો કેવળ ભગવાનની મૂર્તિ વિના કોઈ મુક્તની તથા પોતાના દેહની સ્મૃતિ ન રહે, અને તેને ભગવાનનું સુખ કેવું આવે તો જેમ ભગવાનને પોતાની મૂર્તિનું પોતાને સુખ આવે છે તેવું ભગવાનનું સુખ મુક્તને આવે છે.

જેમ પૃથ્વી જળમાં રહી છે ને બાહેર જણાય છે તો પણ જળમાં જ છે તેમ કૈવલ્યમુક્ત તો સદા પરમેશ્વરમાં જ વર્તે છે.

**- સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી**

***પ્રથમ તો સર્વ સંકલ્પને પડ્યા મૂકીને એકાગ્ર ચિત્ત થઈને શ્રીજીમહારાજ પુરુષોત્તમને સંભારીને એમ ધારવું જે સ્વામી વાતું કરે છે ને આપણે સાંભળીએ છીએ એમ સાંભળીને તે પ્રમાણે પોતાના અંતરમાં તપાસ કરતા જાવું ને કહ્યું છે તે સમજીને વર્તવું.***

# ૧ પુરુષોત્તમપણાની વાતો

વ્યાસસૂત્રમાં એમ વાત છે જે બીજા અવતાર થાય છે તે જ્યાંથી આવે છે ત્યાં પાછા જાય છે પણ અક્ષરધામને કોઈ પામતા નથી અને જ્યારે પુરુષોત્તમ પોતે અક્ષરધામમાંથી આવે છે ત્યારે તે ભેળા બીજા અવતાર તથા મૂળપુરુષ તથા પ્રધાનપુરુષ તથા વિરાટપુરુષ તથા બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઇંદ્ર, વરુણ, કુબેર, સૂર્ય, ચંદ્રમા, યમરાજા ઇત્યાદિક અવતાર તથા ઐશ્વર્યાર્થી તે સર્વે પુરુષોત્તમ પધારે ત્યારે પૃથ્વી ઉપર દેહ ધારે છે અને એ સર્વે પુરુષોત્તમના ભક્ત થાય છે ત્યારે એ જેને ઉપદેશ કરે ને જે સત્સંગી થાય તથા ત્યાગી થાય ત્યારે જો એને મહારાજની સાથે હેત થાય તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત જો ભક્તિ કરે તો તે સર્વે અક્ષરધામને પામે પણ એ અવતારાદિક અહીંયાં જ સાધુ તથા સત્સંગી તથા બ્રહ્મચારીરૂપે પુરુષોત્તમના આશ્રિત થયા હોય અને પોતા સાથે જે જોડાણા હોય તો તેને તેઓ પોતાને ત્યાં લઈ જાય છે ને એ અવતારાદિક તે તો જ્યાંથી આવ્યા હોય ત્યાં પાછા જાય છે. તે અહીંયાં આવે છે ત્યારે કાં તો એક દેહને ત્યાં મેલીને બીજે દેહે કરીને આવે છે અથવા બીજાને પોતાની ગાદી (સત્તા) સોંપીને આવે છે પછી અહીંયાં આવીને પુરુષોત્તમની ઉપાસના દૃઢ કરીને પોતાની ખોટને ટાળીને પછી પોતે જ્યાંથી આવ્યા

હોય ત્યાં જ પાછા જાય છે અને પછી પોતાની આવરદામાં જેટલાં વર્ષ બાકી રહ્યાં હોય તેને પૂરાં કરી પછી ત્યાંથી અક્ષરધામમાં જાય છે પણ તે આવરદાને ભોગવ્યા વિના પાધરા અહીંથી અક્ષરધામમાં જવાય નહિ. તે માટે મુમુક્ષુ હોય તેને ભગવાનના જેવું હેત કોઈ મુક્ત કે સાધુને વિષે ન કરવું. અને જો તેવું હેત તેમને વિષે કરે તો તેને પણ પોતાને વિષે જોડે. માટે વિચારીને હેત કરવું. આ વાત અવશ્ય સમજવાની છે. ॥ ૧ ॥

ચોખ્ખી ઉપાસના કરવી તેમાં લોચો પોચો ન રાખવો અને જે ઉપાસનામાં ભેદ પડે છે તે પક્ષપાતે કરીને પડે છે કેમ જે પોતાનો પક્ષ રાખ્યા સારુ પોતાના જે સેવક હોય તેને કહે જે લક્ષ્મીનારાયણ છે તથા નરનારાયણ છે તે જ મહારાજ છે એમ સમજાવે ને પોતે તો જેમ સમજતા હોય તેમ સમજે. માટે આપણે તો કોઈ અવતારને વિષે મોટપ ન સમજવી અને શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી પોતે એક જ છે અને અવતાર માત્રના સ્વામી છે ને બીજા સર્વે અવતાર મહારાજના ભક્ત છે એમ સમજવું અને બીજાને એમ સમજાવવું. તે કેમ જાણીએ તો, એકવાર અમને મહારાજનાં ને શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન થયાં ત્યારે શ્રીકૃષ્ણ, મહારાજની સેવામાં દેખાણા તથા રામચંદ્રજીનાં તથા મહારાજનાં દર્શન થયાં ત્યારે પણ રામચંદ્રજી, મહારાજની સેવામાં દેખાણા ને નરનારાયણનાં તથા મહારાજનાં દર્શન થયાં ત્યારે પણ નરનારાયણ મહારાજની સેવામાં દેખાણા ને મહારાજે

વ્યાપકાનંદ સ્વામીને પણ પોતાના સ્વરૂપને વિષે ચોવીસ અવતાર લીન કરી દેખાડ્યા અને પર્વતભાઈ પણ ચોવીસ અવતારને મહારાજની સ્તુતિ કરતા નિરંતર દેખતા અને વળી એક ભક્તને સમાધિ થઈ ત્યારે એમ પણ કહ્યું જે હું બ્રહ્મમહોલને દરવાજે ગયો ત્યારે માંહીથી મહારાજે કહ્યું જે નરનારાયણને કહીએ જે એને આંહી આવવા દ્યો. તથા એક વખત વિજ્ઞાનદાસજી અમારે દર્શને આવ્યા હતા. પછી તેણે કહ્યું જે મારે નરનારાયણનાં દર્શન કરવા જાવું છે, ત્યારે અમે કહ્યું જે સમાધિ કરીને મહારાજ પાસે જાઓ, ત્યારે તે સમાધિ કરીને અક્ષરધામમાં ગયા. તે સમે ત્યાં નરનારાયણ મહારાજનાં દર્શન કરવા આવ્યા હતા. પછી મહારાજે તેમને આજ્ઞા કરી જે તમે બદ્રિકાશ્રમમાં જાઓ ત્યારે નરનારાયણ ત્યાંથી ચાલી નીકળ્યા અને પોતાને સ્થાનકે ગયા. એવા એવા એક હજારોવાર ચમત્કાર મહારાજે ગણાવ્યા છે તથા હમણાં પણ જણાય છે. તે આપણે બીજા અવતાર જેવા મહારાજને કેમ સમજીએ ? માટે આપણે તો ચોખ્ખી ઉપાસના સમજવી જે બીજા અવતાર તથા અક્ષરના મુક્ત તથા અક્ષર અને પૂર્વે જે જે અવતાર થઈ ગયા છે તથા આગળ થાશે એ સર્વેના અવતારી શ્રીજીમહારાજ છે અને એ સર્વે અવતાર મહારાજના ભક્ત છે એમ સમજવું. અને એ સર્વેને નિયમમાં રાખનારા પોતે એક જ છે પણ એ વિના બીજો કોઈ નથી એ મોટા સંતનો સિદ્ધાંત છે. ॥ ૨ ॥

કળવું, કહેવું ને રહેવું. તે કળવું એટલે ભગવાનને

કળવા તે કેવી રીતે તો મહારાજનો ચમત્કાર જોવો ને શ્રીકૃષ્ણની સામર્થી જોવી અને રામચંદ્રજીની સામર્થી જોવી અને ઋષભદેવની સામર્થી જોવી અને કપિલજી તથા દત્તાત્રેયની સામર્થી જોવી અને પછી પૂર્વાપર વિચારીને જુવે ત્યારે બીજા અવતાર કરતાં શ્રીકૃષ્ણ ભગવાનની સામર્થીમાં ફેર છે તે જ્યારે તપાસીને જુવે ત્યારે ખબર પડે; કેમ જે શ્રીકૃષ્ણ ભગવાને પોતાને વિષે ચોવીસ અવતારને પૃથક્ પૃથક્ દેખાડ્યા તે જોતાં એમ જણાય છે જે બીજા અવતારના અવતારી શ્રીકૃષ્ણ ભગવાન છે અને મહારાજની અને શ્રીકૃષ્ણની સામર્થી જોઈએ ત્યારે શ્રીકૃષ્ણના અવતારી શ્રીજીમહારાજ છે એમ પોતાની બુદ્ધિમાં તપાસ કરીને તે સર્વે અવતારના અવતારી શ્રીજીમહારાજ છે એમ જે જાણવું તેને કળવું કહીએ.

એવા જે શ્રીજીમહારાજ તેના જે એકાંતિક મોટા સાધુ હોય તેને ઓળખવા અને તે સાથે હેતુ કરવું તેને કહેવું કહીએ.

એવા જે જે મોટા સાધુ તેની અનુવૃત્તિ રાખવી તથા તેમની સેવા કરવી ને ભગવાનની આજ્ઞામાં ફેર ન પાડવો અને માથા સાટે સત્સંગનો પક્ષ રાખવો એ આદિક જે જે એકાંતિક સાધુ કહે તેમ કરવું તેને રહેવું કહીએ. ॥ ૩ ॥

''શાસ્ત્રમાં મહાપુરુષાદિકના અવતાર કહ્યા હોય તેને પણ અક્ષર પર પુરુષોત્તમ કહ્યા હોય એ કેમ સમજવું એ વાત

સમજાતી નથી તે કહો ?'' ત્યારે કહ્યું જે, એ વાત યથાર્થ સમજાય તેમ કહીએ તેને સાંભળો જે જ્યારે 'અક્ષરનો અવતાર' પૃથ્વી ઉપર થયો હોય, ત્યારે અક્ષરને પુરુષોત્તમ કહ્યા હોય. ને અક્ષર તે મહાપુરુષને સમજવા. તે જેમ જેમ ઊતરતા તે અક્ષરને સમજવા અને તેથી પર પુરુષોત્તમ સમજવા. તે ઇંદ્ર જે તે અક્ષર ને બ્રહ્મા પુરુષોત્તમ; ને બ્રહ્મા જે તે અક્ષર ને વિરાટ પુરુષોત્તમ; ને વિરાટ અક્ષર ને પ્રધાનપુરુષ પુરુષોત્તમ; અને પ્રધાનપુરુષ અક્ષર ને તેથી પર મહાપુરુષ પુરુષોત્તમ ને મહાપુરુષ અક્ષર ને તેથી પર અક્ષરાતીત પુરુષોત્તમ જે છે તે આજ ''શ્રીજીમહારાજ'' આપણને દયા કરીને મળ્યા. એમ અક્ષર અને પુરુષોત્તમ તે જ્યાં જેનું પ્રકરણ હોય ત્યાં તેને કહ્યા હોય. તે વાત સમજ્યા વિના મતિ ભરમાય છે. અને ઇંદ્રનો પૃથ્વી ઉપર અવતાર થયો હોય અને તેને પુરુષોત્તમ કહ્યા હોય પણ પોતાનું ઐશ્વર્ય હોય તેટલું જ દેખાડે પણ તેથી અધિક ન દેખાડાય. તે ઇંદ્રથી લઈને બ્રહ્મા, વૈરાટ, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ ને અક્ષર પર્યંત તે સર્વે પોતપોતાનું સામર્થ્ય દેખાડે પણ તેથી અધિક ન દેખાડાય. અને પુરુષોત્તમ તો અક્ષર ને તેથી ઊતરતા ઇંદ્ર આદિક સર્વેનું સામર્થ્ય લોક, ભોગ ને ઐશ્વર્ય તે પંડે દેખાડે તથા ભક્તદ્વારે તથા પોતાના સંબંધને પામ્યાં જે પદાર્થ તેનાં દર્શન તથા સ્પર્શથી પણ ભક્તને દેખાઈ આવે ત્યારે પુરુષોત્તમ સર્વે અવતારના અવતારી એ જ છે એમ જાણવું. ને આ વાત પંડે પુરુષોત્તમ થકી તથા તેના એકાંતિક સાધુ થકી સમજાય છે.

તે વિના શાસ્ત્ર ભણે, સાંભળે તો પણ સમજાય નહિ. ॥ ૪ ॥

એ અક્ષરધામને ક્યારે પમાય તો જ્યારે પુરુષોત્તમ ભગવાન એવો સંકલ્પ ધારીને આંહીં પધારે જે મારી મૂર્તિનો સંબંધ થઈને જેને મારા સ્વરૂપનો નિશ્ચય થાય તે સર્વેને મારે અક્ષરધામમાં લાવવા છે. એવો સંકલ્પ ધારીને જ્યારે આંહીં પધારીને જેને પોતે લઈ જાય તેથી જ અક્ષરધામમાં જવાય છે. પણ બીજા અવતારથી અક્ષરધામમાં ન લઈ જવાય તો સાધને કરીને તો ક્યાંથી પામે ? ॥ ૫ ॥

બીજા અવતાર કરતાં ઋષભદેવજી બહુ ગમે છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે તેનો શો હેતુ છે ? તો ઋષભદેવજી ભગવાન તો વાસુદેવ ભગવાન સંગાથે એકત્વપણાને પામ્યા હતા તો ય પણ બીજા ત્યાગીને શિક્ષાને અર્થે સિદ્ધિયુંને ન ગ્રહણ કરતા હવા. એવી રીતે અસંગીપણું છે તથા જે જીવ જેવો હોય તેને તેવી રીતે ધીરે રહીને સમજાવવું, એવી રીતે દયાળુ સ્વભાવ છે તે હેતુ માટે ગમે છે. અને કપિલદેવ તથા દત્તાત્રેય તો ત્યાગી છે તથા એમને વિષે અસંગીપણું છે એ માટે એથી ઊતરતા ગમે છે. અને એથી કોટીગણું શ્રીકૃષ્ણને વિષે હેત છે તેનું શું કારણ છે ? તો એ શ્રીકૃષ્ણને વિષે જે જે ભાવે કરીને જોડાણા તે સર્વે જીવનો મોક્ષ કર્યો તે માટે એવી રીતે મહારાજે પોતાની રુચિ કહી તેમાંથી આપણે એમ સમજવું જે શ્રીકૃષ્ણ ભગવાને તો પોતાની મૂર્તિનો સંબંધ જેને થયો તે સ્નેહભાવ તથા ભયભાવ તથા દ્વેષભાવ ઇત્યાદિકે કરીને પોતાના સંબંધને પામ્યા તેનું કલ્યાણ કર્યું. જેમ પારસમણિને

લોઢું અડે ત્યારે સોનું થાય તેમ આ કહ્યો જે અવતાર તેના ઉપયોગમાં આવે તેનું કલ્યાણ થાય. તથા વ્રજવાસીએ એમ કહ્યું જે તમે ભગવાન છો માટે અમને તમારું ધામ દેખાડો ત્યારે એકવાર પોતાનું ધામ દેખાડ્યું અને શ્રીજીમહારાજે તો પોતાનું કીર્તન ગાયું તેનું તથા કોઈ સત્સંગીનો ગુણ લીધો તેનું તથા જે જે સંતના ઉપયોગમાં આવ્યા તે સર્વેનું મહારાજે કલ્યાણ કર્યું તો પોતાના સંબંધને પામ્યા તેના મોક્ષમાં શું કહેવું ? તથા સાધુ દ્વારે, સત્સંગી દ્વારે, સોટી દ્વારે, લાકડી દ્વારે કરીને સમાધિ કરાવી તો પોતાને જોઈને સમાધિ થાય તેમાં શી મોટી વાત કહેવાય ? એવી રીતે મહારાજની સામર્થી જોઈને વિચારીએ તો એ પૂર્વના અવતાર કરતાં લાખગણું હેત શ્રીજીમહારાજને વિષે કરવું જોઈએ તથા પોતાને દર્શને કરીને હજારું, લાખું, સત્સંગી તથા કુસંગી તે સર્વેને સમાધિ થઈ અને બ્રહ્મપુરાદિક ધામ દેખાડ્યાં તે તો જેમ ચિંતામણિ હોય તેને વિષે જે જે ચિંતવે તે તે મળે તેમ મહારાજનો જેને સંબંધ થયો તથા સત્સંગીનો સંબંધ જેને થયો તે સર્વેનું કલ્યાણ શ્રીજીમહારાજે કર્યું. તે એવું સામર્થ્યપણું તો પુરુષોત્તમ વિના બીજા અવતારમાં ન હોય અને શ્વેત તેજને વિષે ભગવાનની મૂર્તિ છે તે તેજમાં ભગવાનની મૂર્તિને જોઈને આનંદ પામવો પણ તે મૂર્તિ વિના અક્ષરનું તેજ દેખાય તો પણ તે ભગવાનની મૂર્તિ વિના તે તેજે કરીને શાંતિ પામવું નહિ, અતિ તપી જાવું. ॥ ૬ ॥

પૂર્વે અવતાર થયા છે તેનો મહારાજે પોતાને વિષે ભાવ

દેખાડ્યો. તે વાત કરીએ જે પ્રથમ મહારાજ પ્રગટ થયા ત્યારે એવું પ્રકરણ ચલાવ્યું હતું જે ભજનમાં બેસે અને સંકલ્પ થાય તથા શરીર હાલે તો ઉઠાડી મૂકતા એ પોતાને વિષે શ્વેતદ્વીપપતિ વાસુદેવનો ભાવ દેખાડ્યો તથા વળી ખટરસના વર્તમાનનું નિયમ આપ્યું તથા પાશેર જ અન્ન એક વખત ખાવું તથા એક કૌપીન, એક હજુરીઓ રાખવો તથા એક ગોદડી રાખવી તથા એક એક જણને એક બીજાનો શબ્દ ન સંભળાય એમ રહેવું એ આદિક સાધુને મહા કઠણ તપ કરાવ્યું એ પોતાને વિષે નરનારાયણનો ભાવ જણાવ્યો તથા ઓગણોતેરામાં મહારાજ હાથમાં તરવાર લઈને એમ બોલ્યા જે આ મારી તરવાર છે તે કુસંગીનું લોહી પીએ છે અને સત્સંગીની રક્ષા કરે છે તથા આ તરવારે મોટા મોટા લશ્કર તથા મોટી મોટી જમાતો તથા દૈત્ય એ સર્વેને કાપી નાખ્યા. તથા આ તરવારે મોટા મોટા ગઢ પાડી નાખ્યા, તથા પોતે ઘોડા ઉપર બેઠા તથા ઘરેણાં પહેર્યાં તથા ભારે ભારે વસ્ત્ર પહેર્યાં તથા રંગે રમ્યા તથા નાના પ્રકારની લીલાઓ કરીને પોતાના એકાંતિક ભક્તને સુખ આપ્યું તે કૃષ્ણાવતારનો ભાવ પોતાને વિષે દેખાડ્યો. તથા વળી પોતે ધર્મની વ્યવસ્થા બાંધી તે પોતાને વિષે રામચંદ્રજીનો ભાવ જણાવ્યો. તથા પોતે જ્ઞાન, વૈરાગ્ય અને સાંખ્ય યોગ પ્રવર્તાવ્યો એ પોતાને વિષે દત્તાત્રેય તથા કપિલદેવજીનો ભાવ જણાવ્યો તથા પોતે પોતાના આશ્રિત જનને શિક્ષા કરી એ પોતાને વિષે ઋષભદેવ ભગવાનનો ભાવ જણાવ્યો. અને પોતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય

તથા મહાત્મ્યે સહિત જે એકાંતિક ભક્તિ કરવી તેની રીત દેખાડી તથા પ્રેમલક્ષણા ભક્તિની રીત દેખાડી અને જેમ ગંગાજી જે તે પર્વત તથા જે જે બીજાં કોઈ આડાં આવે છે, તેને તોડીને સમુદ્રને વિષે ભળે છે તેમ તે ભક્ત પણ ભગવાનના સ્વરૂપમાં જે જે પદાર્થ તથા પોતાના સંબંધી અંતરાય કરે તેનો ત્યાગ કરીને ભગવાનને વિષે હેતે કરીને જોડાયા. તથા સમાધિઓ કરાવીને જેવો તેવો હોય તેનમે પણ અષ્ટાવરણપાર જે અક્ષરધામ તે દેખાડ્યું તથા તે સમાધિને વિષે પોતાના અવતાર દેખાડીને પોતાને વિષે લીન કર્યા તથા ભક્તને વિષે લીન કરી દેખાડ્યા તથા પુષ્પ તથા સોટીને સ્પર્શે કરીને પોતાનાં ધામ દેખાડ્યાં, એ સર્વે પોતાના વિષે પુરુષોત્તમપણું દેખાડ્યું. એવી રીતે મહારાજે પૂર્વે જે જે અવતારે કરીને જે જે કાર્ય કર્યું છે તે પોતે સહજ લીલાએ કરીને કર્યું. આવી રીતે આ વાતને વિચારીને પછી એમ નિર્ધાર કરવો જે જ્યારે સર્વ અવતારનો ભાવ મહારાજે પોતાને વિષે દેખાડ્યો, તે માટે સર્વે અવતારના અવતારી તે આ પ્રગટ ભક્તિ-ધર્મના પુત્ર એવા શ્રી હરિકૃષ્ણ મહારાજ છે અને બીજા અવતાર તો એમના આજ્ઞાકારી છે એમ મહારાજના સ્વરૂપને સમજવું. તે આ વાતને પણ જે બુદ્ધિવાળો હોય અને શુદ્ધ સંપ્રદાય થકી જ્ઞાનને પામ્યો હોય તે આ વાતને શુદ્ધ સંપ્રદાય થકી સમજે ત્યારે આ વાત સમજાય પણ તે વિના સમજાય નહિ તે માટે આ વાતને સમજી રાખવી. ॥ ૭ ॥

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે જે એકાંતિક ન હોય

તેનો સંકર્ષણાદિકમાં પ્રવેશ થાય છે તેનું કેમ સમજવું ? ઉત્તર જે, સંકર્ષણાદિક તો બીજે નથી. એ તો સત્સંગમાં સર્વે છે તે જ્યારે પુરુષોત્તમ પ્રકટ થાય છે ત્યારે મહાપુરુષ છે આદિ અને ઇંદ્ર છે અંતે એવા જે સર્વે ઐશ્વર્યાર્થી તે સર્વે જ્યારે પુરુષોત્તમ અહીંયાં પધાર્યા હોય ત્યારે એ સર્વે પોતાના કલ્યાણને અર્થે દેહ ધરીને અહીં આવે છે તથા બીજા જે અવતાર એ સર્વે પુરુષોત્તમ ભેળા આવ્યા હોય ત્યારે જે એકાંતિક હોય તે તો પુરુષોત્તમની સાથે જ હેત કરે માટે એ તો જ્યારે દેહ મૂકે ત્યારે પુરુષોત્તમ એવા જે શ્રી હરિકૃષ્ણજી મહારાજ એમની સેવામાં અક્ષરધામમાં જઈને રહે, અને જે એકાંતિક સાથે જોડાણો હોય તેને પણ અક્ષરધામમાં લઈ જાય છે. અને પૂર્વે કહ્યા એવા એ ઐશ્વર્યાર્થી તે પણ સત્સંગમાં મોટા ગુરુ થયા હોય ત્યારે એ જેને મહારાજની વાત કરીને તથા સત્સંગની વાત કરીને જેને જેને સત્સંગ કરાવે ત્યારે જો તેને મહારાજને વિષે જ હેત થયું હોય, તો તો એ અક્ષરધામમાં જાય, અને પૂર્વે કહ્યા તેની સાથે હેત થયું હોય તો એ જ્યાંથી આવ્યા હોય ત્યાં લઈ જાય અને એકાંતિક સાથે હેત ન થવા દે તે વાત વિચારે તો ખબર પડે કેમ જે મહારાજ કહેતા જે જૂનેગઢ જાય તેને પાંચવાર મળીએ[૧] તથા તેના અમે જમાન છીએ ત્યારે કોઈક જાવાનું કહે ત્યારે તેના ગુરુ હોય તે એમ કહે જે જો તું જઈશ તો પથરામાં અથડાઈ અથડાઈને મરી જઈશ. એમ કહીને તેને અળસાવી નાખતા તથા કોઈકને મહારાજની સેવામાં રહેવું હોય તો પણ

૧. જુઓ પરિશિષ્ટ

તેને તના ગુરુ અળસાવી નાખતા. ॥ ૮ ॥

એક હરિભક્તને મહારાજે કહ્યું જે અક્ષરધામમાં જઈ આવો. પછી તે સમાધિ કરીને સર્વે ધામ જોઈને અક્ષરધામમાં ગયો. તેને મહારાજે પૂછ્યું જે કયા કયા ધામમાં જઈને આવ્યા ? ત્યારે તેણે કહ્યું જે હે મહારાજ ! આપણા કેટલાક સાધુ, બ્રહ્મચારી, પાળા, સત્સંગી તે બદ્રિકાશ્રમમાં તથા શ્વેતદ્વીપમાં તથા વૈકુંઠમાં તથા ગોલોકમાં એ સર્વે ધામમાં તે સર્વેને મેં દીઠા તે અહીં કેમ ન આવ્યા ? ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે અમને તે તે ધામના પતિ જાણ્યા તે માટે ત્યાં રહ્યા છે અને આ સર્વે છે તેમણે તો અમને સર્વે અવતારના અવતારી જાણીને અને વળી સર્વે ધામ થકી પર જે બ્રહ્મમહોલ તેના પતિ અમને જાણ્યા છે તે માટે એમને અમે અક્ષર જેવા કર્યા છે અને પૂર્વે જે કહ્યા તેમણે તો અમને તે તે અવતાર જેવા જાણ્યા. તે માટે એમને તે તે અવતારના જેટલું ઐશ્વર્ય આપ્યું છે અને તે તે ધામના પતિ અમને જાણીને તે તે ધામમાં રહ્યા છે તે જો અમે પંડે જઈને કહીએ તો પણ ન માને, એમ કહે જે અમને તમે ભરમાવો છો. પણ અમે એમ તમારા સ્વરૂપમાંથી પડીએ એવા નથી એમ કહીને તે તે ધામમાં રહે છે, તે વાર્તા એકાંતિક સાધુ વિના સમજાય નહિ. ॥ ૯ ॥

શ્રીજીમહારાજે વાત કરી જે અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે અનંત અક્ષર મુક્તે સેવ્યા થકા પોતાના અક્ષરધામને વિષે વિરાજમાન છે તેમણે સૃષ્ટિ સમે અક્ષર સામું જોયું ત્યારે અક્ષરમાંથી પુરુષ નીસર્યો. તે પુરુષ દ્વારે માયા સામું

જોયું તેમાંથી અનંત પ્રધાનપુરુષાદિક થયા ને તે પુરુષ અનેકરૂપે કરીને તેમાં પ્રવેશ કરે છે ને અનંતરૂપે કરીને તે સર્વની રક્ષા કરે છે ને અનંત પાર્ષદ શક્તિઓ ને ઐશ્વર્ય તેણે સેવ્યો થકો પોતાના ધામને વિષે રહે છે ને બીજે સ્વરૂપે પુરુષોત્તમની સેવામાં પણ રહે છે. એ પ્રકારે એમને વિષે અનેક કળાઓ રહી છે તેનો મોટા મોટા કવિ પાર પામતા નથી ને આધુનિક સમજણવાળાની તો તેટલા સુધી જ ગતિ છે ને એવા જે અનંત મૂળપુરુષ તે થકી પર જે અક્ષરપુરુષ તેમને એ સાક્ષાત્ પુરુષોત્તમની ઉપાસના છે કે તમારે છે પણ બીજાને નથી. એવી રીતે સર્વોપરી પ્રકટ પુરુષોત્તમની ઉપાસના સમજવી એ જ્ઞાનવાન એવા જે એકાંતિક ભક્ત તેમની સમજણ છે. ॥ ૧૦ ॥

શ્રીજીમહારાજે વાર્તા કરી જે સમગ્ર પૃથ્વી જેવડી ઝાલર હોય ને મેરુ પર્વત જેવડો ડંકો હોય ને વૈરાજપુરુષ જેવા અનંત વગાડનારા હોય ને તેનો જેવો શબ્દ થાય તેવો અક્ષરાતીત પ્રકટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ તેમના જમણા ચરણના અંગૂઠામાંથી પ્રણવ નીસરે છે તેનો ઘોષ થાય છે. તેના જે પરછંદા તે અક્ષરાદિક અનેક ધામમાં વ્યાપે છે તે જો બ્રહ્માંડોમાં આવે તો અનંત બ્રહ્માંડને ફોડી નાખે એવો જે પ્રણવનો શબ્દ તે પુરુષોત્તમના અંગૂઠામાં પાછો લીન થઈ જાય છે ને વળી ઉદયને પામે છે. એવા જે પ્રકટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ તે સમગ્ર બીજાં ધામોમાં રહી જે મૂર્તિઓ તથા સર્વ અવતાર તેના કારણ છે ને અનંત અક્ષરપુરુષના સ્વામી છે ને

અપરિમિત, સર્વોપરી, નિરંકુશ, ઐશ્વર્યાદિકે કરીને સંપૂર્ણ છે. એવા જે પ્રકટ પુરુષોત્તમ તેમની જેમ તમારે ઉપાસના થઈ છે તેમ જેને ઉપાસના થાય તે જ પુરુષોત્તમને પામે ને બીજો પુરુષ તો કોટી સાધન કરે તો પણ ન પામે એવી જે રહસ્યવાર્તા છે તે જ્ઞાનવાન એવા જે એકાંતિક સંત તેને પ્રસંગે કરીને સમજાય છે. ને અક્ષરાદિક સર્વ થકી પર ને અદ્વિતીય મૂર્તિ એવા જે પ્રકટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ તેમને એ રીતે સર્વોપરી જાણવા એ સર્વ સત્પુરુષ ને સર્વ સત્શાસ્ત્ર તેમનો પરમ રહસ્ય અભિપ્રાય છે. ને પુરુષોત્તમને વિષે ને બીજા વિભૂતિ અવતારને વિષે કેમ ભેદ છે તો જેમ તીર ને તીરના નાખનારામાં ભેદ છે ને જેમ ચક્રવર્તી રાજા ને ખંડિયા રાજામાં ભેદ છે ને જેમ સૂર્ય ને સૂર્યના મંડળમાં ભેદ છે તેમ પુરુષોત્તમમાં ને એ કહ્યા તે સર્વેમાં ભેદ છે. ॥ ૧૧ ॥

શ્રીજીમહારાજે સમાધિવાળા મૂળજીભક્તને કહ્યું જે પુરુષોત્તમના બીજા અવતાર થયા ને થાશે ને બીજાં ધામોમાં જે સર્વે મૂર્તિઓ તે સમગ્ર રૂપને તમે જુવો. ત્યારે તેમણે કહ્યું જે કેમ કરીને જોવું ? ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે બીજા સર્વે અવતાર તેમનું નામ લઈને એમ સંકલ્પ કરો જે એ સર્વેના કારણ હોય તો તેના પ્રતાપે કરીને મને સર્વે રૂપનાં દર્શન થાઓ. ત્યારે ભક્તે સર્વે બીજા અવતારનાં નામ લઈને સંકલ્પ કર્યો પણ દર્શન થયું નહિ. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે તે સર્વેના કારણ પ્રકટ પુરુષોત્તમ શ્રીજીમહારાજ હોય તો મને સર્વેનું દર્શન થાઓ એમ સંકલ્પ કરો. ત્યારે તે ભક્તે એમ

સંકલ્પ કર્યો કે તત્કાળ સર્વે રૂપનાં દર્શન થયાં. એવી રીતે પોતાનો સર્વોપરી પ્રતાપ દેખાડીને પુરુષોત્તમપણાનો દૃઢ નિશ્ચય કરાવ્યો ॥ **૧૨** ॥

અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા જ્યારે કરી તે સમે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે આ ભરતખંડના રાજા શ્રી નરનારાયણ છે તેમની પ્રતિમાની પ્રતિષ્ઠા આપણે કરી અને જે સાક્ષાત્ મૂર્તિમાન શ્રી નરનારાયણ બદ્રિકાશ્રમવાસી છે તથા શ્રી લક્ષ્મીનારાયણ આદિક સર્વે છે તે પ્રગટ પુરુષોત્તમ દ્વિભુજ મૂર્તિ એવા જે આ ભગવાન તેમની ઉપાસના કરે છે. એમ શ્રીજીમહારાજે મર્મે કરીને પોતાના પુરુષોત્તમપણાની વાર્તા કરી તેને જે એકાંતિક જ્ઞાનવાન ભક્ત હોય તે સમજે છે. ॥ **૧૩** ॥

દિવ ગામનો એક વાણિયો સંઘ કાઢીને દ્વારિકાની યાત્રા કરવા જતો હતો તેને લોજમાં શ્રી રામાનંદ સ્વામી મળ્યા. તેમણે કાંઈક ચમત્કાર દેખાડ્યો તેણે કરીને ભગવાનપણાનો નિશ્ચય થયો. પછી ઘણેક દિવસે શ્રીજીમહારાજને દર્શને તે વાણિયો આવ્યો તેને શ્રીજીમહારાજે કહ્યું : જે તમારે કાંઈ સંશય હોય તો આ નાના બાળક સમાધિવાળા છે તેને પ્રશ્ન પૂછો. ત્યારે તેણે જે જે પ્રશ્નો પૂછ્યા તેના ઉત્તર તે બાળકે કર્યા. તેમાં તે દ્વારા એ રામાનંદ સ્વામીના જેવો શ્રીજીમહારાજે ચમત્કાર જણાવ્યો; ત્યારે એ ભક્તે શ્રીજીમહારાજ પ્રત્યે કહ્યું જે હે મહારાજ ! પ્રથમ હું રામાનંદ સ્વામીને ભગવાન જાણતો પણ તે રામાનંદ સ્વામીના જેવો મને આ બાળકને વિષે

તમારે પ્રતાપે કરીને ચમત્કાર જણાયો ત્યારે તમારા મોટા મોટા જે સાધુ ને સત્સંગી તેનો પ્રતાપ તો ઘણો હશે ને તમારી મૂર્તિનો જે પ્રતાપ ને મહિમા તે તો બહુ જ અધિક હશે એમ હું જાણું છું. માટે તમારા સ્વરૂપનું જેમ છે તેમ યથાર્થ મુને જ્ઞાન થાય તેમ કૃપા કરીને કહો. ત્યારે શ્રીજીમહારાજે તે પ્રત્યે કહ્યું જે અંતરની વાર્તા જાણવે કરીને ભગવાનપણાનો નિશ્ચય થાય તો અમારા મોટા મોટા સાધુ તથા સત્સંગી તે અનંત જીવના દેહમાં પ્રવેશ કરીને તેના અંતરની વાર્તા જાણે એવા છે. માટે પૂર્વે થયા જે અવતાર તેના જેવું ઐશ્વર્ય તો અમારા મોટા મોટા સાધુ તથા સત્સંગીમાં જણાય છે. અને અમે તો સર્વે અવતારના અવતારી સર્વોપરી પ્રકટ પુરુષોત્તમ નારાયણ છીએ. તે વાર્તા સાંભળીને તે ભક્તને શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાનો દૃઢ નિશ્ચય થયો. પછી તે ભક્તે શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાની વાર્તા કરી તે સાંભળીને બીજા રામાનંદ સ્વામીના નિશ્ચયવાળા જે જૂના હરિભક્ત હતા તેમના માન્યામાં ન આવી. ત્યારે શ્રીજીમહારાજ પાસે સર્વે મળીને આવ્યા ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે ધ્યાનમાં બેસો ને જેમ છે તેમ એ વાત તમને જણાશે. ત્યારે તે ધ્યાનમાં બેઠા તેમને શ્રીજીમહારાજે સમાધિ કરાવીને અક્ષરધામને વિષે અનંત પાર્ષદે યુક્ત પોતાની દિવ્ય મૂર્તનું દર્શન કરાવ્યું ને રામાનંદ સ્વામી તથા સર્વે અવતાર તે શ્રીજીમહારાજની સેવાને વિષે દીઠા ને સર્વે સ્તુતિ કરીને શ્રીજીમહારાજની મૂર્તિને વિષે લીન થયા એમ દીઠું. પછી તે ભક્તોને શ્રીજીમહારાજના

પુરુષોત્તમપણાનો દૃઢ નિશ્ચય થયો. પછી તે સર્વે ભક્તોએ સમાધિમાંથી નીસરીને કહ્યું જે, હે મહારાજ ! તમે સર્વોપરી પુરુષોત્તમ છો. માટે તમારા પુરુષોત્તમપણાના નિશ્ચયમાં સંશય ન થાય એવી કૃપા કરો. પછી શ્રીજીમહારાજ બોલ્યા : જે આ પુરુષોત્તમ તો આ બ્રહ્માંડને વિષે ક્યારેય આવ્યા નથી ને આવશે પણ નહિ માટે આ તો સર્વોપરી મૂર્તિ છે માટે આ જે નિશ્ચય તે ફરવા દેવો નહિ. ॥ ૧૪ ॥

શ્રીજીમહારાજે નાગડકાને વિષે પરમહંસ આગળ વાર્તા કરી જે પૂર્વે રામકૃષ્ણાદિક અવતાર થઈ ગયા ને આગળ બીજા થાશે તથા બીજાં ધામોને વિષે જે મૂર્તિઓ છે તે સર્વેના કારણ ને સર્વે થકી પર આ પ્રકટ પુરુષોત્તમ નારાયણ અમે છીએ તેમાં જો ખોટું કહેતાં હોઈએ તો સર્વે પરમહંસના સમ છે. એવું જે પ્રકટ પુરુષોત્તમના સ્વરૂપનું જ્ઞાન તેમાં જો ખામી રહી જાશે તો કોઈ રીતે વાંધો નહિ ભાંગે. અને જેમ વૈકુંઠવાસીને રહેવાનું વૈકુંઠ ધામ છે ને ગોલોકવાસીને રહેવાનું ગોલોક ધામ છે તેમ અમારે રહેવાનું અક્ષરધામ છે. તે અક્ષરાતીત પ્રકટ પુરુષોત્તમનો જેને નિશ્ચય થયો છે ને સર્વેના કારણ જે અક્ષરબ્રહ્મ તે રૂપ પોતાના આત્માને નથી માનતો તેને તો પ્રકટ પુરુષોત્તમનો યથાર્થ નિશ્ચય નથી ને જેને મહિમાએ સહિત પ્રકટ પુરુષોત્તમનો યથાર્થ નિશ્ચય થયો છે તે તો મૂળપુરુષથી પર અક્ષરરૂપ પોતાના આત્માને માનીને અક્ષર જેવા અનંત કોટી મુક્તે સેવ્યા જે અક્ષરાતીત પ્રકટ પુરુષોત્તમ તેમની

ઉપાસના ભક્તિ કરતો થકો પોતાને પૂર્ણકામ માને છે તે આ વાર્તા યથાર્થ એકાંતિક ભગવાનના ભક્ત હોય તેને પ્રસંગે કરીને સમજાય છે, પોતાના બુદ્ધિબળે કરીને તથા શાસ્ત્રે કરીને પણ પોતાની મેળે સમજાતી નથી. ॥ **૧૫** ॥

વળી મહાપુરુષથી પર જે અક્ષરબ્રહ્મ તે કેવા છે તે કહીએ છીએ જે મહાપુરુષના રૂંવાડાના છિદ્રને વિષે એક એક થકી દશ દશ ગણાં અધિક જે અષ્ટ આવરણ તેણે વીંટાણાં એવાં અનેક કોટી વિરાટરૂપ જે બ્રહ્માંડ તે ઊડ્યા કરે છે અને તે કોટી બ્રહ્માંડના કારણ એવા જે અનેક કોટી મહાપુરુષ તે અક્ષરના રૂંવાડાના છિદ્રને વિષે રહ્યું જે તેજ તે તેજને વિષે અક્ષરની સામર્થીએ કરીને અનંત કોટી ઊપજે છે ને અનંતકોટી લીન થાય છે. એવું સનાતન અખંડ, નિર્ગુણ સચ્ચિદાનંદ, પરમપદ, અનંત જે અક્ષરબ્રહ્મ તેને વિષે કાળ, માયા ને પુરુષ તે લીન થાય છે એવું હરિકૃષ્ણ પુરુષોત્તમને રહેવાનું ધામ છે. ને તેને વિષે અસંખ્ય બ્રહ્મરૂપ મુક્ત છે તે જે તે અતિ હેતે કરીને એ પુરુષોત્તમ નારાયણના ચરણારવિંદની ઉપાસના કરે છે. તે હરિકૃષ્ણ પુરુષોત્તમનું સ્વરૂપ દૃષ્ટાંતે કરીને કહીએ છીએ જે સમગ્ર પૃથ્વી છે તેને મધ્યે પર્વત, વૃક્ષ, મનુષ્ય સર્વે સ્થાવર જંગમે સહિત બિલોરી કાચની ભૂમિ હોય ને તે ઉપર આકાશને વિષે રહ્યા જે તારા તેટલા સૂર્ય એક કાળે તપે એવી રીતની શોભાએ યુક્ત જે પ્રકાશ તે જે તે અક્ષરધામના જે મુક્ત તેના એક રોમના પ્રકાશમાં એ સમગ્ર પ્રકાશ લીન થઈ જાય ને એવા અનંત મુક્ત તેના સર્વ પ્રકાશને લીન કરી નાખે એવો પ્રકાશ

અક્ષરબ્રહ્મના એક એક રોમને વિષે છે ને એવા જે અક્ષરબ્રહ્મ તે અનંત અક્ષરબ્રહ્મના પ્રકાશને લીન કરી નાખે એવો પ્રકાશ અનાદિ સનાતન દિવ્ય મૂર્તિ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેના એક એક રોમમાં છે એવા જે સાક્ષાત્ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેનો મહિમાએ સહિત દૃઢ આશરો કરવો. જેમ બપૈયાને સ્વાંતના જળનો[1] આશ્રય છે ને ચકોરને ચંદ્રમાનો છે તેવો આશ્રય કરવો એ અવશ્ય કરવાનું છે. ॥ ૧૬ ॥

અનંત દિવ્ય ચક્ષુએ કરીને ને અનંત પ્રકારની જ્ઞાનગોષ્ટિએ કરીને પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમનો મહિમા નિત્ય પ્રત્યે નવો નવો અનુભવીને સર્વ વાસના છેદીને એક પુરુષોત્તમમાં લોભાવું એ જ્ઞાનીનું લક્ષણ છે. ॥ ૧૭ ॥

અક્ષર વ્યતિરેકપણે કરીને તો હરિકૃષ્ણ પુરુષોત્તમ અને બ્રહ્મસ્વરૂપ થયેલા પુરુષોત્તમના અનંત કોટી મુક્તોને ધરી રહ્યા છે અને અન્વયપણે કરીને તો જગતની ઉત્પત્તિ અને સ્થિતિના કારણ એવા જે ઈશ્વરકોટી તેને તથા જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય એ બેયને વિષે જીવ, ઈશ્વરના દેહને તથા સુષુપ્તિના સાક્ષીપણે કરીને તો અનંત કોટી બ્રહ્માંડાભિમાની ઈશ્વરને અને અનેક કોટી પિંડાભિમાની જીવને ધરી રહ્યા છે. ને પોતે તો પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમની ઉપાસનાને વિષે તત્પર છે. ॥ ૧૮ ॥

અનંત એવું જે અક્ષરધામ અને અનંત કોટી અક્ષરરૂપ

૧. સ્વાતિ નક્ષત્રમાં વરસાદ પડે તે.

મુક્ત ને અક્ષરધામની અનંત દિવ્ય સમૃદ્ધિ ને અનંત વિભુતિયું ને અનંત માયા સબલિત બ્રહ્મ એ સર્વે પુરુષોત્તમનું શરીર છે એવા જે પ્રકટ હરિકૃષ્ણ પુરુષોત્તમ જે શ્રી સહજાનંદ સ્વામી તેમણે પોતાનું પુરુષોત્તમપણું કહ્યું કે જેવો હું પ્રકટ મૂર્તિમાન છું તેવો અક્ષરાદિક સર્વને વિષે અખંડ રહ્યો છું ને આ સભાને વિષે પ્રત્યક્ષ છું એમ હું અખંડ દેખું છું ને અક્ષરધામના મુક્ત સત્સંગમાં જે યોગ સમાધિવાળા મોટા સંત તે પણ દેખે છે. એવી રીતે પોતાના એકાંતિક મોટા સાધુ બેઠા હતા ત્યાં શ્રીજીમહારાજે વાર્તા કરી. ॥ ૧૯ ॥

ભૂજનો એક જમાદાર સત્સંગી સમાધિવાળો હતો તેની વાત મહારાજે કરી જે આ જમાદાર છે તે સર્વે પેગંબર અમારી સ્તુતિ કરે છે એવા અમને અક્ષરધામને વિષે અખંડ દેખે છે અને જ્યાં જ્યાં પ્રકટ પુરુષોત્તમપણાની વાત આવે છે ત્યાં ત્યાં સર્વેની બુદ્ધિ ભ્રમી જાય છે પણ સર્વ ઠેકાણે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લઈને બીજાને પુરુષોત્તમ કહ્યા છે. ॥ ૨૦ ॥

શ્રીજીમહારાજે વડતાલમાં સાત દિવસ સુધી પ્રકટ પુરુષોત્તમપણાની વાત કરીને પછી કહ્યું જે મારી વાતનું રહસ્ય તો આ સાધુ નિત્યાનંદ સ્વામી સમજે છે. પછી સર્વ સંતોએ કહ્યું જે એ કેમ સમજે છે ? ત્યારે શ્રીજીમહારાજે એ સર્વેને આ પ્રશ્ન પૂછ્યો. પછી એ સર્વેએ ઉત્તર કર્યો ત્યારે એ સાધુએ કહ્યું જે તમે પુરુષોત્તમ કહ્યા તે તો મહાપુરુષ છે ને પુરુષોત્તમ તો અક્ષર થકી પર પ્રત્યક્ષ પ્રમાણ આ શ્રીજીમહારાજ છે. ॥ ૨૧ ॥

સત્સંગી જીવનમાં ઉપાસનાનો પ્રસંગ નીસર્યો ત્યારે આઠ દિવસ સુધી વાદવિવાદ થયો. પછી કોઈકે કહ્યું જે બીજા અવતાર જેવા મહારાજને કહો ત્યારે એ સાધુએ કહ્યું જે બીજા અવતાર જેવા મહારાજને કેમ કહેવાય ને બીજા અવતારે પોતાને વિષે ક્યારે ચોવીસ અવતારને લીન કર્યા છે ? અને મહારાજે તો પોતાને વિષે ચોવીસે અવતાર તથા ભૂમાપુરુષાદિક અનંત અનંતને લીન કરી દેખાડ્યા છે. તથા એ સર્વેને પોતાની પૂજા કરતાં દેખાડ્યા તથા પોતાના ભક્તદ્વારે એવાં ઘણાંય ઐશ્વર્ય જણાવ્યાં એ આદિ અનંત આશ્ચર્યકારી ચમત્કાર દેખાડ્યો એવા જે અક્ષરાતીત શ્રી સહજાનંદજી મહારાજ તે તો રામકૃષ્ણાદિક સર્વ અવતારના અવતારી છે તેમને બીજા અવતાર જેવા કેમ કહેવાય ? અને તે અનંત જે મહા અદ્‌ભુત અદ્‌ભુત શ્રીજીમહારાજનાં ઐશ્વર્ય તે ખોટાં પડે ? પછી શ્રીજીમહારાજે કહ્યું જે ઠીક કહે છે. ને ઠીક સમજે છે. ને જે ઉપાસક હોય તે તો આવા હોય ને તમે સર્વે અમારા ભેળા ફરી ગયા પણ અમે તો કેમ કહેતા હશું ને કેમ જાણતા હશું એમ કહીને એ સાધુને હાર આપ્યો ને પછી શ્રીજીમહારાજ બોલ્યા જે એણે આ વાત મારી માની નહિ તો બીજાની તો માને જ કેમ ? ॥ ૨૨ ॥

એક સાધુને શ્રીજીમહારાજના સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય નહોતો થાતો. પછી તેને સમાધિમાં અક્ષરધામને વિષે અનંત અનંત મહા આશ્ચર્ય અને મુક્તે સહિત મહારાજે દર્શન દીધાં તો પણ પુરુષોત્તમપણાનો નિશ્ચય થયો નહિ. પછી

શ્રીજીમહારાજે એ સાધુને કહ્યું જે આ અનંત મુક્તોની પૂજા એકકાળાવચ્છિન્ન કરો ને પછી તમારે વિષે લીન કરો ત્યારે એ સાધુએ કહ્યું જે એમ કેમ થાય મહારાજ ? ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે ચોવીસ અવતારનાં નોખાં નોખાં નામ લઈને સંકલ્પ કરો જે એ પુરુષોત્તમ હોય તો તેની સામર્થીએ કરીને એટલા રૂપે હું થાઉં. પછી એ સર્વેનાં નામ લઈને કહ્યું પણ અનંત રૂપે ન થવાણું. પછી શ્રીજીમહારાજે કહ્યું જે અમારું શ્રી સહજાનંદ નામ લઈને સંકલ્પ કરો જે શ્રી સહજાનંદ સર્વ અવતારના અવતારી સર્વોત્કૃષ્ટ પુરુષોત્તમ હોય તો હું અનંતરૂપે થાઉં. પછી શ્રીજીમહારાજનું નામ લીધું ત્યારે અનંતરૂપે થવાણું. પછી સર્વે મુક્તોની એકકાળાવચ્છિન્ન પૂજા કરીને ને સર્વેને પોતાને વિષે એકકાળાવચ્છિન્ન લીન કર્યા. પછી સમાધિમાંથી આવ્યા ત્યારે વાત વિસ્તારીને કરી જે શ્રી સહજાનંદ સ્વામી સર્વે અવતારના અવતારી સર્વોત્તમ પુરુષોત્તમ છે. ॥ ૨૩ ॥

મહામાયાને વિષે અનંત કોટી પ્રધાનપુરુષ ને અનંત કોટી વૈરાજપુરુષ લીન થાય છે અને પાછા ઉત્પન્ન થાય છે, અને કૈવલ્યાર્થી જે અનંત મુક્ત તે જેમ અક્ષરમાં લીન થાય છે ને પાછા ઊપજે છે અને જેમ ઐશ્વર્યથી અનેક મહાપુરુષાદિકમાં લીન થાય છે અને પાછા ઉત્પન્ન થાય છે. તેમ અનેક કોટી સામાન્ય હેત માહાત્મ્યે યુક્ત જે મુક્ત તે તો અક્ષરના સુખને ભોગવે છે. તથા ભગવાનના સુખને પણ ભોગવે છે. ને અનંત કોટી ચિત્ર-વિચિત્ર મહા આશ્ચર્યરૂપ ને અત્યંત સ્નેહ માહાત્મ્યે યુક્ત જે એકાંતિક મુક્ત તે તો બ્રહ્મરૂપ

થકા પ્રત્યક્ષ શ્રી સહજાનંદ પુરુષોત્તમ તેની ઉપાસના કરે છે. અને રાજા અને રાજાના ચાકરમાં ભેદ છે અને સૂર્ય અને પતંગિયામાં ભેદ છે ને જેમ ચંદ્રમા ને તારામાં ભેદ છે, તેમ પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લઈને એ અક્ષરાદિકને ભગવાન, પુરુષોત્તમ, કારણ, અવતારી કહ્યા હોય તે તો આ દૃષ્ટાંત દીધાં તેમ જાણવું. અને સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ પ્રકટ હરિકૃષ્ણ પુરુષોત્તમ છે એમ સર્વે મોટા સંતનો અને શ્રીજીમહારાજનો સિદ્ધાંત છે. ॥ ૨૪ ॥

દલુજીએ સંતદાસજીને પૂછ્યું જે શ્રીજીમહારાજ શું કરે છે ? ને આ અવતાર શ્રીજીમહારાજનો કેવો જાણો છો ? ત્યારે સંતદાસજીએ કહ્યુંઃ જે આ અવતાર નહિ આ તો સર્વોપરી અવતારી છે તે સર્વોપરી કલ્યાણ જીવનું કરે છે, ને આવા તો કોઈ થયા નથી ને થાશે પણ નહિ એવા તો એ એક જ છે ને હું પણ સર્વ ધામો પ્રત્યે જાઉં છું ત્યારે સર્વે તે ધામના વાસી એમ જ કહે છે જે શ્રી સહજાનંદ હરિકૃષ્ણ તો સર્વે અવતારના અવતારી સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ છે. પછી દલુજી બોલ્યા, જે આ તો અવતારી સર્વોત્કૃષ્ટ પૂર્ણ પુરુષોત્તમ છે એમ હું પણ જાણું છું ॥ **૨૫** ॥

એક હરિભક્તે સ્વરૂપાનંદ સ્વામીને પૂછ્યું જે આ શ્રીજીમહારાજનો અવતાર કેવો જાણવો ? ત્યારે સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું જે આ અવતાર નહિ, આ તો રામકૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી પ્રકટ પુરુષોત્તમ છે. ને બીજા

અવતારના જેવી કળાઓ તો પોતાના ભક્તમાં છે. ॥ ૨૬ ॥

એક સાધુ કહે મારે તો બધુંય બ્રહ્માંડ દેખાય છે. ત્યારે વ્યાપકાનંદ સ્વામી બોલ્યા જે તમારે તો એક બ્રહ્માંડ દેખાય છે, ને મારે તો અનંત આશ્ચર્ય ને અનંત કોટી બ્રહ્માંડ ને ગોલોકાદિક ધામ તે હસ્તામલ દેખાય છે એ તો રામકૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી શ્રી સહજાનંદ પુરુષોત્તમ તેની મૂર્તિના ધ્યાનનો પ્રતાપ છે. ॥ ૨૭ ॥

રામાનંદ સ્વામીએ પોતાની ધર્મધૂરંધરપણાની શ્રી સહજાનંદ સ્વામીને સોંપણી કરી ત્યારે કોઈને સંશય થયો જે મોટા સાધુ છે તેને સોંપણી કેમ ન કરી ? ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું જે નીલકંઠ બ્રહ્મચારી તો મોટા મોટા રામ, કૃષ્ણ, વાસુદેવ ને અક્ષરાદિક સર્વેને પ્રાર્થના કરવા યોગ્ય, પૂજવા-સેવવા યોગ્ય છે ને અમે પણ એમના મૂક્યા આવ્યા છીએ અને આ તો અનેક જીવોનાં કલ્યાણ કરતા કરતા આવે છે ને આ તો સર્વોપરી રામકૃષ્ણાદિક અવતારના અવતારી છે તે હરિપ્રસાદ નામે વિપ્રને ઘેર પ્રકટ થયા છે માટે એ તો સર્વેને માનવા, ભજવા, પામવા યોગ્ય છે અને જેમ પૃથ્વીને વિષે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ તે ચિત્ર વિચિત્ર અનંત અનંત પ્રકારના છે, તેમ સર્વે અવતાર ને સર્વે વિભૂતિ થકી ને સર્વે શક્તિ થકી ને અક્ષરના મુક્ત ને અક્ષરધામ એ સર્વે થકી અતિ સર્વોત્કૃષ્ટ અક્ષરાતીત સર્વ સુખમય ને સર્વ આનંદમય ને સર્વ સુંદરતાનું ને સર્વ લાવણ્યતાનું ને સર્વે સુખનું ભાજન છે એવા જે શ્રી સહજાનંદ પુરુષોત્તમ તે સર્વોપાસ્ય રાજાધિરાજ ને સર્વે

અવતારના અવતારી છે. ॥ ૨૮ ॥

શ્રીજીમહારાજે વાત કરી જે સર્વે જીવ, ઈશ્વર, વિભૂતિઓ, ધામ, શક્તિઓ, ઐશ્વર્ય ને મુક્ત એ સર્વેનું સ્વરૂપ, સ્વભાવ એમને સહજ સ્વભાવે અખંડ અમે જાણીએ, દેખીએ છીએ ને એ સર્વે મારી મૂર્તિનો મહિમા જેમ છે તેમ કોઈ દેખવા, જાણવા સમર્થ નથી ને હું પણ પ્રકટ પ્રમાણ સર્વ અવતારનો અવતારી ને તમારો સર્વેનો ઉપાસ્ય, ગુરુ, ઈષ્ટદેવ ને અક્ષર પર એવો જે હું તે પણ મારી મૂર્તિના મહિમાનો અંત નથી પામતો ને એ સર્વે જે કહ્યા તે સર્વેની સામર્થી મારી મૂર્તિના એક રોમના કોટી કોટીમા ભાગની બરોબર નથી આવતી એવી અનવધિકાતિશય ને મહા આશ્ચર્યમય આ મૂર્તિ છે એમાં કિંચિત માત્ર સંશય નથી એમ મારો સિદ્ધાંત છે. ॥ ૨૯ ॥

શ્રીજીમહારાજ ગુજરાતમાં હતા પછી અસુરે આવીને સંતને કષ્ટ દીધું ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, મારા પરમહંસોની સર્વે મોટા મોટા દેવ તથા અક્ષરાદિક મુક્ત ને સર્વ અવતાર તે પ્રાર્થના કરે છે ને દર્શનને ઈચ્છે છે ને એક કીડી જેવા જીવને પણ દુભે નહિ એવા જે સંત તેને દુષ્ટે દુઃખ દીધું. પછી એમ કહીને ઉત્તર મુખે ઉદાસી થઈને બેઠા. તેટલાકમાં બ્રહ્માદિક દેવોએ જાણ્યું જે આજ તો સર્વે બ્રહ્માંડનો નાશ થાશે. એટલામાં મહાકાળ, સંકર્ષણ, શિવાદિક આવીને પ્રાર્થના કરવા લાગ્યા જે હે મહારાજ ! તમે જે આજ્ઞા કરો તે અમે કરીએ ને અમે તમારા સેવક છીએ તે તમારા સંતને કષ્ટ

દેનારો કોણ છે ? તેનો ક્ષણ માત્રમાં નાશ કરીએ. પછી દિવ્ય ચક્ષુવાળા સંત રામદાસભાઈ હતા. તેમણે કહ્યું જે હે સ્વામીન્ ! આજે તમે આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે પધાર્યા છો ને સાધુનું તો કોઈ માન, અપમાન કરે તે સહન કરવું તે સંતનો ધર્મ છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે સર્વે આપણું કર્યું થાય છે. જુઓને સર્વે અવતાર અમારે વિષે લીન થાય છે ને આ સર્વ સભાને અમે અક્ષરધામને વિષે દેખીએ છીએ અને જે આપણી વાત માને છે તેનું કલ્યાણ થાય છે અને જે નથી માનતા તેનું નથી થતું. અને અમારા શરીરમાં કાંઈ કસર જેવું થયું ત્યારે જગતમાં અનેક જીવોનો નાશ થઈ ગયો ને જ્યારે આપણે ખટરસ ને વસ્ત્ર ત્યાગ કર્યાં ને તાટ પહેર્યાં ત્યારે જગતમાં અન્ન વસ્ત્ર મળ્યું નહિ ને હેરાન થઈ ગયા. માટે સર્વે આપણું જ કર્યું થાય છે, બીજા કોઈનું કર્યું થાતું નથી ને તમારા શરીરમાંથી કોટી કોટી સૂર્યના પ્રકાશથી અધિક પ્રકાશ નીકળે છે એવા સામર્થ્યે યુક્ત તમે છો એમ હું દેખું છું. પછી તે સંત બોલ્યા જે હે મહારાજ ! તમે તો સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ છો. માટે તમે દેખો તેમાં શું કહેવું ? તમે તો દિવ્ય એવા જે ગુણ, વિભૂતિ, ઐશ્વર્ય, પાર્ષદ ને શક્તિઓ તેણે યુક્ત એવા અનાદિ નિત્ય, સિદ્ધ, સર્વોત્કૃષ્ટ, પરિપૂર્ણ ને અનવધિકાતિશય કલ્યાણકારી ગુણે યુક્ત થકા એકાંતિક ભક્તને સુખ દેવાને અર્થે કૃપા કરીને હરિપ્રસાદને ઘેર પ્રગટ થયા છો. અને તમારી ઉપાસના થકી અમે પણ પરાવર અને હસ્તમાળ દેખીએ છીએ ને ધર્મ, જ્ઞાન આદિક અનંતગુણે

યુક્ત થયા છીએ. માટે કોઈ માન અપમાન કરે તેનો ભાર ગણતા નથી ને તમારી મરજી ને રાજીપો જેમ હશે તેમ કરશું અને અમારે આ લોક પરલોકમાં તમારા વિના બીજું કાંઈ વહાલું નથી અને તમે તો અમારા જીવનપ્રાણ છો અને તમને પ્રસન્ન કરવાને તો અનંત જન્મ ધરીને માયિક સુખ ને ભૂંડા સ્વભાવ તેનો ત્યાગ કરી દઈએ. ॥ ૩૦ ॥

કોટી સૂર્યના તેજથી કોટી ગણું તેજ તે વૈકુંઠના મુક્તમાં છે અને તેથી કોટીગણું તેજ તે ગોલોકના મુક્તમાં છે અને તેથી અનંત કોટીગણું તેજ તે અક્ષરધામના મુક્તના રોમને વિષે છે ને તે સર્વે મુક્તોનું તેજ તે અક્ષરધામના એક દેશને વિષે સમાઈ જાય છે એવો અનંત અપાર જે અક્ષરધામનો પ્રકાશ તે સર્વે ભેળો કરીએ તો સર્વે અવતારના અવતારી જે શ્રી હરિકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમના એક રોમના કોટીમા ભાગની પાશંગના બરોબર નથી આવતો એવા પુરુષોત્તમ છે. તે દિવ્ય તેજ, ઐશ્વર્ય, પ્રતાપ, બલ, કીર્તિ, સ્વરાટ, સત્યસંકલ્પ એવા અનેક દિવ્યગુણે યુક્ત એ મૂર્તિ છે ને અનવધિકાતિશય અનેક નિરંકુશ દિવ્ય એવાં ઐશ્વર્ય તેણે યુક્ત થકા ને શ્રી ધર્મદેવ ને ભક્તિ થકી છે જન્મ જેમનો એવા જે શ્રી સ્વામિનારાયણ તે જ અક્ષરાતીત સર્વોપરી પુરુષોત્તમ ભગવાન છે. તેમાંથી સર્વ અવતાર પ્રકટ થાય છે ને પાછા તેમને વિષે લીન થાય છે તે જેમ તારા ચંદ્રમાને વિષે લીન થાય છે અને જેમ ચંદ્રમા સૂર્યને વિષે લીન થાય છે તેમ લીનતા છે, પણ જેમ જળમાં જળ મળે છે ને અગ્નિમાં અગ્નિ મળે છે તેમ નથી. અવતાર ને

અવતારીમાં તો ઘણો ભેદ છે એમ જાણવું. તે માટે દિવસે દિવસે શ્રદ્ધા, જ્ઞાન, માહાત્મ્ય, વિશ્વાસ, પ્રીતિ, આશ્રય અને અનુવૃત્તિ તે અધિક અધિક સમજાય તેવો શાંતપણે ઉપાય કરવો ને તેવા સંગ ને તેવાં શાસ્ત્રોનો જોગ રાખવો એ સર્વે મોટા સંતોનો ને શ્રીજીમહારાજનો પરમ રહસ્ય અભિપ્રાય છે. ॥ ૩૧ ॥

એવા જે પ્રત્યક્ષ શ્રી સહજાનંદ સ્વામી પરબ્રહ્મ પરમ કારુણિક તેમની મૂર્તિનાં બે ચરણારવિંદથી લઈને મસ્તક પર્યંત સર્વે અંગને પૃથક્ પૃથક્ ધારીને એકાંત સ્થળને વિષે બેસીને ઇંદ્રિયો, મન, પ્રાણ, તેમનો પ્રત્યાહાર કરીને પૂર્વાપર રાત્રિને વિષે અતિ દૃઢ મતિએ કરીને અતિ દૃઢ ચિત્તે કરીને અતિશય સ્થિર થઈને યોગી તેણે શ્રીહરિજીનું ધ્યાન કરવું અને સાધ્વી, ચકોર, શલભ, મચ્છ, ચકવા, ચકવી ને બપૈયા એ જેમ પોતાના વિષયમાં નિમગ્ન છે તેમ યોગી જે તે શ્રીહરિની મૂર્તિમાં અતિશય આનંદિત થકો નિમગ્ન રહે ને જેમ સમુદ્ર મંથન કરવાને સમયે દેવ દાનવ મનમાં દૃઢ વિશ્વાસ રાખીને મંડ્યા હતા તેમ યોગી તેણે મનમાં દૃઢ વિશ્વાસ રાખીને ભગવાનની મૂર્તિને ધારવાનો નિત્ય નવો નવો અધ્યાસ રાખવો ને રસાસ્વાદ, નિદ્રા, હિંસા ને વિક્ષેપ એ ધ્યાનના વિરોધી છે માટે એનો ત્યાગ કરે ત્યારે ધ્યાન થાય, નહિ તો ન થાય. અને જાતિ, વર્ણ, આશ્રમ ને ગુણ તેનું માન તેનો ત્યાગ કરીને સમગ્ર સાધુ સત્સંગી તેના દાસાનુદાસ થઈને રહે છે તેને જ શ્રીહરિજીનું ધ્યાન થાય છે. ॥ ૩૨ ॥

શ્રીહરિનું સમગ્રપણે માહાત્મ્ય જાણ્યા વિના બીજાં કોટી સાધન કરે પણ સર્વ ક્રિયાને વિષે અખંડ નામ રટણ ને મૂર્તિની સ્મૃતિ રહે નહિ. અને સ્વસ્તિક આસને કરીને નાસિકાગ્ર વૃત્તિ રાખીને દેહને સમ રાખીને પછી નેત્રને મીંચીને પ્રતિલોમ વૃત્તિએ અંતરમાં મૂર્તિને સન્મુખ રહીને ધ્યાન કરવું અને યુક્ત છે આહારવિહાર આદિક જેને એવો થકો, શુદ્ધ જીવરૂપ થઈને અતિશય રોમાંચિતે કરીને અતિશય ગદ્ગદ કંઠે કરીને અતિશય હર્ષાયમાન થકો, અને અતિશય ત્વરાએ કરીને અતિશય દાન્ત થકો, ને અતિશય શાંત થકો ને અતિશય સમાહિત થકો પ્રત્યક્ષ મૂર્તિ જે શ્રીહરિજી તેમના સ્વરૂપનો અતિશય મહિમા સમજે જે અનંત અપાર ધામરૂપ જે અક્ષરબ્રહ્મ તેનું સમગ્ર સુખ ભેળું કરીએ તો શ્રીહરિજીના એક રોમના સુખની બરોબર ન આવે. એવો દૃઢ જ્ઞાની છે તેને જ શ્રીહરિજીનું ધ્યાન થાય છે. ॥ ૩૩ ॥

આ લોક ને પરલોકને વિષે દુર્લભમાં દુર્લભ શું ? તો શ્રીહરિજીના સ્વરૂપનું જ્ઞાન, ઉપાસના, આશ્રય, વિશ્વાસ, અનુવૃત્તિ ને પ્રીતિ એ અચળ થાય એ જ દુર્લભમાં દુર્લભ છે ને સારમાં સાર છે. ॥ ૩૪ ॥

અને સત્શાસ્ત્રનો ને ધર્મનો અધિકારી હોય અને સિદ્ધિને અર્થે યત્નને કરતો હોય તેને મધ્યે ભગવાનને અર્થે પ્રયત્નને કરતો હોય ને તે મધ્યે ભગવાનને જાણીને યત્ન કરતો હોય એવા હજારો હજાર ભેગા કરીએ તો તે મધ્યે કોઈક જ્ઞાની ભગવાનનું સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ઐશ્વર્ય તે અંતે રહિત છે

તો પણ તેને તત્ત્વે કરીને યથાર્થ પોતાના જ્ઞાનની વિશાળતાને અનુસારે કોઈક જાણે છે પણ જેમ છે તેમ તો અંતને નથી પામતો, ને ભગવાન પોતે પણ પોતાના મહિમાના અંતને નથી પામતા તો બીજા તો પામે જ કેમ ? એવા સર્વોત્કૃષ્ટ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેમણે અનેક કોટી બ્રહ્માંડનાં ને બ્રહ્મપુરાદિક ધામનાં જે સમગ્ર ઐશ્વર્ય તે પોતાની મૂર્તિને આધીન છે તે સમાધિએ કરીને દેખાડીને તથા સહુ સહુના ઇષ્ટદેવરૂપે પોતે પોતાનું દર્શન દઈને અનંત જીવને પોતાનો સર્વોપરી મહિમાએ સહિત નિશ્ચય કરાવ્યો. એવી રીતે સર્વોપરી ને સ્વરાટ થકા પોતે વર્તે છે એમ પ્રત્યક્ષ મૂર્તિ જે શ્રીહરિજી તેમનો મહિમા સમજે છે તેને જ શ્રીહરિજીનું ધ્યાન થાય છે. દેહ અને દેહ સંબંધી પદાર્થ તેને કાકવિષ્ટા તુલ્ય જાણે ને કોઈના ગુણદોષમાં ન ભળે ને નિંદા સ્તુતિનો ત્યાગ કરે અને નેત્ર, શ્રોત્ર અને વાણી તેને જીતે અને ઠેકડી, મશ્કરી, આળસ, પ્રમાદ તેને ટાળે અને યથાર્થ નિર્બીજ સાંખ્ય ને નિર્બીજ યોગને જાણે અને સબીજ સાંખ્ય ને સબીજ યોગ તેને શુદ્ધ સંપ્રદાયે કરીને એકાંતિક સંત થકી જે સમજે છે તેને મૂર્તિનું ધ્યાન થાય છે. ॥ ૩૫ ॥

પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનો અવતાર જીવના કલ્યાણને અર્થે દયાએ કરીને પૃથ્વી ઉપર થાય છે ત્યારે તેમનું સામર્થ્ય, વાર્તા તથા ભક્ત ઇત્યાદિક સર્વ તે બીજા જે આવિર્ભાવ તે થકી વિલક્ષણ હોય છે તે ઉત્તમ મુમુક્ષુના જાણવામાં આવે છે. ॥ ૩૬ ॥

સર્વે સમાન છે એમ કહે છે તેની વિગત જે જેમ ચિંતામણિ આગળ પારસમણિ આદિક સર્વે સમાન છે ને પારસમણિ આગળ હીરા, ઝવેરાત, મોતી આદિક સર્વે સમાન છે તેમ પુરુષોત્તમ ભગવાન આગળ સર્વે અક્ષરાદિક સમાન છે ને તે અક્ષર ને તેમાં રહ્યા જે મુક્તો તેની આગળ મૂળપુરુષાદિક ને તેની આગળ પ્રધાનપુરુષાદિક ને તેની આગળ વૈરાજપુરુષાદિક ને તેની આગળ બ્રહ્માદિક એમ એકને આગળ બીજા સર્વે સમાન છે. ॥ ૩૭ ॥

સનકાદિક જે તે ત્યાગી છે ને નિષ્કામાદિક ધર્મને વિષે અતિ કુશળ છે તો પણ વૈરાજ ભેગા કેમ લયને પામે છે ને ફરી પાછા કેમ ઊપજે છે ? ઉત્તર જે, એમને વૈરાજપુરુષની ઉપાસના છે તેણે કરીને વારંવાર જન્મ મૃત્યુને પામે છે ને મુમુક્ષુના કલ્યાણને અર્થે પ્રગટ થયા જે દત્ત, કપિલજી તે શ્રેષ્ઠ જણાય છે ને એથી ઋષભદેવજી શ્રેષ્ઠ જણાય છે ને તે કરતાં રામચંદ્રજી શ્રેષ્ઠ જણાય છે ને તે કરતાં શ્રીકૃષ્ણ ભગવાન તો અતિશય શ્રેષ્ઠ છે ને અતિ સમર્થ છે ને એ સંગાથે જે ભાવે કરીને જે જોડાય છે તેનું કલ્યાણ થઈ જાય છે. તે કહ્યું છે જે ''कामाद्‌भयात्स्नेहाद्वापि''[૧] એ રીતે ભાગવતના શ્લોકમાં વાત કહી છે ને આજ તો આશ્રય માત્રે કરીને કલ્યાણ થઈ જાય છે એવી અલૌકિક વાત છે પણ એટલે કરીને પૂર્ણ ન થાવું ને ધર્મજ્ઞાનાદિક પુરુષ પ્રયત્ને કરીને શીખીને શ્રીજીના એકાંતિક ભક્ત થાવું ને સત્સંગ કર્યાનું એ જ ફળ છે. ॥ ૩૮ ॥

૧. અર્થઃ કામથી, ભયથી તથા સ્નેહથી જે ભગવાનને વિષે જોડાયા તેનું કલ્યાણ કર્યું.

શ્રીજીમહારાજનો મહિમા એમ સમજવો જે જેમ નવસો નવાણું નદીઓનું પૂર ભેળું વહેતું હોય તો લાખ મણના પાષાણાદિક તણાઈ જાય પણ કાંઈ ટકી શકે નહિ. તેમ પુરુષોત્તમની મોટપ સર્વે કરતાં અધિક જાણવી. તે મોટપ એમ જાણવી જે બ્રહ્માદિક સર્વે દેવ થકી તથા કાળ માયાદિક સર્વે થકી તથા અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા જે અનંત કોટી મુક્ત તથા અક્ષર એ સર્વે થકી મહારાજ પર વર્તે છે ને સર્વેના પ્રેરક, પ્રવર્તક ને નિયંતા છે ને જ્ઞાન, ઐશ્વર્ય ને સેવ્ય છે ને સર્વેના સ્વામી છે ને ભજનીય છે. એવી રીતે શ્રીજીમહારાજનો મહિમા યથાર્થપણે સમજવો. ॥ ૩૯ ॥

વ્યાપકાનંદ સ્વામીને શ્રીજીમહારાજને વિષે પુરુષોત્તમપણાનો નિશ્ચય થાતો નહોતો. પછી શ્રીજીમહારાજે એમને સમાધિ કરાવીને અક્ષરધામને વિષે અનંતકોટી મુક્ત સોતું પોતાનું દર્શન કરાવ્યું તો પણ નિશ્ચય થયો નહિ. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, આ સર્વે મુક્તોનાં રૂપને ધરી ધરીને અમારી પૂજા આરતી કરો. ત્યારે તે કહે જે કેમ ધારું ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે રામાનંદ સ્વામી જો પુરુષોત્તમ ભગવાન હોય તો મુને સર્વે મુક્તોનાં રૂપને ધરતાં આવડો એમ સંકલ્પ કરો. ત્યારે તેમણે તેમ સંકલ્પ કર્યો તો પણ ન ધરાણું. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ચોવીસ અવતાર જો પુરુષોત્તમ ભગવાન હોય તો એમનાં રૂપને ધરતાં આવડો એમ કહો ત્યારે તેમણે તેમ કહ્યું તો પણ ન ધરાણું. ત્યારે ફરીને શ્રીજીમહારાજ બોલ્યા જે જો આ સહજાનંદ સ્વામી પુરુષોત્તમ

ભગવાન હોય તો મુને સર્વે મુક્તોનાં રૂપને ધરતાં આવડો એમ કહો. ત્યારે તેમણે તેમ કહ્યું ત્યારે તેમને સર્વે મુક્તોનાં રૂપને ધરતાં આવડ્યું. પછી એમને પુરુષોત્તમપણાનો નિશ્ચય શ્રીજીમહારાજને વિષે યથાર્થ થયો. ॥ ૪૦ ॥

એક દિવસ શ્રીજીમહારાજે વ્યાપકાનંદ સ્વામીને કહ્યું જે તમે ઈંદ્રલોકમાં જાઓ; ત્યારે તેમણે કહ્યું જે જઈ આવ્યો. ત્યારે ફરીને આજ્ઞા કરી જે બ્રહ્માના કમળના નાળનો પાર લઈ આવો. ત્યારે તે કહે જે પાર લઈ આવ્યો. ત્યારે વળી આજ્ઞા કરી જે ગોલોક, વૈકુંઠ ને બ્રહ્મધામને વિષે જાઓ. ત્યારે તે કહે જે જઈ આવ્યો. ત્યારે વળી આજ્ઞા કરી જે ભૂમાપુરુષ પાસે જાઓ ત્યારે તે કહે જે ત્યાં તો હજાર માથાનો દૈત્ય માર્ગ રોકીને રહ્યો છે તે કેમ જવાય ? ત્યારે શ્રીજીએ કહ્યું જે તમે પણ તેવા રૂપને ધરીને તેને જીતીને જાઓ. ત્યારે તેણે તેમ કર્યું ને ફરી તેણે કહ્યું જે બીજો દશ હજાર માથાનો દૈત્ય આગળ માર્ગમાં છે તે કેમ જવાય ? ત્યારે શ્રીજીમહારાજ કહે, તમે પણ તેથી મોટું રૂપ ધરીને ને તેને જીતીને જાઓ. પછી તે તેમ કરીને ભૂમાપુરુષ પાસે ગયા. ત્યારે ભૂમાપુરુષે કહ્યું જે પુરુષોત્તમનો પ્રગટપણે પૃથ્વીને વિષે અવતાર થયો ? ત્યારે સંત કહે, હા થયો. એ વાર્તા સાંભળીને ભૂમાપુરુષ જે તે અતિશય ગદ્‌ગદ કંઠ થઈને રાજી રાજી થઈ જાતા હવા. ને તે સંતને પોતાના સિંહાસન ઉપર બેસાડીને અતિશય સુગંધીમાન ને અતિ સરસ પુષ્પ ચંદનાદિકે કરીને અતિશય ભારે પૂજા કરતા હવા. ને અતિશય આનંદે સોતા શ્રીજીમહારાજના સમાચાર પૂછીને

બોલ્યા જે મને જ્યારે આ સ્થાનકને વિષે મહારાજે મોકલ્યો હતો ત્યારે કહ્યું હતું જે અમો બ્રહ્માંડને વિષે પધારશું ત્યારે તમારી પાસે સંતને મોકલશું તે વચન આજ સત્ય કર્યું. એવી રીતે પરસ્પર બે જણે મહારાજની વાર્તા સારી પેઠે કરી. પછી તે સંતે એ લોકના ચાર ભૂજાવાળા મુક્તોને શ્રીહરિજીની વાર્તા કરીને એમને પુરુષોત્તમપણાનો નિશ્ચય કરાવીને બ્રહ્મપુરને વિષે મોકલી દીધા ને પછી શ્રીજી પાસે આવીને પોતાનું વૃત્તાંત જેમ થયું તેમ કહ્યું. તે વાત સાંભળીને શ્રીજીમહારાજે વિચાર કર્યો જે જ્યારે બાદશાહ ગાદીએ બેસે ત્યારે બંદીવાન માત્રને છોડી મૂકે છે તેમ અમારે પણ અનેક જીવોનાં કલ્યાણ કરવાં છે. એમ વિચારીને પોતે સ્વરૂપાનંદ સ્વામીને આજ્ઞા કરી જે સર્વે નરકકુંડના જીવ માત્રને ચતુર્ભુજરૂપ ધરાવીને ભૂમાપુરુષના લોકમાં મોકલો. ત્યારે તે સંતે તેમ કર્યું. એવી રીતે શ્રીજીમહારાજે પોતાનું પુરુષોત્તમપણું અતિશય પ્રગટ કર્યું છે. ॥ ૪૧ ॥

પરોક્ષ અવતારના ભક્તમાં ને પ્રત્યક્ષ અવતારના ભક્તમાં કેટલો ફેર છે ? પરોક્ષ અવતારના ભક્ત તો રૂપા જેવા છે. ને બ્રહ્માદિક ને ઇંદ્રાદિક દેવના ભક્ત તો પિત્તળ ને કાંસા જેવા છે ને મદ્ય માંસના ખાનારા જે તમોગુણી દેવ છે તેના ભક્ત તો કથીર અને લોઢા જેવા છે ને પ્રત્યક્ષ પુરુષોત્તમના જે એકાંતિક ભક્ત છે તે તો કુંદન ને જાંબૂનદ સુવર્ણ તે જેવા છે અને તેમાં તો ભારે ચમત્કાર રહ્યો છે. તેની વિગત જે જોડિયા ગામમાં વિશ્રામ સુતારે લાખો કીડીઓનું

કીડિયારું જોયું ત્યારે તેને દયા આવી ને એમ બોલ્યા જે આ બિચારા જીવોનું કેમ કલ્યાણ થાશે ? એટલામાં તો કરોડો વિમાન આવ્યાં તેમાં બેસીને એ સર્વે કીડીઓના જીવ ચતુર્ભુજ રૂપ ધારીને દેવલોકમાં ગયા. એવી રીતે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાનના ભક્તનો તો એવો મોટો મહિમા છે. ॥ ૪૨ ॥

વળી રતના ભક્તની વાર્તા કરી જે એના ભાણેજે પ્રત્યક્ષ પુરુષોત્તમના સંતને બે રોટલા આપ્યા હતા તેની પ્રાપ્તિની વાર્તા કરીને કહ્યું જે પ્રત્યક્ષ પુરુષોત્તમના ભક્ત છે તે તો સંતને રોટલાનો લોટ દે છે ને આ ભક્ત તો સદાવ્રત આપે છે તો પણ એ કરતાં તે રોટલાનો લોટ અધિક થાય છે. ॥ ૪૩ ॥

મુક્તાનંદ સ્વામીને નિશ્ચય થાતો નહોતો ત્યારે રામાનંદ સ્વામીએ આવીને કહ્યું જે શ્રી સહજાનંદ સ્વામી પુરુષોત્તમ ભગવાન છે ને અમે પણ એમના જ દાસ છીએ એવી રીતે પ્રત્યક્ષ પુરુષોત્તમના ભક્તની અતિશય મોટપ છે ને લગારેક એમના સંબંધે કરીને અતિશય મોટું કામ થઈ જાય છે. ॥ ૪૪ ॥

શ્રીજીમહારાજના ભક્ત ને બીજા અવતારના ભક્ત તેમાં કેટલો ફેર છે ? ઉત્તર જે, શ્રીજીમહારાજના ભક્ત જેવા તેવા ઐશ્વર્યાર્થી હોય તે જોવા તો બીજા અવતારના એકાંતિક ભક્ત પણ ન થાય ને આજ સત્સંગને વિષે તો ઋષભદેવ, દત્ત ને કપિલદેવ જેવા સંત વર્તે છે માટે આજની મોટપની શી વાર્તા કહીએ ? આ સમે તો શ્રીજીમહારાજ અઢળક ઢળ્યા છે. ॥ ૪૫ ॥

કોઈક હરિભક્તે કહ્યું જે હે મહારાજ ! હેત રાખજો. તે ઉપર વાર્તા કરી જે, દેવલોકને વિષે બહુ સુખ છે ને તેથી બૃહસ્પતિ આદિકના લોકને વિષે બહુ સુખ છે ને તેથી પ્રધાનપુરુષના લોકને વિષે બહુ સુખ છે ને તેથી મૂળપુરુષના લોકને વિષે બહુ સુખ છે. એવી રીતે તે સર્વેના લોકને અધિક સુખ છે ને એ સર્વ કરતાં અક્ષરધામને વિષે અતિશય અધિક સુખ છે ને એ થકી પણ શ્રીજીમહારાજની મૂર્તિને વિષે તો અતિશય અધિક સુખ રહ્યું છે. પણ એ સર્વે સુખના આપનાર શ્રીજીમહારાજ છે એવી રીતે મોટપ સમજે તો સહેજે જ હેત રહે છે ને એમ સમજણ વિના જે હેત છે તે તો પ્રાકૃત છે ને સુવાણ્ય છે તે અંતે રહે નહિ. ॥ ૪૬ ॥

પુરુષોત્તમ ભગવાનનું સ્વરૂપ ને એમના સ્વભાવ, ગુણ ને વિભૂતિ જે છે તે જે તે સર્વ અવતાર કરતાં વિલક્ષણ છે. ॥ ૪૭ ॥

શ્રીજીમહારાજે કહ્યું જે, પુરુષ પ્રયત્ન કરે તો આત્મા જણાય છે ને તેને વિષે પરમાત્મા પણ જણાઈ આવે છે. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે તમારી કૃપા હોય તો જણાય. તે પછી શ્રીજીમહારાજ કહે જે, જુઓને આ બ્રહ્માંડ છે તે પણ અક્ષરને વિષે અણુ જેટલું જણાય છે માટે બ્રહ્માંડ તો અક્ષરની ગણતીમાં જ નથી ને એવાં અનંત કોટી બ્રહ્માંડ જેના એક એક રોમના છિદ્રને વિષે ઊડતાં ફરે છે એવું મહત્‌પણું અક્ષરનું છે ને હું તો એ થકી પર છું માટે મારી આગળ તો એ બ્રહ્માંડ અને બ્રહ્માંડને વિષે રહ્યા જે જીવ તે શી ગણતીમાં છે ? કાંઈ

ગણતીમાં નથી એવો હું અતિશય મોટો છું. તે તમારી પાસે વાત કરું છું. ને ભાઈબંધાઈ કરું છું ને દરરોજ દર્શન દઉં છું ને જમાડું છું ને નામ લઈને બોલાવું છું ઇત્યાદિક અનેક પ્રકારે તમારા સાથે પ્રીતિ કરું છું ને ઓળખાણ કરું છું ને કાંઈક આડુંઅવળું થાતું હશે તેનું પણ સંબંધીની પેઠે સહન કરું છું એવી રીતે તમારા સાથે વર્તું છું તો પણ તમે કહો છો જે કૃપા કરો તે હવે કેટલી કૃપા કરું ? ॥ ૪૮ ॥

એક દિવસે મોટા સંતે કહ્યું જે માયા પર દિવ્ય ધામને વિષે એક મોટો ઓરડો છે ને તેને ચારે પાસે નાની નાની ઓરડીઓ છે. તેમાં મોટા ઓરડામાં તો પુરુષોત્તમ ભગવાન રહે છે ને એમની દૃઢ ઉપાસનાએ કરીને જે નક્કી હરિભક્ત થયા હોય ને ભગવાનનાં મનુષ્ય ચરિત્રને વિષે કોઈ દિવસ મોહ ન પામ્યા હોય એવા જે ભક્ત હોય તે તો હજારો જીવના કલ્યાણ કરે એવા સમર્થ હોય છે ને જે નાની નાની ઓરડીઓ છે તેમાં તો સર્વ અવતાર રહે છે ને જે એમના ભક્ત છે તે તો પોતાનાં કલ્યાણ કરે છે ને બીજાનાં તો માંડમાંડ કરે એવા છે માટે પુરુષોત્તમના ભક્ત તો બહુ શ્રેષ્ઠ છે. ॥ ૪૯ ॥

એક દિવસ મોટા સંતે ઉપાસનાની વાર્તા કરી જે આપણે જેમ શ્રીજીમહારાજને પુરુષોત્તમ ભગવાન કહીએ છીએ તેમ જ રામચંદ્રજી આદિકના ઉપાસક છે તે પણ પોતપોતાના ઇષ્ટદેવને પુરુષોત્તમ કહે છે એમ જ આપણે કહીએ છીએ કે બીજી રીત છે એમ પોતાનું મન શંકા કરે અથવા કોઈક પ્રતિપક્ષી પૂછે ત્યારે જો દૃઢ ઠરાવ ન કર્યો હોય તો પોતાને શંકા

થાય ને ઉત્તર પણ નિઃશંકપણે યથાર્થ થાય નહિ. માટે પુરુષોત્તમપણાનો દૃઢ ઠરાવ કરવો. ત્યારે સંતે આશંકા કરી જે કેમ સમજે તો નિઃશંકપણે પુરુષોત્તમપણાનો દૃઢ ઠરાવ થાય ? ઉત્તર જે, જ્યારે શ્રીજીમહારાજ પ્રગટ થયા ત્યારે જે જે અવતારના ઉપાસક શ્રીજીમહારાજને દર્શને આવતા તે સર્વેને શ્રીજીમહારાજ ભજનમાં બેસાડીને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવતા. એવી રીતે ચોવીસે અવતારનાં દર્શન કરાવતા તથા મુસલમાનને અલ્લાનાં તથા શ્રાવકને તીર્થંકરનાં દર્શન કરાવતા હવા. એમ જે જે મતના આવે તેને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવીને તે સર્વેને પોતાનો આશ્રય કરાવી દેતા હવા. તથા વ્યાપકાનંદ સ્વામીને પોતાને વિષે ચોવીસે અવતાર લીન કરાવીને પોતાને વિષે પુરુષોત્તમપણાનો નિશ્ચય કરાવી દીધો એ વાતમાં પણ મર્મ છે તથા પર્વતભાઈ હરિભક્તે એમ સંકલ્પ કર્યો જે પરમેશ્વરના અવતાર કેવા હશે ? ત્યારે તે ભક્તને આગળ આવીને ચોવીસે અવતાર દર્શન આપતા હવા અને બ્રહ્મપુરને વિષે પોતાનાં દર્શન જેવા તેવા જીવને સહજે જ કરાવતા હતા. એવી જાતની અનેક પ્રકારની સામર્થીની વાર્તા સત્સંગમાંથી સમજીને શ્રીજીમહારાજને વિષે પુરુષોત્તમપણાની ઉપાસના નિઃશંકપણે અતિ દૃઢ કરવી ને જે સ્વયં પુરુષોત્તમ ભગવાન છે તે તો આ ફેરે જ આવ્યા છે એ વાર્તા પરમ સત્ય છે ને વળી પરમેશ્વરની મરજીને જાણે એવા જે પરમ ભગવદ્ ભક્ત તેમણે પણ એ વાર્તા કહી છે. ॥ **૫૦** ॥

એક સમયે વાર્તાનો પ્રસંગ નિસર્યો જે સર્વે પોતાની મેળે ઠરાવ કરી લે છે પણ શુદ્ધ પરંપરાએ કરીને નક્કી કરતાં નથી. ત્યારે સંતે કહ્યું જે શુદ્ધ પરંપરા કેમ સમજવી ? ઉત્તર જે, પુરુષોત્તમ ભગવાન કે તેમના એકાંતિક ભક્ત તેમની પાસેથી શ્રી હરિકૃષ્ણજી મહારાજના જે અવતાર છે તેમની રીતને સમજે તથા એકાંતિકની સમજણને સમજે તથા બ્રહ્મપુર ને ગોલોકાદિક ધામના મહિમાને સમજે તથા તે ધામના પાર્ષદોનો તથા મૃત્યુલોકના સંત તથા પાર્ષદોનો તથા આ લોકના તીર્થોનો તથા ધામોનો મહિમા સમજે તે શુદ્ધ પરંપરા કહીએ. એમ સમજ્યા વિના તો કેટલાક આત્માનંદ સ્વામીને તથા રામાનંદ સ્વામીને તથા નરનારાયણાદિકને પણ પુરુષોત્તમ સમજે છે. માટે એ કહી એવી જે શુદ્ધ પરંપરાની રીત તેણે કરીને પુરુષોત્તમ સમજવા. ॥ **૫૧** ॥

એક દિવસ મોટા સંતે વાત કરી જે પુરુષોત્તમ ભગવાન જે તે અક્ષર, મૂળપુરુષ, પ્રધાનપુરુષ ને વિરાટાદિક એ સર્વેના નિયંતા રૂપે કેમ રહ્યા છે ? તો જે જેમ શ્રીજીમહારાજની આજ્ઞા આચાર્યજી મહારાજ ઉપર છે ને તેમની આજ્ઞા મોટા સાધુ ઉપર છે ને તેમની આજ્ઞા મંડળના સાધુ ઉપર છે એવી રીતે રહ્યા છે ને એમાં જે તારતમ્યપણું છે તેને શ્રીજીમહારાજ જાણે છે અથવા તો જેના ઉપર એમની પ્રસન્નતા હોય તે જાણે છે પણ તે વિના બીજો કોટી ઉપાયે કરીને પણ જાણી શકે નહિ. ॥ **૫૨** ॥

એક દિવસ મોટા સંતે આ કીર્તન ગવરાવ્યું જે, ‘‘એક

વાત સુણો વ્રજવાસી રે પુરુષોત્તમ બોલ્યા પ્રીતે'' એ ઉપર વિસ્તારીને પોતે વાર્તા કરી જે આકાશને ઠેકાણે તો અક્ષર છે ને અંધકારને ઠેકાણે માયા છે ને વાદળાંને ઠેકાણે મહા વિરાટ છે ને પક્ષીને ઠેકાણે ક્ષુદ્રવિરાટ છે ને વીજળીને ઠેકાણે અક્ષરના મુક્ત છે ને પોતે તો આકાશને વિષે જેમ શબ્દ છે તેની પેઠે અક્ષરમાં રહ્યા છે અને ''मायापरैंत्यमिमुखं च विलज्जमाना''[1] એ શ્લોકમાં કહ્યું છે એમ પુરુષોત્તમ ભગવાન આગળ માયા ઊભી રહેતી નથી ને મહાપુરુષાદિકને તો પાસે રહે છે તે વૈરાજપુરુષના ને પ્રધાનપુરુષના ને મૂળપુરુષના ને અક્ષરના જે ભક્ત છે તે તો પરતંત્ર છે ને પુરુષોત્તમના જે ભક્ત છે તે તો સ્વતંત્ર છે ને તે જેવો તેવો હોય તો પણ ઇંદ્ર, બ્રહ્મા, વૈરાજપુરુષ કે પ્રધાનપુરુષ જેવો થાય છે ને જેને ઉપાસના અતિશય દૃઢ હોય તો તે મૂળપુરુષ જેવો પણ થાય ને સત્પુરુષના સંગે કરીને ધર્મ જ્ઞાનાદિકને અતિ પક્વ કરે તો અક્ષર જેવા એકાંતિક ભક્ત પણ થાય છે તે વાર્તા સોનાના તથા અંગ્રેજના મહેતાના દૃષ્ટાંતે કરીને કરી તેમાં એમ જાણવું જે પુરુષોત્તમના જે એકાંતિક ભક્ત છે તે સોનાની પેઠે પૂર્વે કહ્યા તેમ શ્રેષ્ઠ છે તથા અંગ્રેજના મહેતાની પેઠે શ્રેષ્ઠ છે.[2] ॥ **૫૩** ॥

પુરુષોત્તમ ભગવાનના સ્વરૂપને કેમ સમજવું ? ઉત્તર જે, જેવી રામકૃષ્ણાદિક ભગવાનની મૂર્તિઓ છે તેવી જ પુરુષોત્તમ

૧. અર્થઃ– વળી જે પરમાત્માની આગળ માયા પણ શરમાઈને દૂર નાસી જાય છે. ભા. દ્વિ. અ. ૭-૪૭

૨. જુઓ પરિશિષ્ટ.

ભગવાનની મૂર્તિ હોય પણ સ્વરૂપ, સ્વભાવ, ગુણ ને વિભૂતિ આદિકે કરીને તથા ઐશ્વર્ય, પ્રકાશ ને શક્તિ આદિકે કરીને એ અવતારને વિષે ને શ્રીજીમહારાજને વિષે અત્યંત વિલક્ષણપણું છે. ॥ **૫૪** ॥

એક સંતે પૂછ્યું જે શ્રીજીમહારાજ ને બીજા અવતાર સર્વે સરખા છે ? કે કાંઈ ભિન્ન ભાવ છે ? ત્યારે મોટા સંતે કહ્યું જે, સર્વે સરખા છે, ત્યારે તે સંત કહે જે સામર્થીમાં ન્યૂનાધિકપણું કેમ છે ? ત્યારે મોટા સંત કહે જે, એ તો જ્યાં જેટલી સામર્થી જણાવવી ઘટે ત્યાં તેટલી જણાવે. ત્યારે વળી તે સંત કહે જે વ્યાસજી ને પરશુરામ તો આવતા મન્વંતરને વિષે સપ્તર્ષિ થાશે એમનું કેમ ? અને શ્રીજીમહારાજ જ્યારે પ્રથમ પ્રગટ થયા ત્યારે જે જે અવતારના ઉપાસક પોતાને દર્શને આવતા તેને તેને તે તે મૂર્તિઓનાં દર્શન કરાવી દેતા ને વ્યાપકાનંદ સ્વામીને વિષે ચોવીસે અવતાર લીન કરાવી દીધા, ને પર્વતભાઈ જ્યારે ખેતર ખેડવા જાય ત્યારે ત્યાં પોતાના હળને આગળ સર્વે અવતાર જાણે ચાલતા હોય એમ પર્વતભાઈને ભગવાનના અવતારનાં દર્શન થાતાં. માટે એ સર્વે આવિર્ભાવ તો પુરુષોત્તમ ભગવાનને આગળ ન્યૂન જણાય છે. એ વાત સાંભળીને સર્વે દિગ્મૂઢ જેવા થઈ ગયા ને તે પછી મોટા સંત કહે જે, શ્રીજીમહારાજને મુખે તો ઘણીકવાર એવી વાત શ્રવણ કર્યામાં આવી છે પણ સમજણમાં આવવી કઠણ છે ને શાસ્ત્રમાં પણ હોય તે પણ અતિ મોટા સત્પુરુષ પાસેથી સમજાય છે. ॥ **૫૫** ॥

અને આજ તો અક્ષરના મુક્ત પણ કથાવાર્તા સાંભળવા આવે છે. તે એવો અહીંયાં શો વિશેષ છે ? એમ શંકા કરીને તેનો ઉત્તર પણ સ્વામીએ પોતે જ કર્યો જે પ્રથમના કરતાં આજ ઐશ્વર્યનું વિશેષપણું બહુ જણાય છે. ને રામાનુજાદિકે પુરુષોત્તમ નિરૂપણ કર્યું છે પણ તે જાણ્યે શીખીને કર્યું હોય ને શું એમ જણાય છે. ને શ્રીજીમહારાજના કરાવેલ ગ્રંથ ને બીજા કવિના કરેલા ગ્રંથ જોઈએ છીએ તે જાણ્યે શીખીને કરેલા હોય ને શું એમ જણાય છે, જે

यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः । તથા
पुरुषेणात्मभूतेन वीर्यमाधत् वीर्यवान् ।[१]

એવાં કાવ્ય છે. ને ઐશ્વર્ય પણ વર્તમાન કાળમાં બહુ વિલક્ષણ છે તે કેટલાંક કહી દેખાડીએ ? સર્વે શાસ્ત્રનું સિદ્ધાંત જોયું પણ પુરુષોત્તમ શ્રીહરિજી મહારાજ જેવા તો કોઈ કાળે કોઈ પણ થઈ શકે જ નહિ. ॥ **૫૬ *** ॥

અને જીવ પરોક્ષ ભજનસ્મરણ તો બહુ કરે છે પણ જેમ પ્રત્યક્ષના ભજનાદિકે કરીને કલ્યાણ થાય છે તેમ કેમ થાતું નથી ? એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે જ્યારે ભગવાન પ્રત્યક્ષ હોય ત્યારે તો પોતાને જીવનાં કલ્યાણ કરવાનો સંકલ્પ હોય તેથી જે જીવને પોતાનું દર્શન થાય તેણે કરીને જ તેનું કલ્યાણ થાય, એમ અનેક જીવનો મોક્ષ થાય છે. અને અવતાર-અવતારીના સંકલ્પમાં પણ ન્યૂનાધિકપણું અતિશય

૧. અર્થઃ– જે ત્રણ લોકમાં દાખલ થઈને તેનું ભરણપોષણ કરે છે તે ઈશ્વર છે તથા પોતાના આત્મીય પુરુષ દ્વારા વીર્ય આપનાર બન્યા.

છે. તે અવતારી તો સંકલ્પ કરે તે માત્રમાં જ તે ક્રિયા સિદ્ધ થાય છે ને અવતાર તો સંકલ્પ કરીને તે ક્રિયામાં પોતે ભળે ત્યારે તે સિદ્ધ થાય છે. ॥ **૫૭ *** ॥

અને સ્વામીએ વાત કરી જે एकोऽहं बहु स्याम[૧] એ શ્રુતિનો અર્થ શ્રીજીમહારાજે કર્યો છે જે એક એવા જે પુરુષોત્તમ ભગવાન તે અંતર્યામીપણે કરીને અક્ષરબ્રહ્મ તથા પ્રકૃતિપુરુષ આદિકને વિષે તારતમ્યપણે કરીને રહ્યા છે. તે કાષ્ઠમાં રહેલ અગ્નિને દૃષ્ટાંતે કરીને કહ્યું છે ને તે તેમ જ છે કેમ જે અંતર્યામી સ્વરૂપ જે પ્રકાશ તે રૂપે કરીને પુરુષોત્તમ ભગવાન સર્વેને વિષે રહ્યા છે એમ પુરુષોત્તમ ભગવાનનું વ્યાપકપણું સમજવું. ॥ **૫૮ *** ॥

અને સ્વામીએ વાત કરી જે એક દિવસ અમે ત્રણ કે ચાર સંત બેઠા હતા તે સમયે શ્રીજીએ વાત કરી જે સર્વે આવિર્ભાવ છે તે તો પુરુષોત્તમ નારાયણના અંશ અને કળા અવતાર કહેવાય છે માટે સેવકપણે વર્તે છે. ને ભગવાનના ધામમાં અનંત પ્રકારની વાર્તા સમજવાની છે, ને જેને દર્શને મોટા મોટા પણ તણાઈને આવે તે અવતારી કહેવાય. ત્યારે કોઈ કહેશે જે એવા અવતારી આવ્યા ને પૃથ્વી ઉપરથી સર્વે કુસંગને કેમ ટાળી ન નાખ્યો ? તો એ વાતનું એમ છે જે આ સમયે ભગવાન અહિંસા ધર્મ પરાયણ વર્તે છે માટે સહેજે ટળે એટલો ટાળે છે પણ બહુ આગ્રહ કરતા નથી. ॥ **૫૯** ॥

શ્રી પુરુષોત્તમ ભગવાન જ્યારે દયા કરીને જીવના

૧. અર્થઃ– હું એક છું તેમાંથી બહુ રૂપે થાઉં.

કલ્યાણ કરવાને અર્થે અક્ષરધામમાંથી મુક્તે સહિત પૃથ્વી ઉપર પધારે છે ત્યારે તે સર્વે મનુષ્ય દેહે હોય તેને કેવી બુદ્ધિએ કરીને ઓળખવા જે આ પુરુષોત્તમ છે ને આ મુક્ત છે ? એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે જેમ ગોપીચંદન અને ખડીમાં ભેદ છે તથા જેમ શિંગડિયો વછનાગ અને મલિયાગરમાં ભેદ છે તથા જેમ કપૂર અને કસ્તુરીમાં ભેદ છે. તે મલિયાગર ચંદન લગારેક શરીરે ચરચે ત્યારે તત્કાળ ટાઢક થાય તેવી બીજે ચંદને ન થાય. ને કસ્તુરી જો લગારેક સૂંઘે તો તત્કાળ શરીરમાં ગરમી થાય તેવી કપૂરે ન થાય. તેમ મુક્તમાં ને પુરુષોત્તમમાં ભેદ છે, તે ભક્તમાં જે બુદ્ધિવાળો હોય તે જાણે જે આ મુક્ત છે ને આ પુરુષોત્તમ છે. ને હવે તેને જાણવાની રીત કહીએ છીએ જે પુરુષોત્તમ અહીં પધાર્યા હોય ત્યારે તે મનુષ્ય જેવા જણાય પણ સહેજે જ એવો પોતાની મૂર્તિમાં ચમત્કાર હોય જે પોતાને દર્શને કરીને, સ્પર્શે કરીને તથા દૃષ્ટિએ કરીને હજારો જીવને તત્કાળ માયા થકી મુકાવીને બ્રહ્મમાહોલમાં પહોંચાડે તથા સર્વે અવતાર પોતાની મૂર્તિને વિષે લીન થાય પણ પોતાની મૂર્તિ કોઈ અવતારને વિષે લીન ન થાય. તથા પોતાની મૂર્તિને વિષે સહેજે મનુષ્યના મનની વૃત્તિઓ તણાઈ જાય તથા પોતે આવી રીતે સાધુને વર્તાવ્યા તથા સાધુ, સત્સંગી, સાંખ્યયોગી તથા કર્મયોગીના ધર્મ કહ્યા તે ધર્મામૃત, શિક્ષાપત્રી અને નિષ્કામશુદ્ધિમાં તથા સત્સંગિજીવનમાં લખ્યા છે. તથા તેમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભગવાનના માહાત્મ્ય જ્ઞાને સહિત જે ભક્તિ તેને ઉપજ્યાના હેતુ પણ લખ્યા છે :

તે સર્વેને પૂર્વાપર વિચારે તથા તેમના રચાવેલા ગ્રંથ છે તેને જ્યારે વિચારે ત્યારે જે બુદ્ધિવાળો હોય તેને એમ જણાય જે આવી રીતનો જે ધર્મ તથા શાસ્ત્ર તેમાં બીજા અવતાર કરતાં કરોડ ગણો ફેર છે. અને તે વાતને વિચારીને એમ જણાય જે સર્વે અવતારના અવતારી મહારાજ છે. એમ જે બુદ્ધિવાળો હોય તે અવતાર-અવતારીને કળે તથા તે અવતારી જે પુરુષોત્તમ અને બીજા અવતાર તેમાં જેમ પારસમણિ અને ચિંતામણિમાં ફેર છે તેમ ફેર છે. તે અવતારમાં એટલું બળ હોય જે પોતાની મૂર્તિના સંબંધને પામે તેનું કલ્યાણ કરે અને તે સામર્થ્ય તો મોટા મોટા અવતારમાં જ હોય ને જે સાધારણ અવતાર હોય તે તો પોતે જેમ કહે તેમ કરે તેનું જ કલ્યાણ કરી શકે. ને પુરુષોત્તમ જ્યારે અહીં પધાર્યા હોય ત્યારે તો જે પોતાના સંબંધને પામ્યા હોય તે સર્વેનો મોક્ષ કરે તથા પોતાના સાધુ દ્વારે ને સત્સંગી દ્વારે પણ બીજા અવતારના જેવું કલ્યાણ કરે ને તે ભક્ત જ્યારે દેહ મેલે ત્યારે બીજા અવતારના જે મળેલા હોય તેમાં પણ જે એકાંતિક હોય તે જેવો તો તે પણ થાય ને જે પુરુષોત્તમના ખરેખરા ભક્ત ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિએ યુક્ત હોય તે તો લિંગ દેહે સહિત ત્રણ દેહનો ત્યાગ કરીને અક્ષરના સાધર્મ્યપણાને પામીને અખંડ ભગવાનની સેવામાં રહે છે. ॥ ૬૦ * ॥

અને વળી પોતે એમ વાત કરી જે જે કશ્યપ તથા મરીચિ આદિક પ્રજાપતિ છે તે ત્યારે બ્રહ્માનું ધ્યાન કરે ત્યારે તે પ્રજાને સર્જવાને અર્થે સમર્થ થાય છે. ને બ્રહ્મા છે તે જ્યારે વૈરાટનું

ધ્યાન કરે છે ત્યારે સૃષ્ટિ કરવાને સમર્થ થાય છે, ને વૈરાટ છે તે જ્યારે પ્રધાનપુરુષનું ધ્યાન કરે છે ત્યારે બ્રહ્માંડ રચવાને સમર્થ થાય છે, અને તે પ્રધાનપુરુષ છે તે જ્યારે મહાપુરુષનું ધ્યાન કરે છે ત્યારે તે અનંત કોટિ બ્રહ્માંડને સર્જવાને સમર્થ થાય છે, અને તે મહાપુરુષ છે તે જ્યારે પુરુષોત્તમનું ધ્યાન કરે છે ત્યારે તે પ્રકૃતિ દ્વારા અનંત કોટિ પ્રધાનપુરુષને ઉત્પન્ન કરીને તેને વિષે અંતર્યામીપણે કરીને રહ્યો થકો તે એક એક પ્રધાનપુરુષ દ્વારા અનંત કોટિ બ્રહ્માંડને બનાવવાને સમર્થ થાય છે. માટે જેટલો જીવ અને વૈરાટપુરુષમાં ભેદ છે, તેટલો વૈરાટ અને પ્રધાનપુરુષમાં ભેદ છે અને જેટલો વૈરાટ અને પ્રધાનપુરુષમાં ભેદ છે, તેટલો પ્રધાનપુરુષ અને મહાપુરુષમાં ભેદ છે, ને તેથી અનંતગણો મહાપુરુષ અને અક્ષરમાં ભેદ છે ને જેટલો મહાપુરુષ ને અક્ષરમાં ભેદ છે તેથી અનંતગણો ભેદ અક્ષર અને પુરુષોત્તમ જે મહારાજ તેમાં છે એમ જાણવું. ॥ ૬૧ * ॥

## ૨ મુક્તના ભેદની વાતો

જેમ સમુદ્રને વિષે જીવ રહે છે તે જે થકી મોટો હોય તે તે થકી બળે કરીને અધિક હોય, તેમ મુક્ત પણ જે જે થકી મોટા હોય તે તે થકી સામર્થ્ય, બળ તથા ઐશ્વર્યે કરીને અધિક હોય. ને દીવાથી મહાતેજ પર્યંત જે ભેદ કહ્યા છે તે સર્વે મુક્તના ભેદ કહ્યા છે તેમાં જે વીજળીના જેવા મુક્ત છે તે તો વિષયરૂપી મેઘમાં રહે તો પણ વિષય એને લોપી શકે નહિ પણ દેશકાળે કરીને ધન તથા સ્ત્રી તેને વિશે એને લોભ જેવું જણાય તથા અહંમમત્વ જેવું જણાય પણ મૂકે ત્યારે ન સાંભરે. ॥ ૬૨ ॥

ચંદ્રમા જેવા મુક્ત છે તે તો જેમ ચંદ્રમા ઊગે ત્યારે રાત્રિનું અંધારું ન રહે પણ વાદળાં આડાં આવે ત્યારે તેનો પ્રકાશ ઢંકાઈ જાય પણ સૂઝે ખરું. તેમ ચંદ્રમા જેવા મુક્ત છે તેને ગમે તેવા વિષય પ્રાપ્ત થાય તો પણ તેમાં લોભાય નહિ પણ દેશકાળે કરીને કોઈક સમે રાગ જેવું જણાય છે. પરંતુ પાછળથી તેની તેને તુચ્છતા જણાઈ જાય છે. ॥ ૬૩ ॥

સૂર્યના જેવા મુક્ત છે તે તો જેમ સૂર્ય ઊગે ત્યારે રાત્રિ ન રહે પણ વાદળાં આડાં આવે ત્યારે પ્રકાશ ઢંકાઈ જાય પણ રાત્રિ ન કહેવાય. તેમ જે સૂર્ય જેવા મુક્ત છે તેને તો સૂઝે તેવા વિષય પ્રાપ્ત થાય તથા ગમે તેટલી મોટપ મળે તો પણ તેમાં

રાગ ન થાય તથા બંધાય નહિ પણ કોઈક દેશકાળે કરીને સારપ્ય જેવું જણાય ને પછી અસત્ય થઈ જાય. ॥ ૬૪ ॥

પ્રલયકાળના અગ્નિ જેવા મુક્ત છે તે તો જેમ પ્રલયકાળે પંચભૂત તથા દેહધારી માત્રનો નાશ કરી નાખે છે અને એક પોતે અગ્નિ તથા વાયુ તથા આકાશ એ ત્રણ રહે છે, પણ બીજું કાંઈ નથી રહેતું તેમ જે પ્રલયકાળના અગ્નિ જેવા મુક્ત છે તેને તો એક પોતાનો આત્મા તથા અક્ષર તથા પુરુષોત્તમ એ ત્રણ વિના બીજું કાંઈ પંચવિષય તથા લોક, ભોગ ને સુખ તે કાંઈ ટકી શકે નહિ. ॥ ૬૫ ॥

મહાતેજ જેવા જે મુક્ત છે તેને તો કાંઈ ટકી શકે નહિ કેમ જે પ્રલયકાળનો અગ્નિ છે તેને વિષે તો રાખ પણ રહે છે અને મહાતેજને વિષે તો કાંઈ ટકી શકે નહિ. તેમ પ્રલયકાળના અગ્નિ જેવા જે મુક્ત છે તેને તો કાંઈક વિષયમાં આભાસ જેવું જણાય છે પણ જે મહાતેજ જેવા મુક્ત છે તેને તો જેમ મહાતેજના પ્રકાશમાં જીવ, માયા ને ઐશ્વર્યાર્થી એ સર્વે લીન થઈ જાય છે તેમ તેની દૃષ્ટિમાં માયાનું આવરણ કાંઈ ન રહે અને પુરુષોત્તમ તથા અક્ષર ને અક્ષરના મુક્ત તે વિના બીજું કાંઈ તેની દૃષ્ટિમાં ન આવે. તેમાં સૂર્ય જેવા તો બદ્રિકાશ્રમના મુક્ત છે અને પ્રલયકાળના અગ્નિ જેવા તો શ્વેતદ્વીપના મુક્ત છે અને મહાતેજ જેવા તો અક્ષરના મુક્ત છે. એ જે ત્રણ પ્રકારના મુક્તના ભેદ કહ્યા તે આપણા સત્સંગમાં છે અને બીજા મુક્તના ભેદ કહ્યા તે પણ સત્સંગમાં છે એમ જાણવું. એવી રીતે મુક્તની તારતમ્યતા છે તે આ વાતને પોતે

વિચારે તો પોતે જેવો હોય તેમ માલૂમ પડે. ॥ ૬૬ ॥

સાત પ્રકારના મુક્તનાં લક્ષણ તથા તેને ઓળખવાની રીત કહીએ છીએ.

(૧) આ લોકનો મુક્ત હોય તેને એમ ઓળખવો જે તેને આ લોકમાં વિખ્યાતિ કરવી તથા આ લોકમાં માન વધે એવી ક્રિયા કરવી તથા તપ કરીને ધર્મ પાળવો તથા જ્ઞાન શીખવું તથા વૈરાગ્ય શીખવો તથા સત્સંગ કરાવવો તથા વાર્તા કરવી ઈત્યાદિક જે જે ક્રિયા કરે તે આ લોકમાં વિખ્યાતિ થાય તથા આ લોકમાં કીર્તિ થાય, તથા પોતાની મોટપ વધાર્યાને અર્થે કરે પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે ન કરે જે હું આવી રીતે ધર્માદિકને દઢપણે પાળીશ તો ભગવાનનો મારી ઉપર રાજીપો થાશે. ઈત્યાદિક ભગવત્પ્રસન્નતા વિના બીજાં જે જે સાધન કરે તે કેવળ આ લોકની વિખ્યાતિને અર્થે કરે, આવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય તે પ્રકટ ભગવાનનો ઉપાસ હોય તો પણ તેને એમ જાણવો જે એ આ લોકનો મુક્ત છે.

(૨) દેવલોકના મુક્તને એમ ઓળખવો જે દેવલોકનો મુક્ત હોય તેને એવી ક્રિયા ગમે જે સારાં સારાં રમણીક પદાર્થને ભોગવવાં તથા વાજિંત્ર વજાડીને ગાવણું શીખવું તથા ગાવવું તથા ગવરાવીને સાંભળવું, તથા ભારે ભારે કાવ્યો બાંધવાં તથા ભારે રાગવાળા શ્લોક બોલવા તથા સૂક્ષ્મ વસ્ત્ર રાખવાં તથા છોકરાની સોબત રાખવી તથા બરોબરિયાની સોબત રાખવી તથા રજોગુણી મનુષ્ય સાથે હેત કરવું તથા

રજોગુણી મનુષ્યમાં માગ કરીને હેત કરવું ઇત્યાદિક જે જે ક્રિયા કહી તે ક્રિયાનું મુખ્યપણું હોય ને ભગવાનનું ગૌણપણું હોય એવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે એમ જાણવું જે આ દેવલોકનો મુક્ત છે.

(૩) વૈકુંઠના મુક્તને એમ ઓળખવો જે વૈકુંઠના મુક્તને કેવળ ધર્મ પાળવો તે ઉપર જ તેની દૃષ્ટિ હોય અને એ ભક્તને જો ભગવાન એમ કહે જે તમે એ ધર્મને મોળો પાડીને અમે કહીએ છીએ એમ વર્તો ત્યારે જો પોતના અંગમાં મળતું આવે એવું વચન હોય તો માને અને જો ધર્મથી વિરુદ્ધ વચન હોય તો તે વચનનો ત્યાગ કરે પણ ધર્મને મોળો પાડીને ભગવાનનું વચન મનાય નહિ. એવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે એમ જાણવું જે આ વૈકુંઠનો મુક્ત છે.

(૪) બદ્રિકાશ્રમનો મુક્ત હોય તેને એમ ઓળખવો જે તેને કેવળ તપ કરવું તેને વિષે રુચિ હોય. પણ તે તપને ઘસારો આવે એવી કોઈક ક્રિયા હોય ને જો તે તપને મોળું પાડીને પંડે ભગવાન કહે જે આ પ્રવૃત્તિની ક્રિયા કરો ત્યારે તે ભગવાનનું વચન પણ પોતાના અંગમાં મળતું આવે એવું હોય તો માને, અને જો પોતાના અંગને ઘસારો આવે તો પોતાનું તપનું અંગ હોય તે રાખે પણ ભગવાનનું વચન મનાય નહિ. એવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે એમ જાણવું જે આ બદ્રિકાશ્રમનો મુક્ત છે.

(૫) શ્વેતદ્વીપના મુક્તને એમ ઓળખવો જે શ્વેતદ્વીપના

મુક્તને દેહ, ઈંદ્રિયો તથા અંતઃકરણ તે થકી પ્રતિલોમપણે વર્તવું, તથા મનમાં કોઈ વિષયનો ઘાટ તથા સંકલ્પ તથા કોઈક માયિક પદાર્થનો મનમાં ઘાટ થાય ઈત્યાદિકનો મનમાં સંકલ્પ થવા ન દેવો, તથા મનમાં સંકલ્પ થાય છે તે સંકલ્પને જીતવા સારું નિરંતર જાણપણામાં વૃત્તિ રાખે ને જો તે પોતાનું અંગ મુકાવીને ભગવાન કહે જે આ પ્રવૃત્તિની ક્રિયા કરો ત્યારે તેમાં પોતાના અંગમાં મળતું આવે એવું વચન હોય તો માને અને જો પોતાના અંગને ઘસારો આવતો હોય તો તે વચન મૂકે પણ પોતાના અંગને મોળું ન પાડે, એવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે એમ જાણવું જે આ શ્વેતદ્વીપનો મુક્ત છે.

(૬) ગોલોકના મુક્તને એમ ઓળખવો જે તેને એવી જાતની ઈચ્છા હોય જે ભગવાનની ભક્તિ કરવી તથા ભગવાનને થાળ ધરવા તથા ભગવાનને અર્થે ભારે ભારે વસ્ત્ર તથા ઘરેણાં તથા ભગવાનનાં મંદિર કરાવવાં તથા ભગવાનને અર્થે ભારે ભારે બાગ બગીચા કરાવવા તથા ફરીને ગાવવું, ઈત્યાદિક ક્રિયાએ કરીને ભગવાનની ભક્તિ કરે. અને જો તેનું ભગવાન ખંડન કરીને એમ કહે જે તમારે હવે એ ક્રિયા ન કરવી અને આ અમે કહીએ છીએ એમ કરો. ત્યારે તે ભગવાન વચન કહે તો પણ મનાય નહિ અને તે ભગવાનનાં વચનનો ત્યાગ કરે પણ પોતાના અંગને ઘસારો ન લગાડે, એવાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે એમ જાણવું જે આ ગોલોકનો મુક્ત છે.

(૭) અક્ષરના મુક્તને એમ ઓળખવો જે તેને

સાધારણપણે તો પોતાને વિષે અતિ દૃઢ ધર્મ હોય તથા ભગવાનના માહાત્મ્યે સહિત અતિ પરિપક્વ જ્ઞાન હોય તથા અતિ દૃઢ વૈરાગ્ય હોય તથા ભગવાનના માહાત્મ્યે સહિત એકાંતિક ભક્તિ પોતે કરતો હોય અને જો પ્રકટ ભગવાન એમ આજ્ઞા કરે જે તમે ધર્મને તથા જ્ઞાનને તથા વૈરાગ્યને તથા ભક્તિ ઇત્યાદિક જે સાધન તેને મોળાં પાડીને આ અમે કહીએ છીએ એમ કરો, ત્યારે તે જેમ ભગવાન આજ્ઞા કરે તેમ જ વર્તે. અને વળી એમ કહે જે હે મહારાજ ! જેમ તમે કહેશો તેમ હું કરીશ. એમ કહીને તે ભગવાનના વચનને ઉત્સાહે સહિત થકો પાળે પણ તેમાં સંશય લેશ માત્ર પણ ન કરે. અને જ્યારે ભગવાનનું પરોક્ષપણું હોય ત્યારે તો ભગવાને જેમ આજ્ઞા કરી હોય તથા જેમ ભગવાનને મર્યાદા બાંધી હોય તે ધર્મમર્યાદા પ્રમાણે પોતે વર્તે પણ તેને મૂકીને લગારે પણ આડોઅવળો ચાલે નહિ, તે નિયમ પ્રમાણે જ વર્તે. આવી રીતનાં લક્ષણ જણાય, ત્યારે એમ જાણવું જે આ અક્ષરધામનો મુક્ત છે.

આ જે સાત પ્રકારના મુક્તનાં લક્ષણ કહ્યાં તે પ્રકટ ભગવાનના મળેલા તેમાં એ સાતે પ્રકારના સાધુ હોય, તે માટે મુમુક્ષુ હોય તેને આ વાતને વિચારીને હેત કરવું. અને પૂર્વે કહ્યા જે છ પ્રકારના મુક્ત તેમાંથી જો કોઈકની સાથે હેત થાય, તો જેમ પોતે સંસારરૂપી સમુદ્રને તરે છે. તેમ જે પોતા સાથે જોડાણો તેને પણ સંસારને વિષે તારે છે. પણ પૃથ્વીને દૃષ્ટાંતે જે ભગવાનની મૂર્તિ તેને વિષે ચોંટવા દે નહિ. અને અક્ષરના મુક્ત સાથે હેત કર્યું હોય તે કેમ ભગવાનમાં ચોંટાડે તો જેમ

હજાર મણનો પાણો હોય, તે ભેળો મણનો પાણો બાંધ્યો હોય તે તત્કાળ પૃથ્વીમાં ચોંટાડે તેમ અક્ષરના મુક્ત સાથે જોડાણો હોય તો ગમે તેવું આવરણ હોય તો પણ તેને તોડીને ભગવાનની મૂર્તિમાં જોડે છે. અને પૂર્વે કહ્યા જે છ પ્રકારના મુક્ત તેની સાથે જોડાણો હોય તો તે કેવી રીતે સંસારમાં તારે તો જેમ હજાર મણનું લાકડું તે ભેળો મણનો પાણો બાંધ્યો હોય તે પાણાને ઘણોય બુડવાનો સ્વભાવ છે તો પણ લાકડું પાણાને તારે છે. તેમ તેઓ પણ સંસારરૂપી સમુદ્રને વિષે તારે છે, પણ ભગવાનની મૂર્તિને વિષે ચોંટવા દે નહિ. તે માટે મુમુક્ષુએ આ વાતને વિચારીને હેત કરવું. ॥ ૬૭ ॥

ઈંદ્રથી લઈને મહાપુરુષ પર્યંત અવતાર થાય છે તેના ભક્તના ઐશ્વર્યના ભેદ કહીએ છીએ જે ઈંદ્રનો અવતાર પૃથ્વીને વિષે થયો હોય તેને જો પુરુષોત્તમ જાણીને ઉપાસના કરી હોય તો એ બહુ મોટો થાય તો દેવતા જેવો થાય. અને બ્રહ્માનો અવતાર થયો હોય તેને જો પુરુષોત્તમ જાણીને ઉપાસના કરી હોય તો પણ બહુ મોટો થાય તો ઈંદ્ર જેવો થાય. અને વૈરાટનો અવતાર થયો હોય અને તેને જો પુરુષોત્તમ જાણીને ઉપાસના કરી હોય તો પણ તેનો ભક્ત બહુ મોટો થાય તો બ્રહ્મા જેવો થાય. અને મહાવિષ્ણુનો અવતાર થયો હોય ને તેને જો પુરુષોત્તમ જાણીને ઉપાસના કરી હોય તો પણ તેનો ભક્ત બહુ મોટો થાય તો વૈરાટ જેવો થાય, પણ એથી મોટો ન થાય. અને મહાપુરુષનો અવતાર થયો હોય અને તેના ભક્તે તેને પુરુષોત્તમ જાણીને જો ઉપાસના કરી હોય તો

પણ તેનો ભક્ત બહુ મોટો થાય તો મહાવિષ્ણુ જેવો થાય છે અને પુરુષોત્તમ પંડે પધાર્યા હોય ત્યારે તે પુરુષોત્તમનો આશ્રય માત્ર કર્યો હોય અને તેને વિષયને વિષે રાગ હોય અને તે મરે ત્યારે મહાપુરુષ જેવો તો તે પણ થાય. અને એ પુરુષોત્તમ ભગવાનના ખરેખરા ભક્ત હોય તે તો દેહનો ત્યાગ કરીને અર્ચિ માર્ગે કરીને અક્ષરધામને પામે છે, અને અક્ષરના સાધર્મ્યપણાને પામે છે, અને અખંડ ભગવાનની સેવામાં રહે છે. તે પુરુષોત્તમને કેમ ઓળખવા ? તો મહાપુરુષાદિક અવતાર ધરીને આવ્યા હોય ત્યારે પોતાનું ઐશ્વર્ય હોય તેટલું જ દેખાડે પણ અધિક ન દેખાડે કેમ તો જેટલું પોતાનું ઐશ્વર્ય હોય તેટલું જ દેખાડે પણ તેઓ વધુ ક્યાંથી દેખાડે ? અને પુરુષોત્તમ પધાર્યા હોય ત્યારે તો અક્ષરધામ, તથા અનંતકોટી બીજાં ધામો તથા અનંત જે પોતાના ઐશ્વર્ય છે તે સર્વે સત્સંગી તથા કુસંગી તથા જેને જેને પોતાની મૂર્તિનો સંબંધ થયો હોય તે સર્વેને દેખાડે છે પણ પાત્ર કુપાત્રને ગણે નહિ. ॥ ૬૮ ॥

હવે એ પુરુષોત્તમને મળેલા જે ભક્ત જેને ભજ્યાની રીત કહીએ છીએ જે એક ભક્ત ભગવાનને ભજે પણ ઐશ્વર્યને પામવાની ઈચ્છા હોય. અને બીજાને એમ જે પ્રથમ આત્માને જોઈએ, અને તે પછી આત્માને વિષે ભગવાનની મૂર્તિને જોવાની ઈચ્છા હોય અને ત્રીજાને એમ વર્તે જે ભગવાનની મૂર્તિને વિષે હેત કરવું, તથા ધ્યાન કરવું તથા સ્પર્શ કરવો તેને વિષે ત્વરા વર્તે. અને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં કરતાં આત્મા દેખાય તો ભલે પણ કેવળ આત્માને

જોવાને ન ઇચ્છે. તેમાં જેને ઐશ્વર્યની ઇચ્છા હોય તે તો મહાપુરુષાદિકના ઐશ્વર્યમાં જોડાઈ જાય. અને જેને આત્માને જોવાની ઇચ્છા હોય તેને તો અક્ષર લીન કરી નાખે અને ભગવન્નિષ્ઠ તો અક્ષરનો લીન કર્યો પણ લીન થાય નહિ, તે તો ભગવાનની સેવામાં રહે છે. તેમાં કોઈક ભક્ત તો ઢોલિયો તથા તળાઈ તથા તકિયો, ચમર, ઝારી, વીંઝણો, ચાખડિયું તથા ઘોડો તથા પલાણ તથા છત્ર તે તે પદાર્થરૂપે પણ મુક્ત થાય છે. અને ભગવાન જ્યારે ચાલે છે ત્યારે મુક્ત તે આગળથી રસ્તાને બે કોરે વૃક્ષ થઈને પુષ્પ તથા ફળે સહિત ભગવાન ઉપર છાયા કરે છે. અને ભગવાન જ્યારે આગળ ચાલ્યા જાય ત્યારે પાછળથી ઊઠીને આગળ છાયા કરે છે. અને ત્યાં તપાદિક તો નથી પણ તે ભગવાનની જેવે જેવે રૂપે કરીને પોતાને સેવા થાય અને પ્રસન્નતા થાય તેવે તેવે રૂપે મુક્ત થઈને સેવે છે. ॥ ૬૯ ॥

હવે મુક્તના સુખનું તારતમ્યપણું કહીએ છીએ. તે ચાર પ્રકારના મુક્ત છે તેમાં એક તો ભગવાનનાં દર્શન કરે, અને બીજા મુક્ત છે તેનાં પણ દર્શન કરે, અને બીજા જે મુક્ત છે તે ભગવાનને મેષોન્મેષ જોઈ રહે. અને સન્મુખ બેઠા જે મુક્ત તેને પણ દેખે. તેમાં પ્રથમ કહ્યા તેથી બીજાને અનંત ગણું સુખ આવે છે. અને ત્રીજા જે મુક્ત છે તે તો કેવળ ભગવાનને જ દેખે પણ બીજા કોઈ મુક્તને ન દેખે પણ પોતાના દેહની સ્મૃતિ રહે અને તેને ભગવાનનું સુખ બીજા મુક્તના કરતાં કોટીગણું અધિક આવે. અને ચોથા જે અતિ ઉત્કૃષ્ટ

સ્થિતિવાળા મુક્ત છે તેને તો કેવળ ભગવાનની મૂર્તિ વિના કોઈ મુક્તની તથા પોતાની દેહની સ્મૃતિ ન રહે, અને તેને ભગવાનનું સુખ કેવું આવે તો જેમ ભગવાનને પોતાની મૂર્તિનું પોતાને સુખ આવે છે તેવું ભગવાનનું સુખ મુક્તને આવે છે. તે માટે તેના સુખનું વર્ણન કરવું જે આવું સુખ એને આવે છે તે તો શેષજી પર્યંત કોઈ કહેવા સમર્થ થાય એવો નથી. ॥ ૭૦ ॥

વળી અક્ષરધામનો મુક્ત હોય ને જો તે દેહ ધરીને અહીં આવ્યો હોય ને જો તે શહેરને સેવે તથા રજોગુણી મનુષ્યની ભાઈબંધી કરીને તેનો સંગ કરે તથા સારા સારા રસ જમે તો એણે કરીને એ વિષયને વિષે એ મુક્તને પણ આસક્તિ થાય તે મૂક્યા પણ ન મુકાય ને તે જો અતિ વિચાર કરીને તેનો નિષેધ કરીને મૂકે તો માંડ માંડ મુકાય પણ બીજો મુક્ત તો તે વિષયને ભોગવીને તે વિષયને મૂકવાને સમર્થ ન થાય તો બીજા જીવની વાત જ શી કહેવી ? ॥ ૭૧ ॥

મચ્છર, ગરુડજી, પતંગિયા ને મહાતેજ પર્યંત મુક્તોના ભેદ કહ્યા[૧] છે તે વાલખિલ્ય ઋષિ જેવા મુક્ત તો પૃથ્વ્યાદિક અનેક સ્થાનકને વિષે બંધાઈ રહ્યા છે એ પણ મુક્તના ભેદ છે. ॥ ૭૨ ॥

જીવનમુક્ત, વિદેહીમુક્ત ને કૈવલ્યમુક્ત એ સર્વે મુક્તના ભેદ કહ્યા છે તે મધ્યે એક કૈવલ્યમુક્તની સ્થિતિને

૧. સારંગપુરનું વચનામૃત ૧૭.

કહીએ છીએ જે જેમ પૃથ્વી જળમાં રહી છે ને બાહેર જણાય છે તો પણ જળમાં જ છે તેમ કૈવલ્યમુક્ત તો સદા પરમેશ્વરમાં જ વર્તે છે. તે શ્રુતિમાં કહ્યું છે જે अक्षरमस्य शरीरं[1] ॥ ૭૩ ॥

જે આધુનિક મુક્ત છે તે અનાદિમુક્ત જેવા થાય છે કે નથી થાતા ? ઉત્તર જે, સત્પુરુષને સંગે કરીને જો ધર્મજ્ઞાનાદિક સાધનની અતિશય પક્વતા જે કરે તે અનાદિમુક્ત જેવો જ થાય છે. ॥ ૭૪ ॥

કોઈકને તો ભજન કરવું ગમે ને કોઈને શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેવું ગમે ને કોઈકને નવધા ભક્તિ કરવી ગમે ઇત્યાદિક શ્રીજી સંબંધી ક્રિયા જુદી જુદી ગમે છે ને કોઈકને તો એ સર્વે ગમે છે તે કેમ હશે ? ઉત્તર જે, શ્રીજીમહારાજને વિષે એ ભક્ત જેવા જેવા ભાવે યુક્ત હમણાં અથવા મોરે વરત્યા હોય તેવા ગુણ એ ભક્તને વિષે આવે છે તે ઉપર ગુણાતીતાનંદ સ્વામીના ને મુક્તાનંદ સ્વામીના દૃષ્ટાંતે કરીને વાર્તા બહુ કરી. ॥ ૭૫ ॥

જીવનમુક્ત, વિદેહીમુક્ત ને કૈવલ્યમુક્ત તેમની સ્થિતિને કહે છે જે જીવનમુક્ત તો વિષયને વિષે બંધાઈ જાય ને વિદેહી મુક્ત છે તે પણ અસત્ દેશકાળાદિકે કરીને બંધાય ને કૈવલ્યમુક્ત તો તેણે કરીને પણ બંધાય જ નહિ. ॥ ૭૬ ॥

સર્વે મનુષ્યમાં તથા હરિભક્તમાં તથા એકાંતિક

૧. અર્થઃ– અક્ષર આ પરમાત્માનું શરીર છે.

ભક્તમાં શ્રીહરિજી કેમ રહ્યા છે ? ઉત્તર જે, જેમ પૃથ્વીને વિષે ડહોળાયેલ જળ તથા શુદ્ધ નિર્મળ જળ એમને વિષે સૂર્યાદિક ભાસે છે તેવા પ્રકાશ મૂર્તિમાન ને અલૌકિક સામર્થ્ય સોતા પાત્રના તારતમ્યપણે રહ્યા છે. તે વાત વેદ સ્તુતિના ગદ્યમાં કહેલ છે જે "तरतमश्चकास्यन लवत्स्वकृतानुकृतिः"[૧] એમ શ્રીજીમહારાજ સર્વને વિષે રહ્યા છે. ॥ ૭૭ ॥

નિષ્કુળાનંદ સ્વામીએ પૂછ્યું જે સર્વનું કલ્યાણ સરખું થાય છે કે નહિ ? ઉત્તર જે, જે સર્વે શ્રીજીમહારાજના નોરમાં ચાલ્યા જાય છે તેમાં પણ જે અધિક ભજન-સ્મરણ કરતા હશે તે મુક્તાનંદ સ્વામી તથા પર્વતભાઈ જેવા થાય છે. ॥ ૭૮ ॥

સમાધિવાળાને શ્રીજીમહારાજની મરજી જણાય કે નહિ ? ઉત્તર જે, શ્રીજીમહારાજની સાથે અતિશય એકત્વપણાને પામી જાય છે તેને ક્યારેક જણાય છે ને બીજાને તો ન જ જણાય ને જેને ધર્મજ્ઞાનાદિક અતિ પક્વ હોય એવો જે એકાંતિક ભક્ત છે તેને તો સદાય જણાયા કરે છે. ॥ ૭૯ ॥

બદ્રિકાશ્રમ તથા શ્વેતદીપના મુક્ત કેમ વર્તે છે ? ઉત્તર જે, બદ્રિકાશ્રમના મુક્ત તો જાણપણા રૂપ થઈને ઇંદ્રિયો અંતઃકરણને જીતે છે ને શ્વેતદ્વીપના મુક્ત તો વાસુદેવ ભગવાનનું ધ્યાન કરે છે માટે એ તો નિરન્ન કહેવાય છે કેમ જે એ તો બે શરીરની ભાવનાએ રહિત વર્તે છે ને

૧. અર્થઃ– પુરુષોત્તમ ભગવાને પોતે કરેલી નાના પ્રકારની યોનીઓને વિષે કારણપણે અંતર્યામીરૂપે પ્રવેશ કરીને અગ્નિની પેઠે ન્યૂનાધિક ભાવે પ્રકાશ કરે છે. (ભા. અ. ૭–૧૯)

આત્મસત્તારૂપ થઈને શ્રીજીમહારાજનું ધ્યાન કરીને કારણ શરીરના રાગને ટાળે છે માટે નિરન્ન કહેવાય છે ને શ્રીજીમહારાજ દયાએ કરીને એકવાર તો સર્વે હરિભક્તને દેહનો ત્યાગ કરાવીને બ્રહ્મપુરમાં લઈ જાય છે ને પોતાને વિષે પ્રીતિ પણ અતિશય કરાવે છે ને પોતાનું અલૌકિક સુખ પણ અતિશય આપે છે તે પછી જેને જ્યાં મોકલવા ઘટે તેને ત્યાં મોકલે છે. પછી તે ભક્ત એ સુખને સંભારતો થકો બીજા રાગને ટાળીને પાછો શ્રીજી પાસે આવે છે. ॥ ૮૦ ॥

બ્રહ્મપુરાદિક ધામના મુક્ત શ્રીજીમહારાજ ભેળા પૃથ્વી ઉપર આવ્યા હોય તે કેમ ઓળખ્યામાં આવે ? ઉત્તર જે, બ્રહ્મપુરના જે મુક્ત હોય તે તો ધર્મ-જ્ઞાનાદિક જે એકાંતિક ભક્તનાં લક્ષણ તેણે યુક્ત હોય ને તેમ જ વર્તતા હોય ને વાર્તા પણ તેમ જ કરે ને જે વૈકુંઠના મુક્ત હોય તેને ધર્મ પ્રધાનપણે વર્તતો હોય ને બીજું ગૌણ હોય ને જે ગોલોકના મુક્ત હોય તેને તો ભક્તિ પ્રધાન હોય ને બીજાં ગૌણ હોય ને જે શ્વેતદ્વીપના મુક્ત હોય તે તો આત્મસત્તારૂપે વર્તતા થકા શ્રીજીનું ધ્યાન કરીને કારણ શરીરના ભાવને ટાળતા હોય ને જે બદ્રિકાશ્રમના મુક્ત હોય તે તો સ્થૂલ ને સૂક્ષ્મ એ બેય દેહના ભાવને ટાળતા થકા પ્રધાનપણે ત્યાગને વિષે વર્તતા હોય ને જે સ્વર્ગલોકના હોય તેને કીર્તિ પ્રધાનપણે વર્તતી હોય ને જે આધુનિક હોય તેને વિષયની આસક્તિ પ્રધાનપણે વર્તતી હોય. ॥ ૮૧ ॥

મંડળમાં જે બખેડો થાય છે તેનું કારણ એ છે જે સરખા રુચિવાળા ન હોય માટે માંહોમાંહી સંપ રહેતો નથી ને એક

રુચિવાળા હોય છે તેમાં પણ વૈરાગ્યને ભેદે કરીને સરસ નરસ હોય છે. તે ઉપર કુટીચક, બહુદક, હંસ ને પરમહંસ તેની વિગત જે જ્ઞાન ગૌણ ને આશ્રમધર્મ મુખ્ય હોય તે કુટીચક કહેવાય. ને આશ્રમધર્મ તથા જ્ઞાન તે બે તુલ્ય હોય તે બહુદક કહેવાય. ને આશ્રમધર્મ ગૌણ ને જ્ઞાનાભ્યાસ મુખ્ય હોય તે હંસ કહેવાય. ને આત્મા પરમાત્માને સાક્ષાત્ પામ્યો હોય તે પરમહંસ કહેવાય. એમના દૃષ્ટાંતે કરીને વાત જે, કુટીચક ને જ્ઞાન ગૌણ ને આશ્રમધર્મ મુખ્ય હોય તે એમ જાણે જે બહુદક, હંસ ને પરમહંસ એ ત્રણ જે તે મારા જેવા કેમ વર્તતા નથી ? એવી અવળી જે સમજણ છે તે ખોટી છે ને જે સરસ વર્તતા હોય તે એમ જાણે જે, જે ઊતરતા હોય તે પણ મારી પેઠે વર્તે તો ઠીક તે એની સમજણ તો શ્રેષ્ઠ છે. ॥ ૮૨ ॥

એક દિવસ મોટા સંતે સાંજને સમે પોતાની જાણે દયા કરીને એમ વાર્તા કરી જે ભક્તિએ કરીને જીવનું કલ્યાણ તો થાય છે પણ ત્રણ અંગ વિના યથાર્થ હરિભક્ત થાતો નથી તે અંગ કયાં તો દાસપણું, પ્રીતિ ને આત્મનિષ્ઠા. એની વાર્તા વિસ્તારીને કરી. ને એ ત્રણ ગુણ જેને પરિપૂર્ણ હોય તે એકાંતિક ભક્ત કહેવાય છે અને એ ભક્તને ને શ્રીહરિજીને લેશ માત્ર અંતરાય રહેતો નથી ને અતિશય હેતે કરીને એક જેવું થઈ જાય છે તેથી એ ભક્તને શ્રીજીની મરજી પણ જાણ્યામાં આવે છે તે માટે તેમની મરજી પ્રમાણે જ વર્તે છે ને કોઈક વાત ન જણાય તો તેને શ્રીજીમહારાજ પોતે જણાવી દે છે. જેમ બે મિત્ર હોય તેમને કોઈ પ્રકારનો અંતરાય રહેતો

નથી ને એક જેવા થઈ જાય છે. તેમ પરમેશ્વરને ને એકાંતિક ભક્તને પણ એક જેવું થઈ જાય છે ને તે પૂર્ણ ભક્ત કહેવાય છે. ॥ ૮૩ ॥

ભક્તનો ભગવાનમાં પ્રવેશ થાય છે એ મધ્યનું ૩૮મું વચનામૃત જ્યારે વંચાવ્યું ત્યારે સોમલા ખાચરે કહ્યું જે દેહ મૂકીને પ્રવેશ થાતો હશે ? કે દેહ છતે પ્રવેશ થાતો હશે ? ઉત્તર જે, દેહ છતે પણ પ્રવેશ થાય છે કેમ જે જેનો જેને વિષે અતિશય સ્નેહ હોય તેનો તેને વિષે પ્રવેશ કહેવાય છે. ॥ ૮૪ ॥

આજે વર્તમાન કાળે જે પરમ એકાંતિક ભક્ત હોય તેમને પુરુષોત્તમ ભગવાન બ્રહ્મપુરના ભક્તોની પેઠે દર્શન દેતા હશે ? ત્યારે મોટા સંત કહે જે, આ પૃથ્વીને વિષે જે પરમ એકાંતિક ભક્ત હોય તેમને બ્રહ્મપુરના મુક્તોની પેઠે જ દર્શન આપે છે ને તે સાથે વાર્તા પણ કરે છે ને કોઈ ક્રિયા ભક્તને ન આવડે તો તે ભક્તને શીખવી પણ દે છે ને તે ભક્તને કોઈક વાત પૂછવી હોય તો પૂછી લે છે. એમ તે ભક્તને અતિ સાધર્મ્યપણું વર્તે છે ને જેમ અતિ હેતવાળા બે મિત્ર હોય તેને જેમ કોઈ વાતનો અંતરાય રહેતો નથી તેમ એ ભક્ત પણ શ્રીજીમહારાજને વિષે અતિશય સ્નેહે કરીને જોડાઈ જાય છે માટે કોઈ રીતનો અંતરાય રહેતો નથી. ને આજના મુક્તોની સામર્થી તો જુઓ જે સંતદાસજી બદ્રિકાશ્રમમાં જઈને આવ્યા. ને સચ્ચિદાનંદ સ્વામીને બેડી તથા તાળાં તથા ભીંત તથા નદી ને ગઢ ને કિલ્લો આદિ કોઈ આવરણ જ થયા નહિ. ને રતના

ભક્તને પણ તાળાં ને ભીંત આડ કરી શક્યાં નહિ ને વિશ્રામ ભક્ત સુતારના સંકલ્પે કરીને લાખો કીડીઓના જીવ દેવતાના રૂપને ધરીને વિમાનમાં બેસીને દેવલોકને પામ્યા તે અવતાર અવતારીના સંકલ્પમાં પણ ન્યૂન-અધિકપણું અતિશય છે જે અવતારીના મુક્ત તો સંકલ્પ કરે તે માત્રમાં તે ક્રિયા સિદ્ધ થાય છે ને અવતાર છે તે તો સંકલ્પ કરીને તે ક્રિયામાં પોતે ભળે ત્યારે સિદ્ધ થાય. એવી અનેક પ્રકારની વાર્તા સત્સંગમાં છે. ॥ ૮૫ ॥

અક્ષર તો સર્વે ઠેકાણે છે તેમાં પુરુષોત્તમ ભગવાન ક્યાં રહેતા હશે ? ઉત્તર જે, પુરુષોત્તમ ભગવાન પોતાના એકાંતિક ભક્તમાં રહે છે ને તે ભક્ત પણ અનંત છે માટે તેમને મધ્યે જે અતિ ઉત્તમ ભક્ત હોય તેમાં મૂળ સ્વરૂપે રહે છે જેમ રાસરમણમાં શ્રી શ્યામાજી પાસે મૂળ રૂપે રહેતા તેમ રહે છે. ॥ ૮૬ ॥

ભગવાનના ભક્ત કેવા હોય તે કેવા ધામને પામે છે ? ઉત્તર જે, ભગવાનની દૃઢ ઉપાસના ને એકાંતિક ધર્મ એ બે જેમાં સંપૂર્ણ હોય તે તો દેહ મૂક્યા પછી અક્ષરધામને પામે છે. ને ધર્મને વિષે કસર હોય તો મૂળપુરુષને પામે છે ને એથી વધુ સવાસનિક હોય તો પ્રધાનપુરુષને તથા વૈરાજપુરુષાદિકને પામે છે ને જેને એ બેમાં કસર હોય તે બ્રહ્માદિક દેવ જેવો થાય ને ગુણબુદ્ધિવાળો હોય ને સાધુની સેવાચાકરી કરતો હોય તે તો ઇંદ્ર જેવો થાય કેમ જે સારંગપુરના ૧૧મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, પાંચ સાધને કરીને સંપૂર્ણ હોય તે

તો અક્ષરધામને પામે ને કોઈ અંગમાં ન્યૂનતા હોય તો એ વિના બીજા ભગવાનના ધામને પામે, ને અતિ સવાસનિક હોય તે દેવલોકાદિકને પામે. ॥ ૮૭ ॥

અને પૂછ્યું જે ઉપાસના ને ધર્મ બેય સરસ હોય, ધર્મ ન્યૂન ને ઉપાસના સરસ હોય, ઉપાસના ન્યૂન ને ધર્મ સરસ હોય ને બેય ન્યૂન હોય એ ચાર પ્રકારના ભક્તની પ્રાપ્તિ કહો. તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે ઉપાસના અને ધર્મ જો સંપૂર્ણ હોય તો તે અક્ષરધામને પામે; ને ધર્મ ન્યૂન હોય તો પ્રકૃતિપુરુષના ધામની પ્રાપ્તિ થાય; ને ધર્મનિષ્ઠા અધિક હોય તો ઋષિના લોકની પ્રાપ્તિ થાય; ને બેયમાં કસર હોય તો બ્રહ્માદિક ત્રણ દેવના ધામની પ્રાપ્તિ થાય. અને જો ઉપાસના તો હોય પણ અક્ષરનો મહિમા અધિક સમજતો હોય તો તે ભક્ત અક્ષરમાં લીન થાય છે. ॥ ૮૮ * ॥

અને મુક્તની તારતમ્યતાના ભેદ કહ્યા જે અનંતકોટિ વૈરાજપુરુષનું તેજ ભેળું કરીએ ત્યારે મહાવિષ્ણુના એક રોમના કોટિમા ભાગની બરોબર થાય અને એવા અનંતકોટિ મહાવિષ્ણુનું તેજ ભેળું કરીએ તે મહાપુરુષના એક રોમના કોટિમા ભાગમાં લીન થાય છે. અને એવા અનંતકોટિ મહાપુરુષનું તેજ ભેળું કરીએ તે અક્ષરના જે સાધારણ મુક્ત તેના એક રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય છે. અને એવા અનંતકોટિ મુક્તનું તેજ ભેળું કરીએ તે અક્ષરને વિષે રહ્યા જે મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા મુક્ત તેના એક રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય છે. અને એવા અનંત કોટિ

મુક્તનું તેજ ભેળું કરીએ તે અક્ષરના જે મહામુક્ત છે તેના એક રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય છે અને એ સર્વે જે અક્ષર મુક્ત તે સર્વેનું તેજ ભેળું કરીએ તે અક્ષરના એક રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય છે અને એવા અનંત કોટિ અક્ષરનું તેજ ભેળું કરીએ તે પુરુષોત્તમનારાયણના એક રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય છે, તે પુરુષોત્તમનારાયણ તે ભક્તિધર્મના પુત્ર શ્રી હરિકૃષ્ણજી મહારાજ આ પ્રગટ પ્રમાણ છે એમ જાણવું ॥ ૮૯ * ॥

અને પુરુષોત્તમ ભગવાન પોતે મળ્યા પછી પણ મુક્તમાં ભેદ કેમ રહે છે ? તો તેનું કારણ એ છે જે જેને જેવા જ્ઞાનવાળો વક્તા મળે છે તે તેવા જ્ઞાનને પામે છે. અને જેને ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો વક્તા મળ્યો હોય ને તે થકી જે જ્ઞાનને પામ્યા હોય તેને આવી રીતે જે પુરુષોત્તમ ભગવાનના સ્વરૂપને યથાર્થ જાણ્યામાં ફેર રહે છે તેનું કારણ એ છે જે તેના પૂર્વજન્મના બીજબળમાં ઉત્તમ, મધ્યમ કે કનિષ્ઠ એવો ભેદ છે. માટે જે મંદ બીજવાળો હોય તે બીજા અવતારને પુરુષોત્તમ જાણે; ને મધ્યમ બીજબળ જેને હોય તે અવતાર-અવતારીને જાણે તો ખરો પણ યથાર્થ જેમ છે તેમ ન જણાય, કિંચિત ફેર રહે; ને ઉત્તમ બીજબળ જેને હોય તે તો ઉત્કૃષ્ટ વક્તાને પામીને જેવા પુરુષોત્તમ છે તેવા જાણે માટે ઉત્કૃષ્ટ જ્ઞાન જેને હોય એવા જે મોટા એકાંતિક સાધુ તેનો જેને સંગ છે તેને જે ફેર રહે છે તેને બીજબળમાં ફેર છે એમ જાણવું. ॥ ૯૦ * ॥

## ૩ પ્રતિલોમપણે ધ્યાનની વાતો

જીવમાં પંચવિષયરૂપી રાગ રહ્યા છે તે ક્યારે ટળે તો જ્યારે આત્મસત્તારૂપ થઈને વારંવાર પ્રતિલોમ દૃષ્ટિ કરે તથા ભગવાનની મૂર્તિને વારંવાર ધારે. તે કેમ ધારે તો જાણીએ ભગવાન આગળ ચાલ્યા આવે છે તે ભગવાનની મૂર્તિને ત્વચાએ કરીને સ્પર્શ કરતે કરતે દેહને સાંખ્ય વિચારે કરીને ખોટો કરતો જાય અને ભગવાનની મૂર્તિને જીવમાં ધારે. પછી એમને એમ ધારતે ધારેત જ્યારે દેહના ભાવ ખોટા થઈને કેવળ  જીવમાં ભગવાનની મૂર્તિ રહે ત્યારે વળી તે મૂર્તિને બહાર લાવે. પછી જાણીએ ભગવાન ભારે ભારે શણગાર પહેરીને આગળ સામા ચાલ્યા આવે છે. પછી તે ભગવાનને નેત્રે કરીને દર્શન કરતે કરતે મૂર્તિને પ્રતિલોમપણે કરીને જીવમાં ઉતારતે જાવું. અને દેહના તથા ઇંદ્રિયોના ભાવને ખોટા કરતે જાવું. પછી જ્યારે કેવળ જીવમાં ભગવાનની મૂર્તિ જ રહે પણ બીજો કોઈ આકાર ન રહે, ત્યારે વળી તે મૂર્તિને બહારે લાવે. પછી જાણીએ ભગવાન ગાતા ગાતા ચાલ્યા આવે છે. પછી શ્રવણ ઇંદ્રિયની વૃત્તિદ્વારે મૂર્તિ જીવમાં ઉતારતા જાવું અને દેહ ઇંદ્રિયોના ભાવને ખોટા કરતે કરતે જ્યારે જીવમાં ભગવાનની મૂર્તિ જ રહે છે ત્યારે વળી તે મૂર્તિને બાહેર લાવે. પછી જાણીએ ભારે અત્તર, ચંદનાદિકની સુગંધીએ યુક્ત થકા

ચાલ્યા આવે છે. પછી નાસિકા ઇંદ્રિય દ્વારા એ ભગવાનનો સુગંધ લેતે જાવું ને દેહ ઇંદ્રિયોના ભાવને ખોટા કરતે જાવું. પછી જ્યારે માયાના ભાવમાત્ર ટળી જાય અને સત્તામાત્ર જે જીવ તેમાં ભગવાનની મૂર્તિ રહે ત્યારે ઇંદ્રિયોને ખોટા કરતે કરતે કેવળ સત્તામાત્ર જીવાત્મા તેમાં ભગવાનની મૂર્તિ જ રહે છે પણ બીજો કોઈ પંચવિષય સંબંધી ઘાટ ન થાય, પણ બીજો કોઈ એવો ઉપાય નથી, ત્યારે તે જે કેવળ જીવાત્મા તેમાં ભગવાનની મૂર્તિને જોઈ રહેવું. પછી એમ માનવું જે મારો જીવાત્મા છે તે જ અક્ષરબ્રહ્મ છે. કેમ જે અક્ષરમાં પુરુષોત્તમ ભગવાન રહ્યા છે તેના તે જ મારા જીવાત્માને વિષે રહ્યા છે. એમને એમ પંચ ઇંદ્રિયો તથા ચાર અંતઃકરણ સંબંધી જે ભાવ તેને ખોટા કરતા જાવું, એમ વારંવાર લોમ પ્રતિલોમપણે કરીને જીવમાં ભગવાનની મૂર્તિને ધારે ત્યારે જીવમાં રાગ રહ્યા છે તે ટળે પણ તે વિના બીજા કોટિ ઉપાય કરે તો ય પણ જીવમાં રાગ છે તે ન ટળે. તે સમાધિનિષ્ઠ હોય તથા જ્ઞાની હોય તથા વિચારવાન હોય તો ય પણ જીવમાંથી રાગ ન ટળે. જીવમાંથી તો જ્યારે પૂર્વે કહ્યું તેવી રીતે વારંવાર લોમ પ્રતિલોમપણે કરીને જીવમાં ભગવાનની મૂર્તિને જોઈ રહે તો જીવમાં પંચવિષયની વાસના છે તે ટળે ને જો ધ્યાનનો ઉપાય કહ્યો એમ ન કરે તો જીવમાંથી રાગ ન ટળે. માટે લિંગ દેહને ટાળવાનો એ જ ઉપાય છે. ॥ ૯૧ ॥

શ્રીજીમહારાજની મૂર્તિને દૃષ્ટિ આગળ ધારીને ઇંદ્રિયો દ્વારે કરીને અંતરમાં ઉતારવી ને આત્મસત્તારૂપે રહીને મૂર્તિ

સામું જોઈ રહેવું એમ કર્યા કરે તો ઇંદ્રિયોમાંથી રાગ ઓછા થઈ જાય છે ને એમ વર્ત્યા વિના તો ધર્મને વિષે રહીને વિષયને ભોગવતો હોય પણ વિષયને મૂકી શકે નહિ ને જે શ્રીજીમહારાજની મૂર્તિને દૃષ્ટિ આગળ ધ્યાને કરીને ધારીને ઇંદ્રિયોમાંથી વિષયના રાગને ટાળતો હોય તે તો મૂકી દે કેમ જે તેની ઇંદ્રિયોની વૃત્તિ કોમળ હોય છે તેને જેમ ફેરવે તેમ ફરે છે. જેમ નાનો વડનો વૃક્ષ હોય તેને જેમ મરડે તેમ મરડાઈ જાય છે પણ બહુ મૂળ ઘાલેલ ને અતિ વિસ્તારવાન જે વડ હોય તે મરડ્યો મરડાય નહિ. માટે પુરુષ પ્રયત્ને કરીને પ્રતિલોમપણે વર્ત્યાનો આગ્રહ રાખવો. ॥ ૯૨ ॥

૪

# દૃષ્ટામાં ધ્યાનની વાતો

લાધા ઠક્કરે પ્રશ્ન પૂછ્યો જે હે મહારાજ ! અસદ્ પદાર્થને વિષે વાસના બંધાણી છે તે કેમ ટળે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે ભગવાનની મૂર્તિ મોઢા આગળ ધારીને ભજન કરે ત્યારે તેને વાસનાનું બળ મટે નહિ અને જ્યારે ભજનનો કરનારો જે દૃષ્ટા તેને વિષે મૂર્તિને ધારે ત્યારે વાસનાનું જોર નાશ થઈ જાય. જેમ પંખીનું કાચું ઈંડું હોય અને તે ફૂટે ત્યારે પાણી હોય પણ કંઈ આકાર રહે નહિ અને ઈંડું પાકું હોય અને ફૂટે ત્યારે તેમાંથી બચ્ચું નીસરે તેનો આકાર ટળે નહિ તેમ જે દૃષ્ટામાં મૂર્તિ ધારે તેનો ઘાટ તે કાચા ઈંડા સરખો તેનો આકાર રહે નહિ અને જો બાહેર મૂર્તિ ધારે ત્યારે તેનો ઘાટ તે પાકા ઈંડા સરખો તેનો આકાર મટે નહિ. માટે એમ સમજવું જે દૃષ્ટારૂપ જે અક્ષરધામ તેમાં ભગવાન સદાય રહે છે અને બાહ્ય જે દર્શન આપે છે તે તો ભક્તના ઉપદેશને અર્થે છે પણ ભગવાન રહ્યા તો દૃષ્ટાને વિષે જ છે એવી રીતે સમજે તેની વૃત્તિ અખંડ ભગવાનમાં રહે છે. જેમ વરકન્યા હોય તેનાં માવતર તો જુદા જુદા ગામમાં રહેતાં હોય પણ એ બે જણની સુરતી પરસ્પર હેતે કરીને પ્રોવાઈ રહે છે તે સર્વે ધંધો કરે પણ પુરુષને એમ સ્મૃતિ રહે જે મારી સ્ત્રી ફલાણે ગામ રહે છે અને સ્ત્રીને પણ એમ સ્મૃતિ રહે છે જે મારો પતિ ફલાણે ગામ રહે છે તેમ એ

ભક્ત છે તે એમ જાણે જે મારા પતિ એવા જે ભગવાન તે દૃષ્ટાને વિષે રહ્યા છે તો તે ભક્તની વૃત્તિ અખંડ ભગવાનમાં રહે છે અને સર્વે વાસના નાશ થઈ જાય છે. ॥ ૯૩ ॥

પછી શુકમુનિએ પૂછ્યું જે બાહ્ય મૂર્તિ ધારે તેના ઘાટનો આકાર બંધાય છે અને દૃષ્ટામાં મૂર્તિ ધારે તેના ઘાટનો આકાર નથી બંધાતો તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે બાહ્ય મૂર્તિ ધારે છે તે તો એ ભક્તને ભગવાનને વિષે મનુષ્યપણાનો ભાવ છે અને દૃષ્ટાને વિષે મૂર્તિ ધારે છે ત્યારે મનુષ્યપણાનો ભાવ નથી આવતો એ હેતુ છે. પછી શુકમુનિએ પૂછ્યું જે જેને દૃષ્ટાને વિષે ને બ્રાહ્યપણે મનુષ્યપણાનો ભાવ આવતો ન હોય તેને કેમ કરવું ? પછી શ્રીજી બોલ્યા જે જેને કોઈ રીતે ભગવાનમાં મનુષ્યભાવ ન આવતો હોય તે ભક્ત તો અતિશય બળિયો છે માટે તે તો બાહ્ય ધારે તથા દૃષ્ટામાં ધારે તે બેય બરાબર છે. ॥ ૯૪ ॥

વિષયમાં રાગ છે તે ત્યારે ટળે જ્યારે ઇંદ્રિયો-અંતઃકરણ એ સર્વેનો નિષેધ કરીને આત્મસત્તારૂપે થઈને જીવમાં ભગવાનની મૂર્તિને ધારે તો ધીરે ધીરે એ રાગ ટળી જાય પણ તે વિના ટળે નહિ. તે ઉપર વિજ્ઞાનદાસજીને વાત કરી જે તમે બહાર મૂર્તિનું ધ્યાન કરતા ત્યારે વિષયમાં રાગ હતો અને જ્યારે જીવમાં ધ્યાન કરવવા માંડ્યું ત્યારે રાગ માત્ર ટળી ગયા. ॥ ૯૫ ॥

માવે ભક્તે પૂછ્યું જે કરી રહ્યા તે કેમ જણાય ?

ત્યારે કહ્યું જે આત્મામાં પરમાત્માને અખંડ જોઈ રહે ત્યારે કાંઈ કરવું ન રહ્યું એમ જાણવું ॥ ૯૬ ॥

## ૫ ઉપાસનાની વાતો

નિરંતર ભગવાનનો સંબંધ રાખવો પણ તેમાં જો કાંઈક અંતરાય આવે તો પણ જે અંતરાયનો રોક્યો રોકાય નહિ ને નિરંતર ભગવાનનું સમીપપણું રાખે તેને ઉપાસના કહીએ. ॥ ૯૭ ॥

દૃઢ ઉપાસનાનું શું રૂપ ? (૧) સ્થાનકને ઓળખે. તે જે સ્થાનકને વિષે શ્રીજીમહારાજે પોતાનું કરીને ઘણાં વર્ષ સુધી નિવાસ કર્યો હોય તેનું કોઈ ઘસાતું બોલે તો ખમી શકે નહિ ને જેમ છે તેમ યથાર્થ ઉત્તર કરે ને આજ્ઞાએ કરીને બીજે ઠેકાણે રહેતો હોય તો પણ ત્યાં હેત વધુ રાખ્યા કરે ને તેનો યશ ગાયા કરે ને સંભાર્યા કરે. (૨) શ્રીજીમહારાજ છે તે તો સર્વના કર્તા છે ને સર્વેના નિયંતા છે ને સર્વેને સુખના આપનારા છે ને સર્વેના અંતર્યામી છે એવા એ જે શ્રીજી તે જે તે સત્સંગને વિષે કોઈક મોટો વિક્ષેપ જો આવી પડ્યો હોય તો તેને ટાળવાને અર્થે કોઈક હરિભક્ત દ્વારા વાર્તા કરીને તેને ટળાવી નાખે ને સંપ કરાવી દે તો તેને સત્ય જાણવું. જેમ શુકજી સર્વે વૃક્ષ રૂપે બોલ્યા તે સત્ય મનાય છે તેમ માનવું. (૩) શ્રીજીમહારાજ તો યોગેશ્વર છે ને સર્વે વિદ્યાના ને સર્વે કળાના નિધિ છે માટે એમના ઐશ્વર્યને વિષે શંકા જ નથી અને જે ઐશ્વર્યવાળા શુકજી આદિ યોગી છે તેમનું ધ્યાન થાય નહિ ને ધ્યાન તો એક

પ્રત્યક્ષ મૂર્તિ શ્રીહરિજીનું જ થાય. એમ શ્રીજીમહારાજને મહિમા સોતા યથાર્થ સમજે ને તેમના એકાંતિક ભક્તને ઓળખે ને એમનો વિશ્વાસપૂર્વક મન, વચન, કર્મે કરીને સમાગમ કર્યા કરે એ ત્રણ પ્રકારની સમજણ ને અતિશય દૃઢતા તેણે કરીને ઉપાસના પક્વ થાય છે. ॥ ૯૮ ॥

ગમતું, દાસપણું, ઉપાસના એ ત્રણને વિષે કેટલો ફેર છે ? ઉત્તર જે, ઉપાસના છે તે તો અંગી છે ને બીજાં બે તો અંગ છે માટે ઉપાસના જો દૃઢપણે ન હોય તો ગમતું ને દાસપણું તો બીજાનું કરવા માંડે માટે ઉપાસના તો અતિ શ્રેષ્ઠ જોઈએ ને શ્રીજીમહારાજનું ગમતું જો યથાર્થપણે જે કરે તે તો બહુ મોટ્યપને પામે છે. અને જાનકીજીને એ પ્રમાણે વર્તવાથી ભક્તપણામાં કોઈ જાતની કસર રહી નહિ. ॥ ૯૯ ॥

ઉપાસનાની પક્વ અપક્વપણાની વાર્તા હનુમાનજી ને સુદર્શન ચક્ર તથા ગરુડજીના દૃષ્ટાંતે[૧] કરીને વાર્તા કરી તેમાં ગરુડજીની ઉપાસના અપક્વ જાણવી. ॥ ૧૦૦ ॥

૧. જુઓ પરિશિષ્ટ

## ૬ શ્રીજીના મહિમાની વાતો

સ્વામીશ્રીએ શ્રીહરિના મહિમાની વાત કરી જે જેમ સોનામહોર મૂકી હોય ને તેને બે પડખે બે કાંકરા મૂક્યા હોય તે એક ધોળો હોય ને એક કાળો હોય તેમાં સોનામહોરને મૂકીને બે કાંકરાને વિષે મન લોભાય નહિ. તેમ શ્રીહરિજીનો મહિમા સત્પુરુષને યોગે કરીને યથાર્થ સમજાણો હોય, તથા આત્મારૂપે વર્તતો હોય તો માયિકભાવને વિષે સુખબુદ્ધિએ કરીને બંધાય નહિ ને નાશવંત ને દુઃખરૂપ જ જણાયા કરે. ॥ **૧૦૧** ॥

ગોલોક, વૈકુંઠ ને બ્રહ્મપુર—વિષે જેવા ઐશ્વર્ય, પાર્ષદ ને શક્તિએ યુક્ત શ્રીજીમહારાજ છે, તેવા ને તેવા જ પૃથ્વીને વિષે છે. ને જેવા પૃથ્વીને વિષે છે તેવા ને તેવા જ બ્રહ્મપુરને વિષે છે[૧], એવી રીતે મનુષ્યભાવનો ને દિવ્યભાવનો મહિમા વિશ્વાસે સહિત યથાર્થપણે સત્પુરુષને પ્રસંગે કરીને શીખવો. ને પોતાના જીવાત્માને અક્ષરબ્રહ્મ સંગાથે એકતા સમજવી કેમ કે, જો પાયો કાચો હોય તો તે ઉપર ઈમારત થાય નહિ ને જેટલી સમજવામાં કાચપ રહેશે તેટલી દેહ મૂક્યા પછી પણ નડશે તે વાત સત્ય છે. ॥ **૧૦૨** ॥

જેને શ્રીહરિજીનો મહિમા યથાર્થ સમજાય છે તેને તો

૧. આની સ્પષ્ટતા પાન : ૫૯, વાત : ૧૦૯(૩)માં કરેલી છે.

આવી સ્થિતિ થાય છે જેમ વૈકુંઠનાથના માહાત્મ્યે કરીને સનકાદિકનું ચિત્ત ક્ષોભ પામી ગયું કે'તા અક્ષર સ્થિતિમાંથી બાહેર નીસરી ગયું એટલે ભગવાનની મૂર્તિમાં સંલગ્ન થઈ ગયું ને ખબર રહી નહિ ને જેમ રાંકને ઇંદ્ર પદવી આવે ને તેને જેમ આશ્ચર્ય થાય છે એમ વર્તાય ત્યારે જાણીએ જે શ્રીહરિજીનો મહિમા સમજાણો છે. ॥ ૧૦૩ ॥

માવા ભક્તે પ્રશ્ન પૂછ્યો જે રામચંદ્રજી ભગવાન જે તે રાવણને મારીને સીતાજીને લાવવા સારુ લંકામાં જ્યારે ગયા હતા ત્યારે ત્યાં રાક્ષસે નાગપાશે કરીને રામચંદ્રજી ભગવાનને બાંધ્યા ત્યારે ત્યાં ગરુડજી આવ્યા ત્યારે સર્વે નાગ જે તે રામચંદ્રજીનો ત્યાગ કરીને ભાગી ગયા ત્યારે ગરુડજીને સંશય થયો જે આ રામચંદ્રજી તો ભગવાન છે ને આમ કેમ હશે ? એવી રીતે ગરુડજીને સંશય કેમ થયો ? ઉત્તર જે, ગરુડજી તો ભગવાનના પાર્ષદ છે તો પણ એમણે ભગવાનના દિવ્યભાવને તથા મનુષ્યભાવને નક્કી સમજીને દૃઢ ઠરાવ કર્યો નહોતો માટે એમને સંશય થયો. ત્યારે તે ભક્તે કહ્યું જે એ બે ભાવનો દૃઢ ઠરાવ કેમ કરવો ? ઉત્તર જે, મનુષ્યભાવ છે તેને તો આપણે સર્વ દેખીએ છીએ તેને વિષે દિવ્યભાવ સમજવો જે એ મનુષ્યરૂપ મૂર્તિને વિષે કેટલાકને તો પ્રકાશ જણાય છે ને કેટલાકને તો મહારાજ કાઠીના અસ્વાર સોતા હરિભક્તને તેડવા આવે છે એમ જણાય છે. માટે કાઠીને દિવ્યરૂપ કરી દીધા ને કોઈક ભક્તને વિષે તો ચોવીસ અવતારને લીન કરાવી દે છે ને કોઈક ભક્ત એવી ઇચ્છા કરે જે એ ચોવીસ

અવતાર કેવા હશે તો તેને તત્કાળ એમનાં દર્શન કરાવી દે છે ને જે અવતાર છે તે તો જે પોતાના દૃઢ ભક્ત હોય તેને પણ અક્ષરધામનાં દર્શન ક્યારેક કરાવે છે ને જે અવતારી શ્રીહરિજી મહારાજ છે તે તો જેવા તેવા હજારો પ્રાકૃત મનુષ્યોને અક્ષરધામનાં દર્શન વારંવાર કરાવે છે ને અંતકાળે પોતાના ભક્તને તેડવા આવે છે ને વળી યવન તથા જૈનાદિકને પણ એમના ઈષ્ટદેવનાં દર્શન કરાવી દે છે ને તેમના ઈષ્ટદેવ જે તે પોતપોતાના સેવકને એમ વાર્તા કરે છે જે પરમેશ્વર તો આ સ્વામિનારાયણ છે ને અમે સર્વે તો એમના સેવક છીએ એવી અનેક પ્રકારની અલૌકિક ને દિવ્ય સામર્થી સત્સંગને વિષે જોઈને મનુષ્યભાવ ને દિવ્યભાવ તે એક જ છે એવો ઠરાવ અતિશય નિશ્ચળ કરવો. ॥ ૧૦૪ ॥

પરોક્ષ વાતને પ્રત્યક્ષ જેવી કેમ કરીએ તો થાય ? ઉત્તર જે, જેમ દશ વીશ પ્રામાણિક મનુષ્ય હોય ને તે પણ સમીપ સંબંધી હોય તે સર્વે એમ કહે જે આ વાર્તા તો એમ જ છે ને પરમ સત્ય છે તો તે વાત સત્ય મનાઈ જાય પણ લગારે સંશય રહે જ નહિ તેમ મોટા પુરુષ કહે જે શ્રીજીમહારાજ જેવા બ્રહ્મપુરને વિષે ઐશ્વર્ય, પાર્ષદ ને સામર્થી સોતા બિરાજે છે તેવા ને તેવા જ આ પૃથ્વી પર વિચરે છે ને તે મનુષ્યરૂપને વિષે એવી ને એવી સામર્થી સો એ સો ને હજારો જીવને દેખાઈ આવે છે ને તે કહે છે પણ ખરા એટલે પ્રત્યક્ષ થયા ને પરોક્ષ રહ્યા નહિ એવું જે શ્રીહરિના સ્વરૂપ સંબંધી જ્ઞાન ને એકાંતિકની પરંપરાએ કરીને પમાય છે એમ જાણવું. તે ઉપર

સર્પના દૃષ્ટાંતે[1] કરીને વાત કરી. **॥ ૧૦૫ ॥**

આત્મા ને ભગવાનના મહિમાને કેમ જાણવો ? ઉત્તર જે, આત્માને એમ જાણવો જે ચોર્યાશી લાખ જાતના દેહ ધાર્યા પણ ક્યાંય મર્યો નથી ને જેવો છે તેવો જ રહ્યો છે માટે અજર, અમર છે ને અછેદ્ય, અભેદ્યાદિક જે લક્ષણે કરીને જીવસત્તાને જાણવો. ને પુરુષોત્તમ ભગવાનનો મહિમા તો એમ સમજવો જે જેની બીકે કરીને સમુદ્ર ચોસઠ ગાઉ ઊંચો જળને ધરી રહ્યો છે ને જેની બીકે કરીને વાયુ પણ નિરંતર વાય છે ને એ ભગવાન જળના બિંદુમાંથી આવી કાયા કરી આપે છે એવી જાતનો મહિમા અપાર રહ્યો છે એમ પુરુષોત્તમ ભગવાનને સમજવા. **॥ ૧૦૬ ॥**

અને એ શ્રીજીમહારાજની નજરમાં આવે તો અનંતકોટી મુક્ત તથા અક્ષર એ સર્વેની સેવાને અંગીકાર કરતા થકા બિરાજમાન રહે અને એ શ્રીજીમહારાજની નજરમાં આવે તો એ અક્ષરને પોતાને વિષે લીન કરીને અનંતકોટિ મુક્તને પોતાના ઐશ્વર્યે કરીને ધારીને તે મુક્તની સેવાને અંગીકાર કરતા થકા બિરાજમાન રહે છે. અને તે શ્રીજીમહારાજની નજરમાં આવે તો મુક્તે સહિત અક્ષરને પણ પોતાને વિષે લીન કરીને પોતે એકલા જ સ્વરાટ થકા બિરાજમાન રહે છે. અને જો એ શ્રીજીમહારાજની નજરમાં આવે તો એ અક્ષરે સહિત મુક્તની સેવાને અંગીકાર કરતા થકા ને તેમને આનંદ ઉપજાવતા થકા તેમની ભક્તિને અંગીકાર કરે છે. આવી રીતે

૧. જુઓ પરિશિષ્ટ.

શ્રીજીમહારાજના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરવો. ॥ ૧૦૭ * ॥

અને સ્વામીએ કૃપા કરીને વાત કરી જે ભગવાન પૃથ્વી ઉપર બિરાજતા હોય ત્યારે જો કોઈકને કાંઈક વર્તમાનમાં ફેર રહ્યો, પડ્યો હોય ને જો દીન થઈને સ્તુતિ કરીને ભગવાનને કહે તો તત્કાળ ભગવાન રાજી થાય ને તે જેમ કહે તેમ કરે તો અતિ શુદ્ધ થાય. ને ભગવાન અંતર્ધ્યાન થયા પછી તો શાસ્ત્ર પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરે તો યે પૂર્વે કહ્યો તેવો શુદ્ધ ન થાય. તથા ભગવાન પ્રગટ બિરાજતા હોય ત્યારે તો સૂઝે તેવો પાપી હોય ને તે જો ભગવાનને ભાવે તથા અભાવે કાંઈ આલે તે દયા કરીને પોતે ગ્રહણ કરે. તથા ભગવાન લગારેક કોઈકને કામ બતાવે ને તે જો કરે તો તેટલામાં પોતે રાજી થાય તથા જે જે સેવા કરે તે અંગીકાર કરે તથા કોઈ અન્ન જળ આપે તથા વસ્ત્ર ઘરેણાં આપે તથા સજ્યા બિછાવી દિયે ઈત્યાદિક જે જે સેવા કરે તેને અંગીકાર કરે. અને જ્યારે ભગવાન અંતર્ધ્યાન થયા હોય ત્યારે તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિએ સહિત જે ભક્ત હોય ને તે જો માનસી પૂજાએ કરીને અર્પણ કરે તો તેને ગ્રહણ કરે. વાસ્તે જો ભગવાન તથા એકાંતિક સંત તે અતિ માંદા હોય તેને એમ જાણે જે આ હવે તો બહુ દુઃખ પામે છે, માટે સ્વધામમાં જાય તો ઠીક છે, એવો જો મનમાં અતિ અલ્પ પણ સંકલ્પ થાય તો તેને બહુ પાપ લાગે છે. વાસ્તે આ વાતને અતિ દૃઢપણે કરીને જાણવાની છે. ॥ ૧૦૮ * ॥

## ૭ અક્ષરભાવે વર્તવાની વાતો

ઉપાસક, ઉપાસ્ય અને ધામ એ ત્રણની જે શુદ્ધિ તેને યથાર્થ જાણીને ભગવાનને ભજે તો તેને કોઈ વાતની કસર ન રહે.

(૧) ઉપાસક જે ભગવાનની ઉપાસનાનો કરનારો જીવાત્મા તેને વિષે અક્ષરભાવનાની દૃઢતા કરવી અને અક્ષર વિના જે પ્રકૃતિપુરુષાદિક ભાવ તે કોઈમાં એનું મન સ્થિરતાને પામે નહિ અને એક અક્ષરભાવને વિષે સ્થિરતા પામે એ ઉપાસકની શુદ્ધિ કહેવાય.

(૨) ઉપાસ્ય મૂર્તિ જે શ્રીહરિજી તેમનું જે સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વૈભવ અને ઐશ્વર્યાદિક છે તેવું અક્ષરાદિક કોઈને વિષે નથી અને ભગવાનના સ્વરૂપાદિક તો અપરિમિત છે અને અક્ષરાદિક સર્વથી વિલક્ષણ છે. એવી રીતે શ્રીહરિજી જે ઉપાસ્ય તેની શુદ્ધિ જાણવી.

(૩) શ્રીહરિજીનું ધામ તે અક્ષર છે. પોતે પોતાને અનુરૂપ તે અક્ષરધામ માન્યું છે અને બીજાં જે ધામ તેમાં પોતે દેખાય છે તે તો તે ધામના નિવાસી ભક્ત તેમને સુખ દેવાને અર્થે તે ભક્તની રુચિ અનુસારે દેખાય છે. જેમ પૃથ્વીને વિષે ભગવાન દેખાય છે તે મનુષ્યરૂપ ભક્તને સુખ દેવાને

અર્થે તેને રુચિ અનુસારે દેખાય છે. એવી રીતે ધામની શુદ્ધિ જાણવી. ॥ ૧૦૯ ॥

ઉપાસક, ઉપાસ્ય અને ધામ એ ત્રણ પ્રકારનો જાણતો જે ભક્ત તેણે કેવા ભક્તને વિષે પ્રીતિ રાખવી ? તો જે ભક્ત પોતે અક્ષરભાવને પામીને અક્ષરધામને વિષે સદાય રહ્યા એવા જે પુરુષોત્તમ ભગવાન તેને વિષે આત્યંતિકપણે જોડાયો હોય અને તેથી જે ઓરા ભાવ છે તે કોઈને વિષે ન જોડાય અને બીજાં ધામોમાં જે ભગવાનની મૂર્તિઓ રહી છે તથા સુખ, ઐશ્વર્ય રહ્યાં છે તે કોઈને વિષે આનંદ ન માને એવી રીતનો જે હોય તેની સાથે જ ગુરુભાવ ને મિત્રભાવ રાખવો અને જે ભક્ત એવો ન હોય તેને વિષે શિષ્યભાવ રાખવો અને તેને તો એમ જાણવો જે, જે જે રીતે જે જે ભક્ત ભગવાનને ભજે છે તે રૂડા છે અને ધીરે ધીરે કાળે કરીને પ્રથમના જેવા સર્વોત્કૃષ્ટ ભાવને પામશે. માટે એ પણ ઠીક છે અને નમસ્કાર કરવા યોગ્ય છે એમ સમજવું. ॥ ૧૧૦ ॥

# ૮ ઉપશમની વાતો

ઉપશમ જ્યારે રહેવા માંડે ત્યારે વૈરાટાદિકની સામર્થી દેખાઈ આવે છે તેને ગ્રહણ કરે નહીં ને તેનો તિરસ્કાર કરીને ઉપશમને વિષે વર્તતા થકા શ્રીહરિજીનું ભજન કર્યા કરે તો એકાંતિક ભક્ત થાય છે. ॥ ૧૧૧ ॥

ઉપશમે કરીને ભક્તને ઐશ્વર્ય જણાય છે તે જેમ જેમ ઉપશમમાં અતિશય રહેવા માંડે તેમ તેમ અધિક અધિક ઐશ્વર્ય દેખાતાં જાય છે. તેની વિગત જે પ્રથમ તો ઈંદ્રાદિકનાં ઐશ્વર્ય જણાય છે તે પછી બ્રહ્માદિકનાં ઐશ્વર્ય દેખાય છે તે પછી વૈરાજપુરુષનાં ઐશ્વર્ય જણાય છે તે પછી પ્રધાનપુરુષનાં ઐશ્વર્ય જણાય છે, તે પછી મૂળપુરુષનાં ઐશ્વર્યજણાય છે પણ એ ઐશ્વર્યને વિઘ્નરૂપ ને નાશવંત જાણીને શ્રીજીમહારાજના મહિમાને સમજીને ઉપશમમાં રહ્યા થકા ભજન કર્યા કરે તો એકાંતિક ભક્ત થાય છે. ત્યારે કહેશો જે ઉપશમ તે શું તો કહીએ છીએ જે પોતાની ઇંદ્રિયો ને અંતઃકરણ એમની વૃત્તિઓને ભગવાનના સ્વરૂપને વિષે અખંડ જોડી રાખવી પણ ક્યારેય પંચવિષયને વિષે તણાવા દે નહિ એનું નામ તે ઉપશમ કહેવાય. ॥ ૧૧૨ ॥

અને ધર્મજ્ઞાનાદિકની પક્વતાએ કરીને પંચવિષયને વિષે બંધાય નહિ ત્યારે એકાંતિક થાય. ને પ્રેમી ભક્તને

પતિવ્રતાનું અંગ હોય ને દાસને તો વચનમાં યથાર્થ વર્ત્યાનું અંગ હોય તેણે કરીને વિષયને વષે અરુચિ હોય છે પણ જ્ઞાન વિના મૂળ ઊખડે નહિ. માટે ઉપશમે કરીને રાગ ઓછા કરવા. જેમ ઝાડને વારંવાર કાપ્યા કરે તો કોંટા નિર્બળ નિસરે. ॥ **૧૧૩ *** ॥

## ૯ આત્મસ્વરૂપે રહેવાની વાતો

મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે ભગવાનની પ્રાપ્તિ થયા કેડે ભગવાનનો ભક્ત હોય તેને કોઈ રીતે કરીને કામ ક્રોધાદિક જે માયાના વિકાર તેણે કરીને ભગવાનના ભજનમાં વિક્ષેપ ન થાય અને કોઈ જાતનું દુઃખ અંતરમાં ન વ્યાપે એવી શી સમજણ છે ? પછી શ્રીજી બોલ્યા જે ભક્ત દેહરૂપે વર્તે છે કે આત્મારૂપે વર્તે છે ? પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે વર્તે છે તો દેહરૂપે. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે જ્યારે એ ભક્ત દેહરૂપે વર્તે છે ત્યારે તો એ અખંડ ભગવાન પાસે રહે અને ચરણારવિંદ છાતીમાં રાખે અથવા રાધિકા જેવી પદવી પામે તો પણ એને અંતરમાં સુખ થાય નહિ. તો એવાને આ લોકમાં તો ક્યાંથી સુખ આવે અને તે વૈકુંઠલોકમાં જય વિજયની પેઠે, અથવા ગોલોકમાં જાય અથવા બ્રહ્મલોકમાં જાય પણ દેહાભિમાનીને ક્યાંય સુખ થાય નહિ. ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે હે મહારાજ ! મૃત્યુલોકમાં દેહ છે તે તો પંચભૂતનું છે અને વૈકુંઠાદિકમાં તો ભગવાનના પાર્ષદ છે તે અતિ સમર્થ છે તે અહીંના દેહ ને ત્યાંના દેહ બરોબર કેમ હોય ? ત્યારે મહારાજ બોલ્યા જે, અહીં અસમર્થ છે અને ત્યાં ઘણા સમર્થ છે માટે દેહાભિમાનીને ક્યાંય સુખ નથી અને જેને દેહાભિમાન નથી તે તો ગોલોક, વૈકુંઠમાં હોય તો ય સુખી છે

ને પૃથ્વી ઉપર હોય તો પણ સુખી છે માટે જે આત્મારૂપે કરીને ભગવાનની ભક્તિ કરે છે તેની જ ભક્તિ સાચી છે અને તે ભક્ત આત્મારૂપે વર્તે છે અને દેહને પોતાનું રૂપ નથી માનતો તેને તો અહીં છે તો પણ બ્રહ્મમોહોલ તુલ્ય છે. ॥ **૧૧૪** ॥

માન તથા કામ એ બે દોષ તો જીવમાં રહ્યા છે તે ટાળવા મહાકઠણ છે. એ બે દોષ તો ત્યારે ટળે જ્યારે દેહ ઇંદ્રિયો, અંતઃકરણ દેવતા, પંચભૂત અને પંચવિષય એ સર્વેનો વારંવાર નિષેધ કરે ને નિરંતર આત્મસત્તારૂપે વર્તે ત્યારે ટળે. તે વિના બીજા કોટિ ઉપાય કરે તો ય માન અને કામ એ બે દોષ ટળે નહિ. ॥ **૧૧૫** ॥

અતિશય દીન થાય તો પણ દેહભાવ રહે ને અતિશય આકરાઈ કરે તો ય પણ દેહભાવ રહે છે. તે માટે એ બેયને મૂકીને કેવળ સત્તારૂપે વર્તે તો તેમાં કોઈ રીતે ખોટ ન રહે. ॥ **૧૧૬** ॥

દેહ તે સ્ત્રી છે અને સંકલ્પ થાય છે તે દીકરા થાય છે તે જ્યારે દેહને સાંખ્ય વિચારે કરીને ખોટો કરીને તેથી નોખો સત્તારૂપે વર્તે ત્યારે સ્ત્રીનો ત્યાગ કર્યો કહેવાય ને સંકલ્પને ખોટા કરે ને અખંડ ભગવાનની મૂર્તિને સંભારે ત્યારે દીકરાનો ત્યાગ કર્યો કહેવાય, નહિ તો સ્ત્રી ને દીકરા રૂપે કરીને દેહ ને સંકલ્પ છે એમ જાણવું. તે માટે દેહાભિમાનનો ને સંકલ્પનો ત્યાગ કરે ને કેવળ સત્તારૂપે નિરંતર વર્તે ત્યારે સ્ત્રીનો ને દીકરાનો ત્યાગ કર્યો કહેવાય. આ વાત અવશ્ય સમજવાની છે તે સમજીને એમ વર્તવું. ॥ **૧૧૭** ॥

આત્મનિષ્ઠાની એમ રીત છે જે આપણામાં જે ખરેખરા ત્યાગી છે તે આત્મનિષ્ઠાએ કરીને દેહ ને દેહ સંબંધી પદાર્થ તથા દેહના સંબંધી એ સર્વેને નાશવંત જાણીને એનો અતિશય નિષેધ કરીને તથા દોષ, દુઃખ ને નાશવંતપણું જાણીને મનને વિષે એનો અતિશય નિષેધ કરી નાખ્યો છે. તે માટે એ પૂર્વે દેહાદિક કહ્યા તેનો કોઈક અતિશય નિષેધ કરે  તથા પોતાને વસમાં લાગે એવાં વચન કહે તથા પોતાના સંબંધીને કોઈ ખોદે તો પણ એને એનો અવગુણ ન આવે. શા માટે જે એણે તો આગળથી જ એવો નિર્ધાર કરી રાખ્યો છે જે આ દેહ ને દેહના સંબંધી તે તો જેવાં પૂર્વ જન્મનાં છે તેવાં આ પણ છે. માટે તેણે કરીને મનમાં હર્ષ-શોક ન કરે તથા મનમાં પણ વસમું ન લાગે પણ દેહે કરીને ગૃહસ્થની પેઠે ટાઢ, તડકો, શ્રમ, ભૂખ, તરસ તે ખમાય નહિ. શા માટે તો એનો દેહે કરીને અભ્યાસ નથી કર્યો અને ગૃહસ્થે તો દેહે કરીને તેનો અભ્યાસ કરી રાખ્યો છે. માટે દેહના કષ્ટને ખમે છે પણ જો કોઈ દેહ ને દેહના સંબંધીને ખોદે તો મુવાથી પણ વસમું લાગે. **॥ ૧૧૮ ॥**

સ્વભાવ ટાળીને સત્તારૂપે વર્તવું. એમ વર્તવે કરીને કારણ આદિક શરીરનો નાશ થઈ જાય છે ને એમ ન વર્તે તો વૃદ્ધપણામાં ઠા રહે નહિ. **॥ ૧૧૯ ॥**

એક ભક્ત તો પરમેશ્વરને ને જીવસત્તાને દેખે છે ને એક તો તેને યથાર્થ જાણે છે એ બેમાં કયો સરસ છે ? ઉત્તર જે, દેખવા કરતાં તો યથાર્થ જે જાણે છે તે બહુ શ્રેષ્ઠ છે. ને એ બે ગુણ જેમાં હોય તેને કોઈ વાતનો વાંધો જ રહે નહિ. ને જ્ઞાની

ભક્ત હોય તે એમ સમજે જે આત્મા તો સૃષ્ટિને આદ્યે જન્મ્યો નથી ને અંતે નાશ પણ નહિ થાય ને મધ્યે વ્યભિચારને પણ પામતો નથી ને દેખે છે ને સાંભળે છે ઇત્યાદિક જે જે ક્રિયાઓ કરે છે તે જીવ જ કરે છે. એમ દ્રષ્ટા રૂપે જે વર્તે છે તેને કોઈક ગધેડો કે મીનડો કહે તો પણ માન અપમાન ઇત્યાદિક પોતાને વિષે માને નહિ એ જ્ઞાની ભક્ત કહેવાય. ॥ ૧૨૦ ॥

શ્રીજીમહારાજને સર્વે ભજે છે પણ જેમ છે તેમ જાણવા બહુ કઠણ છે, ને આત્માને પણ સર્વે સંત જાણે છે પણ આત્મારૂપે વર્તવું કઠણ છે. ત્યારે કેમ કરે તો આત્મારૂપે વર્ત્યું કહેવાય ? ઉત્તર જે, નિત્ય પ્રલયાદિકે કરીને સર્વે ક્રિયાઓને અસત્ય ને નાશવંત ને સ્વપ્ન તુલ્ય જાણીને ક્યાંય પ્રીતિ ન રાખે ને એમ ને એમ અખંડ ઠરાવ કર્યા કરે તો આત્મારૂપે સ્થિતિ થાય છે. ॥ ૧૨૧ ॥

અને સ્વામીએ એમ વાત કરી જે જીવ જો આ ઉપાય કરે તો તત્કાળ શુદ્ધ થાય. તે એમ વિચાર કરવો જે આપણે દેહ તો હજારો થઈ ગયા છે. જેમ કોઈ પુરુષ અંગરખું પહેરે છે ને તે ફાટી જાય ત્યારે તેને કાઢીને બીજું કરાવે છે, તેમ જે મા, બાપ, સગાં, સંબંધી સર્વે માનેલાં છે તે તો અજ્ઞાને કરીને માન્યાં છે ને દેહ, ઇંદ્રિયો, અંતઃકરણ એ સર્વે થકી હું નોખો છું ને એ તો ઝાંઝવાનાં જળ જેવાં છે. એમ આત્મ વિચાર કરવો. ॥ ૧૨૨ ॥

# ૧૦ આત્માનું સ્વરૂપ સમજવાની વાતો

માનકુવામાં શ્રીજીમહારાજ સાધુ પ્રત્યે બોલ્યા જે, જીવ જે તે સૂક્ષ્મ થકી પણ સૂક્ષ્મ છે અને મોટા થકી પણ મોટો છે તે પચાસ કોટિ યોજન પૃથ્વી છે અને તેથી દસગણું અધિક ને દસગણું સૂક્ષ્મ જળ છે અને તે થકી દસગણું અધિક ને દસગણું સૂક્ષ્મ તેજ છે ને તે થકી દસગણો અધિક ને દસગણો સૂક્ષ્મ વાયુ છે. એવી રીતે પ્રકૃતિ પર્યંત સર્વે છે ને પ્રકૃતિ થકી અધિક સૂક્ષ્મ ને મોટો જીવાત્મા છે. તેની ઉપર ઉષ્ણીકનું દૃષ્ટાંત[૧] દીધું. ॥ **૧૨૩** ॥

એક શુક્લ બ્રાહ્મણ સત્સંગી હતો તેણે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે દેહમાંથી જીવ ત્યારે બહાર નીસરે છે તેનું રૂપ કેવું હશે ? ને એ જીવ ક્યાં જાતો હશે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જીવનું રૂપ તો સૂક્ષ્મ છે તે ચર્મ દૃષ્ટિએ કરીને દેખાય એવું નથી. જેમ દીપક અસ્ત પામે છે તેનો જે પ્રકાશ તે આકાશમાં લીન થઈ જાય છે અને અંધારાની ઘાટપ હોય તે પ્રકાશને લીન કરી નાખે છે જેમ પ્રયાગરાજની ગુફા છે તેમાં પ્રયાગવડનું ઝાડ છે તે જે ગયા હશે તેણે દેખ્યું હશે તે પ્રયાગવડના ભોંયરામાં અતિશય અંધારું છે. તેમાં દીપક લઈ જાય ત્યારે થોડાકમાં અજવાળું થાય પણ બધાય ભોંયરામાં એક

૧. જુઓ પરિશિષ્ટ.

દીપકથી અજવાળું થાય નહિ, કેમ કે અંધારાની ઘાટપ છે તે પ્રકાશને ખાઈ જાય છે. વળી બીજું દૃષ્ટાંત જે જેમ આકાશમાં મોટાં પક્ષી ઊડે છે તે પ્રથમ તો ભમરા જેવડાં જણાય છે પછી દેખાતાં નથી ત્યારે એ પક્ષી કાંઈ મરી ગયાં નથી કે ટળી ગયાં નથી, એ તો આકાશમાં અંધારામાં લીન થઈ રહ્યાં છે. તે જેને અજ્ઞાનરૂપી અંધારું ટળ્યું હોય તે દેખે છે તે અલૌકિક દૃષ્ટિ છે તે ચર્મ દૃષ્ટિથી નોખી છે. જેમ આપણે સંતની સભામાં બેઠા છીએ તેમાંથી કોઈકને નિદ્રા આવી જાય ને સ્વપ્ન આવે ત્યારે તે એમ દેખે જે ફોજ આવે છે તે જેને સ્વપ્ન આવ્યું તે ફોજ દેખે છે તે આ ફળિયામાં કંઈ ફોજ આવી નથી પણ સ્વપ્નવાળાની દૃષ્ટિમાં દેખાય છે તેમ આત્મા જે જીવ અથવા બ્રહ્મ દેખવાની પણ દૃષ્ટિ નોખી છે. તે દૃષ્ટિ ભગવાનની મૂર્તિને ધ્યાને કરીને આવે છે. તે વિના કોટિ સાધન કરે તેણે કરીને પોતાના જીવને દેખવો અથવા બ્રહ્મને દેખવું તે દૃષ્ટિ આવતી નથી. માટે જે એ દૃષ્ટિને પામ્યા હોય તે હમણાં કોઈ વાત કરે તે કાંઈ માન્યામાં આવે નહિ. હમણાં હું કહું જે બ્રહ્મ સર્વત્ર છે ને પિંડ બ્રહ્માંડ કાંઈ નથી ત્યારે કહેશો જે અમારી આગળ વાત કરો છો ત્યારે અમને દેખતા જ હશો તો ? એવી શંકા મનમાં આવે પણ બ્રહ્મને દેખવાની દૃષ્ટિ તે પણ નોખી છે ને પૃથક્ દેખવાની દૃષ્ટિ પણ નોખી છે. એવી રીતે જ્ઞાનીનાં તો શાસ્ત્રમાં અનંત લોચન કહ્યાં છે. માટે એ મર્મને અજ્ઞાની જીવ જાણતા નથી ને ભગવાનની મૂર્તિનું જે અખંડ ધ્યાન કરે છે તે સર્વેને દેખે છે ને અલૌકિક દૃષ્ટિ પામે છે. ॥ ૧૨૪ ॥

## ૧૧ ભગવાનના નિશ્ચયની વાતો

ઉત્તમ સવિકલ્પ નિશ્ચયવાળો ભક્ત ભગવાનને એમ સમજે છે જે ભગવાનને કોઈ દોષ અડતો નથી કેમ જે ભગવાન તો સર્વેના કારણ છે તે જે જે ક્રિયામાં પ્રવર્તે છે પણ તે વિના તો જીવ કાંઈ કરવાને કે ભોગવવાને સમર્થ નથી. માટે ઉત્તમ સવિકલ્પ નિશ્ચય એવો ભેદ પડ્યો, કેમ જે અંતર્યામીપણે સર્વે ક્રિયાને ભગવાન કરે છે એમ એ સમજે છે તેમાં આ બે દોષ આવે છે જે સર્વે જીવ પ્રાણીમાત્રને વિષે અંતર્યામીપણે તો મહાપુરુષ છે તે જેવા પુરુષોત્તમને જાણ્યા. ભગવાન જે તે સર્વેને વિષે અંતર્યામીપણે રહ્યા થકા સર્વે જીવ પ્રાણીમાત્રના જે વિષય છે તેને અંતર્યામીપણે રહ્યા થકા સર્વેના ભોગને ભોગવે છે પણ ભગવાન તો અતિ સમર્થ છે તેને કોઈ દોષ અડતો નથી પણ ભગવાનને એ વિષયને ભોગવ્યા વિના ચાલતું નથી એમ ભગવાનને જાણે, પણ એમ ન જાણે જે ભગવાન તો જે જે કાંઈ પદાર્થને ગ્રહણ કરે છે તે તો જીવના કલ્યાણને અર્થે છે એમ ન જાણે. **॥ ૧૨૫ ॥**

કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચયવાળો ભગવાનને આકાશ જેવા સમજે છે. જેમ આકાશને ચાર ભૂતની ક્રિયા અડતી નથી તેમ ભગવાનને કોઈ દોષ અડતો નથી એમ સમજે પણ દેશકાળે કરીને કોઈ સમે વૈરાજપુરુષની તથા સંકર્ષણની મોટપ કે

ઐશ્વર્યને જોઈને તથા શાસ્ત્રમાંથી સાંભળીને એને કોઈક સમે એવો ઘાટ થાય જે ભગવાન આગળ એ પણ છે તથા તેના વિષયમાં કોઈક સમે રાગ જેવું જણાય પછી તે સંકલ્પને ટાળીને ખોટો કરી નાખે ને વળી કોઈક સમે પાછો એવો ઘાટ થાય તે માટે કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચય એવો ભેદ પડ્યો. **॥ ૧૨૬ ॥**

મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો ભગવાનને બ્રહ્મરૂપ સમજે ને ભગવાન તો કોઈને પ્રવૃત્તિને વિષે જોડતા નથી અને વૈરાજપુરુષ તથા મહાવિષ્ણુ આદિક જે કોટાનકોટિ માયાને વિષે જોડાણા છે તે તો પોતાને રાગે કરીને જોડાણા છે પણ ભગવાન તો કોઈને માયાને વિષે તથા વિષયને વિષે જોડતા નથી એમ સમજે. માટે એને કોઈને વિષે ભાર ન આવે પણ મહાપુરુષની મોટપ જોઈને તથા સાંભળીને તથા તેનાં ઐશ્વર્ય જોઈને કોઈક સમે એવો સંકલ્પ થાય જે ભગવાનને પણ આવી વિભૂતિઓ છે તથા તેના વિષયને વિષે રાગ જેવું જણાય તથા તે વિષયમાં સારપ્ય મનાય પછી વળી તે સંકલ્પને ખોટા કરીને એમ સમજે જે મહાપુરુષ તથા બીજા જે જે માયાને વિષે જોડાયા છે તથા નિવૃત્તિ ધર્મને વિષે જોડાયા છે તે પોતાને મોટપનો રાગ છે તે માટે જોડાયા છે પણ ભગવાન તો કોઈ ને કોઈ સંઘાથે તથા મોટપમાં તથા કોઈ વિષયમાં જોડતા નથી ને જે જોડાય છે તે પોતપોતાને રાગે કરીને જોડાય છે એમ સમજીને તે સંકલ્પને ખોટા કરી નાખે તે માટે એને મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચય એવો ભેદ પડ્યો. **॥ ૧૨૭ ॥**

ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો ભગવાનને એમ સમજે જે

મહારાજ તો કોઈને ક્યાંય જોડતા નથી; મહારાજ તો અક્ષરધામને વિષે પોતાના એકાંતિક જે ભક્ત તેને નિરંતર દર્શન આપે છે પણ પોતાને બીજા કોઈની પાસે કાંઈ કરાવવું નથી અને મહાપુરુષાદિક જે જે પ્રવૃત્તિ તથા નિવૃત્તિને વિષે જોડાયા છે તે તો પોતાને રાગે કરીને જોડાયા છે તેને અક્ષર દ્વારે કરીને જોડે છે પણ પોતે તો કોઈને પ્રવૃત્તિને વિષે જોડતા નથી. તે ઉપર મહારાજે વાત કરી હતી જે પ્રથમ સૃષ્ટિ કરવાનો સમય થયો ત્યારે ભગવાને અક્ષર સામું જોયું ત્યારે અક્ષરે અનંતકોટિ મુક્ત બેઠા હતા તે સામું જોયું, તેમાંથી જેને સત-આશય હતો એવો જે પુરુષ તે આગળ આવીને ઊભો રહ્યો ત્યારે અક્ષરે વૃત્તિએ કરીને તેને માયાને વિષે જોડ્યો ત્યારે માયા થકી અનંતકોટિ મહાવિષ્ણુ થયા. પછી એક એક મહાવિષ્ણુ થકી એક એક બ્રહ્માંડ ઉત્પન્ન થયું. એવી રીતે અનંતકોટિ બ્રહ્માંડ ઉત્પન્ન થતાં હવાં. ત્યારે કેટલાકે એમ જાણ્યું જે એને રાગ હતો તે જોડાણો ને કેટલાકે તો એમ જાણ્યું જે એને રાગ પણ હતો અને મહારાજે આજ્ઞા કરી એટલે માયા સાથે જોડાણો અને કેટલાકે તો એમ જાણ્યું જે એને જોડાવું નહોતું પણ મહારાજે આજ્ઞા કરી તેથી માયા સાથે જોડાણો માટે એ બેય પાછળથી કહ્યા તેમણે એ કાચપ ટાળી જોઈએ એમ જે સમજે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ. ॥ ૧૨૮ ॥

નિર્વિકલ્પ નિશ્ચયવાળાને પંચવિષયને વિષે પણ અને ત્રણે અવસ્થામાં દેશકાળે પણ રાગ ન થાય તથા કામ, ક્રોધ, લોભ, માન, મત્સર, ઈર્ષા, અસૂયા અને રસાસ્વાદ,

અહંમમત્વ આદિક કોઈ અધર્મના સર્ગમાં લેવાય નહિ અને તે કોઈ દેશકાળે પણ એને વિષે ન લેવાય કેમ જે એ ભૂંડા દેશકાળાદિકને સેવે જ નહિ અને પંચવિષયમાં તથા કામાદિક અધર્મના સર્ગમાં જો લગારેક પણ લેવાય તો એમ જાણવું જે એને વિષે એટલું સવિકલ્પપણું છે. તે જેમ બ્રહ્મા, વિષ્ણુ, શિવ, વિરાટ, પ્રધાનપુરુષ, મૂળપ્રકૃતિપુરુષ એ સર્વે સવિકલ્પ નિશ્ચયવાળા છે તો એ વિષયનો ત્યાગ કરવા જાય તો પણ વિષયમાં એક રસ થઈ જાય છે, પણ ઐશ્વર્યનો ત્યાગ કરીને સત્તારૂપ થઈને એ ઉપાધિનો ત્યાગ નથી થાતો. અને જો અક્ષરના મુક્ત ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા છે તો એક પુરુષોત્તમ એવા જે શ્રીજીમહારાજ તેની મૂર્તિમાં જ સુખ પામે છે પણ તે મૂર્તિ વિના અક્ષરના સુખે તથા આત્માના સુખે કરીને પણ અકળાઈ જાય છે પણ તે મૂર્તિ વિના રહી શકતા નથી અને વળી એમ સમજે જે મહારાજને તો કોઈને નિવૃત્તિ ધર્મની તથા પ્રવૃત્તિ ધર્મની એ આદિક કોઈ ક્રિયા કોઈ પાસે કરાવવી નથી. એ તો જેને જે ક્રિયા કર્યાનો રાગ હોય તેને તે ક્રિયાને વિષે પ્રેરે છે પણ પોતાને તો એક પોતાની મૂર્તિનાં જ દર્શન કરાવવાં છે પણ બીજું કાંઈ કોઈ પાસે કરાવવું નથી અને જે મહાપુરુષાદિક ઐશ્વર્યમાં જોડાણા છે તે તો પોતાને એ ઐશ્વર્યને ભોગવવાની વાસના છે, માટે જોડાણા છે એમ જે સમજતો હોય તેને નિર્વિકલ્પ નિશ્ચયવાળો જાણવો. ॥ ૧૨૯ ॥

નિર્વિકલ્પ નિશ્ચય જેને હોય તે વિષયમાં ન લેવાય અને જેને સવિકલ્પ નિશ્ચય હોય તે તો વિષયનો ત્યાગ કરવા જાય

તો પણ વિષયમાં એકરસ થઈ જાય અને નિર્વિકલ્પ નિશ્ચય જેને હોય તેને દેહ ને દેહ સંબંધી પદાર્થ અને દેહની શુશ્રૃષાને કરનારો એટલાને વિષે પ્રીતિ ન થાય અને અતિશય બીતો રહે અને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થામાં જ્યારે દેખે તો પણ શત્રુભાવ જ રહે અને તે વિષયમાં રાગ ન થાય. જેમ એક તો રેલી પલાળીને ઈંટો ચણી હોય અને એક તો ચૂનામાં ઈંટો ચણી હોય તેમ નિર્વિકલ્પ નિશ્ચય ને સવિકલ્પ નિશ્ચયની ક્રિયામાં ફેર છે. નિર્વિકલ્પ નિશ્ચયવાળાને વિષયમાં રાગ ન હોય. ॥ ૧૩૦ ॥

સત્યયુગ તથા ત્રેતાયુગ તથા દ્વાપરયુગને વિષે ભગવાન પોતાના ભક્તની રક્ષાને અર્થે સુદર્શન ચક્રને મોકલતા અને તે ચક્રે કરીને ભક્તની રક્ષા કરતા અને કળિયુગને વિષે તે ચક્ર મૂકીને કેમ ભક્તની રક્ષા કરતા નથી ? શું કળિયુગના ભક્ત ભગવાનને વહાલા નથી ? અને હળાહળ કળિને વિષે ભગવાનનું ભજન કરે તેની તો ભગવાને વિશેષ રક્ષા કરવી જોઈએ. માટે કળિને વિષે ભક્તની રક્ષાને અર્થે સુદર્શન ચક્રને કેમ મોકલતા નથી ? શું કળિયુગમાં ભગવાનની વિષમ દૃષ્ટિ થઈ જે બીજા યુગમાં ભક્તની રક્ષા કરી ને કળિયુગમાં ભક્તની રક્ષા નથી કરતા ? ઉત્તર કર્યો જે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન તે જ સુદર્શન ચક્ર છે ને તે ચક્રને વિશે દશ હજાર સૂર્યનો પ્રકાશ છે એમ શાસ્ત્રમાં કહ્યું છે તો જુઓને, જ્ઞાનને વિષે પણ એટલો પ્રકાશ છે કેમ જે જીવના હૃદયમાં અજ્ઞાનરૂપી અંધારું છે તે ચંદ્રમા તથા સૂર્ય તથા પ્રલયકાળનું મહાતેજ તે કોઈ જીવના

હૃદયમાં અજ્ઞાનરૂપી અંધારાને ટાળવા સમર્થ નથી. તે અંધારાને જ્ઞાન ટાળી નાખે છે. તે જુઓ દશ હજાર સૂર્ય કરતાં પણ અધિક પ્રકાશ છે અને સુદર્શન ચક્ર સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગને વિષે ભગવાનના ભક્તની રક્ષા કરતું ને આ જ કળિયુગને વિષે તેનું તેજ રક્ષા કરે છે. ત્યારે કહેશો જે કઈ રીતે રક્ષા કરે છે તે કહીએ છીએ : જ્યારે પ્રભુનો ભક્ત હોય તેના હૃદયમાં કામ, ક્રોધાદિક ભૂંડા ઘાટ બંધાય છે ત્યારે તે ભક્તને એવો વિચાર થાય જે મને ભગવાન મળ્યા તે હું એવો લાભ મૂકીને ભગવાનના વચનને લોપીને કુમાર્ગે કેમ ચાલુ એવો ભગવાનના નિશ્ચય યુક્ત વિચાર થાય છે ત્યારે ભૂંડા ઘાટ ટળી જાય છે. માટે ભક્તજનના શત્રુ તથા રાક્ષસ તો કામક્રોધાદિક છે તે થકી રક્ષા પણ જ્ઞાનરૂપી સુદર્શન ચક્ર તે કરે છે. માટે કળિયુગને વિષે જો ભગવાન સુદર્શન ચક્ર મોકલીને અંબરીષ રાજાની પેઠે રક્ષા ન કરતા હોય તો એથી સત્સંગના વર્તમાન પણ પળે નહિ ને પ્રભુનું ભજન પણ થાય નહિ કેમ જે કામક્રોધાદિક તો એવા બળિયા છે તે શિવ-બ્રહ્માદિકની લાજ લીધી છે તો જીવનો શો ભાર ? માટે ભગવાન પોતાના ભક્તની જ્ઞાનરૂપી સુદર્શન ચક્રે કરીને સર્વે કાળને વિષે રક્ષા કરતા આવે છે ને આજ પણ જ્ઞાનરૂપી સુદર્શન ચક્રે કરીને પોતાના ભક્તની રક્ષા કરે છે. માટે ભગવાનના સ્વરૂપનો નિશ્ચય તે જ સુદર્શન ચક્ર છે. ॥ ૧૩૧ ॥

ઇંદ્રિયોને વિષે ને અંતઃકરણને વિષે ને જીવને વિષે ભગવાનનો નિશ્ચય હોય તેની પ્રાપ્તિ કહો ? ઉત્તર જે, જેને

ઈંદ્રિયોને વિષે ભગવાનનો નિશ્ચય હોય તે તો દેહ મૂક્યા પછી ઈંદ્ર જેવો થાય ને જેને અંતઃકરણને વિષે નિશ્ચય હોય તે તો દેહ મૂક્યા પછી બ્રહ્માદિક ત્રણ દેવ જેવો થાય ને જેને જીવને વિષે નિશ્ચય હોય તે તો દેહ મૂક્યા પછી અક્ષરના મુક્ત જેવો થાય છે. ॥ ૧૩૨ ॥

## ૧૨ મોટા પુરુષનો મહિમા સમજવો અને સંગ રાખવાની વાતો

શ્રીજીમહારાજે પોતાની રુચિ કહી તે ઉપર સ્વામીએ વાત કરી જે ભક્તિસિદ્ધિમાં ઓગણપચાસ કહ્યા જે અધર્મના સર્ગ તેણે રહિત જે સંત હોય અને તેને વિષે કહ્યા જે ઓગણસાઠ ધર્મસર્ગ તેણે સહિત જે સંત હોય તથા ધર્મામૃતમાં કહ્યા જે ધર્મ તેને અતિશય દઢપણે પાળતો હોય તથા ભગવાનની ભક્તિએ યુક્ત હોય એવાનો સંગ આપણે કરવો પણ દોષયુક્ત હોય તેનો સંગ તો ક્યારેય ન કરવો. તે જો તેનો સંગ કરે તો તેના દોષ પોતામાં આવે. તે માટે વિચારીને સંગ કરવો અને ભગવાનને અર્થે કરવું તેને ભક્તિ કહીએ. ॥ ૧૩૩ ॥

એક તો ત્યાગી થઈને ત્યાગીનો ધર્મ દઢ પાળવો ને ગૃહસ્થને ગૃહસ્થનો ધર્મ દઢ પાળવો અને શ્વેત તેજને વિષે ભગવાન સદાય મૂર્તિમાન બિરાજમાન છે એમ જાણીને તે ભગવાનની ભક્તિ કરતો હોય ને પોતાને ને અક્ષરને એક કરીને માને ને ભગવાન વિના બીજે એક અણુ માત્ર પણ પ્રીતિ ન હોય એવી રીતનો પોતે થયો તો પણ ભગવાનનું માહાત્મ્ય જાણવાને અર્થે એકાંતિક સાધુનો સમાગમ મન, કર્મ, વચને કરીને નિરંતર રાખવો. ॥ ૧૩૪ ॥

એકાંતિક ધર્મને વિષે વર્તાવવું તે તો પંડે ભગવાન હોય તો વર્તાવે તથા તે ભગવાનના એકાંતિક સાધુ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિએ યુક્ત હોય તથા ભગવાનની મરજીને જાણીને તે ભગવાનની મરજી પ્રમાણે વર્તતા હોય તથા પોતે ઐશ્વર્યે કરીને સર્વેને દાબે એવા સમર્થ હોય તે પણ એકાંતિક ધર્મને વિષે વર્તાવે. ॥ **૧૩૫** ॥

સત્પુરુષ ને સત્‌શાસ્ત્રના વચન વિના પોતાના મનને જાણે જીવ જે જે કરવાનું ધારે તેને દેહાભિમાન કહેવાય. અને તેને કોઈ ટાળવાનું કરે ત્યારે તેને બહુ દુઃખ થાય. ॥ **૧૩૬** ॥

ને મનુષ્યને કોઈક જાતનો અયોગ્ય સ્વભાવ હોય ને તેમાંથી તેના જીવનું ભૂંડું થાય એવું હોય, તેને ભગવાન કે સાધુ ટોકે ત્યારે તે સવળું ન લેવાય ને અવળું લેવાય અને તેની આંટી બંધાય એવો જે હોય તેના સત્સંગનો નિર્ધાર ન જાણવો. એ તો જ્યારે ત્યારે જરૂર વિમુખ જ થાય. અને જો કોઈ એને નભાવનારો હોય અને એના સ્વભાવ પ્રમાણે કોઈક વર્તવા દે તો માંડમાંડ સત્સંગમાં નભે અને એવો નભાવનારો ન હોય તો એ જરૂર સત્સંગમાંથી પડી જાય. માટે સ્વભાવને ટાળવા સારુ મોટા પુરુષ વચન કહે તેમને હિતકારી માનીને તે પ્રમાણે વર્તવું પણ આંટી ન બાંધવી. ॥ **૧૩૭** ॥

શ્રીજીમહારાજના વચન પ્રમાણે જ જે સંતને પોતાના આત્માનું હિત કરતાં આવડે અને તે વચન પ્રમાણે રહીને મહારાજની પ્રસન્નતા કરવી તેનો ખટકો હોય અને તે વચન પ્રમાણે વર્તતો હોય અને સર્વે પ્રકારે બુદ્ધિ પહોંચતી હોય અને

બીજાના જીવને પણ જાણતા હોય અને તેના જીવનું પરલોક સંબંધી હિત સર્વે પ્રકારે કરતાં આવડતું હોય એવા જે સંત પોતાને જણાય તેના વચનમાં વિશ્વાસ રાખીને તે કહે તે પ્રમાણે વર્તે તો પણ ઠીક છે અને એ વિના જે બીજો માર્ગ તે તો પડવાનો છે. **॥ ૧૩૮ ॥**

દેશકાળાદિક આઠ છે તેમાં સર્વ કરતાં સંગનું બળ અતિ અધિક છે કેમ જે સત્પુરુષનો સંગ હોય તો દેશકાળાદિક સારા જ થાય છે અને અસત્પુરુષનો સંગ થાય તો દેશકાળાદિક અસત્ થાય છે. માટે જે પુરુષ રૂડા સત્પુરુષનો નિરંતર સંગ કરે તો એ સારો ને સારો જ રહે અને દેહાભિમાની એવા અસત્પુરુષનો સંગ કરે તો બગડી જાય છે. ત્યારે એક સંતે પૂછ્યું જે એ પુરુષને ક્યાં સુધી સત્સંગ કરવો ? ઉત્તર જે, એ પુરુષને સત્સંગ કરતે કરતે એવો સ્વભાવ થઈ જાય જે સારું ખાવું, સારાં વસ્ત્ર, સારી પથારી, માન ઇત્યાદિક જે પંચવિષય સંબંધી સારા પદાર્થનો જે યોગ તેનો સહજ સ્વભાવે અરુચિનો સ્વભાવ થઈ જાય. માટે એ સારા પદાર્થનો યોગ થાય, તો પણ તેનો ત્યાગ કરવો ગમે, પણ તેનો ભોગ તો ગમે જ નહિ. અને જેવે તેવે અન્ન વસ્ત્રાદિકને ભોગે કરીને દેહનિર્વાહ કરે એવો સ્વભાવ થઈ જાય ત્યારે જાણીએ જે એ સત્સંગ કરીને પક્વ થયો. અને જ્યાં સુધી એવો નથી થયો ત્યાં સુધી તો એનો એને ભય છે અને તેને જો સત્સંગનો જોગ રહે તો એ સારો રહે અને સત્સંગ ન કરે અને પોતે પોતાને જાણે જે હું તો હવે સારો થઈ ગયો માટે મારે હવે શો ભય છે ? એમ પ્રમાદ રાખે તો એનું

ઠેકાણું ન રહે. અને જો એ પક્વ થયો હોય તો એ જ્યાં જાય ત્યાં એને એવું બળ હોય જે જ્ઞાન, વૈરાગ્ય, ત્યાગ, ધર્મ, ભક્તિ તે સંબંધી વાત કરીને કેટલાક પુરુષનો પોતાના જેવો સ્વભાવ કરે પણ પોતે કોઈ વિષયને ચાળે ચડી જાય નહિ. આ વાર્તા નિશ્ચિત છે પણ એમાં સંશય નથી. ॥ ૧૩૯ ॥

ખરેખરા સાધુ હોય તેને કોઈ જાતનો સ્વાર્થ ન હોય અને પોતાથી જેની શ્રેષ્ઠ પ્રકૃતિ હોય તેની પાસે પોતાનો શિષ્ય જાય ત્યારે રાજી થાય કેમ જે તેને તો તેના જીવનું હિત કરવું હોય અને ઊતરતી પ્રકૃતિવાળા પાસે જાય તો કુરાજી થાય કેમ જે એનો જીવ બગડી જાશે એમ જાણે અને નિઃસ્વાર્થી સાધુ હોય તેને તો તેના જીવનું ભગવાનમાં હેત કરાવવાનું હોય અને સ્વાર્થી હોય તેને તો પોતાની ઉપર હેત કરાવવાનું હોય માટે સ્વાર્થી સાધુ હોય તેને તો ઇંદ્ર બ્રહ્માદિક દેવ જેવો ભગવદ્ભક્ત જાણવો અને જે સ્વાર્થે રહિત હોય તેને નારદ, સનકાદિક, શુકદેવ અને જડભરતાદિક જેવો સાધુ જાણવો. ॥ ૧૪૦ ॥

જેને કોઈ પદાર્થની ઇચ્છા હોય નહિ તે શ્રીહરિજીનો એકાંતિક ભક્ત થયો તેને પણ શ્રીહરિજી ને તેમના ભક્તની સેવા તો કરવી કેમ જે એ તો સર્વેથી શ્રેષ્ઠ છે અને બીજાં સર્વે સાધન તો એને અર્થે છે. તથા એવાને પણ ભગવાનના ખરેખરા ભક્તનો સંગ રાખવો. ॥ ૧૪૧ ॥

કામાદિક દોષ છે તે ભગવાન સાથે અંતરાય રાખે છે તેમ જ એ દોષ ન હોય તો પણ જો એને ભગવાનની મરજી પ્રમાણે વર્તતા એવા જે એકાંતિક ભક્ત તેનો સમાગમ ન હોય

તો ભગવાન સાથે અંતરાય રહી જાય કેમ જે, જે એકાંતિક ન હોય તેને ભગવાનની મરજી પ્રમાણે વર્તવાની રીત યથાર્થ આવડતી ન હોય ત્યારે એના સંગના કરવાવાળાને તે રીત ક્યાંથી શીખવે ? માટે એને ભગવાન સાથે અંતરાય રહી જાય છે. માટે જેને અંતરાય ન રાખવો હોય તેણે એકાંતિક ભક્ત સાથે હેત અને સંગ રાખવો. **॥ ૧૪૨ ॥**

અંતઃકરણ ને આત્મા એ બેના વચ્ચે જે વિચાર રહે છે, તે વિચાર કોનો સમજવો ? એ વિચાર છે તે અંતઃકરણનો પણ નથી અને જીવનો પણ નથી. એ વિચાર તો સત્શાસ્ત્ર અને સત્પુરુષનો છે. તે જ્યારે મુમુક્ષુ પ્રથમ સત્પુરુષના મુખ થકી સત્શાસ્ત્રમાંથી વિચારીને શીખે છે. અને તે વિચાર ઇંદ્રિયો ને અંતઃકરણમાં રહે છે, અને તે વિચાર દેહ ને દેહના સંબંધી ને માયિક પદાર્થ તે સર્વેને ખોટાં કરે છે. **॥ ૧૪૩ ॥**

સત્પુરુષ જે દેવને પધરાવે છે ત્યારે તે દેવમાં દૈવત આવે છે. તથા શાસ્ત્ર ને સાધુપણું તથા તીર્થ તે એ સાધુનું કર્યું થાય છે. પણ એ ચારે કરીને સાધુ નથી થાતા. **॥ ૧૪૪ ॥**

શ્રીજીમહારાજે કહ્યું જે જેવો હું સત્સંગે કરીને વશ થાઉં છું તેવો તપ, દાન, તીર્થ, અષ્ટાંગયોગ તેણે કરીને નથી થાતો. એવો જે સત્સંગ તે તો મોટા સંતના સમાગમથી સમજાય છે. તે હેતુ માટે મન, કર્મ, વચને કરીને તેનો સંગ કરવો. **॥ ૧૪૫ ॥**

જીવ માત્ર મોટેરા વતે સુખિયા ને મોટેરા વતે દુખિયા તે

મોટેરાને વિષે ત્રણ વાનાં જોઈએ : ધર્મ, ધીરજ ને જ્ઞાન, તો શોભે. ॥ ૧૪૬ ॥

મા બાપ થકી જે દેહ પમાય છે તે તો અજ્ઞાનમય છે ને ગુરુ થકી જે દેહ પમાય છે તે તો જ્ઞાનમય દેહ છે ને મોક્ષનો હેતુ છે ને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ ને ભક્તિનો પમાડનારો છે. ॥ ૧૪૭ ॥

જેમ ઔષધ લઢી લઢીને અતિશય ઝીણું કર્યું હોય તે આંખમાં નાખે તો ખટકે નહિ તેમ સત્પુરુષના સંગે કરીને ધર્મજ્ઞાનાદિક શીખીને સત્સંગની સમજણ પક્વ કરી હોય તો દેશકાળાદિકે કરીને પણ મતિ ફરે નહિ. ॥ ૧૪૮ ॥

કસર માત્ર ટાળ્યાનો એવો એક જબરો ઉપાય કયો છે ? ઉત્તર જે, મહત્પુરુષનો સર્વ પ્રકારે વિશ્વાસ રાખીને સમાગમ કરવો એ એક જ ઉપાય અતિશય બળવાન છે. તે ભાગવતમાં પણ કહ્યું છે જે,

नैषामतिस्ताव दुरुक्रमांध्रि स्पृशत्यनर्थापगमोयदर्थः ।
महियसां पादरजोभिषेकं निष्कंनानां न वृणीत यावत्[1] ।। ॥ ૧૪૯ ॥

શ્રીહરિ મહારાજની પ્રાપ્તિ થઈ એ તો બહુ મોટું કામ થયું છે, પણ લોભ, કામાદિક અંતરશત્રુ જ્યાં સુધી રહ્યા છે ત્યાં સુધી શ્રીહરિને વિષે પણ દોષ પરઠે છે. માટે સત્પુરુષનો સમાગમ કરીને દેહાભિમાન રૂપ દોષ ટાળીને ને ધર્મજ્ઞાનાદિક

૧. અર્થઃ– જ્યાં સુધી નિષ્પરિગ્રહ, મોટા સત્પુરુષોની ચરણરજને પોતાના મસ્તક પર નથી ચડાવતા, ત્યાં સુધી અનર્થને દૂર કરનારાં ભગવાનનાં ચરણને વિષે તેઓની મતિ નિશ્ચળ નથી થતી. (ભા. સ. અ. ૫-૩૨)

ગુણને શીખીને એકાંતિક ભક્ત થાવું. ॥ ૧૫૦ ॥

શાસ્ત્રમાં એમ કહ્યું છે જે સત્પુરુષના સંગે કરીને જીવ સુખિયો થઈ જાય છે. માટે સત્પુરુષનાં લક્ષણોને શાસ્ત્રમાંથી સમજીને તેમની મોટપ વચનામૃત આદિક શાસ્ત્રમાંથી જાણીને ને વિચારીને ને તેમની અનુવૃત્તિમાં મન, કર્મ, વચને કરીને વર્તવું. તે કહ્યું છે જે, ''उत्तमानेव सेवेत प्राप्तकाले तु मध्यवान्''[1] એવી રીતે શ્રેષ્ઠ થાવાની ઈચ્છા રાખવી. ને શાસ્ત્રનો સિદ્ધાંત ને મહત્પુરુષનો સિદ્ધાંત એ બેને મેળવવા. જો એક સિદ્ધાંત થાય તો એ મહત્પુરુષનો વિશ્વાસપૂર્વક સંગ કરવો ને વેગવાન થાવું નહિ પણ શાંત થાવું કેમ જે વેગવાનને સત્‌શાસ્ત્ર સમજાતાં નથી. ॥ ૧૫૧ ॥

શ્રીહરિજીનું ભજન સ્મરણ કેમ કરવું ? ઉત્તર જે, અક્ષર ને અક્ષરના મુક્ત છે તે તો અક્ષરરૂપ થઈને ભજન કરે છે ને શ્વેતદ્વીપના મુક્ત છે તે તો સત્તારૂપે રહીને કારણ શરીરના ભાવને જ ટાળતા થકા ભજન કરે છે ને બદ્રિકાશ્રમના મુક્ત તો સત્તારૂપ રહીને સ્થૂળ, સૂક્ષ્મના ભાવને ટાળતા થકા ભજન કરે છે ને આપણ સર્વે તો સ્થૂળભાવે વર્તતા થકા ભજન કરીએ છીએ તેમાં પણ કેટલાક તો અક્ષરભાવે વર્તે છે ને કેટલાક તો સત્તાભાવે વર્તે છે ને સર્વ કરતાં અનુવૃત્તિમાં રહેવું એ કઠણ જણાય છે કેમ જે બીજાના મનગમતા પ્રમાણે વર્તવું. માટે સ્વરૂપમાં રહેવા કરતાં પણ એ કઠણ છે. ॥ ૧૫૨ ॥

બુદ્ધિવાનને એકાંતિક ધર્મ સમજાય તો ખરો પણ

૧. અર્થઃ– ઉત્તમનો જ સમાગમ કરે, તે ન મળે તો મધ્યમનો કરે.

પોતાનાં જે નાના પ્રકારનાં જે વિંબાં છે તેને મૂકી શકે નહિ ને સત્પુરુષની અનુવૃત્તિમાં પણ રહી શકે નહિ એ ખોટ બુદ્ધિવાનને વિષે જણાય છે ને મૂઢ ભક્તને વિષે શ્રદ્ધા તો હોય પણ સમજી શકે નહિ એ ખોટ છે. ॥ **૧૫૩** ॥

નારાયણ બ્રહ્મચારીએ પ્રશ્ન પૂછ્યો જે એક તો મુમુક્ષુ જેવો જણાતો હોય પણ તેને મોટાનો યોગ થાતો નથી ને એક તો મોટાનો યોગ કર્યામાં બહુ બીવે છે એ બેયનું શું કારણ હશે ? ઉત્તર જે, મુમુક્ષુને મોટાનો યોગ થાતો નથી તેને તો પૂર્વ જન્મને વિષે અથવા આ જન્મને વિષે મોટાની ક્રિયામાં અરુચિ છે એ જ કારણ જણાય છે અને જે મોટાનો યોગ કર્યામાં બીવે છે તે તો ધર્મમાં શિથિલ વર્તે છે માટે બીવે છે. ॥ **૧૫૪** ॥

સંત જે તે સ્વભાવને ટાળવા સારુ લાગતાં વેણ દુઃખવીને કહે તો પણ હિતકારી જ માનવા ને સંત ભેળા જ ભળવું ને સ્વભાવ ભેળા તો ભળવું જ નહિ. ॥ **૧૫૫** ॥

સમૈયામાં જઈને સત્પુરુષની સોબત કરીને કમાણી કરવી ને તેને વધારવી તે કોઈક તો વધારે છે ને કોઈક તો ઘટાડી પણ દે છે ને કેટલાક તો બરોબર પણ રાખે છે. તે એ કમાણી શી ? તો શ્રીહરિજીને વિષે માહાત્મ્યે યુક્ત ને ધર્માદિક અંગે સહિત જે ભક્તિ કરવી તે પણ મહત્પુરુષના સંગે કરીને શીખવી. ॥ **૧૫૬** ॥

વિદ્યાર્થીના અભ્યાસનાં દૃષ્ટાંતે[1] કરીને વાર્તા કરી

૧. જુઓ પરિશિષ્ટ.

જે સદ્‌રુચિનો અભ્યાસ ને સત્પુરુષનો સંગ નિરંતર રાખે તો સદ્‌વાસના વૃદ્ધિ પામે છે. એ રીતે બહુ વાર્તા કરી. ॥ **૧૫૭** ॥

જીવને પંચવિષય સંબંધી સુખ છે તે તો નવાં ને નવાં જ રહે છે ને પરમેશ્વરને વિષે ભક્તિ જે કરવી ને મહિમા શીખવો તથા ધર્મજ્ઞાનાદિક જે ગુણ શીખવા તે સર્વે જૂનાં થઈ જાય છે એનું કારણ છે જે એને શ્રીજીમહારાજનો ને એકાંતિક સાધુનો મહિમા સમજાણો નથી માટે શ્રદ્ધા અતિ મંદ રહે છે તે સારુ સત્પુરુષનો સંગ અતિ દૃઢ શ્રદ્ધા રાખીને કરવો. ॥ **૧૫૮** ॥

પાંચ પ્રકારના મનુષ્ય સંસારનો ત્યાગ કરે છે તેમાં (૧) નિર્ધન, (૨) આળસુ, (૩) ક્રોધી, (૪) વિચારવાન ને (૫) બાળક. તેમાં બાળકને તો જેવો સંગ મળે તેવો થાય છે ને અલ્પ બુદ્ધિવાન સંતનો સંગ મળે તો ડોળિયો થઈ જાય છે. જેમ બાળકને જેવી ગળથૂથી પાય તેવો બળિયો થાય છે તેમ ગળથૂથીને ઠેકાણે સંગ જાણવો ને વિદુરનીતિમાં કહ્યું છે જે,

याद्रशैः सन्निविशते याद्रशांश्चोपसेवते ।

याद्रगिच्छेच्च भवितुं ताद्रगू भवति पुरुषः ॥[1] ॥ **૧૫૯** ॥

સંત દ્વારાએ કરીને પણ અનેક જીવોનાં કલ્યાણ કર્યાં ને એકાંતિક ભક્તને વિષે શ્રીજીમહારાજની મરજી ને વાર્તા યથાર્થ રહી છે. તે ઉપર

૧. અર્થઃ— પુરુષ, જેવા મનુષ્યોની સાથે બેસે છે, જેવાનો સંગ કરે છે, અને જેવો થવાને ઇચ્છે છે તેવો થાય છે. (વિદુરનીતિ અ. ૩૬ શ્લો. ૧૫)

कस्मै येन विभाषितोऽयमतुलो ज्ञानप्रदीपः पुरा ।
तद्रूपेण च नारदाय मुनये कृष्णाय तद्रूपिणा ॥
योगिन्द्राय तदात्मनाथ भगवद्राताय कारूण्यतस्तच्छुद्धं ।
विमलं विशोकममृतं सत्यं परं धी महि ॥[૧]

આ શ્લોકની બહુ વાર્તા કરી ને એવા શુદ્ધ ભક્તને વિષે જ શ્રીજીમહારાજ નિવાસ કરીને રહે છે તે વાત આ બે શ્લોકમાં કહી છે, ‘‘न कामकर्मबीजानां यस्य चेतसि संभवः’’ તથા ‘‘वासुदेवैकनिलयः’’[૨] ને બીજો ભક્ત તો પોતાના સ્વભાવ ભેળો ભળી જાય છે, માટે સ્વભાવ પ્રમાણે વર્તે છે ને વાત પણ તે જ પ્રમાણે કરે છે. ત્યારે સંતે પ્રશ્ન પૂછ્યો જે આ ભક્ત તો સ્વભાવ પ્રમાણે વર્તે છે ને મરજી પ્રમાણે વર્તે છે તેમ કેમ જણાય ? ઉત્તર જે, જેની બુદ્ધિ દેશકાળાદિકે કરીને ફરી જાય તેનું વર્તન તે સ્વભાવ પ્રમાણે છે એમ જાણવું ને જેની બુદ્ધિ દેશકાળાદિકે કરીને ન ફરે તેનું વર્તન મરજી પ્રમાણે છે એમ જાણવું ને જેણે રાત દિવસ અતિશય આગ્રહ રાખીને શ્રવણ મનનાદિકે કરીને બુદ્ધિને વિષે એકાંતિક ભક્તપણું

૧. અર્થઃ– ‘‘જે પરબ્રહ્મ પરમાત્માએ કૃપા કરીને આ અપાર જ્ઞાનના દીપકરૂપ શ્રીમદ્‌ભાગવતને પ્રથમ બ્રહ્મા પાસે પ્રકટ કર્યું, પછી બ્રહ્મારૂપે નારદમુનિની આગળ દર્શાવ્યું, નારદરૂપે શ્રી વેદવ્યાસજીની આગળ પ્રગટ કર્યું. અને વ્યાસજીરૂપે યોગીઓમાં શ્રેષ્ઠ એવા શુકદેવજી પાસે પ્રકટ કર્યું. અને શુકદેવજીરૂપે પરિક્ષિત રાજાની પાસે પ્રકટ કર્યું તે શુદ્ધ–નિર્મલ, શોક રહિત, સત્યમૂર્તિ અને મોક્ષસ્વરૂપ પરબ્રહ્મનું ધ્યાન કરીએ.’’ (ભા. દ્વા. અ. ૧૩-૧૯)

૨. જેના ચિત્તને વિષે સકામ કર્મોની વાસના ઉત્પન્ન નથી થતી તેને વિષે ભગવાન હંમેશાં રહે છે અને એક વાસુદેવ ભગવાનને વિષે જ નિમગ્ન રહેનારામાં પણ તેવી જ રહે છે.

ખચિત કર્યું હોય તેની બુદ્ધિ ફરે નહિ. ॥ ૧૬૦ ॥

પ્રથમ સંસાર અસત્ય જણાતો હતો ને શ્રીજીમહારાજને વિષે હેત પણ જણાતું હતું ને હવે એમ કેમ જણાતું નથી ? ઉત્તર જે, પ્રથમ એ ભક્તની ઇંદ્રિયની વૃત્તિ વિષય સુખને વિષે પ્રવેશ નહોતી કરી ગઈ ને સત્સંગનો વેગ ઇંદ્રિયોને વિષે લાગ્યો હતો ને તે પછી ઉતરતાને યોગે કરીને જ્યારે વિષય સુખનો અનુભવ થયો ત્યારે સત્સંગથી મોળો પડી ગયો એ જ એનો ઉત્તર છે ને વિષય ભોગવીને ન બંધાય એવા તો એક નરનારાયણ ઋષિ વિના બીજો કોઈ નથી. ॥ ૧૬૧ ॥

વિશ્વાસ કેમ થાય ? ઉત્તર જે, શ્રીહરિજી મહારાજની આજ્ઞા જેને હોય જે તમે ધર્મને વિષે રહેજો ને બીજાને પણ રખાવજો. તે માટે પોતે ધર્મને વિષે યથાર્થપણે વર્તતા હોય ને બીજા બહુ મનુષ્યને પણ વર્તાવતા હોય એવી જાતનાં ઐશ્વર્યને જોઈને તેનો વિશ્વાસ કરવો ને એવાનો સંગ કરીને નિર્વાસનિક થાવું ને એવા સત્પુરુષને મન સોંપ્યા વિના તો બ્રહ્મા તથા વૈરાજ તથા સંકર્ષણ જેવાને પણ કસર રહી જાય છે ને એ સમર્થ તો બહુ છે પણ વાસના ટાળ્યા વિના સકામ ભક્ત કહેવાય છે. ॥ ૧૬૨ ॥

સત્પુરુષનો અવગુણ કેમ સમજે તો ન આવે ? ઉત્તર જે, જેને એમના ઠરાવ સામી દૃષ્ટિ હોય તેને એમનો અવગુણ ન આવે. તે એમના ઠરાવની વિગત જે જે મહાપુરુષ હોય તેમનું વર્તન તો પરલોકને અર્થે હોય પણ દેહની આબરૂને અર્થે કે આ લોકના સુખને અર્થે ન હોય ને એમના સંગી હોય તેનું પણ

પરલોકને વિષે સારું થાય એમ જ ઈચ્છે છે ને તેમ જ તેને વર્તાવે છે ને આ લોકનાં જે સુખ છે તે તો ચાર પ્રકારના પ્રલયે કરીને નાશ થઈ જાય એવાં છે ને દુઃખરૂપ ને સ્વપ્ન તુલ્ય છે. એવી રીતે અનંત યુક્તિએ કરીને વાર્તા કરી તે કહ્યું છે જે, ''स त एवास्य छिदंति, मनो व्यासंगमुक्तिभिः''[1] ॥ ૧૬૩ ॥

સત્વ, રજ અને તમ એ ત્રણે ગુણમાંથી જે ગુણ જીવને વિષે અજ્ઞાનકાળે સરસ વર્તતો હોય તે જ ગુણ સત્સંગને વિષે આવ્યા પછી પણ વૃદ્ધિને પામે છે તે સારુ સત્પુરુષને સેવીને પુરુષ પ્રયત્ને કરીને તે ગુણને કાઢે તો જ નીકળે, નહિ તો નીકળે નહિ ને ધર્મ-જ્ઞાનાદિક જે ગુણ અજ્ઞાનકાળે જીવમાં મુખ્યપણે હોય છે તે જ સત્સંગમાં આવ્યા પછી વૃદ્ધિને પામે છે. માટે મોટા પુરુષને સેવીને જો એ ગુણને વધારે તો વૃદ્ધિને પામે છે. માટે સમાગમ કર્યાનું એ જ ફળ છે. ॥ ૧૬૪ ॥

લોભ કામાદિક જે અંતર શત્રુ છે તેને આત્મસત્તારૂપ થઈને ટાળે તો શ્રીજીમહારાજનું ભજન સ્મરણ સુખે થાય ને તે શત્રુને ટાળવાને અર્થે મોટા પુરુષની અનુવૃત્તિ વિષે વર્તવું. ॥ ૧૬૫ ॥

રજોગુણી બુદ્ધિ જે તે મોક્ષ માર્ગને વિશે ચાલી શકે નહિ ત્યાં તો સત્પુરુષની આપેલ બુદ્ધિ પુગે છે. તે કઈ બુદ્ધિ તો મહત્પુરુષનાં વચનને વિષે જે વિશ્વાસરૂપ બુદ્ધિ તે પુગે છે. ॥ ૧૬૬ ॥

અને ધર્મજ્ઞાનાદિક ગુણને વિષે જ્યાં સુધી રુચિ નથી ત્યાં સુધી પાકો સત્સંગી ન કહેવાય માટે સત્પુરુષને સંગે કરીને એ

૧. અર્થઃ– આ જીવોની વાસનાઓને સત્પુરુષો જ ઉપદેશ વાક્યોથી નાશ કરે છે.

ગુણને વિષે પક્વ રુચિ કરવી. ॥ ૧૬૭ ॥

મોટા પુરુષનું શું લક્ષણ છે ? ઉત્તર જે, પોતે અક્ષરરૂપે વર્તે ને મુમુક્ષુને પણ અક્ષરરૂપ સ્થિતિ કરી આપે ને સત્ અસત્‌ના વિવેકનો ઉપદેશ કરીને શ્રીજીમહારાજનો ને સત્પુરુષનો સંગ મુમુક્ષુને અતિ આસક્તિએ સહિત કરાવે તે મોટા પુરુષનું લક્ષણ છે. તે ઉપર અફીણિયાઓના ને જાર સ્ત્રીના દૃષ્ટાંતે[1] કરીને વાર્તા કરી છે. ॥ ૧૬૮ ॥

મોટા સંતે નિર્ગુણ સગુણની વાર્તા કરી જે આચાર્યજી મહારાજ ને સંત એ જે તે કલ્યાણરૂપ દિગ્વિજય કરવાને અર્થે બ્રહ્માંડમાં વિચરે છે તેમની જે સર્વે ક્રિયા તે નિર્ગુણ જ છે કેમ જે તે ક્રિયાને જે જે જીવ દેખે, સાંભળે ને ચિંતવન કરે ને વળી જે એમના કોઈક ઉપયોગમાં આવે તે સર્વેનું કલ્યાણ થઈ જાય છે માટે એ નિર્ગુણ જ છે ને સગુણપણું તો જે અહંમમત્વરૂપ માયા પરસ્પર હરિજનમાં રહી છે તે છે. માટે એકાંતિક સાધુના સંગે કરીને એ માયાને ટાળીને એકાંતિક થાવું એ જ સત્સંગ કર્યાનું ફળ છે. ॥ ૧૬૯ ॥

મોટા પુરુષની જે ક્રિયા છે તે જીવના કળ્યામાં આવે નહિ કેમ જે, એ તો નિઃસ્વાદી થકા સ્વાદને કરતા હોય ને નિર્લોભી થકા લોભને કરતા હોય ઇત્યાદિક સર્વે ક્રિયા અલૌકિક હોય છે માટે જીવના કળ્યામાં ન આવે. જેમ સૂર્યની પ્રકાશરૂપ જે શક્તિ છે તે નેત્રમાં આવે છે તેને ઇંદ્રિયો, દેવતા ને જીવ કોઈ કળી શકતા નથી ને વળી જેમ વૈરાજપુરુષના ગોલકની જે

૧. જુઓ પરિશિષ્ટ.

શક્તિ છે તે દેવ મનુષ્યાદિકના ઇંદ્રિયાદિકને પ્રકાશ કરે છે તેને પણ કોઈ કળી શકતા નથી ને વળી જેમ પુરુષોત્તમ ભગવાનની જે શક્તિ છે તે તો અક્ષર ને મૂળપુરુષાદિક સર્વેને પ્રકાશ કરે છે પણ તેને કોઈ જાણી શકતા નથી. ને વળી જેમ શૂરવીર પુરુષ હોય છે તે બરછી કે તીર નાખે છે તેમાં હાથની શક્તિ જાય છે પણ હાથમાં જેટલી શક્તિ છે તેટલી તેમાં જાતી નથી પણ લેશમાત્ર જાય છે. તેમ પુરુષોત્તમ ભગવાનની જે શક્તિ છે તે તો બ્રહ્મ, માયા ને કાલાદિકને વિષે લેશમાત્ર જ આવી છે ને પોતાને વિષે તો અપાર રહી છે એવો મહિમા દૃઢપણે સમજીને ભજન સ્મરણ કરવું. જ્ઞાની ભક્ત જે તે પુરુષપ્રયત્ને કરીને સ્વભાવને ટાળે છે માટે એ શ્રીજીમહારાજને ગમે છે. ॥ ૧૭૦ ॥

દેહ તો નર્કરૂપ છે તેને પૂજા સેવાદિકે કરીને શું ફળ થાય ? ઉત્તર જે, એમ તો મુમુક્ષુને પોતાના દેહને સમજવો ને જે સત્પુરુષનો દેહ છે તે તો નિર્ગુણ છે. જુઓને સચ્ચિદાનંદ સ્વામીના શરીરને બેડી, ભીંત ને તાળાંસોતાં કમાડ એ કોઈ આડાં આવ્યાં જ નહિ ને સ્વામી સંતદાસજીને પણ હિમાળો રોકી શક્યો નહિ ને વિજ્ઞાનદાસજીને પણ તાળાંસોતાં કમાડ ને ભીંત તે આડાં આવ્યાં જ નહિ ને તે આકાશમાર્ગે ઊડીને ગોલોકમાં વિરજ્યા નદીને વિષે જળપાન કરીને પાછા જ્યાં હતા ત્યાં આવ્યા. માટે એ સર્વે બ્રહ્મરૂપ હતા તો આવરણ કોઈ

૧. અર્થઃ— ત્રણ ગુણોનો નાશ થાય છે ત્યારે બ્રહ્મશરીર એટલે ભગવતીતનુને પામે છે.

આડું ન આવ્યું. તે શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું જે, ‘‘गुणापाये ब्रह्मशरीरमेति[1] એવી રીતે જે ભજન સ્મરણે કરીને તથા ધર્માદિક સાધનની પક્વતાએ કરીને ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે તે તો નિર્ગુણ છે ને છેલ્લા પ્રકરણના ૩૫મા વચનામૃતમાં પણ શ્રીજીમહારાજે કહ્યું છે જે છ લક્ષણે યુક્ત જે ભક્ત છે તેને પૂજને કરીને પરમેશ્વર પૂજાય છે ને તેનો દ્રોહ કરે તો શ્રીહરિજીનો દ્રોહ થાય છે.

साक्षात्संबंधतो यस्य कर्त्ता श्रद्धा च कर्म च ।
ज्ञानं स्थानं च द्रव्यादि गुणवच्चापि निर्गुणम् ॥[1]

એમ કહી ધર્માદિક ચાર સાધનોની તથા સંત અસંતની અતિશય વાર્તા કરી. ॥ ૧૭૧ ॥

નર ને માદા નામે બે પ્રકારના જીવ અસુરમાં ને દેવમાં રહ્યા છે તે નર જો અસુર હોય તો અનેક જીવને અસુર કરે છે ને તે જો દેવ હોય તો હજારો જીવને દેવ કરે છે ને નર વિના એકલી માદાને ફળ લાગે નહિ તેમ એકાંતિક ભક્તના સંગ વિના એકાંતિક થવાય નહિ. તે ઉપર પોપૈયાના વૃક્ષનાં દૃષ્ટાંતે[2] કરીને વાત કરી. ॥ ૧૭૨ ॥

દેહને વિષે જીવને જેવી આત્મબુદ્ધિ ને પૂજ્યબુદ્ધિ છે તેવી જો મહાપુરુષને વિષે આત્મબુદ્ધિ ને પૂજ્યબુદ્ધિ આદરે

૧. અર્થઃ— કર્તા, શ્રદ્ધા, કર્મ, જ્ઞાન, સ્થાન અને દ્રવ્યાદિક સર્વગુણવાળા હોવા છતાં પણ નિર્ગુણ ભગવાનના સાક્ષાત્ સંબંધથી નિર્ગુણ થઈ જાય છે.

૨. જુઓ પરિશિષ્ટ.

સહિત રાખે તો જ્ઞાનાદિક સદ્‌ગુણ જીવને વિષે આવે છે. એમાં કાંઈ સંશય નથી. ને જીવ તો પોતાની મેળે બહુ કરે છે પણ તે લેખે આવતું નથી ને જો મોટા પુરુષની મરજી પ્રમાણે વર્તે તો અલ્પ કરે પણ બહુ થાય, જેમ રસે યુક્ત અન્ન અલ્પ જમે પણ તૃપ્ત થાય છે ને ભાજી બશેર જમે તથા છાસ બે પતર પીવે તો પણ તેને સંતોષ ન થાય. ॥ ૧૭૩ ॥

## ૧૩ અખંડ અનુસંધાનની વાતો

પંચ ઇંદ્રિયોએ કરીને જે જે ક્રિયા કરે તે કર્મયોગ કહેવાય ને ભગવાન સંબંધી જે જે ક્રિયા કરે તે ભક્તિયોગ કહેવાય ને આત્મામાં તથા પરમાત્મામાં મન અખંડ રહે ત્યારે સાંખ્યયોગ કહેવાય. ॥ ૧૭૪ ॥

ભગવાનનો અખંડ સંબંધ થયો તે કેમ જાણવો ? ભગવાનનો સંબંધ તો તેને કહીએ જે તેમાં કાંઈ અંતરાય ન રહે અને ભગવાનને સર્વોપરી સમજે ને ભગવાન જે જે વચન કહે તેને સત્ય માને અને જ્યાં મૂકે ત્યાં રાજી થકો જાય પણ મૂંઝાય નહિ તથા તે કોઈ વિષયને વિષે બંધાય નહિ ને તે વિષયને વિષે રાગ પણ ન થાય ને નિરંતર દોષને દેખે એમ વર્તે ત્યારે જાણીએ જે તેને ભગવાનનો સંબંધ અખંડ થયો. ॥ ૧૭૫ ॥

તે ધ્યાન કર્યાની રીત કહીએ છીએ જે ભગવાનનો ભક્ત હોય તે દૃષ્ટિ આગળ મૂર્તિ ધારે ત્યારે પ્રથમ તો જેવી ભગવાનની મૂર્તિ છે તેવી જ દેખાય છે તે જોતે જોતે જ્યારે મૂર્તિને વિષે વૃત્તિ ઠેરાય છે તે જેમ સૂર્યની કિરણ જાળીએ થઈને ઘરમાં પડે છે ને સૂર્યની કિરણ તેને સૂર્યની એકતા દેખાય છે તેમ જે ભક્તને અખંડ ભગવાનની મૂર્તિમાં વૃત્તિ બંધાય છે ત્યારે તેને મૂર્તિ અગ્નિ સરખી રક્ત ભાસવા લાગે. પછી

રાતામાંથી પ્રકાશ ઘણો પ્રગટીને સૂર્ય જેવી મૂર્તિ ભાસે, પછી ચંદ્રમા જેવું શીતળ ને મોટો તારો ખરે તેના જેવું ઉજ્જવળ તેજ તે સરખી અત્યંત ઊજળી પ્રકાશવાન મૂર્તિ ભાસે. પછી એવી મૂર્તિ જ્યારે હૃદયમાં પાછી ફરે છે ત્યારે આંખો ચક્રની પેઠે ફરફર ફરીને અંતર્દષ્ટિ થઈ જાય છે ત્યારે એ ભક્તના હૃદયમાં મૂર્તિ દેખાય છે. પછી તે મૂર્તિને જોતાં જોતાં તેના હૃદયમાં રુશનાઈ જેવો અવકાશ દેખાય છે ત્યારે પચાશ કરોડ યોજન પૃથ્વી ને લાખ યોજનનો મેરુ ને તે મેરુની ઉપર બ્રહ્મા, વિષ્ણુ ને શિવ તેનાં ધામ તથા સાડા બાર કરોડ યોજન ઊંચો જે લોકાલોક પર્વત ને માંહેલી કોર જે સાત સમુદ્ર તથા ઇંદ્ર, યમ, વરુણ, કુબેર તેની પુરીઓ તે સર્વે તથા પૃથ્વી ઉપર સ્થાવર જંગમ સર્વેને દેખે છે. જેમ બહાર સર્વ પદાર્થ ત્યાગ કરીને એક ભગવાનની મૂર્તિને વિષે વૃત્તિ જોડી હતી તેમ એ સમગ્ર ખોટું કરીને એક ભગવાનની મૂર્તિને જ દેખે છે. તે ભગવાનની મૂર્તિ કેવી છે તો જેમ કોઈના હાથમાં ચિંતામણિ હોય તે જ્યારે જે મનોરથ ધારે તે સર્વે સાચું થાય તેમ ભગવાનની મૂર્તિ સાથે જેની અખંડ વૃત્તિ જોડાણી છે તે તો ગોલોક, વૈકુંઠ તથા શ્વેતદ્વીપ તથા અક્ષરધામ તથા અનંતકોટિ મુક્ત તે સર્વેને દેખે છે ને એવો ભગવાનનો ભક્ત હોય તે જ્યારે ધારણા કરે છે ત્યારે પચાશ કોટિ યોજન જે પૃથ્વી, તેથી દશગણો આકાશ, તેથી દશગણો અહંકાર, તેથી દશગણું મહત્તત્ત્વ તેથી અનંતગણી પ્રકૃતિ, તેથી અનંતગણો પુરુષ ને તે પ્રકૃતિપુરુષથી અનંતગણું ભગવાનનું ધામ; તે ભગવાનના ધામમાં આંખના

મટકાના લાખમા ભાગમાં જઈને આવે છે. તેને એમ જણાય છે જે એ ધામમાં હજાર વર્ષ રહી આવ્યો અથવા લાખ વર્ષ રહી આવ્યો અથવા બ્રહ્માના કલ્પ પર્યંત રહી આવ્યો તેવું જણાય છે ને તે અહીં તો મટકાનો લાખમો ભાગ થયો હોય એવી અલૌકિક વાત છે તે ભગવાનના ધ્યાનવાળા જાણે છે. એવી જાતની ધારણા થાય છે તેનું કારણ તે ભગવાનની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી તે છે. માટે જેને ભગવાનમાં અખંડ વૃત્તિ રહેતી હોય અને તે સંસારમાં રહેતો હોય તેને પણ અલૌકિક દૃષ્ટિ થાય છે અને ભગવાનની મૂર્તિને વિષે જેની વૃત્તિ ન ચોંટતી હોય ને તે બ્રહ્મચર્ય વ્રત પાળતો હોય ને દેહને સૂકવીને કાષ્ટ જેવો કરે તો ય પણ તેને અલૌકિક દૃષ્ટિ આવતી નથી અને જેની ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહેતી હોય ને તે જો ભગવાનના ભક્તનું[૧] માહાત્મ્ય જાણતો હોય તો તેની અલૌકિક દૃષ્ટિ થાય છે ને તેને આત્માનું દર્શન થાય છે. માટે ભગવાનનું ધ્યાન કરતાં જે જે અંતરાય કરે તેનો શત્રુની પેઠે ત્યાગ કરવો અને કોઈક અધર્મને માર્ગે ચાલતો હોય તો તેનો પણ ત્યાગ કરવો પણ ભગવાનના ધ્યાનમાં અંતરાય પડવા દેવો નહિ. ॥ ૧૭૬ ॥

૧. અહીં ભક્તનો અર્થ મુક્ત સમજવો.

## (૧૪) વિવેકી પુરુષનાં લક્ષણોની વાતો

સ્વામીએ વાત કરી જે દત્તાત્રેય કહે છે હે સાધ્ય દેવો ! મારા ગુરુ થકી આ કરવા યોગ્ય સાંભળ્યું છે તે શું ? તો ધૃતિ જે નાના પ્રકારના દુઃખે કરીને પણ વિકલ[1] ન થાવું દમ જે સર્વે ઇંદ્રિયોને જીતવી. ને સત્ય ધર્મની અનુવૃત્તિ[2] રાખવી. ને હૃદયની જે અહંમમતાદિક સર્વે ગ્રંથિઓ[3] તેને ટાળીને પ્રિય, અપ્રિય જે સુખ દુઃખ તેને આત્મસમતાને[4] પમાડે કહેતાં પોતાને અને બીજાને સમાનપણે સુખ-દુઃખને જુવે એટલું જ કરવા યોગ્ય છે એમ ગુરુ થકી મેં સાંભળ્યું છે.

વળી પોતાને કોઈક કઠણ વચને કરીને તિરસ્કાર કરે તો તેને સામો તેવો તિરસ્કાર ન કરે ને તેનું સહન કરે કેમ જે સહન કરનારાનો જે ક્રોધ છે તે જ તે તિરસ્કારના કરનારાને બાળી નાંખે છે ને તેનું જે સુકૃત છે તેને સહન કરનારો જે પુરુષ તે પામે છે.

હે દેવો ! જે પુરુષ પોતાના કલ્યાણને ઇચ્છે તે પુરુષ જે તે બીજા કોઈને કઠણ વચને કરીને તિરસ્કાર કરે એવો ન થાય તથા બીજા કોઈનું અપમાન કરે એવો ન થાય તથા પોતાના મિત્રનો દ્રોહી ન થાય તથા નીચ પુરુષની સેવાનો કરનારો ન

૧. વિહ્‌વળ-વ્યાકુળ. ૨. અનુસરણ. ૩. જુઓ પરિશિષ્ટ
૪. સરખાપણું.

થાય તથા અભિમાનવાળો ન થાય, હીન આચરણવાળો ન થાય તથા ક્રોધે યુક્ત વાણી ન બોલે અને ક્રોધે યુક્ત એવી જે રુખિ[1] વાણી તે જે તે આ લોકને વિષે પુરુષના મર્મસ્થળનાં જે હાડકાં તથા હૃદય અને પ્રાણ એ સર્વને બાળી નાખે છે તે કારણપણા માટે ધર્મવાળો પુરુષ જે તે બીજાને બાળે એવી જે રુખિ વાણી તેને નિત્ય વરજે.

પારકા મર્મસ્થળનો પીડનારો અને રુખિ છે વાણી જેની એવો અને રુખિ વાણીરૂપી કાંટે કરીને મનુષ્યને પીડનારો પુરુષ અત્યંત શોભાએ રહિત જાણવો અને જનનો જે મૃત્યુ તેને મુખને વિષે બાંધીને વહેનારો છે એવો એને જાણવો કહેતાં કઠણ વચનરૂપ જે જનનું મૃત્યુ તેને મુખને વિષે તૈયાર લઈને ફરે છે.

અતિશય તીખાં અને અગ્નિ ને સૂર્ય સરખાં પ્રદિપ્ત એવાં જે વાણીરૂપ બાણ તેણે કરીને જો બીજો એને અતિશય વીંધે ને તે બાણે કરીને વીંધાણો છે તો પણ અતિશય વિવેકે યુક્ત એવો જે એ જ્ઞાની પુરુષ તે જે તે એમ જાણે જે આ તો મારાં સુકૃતને પોષણ કરે છે એમ સમજીને ક્ષમા કરે છે. ॥ ૧૭૭ ॥

જે પુરુષ સંતને સેવે, અસંતને સેવે, તપસ્વીને સેવે, ચોરને સેવે, તો તે સેવનારો પુરુષ જે તે તેમના વશને પામે છે. કહેતાં સંતને સેવે તો પોતે સંત થાય છે અને અસંતને સેવે તો પોતે અસંત થાય છે. અને તપસ્વીને સેવે તો પોતે તપસ્વી થાય

૧. કઠોર.

છે ને ચોરને સેવે તો પોતે ચોર થાય છે, કેની પેઠે તો જેમ વસ્ત્ર જેવા રંગમાં રંગીએ તેવા રંગવાળું થાય છે. ॥ ૧૭૮ ॥

જે વિવેકી પુરુષ છે તે જે તે પોતા સાથે જો કોઈ અતિ વાદ કરે તો પોતે તે સાથે અતિ વાદ ન કરે ને બીજા પાસે કરાવે નહિ, અને વળી જે બીજે માર્યો થકો તેને પોતે મારે નહિ ને બીજા પાસે મરાવે પણ નહિ. અને પોતાને જે મારનારો તેના ભૂંડાને નથી ઇચ્છતો એવો જે પુરુષ તે આવે તેને દેવતા પણ ઇચ્છે છે કહેતાં તે દેવતાને પણ માનવા યોગ્ય થાય છે. ॥ ૧૭૯ ॥

જો રૂડું વચન બોલતાં ન આવડે તો ન બોલવું એ શ્રેષ્ઠ છે એમ મોટા કહે છે. અને ન બોલવા થકી પણ જે સત્ય વચન બોલવું તે શ્રેષ્ઠ છે અને તે સત્ય વચન પણ જો પ્રિય લાગે એવું બોલાય તો તે સત્ય વચનથી પણ શ્રેષ્ઠ છે અને તે પ્રિય વચન પણ ધર્મેયુક્ત બોલાય તો અતિશય શ્રેષ્ઠ છે. એવી રીતે વચન બોલવાના ચાર પ્રકાર છે તેને જાણવા. ॥ ૧૮૦ ॥

જે પુરુષ જેવા ભેળો બેસે છે ને જેવા પુરુષને સેવે છે અને પોતે જેવો થાવાને ઇચ્છે છે તેવો થાય છે. માટે સત્પુરુષ ભેળે બેસવું ને સત્પુરુષને સેવવા ને સત્પુરુષના જેવો પોતાનો સ્વભાવ કરવાને ઇચ્છવું પણ અસ્તપુરુષનો પ્રસંગ તો કોઈ પ્રકારે કરવો નહિ. ॥ ૧૮૧ ॥

જે પુરુષ જે જે પદાર્થ થકી નિવૃત્તિને પામે છે તે તે પદાર્થ થકી એ મુકાઈ જાય છે અને જો સર્વે પદાર્થ થકી નિવૃત્તિને

પામે છે તો તે અણુ માત્ર પણ દુઃખને નથી પામતો અને સર્વેથી નિવૃત્તિને પામ્યો હોય એવો જે પુરુષ તેને કોઈ જીતવાને ઇચ્છતો નથી અને એ પણ બીજાને જીતવાને ઇચ્છતો નથી. અને કોઈ સાથે વૈર કરતો નથી અને કોઈને મારતો નથી ને નિંદા ને સ્તુતિ તેને વિષે તુલ્ય છે સ્વભાવ જેનો એવો જે એ પુરુષ તે કોઈ પદાર્થ નાશ પામી જાય છે તેનો શોક કરતો નથી અને કોઈ પદાર્થને પામીને તેનો હરખ પણ નથી કરતો. **॥ ૧૮૨ ॥**

શ્રીજીમહારાજ અને સાધુ તેડવા આવે ત્યારે કેના ભેગું જાવું ? કેમ જે મહારાજ એમ કહે છે જે તમારે આ સાધુ સાથે હેત છે અને અમે આમ ફરીને આવીએ છીએ તે તમારી નજરમાં આવે તો અમારા ભેળા આવો કે તે સાધુ ભેળા જાઓ. ત્યારે કેના ભેગા જાવું ? તે વાસ્તે મહારાજના જેવું હેત કોઈ મુક્તને વિષે ન રાખવું અને જેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય તેને તો એક ભગવાનને વિષે જ પ્રીતિ રાખવી પણ બીજા કોઈ મુક્તને વિષે ન રાખવી. અને જેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તે અતિ દૃઢ ન હોય તેણે તો કોઈક મોટા એકાંતિક સાધુ હોય તે સાથે હેત કરવું અને સત્સંગીની સભા બેઠી હોય ત્યારે તો પર્વતભાઈ જેવા પાસે બેસવું અને સત્સંગી સાધુની સભા બેઠી હોય ત્યારે તો ગોપાળાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી જેવા સંત પાસે બેસવું તથા હેત પણ મહારાજ સાથે રાખવું પણ બીજા કોઈને વિષે સંગ તથા હેત તે મહારાજના જેવું ન રાખવું

અને મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી એ બે બેઠા હોય તેમાં પણ જે સરસ હોય તેમની પાસે બેસવું એવી રીતે સત્સંગ કરવામાં વિવેક રાખવો પણ એ વાત ભૂલવી નહિ. ॥ ૧૮૩ ॥

મહારાજ આજ્ઞા કરે જે તમારી નજરમાં આવે ત્યાં અવતાર ધરીને જીવોનાં કલ્યાણ કરી આવો. ત્યારે એવે ઠેકાણે દેહ ધારવો જે ગરીબ બ્રાહ્મણ હોય ને માગીને પેટ ભરતો હોય ને કન્યા પણ ન મળતી હોય ને વેદનો ભણેલો ને ધર્મવાળો હોય તેને ઘેર દેહ ધરવો કે તરત ઘરનો ત્યાગ કરીને ત્યાગી થવાય અને જો ભારે ધનાઢ્ય ગૃહસ્થને ઘેર જન્મ ધરે તો નાનો હોય ત્યાંથી એવા માર્ગમાં ચડાવી દે જે માન, મોટપ, સ્ત્રી, ધન ને લોકની આબરૂ તથા પોતાના સંબંધી તેમાં સ્નેહ થાય. પછી તે મૂકીને નીકળાય નહિ. તે માટે દેહ ધરવો પડે તો એમ સમજી, વિચારી, તપાસ કરીને દેહ ધરવો એ વાત અવશ્ય સમજવાની છે. ॥ ૧૮૪ ॥

ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું જે દેશકાળાદિકે કરીને એક નિરધાર રહે એમ જણાતું નથી, – માટે કેમ કરે તો મતિ ન ફરે ? ત્યારે કહ્યું જે એ તો એક ભગવાનને વિષે જ મોટપ સમજે પણ બીજા કોઈનો ભાર ન આવે ને સત્સંગનો વધારો થાય તથા ઘટી જાય તો પણ એમ સમજે જે ભગવાન મળ્યા છે તે તો કાંઈ જતા રહે તેમ નથી. તથા કોઈક લે એમ પણ નથી અને જો સત્સંગનો વધારો થાશે ને લોક બહુ માનશે તો સામો ભગવાનને ભજતાં અંતરાય થાશે અને રજોગુણી મનુષ્ય સત્સંગી થાશે ને બહુ માનશે તો સામા આપણને પણ રજોગુણી કરશે. માટે

એમ ચોક્કસ સમજે જે ભગવાન કરતા હશે તે ઠીક જ કરતા હશે એમ સમજે તો કોઈ રીતે મતિ ન ફરે. ॥ ૧૮૫ ॥

જ્ઞાની અને વિશ્વાસી ભક્તનાં કેવાં લક્ષણ હોય ? (૧) જ્ઞાની ભક્તને જ્ઞાનાંશની યથાર્થ દૃઢતા હોય તેમાં કોઈ જાતની કસર રહેતી નથી.

(૨) વિશ્વાસી ભક્તને ભગવાન અને ભગવાનના ખરેખરા એકાંતિક ભક્તનો દૃઢ વિશ્વાસ હોય તેણે કરીને જેમ એ કહે તેમ જ એ મન, કર્મ, વચને વર્તે તો તેમાં પણ કોઈ જાતની કસર ન રહે અને પ્રથમ જે જ્ઞાની કહ્યો તેનો સંગ કરે તો તેને પોતા જેવો કરે ને બીજો વિશ્વાસી ભક્ત છે તે તો પોતાના જીવાત્માનું જ રૂડું કરે પણ બીજાને સમજાવી શકે નહિ. એટલો એ બેમાં ભેદ છે. ॥ ૧૮૬ ॥

વળી પોતે એમ વાર્તા કરી જે એક તો એવો પુરુષ હોય જે પોતે પણ ભગવાનને સંભારે અને બીજા જે જે પોતાને આશરે આવે તે સર્વેને ભગવાન સંભરાવે અને બીજો તો એવો હોય જે પોતે પોતાની મેળે ભગવાનને સંભારે અને ત્રીજો તો બીજાની ઓથે રહીને ભગવાનને સંભારે પણ સ્વતંત્રપણે પોતે ન સંભારે અને ચોથો તો એ જે પોતે ભગવાનને ન સંભારે અને બીજો કોઈ ભગવાનને સંભારે તો ય ઠીક અને ન સંભારે તો ય ઠીક અને પાંચમો તે એવો હોય જે પોતે પણ ભગવાનને ન સંભારે અને બીજાને પણ ભગવાન ન સંભારવા દે. માટે આ પાંચ પ્રકારના પુરુષ ઓળખીને સોબત કરવી. ॥ ૧૮૭ ॥

જીવને મોક્ષને માર્ગે ચાલવું કઠણ છે. તેની વિગત જે સંસારમાંથી સત્સંગી થાવું હોય તો હજારો કારસા આવે અને સત્સંગ થાય તો પણ શિક્ષાપત્રીની આજ્ઞા પ્રમાણે દશમો વીસમો ભાગ કાઢીને નક્કી ભક્ત થાવું કઠણ છે અને એને સાધુ થાવું હોય તો હજારો ક્લેશ થાય અને સાધુ થઈને એકાંતિક સાધુને ઓળખવા અને એમને સંગે રહેવું તેમાં હજારો રોકનારા મળે અને એ પણ થાય તો પણ ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તવું ઘણું કઠણ છે. તે પણ થાય તો પણ ભગવાનની નિરંતર સ્મૃતિ રાખવી એ કઠણ છે અને એ કરતાં પણ ઇંદ્રિયો અંતઃકરણને જીતીને ભગવાનનું જીવમાં ભજન કરવું તે કઠણ છે અને તે કરતાં પણ ચાર પ્રકારના પ્રલયે કરીને પ્રકૃતિપુરુષ પર્યંત સર્વે નાશવંત જાણીને ઉપશમ કરીને પોતાના આત્માને અક્ષરબ્રહ્મ સાથે એક કરીને અને શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન એ બેયે કરીને વાસના લિંગ દેહનો ભંગ કરવો, એ અતિ કઠણ છે અને તે સર્વે કરતાં પણ જાણીને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કરીને તે મહારાજની મૂર્તિમાં અતિ પ્રેમલક્ષણા ભક્તિએ કરીને સ્નેહ કરવો અને અક્ષરના સુખમાં ન લેવાય અને મૂર્તિને સુખે કરીને ગુલતાન રહે એવા ભક્ત થાવું સર્વેથી અતિ કઠણ છે. એવો મુક્ત થયો ત્યારે તેને સાધન માત્રનો અંત આવ્યો અને તે ભક્તને ભગવાનની મૂર્તિનું કેવું સુખ આવે તો જેવું ભગવાનને પોતાનું સુખ આવે છે તેવું એ ભક્તને ભગવાનની મૂર્તિમાંથી સુખ આવે છે. ॥ ૧૮૮ ॥

જેવો રાજા હોય તેવી જ તેની સભા હોય. તેમ જેવું

ગુરુમાં દૈવત હોય તેવું શિષ્યમાં દૈવત આવે છે ને પોતે પોતાનું તળ તપાસ્યું ન હોય ને જો પોતાનું અપમાન થાય અથવા સત્સંગનું અપમાન થાય અથવા જેને ભજતો હોય તે જ પાડવાનું કરે તો સત્સંગમાં ન રહે. માટે તળ તપાસીને સત્સંગ કરવો તો સત્સંગ ન ટળે. તે ઉપર અમદાવાદના બે ગરાસિયાનું દૃષ્ટાંત[1] કહ્યું છે. ॥ **૧૮૯** ॥

શ્રીજીમહારાજ કહે જે સત્સંગ તો સર્વે કરે છે પણ સૌ આધારે કરીને સુખી રહે છે. કોઈ માન મોટાઈને આધારે સુખી રહે છે ને કોઈ સારા ખાધાને આધારે ને કોઈ સારાં વસ્ત્રને આધારે ને કોઈ ચેલાને આધારે સુખી રહે છે અને જે શ્રીહરિના દાસ છે તેને તો ભગવાનની મૂર્તિ તે જ આધાર છે. જેમ દુબળા વાણિયાને અજમે હાથ હોય તેમ તે તો ભગવાન વતે જ સુખી રહે છે. ॥ **૧૯૦** ॥

જેને વિષે પોતાનો સ્વાર્થ માન્યો હોય તેમાં લાખ દોષ હોય પણ તેને તેમાં એકે સૂઝે નહિ ને પોતાનો દોષ પણ સૂઝે નહિ. જુઓને ઉપરિચરવસુને[2] ન સૂઝ્યો તેણે કરીને પડ્યો. ॥ **૧૯૧** ॥

મુમુક્ષુ હોય તે તો એમ જાણે જે આપણે તો આજ્ઞામાં રહેવા આવ્યા છીએ પણ કોઈને આજ્ઞામાં રાખવા નથી આવ્યા ને નિર્લોભી, નિષ્કામી, નિઃસ્વાદી, નિર્માની ને નિઃસ્નેહી થાવા આવ્યા છીએ પણ તેને વધારવા આવ્યા નથી. ॥ **૧૯૨** ॥

૧. જુઓ પરિશિષ્ટ. ૨. જુઓ પરિશિષ્ટ.

અને જે મુમુક્ષુ હોય તે તો નિત્યે પોતાના વર્તમાન તપાસી જુએ ને પોતાના શત્રુઓને તપાસે ને તે શત્રુને વશ ન વર્તે. ॥ **૧૯૩** ॥

શ્રીજીમહારાજે કહ્યું છે જે ત્રણ પ્રકારના વાયુ વાય છે તેમાં તો એવો વાય જે પાંડદાં ખરે ને એક તો ડાળાં ભાંગે ને એક તો ઝાડને મૂળમાંથી ઉખેડી નાખે તે તો દૃષ્ટાંત છે તેમ એક તો સંકલ્પ થાય ને ટળી જાય ને એક તો પંચવર્તમાનમાં ફેર પડે તેનું પ્રાયશ્ચિત્ત કરીને સત્સંગમાં રહે ને એક તો સત્સંગમાંથી જાતું રહેવાય. ॥ **૧૯૪** ॥

ઇંદ્રિયો, અંતઃકરણ, દેવતા ને જીવએ સર્વે જે તે જેમ નેત્રમાં સૂર્યની આવ્યા ગયાની ગતિને જાણતા નથી તેમ અક્ષરાદિક સર્વે મુક્તો પુરુષોત્તમની ગતિને જાણતા નથી. જેમ ચંદ્રમા રાહુએ ગળ્યો થકો ઊગે છે ને આથમે છે તેમ હરિભક્ત પણ શ્રીહરિજીની કથાનું શ્રવણ મનનાદિક જે સર્વે ક્રિયા કરે છે તે દેહાભિમાનરૂપ રાહુએ ગળ્યા થકા કરે છે. માટે એ સર્વે ક્રિયાને વિવેકે કરીને કરવી. તે વિવેક અમદાવાદના બીજા વચનામૃતમાં કહ્યો છે જે નાહી ધોઈને પૂજા કરવી. ॥ **૧૯૫** ॥

ઉત્તમ મુમુક્ષુનું લક્ષણ એ છે જે સ્ત્રી, દ્રવ્ય, રસાસ્વાદ ને માન એનો ત્યાગ જ કર્યા કરે ને મોટા સંત સ્વભાવ મુકાવ્યાને અર્થે દુઃખ લગાડીને કહે તો પણ કોઈ રીતે મૂંઝાય નહિ. ॥ **૧૯૬** ॥

નિર્બળ તથા બળવાન કેમ જણાય ? ઉત્તર જે, ઇંદ્રિયો,

મન, બુદ્ધિ ને જીવ એ ચારેને નિશ્ચયે કરીને શ્રીજીમહારાજના ભક્તરૂપે વર્તવું તે અનુક્રમે એક એકથી બળિયો કહેવાય છે. તેની વિગત જે કોઈક પરદેશમાં જાય છે ને ત્યાં જ વળગી રહે છે ને કોઈક ઘેર આવે છે ને કોઈક તો બુદ્ધિએ કરીને નિશ્ચય કરે ત્યાર પછી તે ક્રિયાને કરે છે તેમ કોઈક તો સત્તારૂપે વર્તે છે ને કોઈક તો નિત્ય પ્રલયાદિકે કરીને સર્વે પદાર્થને નાશવંત તુચ્છ ને અસાર જાણીને તથા વૈરાગ્યનું ગ્રહણ કરીને શ્રીહરિજીને વિષે દૃઢ પ્રીતિ કરે છે તે એક એકથી બળિયા છે. ॥ ૧૯૭ ॥

જેવો જેને અભ્યાસ કર્યામાં આગ્રહ છે તેવી તેને સિદ્ધિ વહેલી થાય છે અને રજોગુણી બુદ્ધિવાળો તો ઉત્થાન ભેળી જ ક્રિયા કરવા માંડે છે ને તમોગુણી તો અંધ ધંધ જેવી ક્રિયા કરે છે ને સત્ગુણી તો વિચાર્યા વિના કરે જ નહિ. ॥ ૧૯૮ ॥

ઉત્તમ મુમુક્ષુનાં લક્ષણ એ છે જે સત્પુરુષને ઓળખી કાઢે ને તેને મન સોંપી દે ને તેમના સમાગમને અર્થે સર્વે પ્રકારનું ભીષણ ખમે ને કોઈક ઉત્તમ વિષયને વિષે લોભાવવાનું કરે તો પણ ન લોભાય. ને ધર્મજ્ઞાનાદિક સાધન ને દેશકાળાદિકના વિષમપણાએ કરીને પણ મૂકે નહિ ને આત્મા અનાત્માનો વિચાર કર્યા કરે. ને સર્વે શાસ્ત્રનો એ જ સિદ્ધાંત છે જે સત્તારૂપ થઈને શ્રીહરિનું ધ્યાન કરવું ને એમને એમ અનેક જન્મ સુધી કર્યા કરે ત્યારે કારણ શરીર નાશ પામે છે. ॥ ૧૯૯ ॥

જ્ઞાની ને અજ્ઞાનીનું લક્ષણ સંક્ષેપે કરીને કહીએ છીએ જે

જ્ઞાની ભક્ત પ્રવૃત્તિ માર્ગમાં શ્રીજીની આજ્ઞાએ કરીને પ્રવર્તતા હોય પણ શ્રીહરિજીની કથા, વાર્તા, કીર્તન, ભક્તિ તથા આત્મા અનાત્માનો વિવેક કર્યા વિના રહી શકે નહિ ને જે અજ્ઞાની ભક્ત હોય તે તો પ્રવૃત્તિમાર્ગમાં અતિશય જોડાઈ જાય ને ભજન સ્મરણ પણ યથાર્થ થાય નહિ. ॥ ૨૦૦ ॥

કોઈકને હેત હોય ને વિશ્વાસ ન હોય ને કોઈકને વિશ્વાસ હોય ને હેત ન હોય એમ વાર્તા કરી. ત્યારે કોઈકે પૂછ્યું જે એ બેની સમજણમાં શી ખોટ હશે ? ઉત્તર જે, વિશ્વાસીને એ ખોટ છે જે એને પંચવિષયને વિષે રાગ છે એટલે હેત થાતું નથી ને હેતવાળાને એ ખોટ છે જે સત્પુરુષની મોટપ એણે યથાર્થ જાણી નથી એટલે વિશ્વાસ આવતો નથી. ॥ ૨૦૧ ॥

એક હરિભક્ત તો સત્સંગ સંબંધી ભીષણ ખમી શકે છે ને એક નથી ખમી શકતો એ બેમાં શો ગુણદોષ હશે ? ઉત્તર જે, ભીષણ ખમતો નથી તેમાં તો એ દોષ છે જે એ શ્રીજીમહારાજનો ને મોટા સંતનો મહિમા સમજતો નથી ને શ્રદ્ધા પણ અલ્પ છે ને દેહાભિમાન પણ બહુ છે માટે સત્સંગ તેના જીવને વિશે પ્રવેશ કરતો નથી એટલે વૃદ્ધિ પણ પામતો નથી ને ભીષણ ખમી શકતો નથી. ॥ ૨૦૨ ॥

જે સત્સંગી ધર્મને વિષે દઢપણે વર્તતો હોય ને શ્રીહરિજીની મરજીને જાણતો હોય ને સત્પુરુષને ઓળખતો હોય તે પાકો સત્સંગી કહેવાય. ॥ ૨૦૩ ॥

મુમુક્ષુ હોય તેને એમ સમજવું જે હું પોતાને પાપે કરીને

માંદો પડ્યો છું ને વળી દેહને અર્થે નાશવંત ને અતિ તુચ્છ એવા જે પંચવિષય તે સારુ હરિભક્તનો તથા સંતનો અવગુણ લેવા રૂપ પાપ કરું છું તેને હું ક્યાં છૂટીશ ? એમ સમજીને કોઈનો અવગુણ લેવો નહિ. ॥ ૨૦૪ ॥

બે પ્રકારની બુટ્ટીની વાર્તા કરી જે એક બુટ્ટી તો ત્રાંબાદિકને સોનું કરી આપે ને બીજી બુટ્ટી તો સોનાને રાખ કરી નાખે છે. તેમ બહુ બુદ્ધિવાન સંતના સમાગમે કરીને તો એકાંતિક ભક્ત થાય છે ને અલ્પ બુદ્ધિવાનના સંગે કરીને તો ડોળિયો થઈ જાય છે. માટે સારા નરસા થયાનું કારણ તો સત્સંગ અને કુસંગ છે તેને ઓળખીને સંગ કરવો. એ રીતે બહુ વાર્તા કરી. ॥ ૨૦૫ ॥

ત્રણ પ્રકારના બુદ્ધિવાનની વાર્તા કરી જે એકની બુદ્ધિ તો હજારોના બંધનને કાપી નાખે છે ને ખાનપાનાદિક સન્માનને વિષે બંધાય જ નહિ. ને બીજો ઘણાંને સમાસ કરે પણ પોતે જ સન્માનાદિકે કરીને બંધાઈ જાય છે ને ત્રીજો તો પોતાનો સમાસ માંડમાંડ કરે. એવી રીતે સત્વ, રજ ને તમોગુણમય બુદ્ધિવાનના ભેદ કહ્યા. ॥ ૨૦૬ ॥

શ્રીહરિકૃષ્ણજીનો ભક્ત હોય ને રજોગુણને વિષે અતિ આસક્ત વર્તતો હોય તો અનિરુદ્ધ કે બ્રહ્મા જેવો થાય છે ને તમોગુણને વિષે અતિ આસક્ત મતિ હોય તો સંકર્ષણ કે શિવજી જેવો થાય છે ને સત્વગુણને વિષે અતિ દૃઢ આસક્ત મતિ હોય તે પ્રદ્યુમ્ન તથા વિષ્ણુ જેવો થાય છે ને જે

એકાંતિકના સંગે કરી ભાગવત્ ભક્ત થાય છે તે તો નિર્ગુણ કહેવાય છે ને એ તો સર્વેને વિષે શ્રેષ્ઠ કહેવાય છે ને એને વિષે પણ નિર્બળ ને બળવાન હોય છે તેમાં જે અતિ બળિયા એકાંતિક ભક્ત હોય છે તે તો શ્રીજીમહારાજની આજ્ઞાએ કરીને પ્રદ્યુમ્નાદિકને માન આવ્યું હોય તો તેના માનને ઉતારીને રૂડી રીત્યે સ્થિત્યાદિક ને ધર્મજ્ઞાનાદિકે સોતા પ્રવર્તાવે ને નિર્લેપ થકા પાછા આવીને સેવાને વિષે પણ તત્પર રહે છે ને જે હરિભક્તને સત્વગુણ પ્રધાન વર્તતો હોય તેને મૂંઝવણ તો આવે પણ તે સત્સંગનું અવળું કરે નહિ ને બીજા બે તો અવળું કરે ને બીવે પણ નહિ. તે ઉપર ભીષ્મ, શંકર ને અક્રૂરને દૃષ્ટાંતે[1] કરીને વાર્તા કરી. ॥ ૨૦૭ ॥

શ્રીજીમહારાજને ને તેમના મહિમાને ને તેમના ધામને ને તેમના અવતારને તથા સત્પુરુષને તથા તેમના મહિમાને જે યથાર્થપણે જાણતો હોય તે સત્સંગમાંથી કોઈ રીતે પડે નહિ ને સર્વે પ્રકારે ભીષણ પણ ખમે ને એવી જાતના સમજણવાળાના અંતરમાં ચીકાશ હોય છે ને તે જ્યાં જાય ત્યાં ભગવાનને મૂકી શકે નહિ. ॥ ૨૦૮ ॥

નૃસિંહાનંદ સ્વામીએ પૂછ્યું જે પંચવિષયને કેમ ભોગવવા ? ઉત્તર જે, જેમ કોઈ વૈરી મનુષ્ય હોય ને તે પોતાને ઘેર મહેમાન (પરોણો) થયો હોય તો તેને સાકરનાં સીધાં આપવાં પડે છે પણ અભાવસોતાં આપે છે એમ વિષય ભોગવવાને વિષે દેહને પ્રવર્તાવવો. ॥ ૨૦૯ ॥

૧. જુઓ પરિશિષ્ટ.

અન્ન ને વસ્ત્ર એ બે વિના ન ચાલે ને બીજા સર્વે વિના ચાલ્યું જાય છે માટે શ્રીજીમહારાજ પ્રસન્ન થાય તે સારુ ધર્મ જ્ઞાનાદિક ગુણને સિદ્ધ કરવાને અર્થે પુરુષપ્રયત્ન પ્રમાદ મેલીને કરવો. ને એ બે વાનાં તો સહજે જ મળી રહે છે તે સારુ દેહરૂપ થઈને શ્રીજીમહારાજને વિસારી દેવા નહિ ॥ **૨૧૦** ॥

એક દિવસ મોટા સંતે કહ્યું જે ડોળિયા મનુષ્યનો સંગ કરવો નહિ, તેણે કરીને અંતર મલીન થઈ જાય છે ને પાછો તપાસીને અંતર શુદ્ધ કરે તો શુદ્ધ થાય છે પણ એવી રીતે કરતાં પણ મોટાને જ આવડે ને બીજાને તો શુદ્ધ અશુદ્ધની ખબર જ પડતી નથી. તે વળી જેમ વહાણને વિષે અલ્પ ભાર હોય તે જેમ સર સર ચાલ્યું જાતું હોય ને પછી તેને વિષે ઘણો ભાર રહે તો તેમ ન ચાલે ને ધીરું પડી જાય છે. એ તો દૃષ્ટાંત છે તેમ ડોળિયા મનુષ્યના સંગે કરીને ઇંદ્રિયોને વિષે ને અંતઃકરણને વિષે રજ-તમના વેગ લાગે છે તે પાપરૂપ મેલ પેસે છે તેણે કરીને ભજન સ્મરણમાં મંદ પડી જાય છે ને જેમ પ્રથમ હેતે સોતું ભજન સ્મરણ થાતું હોય તેમ ન થાય તો સારુ તો દત્તાત્રેયાદિક ભગવાન હતા તો પણ બીક રાખીને વર્ત્યા. ॥ **૨૧૧** ॥

વળી મોટા સંતે અર્થારામ, ઇંદ્રિયારામ અને ગુણાધ્યાન ને દોષાધ્યાનની વાર્તા વિસ્તારીને કરી તેને સાંભળીને બીજા સંતે કહ્યું જે કેમ સમજીને દોષાધ્યાન કરે તો બાધ ન આવે ને કેમ કરે તો બાધ આવે ને ગુણાધ્યાન કેમ કરવું ને કેમ ન કરવું ? ઉત્તર જે, જેને વિષે જે દોષ હોય તેને કોઈ પ્રસંગે

કરીને કહેવાય તો તેનો દોષ નહિ ને અવગુણ લીધો પણ ન કહેવાય ને જેને વિષે એ દોષ ન હોય તેને વિષે તે પરઠે તો દોષ લીધો કહેવાય ને તેનું અતિશય ભૂંડું થાય ને કલ્યાણના માર્ગમાંથી પડી જવાય ને જેમ હોય તેમ કહે તેનો તો દોષ જણાતો નથી. ને જુઓને શ્રીજીમહારાજે પણ પ્રથમના ૩૬મા વચનામૃતમાં કહ્યું છે જે નારદ સનકાદિક જેવા જે સાધુ છે તે એને રાંક ને પાપી જાણે છે એ દોષાધ્યાન ન કહેવાય અને મુક્તાનંદ સ્વામી તથા શતાનંદજી જેવા મુનિ છે તે પણ એમ જાણતા હતા જે આ ભક્તને વિષે આટલા દોષ છે ને આ ભક્તને વિષે આ દોષ નથી ને વચનામૃતમાં શ્રીજીમહારાજે પણ કહ્યું છે જે અમે જોયા કરીએ છીએ જે આ ભક્તને આ વર્તમાનમાં આટલી કસર છે ને આ ભક્તને કસર નથી તે ઠીક છે એમ મોટા મોટામાં જોયા કરીએ છીએ. માટે એવી રીતે જે કહ્યું તે દોષાધ્યાન ન કહેવાય. ત્યારે હરજી ઠક્કરે કહ્યું જે એક ભક્ત તો મોટો હોય ને બીજો ભક્ત તો નાનો હોય ને તેમાં દોષ તો નક્કી હોય તે જણાય તો ખરો માટે એ દોષ લીધો કહેવાય કે નહિ ? ઉત્તર જે, ન કહેવાય કેમ જે વિવેકવાન હોય તેને તો સાચું ખોટું જણાય ખરું એ કાંઈ દોષ લીધો ન કહેવાય. ॥ ૨૧૨ ॥

એક દિવસે માટે સંતે કહ્યું જે દાસ, પ્રેમી ને જ્ઞાની એ ત્રણ પ્રકારના ભક્ત છે તેમને પરમેશ્વર જ્યારે પોતા સંબંધી

ક્રિયામાં કે પોતાના ભક્ત સંબંધી ક્રિયામાં જોડે ત્યારે દાસ ને પ્રેમી એ બેય તો તે ક્રિયામાં જોડાઈ જાય કેમ જે એ બેયને તો ક્રિયા કર્યાનું ધ્યાન અવ્યક્તપણે રહ્યું જ હતું અને જ્ઞાની તો તેમાં ન જોડાય, એ તો ક્રિયા માત્રને ગૌણ કરીને શ્રીજીમહારાજને વિષે જ પ્રધાનપણે જોડાય છે માટે જેમ ઘટે તેટલી જ ક્રિયા કરીને રહેવા દે ને એકાંતિક તો ત્રણે કહેવાય ખરા. ॥ ૨૧૩ ॥

બે પ્રકારના મનુષ્ય છે તેમાં એકનાં દેહ, ઇંદ્રિયો ને અંતઃકરણ એ સર્વે અર્થ, ધર્મ ને કામ પર વર્તે છે ને અર્થાદિકને સારુ ઉદ્યમ કરે છે ને તે આત્માને જાણે છે ને સૂક્ષ્મ દેહને પણ જાણે છે ને તે અર્થાદિકને વિષે અનેક ભેદ રહ્યા છે તેની વિગત જે કોઈકને તો ઇંદ્રાદિકના અર્થ-કામાદિક જોઈએ છીએ ને કોઈકને તો બ્રહ્માદિકના ને કોઈકને તો બૃહસ્પત્યાદિકના ને કોઈકને તો વૈરાજપુરુષના ને કોઈકને પ્રધાનપુરુષના ને કોઈકને મૂળપુરુષના અર્થ-કામાદિક જોઈએ છીએ ને તે અર્થાદિક તો લોભ, કામ, સ્વાર્થ, સ્નેહ, માન, ક્રોધ, ઈર્ષ્યા, મદ, મત્સરાદિકે કરીને ભરેલ છે અને બીજાને દેહ, ઇંદ્રિયો ને અંતઃકરણ એ સર્વે મોક્ષ પર વર્તે છે ને તેનાં લક્ષણ જે પ્રકૃતિ પુરુષ ને તેનાં સર્વે કાર્ય તેને અસત્ય ને અત્યંત અસાર ને નાશવંત ને તુચ્છ ને સ્વપ્નતુલ્ય એવાં જાણે ને જીવાત્માને બ્રહ્મ સાથે એકપણાને પમાડીને પરબ્રહ્મ પુરુષોત્તમને ભજે છે એ વાત ઉપર આ ત્રણ શ્લોક છે. તેનાં નામ જે,

आत्मारामाश्च मुनयो निर्ग्रंथा अप्युरुक्रमे ।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थं भूत गुणो हरिः ॥ १ ॥[1]
ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
समः सर्वेषु भूतेषु भद्भक्तिं लभते पराम् ॥ २ ॥[2]
धर्मस्थितैरुपगतैर्बहतासहैक्यं, सेव्यो हरिः ।
सितमहःस्थित दिव्य मूर्तिः ॥
शब्दाद्यरागिभिरिति स्वमतं वदन्तम् ।
त्वां भक्ति धर्म तनयं शरणं प्रपद्ये ॥ ३ ॥[3]

આ ત્રણ શ્લોકમાં જેવી વાત કહી છે તેવી જાતની રુચિ અતિશય પક્વ કરી હોય તો કોઈ કાળે ને કોઈ વિઘ્ને કરીને પણ ભક્તિનો નાશ થાય નહિ. ત્યાં દૃષ્ટાંત છે જે જીવને જ્યારે

૧. અર્થઃ— આત્મસ્વરૂપમાં જ આરામ માનનારા, કામ ક્રોધાદિક દોષોથી રહિત મુનિઓ પણ, બહુ પરાક્રમવાળા પરમાત્મામાં નિષ્કામ ભક્તિ કરે છે. કારણ કે ભગવાનના ગુણો આત્મારામ મુનિઓને પણ આકર્ષણ કરે તેવા હોય છે.
(ભા. પ્ર. અ. ૭-૧૦)

૨. અર્થઃ— બ્રહ્મરૂપ થયો એટલે જેને આત્માસ્વરૂપનો આવિર્ભાવ થયો છે અને પ્રસન્ન મન છે, એટલે ક્લેશ કર્માદિ દોષથી જેનું મન વ્યાપ્ત નથી અને કોઈનો પણ શોક કરતો નથી, તેમ જ કોઈ પદાર્થને ઇચ્છતો પણ નથી અને સર્વ ભૂતમાં સમ છે એટલે કોઈ વસ્તુનો આદર નહિ કરનાર અર્થાત્ સર્વે વસ્તુને તૃણવત્ માને છે તે પુરુષ મારે વિષે પરા ભક્તિને પામે છે. (ગી. અ. ૧૮-૫૪)

૩. અર્થઃ— ધર્મ સ્થિતૈરૂપ-શબ્દાદિક વિષય રાગે રહિત, પોતાના વર્ણાશ્રમ ધર્મમાં સદા વર્તતા, અને અક્ષરબ્રહ્મ સાથે આત્મસ્વરૂપના સાધર્મ્યપણાને વિચારતા, અર્થાત્ હું અક્ષરબ્રહ્મ છું એવી ભાવના કરતા જનોએ અક્ષરબ્રહ્મના તેજ પૂંજ મધ્યે નિત્યે વિરાજમાન, દિવ્ય મૂર્તિ જેમની છે એવા ભગવાન સદા ઉપાસ્ય છે. આવા પોતાના સિદ્ધાંતને કહેનારા, ભક્તિ ધર્મના પુત્ર આપના શરણને પામું છું. (સ. જી. પ્ર. ૫ અ. ૬૬. શ્લો. ૨૧)

અંત સમો આવે છે ત્યારે મૂર્છાવસ્થા થઈ જાય છે તે સમે કાંઈ ખબર રહેતી નથી ને પાછો જ્યાં દેહ ધરે છે ત્યાં પૂર્વની પેઠે રાગ-દ્વેષાદિકને લઈને ઊઠે છે તેમ જેને ધર્મ-જ્ઞાનાદિક સંબંધી અતિ પક્વ રુચિ થઈ હોય તો તે જ્યાં જાય ત્યાં એવી જ રુચિ લઈને ઊઠે છે. ॥ ૨૧૪ ॥

વિષયખંડનના વચનામૃતની વાત કરી તે સમજીને વિષય ભોગવે તો સુખિયો રહે, નહિ તો દુઃખિયો થાય. ત્યારે સંતે પૂછ્યું જે કેમ સમજીને વિષય ભોગવવા ? ઉત્તર જે, ધર્મામૃત, શિક્ષાપત્રી અને નિષ્કામ શુદ્ધિ એ પ્રમાણે જે વર્તવું તેને સમજીને વિષય ભોગવ્યા કહેવાય. ॥ ૨૧૫ ॥

જીવ માત્ર બહુ ક્રિયા કરે છે પણ જે કરવાનું છે તે રહી જાય છે. જેમ લહિયા થાવું કે કવિ થાવું એ આદિક સાધન તો જીવ આળસને મેલીને કરે છે પણ એકાંતિક થયાનું સાધન તત્પર થઈને જીવ કરતો નથી ને જીવને પ્રાકૃત વસ્તુમાં જેવું હેત થાય છે તેવું હેત ભગવાન કે ભગવાનના મોટા સાધુને વિષે હોય તો કોઈ વાતની અસર ન રહે ને બહુ મોટો થાય. ॥ ૨૧૬ ॥

સંત સભામાં એમ પ્રસંગ નીસર્યો જે સરળ સ્વભાવ સારો છે ? ત્યારે મોટા સંત કહે જે સરળ સ્વભાવને વિષે એક દોષ છે જે સત્પુરુષના સંગે કરીને ધર્મ-જ્ઞાનાદિક ગુણે સહિત શ્રીજીમહારાજની ભક્તિ કરતો હોય ને તેને અલ્પ બુદ્ધિવાળા સાધુ મળે ને આડીઅવળી વાર્તા કરીને કોઈક બીજે માર્ગે ચડાવી દે તો પણ ચડી જાય માટે સર્વે ઠેકાણે સરળપણું ઠીક નહિ ને જ્યાં રાખવું ઘટે ત્યાં સમજીને રાખે

તો સરળપણું ઠીક છે ને આંટી પણ જ્યાં રાખવી ઘટે ત્યાં રાખે તે ધર્માદિક પાળ્યાને વિષે તો સમજીને રાખે ને જ્યાં ન રાખવી ઘટે ત્યાં ન રાખે તો સમજું કહેવાય, નહિ તો સ્વભાવવશ કહેવાય. ॥ **૨૧૭** ॥

ધીરજ વખત પર રહેતી નથી તે કેમ સમજે તો રહે ? ઉત્તર જે, શ્રીજીમહારાજની ભક્તિ માહાત્મ્યે સહિત હોય ને આત્મનિષ્ઠાનો વિચાર અતિ પક્વ હોય તો ધીરજ રહે, ને તે આત્મનિષ્ઠાનો વિચાર કરનારા પણ ત્રણ પ્રકારના છે તેમાં એકને તો ક્રિયા કર્યા પહેલાં વિચાર રહે તે પ્રથમથી જ વિચારીને પછી ક્રિયા કરે ને બીજાને ક્રિયા કરતાં મધ્યે સાંભરે ને ત્રીજાને ક્રિયા કરી રહે ત્યારે સાંભરે. એ ત્રણે ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ કહેવાય ને જેને સાંભરે જ નહિ તે તો અધમ કહેવાય, ને ઉત્તમ ધીરજવાળા તો મુક્તાનંદ સ્વામી હતા ને મુક્તાનંદ સ્વામીને કોઈક ભક્તજન કાંઈક વાત કહેવા આવે ત્યારે પ્રથમ તો તે સામું જોઈ રહેતા ને તપાસ કરતા પછી કહેવું ઘટે તો કહેતા, નહિ તો અંતરદૃષ્ટિ કરીને શ્રીહરિના ભજનમાં મંડ્યા રહેતા. એવી રીતનો બળિયો વિચાર હોય તો વખત ઉપર ધીરજ રહે. ને વળી પિંડ બ્રહ્માંડને સ્વપ્નતુલ્ય, અતિ અસાર ને કાખના મુવાળા જેવા સમજીને ને ત્રણ શરીર થકી પૃથક્ જાણપણારૂપે નિરંતર વર્ત્યા કરે તો વખત ઉપર ધીરજ રહે. તે ઉપર જડભરત અને અખંડાનંદ સ્વામી આદિકના દૃષ્ટાંતે[1] કરીને વાર્તા કરી. ॥ **૨૧૮** ।

૧. જુઓ પરિશિષ્ટ.

એક દિવસ મનોહરદાસ ભગવાનની વાર્તા સાંભળવા બેઠા હતા તે વાર્તા શ્રવણ કરતે કરતે લક્ષ થઈ ગયો ત્યારે શાંતાનંદ સ્વામીએ કહ્યું જે આમને બહુ સુખ આવતું હશે? ત્યારે મોટા સંત કહે જે તમારે સમાધિ જોઈએ છીએ ? ત્યારે તે સંતે કહ્યું જે મહારાજનું દર્શન થાય તો શ્રેષ્ઠ છે. ત્યારે સ્વામીએ કહ્યું જે ઇંદ્રિયોને વિષયમાંથી રેતી જેવી લુખી કરી નાંખે ને જીવસત્તાને અક્ષર સાથે એકપણાને પમાડીને પોતે અક્ષરરૂપ થઈને પુરુષોત્તમ નારાયણની ઉપાસના કર્યા કરે. એમ જે વર્તવું તેને તો સમાધિ કરતાં પણ શ્રેષ્ઠ માનીએ છીએ. ॥ ૨૧૯ ॥

પુસ્તકને અર્થે ને ભગવાનના ચરણારવિંદને અર્થે જીવ બહુ દાખડો કરે છે એ સર્વે છે તો ખરું પણ મોટા પુરુષના સમાગમમાં રહીને ને ધન, સ્ત્રી આદિક પદાર્થોનો ત્યાગ કરીને શ્રીજીમહારાજની અનુવૃત્તિમાં રહીને પોતાનું ઉત્તમ કલ્યાણ કરવું એ શ્રેષ્ઠ સમજણ છે ને જે એવી બુદ્ધિનું ગ્રહણ નથી કરતા તેનાં પુસ્તક આદિક પડ્યાં રહે છે ને પોતે સત્સંગ થકી પડી જાય છે. ॥ ૨૨૦ ॥

અમદાવાદના બીજા વચનામૃતમાં સત્તારૂપ થઈને માનસી પૂજા આદિક સર્વે કરવાં એમ કહ્યું છે તે સત્તારૂપ કેમ થવાય ? ઉત્તર જે, પંચવીશ સાધને યુક્ત જે વર્તતા હોય તે સત્તારૂપ કહેવાય એવી રીતે વાર્તા કરી. ॥ ૨૨૧ ॥

અને હરજી ઠક્કરે પૂછ્યું જે દેહ અને દેહ સંબંધી પદાર્થને વિષે જેવી જીવને પ્રીતિ છે તેવી ભગવાનને વિષે પ્રીતિ કેમ થાતી નથી ? તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે જીવનો સહેજે જ

એવો સ્વભાવ છે જે પોતાના સંબંધીને વિષે એને બહુ માલ જણાય છે ને તેને વિષે અતિશય સ્નેહ રહે છે. અને સત્સંગે કરીને ભગવાનને વિષે પ્રીતિ તો થઈ છે પણ ગૌણ છે. ને જે ત્યાગી છે તેને પણ દેહ તથા દેહ સંબંધી પદાર્થને વિષે વિશેષ પ્રીતિ છે તથા લખવું, ભણવું અને પુસ્તક તેને વિષે પણ વિશેષ પ્રીતિ છે. માટે તેવી ભગવાનને વિષે પ્રીતિ નથી થાતી. જેમ પચાસ સાઠ પ્રકારનાં ભોજન હોય તેમાં જલેબી અને મોતિયા જેવાં ઉત્તમ ભોજનને ઠેકાણે તો એણે દેહ તથા દેહ સંબંધી પદાર્થને કર્યા છે ને ડોડીની તથા સુવાની ભાજીને ઠેકાણે ભગવાનને કર્યા છે, માટે ભગવાનને વિષે પ્રીતિ નથી થાતી. માટે દેહ તથા દેહ સંબંધી પદાર્થનો નિષેધ કરીને તેમને ભાજીને ઠેકાણે ગણે ને ભગવાનને જલેબી મોતિયાને ઠેકાણે ગણે ત્યારે ભગવાનને વિષે પ્રીતિ થાય. તથા વળી જેમ કોડી ને પૈસો પણ ધન છે ને પારસમણિ તથા ચિંતામણિ તે પણ ધન છે તેમાં ચિંતામણિના જેવું હેત એ જીવને દેહ તથા દેહ સંબંધી પદાર્થને વિષે છે. ને ભગવાનને વિષે જે પ્રીતિ છે તે તો કોડી ને પૈસાના જેવી છે માટે ભગવાનને વિષે તેવી પ્રીતિ નથી થાતી. માટે જો દેહ તથા દેહ સંબંધી પદાર્થને અસત્ય જાણીને તેને કોડી તથા પૈસાને ઠેકાણે ગણે ને ભગવાનને ચિંતામણિને ઠેકાણે ગણે તો ભગવાનને વિષે એ જીવને પ્રીતિ થાય. અને દેહ તથા દેહ સંબંધી પદાર્થ તે તો અસત્ય છે તે કોઈ દિવસ સત્ય નથી. તેમ થઈ ગયાં જે પદાર્થ તે પણ સત્ય નથી અને જે છે તે પણ સત્ય નથી તથા આગળ થાશે તે પણ સત્ય નથી.

ને એને વિષે કોઈ દિવસ માલ નથી. જેમ ઝાંઝવાનું જળ તે કોઈ દિવસ સત્ય નથી તથા જેમ ગધેડાની લાદનું સુખડું કરે તેમાં કોઈ દિવસ સુખ હોય જ નહિ, અને આ જીવ છે તે રાજાના જે દેહ સંબંધી ભોગ તેને પામ્યો છે તથા ઈંદ્રના સંબંધી ભોગને પામ્યો છે. તથા બ્રહ્માના દેહ સંબંધી જે ભોગ તેને પામ્યો છે. પણ તે બ્રહ્માદિકના જે દેહ તથા દેહ સંબંધી પદાર્થ તે કોઈ દિવસ સત્ય નથી. એ તો અનંતવાર થઈ ગયા ને અનંતવાર તે ભોગને ભોગવ્યા માટે તે કોઈ દિવસ સત્ય નથી તથા વિરાટનો દેહ ને તે દેહ સંબંધી જે પદાર્થ તે કોઈ દિવસ સત્ય નથી. એ તો અસત્ય જ છે કેમ જે તેને કાળ નાશ પમાડે છે. તથા પ્રધાનપુરુષના જે દેહ તથા તે દેહ સંબંધી પદાર્થ તે પણ સર્વે અસત્ય છે. કેમ જે તેને પણ કાળ નાશ પમાડે છે. અને આત્યંતિક પ્રલયને વિષે પ્રકૃતિપુરુષનો દેહ પણ નથી રહેતો ત્યારે બીજું તો ક્યાંથી રહે ? એમ સર્વેને અસત્ય જાણીને પછી સદા સત્ય એવો જે આત્મા તથા પરમાત્મા તેને જ સદા સત્ય જાણીને પછી તે પરમાત્મા જે નારાયણ તેને વિષે સર્વે પ્રકારે પ્રીતિ કરવી ને સમજવું જે સર્વે જે અપરિમીત સુખ છે તે ભગવાનને વિષે રહ્યું છે ને તે સુખને અનંત કોટિ મુક્ત નિરંતર ભોગવે છે. પણ તેનાથી તૃપ્ત નથી થાતા એવા સદા સુખમય ને સદા દિવ્ય મૂર્તિ એવા જે પુરુષોત્તમ ભગવાન તે આજ આ શ્રીજીમહારાજ રૂપે આપણા કલ્યાણને અર્થે દયા કરીને પ્રગટ્યા છે. એવી રીતે દેહગેહાદિકથી પ્રકૃતિપુરુષાદિક સુધી સર્વેને અસત્ય જાણીને એને વિષેથી પ્રીતિ તોડીને પછી

મહારાજને વિષે પ્રીતિ કરે તો તે પ્રીતિ અતિ દૃઢ થાય પણ તે વિના બીજા કોટિ ઉપાય કરે તો પણ મહારાજને વિષે દૃઢ પ્રીતિ ન થાય. ॥ ૨૨૨ * ॥

અને એક દિવસ સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ અતિ કરુણા કરીને વાત કરી જે આ દેહને વિષે તો કેવળ દુઃખ જ છે પણ સુખ નથી. ત્યારે કોઈ કહેશે જે સુખ તો થાય છે. તો એનું એમ છે જે દુઃખ અધિક થયું હોય તે મટે ત્યારે કહે જે સુખ થયું પણ એ તો સુખ નથી થયું, દુઃખ જેમ હતું તેમ જ રહ્યું છે પણ જે અધિક દુઃખ હતું તે મટ્યું. વળી જેમ કોઈ પુરુષ ભૂખ્યો તરસ્યો હોય તે અન્ન ખાય તથા જળ પીવે ત્યારે કહે જે સુખ થયું પણ એમાં કાંઈ સુખ થયું નથી. એ તો એ વખતની ભૂખ ને તરસ ગઈ ને તેનું દુઃખ તો એમનું એમ છે. અને વળી કોઈક પુરુષ માંદો હોય તે સાજો થાય ત્યારે કહે જે હવે સુખ થયું. પણ એમાં શું સુખ થયું ? દુઃખ તો એમનું એમ જ છે. એ તો અધિક દુઃખ થયું હતું તે મટ્યું છે. પણ સુખ તો ત્યારે થાય જે પંચવિષયની જીવમાં વાસના છે તેને ટાળીને કેવળ આત્મારૂપ થઈને પુરુષોત્તમનારાયણ એવા જે શ્રીજીમહારાજ તેમની જ્યારે માહાત્મ્યે સહિત નિષ્કામભાવે કરીને પ્રેમ લક્ષણા ભક્તિ કરે તથા તે ભગવાનને વિષે અતિશય હેત કરે. જેમ અતિશય કામી પુરુષને સ્ત્રીને વિષે જેવું હેત છે તથા અતિશય લોભીને ધનને વિષે જેવું હેત છે તેવું હેત મહારાજને વિષે કરવું. ને એવી રીતનો ભક્ત જ્યારે દેહનો ત્યાગ કરીને ભાગવતી દેહે કરીને અવતારી એવા જે

પૂર્ણ પુરુષોત્તમ ભક્તિ-ધર્મના પુત્ર શ્રી હરિકૃષ્ણજી મહારાજ તેમની સેવામાં રહે ત્યારે સુખ થાય, પણ તે વિના તો જેમ જેમ અધિક સંપત્તિને પામે છે તેમ તેમ અધિક દુઃખને પામે છે. તે ઇંદ્રથી લઈને મહાપુરુષ પર્યંત જેમ જેમ અધિક ઐશ્વર્ય ને અધિક મોટ્યપને પામે છે તેમ તેમ અધિક દુઃખને પામે છે. પણ સુખ તો એક મહારાજની મૂર્તિ વિના બીજે ક્યાંય નથી. ॥ ૨૨૩ * ॥

અને વળી સ્વામીએ વાત કરી જે ગમે તેવો નિષ્કામી હોય પણ જો કામીનો જોગ કરે તો તે પણ કામી થાય. તથા ગમે તેવો નિર્લોભી હોય ને જો લોભીનો સંગ કરે તો તે પણ લોભી થઈ જાય. ઇત્યાદિક ભૂંડાને સંગે ભૂંડો થાય. તેમ જો સારાનો સંગ થાય તો સારો થાય, જેમ ગમે તેવો કામી હોય ને તે જો નિષ્કામી પુરુષનો સંગ કરે તો પોતે નિષ્કામી થાય. ઇત્યાદિક નિર્દોષ પુરુષનો સંગ કરે તો તે પણ નિર્દોષ થાય. માટે જે મુમુક્ષુ હોય ને પોતાના દોષને ટાળવાની ઇચ્છા હોય તેણે દોષવાળાથી તો જેમ સર્પ તથા વાઘ થકી બીને છેટે રહેવાય છે તેમ બીને છેટે રહેવું. અને સંગ તો કેનો કરવો ? તો જે સર્વે પ્રકારે દોષે રહિત હોય ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત એકાંતિક ભક્તિએ યુક્ત હોય ને જગતની કોરે સુષુપ્તિ વર્તતી હોય ને ભગવાનના સ્વરૂપનો મહિમા સમજવો ને ભગવાનનો નિર્વિકલ્પપણે નિશ્ચય કરવો તથા ભગવાનની મૂર્તિને સંભારવી તેને વિષે નિરંતર જાગૃત વર્તતા હોય એવા સાધુનો ખાતાં, પીતાં, ચાલતાં એ આદિક સર્વે

ક્રિયામાં સંગ કરવો તથા રાત્રીએ સૂવું ત્યારે પણ એવા પાસે સૂવું. ॥ ૨૨૪ * ॥

અને જે શૂરવીર હોય તેને તો એમ વર્તે જે આપણે આ દેહને સુખ થાય છે કે દુઃખ થાય છે એ બેમાંથી કોઈ જાતના સંકલ્પ ન થાય. એને તો એવો એક જ સંકલ્પ હોય જે ગમે તેવું સુખ તથા દુઃખ થાય તો પણ આ દેહને મહારાજની આજ્ઞામાં વર્તાવીને દેહને નિયમમાં કરવો છે. પછી તે ભક્ત ઇંદ્રિયુંને વશ કરીને તથા ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યને અતિ દૃઢ કરીને તથા પંચવિષયના સંકલ્પને ટાળીને તથા સૂક્ષ્મદેહનો નાશ કરીને પછી વિષયમાં જે અવ્યક્ત રાગ હોય તેને ઉપશમ અને ભગવાનના ધ્યાન વડે ટાળીને પછી લિંગદેહના ભૂકા કરીને જીવને બ્રહ્મરૂપ કરીને પુરુષોત્તમ જે શ્રીજીમહારાજ તેમની સેવામાં અક્ષરધામમાં જઈને રહે પણ કોઈ માન મોટપમાં બંધાય નહિ ને તેનો રોક્યો રોકાય નહિ. એવો જે ભક્ત હોય તેને એકાંતિક ભક્ત જાણવો. એમ શૂરવીરને ઓળખવો. ॥ ૨૨૫ * ॥

# ૧૫ ભગવાનના ભક્તે વર્તવાની રીતની વાતો

ભગવાનનું ધ્યાન કરે તે દેખાડ્યાને અર્થે કરે તથા ભક્તિ કરે તે પણ દેખાડ્યાને અર્થે કરે ને જ્ઞાન કરે તે પણ દેખાડ્યાને અર્થે કરે ને વૈરાગ્ય રાખે તે પણ દેખાડ્યાને અર્થે રાખે અને ધર્મ પાળે તે પણ દેખાડ્યાને અર્થે પાળે ને સેવા કરે તે પણ દેખાડ્યાને અર્થે કરે ને કથા વાર્તા જે જે ક્રિયા કરે તે લોક જાણે તથા પોતાની મોટપ વધે તેને અર્થે તથા માન વધ્યાને અર્થે તથા દેખાડ્યાને અર્થે ઉપરથી કરે તેને કનિષ્ઠ પુરુષ જાણવો. અને જે પુરુષ દેખાડ્યાને અર્થે ને ભગવાન પ્રસન્ન થાય તે બેયને અર્થે કરે તેને મધ્યમ પુરુષ જાણવો. અને જે ધર્મ પાળે, તપ કરે, ત્યાગ કરે, જ્ઞાન કરે, વૈરાગ્ય રાખે, ભક્તિ કરે, ભગવાનમાં હેત કરે, સેવા કરે, ધ્યાન કરે ને કથા, વાર્તા, કીર્તન જે જે કરે તે કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે ને ભગવાનને અર્પણ કરે પણ લોક વખાણે તે સારુ ન કરે ને કોઈ માન આપે, અપમાન કરે, તથા તિરસ્કાર કરે તો પણ હર્ષ, શોકને ન પામે ને માન આપે તેમાં રાજી ન થાય ને તિરસ્કાર કરે તેમાં શોક ન કરે પણ રાજી રહે ને જે જે કરે તે ભગવાનને અર્પણ કરે એવો જે પુરુષ હોય તે ઉત્તમ પુરુષ જાણવો. તે સારુ જે જે કરવું તે ભગવાનને રાજી કર્યાને અર્થે કરવું પણ કોઈક વખાણે તે સારુ ન કરવું. ॥ **૨૨૬** ॥

પ્રકૃતિએ યુક્ત એવો જે પુરુષ તે જે કર્મયોગ કરે, તે કર્મયોગ તે શું ? તો ભગવાનની શ્રવણ-કીર્તનાદિક જે ભગવાનને અર્થે ક્રિયા કરવી તે અને ક્રિયા કરતાં જે સુખ-દુઃખ આવે તેનું સહન કરવું તે રૂપ જ્ઞાનયોગ, અને તે જ્ઞાન યોગે ભળ્યો એવો જે કર્મયોગ તેને પ્રકૃતિયુક્ત એવો જે પુરુષ તે જે તે કરે અને એવો જે કર્મયોગ તે તો જ્ઞાનયોગનો અધિકારી હોય તેને પણ કરવો, તો કર્મયોગના અધિકારીએ તો જરૂર કરવો ને જે આત્માને ને પરમાત્માને સાક્ષાત્કાર દેખતો હોય તે ન કરે તો બાધ નહિ અને તેને પણ કર્મયોગ તો કરવો જોઈએ. કેમ જે તે જો કર્મયોગને કરે તો તેને દેખીને બીજા પણ ભક્તિયોગમાં પ્રવર્તે. ॥ ૨૨૭ ॥

જે નવ વાનાં રાખે તેને કલ્યાણના માર્ગમાં કોઈ રીતે વિઘ્ન ન આવે :—

(૧) ભગવાનની દૃઢ ઉપાસના કરવી તે કોઈ રીતે ફરે નહિ.

(૨) જે જે ભગવાનના નિયમ છે તેમાં દૃઢપણે રહેવું પણ કોઈ નિયમનો ભંગ ન કરવો.

(૩) શુભ દેશ સેવવો પણ અશુભ દેશને ન સેવવો.

(૪) શુભ કાળ સેવવો પણ ભૂંડો કાળ ન સેવવો.

(૫) સત્પુરુષનો સંગ મન, કર્મ, વચને કરવો પણ તે સત્પુરુષનો સંગ કરતાં જો કોઈ સ્વભાવ આડો આવે તો તે સ્વભાવનો ત્યાગ કરવો પણ સત્પુરુષના સંગનો ત્યાગ ન કરવો.

(૬) પોતાની ઉત્તમ શ્રદ્ધા રાખવી પણ તેમાં પ્રમાદ ન રાખવો.

(૭) સાધુનો તથા બ્રહ્મચારીનો તથા પાળાનો તથા સત્સંગીનો ઇત્યાદિક કોઈ ભગવાનના ભક્તનો અવગુણ ન લેવો.

(૮) દેહાભિમાનનો ત્યાગ કરવો.

(૯) કોઈ મંડળના તથા મંદિરના થઈને રહેવું પણ અધરિયા ન રહેવું.

આ નવ વાનાંમાં જો એક ન હોય તો તેના સત્સંગમાં જરૂર વિઘ્ન પડે. તે માટે પોતાનો સત્સંગ નિર્વિઘ્ન રાખવો હોય તેને આ નવ વાનાં અતિ દૃઢ કરીને રાખવાં. ॥ ૨૨૮ ॥

મનને વિશે સંકલ્પ વિકલ્પનો વેગ વર્તતો હોય ત્યારે આત્મા-અનાત્માનો જે વિચાર અને તે સંબંધી જે સંકલ્પ તે કરવા તથા ભગવાનના માહાત્મ્યના વિચાર સંબંધી સંકલ્પ કરવા અને જ્યારે મનમાં ઉદાસીપણું હોય ત્યારે તો ચાર પ્રકારના પ્રલયનો વિચાર કરીને વૈરાગ્ય સંબંધી સંકલ્પ કરીને પદાર્થની તુચ્છતા જાણવી. અને મનમાં આનંદ વર્તતો હોય ત્યારે ઉપશમ કરીને ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવું અને મનમાં રાગ વર્તે ત્યારે ભગવાનનાં કીર્તન ગાવવાં. અને ઇંદ્રિયોની ક્રિયામાં મન વર્તે ત્યારે ભગવાનની ભક્તિ-સેવા કરવી. એવી રીતે એ પાંચે સમયને વિષે એ પાંચ વાનાં કરે તો તત્કાળ સિદ્ધ થાય. અને એમ ન કરે તો તત્કાળ સિદ્ધ ન થાય. ॥ ૨૨૯ ॥

એક વેગ રાખીએ તો સર્વે વેગ રહે એવો કયો વેગ છે ? તો ભગવાનના માહાત્મ્ય જ્ઞાને સહિત જે ભગવાનને વિષે પ્રીતિનો વેગ તે નિરંતર રાખવો. અને એ વેગના વિરોધને કરવાવાળા જે બીજા સંકલ્પ તે ટાળવા કેમ જે વૈરાગ્ય, ધર્મ અને આત્મજ્ઞાનાદિક સંબંધી વિચાર કરવા ને તેણે કરીને પ્રથમના વેગને પુષ્ટ કરવો. ॥ ૨૩૦ ॥

ભક્તિ તે હેતને કહીએ. અને અનુવૃત્તિ તે ભગવાનના ગમતા પ્રમાણે કરવું તેને કહેવાય. અને ગમતા પ્રમાણે થોડું ભજન કરે તો ભગવાન બહુ માને અને ભગવાનના ગમતા પ્રમાણે ન કરે અને પોતાના મન-ગમતા પ્રમાણે કરે તો તેને થોડું માને. અને ભગવાનના ભક્તના ત્રણ પ્રકારના ભેદ છે :—

(૧) નિષ્કામપણે ભગવાનના ગમતા પ્રમાણે જ કરે.

(૨) નિષ્કામપણે કરે પણ પોતાના મનગમતા પ્રમાણે કરે.

(૩) સકામપણે કરે અને પોતાના મનગમતા પ્રમાણે કરે. અને એ ભગવાનને સર્વે દેવ થકી સમર્થ જાણે. અને સર્વથી શ્રેષ્ઠ મોટા ભોગ આપવાને વિષે મહા સમર્થ માને માટે ભગવાનને ભજે, પછી તે ભોગને ભગવાનથી પામે અને ભજ્યા કરે. ॥ ૨૩૧ ॥

મુક્તાનંદ સ્વામીએ અંતકાળ સમે પોતાના સાધુને શિક્ષા કહી જે ધન, સ્ત્રીનો પ્રસંગ તે કોઈ રીતે ન કરવો તથા શહેરમાં ન જાવું તથા સત્સંગ મેલીને પરદેશમાં જાવું નહિ તથા

ગોપાળાનંદ સ્વામી જેવા સાધુનો સંગ રાખવો. અને એનો વિશ્વાસ મન, કર્મ, વચને રાખવો. એવી રીતે પરમહંસને શિક્ષાનાં વચન કહ્યાં. ॥ ૨૩૨ ॥

કોઈ હરિભક્તનો અવગુણ આવે તેમાં આ ત્રણ વિચાર કરવા જે :–

(૧) એનો મને અવગુણ આવે છે. તે એની ઉપર મારે ઈર્ષા છે તેણે કરીને આવે છે ?

(૨) કે એ મારા સ્વભાવ ઉપર ટોકે છે તેણે કરીને મને અવગુણ આવે છે ?

(૩) કે એ દોષ એમાં છે જ તેથી અવગુણ આવે છે ?

એમ વિચારીને ઈર્ષા તથા ટોકવે કરીને જો અવગુણ આવતો હોય તો ન લેવો અને એ દોષ એમાં ખરેખરો હોય તો લેવો પણ આવી રીતે વિચાર્યા વિના કોઈનો અવગુણ ન લેવો. ॥ ૨૩૩ ॥

મહારાજ પધાર્યા પછી સાંપ્રત[1] આટલું કાર્ય અવશ્ય વિચારીને કરવાનું છે તે કેવી રીતે તો મહારાજ બિરાજતા હતા ત્યારે આપણી વતે કોઈ અવળી ક્રિયા થઈ જાય ત્યારે મહારાજ કોઈ પ્રકરણ ફેરવે એટલે તે સર્વે મટી જાય અને પાછું સવળે માર્ગે ચલાય તથા મહારાજ ઠપકો દઈને આપણને સવળે માર્ગે ચલાવે. અને હમણાં તો સત્સંગનું કામકાજ આચાર્યની આજ્ઞાએ અથવા મોટા સાધુની આજ્ઞાએ કરવું પણ તેમાં

૧. અત્યારે.

પોતાને સ્ત્રી, ધનાદિક વિષયનો સંબંધ થઈ જાય અને વચનનું ઉલ્લંઘન થઈ જાય અને અંતે કોઈ પદાર્થમાં આસક્ત થઈ જવાય એવું વચન ન માનવું. એટલો તો પોતાને જાણે વિચાર કરવો. પણ તેમાં મોટેરાનો વિશ્વાસ ન રાખવો, કારણ કે મોટેરા તો પોતાના કામ કરાવવાના સ્વાર્થ પરાયણ હોય પણ આ જીવ આવો છે તે એને આનો સમાગમ થાય તો ઘટી જાય ને આનો સમાગમ થાય તો વૃદ્ધિ પામે એવી રીતે સર્વે પ્રકારે જીવનું પરલોકમાં હિત થાય એમ કરતાં આવડે એવા મોટેરા હોય કે ન હોય માટે આટલો પોતાને જ વિચાર કરવો. ॥ ૨૩૪ ॥

એકવાર પોતાના જીવને શુદ્ધ કરીને પછી ભક્તિ કરવી. બીજાને સત્સંગ કરાવવો તથા સત્સંગનો મમત્વ રાખવો ઈત્યાદિક જે જે કરવું તે સર્વે પછી કરવું. તે શુદ્ધ કેમ કરવો તો સ્ત્રી અને ધન એ બેમાં કોઈ રીતે જીવ ભળી જાય નહિ તેવો દૃઢ વિચાર કરવો તથા આત્મનિષ્ઠા અને વૈરાગ્યની રીત સારી પેઠે જાણવી તથા ભગવાનના સ્વરૂપને યથાર્થપણે જાણવું અને તેનું માહાત્મ્ય જાણીને ભક્તિ કરવાની રીત જાણવી. એટલાએ કરીને જીવ શુદ્ધ કરવો અને એમ શુદ્ધ ન કરે અને કદાચિત જો સ્ત્રી આદિકમાં આસક્ત થઈ જવાય તો તે ભગવાનને ગમે નહિ. જેમ અપવિત્ર થકો શ્રીહરિને અર્થે થાળ લઈ આવે તો તે શ્રીહરિને ગમે નહિ, તેમ તે ભક્તિ પણ ગમે નહિ. માટે એકલી ભક્તિમાં કાંઈક કહેવત છે અને જીવને શુદ્ધ કરીને થોડીક ભક્તિ કરી હોય તો જેટલી કરી હોય તેટલી

જાય નહિ. ॥ ૨૩૫ ॥

પોતામાં કાંઈક દોષ હોય તે પોતામાં ને પોતામાં રાખે તે મોટેરાની ઉપર શ્રીહરિનો બહુ કુરાજીપો થાય નહિ અને તે દોષ બીજામાં પ્રવર્તાવે તો તે ઘણા જીવનું ભૂંડું થાય તેનું પાપ એને લાગે અને દોષનું ફળ તે એ મરીને મુક્ત થાય તો પણ એના બહુ ભૂંડાને કરે. ॥ ૨૩૬ ॥

હરિભક્તને આ ત્રણ વાર્તા અતિશય સિદ્ધ કરવી :—

(૧) ભગવાનનું સ્વરૂપ યથાર્થ માહાત્મ્ય, જ્ઞાનપૂર્વક જાણીને તે શ્રીહરિજીમાં અને શ્રીહરિજીના ખરેખરા ભક્તમાં હેત કરવું અથવા તે શ્રીહરિજી અને હરિભક્ત ભેળા રહેવે, લીધે, દીધે, બોલાવે, ચલાવે સહેજે હેત કરવું.

(૨) પોતાના જીવને શોધવો કહેતાં કામ, લોભ, માન, ક્રોધ, દંભ, ઈર્ષા, મત્સર, સ્નેહાદિક જે આસુરી સંપત્તિરૂપ અધર્મનો સર્ગ તેણે કરીને તથા કોઈ માયિક ભાવે કરીને જીવ પરાભવ ન પામે અને દોષે રહિત થકો અને કેવળ સત્તાપણે રહ્યો થકો બ્રહ્મરૂપ થઈને ભગવાનની સેવામાં રહે અને એવો બ્રહ્મરૂપ થાય ત્યારે શ્રીહરિજીને વરણીય[1] થાય માટે આ તો અવશ્યપણે નિરંતર અનુસંધાન રાખીને અને સત્શાસ્ત્ર થકી જ્ઞાન, વૈરાગ્યનો વિચાર પામીને તથા સત્સંગ કરીને એ વાત દૃઢ કરવી.

(૩) કોઈ ઉપર દયા કરીને તેના જીવનું પરલોક સંબંધી

૧. પસંદ.

હિત કરવું અને તેનો જીવ અન્ય વાસનાએ રહિત થઈને ભગવાનને પામે એવી દયા કરે તો એની ઉપર ભગવાનની પ્રસન્નતા થાય કેમ જે પોતાના ધામથી શ્રીહરિજી અહીંયાં આવે છે અને જીવની ઉપર દયાએ કરીને તેમના કલ્યાણ કરવાને માટે આવે છે. તે ભગવાનના સંકલ્પ ભેળી એની ક્રિયા ભળી માટે ભગવાન પ્રસન્ન થાય તથા હરિમંદિર શ્રીજીમહારાજે પોતે કરાવ્યાં છે તે બીજા જીવ ઉપર દયા કરીને તેના કલ્યાણને અર્થે કરાવ્યાં છે એમ ધારીને શ્રીહરિજીની પ્રસન્નતાને અર્થે મંદિરનો પક્ષ રાખીને તે સંબંધી કામકાજ કરવું. અને કોઈ જીવ ઉપર દયા કરીને કલ્યાણની વાત કરવી પણ તેના ગુણ દોષમાં પોતાના જીવને બાધ પામવા દેવો નહિ. વાત કરીને છેટે રહેવું પણ દયાએ કરીને તે ભેળું તેના ડોળમાં ભળવું નહિ. એ ત્રણ વાત સિદ્ધ કરવી. ॥ ૨૩૭ ॥

શ્રીજીમહારાજે પોતાની રુચિ લોયાના ૧૪મા વચનામૃતમાં પોતાને મુખવચને કરીને પોતે કહી છે તે રુચિને યથાર્થ જાણીને તે પ્રમાણે જ જે ભક્તે પોતાની રુચિ કરી હોય તેને જ શાસ્ત્રનો અર્થ યથાર્થ સમજાય છે અને જે એવો ન હોય તેને પોતાની રુચિ પ્રમાણે શાસ્ત્રનો અર્થ સમજાય છે. ॥ ૨૩૮ ॥

કોઈક ભક્ત થોડું કરે છે અને તેની ઉપર ભગવાન રાજી થાય છે અને કોઈ ભક્ત ઝાઝું કરે છે તેની ઉપર પણ ભગવાન રાજી નથી થાતા તેનું શું કારણ ? જે ભક્ત થોડું કરે છે પણ તે ભગવાનની મરજી પ્રમાણે કરે છે માટે રાજી થાય છે અને

ઝાઝું કરે છે પણ તે પોતાના મનગમતા પ્રમાણે કરે છે માટે તેની ઉપર ભગવાન રાજી થાતા નથી. ॥ ૨૩૯ ॥

ભગવાનના ભક્તને આ ત્રણ વાનાં નિરંતર કરવાનાં છે :—

(૧) ભગવાન અને ભગવાનના ખરેખરા ભક્ત હોય તેની ઉપર એવું હેત કરવું જે એથી કોઈ અધિક ન રહે એવું નક્કી હેત કરવું.

(૨) કામ, લોભાદિક શત્રુ તથા દેહાભિમાન તેને ટાળી નાખીને ધર્મ, વૈરાગ્યે સહિત આત્મનિષ્ઠા ખચિત સિદ્ધ કરવી.

(૩) કોઈક જીવને એના મોક્ષની વાત ખરેખરી સમજાવવી એવી દયા રાખવી પણ તેમાં પોતાને કોઈ જાતનું બંધન ન થાય એવી કળા રાખવી એ ત્રણ વાર્તા તો ખટકો રાખીને નિરંતર કરવી. ॥ ૨૪૦ ॥

ભગવાનના ભક્તને આત્મનિષ્ઠા અને ભગવાનને વિષે પ્રીતિ એ બેનું શ્રવણ, મનન અને નિદિધ્યાસ તે કર્યા કરવો પણ એ નિષ્ઠા જ્યાં સુધી સિદ્ધ ન થાય ત્યાં સુધી સંતોષને પામવું નહિ. તે આત્મનિષ્ઠા કેવી સિદ્ધ કરવી તો એક આત્માને વિષે જ સુખપણાની ભાવના રહે અને તે આત્મા વિના બીજા માયિક આકાર માત્ર તેને વિષે કેવળ દુઃખ જ જણાયા કરે અને ચાર પ્રકારના પ્રલયમાં જે જે આકારનો વિનાશ થાય છે તેને વિષે કેવળ દુઃખની જ ભાવના જણાયા

કરે. અને પ્રીતિ તો બે પ્રકારે સિદ્ધ કરવી જે –

कामार्ततस्कर नटव्यसनिद्धिषंतः ।
स्वस्वार्थसिद्धिभिव चेतसि नित्यमेव ॥
नारायणं परमयैव मुदा स्मरंतं ।
त्वां भक्तिधर्म तनयं शरणं प्रपद्ये ॥[1]

એ શ્લોકમાં જેમ કહ્યું છે તેમ અંતઃકરણે કરીને પ્રીતિ સિદ્ધ કરવી તથા

साध्वी चकोरशलभास्तिमिकालकंठ ।
कोकानिजेष्टविषयेषु यथैव लग्नाः ॥
भूर्त्तौ तथा भगवतोत्र मुदातिलग्नं ।
त्वां भक्तिधर्म तनयं शरणं प्रपद्ये ॥[2]

એમાં કહ્યું છે તેમ દેહે કરીને ભગવાનમાં પ્રીતિ કરવી. એવી રીતે એ બે પ્રકારની નિષ્ઠાને શ્રવણ, મનન અને નિદિધ્યાસે કરીને સિદ્ધ કરવી. **॥ ૨૪૧ ॥**

જીવ જે જે કરે છે તે એમ કરે છે જે માન, મોટપ ને

૧. અર્થઃ– કામાર્ત પુરુષ, ચોર, નટ, વ્યસની અને શત્રુ એટલા જનો પોતાના સ્વાર્થની સિદ્ધિને જેમ નિત્ય ચિત્તમાં સંભારે છે તેમ પરમસ્નેહે કરીને નારાયણ ભગવાનને સંભારતા એવા ભક્તિ-ધર્મના પુત્ર અને ભક્તની રક્ષા કરનારા તેમને હું પામ્યો છું. (સ. જી. પ્ર. ૫, અ. ૬૬-૧૮)

૨. અર્થઃ– પતિવ્રતા સ્ત્રી, ચકોર પક્ષી, શલભ, મચ્છ, બપૈયો અને કોક પક્ષી- એટલા જેમ પોતાના પ્રિય વિષયોમાં જોડાય છે, તેમ જ ભગવાનની મૂર્તિને વિષે હર્ષે કરીને અત્યંત જોડાતા એવા ભક્તિ-ધર્મના પુત્ર અને ભક્તની રક્ષા કરનારા તમને હું પામ્યો છું. (સ. જી. પ્ર. ૫, અ. ૬૬-૧૯)

વિખ્યાતિ કરવી તથા પોતાની મોટપ જણાવવી તેને અર્થે શાસ્ત્ર ભણે છે તથા સારા અક્ષર લખવા શીખે છે તથા સારી રસોઈ શીખવી તથા ગાવણું શીખવું તથા કીર્તન શીખવાં તથા વાતો શીખીને કોઈને ઉપદેશ કરવો, એ આદિક ક્રિયાને ભામે ચડી જાય છે પણ કોઈ એવે ભામે નથી ચડતો જે આ જીવનો મોક્ષ કરવો તેમાં અંતરરાયરૂપ એવો જે દેહરૂપ જે રથ છે તેને ઇંદ્રિયોરૂપ ઘોડા જોડ્યા છે અને મનરૂપ રાસડી છે તેને બુદ્ધિરૂપ જે સારથી તે રથનો હાંકનારો છે અને રથી જે જીવ તે બુદ્ધિરૂપ સારથીને નિયમમાં કરીને મનરૂપી રાસડી વતે ઇંદ્રિયોરૂપ ઘોડાને વશ કરીને દેહને ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તાવે અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યને અતિ દૃઢ કરીને મનના સંકલ્પને જીતીને અને અતિ ઉત્તમ ઉપશમને સિદ્ધ કરીને તે ઉપશમ ને ભગવાનનું ધ્યાન કરીને, વાસના જે અવ્યક્ત રાગ છે તેને ટાળી નાખીને ભગવાન અને ભગવાનના ભક્તને વિષે જેવી દેહને વિષે આત્મબુદ્ધિ વર્તે છે તેવી આત્મબુદ્ધિ કરીને મહારાજનું નિરંતર ધ્યાન કરવું અને તેમાં જે અંતરાય કરે તેનો ત્યાગ કરવો. આ વાતનો આગ્રહ કોઈ નથી કરતા અને આટલી વાત કરીએ છીએ પણ કોઈને ચટકી ચડતી નથી. ॥ ૨૪૨ ॥

એક શ્રીહરિજી તથા તેમના સંત તથા હરિભક્ત એ ત્રણે ઠેકાણે આઠ વાનાં ન જોઈએ. તેના નામ :— ૧. કપટ, ૨. માન, ૩. લોભ, ૪. છળ, ૫. ઈર્ષા, ૬. હાંસી, ૭. નિંદા, ૮. દ્રોહ ॥ ૨૪૩ ॥

આ ચાર પ્રકારે હેત કરવું :—

(૧) દેહમાંથી હેત તોડીને જીવમાં હેત કરવું.

(૨) સંબંધીમાંથી હેત તોડીને ભગવાનના એકાંતિક ભક્તમાં હેત કરવું.

(૩) આ લોકમાંથી પ્રીતિ તોડીને ભગવાનના ધામમાં પ્રીતિ કરવી.

(૪) સર્વ પદાર્થમાંથી પ્રીતિ તોડીને ભગવાનની મૂર્તિમાં પ્રીતિ કરવી. **॥ ૨૪૪ ॥**

આ જીવને વિપરિત ફળ થાય છે તે પણ જાણ્યું જોઈએ. તે વિપરીત ફળ તે શું ? તો વિષયનો ત્યાગ કરવા આવ્યા ને વિષય વળગ્યા ને સંતમાં હેત કરવા આવ્યા ને કુહેત થયું. ને સર્વ જીવ માત્ર છે તે પોતપોતાની પ્રકૃતિને ભજે છે ને જે મુમુક્ષુ છે તે પોતાની પ્રકૃતિનો ત્યાગ કરીને ભગવાનની આજ્ઞામાં રહે છે. ને દેહના સુખમાં લેવાતા નથી અને જેને આ દેહે કરીને ભગવાનને રાજી કરવા હોય તેને કોઈના બરોબરિયા થાવું નહિ ને કોઈ સંગાથે પિતરાઈ દાવો બાંધવો નહિ ને પોતાના દોષને ટાળવા ને ધર્મ પાળવો તેમાં કોઈનો વાદ ન લેવો ને ભક્તિ કરવી તેમાં કોઈનો વાદ ન લેવો ને અનુવૃત્તિમાં રહેવું ને ગરીબ થાવું. ને જળ જંતુ તો સર્વે કહેવાય પણ માછલાંને તો જળ તે જ જીવ-પ્રાણ છે. **॥ ૨૪૫ ॥**

આપણને શ્રીજીમહારાજ મંદિર અધૂરાં રહેશે તો ઠપકો નહિ દે ને હવેલી અધૂરી રહેશે તેનો નહિ દે ને રૂપિયાનો નહિ

દે; આપણને તો જેટલો ધર્મ લોપાશે તેટલો ઠપકો દેશે. માટે ધર્મમાં ખબરદાર રહેવું તો ભગવાન રાજી થાશે. ॥ ૨૪૬ ॥

પાંચ વૃત્તિએ કરીને દેહની ક્રિયા કરે ને એક વૃત્તિ જો ભગવાનમાં રાખે તો બહુ સમાસ થાય. ॥ ૨૪૭ ॥

ઉપાસનાએ કરીને કલ્યાણ તો થાય છે પણ ત્રણ અંગની દૃઢતા વિના નિર્વાસનિક થઈને શ્રીહરિના એકાંતિક ભક્ત થવાતું નથી. એ ત્રણ અંગનાં નામ : આત્મનિષ્ઠા, દાસપણું ને પતિવ્રતાપણું. એ ત્રણ અંગને પક્વ કરે તો આત્યંતિક કલ્યાણ થાય છે. ને તૃષ્ણા રૂપી ટવી નાશ પામે છે. નહિ તો ગોરખરૂપ જે જીવ તેની તૃષ્ણા રૂપી જે ટવી તે કોઈ કાળે ભરાય જ નહિ. ॥ ૨૪૮ ॥

એક ભક્ત તો ત્રણ ગુણને વિષે ને અહંમમત્વને વિષે ને પંચવિષયને વિષે આસક્તિએ રહિત વર્તે છે અને બીજો ભક્ત ડાહ્યો હોય તે એ વાર્તાને સમજે ને કહે પણ ખરો ને તે પ્રમાણે વર્તવું તો બહુ કઠણ છે માટે એ બે કેમ જણાય ? ઉત્તર જે, જે ભક્ત વર્તે છે તેને મુમુક્ષુને સમજાવતાં આવડે છે ને બીજાને ન આવડે ને વર્તવું તે તો પેટ કટારી નાખ્યા જેવું કઠણ છે તથા ખડ્ગે કરીને માથું કાપ્યા જેવું પણ કઠણ છે. ॥ ૨૪૯ ॥

દેહને વિષે, પંચવિષયને વિષે ને ભગવાનને વિષે જેવો અભિનિવેશ[1] છે તેવો સંતને વિષે નથી ને સંત તો એના

૧. ઉપાસનાની દૃઢતા.

કરાવનારા છે. ત્યારે સ્વામી કહે જે શ્રીહરિજીને વિષે અભિનિવેશ નથી. તે મહારાજ સાથે વ્યવહાર પડે ત્યારે જણાય. તે કહ્યું છે જે 'વ્યવहारेण साधु'[1] તે આની કોર તો એવો કોઈ નથી ને એની કોર હોય તો કોણ જાણે. એની કોર પણ કોઈ નથી ને શ્રીજીમહારાજના મહિમાનો ને આત્મનિષ્ઠાનો ઠરાવ નિત્ય પ્રલયાદિકે કરીને વારંવાર આગ્રહ રાખીને કર્યા કરે તો અભિનિવેશ થાય છે, તે હરિભક્તના દૃષ્ટાંતે કરીને આગ્રહની વાર્તા બહુ કરી તે અભિનિવેશ થયો કેમ જણાય ? તો શ્રીજીમહારાજ તથા સત્પુરુષ હજારનો વ્યવહાર ધૂળમાં ભેળવી દે તો પણ રાજી ને રાજી રહેવાય ને લગારે પણ ભાવ ફરે નહિ ત્યારે દૃઢ અભિનિવેશ થયો કહેવાય અને રજોગુણ, તમોગુણ ને સત્વગુણને નિર્ગુણ વ્યવહાર સમજે તો અભિનિવેશ અતિ પક્વ થાય તે વાર્તા સાંભળે છે તો ખરા પણ વર્તન વિશે ઘટાડતાં આવડતું નથી. જેમ પ્રથમ શાસ્ત્ર ભણ્યા હોય છે તો પણ બીજે ઠેકાણે ઘટાડતાં આવડતું નથી તેમ છે. એમ વાર્તા વિસ્તારથી કરી. ॥ **૨૫૦** ॥

ટેવ પડ્યાની વાર્તા કરી જે માંદા તથા વૃદ્ધ સંતનાં આચરણને જોઈને જુવાન અવસ્થાવાળા હોય તે પણ ઝીણાં વસ્ત્ર તથા પથારી કરવી તથા ખાનપાનાદિકની ટેવ પાડે છે એ સારુ નથી. કેમ જે ટેવમાંથી તો સત્સંગથી બહાર જાતું રહેવાય છે માટે ટેવ માત્ર ન શીખવી એમ કહીને ઉંદરના દૃષ્ટાંતે[2] કરીને સુખિયા રહ્યાની વાર્તા બહુ કરી ને પાટીદારના

૧. અર્થઃ– વ્યવહારે કરી સાધુ જણાય. ૨. જુઓ પરિશિષ્ટ.

દૃષ્ટાંતે[1] કરીને દુઃખિયા થવાની વાર્તા બહુ કરી. ॥ ૨૫૧ ॥

વક્તાપણું ને સમજુપણાનું માન તો બહુ હોય છે પણ જેમ સમજવું ઘટે તેમ સમજે નહિ તે કેમ હશે ? ઉત્તર જે, તે તો આત્માના સ્વરૂપના શ્રવણ-મનનાદિકે કરીને માનને ઘટાડ્યા કરે તો જેમ સમજવું ઘટે તેમ સમજાય. ॥ ૨૫૨ ॥

જાણપણારૂપે વર્ત્યાનો ને ધર્મમાં દૃઢપણે રહ્યાનો ને શ્રીહરિજીનો મહિમા સમજ્યાનો અતિશય આગ્રહ રાખવો ને શુદ્ધ બ્રહ્મરૂપ થઈને શ્રીજીમહારાજને ભજવા પણ ખરડેલપણે ન ભજવા. તે શ્રીજીમહારાજે આ શ્લોકમાં કહ્યું છે જે :

[2]धर्मस्थितै रूपगतैर्बहता सहैक्य ।
सेव्यो हरिः सितमहः स्थितदिव्यमूर्तिः ॥
शब्दाधरागिभिरिति स्वमतं वदंतं ।
त्वां भक्तिधर्म तनयं शरणं प्रपद्ये ॥

અને જે સત્તારૂપ થઈને ધ્યાન કરે છે તેને જ્ઞાન વૃદ્ધિ પામે છે ને જે દેહરૂપ થઈને ધ્યાન કરે છે તેને તો ઇંદ્રિયોનું જ્ઞાન વૃદ્ધિ પામે છે ને યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર,

૧. જુઓ પરિશિષ્ટ.

૨. અર્થઃ– શબ્દાદિક વિષય રાગે રહિત, પોતાના વર્ણાશ્રમધર્મમાં સદા વર્તતા, અને અક્ષરબ્રહ્મ સાથે આત્મસ્વરૂપના સાધર્મ્યપણાને વિચારતા, અર્થાત્ હું અક્ષરબ્રહ્મરૂપ છું, એવી ભાવના કરતા જનોએ અક્ષરબ્રહ્મના તેજઃપુંજ મધ્યે નિત્ય વિરાજમાન, દિવ્યમૂર્તિ જેમની છે એવા ભગવાન સદા ઉપાસ્ય છે. આવા પોતાના સિદ્ધાંતને કહેનારા, ભક્તિધર્મના પુત્ર ! આપના શરણને પામું છું.
(સ. જી. પ્ર. ૫, અ. ૬૬-૨૧)

ધારણા, ધ્યાન ને સમાધિ એ જેમ કઠણ છે તેમ ધર્માદિક સાધન પણ અતિ કઠણ છે. ॥ **૨૫૩** ॥

પ્રથમ સત્સંગમાં આવે ત્યારે દેહનું માન હોય પછી ભક્તિનું માન આવે છે ને પછી આત્મજ્ઞાનનું માન આવે છે ને તે પછી ઉપશમે કરીને એ સર્વેનું માન ટાળે છે ને જો અસત્ય સંકલ્પ થાય તો તેને ''त्यजधर्मधर्मं च उभेसत्यानृतेत्यज''[1] એ શ્લોકે કરીને સત્તારૂપ થઈને ટાળે ને નિયમ, વિચાર ને ઉપશમ તેણે કરીને સ્થૂલ આદિકના સંકલ્પને ટાળે ને જુવાન અવસ્થાવાળાને તો યુક્ત ભોજન કરવું ને નવધા ભક્તિ આળસ મેલીને કરવી ને ઉપશમનો અભ્યાસ પ્રમાદ મેલીને કર્યા કરવો ને સત્પુરુષનો સંગ રાખવો ને માંદાને ને વૃદ્ધને તો યુક્ત આહાર ને ઉપશમ ને સત્પુરુષનો સમાગમ કરવો. ॥ **૨૫૪** ॥

જુવાન, રોગી તથા વૃદ્ધને વર્ત્યાની વિગતનાં લક્ષણ કહે છે જે ચાર પ્રકારનાં ભોજન મનુષ્યો નિત્યે જમ્યા કરે તે તો પણ નવું જ રહે છે ને નિત્યે તેનું તે જ જમીએ છીએ તો પણ એમ થાય છે જે આજ તો રોટલી થઈ છે તેવી કોઈ દિવસ થઈ જ નથી ને શાક પણ આજના જેવું થયું જ નથી. તથા વસ્ત્ર પણ એમ જ રહે છે એનું નામ ભેદ છે ને તેથી પંચવિષય સંબંધી ક્લેશ થાય છે ને તે વિષયની આસક્તિ ટળી જાય તો ક્લેશ માત્રની નિવૃત્તિ થઈ જાય છે. ॥ **૨૫૫** ॥

૧. અર્થઃ— નારદજી - હે શુકજી ! ધર્મરૂપ તથા અધર્મરૂપ, સત્યરૂપ તથા અસત્યરૂપ સંકલ્પનો ત્યાગ કરો. (ભા. મોક્ષધર્મ અ. ૩૩૦ શ્લોક ૪૦)

શ્રીહરિજીના માહાત્મ્યની વાર્તા ઘોડાના તબેલા તથા જાતવંત ઘોડાના દૃષ્ટાંતે[૧] કરીને બહુ કરી ને લોભ, કામ, રસાસ્વાદ ને માન એ આદિક જેવો સ્વભાવ પોતામાં હોય તેવો પરમેશ્વરને વિષે તથા મોટા સંતને વિષે પરઠે છે. માટે સ્વભાવ ટાળીને શુદ્ધ બ્રહ્મરૂપ થઈને વર્તે તો ન પરઠાય. ને પ્રિયવ્રતાદિક અવતાર ન કહેવાય ને નારદ સનકાદિક અવતાર કહેવાય. ॥ **૨૫૬** ॥

શ્રીહરિજી મહારાજને રાજી કરવાનો શો ઉપાય છે ? ઉત્તર જે, ધર્મામૃત, શિક્ષાપત્રી ને નિષ્કામ શુદ્ધિ પ્રમાણે વર્તે તો રાજી થાય ને શ્રીજીમહારાજને ક્યાં પરોક્ષપણું છે ? એ તો સદા પ્રત્યક્ષ જ છે ને ઉપાસ્ય, ઉપાસક ને સ્થાનકની શુદ્ધતાએ કરીને અતિ ઉત્તમ ભક્ત થવાય છે તેમાં ઉપાસ્યનું લક્ષણ જે ''यो वेत्ति युगपत् सर्वं प्रत्यक्षेण सदा स्वतः''[૨] એમ જાણવું. ॥ **૨૫૭** ॥

ધારણા, ધ્યાન ને સમાધિ એ સવિકલ્પ તો હોય ને નિર્વિકલ્પ તો ઈશ્વરની ઇચ્છાએ કરીને થાય છે ને સવિકલ્પ સમાધિ કરવી ને સત્તારૂપે વર્તવું એ તો જીવના હાથમાં છે ને જો ''अर्थं साध्यामि देहं पातयामि[૩] એવી રીતે સાચો થઈને મંડે તો થાય. ॥ **૨૫૮** ॥

અમદાવાદમાં નટ રમાડ્યા ત્યારે મહારાજ કહે જે અમે

૧. જુઓ પરિશિષ્ટ.

૨. અર્થઃ– જે ભગવાન હંમેશાં પોતાની મેળે જ એકકાળાવચ્છિન્ન પ્રત્યક્ષપણે સર્વેને જાણે છે.

૩. અર્થઃ– દેહ છો પડી જતો, પણ મોક્ષરૂપી અર્થને સિદ્ધ કરું.

તમાસાને અર્થે નથી રમાડતા. એ તો એમ દેખાડીએ છીએ જે પેટને અર્થે અતિશય પુરુષ પ્રયત્ન જેમ કરે છે તેમ ઈશ્વરને અર્થે કરે તો શું ન થાય ? જે કરે તે સર્વે સાધન સિદ્ધ થાય છે જો જીવ એ જેવો સાચો થાય તો. ॥ **૨૫૯** ॥

વચનામૃતમાં નિર્ભય રહ્યાનું કહ્યું છે તેને કેમ સમજવું ? ઉત્તર જે, એક તો આત્મનિષ્ઠા પક્વ હોય ને શ્રીહરિજીનું માહાત્મ્ય સહિત યથાર્થ જ્ઞાન હોય તો શ્રીજીમહારાજ જેમ કહે તેમ પ્રતીતિ આવે ને માર્ગમાં સિંહ કે સર્પ મળ્યો હોય તથા ઓગણોતેરા જેવો કાળ પડ્યો હોય ને તેવા સમામાં મહારાજ કહે જે નિર્ભય રહેજે, કોઈ ફીકર કરીશ મા, એ વચનની જેને યથાર્થ પ્રતીતિ આવે તેને તો ભય લેશમાત્ર રહે જ નહિ પણ જીવને પ્રાકૃત પદાર્થની પ્રતીતિ તરત આવી જાય છે. જેમ સિંહની બીક લાગતી હોય અને ત્યાં બે કોરે બે શૂરા રક્ષા કરતા જતા હોય ને કાળ પડ્યો હોય તે સમે કોઈક હજાર બે હજાર રૂપિયા આપે તો જેવો નિર્ભય ને આનંદે યુક્ત થાય છે તેવો શ્રીહરિજીના વચનને વિષે નિર્ભય ને આનંદ યુક્ત થાતો નથી. તે સારુ સત્પુરુષનો સમાગમ કરીને કસર માત્ર ટાળીને સાધુ થાવું એથી કોઈ અધિક પ્રાપ્તિ નથી. ॥ **૨૬૦** ॥

ત્રણ પ્રકારના પ્રલયમાં કેમ વર્તે તો ન જોડાય ? ઉત્તર જે, એક તો શ્રીહરિજી મહારાજનું ધ્યાન ને બીજું તેમના જન્મ કર્મનું દિવ્યપણું યથાર્થ જાણવું ને ત્રીજું આત્મસત્તારૂપે વર્તવું એ ત્રણનું અનુસંધાન નિરંતર રહ્યા કરે તો ન જોડાય. ॥ **૨૬૧** ॥

મુક્તાનંદ સ્વામીને મહારાજ ક્યારેય વઢીને પ્રસાદીનો થાળ કે વસ્ત્ર આપતા નહિ ને સહેજે તો રોજ પ્રસાદી આપતા ને વસ્ત્ર પણ ઘણીવાર આપતા ને બીજાને તો વઢે ત્યારે પ્રસાદી તથા વસ્ત્ર આપ્યા વિના રહે જ નહિ તે શું ? તો મુક્તાનંદ સ્વામીને મૂંઝવણ થાતી નહિ. તે કેમ સમજતા ? ઉત્તર જે, પોતાને ત્રણ ગુણ ને ત્રણ શરીર થકી જુદા સમજતા ને શ્રીજીમહારાજની મોટપ જે માહાત્મ્ય તે અતિશયપણે સમજતા ને તેમ જ વર્તતા ને હિતકારી પણ અતિશય જાણતા તેણે કરીને મૂંઝવણ આવતી નહિ. ॥ ૨૬૨ ॥

શ્રીહરિજીને પુરુષોત્તમ સમજીએ છીએ તેનો ઠરાવ કરવો ને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિ તેનો પણ ઠરાવ કરવો ને સત્પુરુષને ગુરુ જેવા માનવા તેનો પણ નિર્ધાર કરવો કેમ જે નિર્ધાર કર્યા વિના દેશકાળાદિકે કરીને એક સ્થિતિ રહેતી નથી ને શ્રીજીમહારાજના ભક્તની સેવા, ચાકરી, નમસ્કાર ને પૂજાદિક જે જે કરવું તેનો પણ ઠરાવ કરવો ને એમ કર્યા વિના તો શ્રીહરિજીને અર્થે યજ્ઞાદિક કરતા હોઈએ તે બીજા દેવને અર્થે ને મુક્તને અર્થે પણ થઈ જાય. તે સારુ દૃઢ ઠરાવ કરવો ને આ વાર્તાનો તલતુંબડીની[૧] પેઠે શ્રદ્ધા સોતા અતિશય શ્રવણ મનનાદિક કર્યા કરે તો સાક્ષાત્કાર થાય. ॥ ૨૬૩ ॥

સ્થાનક, દેહ, ઈંદ્રિયો ને અંતઃકરણ એમને વિષે જીવને પંચવિષય સંબંધી રાગ કહ્યા છે તે રાગને મુમુક્ષુએ ઓળખવા

૧. જુઓ પરિશિષ્ટ.

જે મારે રાગ કયે ઠેકાણે રહ્યા છે ને તે રાગને ટાળ્યાને સારુ મુમુક્ષુએ આત્મસત્તારૂપે વર્તવું. તે વર્તવાની રીત જે ત્રણ ગુણ ને ત્રણ અવસ્થા છે તે થકી હું રહિત છું એમ વર્તવું ને ઇંદ્રિયોની ક્રિયા તે જાગ્રત અવસ્થાની છે ને મનની ક્રિયા જે સંકલ્પ વિકલ્પ તે સ્વપ્ન અવસ્થા સંબંધી છે ને લય તે સુષુપ્તિ અવસ્થા સંબંધી છે એમ જાણીને એ સર્વેથી રહિત સત્તારૂપે વર્તવું, તે આત્મસત્તારૂપે વર્તન કહેવાય. ॥ ૨૬૪ ॥

ચાર પ્રકારની અનુવૃત્તિએ કરીને અતિશય મોટા થવાય છે તેની વિગત જે પ્રથમ તો હરિભક્તની અનુવૃત્તિમાં વર્તે તો સત્સંગી થવાય ને પછી સંતની અનુવૃત્તિમાં વર્તે તો સાધુ થવાય ને પછી એકાંતિકની અનુવૃત્તિમાં વર્તે તો એકાંતિક થવાય ને પછી શ્રીજીમહારાજની અનુવૃત્તિમાં વર્તે તો ભગવદ્‌ભાવને પામે છે ને એમ ન વર્તે તો અસત્ દેશકાળાદિકે કરીને જો મોટા પુરુષને વિષે અસત્ બુદ્ધિ થઈ જાય તો આસુરભાવને પામી જાય છે. માટે જ્ઞાનાંશનો અભ્યાસ પ્રમાદ મૂકીને કરવો ને અતિશય બીક રાખીને વર્તવું પણ નિર્ભય થાવું નહિ. ॥ ૨૬૫ ॥

હરિમંદિર સંબંધી કામકાજ કરતો હોય તેનો ઓથ લઈને કાંઈક વધુ ઓછું વર્તાય તો શ્રીજીમહારાજ રક્ષા કરે કે ન કરે ? કેમ જે આજ્ઞાએ કરીને કરે છે માટે. ઉત્તર જે, જો એ પુરુષપ્રયત્ને કરીને સાવધાન વર્તતો હોય ને અજાણમાં જો આડુંઅવળું થઈ જાય તો રક્ષા કરે ને જાણી જાણીને પ્રકૃતિ વધારે તો રક્ષા ન કરે ને તેનો દંડ ભોગવવો પડે. ॥ ૨૬૬ ॥

જીવાત્માને સત્પુરુષના સંગે કરીને ત્રણ દેહ, ત્રણ અવસ્થા, ત્રણ ગુણ, પંચ પ્રાણ, પંચ ભૂત, પંચવિષય. ચાર અંતઃકરણ, દશ ઇંદ્રિયો તથા ચૌદ દેવતા એ સર્વે માયાનું ટોળું છે તે થકી અતિ વિલક્ષણ ને પૃથક્ જાણીને જીવસત્તાને અક્ષર સાથે મનન દ્વારાએ કરીને નિરંતર જોડ્યા કરે તો સંકલ્પ વિકલ્પ કાંઈ ટકી શકે નહિ ને સર્વે સમાઈ જાય, એવી રીતે બહુ વાર્તા કરી. ॥ ૨૬૭ ॥

ટિટોડીના દૃષ્ટાંતે[૧] કરીને પુરુષ પ્રયત્નની વાર્તા કરી જે જો ટિટોડી મંડી તો ગરુડે સહાય કરી. તેમ જીવ જો સાચો થઈને એકાંતિક થાવાને અર્થે સાધન શીખે તો શ્રીજી તથા તેમના સંત જરૂર સહાય કરે. ॥ ૨૬૮ ॥

ક્ષમા જે તે સમર્થ ને અસમર્થ એ સર્વેને રાખવી તે સમર્થને શોભા છે ને અસમર્થને સુખકારી છે ને એણે કરીને નિર્માની વર્તમાન દૃઢપણે પાળવાનું કહ્યું. ॥ ૨૬૯ ॥

ભજન સ્મરણને જે કરતો હોય તેને ત્રણ અવસ્થા ને તેના ત્રણ ગુણને ઓળખવા કેમ જે દેહરૂપ થઈને જો ભજન સ્મરણ કરે તો તત્કાળ વાસનામય દેહ નાશ પામે નહિ. ॥ ૨૭૦ ॥

પરમેશ્વર વિના બીજો કોઈ આકાર મનમાં ધરાય જાય તો તેને ટાળ્યાની યુક્તિ શાસ્ત્રને વિશે સત્પુરુષે કહી હોય તે શીખવી. તે શું ? તો ભગવાન વિના જો ક્યારેક બીજો આકાર મનમાં ધાર્યામાં આવ્યો હોય તો શ્રીજીમહારાજના ધ્યાને કરીને

૧. જુઓ પરિશિષ્ટ.

તથા સભા સહિત સંતના ધ્યાને કરીને ને જાણપણારૂપે રહીને એ આકાર માત્રને ટાળી નાખવો ને નિત્ય પ્રલયાદિકે કરીને નાશવંત ને અતિ તુચ્છ ને સ્વપ્ન તુલ્ય સર્વે આકૃતિઓને જાણવી. તે ઉપર કાખના મુવાળાનું મધ્યનું ૫૫મું ને પાંચવાનાનું નિત્યે અનુસંધાન રાખવાનું છેલ્લાનું ૩૦મું, એ બે વચનામૃત વંચાવ્યાં. ॥ ૨૭૧ ॥

જેવા તેવા જીવને શ્રીજીમહારાજનો યોગ થઈ જાય છે ને મુમુક્ષુને થાતો નથી તેનું શું કારણ હશે ? ઉત્તર જે, શ્રીહરિજીને જે દેશને વિષે ધર્મનું સ્થાપન કરવું હોય તથા જે દેશને વિષે મુમુક્ષુ બહુ હોય તે દેશને વિષે હરિજીને વિચરવાનું થાય છે એટલે મુમુક્ષુના તથા બીજા સર્વેના પણ મોક્ષ સહેજે થઈ જાય છે ને કોઈક મુમુક્ષુ હોય તેનો તો દૂર દેશને વિષે જન્મ હોય તેથી તે રહી જાય છે. મુમુક્ષુને કોઈ દેશની વાસના તથા નાતજાતની પણ વાસના ન રાખવી ને પ્રકૃતિપુરુષથી લઈને સર્વે પદાર્થને નાશવંત ને કાખના મુવાળા જેવા ને અતિ તુચ્છ ને સ્વપ્ન તુલ્ય જાણવા ને શ્રીજીમહારાજ તથા તેમના મોટા સંત તથા જીવાત્મા એ ત્રણ વિના બીજે ક્યાંય પ્રીતિ ન રાખવી તેમ મહારાજની સેવા વિના શ્વેતદ્વીપાદિક ધામને વિષે પણ વાસના ન રાખવી ને શ્રીજીમહારાજ તો ગમે ત્યાં રાખીને પણ કસર માત્ર ટાળી નાખવાને સમર્થ છે માટે સત્તારૂપે રહીને તેમના એકાંતિક ભક્તનો સમાગમ અતિશય રાખવો ને તેને અર્થે શીત, ઉષ્ણ, ભૂખ, તરસ, માન, અપમાન, હર્ષ, શોક એ સર્વનું સહન કરવું ને એને વિષે વૈરાગ્ય પામવો નહિ ને

પંચવિષયને અર્થે જે ઉદ્યમ કરવો તેમાં વૈરાગ્ય પામવો ને આવી રૂડી ભગવદ્‌વાર્તા છે તે પણ કેટલાકને ગમતી હશે ને કેટલાકને ગમતી નહિ હોય. ॥ ૨૭૨ ॥

કેમ સમજે તો સદા સુખિયો રહે ? ઉત્તર જે, સદા સુખિયો તો તે રહે જે, જેને કોઈ પદાર્થ જોઈએ જ નહિ ને જેવાં તેવાં વસ્ત્ર ને જેવું તેવું અન્ન એ તો સહેજે મળી રહે છે માટે સંતોષ રાખીને વર્તે તો સદાય સુખિયું રહેવાય છે ને વિશ્વાસ કરવા યોગ્ય તો ડોડિયા પુંજા ભક્ત જેવા સત્પુરુષ જ છે ને બીજે તો દુઃખિયા થાવાનું છે. ॥ ૨૭૩ ॥

લોભ, કામ ને માન એ આદિક દોષે કરીને શ્રીજીની આજ્ઞા લોપાય છે માટે કેમ સમજે તો ન લોપાય ? ઉત્તર જે,

मद्‌भयाद्वातिवातोऽयं सूर्यस्तपतिमद्‌भयात् ।
वर्षतींद्रोदहत्यग्निर्मृत्युश्चरति मद्‌भयात् ॥ १ ॥[1]
यन्नामधेयश्रवणानुकोर्तनाद्यत्प्रहनगाद्यत्स्मरणादपि कचित् ।
श्वादोऽपि सद्यः सवनाय कल्पते कथं पुनस्ते भगवन्तु दर्शनाद् ॥ २ ॥[2]

એ બે શ્લોકમાં જેમ ભગવાનનો મહિમા કહ્યો છે તેવી રીતે મહિમા સમજે તો આજ્ઞા લોપાય નહિ. ॥ ૨૭૪ ॥

૧. અર્થઃ– સમગ્ર જગતને સુખ આપનાર વાયુ મારા ભયથી વાય છે, સૂર્ય તપે છે, ઇંદ્ર વર્તે છે, અગ્નિ બાળે છે અને મૃત્યુ મારા ભયથી પ્રાણીઓમાં વિચરે છે. (ભા. તૃ. ૨૫-૪૨)

૨. અર્થઃ– હે ભગવન્ ! ક્યારેક પણ જે તમારા નામનું શ્રવણ, કીર્તન, પ્રણામ તથા સ્મરણાદિક કરવાથી શ્વપચ પણ તત્કાળ યજ્ઞ કરવાને માટે કલ્પાય છે એટલે પવિત્ર થાય છે તો તમારાં દર્શનથી પવિત્ર થાય તેમાં શું કહેવું ? (ભા. તૃ. અ. ૩૩-૬)

જ્યારે નટવાની ડુગડુગી વાગે છે ત્યારે મનુષ્ય સર્વે ઘરમાંથી બાહેર નીસરી આવે છે એ તો દૃષ્ટાંત છે ને સિદ્ધાંત તો એમ જે જ્યારે પંચવિષય સંબંધી ડુગડુગી વાગે છે ત્યારે આત્મા અનાત્માના વિચારને મૂકી દે છે, ને શ્રીજીને તથા તેમની કથા વાર્તાને મૂકી દઈને લોભરૂપે, કામરૂપે, રસાસ્વાદરૂપે, સ્નેહરૂપે, માનરૂપે ને દેહાભિમાનને યોગે કરીને અહંમમત્વરૂપે થઈ જવાય છે, ને સંકલ્પ વિકલ્પને યોગે કરીને પણ દેહરૂપે થઈ જવાય છે માટે સત્તારૂપે થઈને અતિ દૃઢાવ કરીને સ્થિર બુદ્ધિ રાખવી. **॥ ૨૭૫ ॥**

આટલી વાર્તા કલ્યાણને અર્થે સમજવાની છે જે જીવ છે તે ઈંદ્ર, બ્રહ્માદિક દેવને વિષે તથા મનુષ્ય, પશુ આદિક યોનિને વિષે અનેકવાર જન્મ મરણને પામ્યો છે તો પણ પોતે તો એવો ને એવો શુદ્ધ છે. જેમ આકાશ ચાર ભૂતના સંગે કરીને રંજ માત્ર પણ મેલો થતો નથી તેમ એ આત્મા શુદ્ધ છે ને પ્રકટ ભગવાનનો આશ્રય થયા પછી એ આત્માને અક્ષર સંગાથે મનન દ્વારાએ કરીને એકતા સમજીને શ્રીજીમહારાજનું ભજન કરવું ને પોતાને પ્રત્યક્ષ મળ્યા એવા જે શ્રીજીમહારાજ તેમને સર્વ અવતાર થકી વિલક્ષણ સમજવા ને એમનું જેવું બોલવું છે, ને એમની જેવી ચાલ છે, ને જેવું સુગંધીપણું છે, ને જેવી લાવણ્યતા છે, ને જેવી વાત્સલ્યતા છે, ને જેવી દયા છે, ને જેવું જ્ઞાન છે, ને જેવું તેજ છે, ને જેવું ઐશ્વર્ય છે, ને જેવું બળ છે, ને જેવું સ્વરૂપ છે, ને જેવી શક્તિ છે, ને જેવો સ્વભાવ છે, ને જેવો ગુણ છે, ને જેવી વિભૂતિ છે, ને જેવું

સુંદરપણું છે, ને જેવું સુકુમારપણું છે, ને જેવું સુશીલપણું છે, ને જેવું ઉદારપણું છે, ને જેવું ઉજ્જવળપણું છે. ઈત્યાદિક અનંત ગુણગણમંડન રૂપ તો એક જ શ્રીજીમહારાજ છે. એ જેવા બીજા કોઈ નથી. અક્ષરથી લઈને બ્રહ્માદિક પર્યંત એ સર્વે જે તે પુરુષોત્તમ શ્રીહરિજી મહારાજ તેમની ઉપાસના ને ભજન સ્મરણ કરે છે ને એવા એ શ્રીજીમહારાજ છે તેમની પ્રસન્નતાને અર્થે નવધા ભક્તિ અતિશય હેતે સહિત કરવી ને એ વાર્તા શ્રવણ મનનાદિકે કરીને અતિ દઢ કરવી. ॥ ૨૭૬ ॥

ત્યાગી તથા ગૃહસ્થ એ સર્વે સત્સંગ કરે છે તે ઉપરછલ્લો કરે છે પણ જીવને વિશે પ્રવેશ કરાવતાં આવડતો નથી ને સત્પુરુષ પાસેથી એવી યુક્તિ પણ શીખતા નથી. ત્યારે કહેશો જે સત્સંગ ઉપરછલ્લો કેમ જાણવો ? તો ત્યાં કહીએ છીએ જે બાહેર દૃષ્ટિએ કરીને શ્રીજીમહારાજની નવધા ભક્તિ કરે છે પણ પોતાની હાણ-વૃદ્ધિનો તપાસ અંતરમાં કરતા નથી એને ઉપરછલ્લો સત્સંગ જાણવો. તેની વિગત જે કોઈકને તો પ્રાકૃત ગ્રંથ તથા સંસ્કૃત ગ્રંથ ભણવાને વિષે તથા એ ગ્રંથને લખવાને વિષે લગ્ની છે ને કોઈકને તો ગાન વિદ્યાદિકને વિષે લગ્ની છે, ને કોઈક ગૃહસ્થને કથા, વાર્તા, કીર્તન સાંભળવાને વિષે લગ્ની છે ને કોઈકને તો ગૃહસ્થ હરિભક્ત સાથે ભાઈબંધાઈ રૂપ સુવાણને વિષે લગ્ની છે તથા કોઈકને ધર્મશાળા, ફૂલવાડી, કૂવા, વાવ્ય, તીર્થ કરાવ્યાને વિષે લગ્ની છે એ સર્વે ભક્તિ તો ખરી, પણ પોતાના મન ગમતી ઉપરછલ્લી કહેવાય છે કહેતાં દેહરૂપ થઈને અહંમમત્વ સહિત કરાય છે.

માટે એવી ભક્તિને વિષે પણ મોટાની આજ્ઞાએ કરીને જેમ ઘટે તેમ પ્રવર્તવું. ॥ ૨૭૭ ॥

મોક્ષાર્થીને કરવાનું તો આટલું જ છે કે જે સત્પુરુષને સંગે કરીને ધર્મ, જ્ઞાનાદિક જીવને વિશે પ્રવેશ કરાવીને સાધુતા શીખવી. તે સાધુતા તો તો શીખાય જો મનગમતા વિષયની પ્રાપ્તિએ કરીને મન ટાઢું ન થાય ને અપ્રાપ્તિએ કરીને મન ઊનું પણ ન થાય. એ વાર્તા શ્રીજીમહારાજે પ્ર. પ્ર. ૨૦મા વચનામૃતમાં કહી છે, જો જીવ દેહરૂપ થઈને રૂપ, કુરૂપ, બાળ, યૌવનાદિક અનંત પદાર્થ જુવે છે ને શ્રોત્ર, ત્વક્, રસના ને ઘ્રાણે કરીને પણ વિષય સુખને ભોગવે છે ને જાણે છે પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જાણતો પણ નથી એ જ સર્વે અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે ને એ જ ઘેલામાં અતિશય ઘેલો છે ને એ જ મૂર્ખમાં અતિશય મૂર્ખ છે ને એ જ સર્વે નીચમાં અતિશય નીચ છે જે અંતર સન્મુખ દૃષ્ટિએ કરીને પોતાના રૂપને જોતો નથી ને સત્સંગ જીવમાં પ્રવેશ કરાવતો નથી. ॥ ૨૭૮ ॥

વળી મળમૂત્રના ભર્યા થકા પૂજા ન કરવી ને નાહી-ધોઈને પૂજા કરવી એમ શ્રીજીમહારાજે અમદાવાદના બીજા વચનામૃતમાં કહ્યું છે. માટે આત્મસત્તારૂપે થઈને લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ, માન, ક્રોધ, ઈર્ષા, કપટ, હિંસા, મત્સર ઇત્યાદિક જે અધર્મ સર્ગ તેને કાઢીને ને ધર્મ સર્ગના જે જ્ઞાન, વૈરાગ્ય શમ, દમાદિક સદ્‌ગુણ તેને જીવને વિશે પ્રવેશ કરાવવા ને વારંવાર તપાસ કર્યા કરવો જે મારે વિષે સાધુતાના

ગુણ કેટલા આવ્યા છે ને કેટલા નથી આવ્યા ને શ્રીજીનો કેટલો વિશ્વાસ છે ને નૈષ્ઠિક ને અહિંસા ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તથા શ્રીજીનું માહાત્મ્યે સહિત જ્ઞાન ને સત્પુરુષનો મહિમા કેટલો આવ્યો છે ને કેટલો નથી આવ્યો એમ તપાસ કરીને પાકો પાયો કરવો કહેતાં અસુરભાવને અંતરમાંથી કાઢીને જીવને વિષે સત્સંગનો વેગ લગાડી દેવો એમ નિરંતર વિચાર કર્યા કરવો ને એમાં વૈરાગ્ય પામવો નહિ ને એવી રીતે તપાસ કર્યા કરવો ને એમ તપાસીને જો ન વર્તે ને પોતાના મનગમતી ભક્તિને વિષે પ્રવર્તે તો તેને કોઈક કારસો આવે તો સત્સંગને વિષે એનો પગ ટકે નહિ ને એમ કહે જે મારા ઉપર આણે કારસો કર્યો પણ પોતાની ભૂલ તો જુવે જ નહિ. ॥ ૨૭૯ ॥

સુતાર ખીમા ભક્તે શ્રીજીમહારાજની લીલાની બહુ વાર્તા કરી તેને સાંભળીને સ્વામી કહે જે મહારાજે તો સુખ દીધામાં કોઈ રીતે ખામી રાખી નથી પણ આપણે મહિમા સમજતા નથી ને કેવળ ખોટ જ ખાઈએ છીએ. ત્યારે તે ભક્તે કહ્યું જે મહિમા સમજે ત્યારે કેમ વર્તાય ? ઉત્તર જે, કેવળ શ્રીજીમહારાજ સામું જ જોઈ રહેવાય. ત્યારે કોઈક સંતે કહ્યું જે જોવે કરીને બહુ સુખ જણાતું હશે ? ત્યારે કહ્યું જે જોવામાં તો બહુ જ સુખ રહ્યું છે કેમ જે એ સુખની પ્રાપ્તિને અર્થે તો મોટા મોટા જે તે અહંમમત્વને મૂકી દે છે ને તેને મૂકવાનો ઉપાય તો કર્મયોગ, ભક્તિયોગ ને જ્ઞાનયોગ છે. તેની વાર્તા વિસ્તારીને કહી છે જે જ્ઞાનયોગ જેને હોય તેને એમ વર્તે છે.

कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।
स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्न कर्मकृत् ॥[1] ॥ ૨૮૦ ॥

લોભ, કામાદિકની ઈચ્છા અલ્પ જેવી જણાય છે પણ મુંબઈ, કાશી ને અરબસ્તાન ઈત્યાદિક અનેક દેશને વિષે લઈ જાય છે ને તે દેશને વિષે અતિ દુઃખ ભોગવાવે છે પણ એ જીવ મૂર્ખ છે ને અજ્ઞાની છે ને સંસારમાં આસક્ત છે એટલે એને એ દુઃખ જણાતું નથી. લોભાદિકની વાસના તો અતિ મોટી છે માટે તેને ટાળવાને અર્થે સત્પુરુષના સંગે કરીને ધર્મ-જ્ઞાનાદિક ગુણને સિદ્ધ કરીને પાયો અતિ પાકો કરવો અને ધર્માદિકના અર્થે તો "देहं पातयामि अर्थं साधयामि"[2] એવી રીતે મંડે તો થાય. તે ઉપર હિરણ્યકશિપુના દૃષ્ટાંતે કરીને વાર્તા કરી જે હિરણ્યકશિપુએ ઊંધે માથે તપ કર્યું તે શરીરમાં વાંસડા સોંસરા નીસર્યા. તેમ સાચા શૂરવીર થઈને પુરુષપ્રયત્ન કરવો. ॥ ૨૮૧ ॥

સ્વામીએ એમ કહ્યું જે અમે તો એકલી સાકર જ ખાઈએ છીએ ને જો તેમાં ધૂડ્ય આવે તો તેને અલગ કરી નાખીએ છીએ. ત્યારે કહેશો જે એ તે શું કહ્યું ? તો એમ કહ્યું જે આત્મસત્તારૂપ થઈને જાણપણારૂપ દરવાજે ઊભા રહ્યા થકા

૧. અર્થઃ– ભગવાનની આરાધનારૂપ કર્મને વિષે આત્મજ્ઞાન રહ્યું છે એમ જુવે અને આત્મજ્ઞાનને વિષે કર્મને જુવે. અર્થાત્ આત્મજ્ઞાન સાક્ષાત્કાર થયું હોય તો પણ ભગવદ્ ભજન સ્મરણરૂપ કર્મ અવશ્ય કરવું જોઈએ. એ પ્રમાણે જાણે તે બુદ્ધિમાન છે. (ગી. ૪-૧૮)

૨. અર્થઃ– દેહ છો પડી જતો, પણ મોક્ષરૂપી અર્થને સિદ્ધ કરું.

પુરુષોત્તમ મહારાજનાં દર્શન કરીએ છીએ ને તેમાં જે જે લોભ, કામાદિક પેસવા આવે તો તેનો નાશ કરી નાખીએ છીએ. એવી રીતે શ્રીજીમહારાજની ચાકરીમાં સાવધાન થકા રહ્યા છીએ. ॥ ૨૮૨ ॥

ઉત્તમ ને મધ્યમ એવા જે ભક્ત તેમનું વર્તન કેવું હોય ? ઉત્તર જે, ઉત્તમ ભક્તને તો જાગ્રતને વિષે સુષુપ્તિની પેઠે વિષયનો અભાવ વર્તે ને જે મધ્યમ ભક્ત છે તે તો જાગ્રતને વિષે સ્વપ્નની પેઠે વિષયને ભોગવે છે. ॥ ૨૮૩ ॥

શ્રીજીમહારાજને સંભારવા તે તો અલૌકિક ઐશ્વર્ય ને અલૌકિક મહિમા તે સોતા વારંવાર સંભારવા ને અતિ પ્રકાશમાન જોયા કરવા ને ત્રણ ગુણના તથા પંચવિષયના જે વેગ આવે તેને ટાળીને જાણપણારૂપે વર્તવું એ જ અક્ષરનો ભાવ કહેવાય છે ને આંટી, અભાવ ને ઉપશમ એ ત્રણે કરીને વૈરાગ્ય ઊપજે છે. તેમાં ઉપશમે કરીને જે વૈરાગ્ય ઊપજે છે તે શ્રેષ્ઠ છે ને બીજા બે તો માધ્યમ ને કનિષ્ઠ છે. ॥ ૨૮૪ ॥

જીવને એટલું જ કરવા યોગ્ય છે જે સર્વે ઇંદ્રિયોની વૃત્તિઓનું પિંડીકરણ કરવું કહેતાં પંચવિષયમાંથી પાછી વાળીને ભગવાનના સ્વરૂપને વિષે હોમવી. ॥ ૨૮૫ ॥

શ્રીજીમહારાજે કહ્યું જે ભગવાનની કથા વાર્તાનું શ્રવણ, મનન ને નિદિધ્યાસે કરીને એનો જો સાક્ષાત્કાર કર્યો હોય તો તે જીવને બહુ સહાય કરે છે. ॥ ૨૮૬ ॥

સત્સંગમાં સર્વ પ્રકારે ભીષણને ખમે ને નવધા ભક્તિ

કર્યાને વિષે ઝડપું ભરે ને પોતાનો ભક્તિભાવ દેખાડે તે અમને ગમે છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. ॥ ૨૮૭ ॥

શિષ્ય, વાહનાદિકે કરીને તથા ભોજન, છાદનાદિકે કરીને જે આનંદ પામવું એ તો બાહરેલું સુખ છે ને નાશવંત ને નિરાનંદ છે. તે કહ્યું છે જે,

योंऽतः सुखोंऽतरारामस्तथांतर्ज्योतिरेव यः ।

स योगो ब्रह्मनिर्वाणं ब्रह्म भूतोऽधिगच्छति ॥[1]

તે વાસ્તે અંતર્દષ્ટિએ કરીને આત્માને વિષે રહ્યા એવા જે પરમાત્મા શ્રીહરિજી મહારાજ તેમને જોવા ને તેમના ધ્યાનના સુખે કરીને સુખિયા થાવું ને પંચવિષયને વિષે જેવી પ્રીતિ ને જેવી તૃષ્ણા છે તેવી જ શ્રીજીમહારાજના મહિમાને વિષે તથા આત્મનિષ્ઠાને વિષે પ્રીતિ ને તૃષ્ણા રાખવી તે પંચવિષયમાંથી તો જરૂર ઉખેડવી ને માયાને વિષે તો એવું વિચિત્રપણું રહ્યું છે જે તેમાં દેવ મનુષ્યાદિક પણ સર્વે લોભાઈ રહ્યાં છે પણ અંતે જાતાં તો તે ગોડિયાની બાજી જેવું જ છે એમાં સંશય નથી. ॥ ૨૮૮ ॥

જીવ કલ્યાણના માર્ગમાં ચાલે છે તો ખરો પણ તેને ઠેસું બહુ વાગે છે, તેણે કરીને આડોઅવળો પડી જાય છે. જેમ આંધળો માર્ગ ભૂલીને કુમાર્ગે ચાલે છે ને તેને જેમ ઠેસું વાગે

૧. અર્થઃ– જે પુરુષ આત્મસુખના અનુભવવાળો, ધ્યાન કરવા યોગ્ય આત્મસ્વરૂપમાં આરામ કરનાર, આત્મધ્યાને કરી પ્રકાશવાન તેમ જ જ્ઞાનયોગમાં નિષ્ઠાવાળો છે તે બ્રહ્મરૂપ થકો અક્ષરબ્રહ્મ સંબંધી સુખને અનુભવે છે.
(ગી. અ. ૫-૨૪)

છે ને તે પડી જાય છે તેમ. વિચાર અને વિવેક વિના સત્ અસત્ સંગને ઓળખતો નથી. માટે સત્પુરુષને ઓળખીને ને તેમનો સમાગમ કરીને પંચવિષય સંબંધી સંકલ્પ વિકલ્પરૂપ જે ઠેસું છે ને દેહાભિમાન સંબંધી જે ભારે ઠેસું છે ને પ્રાણને ક્ષુધા, પિપાસાદિક જે ઠેસું છે તે સર્વે સત્સંગને પ્રતાપે કરી કાઢી નાખીને અતિ શુદ્ધ થાવું. જેમ ખેડુ છે તે ખેતરને સમાર દઈને ચોખ્ખું કરે છે તેમ જીવને ચોખ્ખો કરવો ને ધર્મને વિષે અતિ દઢપણે વર્તવે કરીને સુખી થવાય છે ને કર્મને વિષે આસક્તિ રાખવે કરીને દેવતા થવાય છે ને વિષયમાં આસક્તિએ કરીને ભૂત, પ્રેત કે સ્થાવરાદિક થવાય છે ને સત્પુરુષના વિશ્વાસે કરીને તો બહુ મોટા થવાય છે. ॥ ૨૮૯ ॥

સત્સંગ સહેજે મળ્યો હોય તે પુરુષ પ્રયત્ન કર્યા વિના વૃદ્ધિ પામે કે નહિ ? ઉત્તર જે, પોતાને જોયા કરે જે મારામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને શ્રીજીમહારાજની માહાત્મ્યે સહિત ભક્તિ એમાંથી કયા ગુણ આવ્યા છે ને કયા નથી આવ્યા ને આસ્તિકપણું કેટલું છે ને કેટલું નથી ને લોભ, કામાદિક જે દોષ તે કેટલા ઓછા થયા છે ને કેટલા નથી થયા એમ તપાસ અહોનિશ કર્યા કરે ને પુરુષપ્રયત્ને કરીને ધ્રો તથા બોરડીની પેઠે સત્સંગને વિષે નક્કી પાયો કરે તો સત્સંગ વૃદ્ધિ પામે, નહિ તો દેશ કાળાદિકની વિષમતાએ કરીને લાંપડાની પેઠે ઊડી જાય. ॥ ૨૯૦ ॥

ત્રણ શરીરની ભાવનાએ રહિત થકા શ્રીજીમહારાજનું

ભજન કરવું. તે ત્રણ શરીરની ભાવનાની વિગત જે જોયા સંબંધી કે સાંભળવા સંબંધી એ આદિકની જે જે ઇચ્છા ઊપજે તે સ્થૂલ દેહની ભાવના કહેવાય. ને મનમાં સંકલ્પ વિકલ્પનો જે ઘાટ ઊપજે તે સૂક્ષ્મ દેહની ભાવના કહેવાય. ને એ ઘાટ જ્યારે લય થાવા માંડે ત્યારે તે કારણ શરીરની ભાવના કહેવાય. ॥ **૨૯૧** ॥

નિરાકાર થઈને ભગવાનને ભજવા તે નિરાકાર કેમ થાવું ? ઉત્તર જે, માયિક આકાર માત્રને ટાળીને જાણપણારૂપે વર્તવું એ નિરાકાર સમજણનું લક્ષણ છે. તે આકાર બે પ્રકારના છે. એક બાહેરલા છે ને એક માંહેલા છે. તેમાં પણ બે પ્રકાર છે. એક રાગે સહિત છે ને એક રાગે રહિત છે. ને તે રાગ પણ બે પ્રકારના છે. એક વિષય સંબંધી છે ને એક શ્રીહરિ સંબંધી છે. તેમાં જે શ્રીહરિ સંબંધી રાગ છે તે તો ધર્મ-જ્ઞાનાદિક સાધને યુક્ત છે ને એવી જાતના રાગને તો અતિ દઢપણે કરીને રાખવો ને તે વચમાં બીજા આડાઅવળા ઘણા સંકલ્પ આવી જાય તેની તો ઉપેક્ષા જ રાખવી. જેમ વરતાલ જવાનો મુખ્ય સંકલ્પ હોય ને માર્ગમાં આડાંઅવળાં ઘણાંક પદાર્થ આવી જાય તે જેમ ગણતીમાં ન હોય તેમ, ને વળી જેમ નિશાનના (મધ્યના ૨૨ના) વચનામૃતમાં કહ્યું છે જે એક નિશાન લેવાનો જ મુખ્ય સંકલ્પ છે તેમ, ને હમણાં તો બીજા સંકલ્પનું બળ જણાય છે, ને મુખ્ય સંકલ્પનું બળ નથી જણાતું પણ અંતે જાતાં એ જ વૃદ્ધિ પામશે કેમ જે તે શ્રીહરિ સંબંધી છે. માટે તે ઉપર સાકરકોળાંના વેલા નાના ને તેનું ફળ મોટું તેનાં

દૃષ્ટાંતે[1] કરીને વાર્તા કરી. ॥ ૨૯૨ ॥

પ્રત્યક્ષ શ્રીહરિજી કે તેમના સંત મળ્યા એટલે કલ્યાણ થઈ રહ્યું પણ ત્રણ અંગે સહિત ભક્તિરૂપ સાધનને કર્યા વિના કારણ દેહની વાસના નાશ પામતી નથી ને શ્રીજીમહારાજ પણ પ્રસન્ન થાતા નથી ને તે સાધન તો એકાંતિક ભક્તના સંગે કરીને ને અતિ દૃઢ પુરુષપ્રયત્ને કરીને શીખે તો સિદ્ધ થાય છે એમ સમજ્યા વિના નિષ્કામ ભક્તિ થાતી નથી ને જે પોતાના મનને જાણે, ભક્તિ કરે છે તે તો સકામ થઈ જાય છે. તે ભાગવત્ ધર્મમાં નવધા ભક્તિ સત્પુરુષો પાસેથી શીખ્યાનું કહ્યું છે ને ભગવાને પણ ગીતામાં કહ્યું છે જે,

मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ।
स गुणान्समतीत्यैतान ब्रह्मभूयाय कल्पते ॥[2]

માટે નિષ્કામપણે શ્રીજીમહારાજની પ્રસન્નતાને અર્થે ત્રણે અંગે સહિત ભક્તિ કરવી પણ બીજું ઇચ્છવું જ નહિ, એ એકાંતિક ભક્તની સમજણ છે. ને જે સકામ ભક્તિ છે તે તો દેહને અર્થે તથા કામ, લોભ, રસાસ્વાદ ને માન ઇત્યાદિકને અર્થે થઈ જાય છે તે સારુ સમજીને ભક્તિ આદિક સાધન કરવાં. એવી રીતે વાર્તા બહુ કરી છે પણ આ તો દિશ માત્ર લખી છે. ॥ ૨૯૩ ॥

એક સંતે પૂછ્યું જે સદ્‌ગુરુ ને સત્શાસ્ત્રને વચને કરીને

૧. જુઓ પરિશિષ્ટ.

૨. અર્થઃ— મને જે નિષ્કામ ભક્તિયોગે કરીને આરાધે છે, તે યોગી સત્વાદિક ગુણોને ઉલ્લંઘીને વર્તે છે અને પોતે અક્ષરબ્રહ્મરૂપ થાય છે. (ગી. અ. ૧૪-૨૬)

દઢ વૈરાગ્યને પામ્યો હોય ને દઢ શ્રદ્ધાવાન હોય ને અષ્ટ પ્રકારના બ્રહ્મચર્યને અતિશય દઢ પાળતો હોય ને અહિંસા ધર્મને વિષે દઢ પ્રીતિવાન હોય ને આત્મનિષ્ઠા પણ અતિ પરિપક્વ હોય તો તેને માથેથી જન્મમરણની નિવૃત્તિ થઈ જાય છે એમ શ્રીજીમહારાજે સારંગપુરના ૧૧મા વચનામૃતમાં કહ્યું છે તે સાચું કહ્યું છે કે ફોસલાવવાને અર્થે કહ્યું છે ? ત્યારે મોટા સંતે કહ્યું જે એ તો સાચું કહ્યું છે. ત્યારે સંતે કહ્યું જે એમ કેમ વર્તાતું નથી ? ત્યારે મોટા સંત કહે જે એટલી ભૂલ છે અથવા પ્રમાદ છે. ત્યારે તે સંત કહે જે એ સાધનને કેમ શીખવાં ? ત્યારે મોટા સંત કહે જે સત્પુરુષ પાસેથી નિત્ય-પ્રલયાદિકના વિચારે કરીને વૈરાગ્ય શીખવો ને સત્ અસત્ના વિચારે કરીને આત્મનિષ્ઠા શીખવી એમ વર્તવાને વિષે શ્રદ્ધા જે ત્વરા તે રાખવી. એવી રીતે બીજા સર્વે ગુણ સત્પુરુષ પાસેથી શીખવા. ત્યારે શાન્તાનંદ સ્વામીએ કહ્યું જે વૈરાગ્યાદિક ગુણની અવધિ છે કે નહિ ? ઉત્તર જે, શ્રીજીમહારાજના ચરણકમળ વિના ક્યાંય પણ અણુમાત્ર પ્રીતિ ન રહે એ વૈરાગ્યનો અવધિ છે ને ઊર્ધ્વરેતા થવાય એ બ્રહ્મચર્યનો અવધિ છે ને શ્રીહરિજીની કથા વાર્તા આદિકને વિષે ત્વરા વર્તે એ શ્રદ્ધાનો અવધિ છે. ॥ ૨૯૪ ॥

વ્યવહારમાં રહીને શ્રીજીમહારાજ કેમ મુખ્ય રહે ? ઉત્તર જે, જો શ્રીહરિજીનો મહિમા સમજીને વ્યવહાર કરે તો શ્રીજીમહારાજ મુખ્ય રહે. જેમ ચક્રવર્તી રાજા હોય તેના મહિમાને જાણીને તેના જે કામદાર હોય તે કામકાજ કર્યા કરે

છે તેમ શ્રીહરિજીના મહિમાને સમજીને વ્યવહાર કરે તો પરમેશ્વર મુખ્ય રહે. ત્યારે શંકા કરી જે મહિમા સમજીને વ્યવહાર કરે તો વ્યવહાર મુખ્ય થયા વિના કેમ રહે ? ત્યારે મોટા સંત કહે જે લ્યો, એનો ઉત્તર કરીએ એમ કહીને બોલ્યા જે પ્રથમથી જ નિત્ય-પ્રલયાદિકનો વિચાર કરીને ને પિંડ બ્રહ્માંડને અતિ અસાર જાણીને ને કાખના મુવાળા જેવો ને સ્વપ્ન તુલ્ય વ્યવહાર જાણીને ને સત્ અસત્‌ના વિવેકે કરીને વ્યવહારના રૂપને યથાર્થ અસત્ય સમજ્યો હોય તો વ્યવહાર મુખ્ય થાય નહિ, ને એમ ન સમજે તો પરમેશ્વર મુખ્ય થાય નહિ, ને સંસાર મુખ્ય થઈ જાય છે. ॥ **૨૯૫** ॥

શાન્તાનંદ સ્વામીએ કહ્યું જે સત્સંગી ક્યારે થાય ? ઉત્તર જે, જ્યારથી જેણે વર્તમાન ધાર્યાં ત્યારથી તે સત્સંગી તો થયો. ત્યાં દૃષ્ટાંત જેમ કુંભારે ચક્ર ઉપર માટીનો પિંડો ઘડો કરવાને અર્થે મૂક્યો ત્યારથી તેનું નામ ઘડો પડ્યું પણ એ ચક્રથી ઊતરશે ને તડકે સૂકવશે ને ઘડશે ને નિંભાડામાં બાળશે ને પછી પાણી ભરીને વાવરશે, તે એટલે ઠેકાણે જો નક્કી રહ્યો તો જાણીએ જે હવે આ નીવડ્યો ને નક્કી ઘડો થયો. તેમ ભગવાનના માહાત્મ્યપૂર્વક ત્રણ અંગે સહિત ભક્તિ કરતે કરતે આત્માને વિષે જ્યારે પરમાત્માનું દર્શન થાય ત્યારે સત્સંગી સંપૂર્ણ થયો જાણવો. તે એકાદશીના (મધ્યના ૮મા) વચનામૃતને વિષે કહ્યું છે જે યજ્ઞ કરતે કરતે જ્યારે હૃદયને વિષે પુરુષોત્તમ ભગવાન દર્શન આપે ત્યારે યજ્ઞ પૂરો થયો જાણવો. ત્યાં પર્યંત ઇંદ્રિયોની વૃત્તિને ભગવાનના સ્વરૂપને

વિષે હોમ્યારૂપી યજ્ઞ તે નિરંતર કર્યા કરવો. ॥ ૨૯૬ ॥

સર્વે સંત શ્રીહરિજીની ભક્તિ કરે છે તેમાં કેટલાક જ્ઞાન શીખે છે ને કેટલાક તો વૈરાગ્ય શીખે છે ને કેટલાક ધર્મ તથા ભક્તિને શીખે છે પણ પરસ્પર ઈર્ષા શા સારુ કરે છે ? ઉત્તર જે, શ્રીજીમહારાજ તથા તેમના અતિ વહાલા એવા જે એકાંતિક ભક્ત તે પાસેથી નવધા ભક્તિ તથા પ્રેમલક્ષણા ભક્તિને શીખીને તેનો મર્મ સમજીને નિષ્કામ ભાવે કરીને ભક્તિ કરે તો ઈર્ષા ન આવે ને એવી રીતે સત્પુરુષ પાસેથી તો શીખતા નથી ને પોતાની મેળે અહંમમત્વ સોતા કરે છે માટે પરસ્પર ઈર્ષા થાય છે. ॥ ૨૯૭ ॥

જ્ઞાની એવા જે મોક્ષાર્થી તે અર્થાદિકનો સંગ્રહ કરતા નથી ને જે કરે છે તે પણ એમ સમજીને કરે છે જે કલ્યાણરૂપ ધર્મમાં રહીને અર્થને ઉપજાવે છે ને તેનું ધર્મરૂપ જે અર્થ છે તેનું ફળ વિષય ભોગ જ છે એમ નથી સમજતા ને તે વિષય ભોગવે છે તે પણ ઈંદ્રિયુંને લડાવવી એ જ ફળ નથી જાણતા પણ દેહ રહે એટલું જ ફળ સમજે છે ને તે દેહ રાખ્યાનું ફળ પણ એટલું જ છે જે ત્રણ અંગે સહિત ભક્તિ કરીને શ્રીહરિજી મહારાજના એકાંતિક ભક્ત થાવું ને જે અજ્ઞાની છે તે તો એમ સમજે છે જે ધર્મનું ફળ ધન મળ્યું એ છે ને ધનનું ફળ વિષય ભોગવવા એ છે ને તેનું ફળ ઈંદ્રિયોને લડાવવી એ છે ને ફરી પણ એમને એમ કર્યા કરવું એવી રીતે અસત્ સમજણની શાસ્ત્રમાં ના પાડી છે. તે ઉપર નીચે પ્રમાણે શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધમાં બે શ્લોક છે જે,

धर्मस्य ह्यापवर्ग्यस्य नार्थोऽर्थायोपकल्पते ।
नार्थस्य धर्मैकांतस्य कामो लाभाय हि स्मृतः ॥
कामस्य नेंद्रियप्रीतिर्लाभो जीवेत यावता ।
जीवस्य तत्वजिज्ञासा नार्थो यश्चेह कर्मभिः ॥[1]

અને જે અર્થ પર વર્તે છે તે પણ ધર્મમાં રહીને અર્થનો સંગ્રહ કરે છે ને જે ધર્મ પર વર્તે છે તે પણ ધર્મ સોતા જ અર્થને ભેગા કરે છે પણ એ બેય જણા અર્થને મોક્ષના માર્ગને વિષે વાવરે છે માટે એ પણ ઠીક સમજે છે ને જે કામ પર વર્તે છે તે તો અર્થ, ધર્મ ને કામ પર કરે છે માટે એની સમજણ બરાબર નથી. ॥ ૨૯૮ ॥

એક દિવસ મોટા સંતે કહ્યું જે ઇંદ્રિયોમાં, અંતઃકરણમાં ને કારણ દેહમાં ભગવાનનું ધ્યાન આપણ સર્વે કરીએ છીએ તે જો સત્ અસત્‌નો વિચાર કરીને ને ત્રણ શરીરથી જુદા પડીને જીવમાં ધ્યાન કરીએ તો જીવ શુદ્ધ થાય. તે અમદાવાદના બીજા વચનામૃતમાં કહ્યું છે જે નાહીધોઈને પૂજા કરવી ને જેમ કોઈ શાહુકાર અન્નજળ દેવારૂપ સદાવ્રતની પેઢી કરી જાય છે તેમ શ્રીજીમહારાજ કલ્યાણરૂપ સદાવ્રતની પેઢી કરી ગયા છે ને ધર્મને વિષે દઢપણે વર્તતો હોય ને સત્પુરુષનો અતિ દઢ

૧. અર્થઃ– મોક્ષોપયોગી નિષ્કામ ધર્મનું ફળ દ્રવ્ય પ્રાપ્તિ નથી, પણ મોક્ષ જ છે. તેમ જ ધર્મોપયોગી અર્થનું ફળ ભોગવિલાસ નથી, પરંતુ ધર્મ જ છે. અને દેહનિર્વાહોપયોગી ખાનપાનાદિક ભોગ ઇંદ્રિયોને તૃપ્તિ કરવા માટે નથી પરંતુ દેહનિર્વાહ માટે છે, ને જીવનનું ફળ કર્મો કરી મેળવેલાં દ્રવ્યથી ભોગવિલાસ ભોગવવા તે નથી, પરંતુ અદ્વિતીય જ્ઞાન જાણવા માટે જ છે.
(ભા. પ્ર. અ. ૨ શ્લો. ૯-૧૦)

વિશ્વાસ હોય તો તેને ગમે તેવું કઠણ પ્રારબ્ધ હોય તો પણ તે ટળી જાય છે. ॥ ૨૯૯ ॥

એકાંતિક ભક્તની વૃત્તિમાં ભગવાન રહ્યા હોય એવાનું વર્તન કેવી જાતનું હોય ? ઉત્તર જે, એવાની જે ક્રિયા તે આચાર્યજી મહારાજને અર્થે હોય કે મંદિરને અર્થે હોય પણ પોતાને અર્થે ન હોય ને એવા જે ગૃહસ્થ હરિભક્ત હોય તેને પણ

प्रसंगमजरं पाशमात्मनः कवयो विदुः ।

स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतं ॥[1]

એ શ્લોકમાં કહ્યું છે એવી રીતે સત્સંગને વિષે મમત્વ અને વર્તન હોય. ॥ ૩૦૦ ॥

અને ''कर्मात्मकं येन शरीरबन्धः''[2] એ શ્લોકની વાર્તા કરી જે જીવ જે તે પ્રથમ દેહાભિમાને યુક્ત થકો પંચવિષય સંબંધી ક્રિયાને જેમ મમત્વે સહિત કરે છે ને તે પછી સત્સંગ કરીને જે જીવરૂપે પોતાને માનીને શ્રીજીમહારાજને અર્થે તેવો જ મમત્વ રાખીને નવધા ભક્તિ અતિશય કરે ને તેમના ભક્તની પણ મમત્વ રાખીને સેવા ચાકરી કરે ત્યારે અંતઃકરણ શુદ્ધ થાય છે. તે પછી સત્તારૂપ થઈને વારંવાર ઉપશમ કરીને જલના ફુવારાની પેઠે અનેક પ્રકારે થઈ જે ઇંદ્રિયોની વૃત્તિઓ

૧. અર્થઃ– જીવને સંબંધીઓમાં તથા વિષયોમાં કોઈ પણ રીતે ન છેદાય એવા પાશરૂપ દૃઢ પ્રસંગ છે તે જ પ્રસંગ જો એકાંતિક સાધુઓમાં કર્યો હોય તો મોક્ષનું દ્વાર ઉઘાડું થઈ જાય છે. (ભા. તૃ. અ. ૨૫-૨૦)

૨. અર્થઃ– સકામ કર્મ શરીરના બંધનરૂપ છે.

તેનું પિંડીકરણ વારંવાર કર્યા કરે ત્યારે એ જીવને અતિશય બંધનરૂપ જે કારણ શરીર તે નાશ થઈ જાય છે. તે ઉપર આ ત્રણ વચનામૃત વંચાવીને વાર્તા કરી તે ત્રણ વચનામૃતના નામ (૧) મધ્યનું ૫૦મું રહસ્યનું ને (૨) મધ્યનું ૪૫મું જે સાધુ, બ્રહ્મચારી, અયોધ્યાવાસી ને ગૃહસ્થ એ સર્વે તમે ખબડદાર રહેજો ને (૩) અમદાવાદનું બીજું જે નાહી ધોઈને પૂજા કરવી. ॥ ૩૦૧ ॥

નિષ્ઠાના સ્વરૂપને જાણ્યાનું લક્ષણ એ છે જે સમુદ્રમાં વહાણ ડૂબતું હોય તથા દૈવ ઈચ્છાએ કરીને વગડામાં એકલા જ નોખા પડી ગયા હોઈએ ને વળી દેહ પણ અતિ માંદો હોય ને પોતાની મેળે ક્રિયા કરવા સમર્થ ન હોય તો પણ કાયર ન થવાય. ને શ્રીજીમહારાજના અંતર્યામીપણાનો જે વિશ્વાસ તે લેશમાત્ર પણ ગૌણ પડે નહિ તેની પક્વ નિષ્ઠા કહીએ તથા શ્રીહરિજી અથવા સત્પુરુષ તે કોઈક નાના સાધુના વચનમાં વર્તાવે તો પણ જેમ શ્રીજીમહારાજની સમીપે તથા મોટા સંતની સમીપે વર્તતો હોય તેમ જ વર્તે પણ લેશમાત્ર આડું અવળું કરે નહિ તેની પક્વ નિષ્ઠા કહીએ અને એવી પક્વ નિષ્ઠા કેમ થાય ? ઉત્તર જે, એ બે પ્રકારની પક્વ નિષ્ઠાના લક્ષણની વાર્તા કર્યામાં તથા સાંભળ્યામાં શ્રદ્ધા બહુ રાખે તથા મોટા પુરુષનો સંગ કરે તો પક્વ નિષ્ઠા થાય છે. ॥ ૩૦૨ ॥

સત્તારૂપ થઈને માંહી રહીએ તો સુખ રહે છે ને બાહેર રહીએ તો દુઃખ થાય છે તે કેમ વર્તીએ તો દુઃખ ન થાય ? ઉત્તર જે, જેમ માંહી વર્તીએ છીએ ને સુખ રહે છે તેમ જ

દેહમાં આવીએ ત્યારે તેમ જ વર્તીએ તો દુઃખ થાય જ નહિ. તે વર્ત્યાની રીત જે જેમ તેમ બોલી જવાય ને કોઈક કાંઈક કહે તો તેનું દુઃખ લગાડીએ નહિ ને ક્યાં આપણે વિદુર નીતિ ભણ્યા છીએ જે તે પ્રમાણે ન બોલાયું તો લાજ નહિ રહે એમ તો કાંઈ નથી માટે માંહી ને બાહેર જાણપણારૂપે વર્તીએ તો દુઃખ જ નથી. ॥ ૩૦૩ ॥

એક દિવસ સ્વામીએ વાત કરી જે પોતાને માન થાઓ કે અપમાન થાઓ કે રામપાત્ર લઈને ઘેર ઘેર માગી ખાઓ કે હાથીએ બેસો ને સુખ થાઓ કે દુઃખ થાઓ ને શરીર રોગી કે નિરોગી રહો પણ આવા પુરુષોત્તમ ભગવાનની પ્રાપ્તિ થઈ છે માટે અલમસ્ત થકા શ્રીજીમહારાજને ભજ્યા કરે પણ એ પુરુષ કોઈમાં લેવાય નહિ. તે એકાંતિક ભક્ત કહેવાય. ॥ ૩૦૪ ॥

ધર્મ, જ્ઞાનાદિકે કરીને બે સરખા હોય તેમાં એક તો શ્રીહરિજી મહારાજની અનુવૃત્તિને વિષે વર્તે છે ને એક નથી વર્તતો એ બેયમાં કોણ શ્રેષ્ઠ છે ? ત્યારે સંતે કહ્યું જે અનુવૃત્તિમાં વર્તે છે તે શ્રેષ્ઠ છે તે જે યથાર્થ મહિમા સમજતો હોય તે જ અનુવૃત્તિમાં વર્તે છે. ॥ ૩૦૫ ॥

જીવ સદાય સુખી કેમ રહે ? ઉત્તર જે, પોતાને કંઈ જોઈએ જ નહિ એમ જે વર્તે ને વળી કોઈક પદાર્થ સત્સંગને અર્થે જોઈતું હોય તો પણ તે પદાર્થ પોતાવતે કોઈ પાસે મગાય જ નહિ એવી રીતે જે વર્તે તે સદાય સુખી રહે છે. ॥ ૩૦૬ ॥

અને અખંડાનંદ સ્વામીની પેઠે મોટમના થાવું પણ વાતવાતમાં મૂંઝાવું નહિ. તે અખંડાનંદ સ્વામીને માથે નિષ્કામી વર્તમાન ચૂક્યાનો અપવાદ એક સાધુએ નાખ્યો ત્યારે તેમણે કહ્યું જે, 'ખોટા ક્યું બોલતા હો' પણ તેમના મનમાં શોક કે ઉદ્વેગ લગારે પણ થયો નહિ. એ મોટમનાનું લક્ષણ છે. એ શું કહ્યું ? તો પંચવિષયની ઉપેક્ષા રાખ્યાની જુક્તિ કરી. ને ક્ષમા પણ સમર્થ અસમર્થ સર્વેને રાખવી. તે સમર્થને શોભારૂપ છે ને અસમર્થને સુખકારી છે. તેણે કરીને નિર્માની વર્તમાન દૃઢપણે પાળવાનું કહ્યું. ॥ ૩૦૭ * ॥

અને અહંવૃત્તિની ઘણીક વાર્તા કરી જે આત્મસત્તારૂપે વર્તતો હોય તો પણ અહંપણું રહે છે માટે અતિશય વિચાર કર્યાનો આગ્રહ કરે તો ટળે, એમ કહી પૃથ્વી આદિક જે અષ્ટ આવરણ છે તેને દેહને વિષે દેખાડીને વાર્તા કરી. ॥ ૩૦૮ * ॥

અને જેને દત્તાત્રેયની પેઠે જ્યાં ત્યાંથી સિદ્ધાંત જ ગ્રહણ કરતાં આવડે છે તે ક્યાંય બંધાતા નથી. એવી રીતે કપાસનાં બે ક્ષેત્રને દૃષ્ટાંતે[1] વાત કરી. ॥ ૩૦૯ * ॥

અને બંધીવાળા મંડપને વિષે કીર્તન ગાયાં ત્યારે તેમાં શબ્દ ભરાઈ રહ્યો તે જોઈને સ્વામીએ વાત કરી જે આ પ્રમાણે ઇંદ્રિયુંને વિષયમાં ન જાવા દીયે તો અંતઃકરણમાં જ્ઞાન ભરાઈ રહે. ॥ ૩૧૦ * ॥

૧. જુઓ પરિશિષ્ટ.

અને માનસી પૂજાને વિષે તથા સ્થૂળ દેહે કરીને પૂજા કરીએ તેને વિષે રસના આદિક ઇંદ્રિયુંની વૃત્તિ કેમ કરવી ? ત્યારે તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે પરમેશ્વરની મૂર્તિને આગળ ધારવી પછી તેને જિહ્‌વાદિક દ્વારાએ કરીને અંતરમાં ઉતારવી પછી સત્તારૂપ થઈને તે સામું જોઈ રહેવું એમ ને એમ કર્યા કરે તો રાગ ઓછા થઈ જાય છે. ને જે સંકલ્પ વિકલ્પ કર્યાની વૃત્તિ છે તે વાસનાલિંગ શરીર કહેવાય છે ને જે અવ્યક્તપણે રહ્યું છે તે કારણ શરીર છે ને જ્યારે અતિ રાગ થઈ જાય છે ત્યારે તે સ્થૂળ થઈ આવે છે. જુઓને નેત્રની આગળ સર્વે સંકલ્પની ગાંઠ્યું રહી છે જે આ ઝાડની પંક્તિ છે ને આ મનુષ્યની પંક્તિ છે તે નેત્ર વીંચીને જુઓ તો પણ જણાઈ આવે. અને સ્પર્શના સંકલ્પ થાય ત્યારે તે વૃત્તિને મસ્તકને વિષે રાખે તો તે સંકલ્પ ટળી જાય છે. તેમ જ શબ્દની વૃત્તિને નેત્રમાં રાખે તો શ્રોત્રવૃત્તિ ઓછી થઈ જાય છે. એ યોગકળા છે. અને સૌભરી ઋષિને યોગકળા એકલી જ આવડતી હતી, પણ જ્ઞાનકળા આવડતી નહોતી તેથી યોગબળે કરીને જ સર્વે ક્રિયા કરી, અને ભ્રમર જેમ કમળને વિષે સ્નેહે સોતો ચોંટી રહે છે તેમ ભગવાનના સ્વરૂપને વિષે પ્રીતિએ સોતા જોડાઈ જાવું. અને કપિલજીએ દેવહુતિ વાર્તા કરી જે મહિમાએ સહિત ભક્તિ ને ભક્તિએ સોતુ જ્ઞાન ને જ્ઞાને સોતો વૈરાગ્ય, ઇત્યાદિકની પક્વતાએ કરીને મોહ ટળી જાય છે. અને એ જ્ઞાનાદિકનું શ્રવણ, મનન ને નિદિધ્યાસ બહુ કરે ત્યારે સાક્ષાત્કાર થાય છે પણ એ ઉતાવળે થાતું નથી. એમ

ને એમ વૈરાગ્યે સહિત કર્યા કરે તો સિદ્ધ થાય છે. એમ કહીને સ્વામીએ હરજી ઠક્કર સામું જોઈને કહ્યું જે તમને આંક મેળવતાં જેમ કઠણ પડતા નથી તેમ ધર્મ, જ્ઞાનાદિક અભ્યાસે કરીને સરળ થઈ જાય છે. ॥ ૩૧૧ * ॥

અને સ્વામીએ વાત કરી જે પ્રથમ જેને કંઈક આડુંઅવળું વર્તાણું હોય તે જો ફરી પોતાના ધર્મમાં ખબડદાર થઈને વર્તે તો પાછો શુદ્ધ થઈ જાય છે. ॥ ૩૧૨ * ॥

અને સંતે પૂછ્યું જે પોતામાં જે દોષ હોય તેને ટાળ્યાની જુક્તિ જાણતો હોય તો પણ તે દોષ તેમના તેમ રહે છે તે તેનો ત્યાગ કરીને સવળે માર્ગે વર્તાતું નથી તેનો શો હેતુ છે ? એક તો એ ને બીજું મોટા સંતને યથાર્થ જાણતો હોય પણ કોઈકની વાત સાંભળીને સામો તેનો અવગુણ લે છે તે એને જાણ્યામાં ફેર છે કે નિશ્ચિયમાં ફેર છે ? ત્યારે સ્વામીએ તેનો ઉત્તર કર્યો જે નિશ્ચયમાં કિંચિત્ ફેર હોય ને બહુધા તો એમ જણાય છે જે એની બુદ્ધિમાં સ્થિરતા નથી તેથી એની બુદ્ધિમાં કાર્ય અકાર્યનો વિવેક નથી રહેતો ને જ્યારે જાણપણામાં કાર્ય અકાર્યનો વિવેક ન રહે ત્યારે ન કરવાની ક્રિયા કરે ને કરવાની ન કરે અને તે બુદ્ધિ સ્થિર ક્યારે થાય ? તો જ્યારે રજ, તમને ટાળીને શુદ્ધ સત્વગુણને વધારે ત્યારે થાય ને તે સત્વગુણની વૃદ્ધિ ક્યારે થાય ? તો જ્યારે રજોગુણી ને તમોગુણી આહારનો ત્યાગ કરીને સત્વગુણની વૃદ્ધિ કરે એવો આહાર કરે. તેની વિક્તિ જે જેમ ધર્મામૃતમાં આહારને નિયમે કરીને રસનાને જીતવાની જુક્તિ કહી છે તેમ રસનાને જીતવી તથા ગુણ વિભાગમાં

સાત્વિક પુરુષને સત્વગુણી આહાર કહ્યો છે તેમ આહાર કરે તથા સાત્વિક શાસ્ત્રને ભણે તથા સાંભળે તથા સાત્વિક પુરુષનો સંગ કરે ને નાનાં છોકરાંથી તો જેમ સ્ત્રીથી બીએ છે તેમ બીએ ને વળી કાર્યાકાર્યનો એમ વિવેક શીખે જે આ ક્રિયા કરીશ તો કાર્ય થાશે ને આ ક્રિયા કરીશ તો અકાર્ય થાશે. એવી રીતે જે જે ક્રિયા કરે તે વિચારીને કરે તથા ભય અભયને જાણે જે આ ક્રિયા કરીશ તો ભય થાશે ને આ ક્રિયા કરીશ તો અભય થાશે. માટે તે વિચારીને કરે તથા બંધ મોક્ષને જાણે જે આવી રીતે ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ ક્રિયા કરીશ તો બંધન થાશે ને ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તીશ તો મારો મોક્ષ થાશે. એવી રીતે કાર્યાકાર્ય, બંધ મોક્ષ તથા ભય અભયનો જે વિવેક તેના નિરંતર જાણપણામાં રહે ત્યારે જે જે ક્રિયા કરે તે વિચારીને થાય. ને આ કહ્યું એટલાં વાનાં રાખે તો સત્વગુણ વૃદ્ધિને પામે, ને જ્યારે રજ, તમને ટાળીને નિરંતર સત્વ વર્તે ત્યારે સ્થિર બુદ્ધિ થાય ને જ્યારે એવી સ્થિર બુદ્ધિ રહેવા માંડે ત્યારે શું કરવું ? તો શ્રીજીમહારાજે કહ્યું છે તેમ જેને કામ, ક્રોધાદિક ભૂત ન વળગતાં હોય ને જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિએ જુક્ત મોટા સંત હોય તેને સંગે રહીને એ જેમ ઇંદ્રિયુંને જીતવાની જુક્તિ બતાવે તેમ ઇંદ્રિયું અંતઃકરણને જીતીને પછી ભગવાનની મૂર્તિને વિષે તેલધારાવચ્છિન્ન વૃત્તિ રાખવાનાં જે સાધન તેને શીખવાં ને તેમ કરવામાં જે પદાર્થ અંતરાય કરે તેનો ત્યાગ કરીને અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવી. ॥ ૩૧૩ * ॥

અને સ્વામી કહે જે આ વાત પણ અતિ દઢ સમજવાની છે જે ભગવાન તથા એકાંતિક સાધુ એ બેયના સામાવડિયા ન થાવું. કેમ જે સામાવડિયાના પક્ષમાં ભળે તો જરૂર ભગવાનનો તથા એકાંતિક ભક્તનો દ્રોહ થાય માટે સૂઝે એવું વિઘ્ન હોય તો પણ તેને તોડીને ભગવાનના ને એકાંતિકના પક્ષમાં ભળવું, ને સામાવડિયાનો પક્ષ મૂકી દેવો પણ તેના પક્ષમાં ન ભળવું. **॥ ૩૧૪ * ॥**

અને વળી પુરુષોત્તમ ભગવાને આચાર્યજી મહારાજને આજ પોતાના દત્તપુત્ર કરીને સર્વે સાધુ તથા સત્સંગીના ગુરુ કરીને પોતાની ગાદી ઉપર બેસાડ્યા છે, તેમાં તથા લક્ષ્મીનારાયણ આદિક જે મૂર્તિયું પોતે પધરાવી છે તેમાં પણ પોતાના અવતાર જેટલું દૈવત પોતે મૂક્યું છે. માટે તે આચાર્ય તથા પોતાની પધરાવેલી જે મૂર્તિયું તેને અવતારી જે પુરુષોત્તમ ભગવાન તેના અવતાર જેવા જાણવા ને જેમ અવતારને અર્થે કરે તેને પોતે અંગીકાર કરે છે તેમ જ આચાર્યજીને અર્થે તથા પોતાની પધરાવેલી જે મૂર્તિયું તેમને અર્થે જે સેવા કરે તે પોતે અંગીકાર કરે છે તેમ જ તેમને અર્થે કોઈક સેવા કરતા હોય તેને અવળી વાત કહીને ભાંગી નાખે તથા એમ કહે જે આચાર્યને ને લક્ષ્મીનારાયણને ક્યાં ખોટ્ય છે માટે કાંઈ ધર્માદાનું હોય તથા નામનું હોય તે સંતને અર્થે ખરચો. કેમ જે સંતને અર્થે જે જે કરે છે તે તત્કાળ ઊગી નીસરે છે એમ અવળો ઉપદેશ કરીને પોતાની શૂશ્રુષાને અર્થે બીજાને મોળા પાડે છે. તથા કોઈક સારું મનુષ્ય હોય ને તે દેવની તથા

આચાર્યની સેવા કરતો હોય તેને પોતાની સેવા કરાવ્યાને અર્થે અવગુણ ઘાલીને તેમની સેવામાંથી પાછા પાડીને પોતાની સેવા કરાવે તો તેને પંચ મહાપાપ જેવું પાપ થાય છે માટે આ કહ્યું એમ સમજે તો જ શુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન પામ્યા કહેવાય. નહિ તો અશુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન કહેવાય ને આ વાત તો કેવી છે તો જેમ હીરો હોય ને તેને જતન કરીને રાખે તેમ આ વાતને હીરાની પેઠે નિત્યે નવી ને નવી રાખજો પણ ગાફલપણે કરીને ભૂલશો મા, જરૂર ભૂલશો મા કેમ જે આ વાતને જે ન સમજે તેને મોક્ષના માર્ગમાં બહુ ફેર પડે છે. **॥ ૩૧૫ * ॥**

અને સ. ગુ. સ્વામીશ્રી ગોપાળાનંદ સ્વામીએ વાત કરી જે આ જીવને અવશ્ય કાર્ય કરવાનું છે તે વિચારવું જે આ જીવને પંચવિષયને વિષે ખૂંતીને રહી જે પંચવિષયની અવ્યક્ત વાસના તેને પ્રકૃતિપુરુષ પર્યંત દેહગેહાદિક સર્વ અસત્ય છે. એવા વિચારે કરીને ધીરે ધીરે ટાળવી ને જીવને રાગે રહિત કરવો ને સત્તારૂપ કરવો ને પછી ભગવાનમાં પ્રીતિ કરવી. ને તે વિના દેહની ક્રિયા જે ભણવું તથા લખવું તથા બીજી જે જે ક્રિયા કરવી તે તો કેમ છે ? તો જેમ કોઈક અતિ મોટું કામ સિદ્ધ કરવું હોય ત્યારે તે કામ કરતાં હોઈએ તેમાં સહેજે બીજાં કામ આવે તે કરવાં પડે તેમ દેહક્રિયા તો છે ને અવશ્ય કરવું તો પોતે જે ધાર્યું હોય તે છે. માટે જીવને શુદ્ધ કરીને પછી ભગવાનને વિષે દૃઢ પ્રીતિ કરવી એ અવશ્ય કરવાનું છે ને બીજું જે છે તે તો દેહના નિર્વાહને અર્થે છે. પણ અવશ્ય કરવાનું નથી અને વળી કોઈક જાણે જે બહુ કરીને ભગવાનને

રાજી કરું પણ તે ભગવાન તો બહુ કર્યે પણ રાજી થાતા નથી તથા ન કર્યે પણ રાજી થાતા નથી. માટે જે જે કરવું તે સમજીને કરવું. તેની વિક્તિ જે એક તો પોતાને વિષે ખૂંતીને રહી જે પંચવિષયની વાસના તેને જીવમાંથી ટાળીને મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું. તેની વિક્તિ જે ધર્મામૃત, નિષ્કામ શુદ્ધિ ને શિક્ષાપત્રી પ્રમાણે વર્તવું. અને તે ગ્રંથ પ્રમાણે વર્તીને મંદિરની તથા દેવની તથા આચાર્ય મહારાજની સેવા કરવી. એ આદિક જે જે કરવું તે પૂર્વે કહ્યા જે ત્રણ ગ્રંથ તે પ્રમાણે વર્તે તે થકે જેટલી સેવા થાય તેટલી કરવી. પણ તે ધર્મનો ત્યાગ કરીને સેવા ન કરવી. એમ સમજીને જો થોડું જ કરે તો પણ ભગવાન બહુ માને ને તે વિના તો ઝાઝું કરે તો પણ તેમાં ભગવાન પ્રસન્ન ન થાય. ॥ ૩૧૬ * ॥

# ૧૬ ત્યાગીને વર્તવાની રીતની વાતો

જે પુરુષમાં બે વાનાં હોય તેમાં એક તો જાણીને વીર્યપાત કરે તથા બીજું ધન રાખે એવો જે સાધુ પુરુષ તે સત્સંગમાંથી જરૂર પડી જાય. ॥ ૩૧૭ ॥

ત્યાગી થઈને ધન રાખે તે પુરુષને દિવસ દિવસ પ્રત્યે હજાર ગાયો માર્યાનું પાપ થાય એમ સનાતન જૂની શ્રુતિમાં કહ્યું છે. ॥ ૩૧૮ ॥

માની હોય તેને કોઈક વખાણે ત્યારે ફુલાઈ જાય અને પોતાને બરોબરિયા જે સાધુ હોય તેની કોઈ પૂજા કરે તથા વસ્ત્ર ઓઢાડે ઈત્યાદિક સન્માન કરે અને પોતાનું ન કરે ત્યારે તે લજામણીના ઝાડની પેઠે કરમાઈ જાય અને મુવા જેવો થઈ જાય. માટે વ્રત, તપ, ત્યાગ, જ્ઞાન, કથા, વાર્તા, ધ્યાન, ભક્તિ ઈત્યાદિક જે જે સાધન કરે છે તે માન વધે તે વાસ્તે કરે છે પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે નહિ. તે માન ટાળવું સહુથી અતિ કઠણ છે. ॥ ૩૧૯ ॥

જગત તે શું તો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ જે પંચવિષય તે જગત છે. તેમાં પણ માન, સ્ત્રી ને ધન એ ત્રણ તો વિશેષ જગત છે. માટે ત્યાગીને તો બાળકની પેઠે કોઈ માન કરે તથા અપમાન કરે તથા પૂજા કરે તથા ધૂળ નાખે એ બેયને વિષે સમભાવ રહે તો જગતમાં ન લેવાણો. અને હર્ષ-

શોકને પામે તો જગતમાં લેવાણો તેમ જ ત્યાગીને ધન ને સ્ત્રી એ બે તો ન હોય પણ જો ભક્ત ભગવાનના મંદિરને વિષે ધૂળ નાખીને ખાડા પૂરે તથા પાણા ફેરવે તથા મંદિરમાં ગાર કરે તથા સંતની સેવા કરે અને કોઈક તો રજોગુણી મનુષ્યને સત્સંગ કરાવીને તેને ઉપદેશ કરીને બે, ત્રણ તથા ચાર હજાર રૂપિયા લાવે ત્યારે એ બેયની ઉપર સમભાવ રાખવો અને જો એમ ન કરે ને અધિક ન્યૂન ભાવે રહે તો જાણવું જે એ જગતમાં લેવાણો. ॥ ૩૨૦ ॥

માવે ભક્તે કહ્યું જે ત્યાગીને સ્ત્રી ને ધન એ બે નથી જણાતાં પણ દેહ ને સ્વભાવ એ બે તો જણાય. ત્યારે સ્વામીએ કહ્યું જે દેહમાં ધન રહ્યું છે અને સ્વભાવમાં સ્ત્રી રહી છે. તે કેમ છે તો ઉપરથી ત્યાગ કરીને બેઠો છે પણ જો દેશકાળે કરીને સ્ત્રીનો જોગ થાય ત્યારે તેને ભોગવવાની આસક્તિ થાય અને ભોગવે. તે માટે સ્ત્રી તે સ્વભાવમાં રહી છે. ને દેહમાં ધન તો એમ છે જે દેહમાં મંદવાડ થાય તથા કોઈક જાતનો સ્વભાવ પડે તથા વસ્ત્રાદિક પદાર્થ જોઈએ ત્યારે ધનમાં આસક્તિ થાય તે માટે ધન તે દેહમાં છે ને સ્વભાવમાં સ્ત્રી તો એમ રહી છે જે ચ્યવનઋષિ બીજાના દેહની નાડીયુંને બંધ કરે એવા સમર્થ હતા તો પણ સ્ત્રી પરણ્યા અને સૌભરી ઋષિએ પણ સાઠ હજાર વર્ષ તપ કર્યું હતું તો પણ સ્ત્રી પરણ્યા. માટે સ્ત્રી તો સ્વભાવમાં રહી છે. અને આપણે આંહીં સ્ત્રીનો સંકલ્પ થાય તો ઉપવાસ કરે ત્યારે દોષ ટળે અને જો દેહે કરીને સ્ત્રીનો સંગ થાય તો સત્સંગમાં રખાય નહિ, પણ સંકલ્પે કરીને

સત્સંગમાંથી કઢાય નહિ અને બદ્રિકાશ્રમમાં સંકલ્પ થાય તો ત્યાંથી પાછો દેવલોકમાં મૂકે અને ત્યાં સ્ત્રી ભોગવીને પછી તે સ્ત્રીનો ત્યાગ કરીને સ્ત્રીનો પોતાના જીવમાંથી રાગ ટાળીને ત્યાં જાય ત્યારે રાખે અને શ્વેતદ્વીપમાં તો સ્ત્રીનો અવ્યક્ત રાગ લગારેક થાય ત્યારે ત્યાંથી બદ્રિકાશ્રમમાં કાઢી મૂકે. તે માટે બદ્રિકાશ્રમવાળાને શ્વેતદ્વીપવાળા જેવું થાવું છે અને શ્વેતદ્વીપવાળાને અક્ષરના મુક્ત જેવું થાવું છે અને શ્વેતદ્વીપમાં ભગવાન પાંચ વખત દર્શન દે છે ને ત્યાંથી અક્ષરધામમાં જાવું હોય તો જાય અને ત્યાં દર્શન કરીને પાછા શ્વેતદ્વીપમાં આવે પણ ત્યાં રહેવાય નહિ. અને શ્વેતદ્વીપવાળાને વૈરાટની મોટપ જોઈને તથા મહાવિષ્ણુની મોટપ જોઈને તેમાં મોહ ન થાય અને મહાપુરુષની મોટપને તથા તેના વિષયને જોઈને તથા પોતાને તે વિષય પ્રાપ્ત થાય ત્યારે દેશકાળે કરીને કોઈક સમે રાગ જેવું જણાય અને પછી તે સંકલ્પને ખોટો કરી નાખે અને અક્ષરના મુક્તને તો સૂઝે તેટલો સ્ત્રીનો પ્રસંગ થાય તથા કોઈક મહાપુરુષના જેવો અધિકાર આવે તથા દેશકાળ વિષમ થાય તો પણ મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તે અને તેમાં બંધાય નહિ અને તે વિષય એને કાંઈ બાધ ન કરે અને આજ્ઞા પ્રમાણે કરીને રહેવા દે. માટે જે અક્ષરભાવને પામ્યો હોય તેને સૂઝે તેટલો વિષયનો જોગ થાય તથા માન થાય ને પોતે સૂઝે તેટલી પ્રવૃત્તિમાં જોડાણો હોય તો પણ તેમાં બંધાય નહિ તથા તેમાં હર્ષ, શોક ન પામે. તે માટે જે સાધુ અક્ષરભાવને પામ્યો હોય તે પુરુષોત્તમની સેવાનો અધિકારી થયો ને ભગવાન જેમ

પોતે કાળ, કર્મ ને માયાને આવરણે રહિત છે તેવો તેને પણ કરે છે અને અખંડ પોતાની સેવામાં રાખે છે. તે માટે એવા સાધુ થાવું તે સૌથી અતિ કઠણ છે અને જે એવો સાધુ થયો તેને અને ભગવાનને અંતરાય નથી રહેતો. તે જ્યારે સાધુની સભા થઈ ત્યારે સનકાદિકનું પ્રમાણ ન થયું કેમ જે તેને ક્રોધ થયો ત્યાં તો નરનારાયણ ઋષિનું પ્રમાણ થયું કેમ જે તેને ક્રોધ ન ઊપજ્યો તો કામ તો ક્યાંથી જ ઊપજે ? તે ઉપર ઇંદ્રનું દૃષ્ટાંત[૧] કહી દેખાડ્યું. તે માટે એવા સાધુ થાવું ને સ્વભાવ માત્રને ટાળીને જ્યારે શુદ્ધ અક્ષરભાવને પામે ત્યારે ભગવાનની સેવામાં રહેવાય ને જો આંહીં લગારેક વચન લોપ્યું હોય તો ત્યાં બહુ અપમાન થાય. તે ઉપર શાહુકારની શાહુકારીનું દૃષ્ટાંત[૨] દીધું. ॥ ૩૨૧ ॥

સંતને મનગમતું કરવામાં ભેદ છે. તે કઈ રીતે જે એક તો ભગવાનની આજ્ઞા પ્રમાણે ત્યાગ, વૈરાગ્ય રાખે તથા રૂડા સાધુનો સંગ રાખે તથા આત્મનિષ્ઠા અને ભગવાનનું માહાત્મ્ય અને પંચ વર્તમાનના નિયમ પ્રમાણે વર્તવું અને નવ પ્રકારે ભક્તિ કરવી ઇત્યાદિક ભગવાનની આજ્ઞા પ્રમાણે મનગમતું કરવું. અને બીજા કોઈ તેને મુકાવે તો મૂકે જ નહિ. એવું એ પણ મનગમતું કહેવાય. પણ એ મનગમતું ઠીક છે એમાં બાધ નથી અને એવા મનગમતાને મોટા સંત કોઈ રીતે મૂકે જ નહિ. એને કોઈક સ્વાર્થને અર્થે મુકાવે તો તેને સ્વાર્થી જાણીને મૂકે નહિ. અને તેને દુઃખ ન લાગે એવી કળા કરવી અને જેમ

૧. જુઓ પરિશિષ્ટ. ૨. જુઓ પરિશિષ્ટ.

પોતાને દુઃખ ન થાય તેમ વર્તવું પણ એ મનગમતાને મૂકવું નહિ. અને બીજું ગમતું જે ભગવાનની આજ્ઞા પ્રમાણે તો અતિશય ન હોય અને પોતાના સ્વભાવ પ્રમાણે વર્તવું અને તેવાનો સંગ કરવો અને તેવે ઠેકાણે રહેવું તેવી ક્રિયા કરવી, ઇત્યાદિક મનગમતું તે ખોટું છે અને એ બેને સમાન જાણે છે તે મૂર્ખ છે. ॥ ૩૨૨ ॥

ક્રોધ પણ બે પ્રકારનો છે :—

(૧) કોઈક બીજો પોતાને વિષયનો સંબંધ કરાવવા આવે તો તેની ઉપર ક્રોધ કરે તથા કોઈક અવળે માર્ગે ચાલતો હોય તો તેને સવળે માર્ગે ચલાવવાને અર્થે ક્રોધ કરીને તેને શિક્ષાનાં વચન કહે તથા કોઈક પોતાને ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તવા થકી કાંઈક નિષેધ કરે ત્યારે તેની ઉપર રીસ કરીને તેને કઠણ વચન કહે. ને એને વિષે ક્રોધ કરીને ન કહે તો તે માને નહિ અને તેની આગળ નરમ થઈ જાય અને આકરપ ન રાખે તો ત્યાગ, વૈરાગ્યાદિક પ્રમાણે વર્તાય નહિ અને કોઈની મહોબતમાં લેવાઈ જાય તો મૂળગો ઊતરતા સ્વભાવનો થઈ જાય તો તેમાં શો સાર છે ?

(૨) પોતાને મનગમતા વિષય ન મળે તથા મનગમતું ખાન, પાન, વસ્ત્ર, શિષ્યાદિક ન મળે તેને અર્થે ક્રોધ કરે ત્યારે ક્રોધ તે ભૂંડો છે અને એ બે પ્રકારના ક્રોધને વિષે સમાનપણું જાણે છે તે વિવેકે રહિત છે અને મૂર્ખ છે. માટે વિભાગ સમજવાનો વિવેક શીખવો. ॥ ૩૨૩ ॥

સંબંધીમાં હેત ન રાખવું અને તેને બોલાવવો નહિ. રસના ઇંદ્રિયને જીતવી અને વસ્ત્ર ઝીણાં ન રાખવાં અને બરોબરિયાનો સંગ ન કરવો અને મનને સારું લાગે તે ન આપવું અને પોતાને કરવાનું શું છે તેનો તપાસ કરવો અને ટાઢ, તડકો, ભૂખ, તરસ, તેનું સહન કરવું. ખાવાની તૃષ્ણા ન રાખવી અને કોઈને કઠણ વચન ન બોલવું, સાધુનાં લક્ષણ વાર્તાવિવેકમાં તથા હરિગીતામાં કહ્યાં છે તેને શીખવાં, અધર્મથી છેટે રહેવું અને જેનો સંગ કરે ન્યૂનતા આવે તેનો સંગ ન રાખવો અને ઇંદ્રિયોને જીતવી અને અનુવૃત્તિ રાખવી અને અસત્ વાસના રાખવી નહિ. ॥ ૩૨૪ ॥

જે ત્યાગી હોય તેને વિષયમાં રુચિ ન રાખવી. રુચિ તો ધર્મમાં રાખવી ને જ્ઞાનમાં રાખવી ને તપમાં રાખવી ને વૈરાગ્યમાં રાખવી પણ પદાર્થને વાસ્તે યુક્તિ કળા કરવી નહિ. ॥ ૩૨૫ ॥

નિર્ગુણપણું ને સગુણપણું સંતમાં કેમ સમજવું ? ઉત્તર જે, અક્ષરરૂપે જે સંત વર્તતા હોય તે વર્તન નિર્ગુણ કહેવાય, ને એમ ન હોય તે સગુણ વર્તન કહેવાય ॥ ૩૨૬ ॥

સર્વે સંતને ધર્મામૃત પ્રમાણે વર્તવું એમ વાર્તા કરીને સ્વામી બોલ્યા જે ગૃહસ્થ હરિભક્તનો મહિમા સમજીને જો વિશ્વાસ કરીએ તો પોતા સરખા કરે જેમ શૃંગી ઋષિને કરી નાખ્યા તેમ. માટે આપણે એમનો અતિ વિશ્વાસ ન કરવો. ॥ ૩૨૭ ॥

# ૧૭ ઇંદ્રિયો-અંતઃકરણ-ગુણ જીતવાની વાતો

જેને આત્મા તથા પરમાત્મા અખંડ દેખાય તેમણે પણ શબ્દાદિક પંચવિષયમાં ન લોભાવું અને જે પુરુષની ઇંદ્રિયો શબ્દાદિક વિષયમાં આસક્ત હોય તે પુરુષ ભગવાનના સુખને ક્યારેય પણ પામે નહિ. ॥ **૩૨૮** ॥

રસનાદિક સર્વે ઇંદ્રિયોને નિયમમાં રાખે અને રસે રહિત તથા માપે જુક્ત જમે કહેતાં બે ભાગ અન્ને કરીને પૂરે અને એક ભાગ જળે કરીને પૂરે અને એક ભાગ ખાલી રાખે એવી રીતે સર્વે ઇંદ્રિયોને નિયમમાં રાખે એવો પુરુષ હોય તે કામે કરીને ક્યારેય પણ પડે નહિ. ॥ **૩૨૯** ॥

ગુણની પ્રવૃત્તિ તો રજોગુણ, તમોગુણ ને સત્ત્વગુણે કરીને છે તે જ્યારે સત્ત્વગુણ વર્તે ત્યારે તો શમદમાદિક ધર્મ સર્ગ વર્તે ને રજોગુણ વર્તે ત્યારે અનેક પ્રકારના સંકલ્પ થાય ને તમોગુણ વર્તે ત્યારે તેમાં ચાર દોષ વર્તે, એક તો પ્રમાદ, બીજો મોહ, ત્રીજું આળસ, ચોથી નિદ્રા. હવે તેને જીતવાના ઉપાય : (૧) પ્રમાદ તો શુદ્ધ જ્ઞાન થાય તો ટળે. (૨) મોહ તો જ્યારે શુદ્ધ જ્ઞાન ને જાણપણું નિરંતર રહે તો ટળે. (૩) જ્યારે આળસ આવે ત્યારે ભગવાનનું માહાત્મ્ય જાણીને ભગવાનની નવ પ્રકારની ભક્તિ કરે તો ટળે. (૪) જ્યારે નિદ્રા આવે ત્યારે ઊભા થાવું અને કીર્તન ગાવવાં, કથા

વાંચવી, તથા સાંભળવી એ આદિક ક્રિયા કરે ત્યારે નિદ્રા જિતાય એમ એ ચારે ઉપાયને સિદ્ધ કરે ત્યારે તમોગુણ જિતાય. અને મલિન સત્ત્વગુણે કરીને રજોગુણ જિતાય, અને શુદ્ધ સત્ત્વગુણે કરીને મલિન સત્ત્વગુણને જિતાય અને શુદ્ધ સત્ત્વગુણને તો ભગવાનની મૂર્તિનું ધ્યાન ને ઉપશમ તેણે કરીને જીતે ત્યારે સિદ્ધ થયો કહેવાય. ॥ ૩૩૦ ॥

યોગી એવો જે પુરુષ તેને કામ જે તે ભયાનક છે કહેતાં દાવાનળ અગ્નિની પેઠે બાળે છે. તે કામ તે શું ? તો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ જે પંચવિષય તેની જે ઇચ્છા વર્તે તે કામ છે. તે જીતવો અતિ દુર્લભ છે તે જો દેહને બળહીન કરે તો ઈંદ્રિયોમાં રાગ રહે ને દેહ તથા ઈંદ્રિયોને બળહીન કરે તો મનમાં રાગ રહે છે અને મનના સંકલ્પ બંધ કરે તો બુદ્ધિમાં રાગ રહે છે તે માટે કામ તો બુદ્ધિ થકી પર એવો જે જીવ તે જીવ જે તે અનાદિ અજ્ઞાનરૂપ જે કારણ શરીર તેણે યુક્ત છે. તે માટે કામ તો બુદ્ધિ થકી પર એવો જે જીવ તેને વિષે છે. માટે કામ જીતવો અતિ દુર્જય છે. ॥ ૩૩૧ ॥

ઈંદ્રિયોની વૃત્તિને અંતર સન્મુખ રાખે ત્યારે તે વૃત્તિઓ સૂક્ષ્મભાવે પામીને એમાં યથાર્થ જ્ઞાન થાય, અને પછી શાસ્ત્રનો અર્થ પણ એને યથાર્થ સૂઝે અને વિષયની વાસના તે ધીરે ધીરે ટળતી જાય. માટે જ્ઞાન, વૈરાગ્યનો વિચાર રાખીને ઈંદ્રિયોની વૃત્તિને આત્મા સન્મુખ રાખવાનો અભ્યાસ રાખવો. અને તેમાં ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. અને એમ ન કરે અને વૃત્તિઓને બાહેર જ પ્રવર્તવા દે તો તેમાં સ્થૂલભાવ આવી

જાય, અને એ ગુણદોષ યથાર્થ સૂઝે નહિ. ॥ ૩૩૨ ॥

ચાર અંતઃકરણ જીતવાના ઉપાય કહીએ છીએ :—

(૧) બુદ્ધિને એમ જીતવી જે બુદ્ધિને વિષે માયિક પદાર્થ માત્રના આકારના નિશ્ચય થાય છે તે સર્વે પદાર્થને વિષે ચાર પ્રકારના પ્રલયે કરીને નાશવંતપણાનો નિશ્ચય થાય અને પોતાનો આત્મા તથા ભગવાન અને ભગવાનનું ધામ અને તે ધામના મુક્ત એમના અવિનાશીપણાનો નિશ્ચય થાય એવી રીતે જ્યારે બુદ્ધિમાં એ બે પ્રકારના નિશ્ચયની દૃઢતા થાય ત્યારે બુદ્ધિ જીતાઈ જાણવી.

(૨) જે મન છે તે માયિક પદાર્થના સંકલ્પને કરે એવો મનનો સ્વભાવ છે તે મનને તે પદાર્થના સંકલ્પો ન કરવા દેવા અને તે સંકલ્પથી પાછું વાળીને અને તે સંકલ્પને મૂકી દઈને ભગવાનની મૂર્તિના સંકલ્પ કરવા તથા ભગવાનનાં લીલાં ચરિત્રના સંકલ્પ કરવા એવી રીતે મન જિતાય.

(૩) જે ચિત્તને વિષે માયિક પદાર્થના આકાર તે ચિંતવને કરીને સ્ફુરી આવે છે તે ચિત્તનો આત્માકારપણે કરીને ઉપશમ થાય ત્યારે તે આકારની વિસ્મૃતિ થાય અને તે પછી એક ભગવાનના આકારનું ચિંતવન કરવું એવી રીતે ચિત્ત જિતાય.

(૪) અહંકાર છે તે વર્ણ, આશ્રમ, જાતિ, કુળ, રૂપ, ગુણ તેને વિષે અહંપણું ધરે છે અને પોતાને તેવા આકારે માને છે તે અહંપણાને મૂકીને આત્માને વિષે અહંપણું માનવું જે હું

તો જાણપણે યુક્ત એવો જે આત્મા તે છું પણ વર્ણાશ્રમાદિક ધર્મવાળો જે તે હું નહિ. એવો નિરંતર અભ્યાસ કરવો ત્યારે અહંકાર જિતાય. ॥ ૩૩૩ ॥

ઇંદ્રિયો છે તે તો શાસ્ત્રમાં કહ્યા જે પોતપોતાના નિયમ તેણે કરીને જિતાય છે એમ જાણવું. તે નિયમ ક્યા તો શ્રવણે કરીને ભગવાનના યશ સાંભળવા તથા ત્વચાએ કરીને ભગવાનનો સ્પર્શ કરવો અને નેત્રે કરીને ભગવાનનાં અને સંતનાં દર્શન કરવાં. અને નાસિકાએ કરીને ભગવાનનાં અને સંતનાં પ્રસાદી એવાં પુષ્પ, ચંદન તેનો સુગંધ લેવો તથા વાણીએ કરીને ભગવાનનાં ચરિત્ર તથા યશ કહેવા તથા રસનાએ કરીને ભગવાનનો પ્રસાદ લેવો તથા હાથે કરીને ભગવાનની તથા સંતની તથા મંદિરની સેવા પરિચર્યા કરવી તથા પગે કરીને ભગવાન સંબંધી સેવાને વિષે ચાલવું પણ આડાઅવળું ફરવું નહિ. એવી રીતે દશે ઇંદ્રિયોને નિયમમાં રાખે તો જિતાય છે એમ જાણવું. ॥ ૩૩૪ ॥

લોભ, કામ, રસાસ્વાદ એ આદિક જે પોતાને વિષે દોષ હોય તેને ઓળખીને મૂકી દે તો જ એ દોષ ટળે ને વાર્તાએ કરીને પ્રકૃતિ ફરે છે, પણ જેમ પાણી પીવરાવીએ ને તે બીજમાં જેવો ગુણ હોય તેવો ફળમાં ગુણ આવે છે. ॥ ૩૩૫ ॥

શ્રીહરિનો મહિમા એમ સમજવો જે જેની બીકે કરીને સૂર્ય, ચંદ્રમા, અગ્નિ, વાયુ, ઇંદ્ર, સમુદ્ર ને કાળાદિક સર્વે થર થર કંપ્યા કરે છે, એવા શ્રીહરિના એ સંત છે એવો મહિમા

અંતઃકરણમાં સદાય વર્ત્યા કરે તો માન ન આવે તથા જડભરત, નારદ, શુકાદિક સંતના માર્ગમાં રહ્યા છીએ એમ સમજે તો પણ માન ન આવે અને લોભ, કામાદિક, સ્વાર્થને અર્થે પણ સર્વે મનુષ્ય માન મૂકી દે છે તો કલ્યાણને અર્થે માન મૂકવું તેમાં શું કહેવું ? ॥ ૩૩૬ ॥

વિષયને અસત્ય જાણીએ છીએ પણ તેનું તુચ્છપણું કેમ થાતું નથી ? ઉત્તર જે, સાંભળીને કહી દેખાડે છે ને પછી ભૂલી જાય છે પણ તેનું શ્રવણ, મનન, નિદિધ્યાસ કરીને સાક્ષાત્કાર કરતો નથી ને સાક્ષાત્કાર કરે તો વિષય તુચ્છ થઈ જાય. તે સાક્ષાત્કાર તો એમ થાય જે જો નિત્ય પ્રલયાદિકને વારંવાર શ્રદ્ધાએ સોતા મન દઈને કહે ને સાંભળે ને વિચારે તો થાય. ॥ ૩૩૭ ॥

લોયાના ૧૭મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે મુક્તાનંદ સ્વામી જેવા જો પંચવિષયની આસક્તિને ખોદવા માંડે તો જેને વિષયને વિષે આસક્તિ હોય તે તો માથું કાપવાને તૈયાર થાય. માટે અંતરશત્રુને ટાળ્યાનો ઉપાય શીખવો. ॥ ૩૩૮ ॥

ઇંદ્રિયો, અંતઃકરણ ને જીવ એ ત્રણમાં નિશ્ચયની વાર્તા કરી. અને ઇંદ્રિયો, અંતઃકરણ ને જીવ એ ત્રણમાં જ્ઞાનની વાર્તા કરી. અને ચાર પ્રકારની માયા જીત્યાની વાર્તા કરી. તેની વિગત જે જીવની, ઈશ્વરની, પ્રધાન-પુરુષની ને મૂળપુરુષની માયા જીતે તો આ બે શ્લોકમાં જેવા મુક્ત કહ્યા

છે તેવા સમર્થ થાય. તેનાં નામ,

देहेंद्रियासुहीनानां वैकुण्ठपुरवासिनाम् ।
देह संबंध संबंद्धमेतदारव्यातुमर्हसि ॥[१]

અને त्वमकरणः स्वराऽखिलकारकशक्तिधर ।
स्तवबलिमुद्वहन्ति समदंत्यजयानिमिषाः ॥
वर्षभुजोऽखिलक्षितिपतेरिव विश्वसृजो ।
विद्धति यत्र ये त्वधिकृताभक्तश्चकिताः ॥[२]

એ બે શ્લોકનો અર્થ તો સત્પુરુષ યથાર્થ જાણે છે. ॥ ૩૩૯ ॥

ઈંદ્રિયો અંતઃકરણની ક્રિયા થકી જો જીવની ક્રિયાને પૃથક્ સમજતાં આવડે તો સર્પની કાંચળીની પેઠે દેહાદિક ભાવ થકી જીવ જે તે અલ્પ કાળમાં જુદો પડી જાય છે ને તેને શ્રીહરિજી મહારાજની મરજી પણ જાણ્યામાં આવે છે, જેમ સાબરમતી નદીમાં સમુદ્રની વેળ આવે છે ત્યારે તે નદી ખારી થઈ જાય છે ને વેળ જ્યારે પાછી ઊતરે ત્યારે મીઠી રહે છે તેમ હરિભક્તને વિષે ધર્મ ને અધર્મ સર્ગ રહે છે તે જેમ તલને ફુલમાં વસાવીને

૧. અર્થઃ– દેહ, ઈંદ્રિય ને પ્રાણરહિત અને વૈકુંઠ ધામને વિષે રહેનારાને દેહનો સંબંધ કેવી રીતે થયો તેને કહેવાને યોગ્ય છે. (ભા. પં. અ. ૧-૩૪)

૨. તમે માયિક ઈંદ્રિયોથી રહિત, સ્વતંત્ર અને સમગ્ર ઈંદ્રિયોની શક્તિને ધારણ કરનારા છો. તમોએ જેને જે પ્રમાણે આજ્ઞા આપી છે તે પ્રમાણે સર્વ પ્રધાનપુરુષાદિક ઈશ્વરો તથા ઈંદ્રાદિક દેવતાઓ તમારાથી ભય પામતા થકા તે તે અધિકારને યથાર્થ રીતે પાલન કરે છે અને જેમ ખંડીઆ રાજાઓ પોતાની પ્રજાએ આપેલા કરને સ્વીકારીને ચક્રવર્તી રાજાને આપે છે, તેમ તે પ્રધાનપુરુષાદિકો પોતાના ભક્તોએ આપેલા બલિદાનને ગ્રહણ કરે છે અને તે તમોને બલિદાન આપે છે. (ભા. ૬. અ. ૮૭-૮૮)

ઘાણીમાં પીલે છે તે ફુલેલ જ થાય છે પણ તેલ થાતું નથી તેમ લોભ, કામાદિક, અધર્મસર્ગને ધર્મામૃત પ્રમાણે વર્તીને જીતે તો શુદ્ધ એકાંતિક ભક્ત થાય છે. ॥ ૩૪૦ ॥

દામોદરનું પ્રશ્ન જે વાર્તા કરતાં બહુ ડાહ્યા જણાય છે ને ક્યારેક તો જાણીએ છીએ જે કોઈ સમજતા નથી એ કેમ હશે ? ઉત્તર જે, એ પ્રકૃતિ જીત્યા નથી. માટે પ્રકૃતિને જીતવી અને પ્રકૃતિ જીત્યા હોય તેથી જેમ તેમ બોલાય નહિ ને જેણે પ્રકૃતિ જીતી ન હોય તે બીજાને બહુ સારી વાર્તા કરે પણ જ્યારે પોતા ઉપર એ વાત આવે ત્યારે કાંઈ ઠા રહે નહિ ને માની પ્રકૃતિને જોગે કરીને તો પોતા થકી ધર્માદિકે કરીને શ્રેષ્ઠ હોય તેની આગળ પણ નમ્રભાવે વર્તાય નહિ. ॥ ૩૪૧ ॥

વૈરાગ્યવાનને તો સહેજે નિયમ રહે છે ને મંદ વૈરાગ્યવાળાને તો નિયમ દઢપણે રાખવા ને ઈંદ્રિયોની જે વૃત્તિયું છે તે તો ઘોડા જેવી બળવાન છે તે જેમ ઘોડાને રોજ ફેરવ્યા કરે તો વશ રહે ને યથાર્થ તો ચાબુક, અસ્વાર વશ કરે તેમ ધર્મમાં રહેવે કરીને ઈંદ્રિયો વશ થાય છે ને યથાર્થ તો ઉપશમે કરીને વશ થાય છે તે તો જાણે જે નવરા રહીએ તો શીખવાનો અભ્યાસ કરીએ પણ કાંઈ થાતું નથી, મૂળગી આળસ પેસે છે. માટે શ્રીહરિજીની નવધા ભક્તિ કરતાં કરતાં જે અભ્યાસ થાય તે જ ખરો છે. તે ઉપર પાણિયારીના ને અસ્વારના દષ્ટાંતે[૧] કરીને વાર્તા કરી. ॥ ૩૪૨ ॥

૧. જુઓ પરિશિષ્ટ.

ચાર પ્રકારે નિષ્કામી રહેવાય છે તેની વિગત જે એક તો ધર્મામૃત પ્રમાણે વર્તવે કરીને, અષ્ટાંગ યોગે કરીને, સત્તારૂપે વર્તવે કરીને તથા લાજે કરીને પણ રહેવાય છે. ॥ ૩૪૩ ॥

દેહ ને દેહના સંબંધીને વિષે જીવને અતિશય હેત રહે છે ને આ મનોહરદાસને આપણે સર્વે રાંકની પેઠે તગડીને કાઢી મેલીએ છીએ પણ જો આપણો સંબંધી રાંક થઈને આવ્યો હોય તો તે ઉપર દયા આવી જાય ને કોઈક કાઢી મેલે ને અન્ન ન દે તો તે સંતનો પણ અગવુણ આવે. તે ઉપર પ્રાંતિજના ગોવિંદરામને દેહ ને દેહના સંબંધીમાં હેત હતું તેને દૃષ્ટાંતે[૧] કરીને બહુ વાર્તા કરી. ॥ ૩૪૪ ॥

દેહ ને દેહના સંબંધીમાં એવું દૃઢ હેત છે તે કેમ ટળે ? ઉત્તર જે, વૈરાગ્ય સોતું આત્મજ્ઞાન નથી ને માહાત્મ્યે સહિત શ્રીજીમહારાજનું જ્ઞાન નથી માટે નાત જાતને વિષે તથા દેહ ને દેહના સંબંધીને વિષે આસક્તિ છે ને તે સમુદ્રની પેઠે અંતરમાં ભરી છે ને સત્સંગ તો સમુદ્રની લહેરની પેઠે છે. માટે અંતઃકરણને વિષે શ્રીજીમહારાજનો મહિમા ધારવો ને તેની મરજી પ્રમાણે વર્તવું ને અતિશય દયાળુપણું, અતિશય વાત્સલ્યપણું, અનવધિકાતિશય જ્ઞાન, બળ, ઐશ્વર્ય, શક્તિ, તેજ એ આદિક અસંખ્યાત કલ્યાણકારી ગુણ તથા નિરવદ્ય, નિરંજન, નિર્વિકારપણું, અનવધિકાતિશય સૌકુમાર્ય, લાવણ્ય-યૌવનાદિ અનંત ગુણ એ સર્વે ગુણનું નિધિ એવું જે ભગવાનનું સ્વરૂપ, સ્વભાવ, ગુણ ને વિભૂતિ એ સર્વેને

૧. જુઓ પરિશિષ્ટ.

અંતઃકરણને વિષે નિરંતર ધારવાં ને મોટા પુરુષની મરજી પ્રમાણે વર્તવાપણું ને ક્ષેત્ર ક્ષેત્રજ્ઞના વિભાગપણાની સમજણ એ સર્વે જીવને વિષે અવ્યક્તપણે નામરૂપની પેઠે ખૂંતી રહ્યાં હોય તો જ્યારે સંભારે ત્યારે તદ્રુપ થઈ જવાય ને એવું જો વર્તતું હોય તો દેહ ને દેહના સંબંધીને વિષે સ્નેહરૂપ સમુદ્ર નાશ થઈ જાય છે ને શ્રીજીને વિષે પ્રીતિરૂપ સમુદ્ર વૃદ્ધિને પામે છે. ॥ ૩૪૫ ॥

તમોગુણ કેમ ટળે ? ઉત્તર જે, લાજ રાખે તો ટળે. તેની વિગત જે પોતા થકી જે મોટેરા હોય તેની તથા ભાઈ, બાપ, કાકા, આદિકની તથા સાધુસંતની તથા મોટેરા સત્સંગીની એ સર્વેની લાજ રાખવી ને સાંખ્ય વિચારે કરીને તો કોઈકને જ તમોગુણ ટળતો હશે ને ઘણાકને તો લાજે કરીને તમોગુણ ટળે છે ને વ્યવહારમાં પણ ક્ષત્રિય આદિક વર્ણમાં પણ એમ જ દેખાય છે. ॥ ૩૪૬ ॥

અયોગ્ય સંકલ્પ ટાળવાનો શો ઉપાય છે ? ઉત્તર જે, શ્રીજીમહારાજનો મહિમા તથા આત્મનિષ્ઠા તથા વૈરાગ્ય તેનો વારંવાર અતિશય વિચાર કરવો ને તેનો અંતરમાં વેગ લગાડી દેવો. એટલા ઉપાયે કરીને એ અયોગ્ય સંકલ્પ ટળે. ॥ ૩૪૭ ॥

ઉત્તમ વિષય છે તે અતિ કનિષ્ઠ કેમ થઈ જાય ? ઉત્તર જે, (૧) શ્રીજીમહારાજનો મહિમા અતિશય સમજે ને (૨) આત્મનિષ્ઠા પણ અતિશય દૃઢ કરે તો જે ઉત્તમ વિષય હોય તે પણ ભગવાનના ભક્તને અતિશય કનિષ્ઠ થઈ

જાય છે. ॥ ૩૪૮ ॥

ત્રણ ગુણનો વેગ તથા વિષયનો વેગ તે કેમ ટળે ? ઉત્તર જે, શ્રીજીમહારાજના મહિમાને સારી પેઠે સમજીને જાણપણારૂપ થઈને ધીરે ધીરે ટાળે તો એ બેયનો વેગ ટળી જાય. તે ઉપર હનુમાનજીને દૃષ્ટાંતે કરીને વાત કરી જે લંકા જોઈને વિચાર કર્યો ત્યારે કોઈ રૂપાદિકનો મનમાં ક્ષોભ ન થયો. એ રીતે પૂર્વે કહ્યું તેનો વેગ સમાવવો. ॥ ૩૪૯ ॥

વિષયમાંથી પ્રીતિ કેમ ટળે ? ઉત્તર જે, ચાર પ્રકારના પ્રલયની વાર્તાને સારી પેઠે સમજે તથા દેહાદિકને વિષે વૈરબુદ્ધિ સદા રાખ્યા કરે તથા શ્રીજીમહારાજનો મહિમા સમજે આટલા ઉપાયે કરીને વિષયમાંથી પ્રીતિ જાય છે. ॥ ૩૫૦ ॥

વિષય જિતાય ત્યારે શ્રીજીમહારાજનું ધ્યાન થાય કે ધ્યાન થાય ત્યારે વિષય જિતાય ? ઉત્તર જે, વિષય જિતાય ત્યારે જ ધ્યાન થાય છે ને તે વિના તો કોઈક ધ્યાન કરે છે ને કોઈક પુરુષોત્તમનું નિરૂપણ કરે છે ને કોઈક વૈરાગ્યનું નિરૂપણ કરે છે ને કોઈક જ્ઞાનનું નિરૂપણ કરે છે ને કોઈક ભક્તિનું નિરૂપણ કરે છે, પણ સર્વે અહંવૃત્તિએ સોતા કરે છે. એમ કહીને સ્વામીએ અહંવૃત્તિની વાર્તા કીડીથી લઈને પુરુષોત્તમ ભગવાન પર્યંત વર્ણન કરી દેખાડી.[૧] તે અહંવૃત્તિ બે પ્રકારની છે. એક નિર્ગુણ છે ને એક સગુણ છે. તેમાં પણ કેટલીક સવળી છે ને કેટલીક અવળી છે ને જીવને યથાર્થ તો મહારાજ

૧. જુઓ પરિશિષ્ટ.

ઓળખતા ને જીવ જેવો શુદ્ધ કે અશુદ્ધ હોય તેવો ગંધ પોતાને જણાઈ આવતો ને સત્પુરુષ પણ ઓળખે ખરા. ॥ **૩૫૧** ॥

શાસ્ત્રમાં વિષય જીત્યાનું કહ્યું છે તે કેમ જિતાતા નથી ? ઉત્તર જે, જ્ઞાન-વૈરાગ્યાદિક સાધને યુક્ત એવો જે એકાંતિક ભક્ત છે તે મંડે તો વિષયને ટાળી નાખે પણ દેહની સ્થિતિ એવી ને એવી જ રહે નહિ તેણે કરીને વાતચીતને સુવાણ રહે નહિ ને કાં તો દેહ પડી જાય. ને બીજાને તો વિષય જીત્યાનો એક ઉપાય છે જે એ વિષયના તાલ જ્યારે આવે ત્યારે એ તાલને ભાંગી નાખ્યા કરે તે એમને એમ સુરત રાખીને કર્યા કરે તો અલ્પકાળમાં રાગ ઓછા થઈ જાય છે. ત્યાં દૃષ્ટાંત, જેમ વૃક્ષને એકવાર કાપી નાખે તો કાંટા બહુ બળિયા નિસરે પણ એમને એમ દશ વિશવાર કાપે તો ન નિસરે અથવા નિસરેતો લગારેક નિસરે એમ પંચવિષયના તાલ ભાંગ્યા કરે તો વિષય જિતાય છે. ॥ **૩૫૨** ॥

વિષયને ભોગવવા ન દઈએ તો મન સંકલ્પ વિકલ્પ કર્યા કરે ને જો વિષયને ભોગવવા દઈએ તો જીવનું ભૂંડું થાય છે માટે આહાર વિહાર જુક્ત રાખવો એ ઠીક છે. ॥ **૩૫૩** ॥

## ૧૮ વિષય ખંડનની વાતો

વિષય છે તેના દોષને વારંવાર વિચાર્યા કરે અને તે વિષયનો ત્યાગ કરવો અને એવી વાર્તા કરવી તથા સાંભળવાનો અભ્યાસ રાખવો તો એ વિષય જીવમાં પેસી ન જાય અને એમ ન કરે તો જરૂર વિષય જીવમાં પેસી જાય. અને એના જીવને બાધ પમાડી દે એવા એ વિષય ભૂંડા છે એમ જાણવું. અને એમ વિચાર કરતાં કરતાં જ્યારે એને આમ ખચિત જણાઈ જાય જે સ્ત્રી, ધન, માન, સ્વાર્થ, કામ, ક્રોધ અને લોભાદિક જે જે આલોક પરલોક સંબંધી પંચવિષયનું માયિક સુખ છે તેને વિષે સહજ સ્વભાવે લાખો ક્લેશ જણાયા કરે અને દોષ, દુઃખ અને ભય જણાયા કરે અને એમાં સુખ છે, એવો તો મનમાં સંકલ્પ ક્યારેય ન થાય. અને કેવળ આત્મરૂપ થઈને પરમાત્માનું ચિંતવન કરવું તેમાં જ એક સુખ જણાય. એવી રીતે એ ભક્તનો સહજ સ્વભાવ થઈ જાય ત્યારે જાણીએ જે એ ભક્તને જે કરવાનું હતું તે સિદ્ધ થયું અને એ સંતનો જ્યારે એવો સ્વભાવ થઈ જાય ત્યારે કોઈક વિષય સુખ પામવાનું જતન કરે જ નહિ અને સહેજે મળે એવા અન્ન વસ્ત્રાદિકે કરીને એ દેહ નિર્વાહ કરે. ॥ **૩૫૪** ॥

જે બાળકપણામાંથી ત્યાગી થયો છે તેણે તો સ્ત્રી આદિક વિષય ભોગવ્યાં નથી અને તેને જે તે વિષય ભોગની વાસના

ઉદય થાય છે તે શાણે કરીને થાય છે તો બીજા તે વિષયને ભોગવતા હોય તેને દેખે, તે જાતની વાર્તા સાંભળે તેણે કરીને તેના મનમાં તે વિષયને વિષે સુખની ભાવના થઈ આવે છે. માટે તે વિષયનો ત્યાગ રાખે તો ઠીક ને વિષયનો જોગ કરે તો તેને મૂકી શકે નહિ. અને જે વિષયને અભાવે સહિત સેવતો હોય તે વિષયનો ત્યાગ કરે તો થોડા દિવસ સુધી તો તે વિષય સાંભરે પણ પછી તેની વિસ્મૃતિ થઈ જાય અને જ્ઞાન, વૈરાગ્ય અને શ્રીહરિજીના માહાત્મ્ય તેનો નિરંતર આગ્રહપૂર્વક દૃઢ અભ્યાસ કરીને તે વિષયને વિષે ક્લેશ, દુઃખ અને દોષની જ દૃઢ ભાવના થઈ જાય અને કોઈ કાળે એમાં સુખની ભાવના તો થાય જ નહિ અને એને અતિ તુચ્છતા જણાઈ જાય; જેમ કોઈ પદાર્થ હોય તેમાં માલ જેવો છે તેવો જાણ્યો પછી તેમાં એવો ભાવ થાય જે આ પદાર્થ તે આવું છે એની શી વારંવાર તથ્યા[૧] કરવી તથા જેમ પોતાના ભૂંડાનો કરનારો માણસ હોય અથવા શત્રુ હોય તેને દેખીએ અથવા તેની ભેળે રહીએ પણ તેના સ્વભાવની મનમાં ભાવના છે તેણે કરીને તેની ઉપર હેત થાય જ નહિ; તેમ વિષયનો અભાવ થયો હોય જે એ વિષય તો દુઃખરૂપ જ છે અને એમાં કોઈક સુખની ભાવના રહી જાય છે તે એવા અભ્યાસની દૃઢતા વિના રહી જાય છે. માટે નિરંતર આગ્રહ રાખીને દૃઢ અભ્યાસ કરવો. ॥ **૩૫૫** ॥

જેમ થોડી બુદ્ધિવાળો પુરુષ હોય પણ જો તે વિદ્યા ભણ્યાનો અભ્યાસ અતિશય મન, કર્મ, વચને વેગે સહિત કરે

૧. વિસ્તાર, લખાણ.

તો તેને વિદ્યા આવડે અને જે ભણે તે આવડે અને બુદ્ધિવાન હોય પણ અભ્યાસ ન કરે તો કોઈ વિદ્યા ન આવડે; તેમ જો એ વિષયનો અભાવ કર્યાનો દૃઢ અભ્યાસ રાખે તો તેને જરૂર અભાવ થાય અને જે એવો અભ્યાસ નથી થાતો તે એને એનો સુધો ખપ જ નથી. જો ખપ થાય તો જરૂર અભ્યાસ કરે કેમ જે જગતમાં દેખાય છે જે જેને સ્ત્રી, ધન, રાજ્ય, માન, સ્વાદ તેનો ખપ છે તો તેને અભ્યાસ કરીને તેને સિદ્ધ કરે છે અને તેમાં દૈહિક દુઃખ થાય છે તેને ગણતા નથી અને રાત દિવસ તેના જ મનસુબા કરે છે તેમ અભ્યાસ રાખવો. અને એવો અભ્યાસ તો નથી કર્યો અને જે સહજ સ્વભાવે સાત્વિકપણાની પ્રકૃતિ થકી અથવા થોડુંક શ્રીહરિજીનું માહાત્મ્ય જાણીને નિયિમમાં રહીને જે વિષયના ત્યાગી જણાય છે તે જો વિષયનો ત્યાગ જ રાખે અને તેનો સંબંધ ન થવા દે તો તો એ પાર પડે અને જો વિષયનો સંબંધ એને વિષમ, દેશ, કાળ, સંગે કરીને થઈ જાય તો તે વિષયને મૂકી શકે નહિ. કેમ જે આવો અભ્યાસ કરીને એણે વિષયની તુચ્છતા જાણી નથી અને જેણે અભ્યાસે કરીને વિષયની તુચ્છતા જાણી છે તે તો વિષયને ગ્રહણ કરે અને મૂકવા ઘટે ત્યારે મૂકી દે અને તેના ગ્રહણ ત્યાગને વિષે સ્વતંત્ર થાય પણ બંધાઈ રહે નહિ માટે એને એનો ભય નથી. ને જેણે આવો અભ્યાસ નથી કર્યો તેને ભય છે. માટે નિરંતર વિષયના દુઃખપણાની ભાવનાનો અભ્યાસ રાખવો. ॥ **૩૫૬** ॥

વિષયમાં દોષબુદ્ધિ તે ક્યારે દૃઢ થાય ? તો જ્યારે

ભગવાનના સુખમાં દૃષ્ટિ પૂગે ત્યારે થાય. જેમ કોઈ પુરુષ હોય તે કહે જે દિવસ ઊગ્યા પહેલાં જે આવે તેને બસેં રૂપિયા આપીશ ત્યારે તેને લેવાની કેવી ચાડ્ય થાય છે અને તેને કોઈક કહે જે તું આંહી રહે તુંને પાંચ રૂપિયા આપીશ અને જલેબી જમાડીશ એમ કહે ત્યારે એને તેનો સાચો અભાવ આવે જે મને બસેં રૂપિયા મળે છે તેમાં અંતરાય કરે છે તે માટે એ જ મારો શત્રુ છે. તેમ જેને જણાય જે આ લોકના પંચવિષય છે તે ભગવાનના ધામમાં જાતાં અંતરાય કરે એવા છે એમ જાણીને તે ઉપર અતિશય દોષબુદ્ધિ કરે. તે ઉપર ભારત[૧]માં એક વાત છે, જે વ્યાસજી ચાલ્યા જાતા હતા ત્યારે માર્ગમાં એક કીડો પડ્યો રહેલ. તે કીડો ગાડાં આવતાં હતાં તેને ભયે કરીને માર્ગમાંથી બહાર નીકળ્યો ત્યારે વ્યાસજીએ પૂછ્યું જે અવળો કેમ ચાલ્યો ? ત્યારે તે બોલ્યો જે ગાડાં આવે છે તે પીલાઈ મરું તે વાસ્તે બહાર નીસર્યો. ત્યારે વાસજીએ કહ્યું જે મુવા, આંહીં શું સુખ છે, આગળ તો બહુ સુખ છે. પછી તે બોલ્યો જે મહારાજ, મને તો આ દેહમાં બહુ સુખ આવે છે. ત્યારે વાસજીએ કહ્યું જે તું મારા સામું જો. એમ કહીને તેને દેહ મુકાવીને કોઈક રાજા હતો, તેની રાણીના ગર્ભમાં મૂક્યો અને પછી તે જન્મ્યો. એમ કરતે દશ વીશ વર્ષનો થયો ત્યારે તે મોટો થયો. પછી નાના પ્રકારનાં સુખ ભોગવીને મોજ કરે છે એવા સમામાં વળી વ્યાસજી બજારમાં થઈને નીસર્યા. ત્યારે તે રાજા ગોખ ઉપર બેઠો હતો તે વ્યાસજીને જોઈને બોલ્યો જે

૧. મહાભારત

એમને મેં દીઠા છે. ત્યારે તેને વ્યાસજીએ પૂર્વની સ્મૃતિ કરાવીને કહ્યું જે ઓ સુખ કેવું હતું ? ત્યારે તેણે કહ્યું જે હે મહારાજ, એ તે શું સુખ હતું ? આ તો બહુ સુખ છે. ત્યારે તે વ્યાસજીએ કહ્યું જે આથી આગળ બહુ સુખ છે. ત્યારે વળી તેને તે દેહ મુકાવીને કોઈક ચક્રવર્તી રાજાનો કામદાર હતો તે તેને ઘેર હજારો વહાણો ચાલે ને વાણોતર કમાણી કરે એવા શેઠને ઘેર જન્મ ધરાવ્યો. પછી વળી દશ, વીશ વર્ષ થયાં ત્યારે તે વ્યાસજી આવ્યા અને કહ્યું જે ઓ સુખ જેવું આ સુખ છે કે નહિ ? ત્યારે તેણે કહ્યું જે આ તો બહુ સુખ છે. ત્યારે કહ્યું જે આ સુખથી આગળ બહુ સુખ છે. એમ કરીને તેને દેહ મુકાવી દીધો અને પછી ભારે વેદ, પુરાણ ભણે ભણાવે અને તે શાસ્ત્રના અર્થને જાણે અને હજારો રૂપિયાનું વર્ષાસન ચાલ્યું એવા બ્રાહ્મણને ઘેર જન્મ ધરાવ્યો. પછી તો તે બીજબળી છે તે થોડે દિવસે કરીને વિદ્યામાત્રને ભણી ગયો અને શાસ્ત્રમાં આ પુણ્યે આવા સુખને પામે છે અને આ પાપે આવા દુઃખની પ્રાપ્તિ થાય છે એ સર્વે વાતની ગમ પડી. ત્યારે વળી તે વ્યાસજી આવ્યા ત્યારે તો તે વ્યાસજીને પગે લાગીને કહ્યું જે મહારાજ ! તમે તો મારા ઉપર બહુ જ અનુગ્રહ કર્યો. ત્યારે તે વ્યાસજીએ કહ્યું જે ઓ સુખ એવું હતું ? ત્યારે તેણે કહ્યું જે એમાં શું સુખ હતું ? હવે તો સર્વે વાતની ખબર પડી. ત્યારે વ્યસાજીએ તેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત ભક્તિનો ઉપદેશ કરીને કહ્યું જે ધ્યાન કર. પછી સમાધિ કરાવીને પછી ભગવાનનાં દર્શન કરાવ્યાં. તેને પછી દેહ મુકાવીને ગરીબ બ્રાહ્મણને ઘેર

દેહ ધરાવીને પછી તેને ઉપદેશ કરીને તેને ઘરનો ત્યાગ કરાવીને પછી તેની વાસના ટાળી નંખાવી અને તેને ભગવાનના ધામમાં પહોંચાડ્યો. તેમ જીવને જેમ આગળ અધિક સુખ જણાય ત્યારે તે વિષયમાંથી પ્રીતિ મૂકે. તે માટે જે બુદ્ધિવાન હોય તેણે ભગવાનના સુખમાં દૃષ્ટિ પુગાડવી. તે એમ સમજવું જોઈએ જે વૈરાટના એક દિવસમાં બ્રહ્મા તો મરી જાય છે. તેથી આગળ જ્યારે પ્રધાનપુરુષના સુખનો વિચાર કરે ત્યારે તે વૈરાટનું સુખ તુચ્છ થઈ જાય છે કેમ જે તે પ્રધાનપુરુષના એક મટકામાં અનંત વૈરાટ થાય છે અને પડી જાય છે. અને તેની આગળ જ્યારે મહાપુરુષના સુખનો વિચાર કરે ત્યારે તે પ્રધાનપુરુષના સુખનું તુચ્છપણું થઈ જાય છે. કેમ જે મૂળ પ્રકૃતિને વિષે પ્રધાનપુરુષ તે કેમ છે તો જેમ નિમિત્ત પ્રલયને વિષે ધ્રુવના તારા સુધી જળ ભરાય છે પછી તેમાં જેમ અનંત બુદબુદા થાય છે અને મટી જાય છે તેમ મહામાયાને વિષે અનંત પ્રધાનપુરુષ થાય છે અને મટી જાય છે તેથી આગળ જ્યારે અક્ષરના સુખનો વિચાર કરે ત્યારે તે મહાપુરુષના સુખનું તુચ્છપણું થાય, કેમ જે જ્યારે અક્ષર તે મહાપુરુષ સામું જુએ છે ત્યારે તે મહાપુરુષ માયાને પ્રેરવા સમર્થ થાય છે. તેથી આગળ જ્યારે પુરુષોત્તમ ભગવાન જે શ્રીજીમહારાજ તેની મૂર્તિના સુખનો જ્યારે વિચાર કરે ત્યારે તે અક્ષરનું સુખ પણ તુચ્છ થઈ જાય, કેમ જે અક્ષર તે અનંતકોટી મુક્તને ધારવાને સમર્થ છે તે પણ પુરુષોત્તમ મહારાજ તેમની દૃષ્ટિ વડે કરીને ધારવાને સમર્થ છે. એવા જે પુરુષોત્તમ તે આપણને પ્રકટ મલ્યા છે. તેમને મૂકીને જે બીજા સુખને ઈચ્છે છે તેને આવો મહિમા સમજાણો નથી અને એ મોટપને મેલીને

માનને ઇચ્છે છે, સ્વાદને ઇચ્છે છે, સ્પર્શને ઇચ્છે છે, લોભને ઇચ્છે છે, તે ભગવાનના સુખને મૂકીને જે વિષય ભોગને ભોગવવાને ઇચ્છે છે તે મૂર્ખ છે અને તેને એ વાત સમજાણી નથી. ॥ **૩૫૭** ॥

વાણિયાને બે હજારનાં લીટાં તાણેલા ચોપડા હોય તેમાંથી એક બદામ આવે નહિ. તેમ વિષયમાંથી એક પૈસાનો માલ નીસરતો નથી. ॥ **૩૫૮** ॥

કેટલાક મુમુક્ષુ છે તે તો સત્સંગે કરીને દિવસે દિવસે વિષયનો અભાવ કરે છે ને કેટલાક તો તેનો આદર કરે છે. ॥ **૩૫૯** ॥

સીધુ, પાણી ને ઈંધણાં એ ત્રણ જો સારાં હોય તો રાંધનારને દાખડો પડે નહિ તેમ સંગ, સ્થાન ને શ્રદ્ધા એ ત્રણ જો સારાં હોય તો મુમુક્ષુને  વિષય જીત્યામાં દાખડો ન પડે, દિનદિન પ્રત્યે વૃદ્ધિને પામે, વેલો જેમ ઝાડને યોગે કરીને વધે છે તેમ અને જે પુરુષ વિષયનો પ્રસંગ રાખીને પોતાનું શ્રેય ઇચ્છે તે મૂર્ખ છે. ॥ **૩૬૦** ॥

જ્યાં સુધી પંચવિષયમાં પ્રીતિ છે ત્યાં સુધી રૂપિયા, દેહ તથા સેવક આદિકમાંથી પ્રીતિ ટળે નહિ. ॥ **૩૬૧** ॥

સ્ત્રી થકી કાળી નાગણીની પેઠે બીવું ને મિષ્ટ ભોજનથી દેહાભિમાની જનના સંગની પેઠે બીવું ને દુર્જનની સભામાં પ્રીતિએ રહિત રહેવું તથા પુરંજનીનો વિસ્તાર[૧] સંકેલવો. ॥ **૩૬૨** ॥

૧. જુઓ પરિશિષ્ટ.

પંચવિષય છે તે જીવને મુક્ત થવા દેતા નથી ને બુદ્ધ ને બદ્ધ રાખે છે. માટે તેમને જીત્યા વિના મુક્ત થવાય નહિ. ॥ ૩૬૩ ॥

મુક્તબુદ્ધિ શીખવી. જે બુદ્ધિએ કરીને પંચવિષયને વિષે કોઈ રીતે બંધાવાય નહિ તેને મુક્તબુદ્ધિ કહીએ. ॥ ૩૬૪ ॥

પંચવિષયને વિષે દોષ દેખાડીને દુઃખરૂપપણાની તથા અસત્યપણાની વાર્તા કરવી તે પણ સત્પુરુષની સાખ્ય લાવીને કરવી. ॥ ૩૬૫ ॥

સ્વામીએ ચૈતન્યાનંદ સ્વામીને અતિશય દયાએ કરીને એમ વાર્તા કરીજે અણુમાત્ર પણ પ્રતિ માયિક પંચવિષયને વિષે રાખશો મા, એ પ્રીતિ તો કલ્યાણના માર્ગને વિષે અતિશય વિઘ્ન કરનારી છે. ॥ ૩૬૬ ॥

પંચવિષયની રુચિ અંતઃકરણમાં જ્યાં સુધી વર્તે છે ત્યાં પર્યંત શ્રીજીમહારાજ કે ધર્મ-જ્ઞાનાદિક ગુણ તે અંતઃકરણમાં નિવાસ કરીને રહે નહિ. જેમ જે કૂવામાં મોટી શિલા નીસરે તેમાં કોશ બે કોશનું જળ થાય નહિ. ॥ ૩૬૭ ॥

આ સર્વે ગરીબ જેવા જણાય છે પણ એક એક બ્રહ્માંડની ક્રિયા કરે એટલી એટલી પ્રવૃત્તિ એ સર્વેને વિષે રહી છે ને જેને પંચવિષયની વાસના જો લગાર રહી હોય તો જ્યારે તેને સ્વતંત્રપણું આવે ત્યારે સર્વે બ્રહ્માંડના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધને ભોગવે તો ય પણ પૂર્ણ થવાય નહિ. માટે, ધર્મ જ્ઞાનાદિક ગુણને વિષે પક્વ રુચિ કરે તો જ્યારે એને

સ્વતંત્રપણું આવે ત્યારે દત્તાત્રેય કે કપિલજી કે શુકજી કે રામાનુજાચાર્ય જેવા થાય. માટે પુરુષ પ્રયત્ને કરીને મહિમાપૂર્વક ત્રણ અંગે સહિત ભક્તિ કરવી ને એને વિષે અતિ દઢ રુચિ રાખવી એ જ સત્સંગ કર્યાનું ફળ છે. ॥ ૩૬૮ ॥

અને દોલતરામે પૂછ્યું જે, મુક્ત છે તેણે તો માયાને જડ ને દુઃખરૂપ જાણી છે તેને વિષે વળી રાગ કેમ થાય છે ? ત્યારે સ્વામીએ કહ્યું જે એ જે મુક્ત છે તેને પ્રથમ સાધનકાળમાં જ માયિક વિષયને વિષે લગારેક રાગ કહ્યો હોય તે રાગે કરીને પાછો એને વિષયમાં રાગ થાય છે. તે માટે મુક્ત હોય તેમણે પણ વિષય થકી તો છેટે રહેવું પણ તેનો વિશ્વાસ કરીને તેને ભોગવવા નહિ. અને જ્યારે સાંખ્યયોગને દઢ કરીને પછી ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયને પામ્યો હોય તેને વિષયમાં રાગ રાગ ન થાય કેમ જે એ તો વિષયને સેવે જ નહિ. ॥ ૩૬૯ * ॥

અને શબ્દ, રૂપ, રસ ને ગંધ એ જે પંચવિષય છે તેનો પણ જીવમાંથી અભાવ કરવો. એ એમ વિચાર કરવો જે શબ્દ છે તેને સાંભળી સાંભળીને મરી ગયા તો પણ તૃપ્તિ તો થઈ નથી. ને તે શબ્દમાં હજારો ક્લેશ રહ્યા છે ને જેટલાં દુઃખ થાય છે તેટલાં શબ્દમાં રહ્યાં છે. અને ભગવાન સંબંધી જે શબ્દ છે તેમાં એક કાળે પંચવિષયનાં સુખ પ્રાપ્ત થાય છે પણ તે સુખમાં અંતરાય કરે એવો એ શબ્દ છે. તેમ જ સ્પર્શ છે તેમાં પણ હજારો દુઃખ રહ્યાં છે, તેમાં જે કેટલાંકનાં માથાં પડે છે તથા ગામગરાસ લૂંટાઈ જાય છે એવાં દુઃખ થાય છે તે સ્ત્રીયાદિકના સ્પર્શમાંથી થાય છે, એવા લાખું દોષ સ્પર્શમાં

રહ્યા છે. અને જે ભગવાનનો સ્પર્શ છે તેમાં એકકાળે પંચવિષયનું સુખ આવે છે. ને તેમાં અંતરાય કરનારો સ્ત્રી આદિકનો સ્પર્શ છે. તેમ જ રૂપને જોઈ જોઈને મરી ગયા તો પણ તૃપ્તિ પણ નથી થાતી ને તેમાં સુખ પણ જણાતું નથી. ને એ રૂપ થકી પર જે ભગવાનનું રૂપ છે તેમાં એકકાળાવચ્છિન્ન પંચવિષયનું સુખ આવે છે. પણ તેમાં અંતરાય પણ આ રૂપ છે. તેમ જે રસ છે તેને પણ ભોગવી ભોગવીને મરી ગયા તો પણ હજી જિહ્‌વા તો તૃપ્ત ન થઈ. ને એ રસ કેવો છે ? તો એ રસ ખાઈને પુષ્ટ થાશું તો સત્સંગમાં નહિ રહેવાય. ને પછી જીવશું ત્યાં સુધી ક્લેશને પામશું. ને દેહને મૂકીને જમનો માર ખાતાં ખાતાં અંત નહિ આવે. એ આદિક કરોડ્યું દોષ રસમાં રહ્યા છે. એવો એ રસ છે ને જે ભગવાનનો રસ છે તેમાં તો એક કાળે પંચવિષયનું સુખ પમાય છે. એવું એ ભગવાન સંબંધી સુખી છે. ને તેમાં આ જે રસ છે અંતરાય કરનારો છે. તેમ જે ગંધ છે તેમાંથી પણ જીવના પ્રાણ જાય છે એ આદિક અનંત દોષ એમાં રહ્યા છે, એવો એ ગંધ છે અને જે ભગવાન સંબંધી ગંધ છે તેમાં તો એકકાળે પંચવિષયનું સુખ આવે છે. પણ તેમાં અંતરાય કરનારો આ ગંધ છે. એવા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પંચવિષય છે. તેથી જ્યારે અતિશય પૂર્વે કહી જે દોષબુદ્ધિ તેણે કરીને જીવમાંથી રાગ ટાળીને તેનો અતિશય અભાવ આવે તે જ્યારે એ વિષય સાંભરે ત્યારે ઊલટી થઈ જાય, ત્યારે જાણવું જે તે વિષયને વિષે દોષબુદ્ધિ થઈ. તેમ જ જે ક્રોધ, ઈર્ષા, મત્સર, અસૂયા, દંભ, કપટ,

માન, રાગ અને દ્વેષ એ આદિક જે અધર્મનો સર્ગ છે, તેને વિષે પણ અતિશય દોષ જાણે. જે એ દોષ છે ને મારા જીવને બંધન કરે એવા છે. એમ જાણીને તેની પૂર્વે કહી જે દોષબુદ્ધિ તેવી દોષબુદ્ધિ જીવમાં ઉતારે ને તે દોષનું કોઈ નામ લે ત્યારે તેનાં રોમ ઊભાં થાય ને અતિશય ગ્લાનિ પામી જાય ને જેમ એકનો એક દીકરો મરે ને તેનો શોક તેનાં માબાપને થાય છે તેમ તે દોષ સાંભળીને શોક થાય ત્યારે જાણવું જે તેને દોષબુદ્ધિ થઈ. ॥ ૩૭૦ * ॥

## ૧૯ વાસના ટાળવાની વાતો

અક્ષરધામમાં સ્ત્રી, પુરુષ એવો ભેદ નથી કેમ જે સ્ત્રીના દેહમાં યોનિ આદિક ચિહ્‌ને રહિત સ્ત્રીનો દેહ છે. અને પુરુષના દેહમાં શિષ્નુ આદિક ચિહ્‌ને રહિત અક્ષરધામમાં પુરુષનો દેહ છે. અને એ અક્ષરધામને વિષે યોનિ, શિષ્નુ ને ગુદા એ ત્રણે અંગે રહિત દેહ છે અને બીજા ધામમાં ચાર ચરણારવિંદની ઉપાસના છે. તે માટે પુરુષ પણ મુક્ત હોય ને તેને જો સ્ત્રીની ઈચ્છા હોય તો તે અક્ષરધામને સ્વપ્નમાં પણ ન દેખે તો બીજો તો ક્યાંથી દેખે ? અને સ્ત્રી પણ મુક્ત હોય તેને પુરુષને વિષે ભોગબુદ્ધિ રહી હોય તો તે પણ અક્ષરધામને સ્વપ્નમાં પણ ન દેખે તો બીજો તો ક્યાંથી પામે ? તે માટે આપણે પણ જો સ્ત્રી તથા ધનની વાસના રહી હોય તો અક્ષરધામને ન પમાય. તે માટે સ્ત્રી ને ધન એ બેનો રાગ દેહ થકી પર ઇંદ્રિયો ને ઇંદ્રિયો થકી પર મન ને મન થકી પર બુદ્ધિ ને બુદ્ધિ થકી પર જે કારણ શરીરે સહિત જીવ છે તે જીવમાં સ્ત્રી ને ધનનો રાગ છે તે વારંવાર ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તેના ડંક લગાડીને સ્ત્રી, ધનનાં મૂળ ઉખાડી નાખવાં અને વારંવાર દેહ, ઇંદ્રિયો, અંતઃકરણ તેનો નિષેધ કરીને આત્મસત્તારૂપ થઈને જીવમાં ભગવાનની મૂર્તિને ધારે તો ધીરે ધીરે સ્ત્રી, ધનનો રાગ છે તે નાશ પામે અને તે રાગ જ્યારે ટાળે છે ત્યારે

અક્ષરધામમાં રહેવાય છે. અને તેનાં મૂળ ઉખાડીને સત્તારૂપ થયો હોય તો પણ ગાફલપણું ન રાખે તથા ઊતરતાનો સંગ તથા પંચવિષય તથા વિષમ દેશકાળ તથા સૂક્ષ્મ વસ્ત્ર તથા છોકરા સંગાથે ભાઈબંધાઈ તેમનાથી તો હરણની પેઠે બીતો રહે અને સંગ તો પોતાથી ઉત્કૃષ્ટ અંગવાળો તેનો જ કરવો. આ વાત જેવા તેવા આગળ ન કરવી. ॥ ૩૭૧ ॥

ભગવાનને વિષે અતિશય હેત કરવું. હેત કરતાં કાંઈક વિકાર થાય તો એનો એમ વિચાર કરવો જે મારે વિકાર ઇંદ્રિયોમાં થયો તે રાગે કરીને થયો કે સહેજે થયો અને તે સહેજે રાગ થયો તે કેમ જાણીએ તો પૂર્વે જે જે વિષય ભોગવ્યા હોય તેની સ્મૃતિ થાય પણ ભોગબુદ્ધિ ન થાય ત્યારે એમ જાણવું જે અમથા એ વિષય સ્ફુરી આવ્યા છે પણ મારે તો એનો રાગ નથી અને તે વિષયના સંકલ્પરૂપ સ્મૃતિ થાય છે તે ક્યારે ટળે તો જ્યારે ભગવાને ગીતામાં જ્ઞાનીને ક્રિયાયોગ કહ્યો છે તેવી રીતે ક્રિયાયોગ કરે તો એ વિષયમાં સ્મૃતિરૂપ રાગ છે તે ટળે ને તે રાગ ટળ્યા વિના જ્ઞાનીને પણ વિષયને વિષે સહજ સ્મૃતિરૂપ રાગ રહે અને જેને વિષયને વિષે ભોગબુદ્ધિ થાય ત્યારે એમ જાણવું જે મારે વિષયને વિષે રાગ છે. તે કેમ ટાળવો ? તો એમ વિચાર કરવો જે સ્ત્રી આદિક પંચવિષયને વિષે દોષ રહ્યા છે તે વિચારીને તેના દોષને મોટા સંત પાસેથી શીખે ને પછી તે દોષની સેર્ય ઇંદ્રિયોમાં ઊતરે અને પછી અંતઃકરણમાં ઊતરે પછી, અંતઃકરણ થકી પર જે બુદ્ધિ તેમાં ઊતરે પછી, તેથી પર જે જીવ તે જીવમાં ઊતરે,

એમ લોમ, પ્રતિલોમ દૃષ્ટિ કરીને ટાળ્યાનો અભ્યાસ નિરંતર રાખે તો ધીરે ધીરે તે રાગ ટળે; તે પણ તીવ્ર શ્રદ્ધા રાખીને કર્યા કરે ત્યારે રાગ નિવૃત્તિ પામે, નહિ તો ન પામે. ॥ ૩૭૨ ॥

વાસના અક્ષરધામમાં ટળે કે બીજે ટળાવે છે ? તે કહો, ત્યારે કહ્યું જે શ્રીજીમહારાજના સ્વરૂપનો નિશ્ચય હોય અને શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે તો રહેતા હોય પણ જો જીવમાં રાગ રહ્યો હોય તો જ્યારે દેહ મૂકે ત્યારે તેને મહારાજ અક્ષરધામમાં લઈ જાય. અને પછી પોતાનો અવતાર કોઈક બ્રહ્માંડમાં થયો હોય ત્યાં મહારાજ તેને દેહ ધરાવે. અને પછી તે સંસાર મૂકીને જ્યાં ભગવાન હોય ત્યાં જાય. પછી તે ભગવાનના સ્વરૂપનો નિશ્ચય કરીને પછી સાધન કરે અને થોડેક કાળે તે વાસનાને ટાળી નાખે કેમ જે પૂર્વનું બીજબળ હોય માટે. ॥ ૩૭૩ ॥

મહારાજે વાત કરી હતી જે આ વિરાટ પુરુષ છે તે જ્યારે કોઈક સમે પુરુષોત્તમનો અવતાર પૃથ્વી ઉપર હતો ત્યારે તે વિરાટ પુરુષોત્તમના ભક્ત હતા તે એને એટલો સંકલ્પ રહ્યો હતો જે આ બ્રહ્માંડનું કામ કેમ થાતું હશે ? એવો સંકલ્પ લગીર કર્યો હતો તો પણ કેટલાક કાળ ત્યાં[1] રહ્યા અને પછી જ્યારે સૃષ્ટિની ઉત્પત્તિ થઈ ત્યારે મહારાજને તેણે કહ્યું જે હે મહારાજ ! જો તમે કહો તો આ બ્રહ્માંડમાં સમાસ છે તે હું જાઉં. ત્યારે મહારાજે આજ્ઞા આપી હતી તેથી વિરાટ થયા છે. માટે વાસના લિંગદેહનો નાશ થયા વિના અક્ષરધામમાં ન

૧. અક્ષરમાં.

રહેવાય એ તો પોતાની મેળે જ માર્ગ દઈ જવાય. ॥ ૩૭૪ ॥

જેને વાસના હોય તેને અક્ષરધામમાં લઈ જાય છે. પણ જો તે વાસના ભોગવ્યા વિના તેને લઈ જાય તો તેણે ત્યાં ન રહેવાય. તે માટે જ્યારે અહીં દેહ મૂકે છે ત્યારે મહારાજ દર્શન દે છે, પછી તે મૂર્તિની કેડે ચાલ્યો જાય છે. પછી જેને અપ્સરાઉં તથા બીજા પંચવિષયની ઈચ્છા હોય તો તે દેવલોકમાં રહે, અને જેને અમૃતપાનની ઈચ્છા હોય તો તે ચંદ્રલોકમાં રહે અને જેને ધનમાં રાગ હોય તેને કુબેરનો દેહ આપે અને જેને કામભોગની ઈચ્છા હોય તેને ઈલાવૃત્ત ખંડમાં મેલે અને જેને બહુરૂપની ઈચ્છા હોય તેને કામદેવ કરે અને જેને પ્રજાની ઈચ્છા હોય તેને બ્રહ્મા કરે છે. અને જેને બ્રહ્માંડને જોયાની ઈચ્છા હોય તેને વિરાટ કરે છે અને જેને બ્રહ્માંડ કર્યાની ઈચ્છા હોય તેને પ્રધાનપુરુષ કરે છે અને જેને સર્વે નિયંતાપણું તથા સર્વે જીવનું અંતર્યામીપણું તથા અનંત કોટિ પ્રધાનપુરુષ ઉપજાવવા તથા એ સર્વેને નિયમમાં રાખવા અને નાના પ્રકારના વિષયભોગને ભોગવવા એ આદિકની જેને ઈચ્છા હોય તેને મહાપુરુષ કરે છે. અને જેને પ્રકટ ભગવાનની આજ્ઞા લોપીને ધર્મની ઈચ્છા હોય તેને વૈકુંઠલોકમાં મૂકે છે અને જેને સર્વે ઇંદ્રિયોને જીતીને તપ કરવાની ઈચ્છા હોય તેને બદ્રિકાશ્રમમાં મૂકે છે અને જેને નિરન્નમુક્ત થાવાની ઈચ્છા હોય તેને શ્વેતદ્વીપમાં મૂકે છે અને જે પ્રકટ ભગવાનની આજ્ઞા લોપીને નાના પ્રકારનાં વસ્ત્ર તથા ઘરેણાં વતે ભગવાનને થાળ ધરવા તથા નાના પ્રકારના હાર કરીને ભગવાનને ચડાવવા

ઇત્યાદિક પદાર્થ વતે કરીને ભક્તિ કર્યાની ઇચ્છા હોય તેને ગોલોકમાં મૂકે છે અને જેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યયુક્ત ભક્તિ અતિ દઢ કરીને સર્વે ઇંદ્રિયોને નિયમમાં કરીને પછી સૂક્ષ્મ દેહનો નાશ કરીને પછી આત્યંતિક પ્રલયનાં ઉપશમને સિદ્ધ કરીને પછી તે ઉપશમ ને મહારાજની મૂર્તિનું ધ્યાન તેણે કરીને કારણભાવને ટાળી નાખ્યો હોય અને મહારાજની સેવાની જ એક ઇચ્છા હોય તેને પોતાની સેવામાં રાખે છે. ॥ **૩૭૫** ॥

પૂર્વે કહી જે દોષદૃષ્ટિ અને માહાત્મ્ય એ બેને જ્યારે સિદ્ધ કરે ત્યારે મનમાં વિષયના સંકલ્પ થાય છે તે બંધ થાય છે અને જ્યારે સંકલ્પ બંધ થાય ત્યારે સૂક્ષ્મ દેહનો નાશ થાય. અને જ્યારે સૂક્ષ્મ દેહનો નાશ થાય તો પણ લિંગદેહ ન ગળે. અને લિંગદેહ કેવું છે તો મન થકી પર જે બુદ્ધિ અને બુદ્ધિ થકી પર જે કારણ શરીરે યુક્ત અજ્ઞાનમય એવો અનાદિ જીવ છે. તે જીવમાંથી અવ્યક્ત પંચવિષયનો રાગ ઊઠે છે અને પછી તેનો સૂક્ષ્મદેહમાં સંકલ્પ થાય છે. તે પંચવિષયનો રાગ જેમાંથી ઊઠે છે તેને લિંગદેહ કહીએ. તે લિંગદેહ તો ટાળવું બહુ કઠણ છે. તે લિંગદેહ ક્યારે ટળે તો જ્યારે નિત્ય પ્રલયે કરીને આ લોકનો નિષેધ કરે અને પ્રાકૃત પ્રલયે કરીને અનંત કોટિ બ્રહ્માંડનો નિષેધ કરે અને પ્રકૃતિનું કાર્ય સર્વે પ્રકૃતિને વિષે લીન કરવું અને આત્યંતિક પ્રલયને વિષે પ્રકૃતિને પુરુષને વિષે લીન કરવી અને મહાપુરુષને અક્ષરને વિષે લીન કરવો એમ આત્યંતિક પ્રલયનું ઉપશમ કરીને પછી તે અક્ષર છે તે

અક્ષરને જ પોતાનું સ્વરૂપ માનવું અને અક્ષરરૂપ એવો જે પોતાનો જીવ તે જીવમાં જ્યારે પુરુષોત્તમ જે શ્રીજીમહારાજ તેની મૂર્તિનું નિરંતર ધ્યાન કરે ત્યારે વાસના લિંગદેહનો ભંગ થાય. તે વિના બીજા કોટિ ઉપાય કરે તો ય લિંગદેહનો ભંગ ન થાય. ॥ ૩૭૬ ॥

સવાસનિક સાથે હેત કરે તો પોતે જે લોકમાં જાય ત્યાં તેને લઈ જાય અને એમ કહે જે આપણે હમણે મોજું[1] કરીને ધીરે ધીરે જાશું. અને નિર્વાસનિક સાથે હેત હોય તો ક્યાંય ન બંધાવા દે અને ધક્કે મારીને અક્ષરધામમાં લઈ જાય ॥ ૩૭૭ ॥

જેવો જીવને બીજો આદર છે તેવો જો ભગવાન ભજ્યાનો આદર હોય ને વિષયને ટાળવાનો આદર હોય તો વિષયનો શો ભાર છે ? વિષયનું સુખ તો લાંપડાના તાપ જેવું છે માટે વિષયને માર્ગે ચાલવું નહિ એ સિદ્ધાંત વાત છે. ॥ ૩૭૮ ॥

વાર્તાઓ સાંભળીને આવો વિચાર રાત્રિ દિવસ કરીએ છીએ ને વાસના નથી ટળતી તેનું શું કારણ છે ? પછી તેનો ઉત્તર કર્યો જે વિષયના અભાવનો વિચાર કરે છે તે દેહમાં તથા ઇંદ્રિયોમાં કરે છે પણ તે વિષયના દોષનો વિચાર જીવમાં કરવો જે કામ, લોભ, સ્વાદ, સ્નેહ ને માન એ પાંચ પ્રકારના દોષ છે તેને પૃથક્ પૃથક્પણે વિચારતાં વિચારતાં દેહમાં દોષ

૧. એશઆરામ, મજા.

ઉતારવા. પછી તે દોષ ઇંદ્રિયોમાં ઉતારવા પછી તે દોષને ઇંદ્રિયો થકી પર જે મન તે મનમાં દોષને ઉતારવા. પછી મન થકી પર જે બુદ્ધિ તે બુદ્ધિમાં એ દોષને ઉતારવા પછી બુદ્ધિ થકી પર જે જીવ તે જીવમાં એ દોષના ડંકને[1] વારંવાર લગાડવા તે જ્યારે જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિને વિષે નિરંતર એ દોષ જાણપણામાં રહે તેવી જ રીત્યે પંચવિષયના દોષને જીવમાં ઉતારે, ત્યારે જે રાગ રહ્યા છે તે ધીરે ધીરે ટળે ને તે દોષ જીવમાં ઉતાર્યા વિના કોટિ સાધને જીવમાંથી એ રાગ ટળે નહિ; તેવી જ રીતે ભગવાનનો નિશ્ચય કરવો તે પણ શ્રીજીમહારાજ પ્રથમ આવ્યા ત્યારે સ્ત્રીનો ગંધ આવે તો ઊલટી થઈ જાતી ને પંચવિષયનો ગંધ ન ગમતો ને પછી જીવના કલ્યાણને અર્થે જે જે ખાનપાન વસ્ત્ર તથા ઘરેણાં ઇત્યાદિક જે જે સેવા કરી તેને અંગીકાર કરી ને જ્યારે પાછા સ્વધામ જાવાના થયા ત્યારે પૂર્વે કહ્યું તેવી રીતે વિષયનો અભાવ કરીને સ્વધામમાં પધાર્યા ને વચમાં જે જે સેવા અંગીકાર કરી તે તો આપણા કલ્યાણને અર્થે કરી તથા ધ્યાન, ધારણા તથા પરચા દીધા તથા અંતકાળે જન જન પ્રત્યે તેડવા આવે છે તથા મંદિર કર્યા તથા યજ્ઞ કર્યા તથા શ્રીજીમહારાજે સર્વે અવતારનો ભાવ પોતાને વિષે જણાવ્યો એમ સમજીને જીવમાં નિશ્ચય કરે તો નિશ્ચય ન ટળે. ॥ ૩૭૯ ॥

વિશલ્યકરણીના છેલ્લા વચનામૃતમાં અહંમમત્વ ટાળ્યાની વાર્તા આવી ત્યારે તે કેમ ટળે ? ઉત્તર જે, જેમ દેહને

૧. ચટકો, દંશ.

વિષે આત્મબુદ્ધિ છે ને અતિશય હેત છે તેમ શ્રીહરિજીને વિષે તથા મોટા સંતને વિષે થાય તો ટળે. માટે આત્મ વિચારનો તથા શ્રીજીમહારાજના મહિમાના વિચારનો વેગ જીવને વિષે અતિ બળવાન લગાડી દેવો. જેમ મંદવાડ હાડમાં પેસી જાય છે ને જેમ વૈરીનો વેગ પેસી જાય છે તેવી રીતનો વેગ જીવમાં લગાડી દેવો. ॥ ૩૮૦ ॥

લિંગ શરીર કેમ નાશ પામે ? ઉત્તર જે, સત્તારૂપ થઈને પ્રતિલોમપણે શ્રીજીમહારાજનું ધ્યાન કર્યા કરે તો કાળે કરીને લિંગ શરીર નાશ પામી જાય છે. ॥ ૩૮૧ ॥

વિશલ્યકરણીના છેલ્લા વચનામૃતની વાર્તા કરતા હતા ત્યારે પૂછ્યું જે અહંમમત્વ કેમ ટળે ? ઉત્તર જે, દેહને વિષે જેવી આત્મબુદ્ધિ છે ને અસાધારણ હેત છે તેમ જ શ્રીહરિજી મહારાજને વિષે ને સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ ને અસાધારણ હેત થાય તો અહંમમત્વ ટળી જાય. ॥ ૩૮૨ ॥

સત્સંગમાં તો અન્ન, વસ્ત્ર યથાયોગ્ય મળે છે તો પણ મૂંઝવણ રહે છે તેનું શું કારણ છે ? ઉત્તર જે, મૂંઝવણ તો પંચવિષયની આસક્તિએ કરીને રહે છે ને તે વિષયનાં બીબાં તો અનેક પ્રકારનાં છે તેને વિષે મૂંઝવણ માત્ર રહી છે. માટે પંચવિષયની આસક્તિ ટાળીને સંત થાવું ને તે સંતનાં લક્ષણ મુક્તાનંદ સ્વામીએ ''સંતજન સોય સદા મોય ભાવે'' એ

धर्मस्त्याज्यो न कैश्चित् स्वनिगमविहितो वासुदेवे च ।
भक्तिर्दिव्याकारे विधेया सितधनमहसि ब्रह्मणा स्वस्य चैक्यं ॥

निश्चित्यैवान्य वस्तुन्यणुम् अपि च रत्तिं संपरित्यज्य ।
सन्सस्तन्माहात्म्याय सेव्या इति वदति निजान् धार्मिको नीलकण्ठः ॥[1]

ચાર કીર્તનમાં કહ્યાં છે તેવા સંત થવાની દૃઢ રુચિ કરવી. ત્યારે સંતે કહ્યું જે એ ચાર કીર્તનનો જે ભાવ હોય તે કહો. ત્યારે એ શ્લોકને વિષે એ ચાર કીર્તનનું રહસ્ય છે તેને કહીએ છીએ : ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત શ્રીજીમહારાજની ભક્તિ કરવી ને તેનું માહાત્મ્ય જાણવાને અર્થે સાચા સંતને સેવવા એ ચાર કીર્તનનું રહસ્ય છે. ને જે વિષયને વિષે આસક્તિ છે તેને કોઢ જેવી જાણવી ને ધર્મજ્ઞાનાદિકને વિષે જે આસક્તિ ઊપજે તેને તો પુત્રાદિકની પ્રાપ્તિ જેટલો આનંદ પામવો. ॥ ૩૮૩ ॥

જેને શ્રીજીમહારાજને રાજી કરવા હોય તેને એમ વર્તવું જે પંચવિષયના સુખને અતિ દુઃખદાયક જાણીને તથા દેહાભિમાનની આસક્તિ ટાળીને નિર્વાસનિક થાવું ને ગાયન વિદ્યા તથા શાસ્ત્ર વિદ્યા આદિક ગુણે કરીને પોતાને વિષે ગુણવાનપણું ન માનવું. તે ઉપર ‘‘મારો મત કહું તે સાંભળો

૧. અર્થઃ– કોઈ પણ મારા આશ્રિતજનોએ શ્રુતિ, સ્મૃતિએ કહેલો, પોતાનો જે વર્ણાશ્રમ ધર્મ તે ત્યાગ ન જ કરવો. અને પરમાત્મા સિવાય બીજી માયિક વસ્તુઓમાંથી લેશ પણ રાગને છોડી દઈ (સમગ્ર વાસનાઓથી રહિત થઈ) પોતાના આત્માની અક્ષરબ્રહ્મની સાથે એકરૂપતાને વિચારી (અર્થાત્ હું અક્ષરબ્રહ્મ છું, એવી ભાવના કરીને) પ્રકાશમાન દિવ્ય શ્વેત તેજના સમૂહરૂપ અક્ષરબ્રહ્મ નામે ધામમાં વિરાજમાન, દિવ્યાકાર, વાસુદેવ ભગવાનની પરાભક્તિ કરવી અને અક્ષરબ્રહ્મધામાધિપતિ ભગવાનનું માહાત્મ્ય જાણવા માટે તેમના એકાંતિક સંતોની કાયા-વાણી-મનથી સેવા કરવી. એ રીતે ધર્મપુત્ર નીલકંઠ ભગવાને પોતાના ભક્તજનો પ્રત્યે કહ્યું. (સ. જી. પ્ર. ૫ અ. ૫૫-૨૮)

વ્રજવાસીજી, તજો સાધનનો ઉર આમળો વ્રજવાસીજી'' એ કીર્તનની વાર્તા બહુ કરી. ॥ ૩૮૪ ॥

જ્ઞાન તથા વૈરાગ્ય વિના સૂક્ષ્મ ને કારણ શરીર ટળે નહિ ને એકલી ભક્તિએ કરીને તો ટળે પણ ખરા ને ટળે પણ નહિ. ॥ ૩૮૫ ॥

જીવ માત્રને અતિશય બંધનકારી કયું પદાર્થ છે ? ઉત્તર જે, કોઈકે તો સ્નેહનું કહ્યું ને કોઈકે તો માનનું કહ્યું ને કોઈકે તો સ્ત્રી-દ્રવ્યાદિકના બંધનનું કહ્યું. એવી રીતે ઘણે પ્રકારે કરીને કહ્યું ને ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે અતિશય બંધનકારી તો દેહાભિમાન જણાય છે ને શ્રીહરિજીએ પણ વચનામૃતમાં કહ્યું છે જે દેહાભિમાનને વિષે સર્વે દોષ રહ્યા છે, ત્યાં દૃષ્ટાંત છે જેમ મોટું ફળિયું હોય ને તેમાં વચ્ચે મોટો ખાડો હોય ને તે વળી તરણે કરીને ઢંકાણો હોય તેમાં જેમ સર્વે આવી આવીને પડે છે તેમ દેહાભિમાનરૂપ ખાડો છે તે પંચવિષયરૂપ તરણે કરીને ઢંકાણો છે ને તેને વિષે લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ ને માન આદિક સર્વે દોષ આવી આવીને પડે છે. માટે સત્ અસત્‌ના વિવેકે કરીને દેહાભિમાનરૂપ ખાડાને કાઢવાને અર્થે નિરંતર સદ્‌વિચાર કર્યા કરવો ને દેહને વૃક્ષરૂપે કરીને પણ કહ્યો છે. તેમાંથી મનરૂપી અંકુર થાય છે ને અહંમમત્વ રૂપી મોટાં મોટાં બે ડાળાં થાય છે ને દશ ઇંદ્રિયોરૂપ નાનાં ડાળખાં થાય છે ને સંકલ્પ વિકલ્પરૂપી અતિ નાની ડાળખીઓ થાય છે ને તેણે કરીને જીવ જે કર્મ કરે છે તે રૂપ પાંડદાં થાય છે ને જેમ પત્રે કરીને વૃક્ષ વધે છે તેમ કર્મે કરીને અનંત દેહ

આવે છે. ॥ ૩૮૬ ॥

સંસારમાં રહીને વિષય કેમ જિતાય ? ઉત્તર જે, નિયમ રાખે તો જિતાય છે. તેની વિગત જે જેમ જૈનના મતવાળા છે તે આવી રીતે નિયમ રાખે છે જે મારે આ વર્ષમાં દશ શેર રતાળું ખાવાં છે, તેમ સત્સંગીને પણ આ વર્ષમાં ને આ મહિનામાં મારે આવી રીતે વર્તવું છે એવી રીતે નિયમ રાખવાં. એમ વર્તવાથી વિષય જિતાય છે. ને વિષય સુખને વિષે તો કેવળ દુઃખ જ રહ્યું છે કેમ જે મોટા મોટા જે રાજા છે તેમને ખાવા પીવાને વિષે ને સૂવાને વિષે સ્ત્રી પુત્રાદિકનો વિશ્વાસ આવે જ નહિ અને દીકરો હોય તે બાપને માર્યાનો લાગ જોતો હોય ને બાપ પણ પુત્રને માર્યાનો લાગ જોતો હોય ને મા દીકરાને વિષે ને ધણી ધણિયાણીને વિષે પણ એમ જ છે. માટે સંસારનાં સુખ આવાં છે તો જીવ વિષયને વિષે અતિ આસક્ત છે માટે એ મૂર્ખ છે તે સારુ નાશવંત ને સ્વપ્નતુલ્ય ને અતિશય તુચ્છ જે વિષય સુખ તેને અર્થે અનેક પ્રકારનાં દુઃખને સહન કરે છે તે માટે જો સત્પુરુષના સંગે કરીને શુદ્ધ આત્મસત્તારૂપ રહીને શ્રીજીમહારાજનું ભજન કરે તો સંસારમાં સુખિયો રહે ને વિષય પણ જિતાય. ॥ ૩૮૭ ॥

ઇંદ્રિયોની વૃત્તિને વિષય થકી પાછી વાળવી. તેની વિગત જે જાણપણારૂપે રહીને શબ્દાદિક વિષય સન્મુખ જાતી એવી જે ઇંદ્રિયોની વૃત્તિ તેને આત્માને વિષે કે પરમાત્માને વિષે હોમ્યા કરે તો વાસના માત્ર નાશ થઈ જાય છે. ॥ ૩૮૮ ॥

આત્મા દેહથી જુદો છે તો પણ એક કેમ જણાય છે ?

ઉત્તર જે, ધન ને પુરુષ જુદાં છે ને સ્ત્રી ને પુરુષ જુદાં છે તો પણ જે અતિ લોભી ને અતિ કામી છે તે તો એ બેને નાશે કરીને નાશ થઈ જાય છે માટે જુદાં નથી. તે એક રાજા હતો તે છ મહિના સુધી સમાધિ કરતો પણ ત્યાં રહ્યો થકો રાજ્ય સ્ત્રી, ધનને સંભાર્યા કરતો. પછી જ્યારે તેને સંતદાસજી સાધુ મળ્યા ત્યારે જુદાં પાડ્યાં. માટે એકાંતિક ભક્તના સંગે કરીને જો અભ્યાસ કરે તો આત્મા ને દેહ તે જુદા જણાય છે. માટે સર્વે કાળને વિષે ત્રણ શરીર થકી પોતાને પૃથક્ વર્તવું. ॥ ૩૮૯ ॥

શાન્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યું જે ચાંદ્રાયણ ને ધારણા-પારણાદિક જે વ્રત તેને આવરદા પર્યંત કર્યા કરે તો વાસના ટળે કે નહિ ? ઉત્તર જે, એમ કર્યાથી ઉપરથી ટળ્યા જેવું જણાય પણ કારણ શરીરમાંથી ન ટળે. જુઓને સૌભરી ઋષિને ને ચ્યવન ઋષિને ઉપથી તો જણાતું ન હતું પણ કારણ શરીરમાં વાસના હતી તો પરણવું પડ્યું. માટે વિષયને વિષે દોષબુદ્ધિ થયા વિના વાસના ટળે નહિ. ને જેમ અમારે વિષે તમારે હેત છે પણ જો દોષ આવે તો અમારો સંગ ગમે નહિ એમ નિત્યપ્રલયાદિકનો વિચાર કરીને માયિક પદાર્થને વિષે દોષબુદ્ધિ સમજીને આત્મસત્તારૂપ થઈને શ્રીજીમહારાજનું ધ્યાન કરીને વાસના ટાળે ત્યારે ટળે છે. તે ઉપર શૂરવીર પુરુષ હોય તેને દેહ, લોક, ભોગાદિકને વિશે વૃત્તિ નથી રહેતી ને રણમાં ટુક ટુક ઊડી જાય છે ને સતી પણ બળી જાય છે તેમ છે. ॥ ૩૯૦ ॥

પંચવિષયમાં અરુચિ કેમ થાય ? ઉત્તર જે, એ વિષય સંબંધી ઉદ્યમને વિષે અતિશય દુઃખને વારંવાર જોયા કરે તો અરુચિ થાય ને જો વિષય સહેજે મળે તો પણ એને ભોગવવે કરીને શ્રીજીમહારાજની અપ્રસન્નતા થાય છે એમાં લેશમાત્ર સંશય નથી એમ મનમાં યથાર્થ દૃઢ નિશ્ચય કરે તો અરુચિ થાય. ॥ ૩૯૧ ॥

નિર્વાસનિક ભક્ત અમને ગમે છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે માટે એમ કેમ થવાય ? ઉત્તર જે, બે પ્રકારના ભક્ત છે તેમાં એક તો સવાસનિક છે ને બીજો નિર્વાસનિક છે ને એ બેયનું કલ્યાણ તો શ્રીજીમહારાજ કરે છે પણ સનકાદિક જેવા નિર્વાસનિક ભક્ત ઉપર જેવો શ્રીજીમહારાજનો રાજીપો જણાય છે તેવો બ્રહ્માદિક જેવા સવાસનિક ભક્ત ઉપર રાજીપો જણાતો નથી એ વાત મોક્ષધર્મમાં કહી છે જે ભગવાન બ્રહ્માદિકની પૂજા પગે કરીને ગ્રહણ કરે છે ને એકાંતિક ભક્તની પૂજા તો મસ્તકે કરીને ગ્રહણ કરે છે ને બ્રહ્માદિકની તો બ્રહ્માંડમાં બહુ મોટપ જણાય છે ને સનકાદિક તો ગરીબ જેવા જણાય છે પણ એ બહુ મોટા છે ને એવાને સંગે કરીને નિર્વાસનિક થવાય છે. ॥ ૩૯૨ ॥

સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પૂછ્યું જે વાસના બહુ બળવાન છે તે કેમ જિતાય ? ઉત્તર જે, સત્પુરુષના સમાગમે કરીને ધર્માદિક ચાર સાધનને પક્વ કરે તો વાસના જિતાય ને શુદ્ધ ભક્ત થાય છે. ॥ ૩૯૩ ॥

પંચવિષયની અરુચિ કેમ થાય ? ઉત્તર જે, સર્વે માયિક

વસ્તુને વિષે દોષાધ્યાન નિરંતર કર્યા કરે તો વિષયને વિષે અરુચિ થાય. ॥ ૩૯૪ ॥

અને વળી એમ વિચાર કરવો જે ઈંદ્ર એકોતેર ચોકડી રાજ્ય કરે છે, તે આગળ આ સુખ, દેહ ને આયુષ્ય તે મચ્છરનાં જેટલાં પણ નથી. અને તે ઈંદ્ર પણ બ્રહ્માના એક દિવસમાં ચૌદ પડી જાય છે માટે તે ઈંદ્ર પણ તેની આગળ મચ્છર જેવો પણ નથી. અને તે વિરાટ પણ પ્રધાનપુરુષની આગળ જેમ અસંખ્ય મચ્છર થાય ને મરી જાય તેમ અસંખ્યાત થાય છે ને મરી જાય છે. માટે તે સુખ પણ શું છે ? તેમ તે પ્રધાનપુરુષ પણ મહાપુરુષની આગળ શા લેખામાં છે ? જેમ મહાજળમાં અસંખ્ય પરપોટા થાય ને મટી જાય તેમ તે મહામાયાને વિષે અસંખ્યાત થાય છે, ને નાશ પામે છે. અને તે પ્રકૃતિ પુરુષને પણ જે પુરુષોત્તમ ભગવાન છે તે અનંતવાર અક્ષરમાં લીન કરે છે ને કાઢે છે માટે એ સુખ પણ નાશવંત છે તે માટે સર્વે જે સુખ તે પુરુષોત્તમની મૂર્તિમાં રહ્યું છે. અને તે સુખ કેવું છે ? તો જે સુખને અક્ષર ભોગવે છે. તથા અનંતકોટિ મુક્ત ભોગવે છે. તથા તે પુરુષોત્તમને ભજીને નવા અનંત મુક્ત અક્ષરધામમાં જાય છે તથા બીજા પણ અનંત તે પુરુષોત્તમને ભજીને જાશે તે ભોગવે છે. એવા જે એ અક્ષરધામના પતિ પુરુષોત્તમ શ્રીજીમહારાજ તે આજ આપણને મળ્યા છે ને તેની જે સુખમય મૂર્તિ તેમાં સુખ માત્ર રહ્યાં છે તે મૂર્તિને મેલીને આ લોકના વિષયમાં શું પ્રીતિ કરીએ ? એવી રીતે જે માહાત્મ્ય અને પૂર્વે કહ્યું જે આત્મજ્ઞાન

એ બેને જો સિદ્ધ કરે તો વિષયમાંથી પ્રીતિ ટાળીને થોડાક દિવસમાં હમણાં આ દેહ છતાં જ નિર્વાસનિક થાય છે ને તે વિના તો વાસના ટળવી ઘણી કઠણ છે. અને તે આત્મજ્ઞાન તથા માહાત્મ્ય તે ક્યારે સિદ્ધ થાય ? તો જ્યારે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત પ્રેમલક્ષણા ભક્તિ તેણે યુક્ત ને મહારાજની અનુવૃત્તિ પ્રમાણે વર્તતા એવા જે સાધુ હોય તેની પાસે જ્યારે નિષ્કપટપણે શીખે ત્યારે સિદ્ધ થાય પણ તે વિના સિદ્ધ ન થાય. ને તે માહાત્મ્ય તથા આત્મજ્ઞાન સિદ્ધ ન થાય ત્યાં સુધી વાસના પણ ન ટળે. ॥ **૩૯૫ *** ॥

# ૨૦ સ્વભાવ ટાળવાની વાતો

સ્વભાવ ટાળવો તે સર્વથી કઠણ છે. તે તો અતિ કલ્યાણનો ખપ હોય તથા દૃઢ શ્રદ્ધાવાળો હોય તથા અતિ શૂરવીર હોય તથા કોઈક કહેનાર હોય તથા પોતે પણ નિરંતર ખટકો રાખે તથા નિરંતર જાણપણામાં રહે તો આ કહ્યા એ ઉપાય કરતાં કરતાં જો અતિશય ખપવાળો હોય. તો સાત આઠ વર્ષે કરીને સ્વભાવને ટાળે, નહિ તો બે ત્રણ જન્મે કરીને ટળે. તે માટે જેને પોતાનો સ્વભાવ ટાળવો હોય તેને પ્રથમ તો મોટા સાધુ સંગાથે અતિશય હેત કરવું ને તે સાધુ નિરંતર કઠણ વચન કહેતા રહે તથા પોતે પણ નિરંતર તે સ્વભાવ ઉપર ખટકો રાખે તથા નિરંતર જાણપણામાં રહે તો ધીરે ધીરે સ્વભાવ ટળે, નહિ તો ટળે નહિ. તે ઉપર બિલાડીનું દૃષ્ટાંત[૧] દીધું. ॥ **૩૯૬** ॥

ભગવાનના ભક્તને વિષે કોઈ જાતનો દોષ કેમ રહી જાય છે ? તો એ દોષ હોય તો મોટો, પણ તેને વિષે એને અલ્પપણું જણાય છે. તથા એ દોષને વિષે કોઈક જાતનો ગુણભાવ રહે છે તેણે કરીને એ દોષ રહે છે અને એ દોષને વિષે અલ્પપણું અને ગુણભાવ રહે છે તેના ચાર હેતુ છે : (૧) અજ્ઞાન, (૨) મોહ, (૩) પ્રમાદ, (૪) આળસ. એ ચાર દોષ

૧. જુઓ પરિશિષ્ટ.

જાય તો અલ્પપણું અને ગુણભાવ એ બે વાનાં જાય એમ સમજવું. ॥ ૩૯૭ ॥

વિષય છે તે બે પ્રકારના છે :–

(૧) સ્થૂલ, (૨) સૂક્ષ્મ. બંનેનાં લક્ષણ :–

(૧) જેની ઉપર પોતાને અતિશય ભાવ ન હોય અને સહેજે ન જોઈતા હોય તે આવે તો તેની ઉપર પોતાને અતિ ભાવ પણ ન થાય અને અભાવ પણ ન થાય. એવા જે વિષય તેને સ્થૂલ કહેવાય. એ સ્થૂલ વિષયને ત્યાગ કરવા અતિશય કઠણ નથી.

(૨) જેની ઉપર પોતાના મનને અતિશય રુચિ હોય અને પોતાના મનને અતિશય ગમતા હોય તે વિષય ત્યાગ કરવા ઘણા કઠણ છે અને એમને ટાળ્યાનો તો એ મોટો ઉપાય છે જે સ્ત્રી, ધન, માન, સ્વાદ આદિક જે જે ઉપર પોતાના મનને રુચિ હોય તે વિષયને વિષે દોષ બુદ્ધિનો અતિશય વિચાર થવા લાગે ને મનગમતા વિષયનો ત્યાગ કરે અને દોષબુદ્ધિની ગ્રંથિ પાડે ત્યારે ટળે અને કેવળ ઉપરથી ત્યાગ કર્યો હોય અને વિષયનો જોગ ન હોય તો ત્યાગ રહે અને જ્યારે એવો જોગ થાય ત્યારે તેમાં બંધાય, પણ જો દોષબુદ્ધિની દૃઢતા કરી હોય તો જ્યારે એ વિષય સાંભરે તે ભેળે દોષબુદ્ધિની પણ સ્મૃતિ થઈ આવે માટે એ વિષયમાં જોડાય જ નહિ. અને એમાં એમ દોષદૃષ્ટિ કરવી જે એ સ્ત્રી, ધનાદિકને વિષે અનેક પ્રકારનાં દુઃખ, ક્લેશ, પ્રયાસ, શોક, મોહાદિક રહ્યા છે અને એમાં

ત્રિકાળે સુખનો તો ગંધ પણ નથી અને પોતાને આત્મારૂપ માનીને ભગવાનનું ધ્યાન કરવું તથા કથા કીર્તન, ગુણવર્ણન કરવાં તેમાં જ પરમ સુખ રહ્યું છે એ આદિક ભગવાનનું માહાત્મ્ય વિચારીને બીજાં જેટલાં માયિક સુખ, લોક, ભોગ, દેહ તેમાં દુઃખના સમૂહ નજરે આવે ત્યારે એ સૂક્ષ્મ વિષય તે ટળી જાય છે. ॥ ૩૯૮ ॥

વિષયાસક્તિ તથા દેહાભિમાન તથા કામ, ક્રોધ, માનાદિક, દુષ્ટ સ્વભાવ તે કેના ટળે ? તો જે ભક્ત જ્ઞાન, વૈરાગ્ય તથા ભગવત્ માહાત્મ્યાદિક સાધનને અભ્યાસે કરીને ધીરે ધીરે તે સ્વભાવને ટાળતો જાય અને થોડો થોડો ટાળવાનો આગ્રહ રાખે અને તે ઉપર નજર હોય તો તે સર્વે ધીરે ધીરે કાળે કરીને ટળી જાય, જેમ ઘટગામીની તિથિ છે તે ધીરે ધીરે ઘટતી ઘટતી ક્ષયને પામી જાય છે, તેમ તે દોષ મૂળમાંથી ઊખડી જાય. અને તે દોષ કેના ન ટળે ? તો જે દોષને ઘટાડે તો નહિ અને મૂળગો વધારતો જાય અને તે દોષ જેમ જેમ વધે તેવાં સ્થાન, પદાર્થ અને સંગ તેનું સેવન કરતો જાય તેના તો તે દોષ વધતા જાય અને અંતે સત્સંગમાંથી વિમુખ પણ થાય; જેમ વૃદ્ધિગામીની તિથિ છે તે થોડી થોડી વધતી વધતી વધીને સાઠ ઘડીની થાય તેમ તે દોષ વધતા જાય છે. માટે જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું હોય તેને તે દોષ વધે એવું અચારણ ન કરવું અને જેવી રીતે તે દોષ ઘટે એવી રીતના વિચારમાં રહેવું તથા તેવું આચરણ કરવું. ॥ ૩૯૯ ॥

જગતમાં મોટા મોટા માણસને તથા રાજાને સત્સંગ થાય

તથા ઘણા માણસને સત્સંગ થાય અને મંદિરમાં અને આચાર્યના ઘરમાં ઘણી ઊપજ વધે તથા મોટી આબરૂ થાય પણ જો પોતાનો કોઈક સ્વભાવ વધી જાય અને સત્સંગમાંથી પાછું પડી જવાય તો તે સર્વે આપણા જીવના કલ્યાણને અર્થે શા પ્રયોજનમાં આવ્યાં ? એણે કરીને પોતાનું કલ્યાણરૂપ કાર્ય સિદ્ધ ન થયું. જેમ કોઈક માંદો પડ્યો હોય, તેને સારાં સારાં ભોજન, દૂધ, સાકર, ઘી હોય તે શા કામમાં આવે ? તેમાંથી લગાર પણ ખવાય નહિ. તેમ તે સર્વે તેના કામમાં આવે નહિ તે માટે પ્રથમ તો પોતાનો સત્સંગમાં અચળ પાયો થાય અને દેશકાળાદિક વિષમ થાય તો પણ કોઈ રીતે પાછું પડાય નહિ એવો પોતાનો જીવ સાધને કરીને સિદ્ધ કરવો અને પોતાનો કોઈ અયોગ્ય સ્વભાવ હોય તેની ઉપર દોષદષ્ટિ રાખીને તેને ટાળવાનો નિરંતર આગ્રહ રાખવો અને ઘણો ખટકો તો એનો રાખવો અને એ કરતાં કરતાં સત્સંગ કરાવવો અને સત્સંગનો મમત્વ રાખવો અને ઉત્કર્ષ પણ યથાશક્તિ કરવો; પણ સ્વભાવની ઉપર તો દોષદષ્ટિ રાખવી નહિ અને કેવળ સત્સંગ કરાવવા ઉપર તથા વધારવા ઉપર નજર રાખવી એ ઠીક નહિ. આટલી વાત એમ સમજે ત્યારે જાણીને જે એને સત્સંગના નૉરની સમજણ આવી છે. ॥ ૪૦૦ ॥

સત્સંગ સંબંધી તથા મંદિર સંબંધી જે જે ક્રિયા કરવી તથા ધ્યાન, જ્ઞાન અને વ્રતાદિક જે જે રૂડી ક્રિયા કરવી તે ભેળું દેહાભિમાન પણ વધતું જાય છે એવો જીવનો સ્વભાવ છે તે

કેમ સમજે તો ન થાય ? તો જેને શાસ્ત્રમાં બુદ્ધિ પૂગતી હોય તથા મોટા સાધુનો જેને વિશ્વાસ હોય તેને દેહાભિમાન ન આવે. ॥ ૪૦૧ ॥

વિદ્યા, બુદ્ધિ, કળા, ચાતુરી, ગાવવું એ આદિક જે જે વ્યવહારિક ગુણ છે તે કેને પોતાના કલ્યાણના અર્થે થાય છે ? તો જેને કેવળ પોતાનું કલ્યાણ કરવું હોય અને પોતાના દોષ ટાળીને ભગવાનના એકાંતિક ભક્ત થાવું હોય એવો જેને સત્ આશય હોય તે તો એ પોતાના ગુણને સત્સંગના કામમાં વાવરે એટલે એને એ પોતાના ગુણ કલ્યાણને અર્થે થાય છે. અને જેને પંચવિષયના સુખને દેહે કરીને અને મને કરીને પામવાની ઈચ્છા હોય એવા અસત્ આશયવાળાને એ ગુણ વિષય સુખ પામ્યાને અર્થે જ થાય છે અને પોતાના કલ્યાણને અર્થે થાતા નથી. ॥ ૪૦૨ ॥

દસ વીસ મનુષ્યે મળીને જેમ ગાયનો વાઘ કર્યો એ દૃષ્ટાંતે[૧] કરીને સ્વભાવના સત્યપણાની વાત કરી જે અતિ નિર્બળ ને કાયર ને ઈશ્વરના બળ તથા પરાક્રમને ન જાણતા એવા જે અજ્ઞાની મનુષ્ય તેમણે સ્વભાવનું બળ વખાણ્યું છે ને જે શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત છે તેની આગળ તો સ્વભાવ અતિ તુચ્છ ને રાંક છે. તે ઉપર રાજા પરીક્ષિતના દૃષ્ટાંતે કરીને કહ્યું જે જેમ રાજા પરીક્ષિતની આગળ કળિ જે તે અતિ તુચ્છ ને રાંક છે તે ભાગવતમાં કહ્યું છે જે,

૧. જુઓ પરિશિષ્ટ.

किं नु बालेषु शूरेण कलिना धीरभीरूणा ।
अप्रमत्तः प्रमत्तेषु यो वृको नृषु वर्तते ॥[1] ॥ ૪૦૩ ॥

સ્વભાવ ટાળવાને અર્થે પુરુષ પ્રયત્ન કરતા નથી ને નિષ્ફકર રહે છે માટે તેને સ્વભાવ હશે કે નહિ હોય ? ઉત્તર જે, સ્વભાવ તો છે પણ કોઈક તો આશ્રયનું બળ રાખે છે ને કેટલાકનો તો પ્રમાદ બહુ છે ને કેટલાકને તો સ્વભાવ ઓળખાતો જ નથી ને કેટલાક તો મહત્પુરુષના સંગે કરીને સ્વભાવ ટાળવાને અર્થે પુરુષ પ્રયત્ન પણ કરે છે અને માન, ક્રોધ ને ઈર્ષ્યા એ કલ્યાણના માર્ગને વિષે વિરોધી છે ને એ દોષે કરીને સંકર્ષણ ને વૈરાજ પુરુષ જેવા મોટા થાય છે પણ એકાંતિક ભક્ત જેવા તો થાતા જ નથી ને સત્પુરુષના પ્રસંગે કરીને સાચો થઈને જો સ્વભાવને ટાળે તો અલ્પકાળમાં ટળી જાય. નહિ તો અંત સમે પણ ટળી જાય ને જો એમ નહિ કરે તો બદ્રિકાશ્રમને વિષે ને શ્વેતદ્વીપને વિષે જઈને પણ સ્વભાવને ટાળવા પડશે. ને એ બે સ્થાનકને વિષે કલ્પજીવી સર્વે છે માટે ત્યાં સુધી પુરુષ પ્રયત્ન કરવો પડશે. ॥ ૪૦૪ ॥

સ્વભાવ કેમ ટળે ? ઉત્તર જે, જેમ વિષયને વિષે જીવને સહજ લગની છે ને વળી "साध्वीचकोरशलभास्तिमिकालकण्ठः कोका निजेष्टविषयेषु यथैव लग्नाः"[2] એ શ્લોકને વિષે જેમ

---

૧. અર્થઃ— અધીર અને ગાફેલ પુરુષોના ઉપર શૂરવીર થઈને નાહારની પેઠે વર્તતા, છતાં ધીર પુરુષોથી ભય પામનારા કળિયુગથી શું થવાનું છે ?
(ભા. સ્કં. ૧. અ. ૧૮-૮)

૨. અર્થઃ— પતિવ્રતા, ચકોર, પતંગ, મત્સ્ય, મયૂર અને ચક્રવાક વગેરે જેમ પતિ આદિક પોતપોતાના ઈષ્ટ વિષયોમાં સંલગ્ન થાય છે. (સ. જી. પં. અ. ૬૬-૧૯)

પતિવ્રતા સ્ત્રી આદિક પાંચને પોતપોતાના વિષયમાં સહજ લગની કહી છે તેમ શ્રીહરિજી મહારાજની માહાત્મ્યે સહિત જે નવ પ્રકારની ભક્તિ તેને વિષે લગની જોઈએ ને વળી જેમ કાળમીંઢ પર્વત ખોદીને તેમાં નાના પ્રકારની રચના કરવી પડે તેમાંવાર બહુ લાગે. તેમ સ્વભાવ ટાળવાને અર્થે પુરુષ પ્રયત્ન કરવો પડે તેમાં ઉતાવળા થાવું નહિ. એવી રીતે પુરુષ પ્રયત્ને કરીને સહજ પ્રકૃતિ ટળે છે ને તે વિના તો ટળે નહિ ને સહજ પ્રકૃતિ ટાળ્યાની યુક્તિ શ્રીજીમહારાજે વચનામૃતમાં કહી છે. તેને શીખીને તે પ્રમાણે વર્ત્યાનો આગ્રહ રાખવો. ॥ ૪૦૫ ॥

માન કેમ ટળે ? ઉત્તર જે, માન ટાળ્યાનો એ ઉપાય છે જે સર્વે વસ્તુને વિષે દોષ બુદ્ધિ રાખે તથા સર્વ ક્રિયાને કાખના મુવાળા જેવી જાણે તથા ઠાલા કૂવામાં જેમ પાણી સિંચે ને તેમાંથી કોઈ કાળે પાણી મળે જ નહિ એ વાર્તાને યથાર્થ સમજે તો માન ટળી જાય ને વળી શ્રીજીમહારાજને માન ગમતું નથી માટે પરમેશ્વરના ભક્તને માન ન રાખવું ને માન તો ક્રોધ, મત્સર, ઈર્ષા, દ્રોહ ને કપટ તેનો આધાર છે. ને કલ્યાણના માર્ગમાંથી પાડનારું છે. માટે મુમુક્ષુએ શત્રુની પેઠે તેનો ત્યાગ કરવો. ॥ ૪૦૬ ॥

જયાનંદ સ્વામીએ કહ્યું જે ક્રોધ જ ન કરવો એવી આંટી જ્યારે પાડીએ ત્યારે ક્રોધ ન થાય. ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, જે જીવતો સત્સંગે કરીને બહુ સમર્થ થાય છે માટે લોભ, કામાદિક સંબંધી સંકલ્પ ન જ કરવો એવી આંટી જો દૃઢ પાડે તો તેને સંકલ્પ ન જ થાય; એ તો એવો બળિયો છે તે જેમ

ધારે તેમ કરે જો સાચો થાય તો. ત્યારે તે સંતે કહ્યું જે સંત તો સર્વે સરખા જણાય છે. ત્યારે મોટા સંતે કહ્યું જે જે વિવેકી હોય તે જો મહાપુરુષનો સંગ કરે તો તેને સરસ નરસ જણાય છે. ત્યારે પૂછ્યું જે સાધને કરીને ને મહત્પુરુષના સંગે કરીને જેણે પંચ વર્તમાન દૃઢ કર્યા હોય તે સરસ કે જેને પંચ વર્તમાન દૃઢ હોય તે સરસ છે કેમ જે એવાં જે પંચ વર્તમાન છે તે તો અસત્ દેશકાળાદિકે કરીને પણ નાશ ન થાય ને જેને એવાં દૃઢ વર્તમાન નથી તેનો તો ધર્મ છિન્નભિન્ન થઈ જાય છે. ॥ ૪૦૭ ॥

હરિભક્તને વિષે જે બળવાન પ્રકૃતિ હોય તેને પણ સત્પુરુષના સંગે કરીને ટાળે તો ટળી જાય છે ને તે સહજ પ્રકૃતિ ટાળ્યાના વચનામૃતમાં શ્રીજીમહારાજે ત્રણ ઉપાય કહ્યા છે તેની વિગત જે વક્તા જે સત્પુરુષ તેને વિષે અતિશય હેત ને તેમના વચનને વિષે અતિશય વિશ્વાસ ને વઢીને કહે તો પણ તેને હિતકારી જ સમજે એ ત્રણ ઉપાય છે. તે ઉપર શ્લોક જે,

निर्मानत्वम संगत्वहिंसा ममतत्यजिः ।

आत्मनिष्ठा च तस्यैव संति भक्तेरलंक्रियाः ॥[1] ॥ ૪૦૮ ॥

માની પ્રકૃતિ હોય ને માન મળતું હોય તેનું માન કેમ ટળે ? ઉત્તર જે, વૈરાજપુરુષની તથા પ્રધાનપુરુષની તથા મૂળપુરુષની સામર્થીને જુએ ને તપાસ કરે જે એમના જેવી સામર્થી કેટલી છે જેનું હું માન રાખું છું, એમ વિચાર કરે તો

૧. અર્થઃ— નિર્માનીપણું, વિષયમાં અનાસક્તિ, અહિંસા, મમતાનો ત્યાગ અને આત્મનિષ્ઠા તે સર્વે ભક્તિનાં અલંકારો છે.

માન ટળી જાય ને વળી મોટા મોટા શ્રીહરિજી મહારાજના સાધુ જે શતાનંદમુનિ ને સ્વરૂપાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી તથા હરિભક્ત પર્વતભાઈ એમના જેવી સામર્થી મારામાં કેટલી છે જે હું માન રાખું એમ વિચારે તો માન રહે નહિ. ॥ ૪૦૯ ॥

શ્રીજીમહારાજના મહિમાની તથા જીવના સ્વરૂપની વાર્તા સમજે છે તો પણ સ્વભાવ ટળતો નથી તેનું કેમ હશે ? ઉત્તર જે, એ તો શ્રીહરિના મહિમાનું તથા જીવના સ્વરૂપનું વારંવાર શ્રવણ-મનનાદિકે કરીને સ્વભાવને ઘટાડ્યા કરે છે તો ટળે, નહિ તો ન ટળે. એ ઉપર બે વચનામૃત વંચાવ્યાં તેનાં નામ (૧) મધ્યનું ૩૭મું સહજ પ્રકૃતિ ટાળ્યાનું ને (૨) મધ્યનું ૧૫મું શત્રુભાવનું. ॥ ૪૧૦ ॥

એક દિવસ મોટા સંતે કહ્યું જે જેટલા પદાર્થ બાહેર રહ્યાં છે તેટલાં જ જીવમાં રહ્યાં છે ને જીવની અહંવૃત્તિ બળવાન છે કેમ જે અતિશય સરસ ભગવાનની વાર્તા સંતની સભામાં થાતી હોય ને અહંવૃત્તિ જો બીજે ઠેકાણે જાય તો તરત ચાલીને ઊઠી નીકળે. ને એ અહંવૃત્તિ બહુ વિસ્તારવાન જણાય છે. જુઓને સાહેબ લોક ઘોડાને ને સ્વાર તોળીને દોડાવે છે ને ફરીને તોળે તો જે આગળ નીસર્યો હોય તેમાં ચાર પાંચ શેર વધુ ભાર થાય છે. ત્યારે પૂછ્યું જે અહંવૃત્તિ કેમ ટળે ? ઉત્તર જે, શિક્ષાપત્રી, ધર્મામૃત ને નિષ્કામ શુદ્ધિ એ ત્રણ ગ્રંથ પ્રમાણે નિયમમાં પ્રમાદ મૂકીને દેહને વર્તાવે ને સત્પુરુષના સંગે કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત શ્રીજીની ભક્તિને

શીખે ને તેમ જ વર્તે તો અહંવૃત્તિ ટળે ને એ અહંવૃત્તિ જન્મ મરણનું કારણ છે. ॥ ૪૧૧ ॥

સ્વાદ, માન, ક્રોધ ને ઈર્ષા એ આદિક દોષને ટાળવાનાં સાધન કર્યા કરે ને તેને વિષે દોષ દૃષ્ટિ રાખે તો ધીરે ધીરે એ દોષ નિવૃત્તિ પામી જાય છે એમ સ્વભાવ ટાળ્યાની રીત છે. ॥ ૪૧૨ ॥

અને સંતે પૂછ્યું જે માન કેમ ટળે ? ત્યારે સ્વામીએ કહ્યું જે પોતાને સત્તારૂપ સમજે ને પોતે ભગવાન કે સત્પુરુષ આગળ તો અતિશય હળવો વર્તે અને પોતાને વિષે જે કાંઈક ગુણ હોય તે તો જેમ કોઈકનાં વસ્ત્ર આભૂષણ માગી લાવીને પહેર્યાં હોય તેમ મોટા પુરુષના કે ભગવાનના છે એમ સમજે તો માન ટળે. ॥ ૪૧૩ * ॥

અને આળસ, પ્રમાદ, મોહ, ઈર્ષા, દંભ ને કપટ એટલા જે એ દોષ તેનાં લક્ષણ તથા તેમને જીતવાના પ્રયત્નો કહીએ છીએ જે જેને સારું નરસું કાંઈ કરવું નહિ એવું વર્તે તેને આળસ કહીએ. ને જેને ન કરવાનું કરવું ને કરવાનું ન કરવું એવું વર્તે તેને પ્રમાદ કહીએ. ને જેને બીજું હોય ને બીજું જણાય એમ વર્તતું હોય તેને મોહ કહીએ. ને એ ત્રણેય દોષ એક એકમાં મળી જાય એવા છે, તે ત્રણ દોષ તો ત્યારે ટળે જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તેણે યુક્ત હોય ને એ દોષ જેવા છે તેવા તેને જાણતા હોય તથા તેને ટાળ્યાના ઉપાયને પણ યથાર્થ જાણતા હોય એવા જે મોટા સંત હોય તેને એમ કહેવું જે એ પૂર્વે કહ્યા એવા જે દોષ તે મારામાં આવે ત્યારે

તમારે મુને ટોકવો. પછી તે મોટા સંત સ્વભાવ ઉપર ખટકો રાખીને નિરંતર ટોકે ત્યારે તેને ખમે ત્યારે ધીરે ધીરે કાળે કરીને એ સ્વભાવ ટળે પણ તે વિના ન ટળે. અને ઈર્ષાને એમ ઓળખવી જે પોતાના બરોબરિયાની ઉત્કૃષ્ટતા જણાય ત્યારે તેના ઉપર ઈર્ષા આવે ત્યારે તેનો એમ વિચાર કરવો જે મારે એના ઉપર ઈર્ષા આવી તે એનામાં દોષ છે ને આવી, કે નથી ને આવી ? પછી એનો નિર્ધાર કરીને એવો વિચાર કરવો જે એનામાં દોષ નથી ને મુને એનો અવગુણ આવ્યો માટે મારો ઈર્ષાવાળો સ્વભાવ છે. પછી તે ઈર્ષાને એમ ટાળવી જે એનામાં જે ગુણ હોય તેને વિચારવા જે આવી રીતે તેનામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા માહાત્મ્યે સહિત ભક્તિ તથા દેશકાળે ન ડગે એવો ભગવાનનો નિશ્ચય છે તથા સત્સંગને વિષે આત્મબુદ્ધિ દૃઢ છે. તથા દેશકાળે કરીને સત્સંગમાંથી એનો પગ મોળો પડે એવો નથી. ઈત્યાદિક જે એનામાં મોટા મોટા ગુણ પ્રવર્ત થાય છે ને મારામાં એ ગુણ છે ખરા પણ દેશકાળે કરીને એનો ઠા રહે એમ જણાતું નથી ને મુને એમના ઉપર ઈર્ષા આવે છે એ મારામાં અતિ ભુંડો દોષ છે ને મારું પરલોકમાં અતિ ભૂંડું કરે એવો છે એમ જાણીને પછી તેના ગુણને વિચારીને તેનો વારંવાર ગુણ લેવો. ને જો તેને મોઢે દીન વચન બોલીને પ્રાર્થના થાય તો તેને પગે લાગીને તેની આગળ પ્રાર્થના કરીને કહેવું જે મને ઈર્ષાયે કરીને તમારો અવગુણ આવ્યો છે માટે મારો અપરાધ ક્ષમા કરજો ને એને મોઢે ન કહેવાય તો મનમાં તેની પ્રાર્થના વારંવાર કરવી ને

પછી ભગવાનની પ્રાર્થના કરવી જે હે મહારાજ ! મારામાં ઈર્ષા રહી છે તેને તમે ટાળો એમ વારંવાર ભગવાનની પ્રાર્થના કરવી ને એમ વિચાર કરવો જે એ ઈર્ષા જો મારામાં રહેશે તો તેણે કરીને મારે પરલોકને વિષે પ્રાપ્તિમાં બહુ ફેર રહેશે. ને ભગવાન મારા ઉપર રાજી નહિ થાય. એમ મનમાં નિરંતર ખટકો રહે ને તે ઈર્ષા ન ટળે ત્યાં સુધી મનમાં પશ્ચાત્તાપ કર્યા કરે તો ધીરે ધીરે ઈર્ષા ટળે ને દંભને એમ ઓળખીને ટાળવો જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તથા ત્યાગ તથા ધ્યાન તથા ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરવું તથા માહાત્મ્ય કહેવું એ આદિક જે જે કરે તે લોકને દેખાડ્યાને અર્થે ઉપરથી રાખે પણ કોઈ ન દેખે ત્યારે નજરમાં આવે તેમ કરે એવું જ્યારે જણાય ત્યારે એમ જાણવું જે મારામાં દંભ છે. પછી તેને એમ ટાળવો જે હું જે જે સાધન કરું છું તે ઉપરથી દંભે કરીને લોકને દેખાડ્યાને અર્થે કરું છું તે મારામાં અતિ મોટો દોષ છે. એમ જાણીને પછી એમ વિચાર કરવો જે આ લોકની જે મોટપ તે કેટલાક દિવસ રહેશે ? એ તો નહિ જ રહે, ને ભગવાન મારા હૃદયમાં રહ્યા થકા મારામાં જે ગુણ તથા અવગુણ તેને નિરંતર જોઈ રહ્યા છે તે માટે મારામાં જો લગારેક પણ દંભ રહેશે તો તેથી મારું પરલોકમાં બહુ જ ભૂંડું થાશે. એમ જાણીને નિરંતર મનમાં ખટકો રાખે ને તેને ટાળ્યાના ઉપાયમાં શૂરવીરની પેઠે તત્પર રહે ને જે નિરદંભી મોટા એકાંતિક સાધુ હોય તેની નિર્દંભપણે અનુવૃત્તિએ સહિત મન, કર્મ, વચને કરીને સેવા કરે ત્યારે ટળે. અને જે કપટી હોય તે તો ઉપરથી દેખાડ્યાને

અર્થે ધર્માદિકને પાળે ને કોઈ ન દેખે તો ન પાળે એવો જે હોય તેને કપટી જાણવો. તે કપટને ટાળવા સારુ એમ વિચાર કરવો જે મારામાં કપટ છે માટે એ કપટે કરીને મારો જીવ આસુરી થઈ જાશે. એમ વિચારીને પછી તેને ટાળ્યાને અર્થે મનમાં નિરંતર અનુતાપ રહ્યા કરે ને તે કપટ ન ટળે ત્યાં સુધી જેમ જળ વિના મચ્છ તરફડે તેમ તેને રાત્રિ દિવસ નિદ્રા ન આવે તથા શીત, ઉષ્ણ, ભૂખ, તરસની પણ ખબર ન રહે. પછી જે મોટા એકાંતિક સંત હોય તેને એ કહે જે હે મહારાજ ! મારામાં આ દોષ છે તે ટળે એવો ઉપાય મને દયા કરીને બતાવો ને એ દોષ મારામાંથી ટળે ત્યાં સુધી દયા કરીને મને કઠણ વચનના ડંખ મારીને મારો એ દોષ ટાળી નાખો. એમ કરે તો ધીરે ધીરે એ દોષ કાળે કરીને ટળી જાય. ॥ ૪૧૪ * ॥

અને અક્ષરાનંદ સ્વામીએ પૂછ્યું જે જીવમાં કામાદિક સ્વભાવ છે તે અનાદિ છે કે સંગે કરીને પણ આવે છે ? ત્યારે સ્વામીએ કહ્યું જે એ સ્વભાવ કેટલાકને તો અનાદિના હોય છે ને કેટલાકને તો સંગે કરીને પણ આવે છે. તેમાં જે પૂર્વનો સ્વભાવ હોય તે તો બાળપણમાંથી જ જણાય છે. તે કેમ ? તો જેમ બે નાનાં છોકરાં હોય તેમાં એકને તો નાનો હોય ત્યારથી તેમાં ક્રોધ, લોભ, માન, સ્વાદ, સ્નેહ, કામ, મત્સર, દંભ ઇત્યાદિક દોષ હોય ત્યારે જાણવું જે એ દોષ એનામાં પૂર્વના છે. ને એક નાનો હોય ત્યારે સાધુ સ્વભાવનો હોય ને પૂર્વે કહ્યા જે દોષ તે તેમાં હોય નહિ. ત્યારે એમ જાણવું જે એનામાં

પૂર્વના ભૂંડા સ્વભાવ નથી. અને ભૂંડો હોય તેને જો સારો સંગ મળે તો તે સારો થાય છે ને સારો હોય તેને જો ભૂંડો સંગ મળે તો તે ભૂંડો થાય છે. ॥ **૪૧૫ *** ॥

## ૨૧ વૈરાગ્યની વાતો

ભગવાનનું માહાત્મ્ય જાણતો હોય તો પણ જો વૈરાગ્યનો વિચાર એને આવડતો હોય તો એ માહાત્મ્ય ટકે નહિ. અને વૈરાગ્યના વિચારે કરીને માયિક સર્વે પદાર્થની તુચ્છતા ને નાશવંતપણું જાણ્યું હોય તો એનું મન કોઈ પદાર્થમાં અટકે નહિ. અને એને માહાત્મ્ય, જ્ઞાન દૃઢ થાય. માટે ચાર પ્રકારના પ્રલયે કરીને વૈરાગ્યની દૃઢતા કરવી. ॥ ૪૧૬ ॥

વૈરાગ્ય ઉપજ્યાનો શો ઉપાય છે ? ઉત્તર જે, શ્રીહરિનો મહિમા ને આત્મનિષ્ઠા એ બેની પક્વતામાંથી જે વૈરાગ્ય ઉપજે છે તેને જ્ઞાનાંશ થકી ઉપજ્યો કહેવાય છે. ને તેનો અસત્ દેશકાળાદિકે કરીને પણ નાશ થાતો નથી. ॥ ૪૧૭ ॥

(૨૨)

# જ્ઞાનની વાતો

જ્ઞાનની પક્વતા ન હોય તો પોતાને બંધન થાય તથા પોતાના આશ્રિતને બંધન થાય, તેની આગળ ખબર પડે ને જ્ઞાનની પક્વતા કાળે કરીને ધીરે ધીરે થાય છે. ॥ ૪૧૮ ॥

મુક્ત, મુમુક્ષુ, વિષયી અને પામર તેનાં લક્ષણને જાણવા.

(૧) પામરનું લક્ષણ તો એ છે જે પામર તે વિષયને મૂઢપણે ભોગવે પણ સાર, અસારને ન જાણે તથા પાપ, પુણ્યને ન જાણે તથા સત્ય, અસત્ય તથા ધર્મ, અધર્મ તથા ન્યાય, અન્યાયને ન જાણે. તથા આમ કરીશ તો મારું સારું થાશે અને આમ કરીશ તો મારું ભૂંડું થાશે ઇત્યાદિક કોઈ જાતનો વિવેક ન હોય અને કેવળ વિષયને ભોગવ્યાને વિષે જ આસક્ત હોય એવી રીતનાં લક્ષણ જેને વિષે જણાય ત્યારે જાણવું જે આ પામર છે ને મૂઢ છે.

(૨) વિષયીને એમ જાણવો જે શાસ્ત્રમાં જેવી રીતે વિષયને ભોગવવાનું કહ્યું છે તેવી રીતે લોકમાં વિહિત એવા પંચવિષયને ભોગવે અને વળી એમ જાણે જે આમ શાસ્ત્ર પ્રમાણે વર્તશું તો પરલોકમાં સ્ત્રી આદિક પંચવિષયને પામશું એવી રીતનાં લક્ષણ જણાય ત્યારે એમ જાણવું જે આ વિષયી છે.

(૩) મુમુક્ષુને એમ વર્તે જે ધર્મ પાળવો તથા જ્ઞાન શીખવું તથા વૈરાગ્ય શીખીને સંસાર થકી મુકાય અને પોતાના આત્માને તથા ભગવાનને પામવાની મનને વિષે ત્વરા વર્તે તથા આત્માને પામ્યાનાં સાધન કહ્યાં હોય તેને શીખે તથા ભગવાનને પામ્યાનાં જે સાધન છે તેને શીખીને પછી તે ભગવાનને પામીને પછી ભગવાનને રાજી કરવાની મનમાં તીવ્ર શ્રદ્ધા વર્ત્યા કરે તથા ભગવાનની એકાંતિક માહાત્મ્યે સહિત જે ભક્તિ તેને કર્યાનાં જે સાધન તેને શીખ્યાની તથા તે ભક્તિ પોતાને કર્યાની મનમાં તીવ્ર શ્રદ્ધા વર્ત્યા કરે; આવી રીતે વર્તે તેને એમ જાણીએ જે આ મુમુક્ષુ છે.

(૪) અને મુક્ત એમ જાણવા જે પુરુષ પંચવિષયને તથા દેહ-ઇંદ્રિયાદિકને તથા ત્રણ ગુણ તથા ત્રણ અવસ્થા, ત્રણ દેહ એ સર્વેની ક્રિયાને પોતે દબાવીને વર્તે પણ એ એકેને વિષે દબાય નહિ. અને એ એકેના પેચમાં ન આવે અને એ સર્વેને દબાવીને અતિ વિરક્તપણે વર્તે અને કોઈ દેહનો કુસંગ તથા સત્સંગનો કુસંગ તથા બહારનો કુસંગ એ સર્વેને દબાવીને પંડે વર્તે પણ તેને કોઈ દબાવી શકે નહિ તથા કોઈની મહોબતમાં લેવાય નહિ તથા કોઈના પેચમાં આવે નહિ. એવી રીતે જે વર્તતો હોય ત્યારે જાણીએ જે આ મુક્ત છે. ॥ ૪૧૯ ॥

ચાર પ્રકારનું ચૈતન્ય કહેવાય તેની વિગતિ એમ છે, ચાર પ્રકારનું જડ કહેવાય તેની પણ એમ વિગત છે.

(૧) પૂર્ણ પુરુષોત્તમ ભગવાન ચૈતન્ય છે, પંચવિષય તે જડ છે.

(૨) અક્ષરધામ તે ચૈતન્ય છે, આ લોક તે જડ છે.

(૩) ભગવાનના અક્ષરધામમાં રહ્યા જે સેવક તે ચૈતન્ય છે, આ દેહના સંબંધી તે જડ છે.

(૪) જીવકોટિ, ઈશ્વરકોટિના જે જીવ તે ચૈતન્ય છે, ને દેહ તે જડ છે. અને તે વિના બીજું જડ કે ચૈતન્ય ન કહેવાય. ॥ ૪૨૦ ॥

ભગવત્ જ્ઞાન સંબંધી શાસ્ત્રે કરીને શ્રીહરિજીના માહાત્મ્યની વૃદ્ધિ થાય અને ભગવાનના ગુણ, સ્વભાવ, સ્વરૂપ, વિભૂતિ, સુખ, ઐશ્વર્ય તેને જાણીને જે પ્રીતિ થાય છે તે અચળ છે અને તે વિના કેવળ બોલાવે કે લીધે જે પ્રીતિ થાય, તેનો નિર્ધાર નહિ. કેમ જે વિષમ દેશકાળ આવે ત્યારે એ પ્રીતિ ટકે નહિ. અને પ્રથમની જે પ્રીતિ તે કોઈ પ્રકારે જાય નહિ. ॥ ૪૨૧ ॥

શ્રીહરિજીના ધ્યાન કરતાં પણ જ્ઞાન તે અધિક છે. તે જ્ઞાન તે શું જે ભગવાન જેમ છે તેમ યથાર્થ જાણવા, અને ભગવાનને અર્થે જે જે કરવાનું છે તેને જાણવું. તથા જીવ, ઈશ્વર, પ્રકૃતિ-પુરુષ, અક્ષર એમના સ્વરૂપને અને ધર્મ, વૈરાગ્યના સ્વરૂપને જાણવું. તથા ભગવાનના ભક્ત જેવા જેવા હોય જે આને તો સર્વથી ભગવાન જ અધિકપણે છે અને જે ભગવાનના ગમતા પ્રમાણે જ વર્તતો હોય તથા વર્તાવાનું હોય અને પોતાનું ગમતું કરવાનો સ્વભાવ ન હોય અને તે હોય તો તેને ટાળવાનો આગ્રહ હોય અને જેને ભગવાનમાં પણ પ્રીતિ

હોય અને કાંઈક પોતાનું મનગમતું કરવાનું પણ હોય એવો હોય તેને પણ જાણવો, ઈત્યાદિક જ્ઞાન કહેવાય. એવું જ્ઞાન હોય તો એમાં સહેજે ભગવાનનું ધ્યાન થાશે. માટે તે સર્વ વાર્તાને જાણવી. અને તે જ વાર્તા મુખે કરીને કહેવી તે તો જેટલી યોગ્ય હોય તેટલી કહેવી અથવા ન કહેવી તેમાં પણ દેશકાળનો અનુસાર જાણવો અને જો એ સર્વ વાત ન જાણે તો ભગવાનનો શ્રેષ્ઠ ભક્ત હોય તેને મધ્યમ અને કનિષ્ઠ જેવો જાણે અને એ ભક્ત વૃદ્ધિને ન પામે. કેમ જે એ ઓળખે નહિ માટે જેવા તેવાનો સંગ કરે પણ શ્રેષ્ઠનો સંગ ન કરે અને પોતે સારો હોય પણ તે ઊતરતાને સંગે ઊતરતો થઈ જાય છે. અને ઊતરતાને હેતે કરીને તેનો પક્ષ લઈને મોટાનો અભાવ લે અને તેની મહોબ્બતમાં દબાઈ રહે એવી રીતે જાણવા ન જાણવામાં ગુણ અને દોષ છે. ॥ ૪૨૨ ॥

આ બે પ્રકારનું સત્ય જાણવું :—

(૧) આ લોકમાં પોતાનું ને પારકું હિત થાય એવું સત્ય વચન બોલવું તેને લૌકિક સત્ય કહીએ.

(૨) આ લોક, દેવલોક, બ્રહ્મલોક, અનંતકોટિ બ્રહ્માંડ, અનંતકોટિ પ્રધાનપુરુષ એ સર્વેને કાળ નાશ કરી નાખે છે અને પછી મૂળપ્રકૃતિ પણ પુરુષને વિષે લીન થઈ જાય છે અને પુરુષ પણ અક્ષરને વિષે લીન થઈ જાય છે. એવી રીતે એ સર્વેને નાશવંત જાણીને એ પ્રકૃતિના કાર્યને વિષે પ્રીતિ છે તે તોડીને ભગવાન સદાય અક્ષરધામને વિષે વિરાજમાન છે તથા તે ભગવાનના ધામને તથા ભગવાનના ભક્તને સત્ય જાણવા.

આવી રીતે જાણવું તેને અલૌકિક સત્ય કહેવાય. ॥ ૪૨૩ ॥

શૌચ પણ ત્રણ પ્રકારનું છે :—

(૧) દેહે કરીને પવિત્ર રહેવું.

(૨) અંતઃકરણમાં કામ-ક્રોધાદિકનો ઘાટ ન થવા દેવો, ને

(૩) જીવમાં અવ્યક્ત રાગ છે તેને ટાળવા ને તે જીવને વિષે અવ્યક્ત રાગ છે તે ટાળીને એક ભગવાન વિના બીજી કોઈ જાતની ઇચ્છા ન રહે ત્યારે એમ જાણવું જે જીવની શુદ્ધિ થઈ તે ત્રીજા પ્રકારનું શૌચ કહેવાય. ॥ ૪૨૪ ॥

દયા પણ બે પ્રકારની છે :—

(૧) આ લોકમાં દેહે કરીને સુખિયો રહે એવી દયા કરે તે દયાએ કરીને તો એ જીવનું પરલોક બગડે ને એને બંધન થાય એ લૌકિક દયા કહેવાય.

(૨) દેહ તથા દેહ સંબંધી પદાર્થ ને દેહના સંબંધી તથા આ લોકથી આરંભીને પ્રકૃતિ પર્યંત ક્યાંય પણ પ્રીતિ ન રહેવા દે ને એ સર્વેને વિષેથી પ્રીતિ તોડાવીને એક ભગવાનને વિષે પ્રીતિ કરાવીને પછી ભગવાનના સ્વરૂપને વિષે જોડે તે એવી દયા તો ભગવાન તથા એકાંતિક મોટા સાધુને વિષે હોય. એવી રીતે દયામાં પણ ફેર છે. ॥ ૪૨૫ ॥

તપ બે પ્રકારનું છે. તેમાં એક તો એમ જે જુવાન અવસ્થા હોય તો વ્રત ઉપવાસાદિકે કરીને દેહને બળહીન કરી નાખવો અને શરીરમાં બળ ન હોય ત્યારે તો વિહીત ભોગનો સંકોચ કરવો તથા શીત, ઉષ્ણાદિકનું સહન કરવું તેને પણ તપ

કહીએ અને બીજું ઇંદ્રિયો તથા અંતઃકરણ તથા મન એ સર્વેને એકાગ્ર કરીને ભગવાનને વિષે અખંડ વૃત્તિ રાખવી તેને પણ તપ કહીએ. તે એવા તપને અતિ ઉત્કૃષ્ટ કહેવાય. ॥ ૪૨૬ ॥

અહંમમત્વ પણ બે પ્રકારનો છે. દેહનો ને ભગવાનના મંદિર સંબંધી મમત્વ તથા એકાંતિક ધર્મ પાળવો તે સંબંધી મમત્વ કરવો. તેમાં દેહનો મમત્વ ભૂંડું કરે એવો છે. ભગવાન સંબંધી મમત્વ છે તે તો પોતાનો મોક્ષ કરે એવો છે. ॥ ૪૨૭ ॥

ધર્મ પણ બે પ્રકારનો છે : (૧) લૌકિક જે વર્ણાશ્રમનો ધર્મ પાળવો તે. વર્ણાશ્રમનો ધર્મ તો આ લોકમાં જશ વિખ્યાતિ થાય તથા પરલોકમાં વિષયને પમાડે. (૨) એકાંતિક ધર્મ, તે ધર્મે કરીને તો ભગવાનના અક્ષરધામને પામે છે. એવી રીતે ધર્મમાં બે પ્રકારના ભેદ છે. ॥ ૪૨૮ ॥

ભગવાનનું ધ્યાન કરવું તેના ત્રણ ભેદ છે : (૧) બાહ્ય લીલા ચિંતવન કરીને ભગવાનનું ધ્યાન કરે તે ધ્યાને કરીને સ્થૂલ દેહને ધક્કો લગાડે. (૨) મનન દ્વારે ભગવાનનું ધ્યાન કરે તે ધ્યાને કરીને સૂક્ષ્મ અને સ્થૂલ એ બેને ધક્કો લગાડે. (૩) ઇંદ્રિયો, અંતઃકરણ તથા માયિક ભાવે રહિત કેવળ સત્તારૂપ થઈને જીવને અક્ષરરૂપ માનીને હૃદયમાં ભગવાનને પ્રતિલોમ વૃત્તિએ સન્મુખ રહીને ધ્યાન કરે તો પછી એ ભક્તને પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણનો ભાવ ટળી જાય છે ત્યારે કારણ શરીરે સહિત ત્રણ દેહનો નાશ થાય છે એ શ્રેષ્ઠ ધ્યાન છે. ॥ ૪૨૯ ॥

ભજનમાં પણ ત્રણ ભેદ છે : (૧) જિહ્વાએ કરીને ભજન કરે તે સ્થૂલને બાળે. (૨) કંઠને વિષે ભજન કરે તે સૂક્ષ્મ તથા સ્થૂલ દેહ એ બેને બાળે. (૩) જિહ્વા તથા કંઠને ન હલાવે ને હૃદયને વિષે જ્યાં શ્વાસ ઊઠે છે ત્યાં ભજન કરવું. તે ભજન કેવું છે તો કારણ શરીરે સહિત ત્રણ દેહનો નાશ કરે એવું છે. તે માટે બુદ્ધિવાન હોય તે આ વાતને વિચારીને જીવમાં ધ્યાન તથા ભજન કરે તો તત્કાળ થોડે કાળે કરીને કારણ શરીરનો નાશ થાય ને તે વિના કોટિ ઉપાય કરે તો પણ કારણ શરીર ન બળે. ॥ ૪૩૦ ॥

ત્રણ પ્રકારનું બ્રહ્મચર્ય કહીએ છીએ : (૧) ત્રણે અવસ્થાની બાલ, જોબન ને વૃદ્ધ એ ત્રણ પ્રકારની સ્ત્રીઓને દેખે પણ મનમાં રાગ ન થાય ને સ્વપ્નમાં પણ વીર્યપાત ન થાય એવો  જે હોય તેને ઉત્તમ બ્રહ્મચર્યવાળો પુરુષ કહેવાય. (૨) ત્રણે અવસ્થામાં ત્રણ પ્રકારની સ્ત્રીઓને દેખે પણ રાગ તથા ભોગબુદ્ધિ તો ક્યારેય પણ ન થાય પણ ક્યારેક રજોગુણને જોગે કરીને સ્વપ્નને વિષે યુવાન સ્ત્રીને દેખે તો કોઈ સમે મનમાં રાગ લગારેક થાય ને વીર્યપાત તો તેને ત્રણે અવસ્થામાં ન થાય એવો જે હોય તેને મધ્યમ બ્રહ્મચર્યવાળો પુરુષ કહીએ. (૩) જાગ્રતમાં તો એ ત્રણે પ્રકારની સ્ત્રીઓને દેખે પણ રાગ ન થાય પણ સ્વપ્નને વિષે એ ત્રણે પ્રકારની સ્ત્રીઓને દેખીને રાગ થાય ને કોઈક સમે વીર્યપાત પણ થાય. ને તેનું તત્કાળ પ્રાયશ્ચિત્ત કરે તેને કનિષ્ઠ બ્રહ્મચર્યવાળો કહેવાય. એવી રીતે આ વાતને વિચારીને પોતાને ઉત્તમ

બ્રહ્મચર્યમાં કાંઈક કસર હોય તો ધીરે ધીરે આગ્રહે કરીને ઉત્તમ બ્રહ્મચર્યવ્રત અતિ દઢ કરવું તો જ પુરુષોત્તમ ભગવાનની સેવામાં રહેવાય ને તેમાં કાંઈક કસર હોય તો સેવામાં ન રહેવાય ને ઉત્તમ બ્રહ્મચર્ય આવવું તે હઠયોગ વિના અતિ કઠણ છે તો પણ આ કહીએ છીએ એવો ઉપાય અતિ દઢ કરીને પાળે તો ધીરે ધીરે ઉત્તમ બ્રહ્મચર્ય દઢ થાય. તેનું સાધન આ પ્રમાણે કરવું : (૧) મનમાં અખંડ ભગવાનની સ્મૃતિ રાખવી ને મનમાં સ્ત્રીનો સંકલ્પ ન થાવા દેવો ને જો સ્ત્રીનો મનમાં સંકલ્પ ન થાય તો વીર્ય પાણી થઈને પરસેવા દ્વારે નીકળી જાય ને ધર્મામૃતમાં જે નિયમ કહ્યા છે તે દઢ પાળવા. (૨) ભગવાનનો મહિમા અતિ દઢ જાણવો. (૩) આત્મનિષ્ઠા અતિ પરિપક્વ કરવી. (૪) ઇંદ્રિયો અંતઃકરણને જીતીને પોતાને વશ કરીને તે થકી અતિ વિરક્ત વર્તવું. જેમ પટ્ટાનો રમનારો કોઈના લાગમાં નથી આવતો તેમ તે પણ ઇંદ્રિયો અંતઃકરણના પેચમાં ન આવે, આવી રીતની યોગનીતિને શીખે. (૫) દિવસે સૂવું નહિ, અને અર્ધી રાત ગયા પછી સૂવું, તે પણ હરણની પેઠે ફડકો રાખીને એક નિદ્રા આવે ને પછી જ્યારે જગાય ત્યાર પછી ફરીને સૂવું નહિ. (૬) બેસવું ત્યારે આસન વાળીને બેસવું તથા એક ઠેકાણે બેસવું. (૭) પ્રયોજન વિના જ્યાં ત્યાં ફરવું નહિ. (૮) રસના ઇંદ્રિયને જીતવી તેની વિક્તિ જે આહાર કરવો તે પણ ખાવું ત્યારે ત્રીજો ભાગ પાણીનો માગ રાખવો તે પણ એક વખત ખાવું તે કાચું કોરું કાંઈ ખાવું નહિ. મરચું, અતિ મીઠું, આદુ, ખટાશ તથા ઝાઝો

આહાર, નિદ્રા તથા ગળ્યું, ચીકણું તથા રૂપ જોવું તથા શબ્દ તથા ગંધ તથા સ્પર્શ તથા રસ એ સર્વે કામની ઉત્પત્તિના કારણ છે તે માટે આ જે ઉપાય કહ્યા તેને દૃઢ કરીને રાખે ને એવી રીતે દૃઢ નિયમો પાળીને પછી મનને વશ કરવું ને મનને વશ કરીને અંતઃકરણને વશ કરવું. પછી એ સર્વનું નિષેધ કરીને કેવળ સત્તારૂપ થઈને જીવાત્માને વિષે ભગવાનની મૂર્તિને ધારે તો ઉત્તમ બ્રહ્મચર્ય સિદ્ધ થાય. ને જ્યારે ઉત્તમ બ્રહ્મચર્ય સિદ્ધ થાય ત્યારે ભગવાનની સેવામાં રહેવાય ને તેમાં કાંઈ કાચપ હોય તો પુરુષોત્તમની સેવામાં ન રહેવાય. તે માટે જે મુમુક્ષુ હોય તેણે આ વાતને વિચારીને પોતાને વિષે કાચ હોય તે ટાળીને ઉત્તમ બ્રહ્મચર્ય વ્રત સિદ્ધ કરવું. ॥ ૪૩૧ ॥

જેને પુરુષોત્તમ ભગવાન મળ્યા હોય તેને કોઈક સ્વભાવ ટાળવાને અર્થે જન્મ ધરવો પડે તો પણ એના જીવમાંથી તે જ્ઞાન જાય નહિ. ને કોઈક ઉપરથી ત્યાગી જેવો જણાય પણ અંતરમાં બળિયો ન હોય ને કોઈક ઉપરથી ન જણાય પણ અંતરમાં બહુ બળિયો હોય તે જેમ જેમ સત્પુરુષનો સંગ કરતો જાય તેમ તેમ વધતો જાય. ॥ ૪૩૨ ॥

આત્મજ્ઞાન તથા વૈરાગ્યાદિક સર્વે સાધન છે તે માહાત્મ્યે સહિત જે ભક્તિ તેને અર્થે છે. ને ત્યાગ તો તેનું નામ જે ઇંદ્રલોકને પામીને પણ બંધાય નહિ ને પાછો નીસરી આવે તેને કહીએ અને શુભ કર્મને અર્થે યત્ન કરે પણ ન બની આવે તો હર્ષ, શોક પામે નહિ. ॥ ૪૩૩ ॥

જડભરતને જ્ઞાન રહ્યું ને જય વિજયને કેમ ન રહ્યું ? ઉત્તર જે, જય વિજયની મતિ શાપિત હતી ને જડભરતની નહોતી માટે તેને જ્ઞાન જન્માંતરને વિષે પણ રહ્યું. ॥ ૪૩૪ ॥

ધ્યાન કરનારા યોગીને કઈ અવસ્થા પ્રથમ લોપાય છે ? ઉત્તર જે, જો સ્થૂલ દેહને વિષે શ્રીહરિજીનું ધ્યાન કરે તો પ્રથમ સ્થૂલ દેહનો નાશ થાય છે ને પછી સૂક્ષ્મ દેહ ને કારણ દેહનો નાશ થાય છે ને એવી રીતે સૂક્ષ્મ ને કારણનું સમજવું. ત્યાં દૃષ્ટાંત છે જે જેમ વૃક્ષનાં ડાળાં પાંદડાં વારંવાર કાપ્યા કરે તો મધ્યભાગ ને થડિયું હળવે હળવે સુકાઈ જાય છે ને વચમાંથી કાપી નાખે તો થડ ને ડાળાં સુકાઈ જાય છે ને મૂળમાંથી કાપી નાખે તો મધ્ય ભાગને ડાળાં સુકાઈ જાય છે તેમ અવસ્થાનું જાણવું. ॥ ૪૩૫ ॥

શ્રીહરિની કથા વાર્તાનું શ્રવણ કરીને તેનો મનન ને નિદિધ્યાસ કર્યાનો અભ્યાસ અતિશય રાખવો. ને ગમે તેવી મોટપને પામ્યા હોય તો પણ અધિક સમજ્યાની દૃષ્ટિ હોય તો તે કોઈ ઐશ્વર્યમાં બંધાય જ નહિ ને મોટાઈ બહુ આવે. ॥ ૪૩૬ ॥

વરુણદેવના પુત્રે વરુણને પૂછ્યું જે હે પિતાજી ! બ્રહ્મ કહો ત્યારે તે બોલ્યા જે પૃથ્વી બ્રહ્મ. ત્યારે પુત્ર જે તે પૃથ્વીના અંતને પામીને ફરી પૂછતો હવો જે હે પિતાજી ! બ્રહ્મ કહો. ત્યારે તે બોલ્યા જે જળ બ્રહ્મ. એવી રીતે આગળ આગળ તેના તેના અંતમાં પામીને પુત્ર જેમ જેમ પૂછતો ગયો તેમ તેમ પિતા પણ

બ્રહ્મ કહેતા ગયા જે તેજ, અગ્નિ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્વ, પ્રધાનપુરુષ, પ્રકૃતિ ને મૂળપુરુષ સુધી બ્રહ્મ કહ્યા તો પણ ફરીને તેણે પૂછ્યું જે પિતાજી ! બ્રહ્મ કહો. ત્યારે વરુણ દેવે કહ્યું જે અતિ પ્રશ્ન પૂછીશ તો તારું માથું ઊડી જાશે. માટે પુરુષોત્તમ શ્રીહરિજી જ્યારે દયાએ કરીને મનુષ્યભાવનું ગ્રહણ કરે છે ત્યારે જ મુમુક્ષુને પુરુષોત્તમના સ્વરૂપનું જ્ઞાન તથા સર્વે રહસ્ય વાર્તા જાણ્યામાં આવે છે એ મર્મ પ્રશ્નોત્તરમાં છે. ॥ ૪૩૭ ॥

શ્રીહરિજી મહારાજ બોલ્યા જે આ સચ્ચિદાનંદ સ્વામી જેવા ભક્ત સારુ બ્રહ્માંડનો નાશ થઈ જાય તો પણ પરમેશ્વરને ખટકે નહિ. તે ઉપર દૃષ્ટાંત દઈને વાર્તા કરી જે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુન સાથે સુધન્વાને જીતવા ગયા હતા ને એ દિગ્વિજયમાં જીતાણો નહોતો ને યાદવ માંયલો પણ ન હતો અને એ સુધન્વા પણ હરિભક્ત બહુ ભારે હતો. પછી અર્જુનને ને સુધન્વાને પરસ્પર યુદ્ધ થવા લાગ્યું ત્યારે સુધન્વા કહે જે જે દિવસથી શ્રીકૃષ્ણ ભગવાન મને મળ્યા છે તે દિવસથી જો બીજા દેવ માત્રની પ્રતીતિ મારા અંતરમાં ન થઈ હોય તો આ બાણે કરીને અર્જુનનું મસ્તક પડી જાઓ. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન કહે જે મેં રામાવતાર ધરીને જે જે પુણ્ય કર્યું છે તેણે કરીને અર્જુનનું બાણ એના બાણને કાપી નાખો. ત્યારે ફરીને પાછું સુધન્વાએ કહ્યું જે જે દિવસથી શ્રીકૃષ્ણ ભગવાન મળ્યા છે તે દિવસથી જો કોઈ મંત્ર, જંત્ર, કામણ, ટુમણ, જડી, બુટી, રિદ્ધિ, સિદ્ધિ એ

આદિકની પ્રતીતિ લેશમાત્ર ન થઈ હોય તો આ બાણ અર્જુનનું મસ્તક કાપી નાખો. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું જે મેંવારાહાદિક અવતાર ધરીને જે પુણ્ય કર્યાં છે તેણે કરીને અર્જુનનું બાણ એના બાણને કાપી નાખો. ત્યારે ફરીને સુધન્વાએ કહ્યું જે જે દિવસથી શ્રીકૃષ્ણ ભગવાન મળ્યા છે તે દિવસથી જો સ્ત્રી માત્રને ભોગવવાનો સંકલ્પ ન થયો તો મારાં બાણ અર્જુનના મસ્તકને કાપી નાખો. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા જે મેં ગોપીઓ સંગાથે રાસક્રિડા કરીને એ ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચર્ય રાખ્યું હોય તો અર્જુનનું બાણ સુધન્વાનાં બાણને કાપીને એનું મસ્તક કાપી નાખો. ત્યારે તે બાણે તેમ જ કર્યું ને જ્યારે એ બાણ એનું મસ્તક ગંગાજીમાં પધરાવવા લઈ જતું હતું ત્યારે આકાશ માર્ગને વિષે ધડ રહિત જે એ મસ્તક તે કૃષ્ણ કૃષ્ણ કરતું જાતું હતું. એવું આશ્ચર્ય જોઈને શિવજીએ એ બાણની સ્તુતિ કરીને તે મસ્તકને માગી લીધું. એવો એ સુધન્વા હરિભક્ત હતો તો પણ અર્જુન જેવો ન થયો. એવી રીતે હરિભક્તને વિષે સરસ નરસપણું છે. ॥ ૪૩૮ ॥

શ્રીજીમહારાજે કહ્યું છે જે અનવધિકાતિશય, નિરવદ્ય, નિરંજન ને નિર્વિકારી એવું ભગવાનનું સ્વરૂપ જાણવાને અર્થે

मायामयाकृतिमोऽशुभ वासनानां कर्तुं ।

निषेधमुरुधा भगवत्स्वरूपे ॥

निर्बिज सांख्यमत योगगयुक्तिभाजं ।

त्वां भक्ति धर्मतनयं शरणं प्रपद्ये ॥[1]

એ શ્લોકના અર્થને સમજીને પોતાની બુદ્ધિ અતિશય શુદ્ધ કરવી અને જે ભાગવતી તનુ છે તે તો શુદ્ધ સત્ત્વમય છે ને જે સંકલ્પનો દેહ છે તે સ્થૂલ દેહની પેઠે પડ્યો રહે ને જે બ્રહ્મમય તનુ છે તે તો નિર્ગુણ છે ને ચૈતન્યનું બંધાય છે. ॥ ૪૩૯ ॥

આ દેહમાં ઉત્તમ રુચિ પક્વ કરે તો હવે જે દેહ આવશે એમાં ઐશ્વર્ય, સામર્થી, ને તેજ બહુ આવશે. તે ઉત્તમ રુચિની વિગત જે જીવથી લઈને પુરુષોત્તમ પર્યંત યથાર્થ સમજીને ઉત્તમ રુચિ રાખવી તે કેમ સમજવું ? ઉત્તર જે, જીવ તો મલીન, રજ, તમ ને સત્ત્વ ગુણ તેણે કરીને યુક્ત વર્તે છે ને કર્મવશ છે ને જે જે યોનિમાં જાય છે ત્યાં તેવો જ થઈ જાય છે ને ઈશ્વર છે તે તો શુદ્ધ સત્ત્વમય જે દૃઢ ગ્રંથિ તેણે યુક્ત વર્તે છે ને જે મૂળપુરુષ છે તે તો સત્ત્વગુણથી ક્યારેક જુદા વર્તે છે ને ક્યારેક મિશ્રિત ભાવે વર્તે છે પણ ચોખ્ખું જુદું વર્તાતું નથી ને જે માયા છે તે જડ ચૈતન્યમય છે ને જે અક્ષરધામના મુક્ત છે તે તો ગુણાતીત વર્તે છે. તે ગીતામાં કહ્યું છે જે

प्रजहाति यदा कामान् सर्वान् पार्थ ! मनोगतान् ।
आत्मन्येवात्मनातुष्ठः स्थितप्रज्ञस्तदोच्यते ॥[2]

---

૧. અર્થઃ– ભગવાનના સ્વરૂપને વિષે માયિક આકાર, અજ્ઞાન અને અશુભ વાસનાઓના અનેક પ્રકારે નિષેધ કરવાને માટે નિર્બિજ સાંખ્ય અને યોગના માર્ગની સારી યુક્તિઓને કહેનારા ભક્તિ ધર્મના પુત્ર, એવા આપના શરણને પામું છું. (સ. જી. પં. પ્ર. અ. ૬૬-૧૬)

૨. અર્થઃ– હે અર્જુન, અનવધિકાતિશયાનંદરૂપ પરમાત્માને વિષે જ અનન્યાશ્રયપણે નિમગ્ન રહ્યો થકો તે સિવાય બીજી વાસનાઓનો સર્વથા ત્યાગ કરે છે, ત્યારે તે સર્વોત્તમ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.

અને જે પુરુષોત્તમ ભગવાન છે તે તો અક્ષરાદિક સર્વેના નિયંતા છે ને પ્રકાશક છે ને એ સર્વેને વિષે શક્તિએ કરીને અન્વયપણે રહ્યા છે ને પોતે તો પોતાના ધામને વિષે સ્વતંત્રપણે રહ્યા છે. ॥ ૪૪૦ ॥

શ્રીજીમહારાજે છે. પ્ર. ૨૧ના વચનામૃતમાં વાર્ત કરી છે જે પ્રવૃત્તિ ધર્મ ને નિવૃત્તિ ધર્મ છે તે ભગવાનના સંબંધે રહિત પણ છે ને ભગવાનના સંબંધે સહિત પણ છે. તેમાં જે ભગવાનને સંબંધે સહિત ધર્મ છે તે જ ભાગવત ધર્મ છે ને ભાગવત ધર્મ ને ભક્તિ એ બેય એક જ છે અને ભાગવત ધર્મની સ્થાપના કરવાને અર્થે શ્રીહરિજી મહારાજનું પૃથ્વીને વિષે જયકારી પ્રવર્તવાપણું છે તે ભાગવત ધર્મને શ્રીજીમહારાજે શિક્ષાપત્રી, વચનામૃત આદિક ગ્રંથને વિષે યથાર્થપણે કહ્યા છે તે પ્રમાણે વર્તવું. ॥ ૪૪૧ ॥

વ્યાસાદિક નિર્ગુણ અવતાર છે ને પરશુરામ તથા સંકર્ષણાદિક સગુણ અવતાર છે એમ રામાનુજ આચાર્યે શ્રીભાષ્યમાં કહ્યું છે. ॥ ૪૪૨ ॥

જ્ઞાન કેમ સમજવું ? ઉત્તર જે, પુરુષોત્તમનું, અક્ષરનું, મૂળપુરુષનું, મૂળમાયાનું, પ્રધાનપુરુષનું, વૈરાજપુરુષનું ને જીવના સ્વરૂપને પૃથક્ પૃથક્ રીતે સમજે એનું નામ જ્ઞાન કહેવાય છે. તે શ્લોકમાં કહ્યું છે,

क्षेत्राणां च क्षेत्रविदां,

प्रधानपुरुषस्य च मायायाः कालशक्तेश्चाक्षरस्य ।
च परस्य च पृथक् पृथग्लक्षणैर्यज्ज्ञानमुच्यते ॥[1] ॥ ૪૪૩ ॥

વાચકુટના પ્રશ્નની વિગત જે વાચકુટ તે શું ? તો ઉપરથી અર્થ જણાતો હોય તેથી બીજી રીતનો અર્થ જેમાં રહ્યો હોય એવું વચન કહેવું તે વાચકુટ જાણવું. તે ઉપર વાત કરી જે ધર્મદેવ જે તે અધર્મસર્ગને દોરડામાં નાખીને તાણે છે ને કલંગીવાળા દેવ જે તે ચારે બાજુથી મારી મારીને અધર્મના લશ્કરને દોરીના ગાળાને વિષે બંધાવે છે ને નારાયણમુનિનાં ચક્ર ચારે બાજુથી બાળે છે તેને જોઈને ધર્મદેવ અતિ દયાળુ છે માટે એમને વળી દયા આવે છે એ વાચકુટ ? ઉત્તર જે, ધર્મને ઠેકાણે તો આચાર્યજી મહારાજ છે ને અધર્મના સર્ગને ઠેકાણે તો જે ધર્મને વિષે યથાર્થ નથી વર્તતા એવા ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગી છે ને કલંગીવાળાને ઠેકાણે તો શ્રીહરિજીના ભક્ત ધર્મમાં યથાર્થ વર્તે છે ને બહુ બુદ્ધિવાળા છે તે છે ને નારાયણમુનિનાં ચક્રને ઠેકાણે તો તેમનાં વચન જે શિક્ષાપત્રી, ધર્મામૃત, વચનામૃત ને નિષ્કામશુદ્ધિ તે છે એ ચારે કોરેથી બાળે છે તે શું તો જે ધર્મને વિષે મોળા વર્તે છે તેને સત્શાસ્ત્રો, શ્રીજીમહારાજ તથા સર્વે સંતો ઠપકો દે છે એટલે તે નિરંતર બળ્યા કરે છે ને સુખિયો રહેતો નથી. ॥ ૪૪૪ ॥

પ્રકૃતિની ઇચ્છાએ કરીને પુરુષનું રૂપ છે ને પુરુષની

૧. અર્થઃ– દેહ, જીવાત્માઓ, પ્રધાનપુરુષ, માયા, કાળ, અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપને જુદાં જુદાં લક્ષણોએ કરીને જાણવું તે જ્ઞાન કહેવાય છે.
(વાસુ. આ ૨૪-૭૪)

ઇચ્છાએ કરીને પ્રકૃતિ રૂપવાન થઈ આવે છે પણ એ બેયનું રૂપ કેવું છે ? ઉત્તર જે, મૂળ રૂપ તો એ બેયનાં દિવ્ય છે. ત્યારે પૂછ્યું જે અક્ષરના મુક્ત જેવાં છે ? ત્યારે કહ્યું કે ના, અક્ષરના મુક્તો જેવાં કે બદ્ધ જીવોના જેવાં નથી પણ એ શ્રીહરિજીની શક્તિઓ છે માટે દિવ્યરૂપ છે ને એમાં જે નાના પ્રકારના વિકાર જણાય છે તે તો શ્રીહરિજીની ઇચ્છાએ કરીને છે. ॥ ૪૪૫ ॥

શ્રીહરિજીની ક્રિયાશક્તિ, ઇચ્છાશક્તિ ને જ્ઞાનશક્તિ એમાં કઈ સરસ છે ? ત્યારે સંતે કહ્યું જે જ્ઞાનશક્તિ સરસ છે. ત્યારે શ્રીજીએ કહ્યું જે જે સમયને વિષે જે શક્તિ કામ આવે તે શક્તિ સરસ છે. ॥ ૪૪૬ ॥

મોટા સંતને મંદવાડ કેમ નડે છે ? ઉત્તર જે, એમને વિષે કોઈ જાતની ખોટ નથી પણ લગારેક દેહાભિમાન હોય તે મંદવાડે કરીને ટળી જાય તે સારુ શ્રીજીમહારાજ મંદવાડ આપે છે. ॥ ૪૪૭ ॥

બે સરખા હરિભક્ત હોય તેમાં એક તો પોતાનું જ કાર્ય કરે ને બીજો તો બહુ મનુષ્યને સમાસ કરે તેમાં કોણ સરસ છે ? ઉત્તર જે, બહુ મનુષ્યને સમાસ કરે છે તે જ સરસ છે. ॥ ૪૪૮ ॥

વૈરાજપુરુષ તથા પ્રધાનપુરુષાદિક એ સર્વે શ્રીજીમહારાજના મહિમાને સમજે છે તો પણ માયા સાથે કેમ જોડાય છે ? ઉત્તર જે, એ ઐશ્વર્યાર્થી ભક્ત છે તે સારુ જોડાય છે ને જ્ઞાની ભક્ત હોય તે તો જોડાય નહિ તે માટે જ્ઞાનીને જ

ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને શ્રેષ્ઠ કહ્યો છે ને તે ભક્ત જેમ શ્રીજીને ભજે છે તેમ જ શ્રીજી પણ તેને ભજે છે. ॥ ૪૪૯ ॥

ધર્મ બે પ્રકારના હોય ને જ્ઞાન વૈરાગ્ય પણ હોય તો પણ ભક્તિ વિના સંપૂર્ણ ભક્ત કહેવાય નહિ ને એ ચારે હોય તો પણ શ્રીજીમહારાજની કૃપા વિના સંપૂર્ણ ભક્ત થવાય નહિ. ॥ ૪૫૦ ॥

ધર્માદિકમાં જે ગુણ છે તેને પૃથક્ પૃથક્ કહે છે. તેમાં ધર્મમાં એ ગુણ છે જે ધર્મને વિષે દૃઢપણે વર્તતો હોય તેનો પાયો સત્સંગને વિષે અચલ થાય છે ને જ્ઞાનમાં એ ગુણ છે જે આત્મા અનાત્માના વિવેકને યથાર્થ સમજતો હોય તો માન અપમાને કરીને તથા સુખ દુઃખાદિકે કરીને દુખિયો થાય નહિ ને વૈરાગ્યમાં એ ગુણ છે જે ચાર પ્રકારના પ્રલયે કરીને શ્રીજીમહારાજ તથા તેના સંત વિના બીજે પ્રકૃતિપુરુષથી લઈને તૃણ પર્યંત ક્યાંય પ્રીતિ રહે નહિ ને મહિમામાં એ ગુણ છે જે પુરુષોત્તમનો મહિમા સારી પેઠે સમજાણો હોય તો અક્ષરથી લઈને વૈરાજપુરુષ પર્યંત કોઈની મોટપ મનમાં મનાય જ નહિ ને ભક્તિમાં એ ગુણ છે જે ભક્તિને તો મૂર્તિમાં ચોંટવાનો સ્વભાવ છે માટે સાકાર વિના નિરાકારને વિષે કોઈ શાસ્ત્રે કરીને તથા કોઈની વાર્તાએ કરીને પણ કોઈ કાળે પ્રતીતિ આવે જ નહિ. ॥ ૪૫૧ ॥

આત્યંતિક પ્રલયને અંતે શ્રીજીમહારાજ અક્ષરધામને વિષે જેવા અલૌકિક પાર્ષદ, ઐશ્વર્ય ને સામર્થીએ યુક્ત રહ્યા છે એમ યથાર્થ જાણવા તેને જ્ઞાન કહીએ ને એના એ ભાવે

સોતા જ મનુષ્યરૂપ થયા છે પણ તેમાં જે કામાદિક સર્વે ભાવ દેખાય છે તે દિવ્ય છે એમ યથાર્થપણે સમજવું તેને વિજ્ઞાન કહીએ. ત્યાં ગોપીઓના તથા બળિ રાજાના દૃષ્ટાંતે[૧] કરીને બહુ વાર્તા કરી. ॥ **૪૫૨** ॥

ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન ને ધર્મ એમના હેતુ, સ્વરૂપ ને ફળ જે છે તેને પૃથક્ પૃથક્ કહો ? ઉત્તર જે, ભક્તિનાં કારણ તો સત્શાસ્ત્રમાં ભક્તિ ઉપજ્યાનાં જે સાધન કહ્યાં હોય તે છે ને શ્રીહરિકૃષ્ણજી મહારાજને વિષે પ્રીતિ છે તે સ્વરૂપ છે ને શ્રીજીમહારાજ વશ થાય તે ફળ છે ને વૈરાગ્યનો હેતુ પદાર્થ માત્રને વિષે જે દોષદૃષ્ટિ છે તે છે ને વિષય માત્રને ત્યાગ કરવાની જે ઇચ્છા છે તે સ્વરૂપ છે ને તે વિષયનો ત્યાગ કર્યો હોય ને વળી તે વિષય મળે તો ભોગવ્યાને વિષે રાંકપણું થાય નહિ તેને ફળ કહ્યું છે ને શ્રીહરિજીનું ને આત્માનું જે જ્ઞાન છે તેને ઊપજ્યાનું કારણ તો સત્પુરુષનો ને સત્શાસ્ત્રનો જે સંગ તે છે ને એ બેયની જેમ છે તેમ સ્થિતિ પોતાની બુદ્ધિને વિષે નિરંતર રહ્યા કરે તેને સ્વરૂપ કહે છે ને શ્રીજીને વિષે જે માહાત્મ્યે સહિત પ્રીતિ છે તેને ફળ કહે છે ને ધર્મ ઊપજ્યાનું કારણ તો ધર્મશાસ્ત્રનું અતિ આદરપૂર્વક જે શ્રવણ કરવું તે છે ને જે નિયમ છે તે ધર્મનું સ્વરૂપ છે ને જ્ઞાન વૈરાગ્યાદિકને ધારી રહે એ ફળ છે. ॥ **૪૫૩** ॥

એક દિવસ એમ વાર્તા કરી જે ગુરુ થાવું કે શિષ્ય થાવું એ બેમાંથી એક શીખવું ને બીજે દિવસે સર્વેને પૂછ્યું કે

૧. જુઓ પરિશિષ્ટ.

મૂંઝવણ ટાળવાને અર્થે એક બે સંતને મન સોંપ્યું છે કે નથી સોંપ્યું ? ત્યારે જેણે જેને જેને મન સોંપ્યું હતું તેણે તેણે તેમનાં નામ લઈને કહી દેખાડ્યાં. ॥ **૪૫૪** ॥

ત્રીજે દિવસે એમ વાર્તા કરી જે જેનો સત્સંગને વિષે અચળ પાયો હોય ને તે કોઈ વિઘ્ને કરીને પણ સત્સંગ મૂકી શકે નહિ તે કેવા લક્ષણે યુક્ત હોય ? ઉત્તર જે, એક તો શ્રદ્ધા અતિશય હોય ને સ્વભાવ ટાળવાને વિષે આગ્રહ પણ ઘણો હોય ને સત્સંગની ભીષણ પણ સર્વે પ્રકારે ખમતો હોય ને કોઈ રીતે કચવાઈ જાય નહિ એવાનો અચળ પાયો જાણવો ને એવી જાતની સમજણ નક્કી કરવી એ જ કલ્યાણનું મૂળ સાધન છે. ॥ **૪૫૫** ॥

પુરુષોત્તમ ભગવાન, અક્ષર ને અક્ષરના મુક્ત, પુરુષ, કાળ, માયા, જીવ, ઈશ્વર, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, માહાત્મ્યે સહિત શ્રીજીની ભક્તિ તથા વ્યવહાર એ સર્વેનું જ્ઞાન યથાર્થ જાણ્યું જોઈએ ને વ્યવહારનું જ્ઞાન ન જાણ્યું હોય તો પણ મૂંઝવણ આવે છે. તે ઉપર માવા ભક્તને દૃષ્ટાંતે[1] કરીને વાર્તા બહુ કરી. ॥ **૪૫૬** ॥

સ્વામી બોલ્યા જે મને મહારાજે કહ્યું જે આકાર રહિત વર્તવું ત્યારે તેમાં શંકા કરી જે મૂર્તિ ભૂલી જવાશે તો ? ત્યારે તે સાંભળીને મહારાજ બહુ દિલગીર થઈ ગયા ને નેત્રકમળ સજળ થઈ ગયાં ને એમ બોલ્યા; જે જેને રાજી કરવાને અર્થે પ્રયત્ન કરે છે તે મૂર્તિને કેમ ભૂલી જવાશે. એમ મહારાજ

૧. જુઓ પરિશિષ્ટ.

બોલ્યા તે દિવસથી મારા હૃદયને વિષે એ વચન અચળ ખૂંચી રહ્યું છે ને તેમ જ વર્તાય છે ને શ્રીજીમહારાજને એમ વર્તવું ગમે છે. માટે અનેક યુક્તિએ કરીને એ વાર્તા કરીએ છીએ ને એવી સ્થિતિવાળાને તો અન્ય સંકલ્પ થાય જ નહિ ને કદાચિત્ અસત્ દેશકાળાદિકને જોગે કરીને જો થાય તો જેમ બીજા દેહે કરીને પ્રાયશ્ચિત્ત કરીને સંતોષને પામે છે તેમ એ જ્ઞાની ન પામે. એ તો ઉપશમરૂપ પ્રાયશ્ચિત્તે કરીને જ સંતોષ પામે છે તે વાત यस्य ज्ञानमयं तपः[1] એ શ્રુતિમાં કહી છે માટે સવાસનિક ને નિર્વાસનિક હરિભક્તના પ્રાયશ્ચિત્તને વિષે બહુ ફેર છે. ॥ ૪૫૭ ॥

જેને દસ, વીસ, પચાસ કે સો મનુષ્ય માનતા હોય તેને ગંડવા થાય છે. તેના ભેળા જે મનુષ્ય રહેતા હોય તે જો તે રોગને ઓળખે નહિ તો તેમને પણ ગંડવા થાય છે માટે જ્ઞાનાંશનું એવે ઠેકાણે જરૂર કામ પડે છે. ને જેને જ્ઞાન હોય તે તો એ રોગને ઓળખી રાખે ને તે મોટ્યપમાં લેવાય નહિ ને જે આવા મોટા સ્થાનકને વિષે રહેતા હોય તેને તો જ્ઞાનાંશની વાર્તા જરૂર સમજવી જોઈએ કેમ જે કોઈક કોઠાર જોગ હોય ને કોઈક તો ભંડાર જોગ હોય ને કોઈક તો મંદિરમાં પૂજા કરવાને વિષે જોગ હોય, એવા અનેક પ્રકારના મનુષ્ય હોય છે. તે સર્વેને ઓળખીને જેને જ્યાં જેમ ઘટે ત્યાં તેને તેમ પ્રવર્તાવ્યું જોઈએ કેમ જે કોઈક તો બેઠાળુ હોય તે વાતચીતે કરીને સમાસ કરતો હોય તે પણ જાણ્યું જોઈએ. માટે જ્ઞાનનું

૧. અર્થઃ— જેનું જ્ઞાનમય તપ છે.

કામ તો બહુ પડે છે ને માણસ ભેળા કરવા એ તો કાંઈક કઠણ જ નથી પણ તેને રૂડી બુદ્ધિ આપીને હરિભક્ત કરવો એ કઠણ છે. એ તો જ્ઞાની ભક્તને જ આવડે છે ને તે ગંડવા તો માસ, બે માસ કે છ માસ રહે ને વર્ષ, બે વર્ષ ને દસ, વીસ વર્ષ પણ રહે ને કોઈકને તો આવરદા પર્યંત રહે છે તે તો લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ, માન, ઈત્યાદિક સંબંધી હોય છે તેને જ્ઞાનવાન ઓળખે છે ને બીજાને તો ઓળખાય જ નહિ. તે ઉપર વિવેકસારની[1] વાર્તા કરી દેખાડી ને આચાર્યની રુચિના લોયાના ૧૪ના વચનામૃતની પણ વાર્તા કરી દેખાડી. **॥ ૪૫૮ ॥**

જે જ્ઞાની ભક્ત હોય તે અતિશય શ્રેષ્ઠ હોય ને તેનાં વચન પણ ધર્મ, જ્ઞાનાદિકે યુક્ત હોય તેથી બળવાન બહુ હોય માટે તેના વચનને વિશ્વાસપૂર્વક ત્વરાવાન થઈને મુમુક્ષુ જો શ્રવણ કરે તો તેને સત્ય અસત્યની વિક્તિ તથા બહુ બુદ્ધિવાન તથા અલ્પ બુદ્ધિવાન હરિભક્તની વિક્તિ જણાઈ આવે છે ને શ્રવણ, મનનાદિકે કરીને જ્યારે જ્ઞાનાંશ પક્વતાને પામે છે ત્યારે સર્વે વક્તાના વચનનું પ્રમાણ થઈ આવે છે. માટે ગમે તેવો પંડિત હોય ને ગમે તેવો ડાહ્યો હોય ને ગમે તેવો મોટેરો હોય ને ગમે તેવો વાચાળ હોય તે સર્વેની પરીક્ષા આવી જાય છે, જે આ બહુ બુદ્ધિવાન ભક્ત છે ને આ નથી. માટે મુમુક્ષુને સંગ, સોબત, વાતચીત ઈત્યાદિક સર્વે ક્રિયા સત્પુરુષની જ ગમે છે ને એમના વચનને વિષે જે બળ છે તેને દૃષ્ટાંતે કરીને

૧. જુઓ પરિશિષ્ટ.

કહે છે ને શ્રીજીમહારાજની મરજી પ્રમાણે વર્તતા ધર્મવાળા ગરીબ એવા જે સપ્તર્ષિ તેના વચનનો ઉપરિચર વસુએ જો અનાદર કર્યો તો એ વિમાનમાંથી પૃથ્વી પર પડી ગયો ને વળી પાતાળમાં પણ પેસી ગયો ને ઇંદ્રે જો એ સપ્તર્ષિનું અપમાન કર્યું તો ધાન્યને ને દાંતને હજારો વર્ષ સુધી વૈર રહ્યું એવું મહત્પુરુષના વચનમાં બળ છે. ને શ્રી રામચંદ્રજીએ પરશુરામને રાંક બ્રાહ્મણ કરી મૂક્યા એવું મોટાના સંકલ્પમાં પણ અપાર બળ રહ્યું છે. ॥ **૪૫૯** ॥

ભગવાનને સર્વ કર્તા થકા અકર્તા કેમ સમજવા ? ઉત્તર જે, ''रामो न गच्छति ब्र तिष्ठति''[૧] એમ અકર્તા શ્રીજીમહારાજ નથી. એ તો અક્ષરધામને વિષે જેવા અલૌકિક ઐશ્વર્ય, પાર્ષદ ને સામર્થી સોતા વિરાજે છે તેવા ને તેવા જ મનુષ્યભાવને વિષે પણ વર્તે છે. એવા થકા અક્ષરથી પર છે ને સર્વેના નિયંતા છે ને સર્વના પ્રકાશક છે ને સર્વના કર્તા છે એવા જે શ્રીજીમહારાજ તેમની જે સર્વે ક્રિયા છે તે જીવોના કલ્યાણને અર્થે છે ને જ્ઞાનાકાર છે. ને પોતાના સુખને અર્થે નથી માટે અકર્તા છે. વળી જેમ કોઈકે સો મનુષ્ય મારી નાખ્યાં હોય ને બીજા સોને મારવાને અર્થે સોમલખાર નંખાવીને લાડુનું જમણ કરાવતો હોય ત્યારે એ તે મારે છે કે જમાડે છે ? એ તો મારે જ છે. ને વળી જેમ કોઈક કામ્ય યજ્ઞ કરે છે તેમાં દેવને આરાધે છે ત્યારે એ તે દેવને અર્થે કરે છે કે સ્વર્ગ સુખને અર્થે કરે છે? એ તો સ્વર્ગ સુખને અર્થે જ કરે છે. તેમ પરમેશ્વર જે તે ઊંચ,

૧. અર્થઃ– રામ જતો નથી તેમ ઊભો પણ નથી રહેતો.

નીચ, યોગ્ય, અયોગ્ય, જે જે ક્રિયા કરે છે તે સર્વે જીવોના કલ્યાણને અર્થે જ કરે છે પણ પોતાના સ્વાર્થને અર્થે લેશમાત્ર કરતા નથી માટે સર્વે ક્રિયાને કર્તા થકા અકર્તા છે એમ અજ્ઞાની જીવ નથી સમજતા ને તે પોતા જેવા જાણીને લોભ, કામાદિક ભાવ ઈશ્વરને વિષે કલ્પે છે ને શાસ્ત્રને વિષે જીવોના કલ્યાણને અર્થે જે નિયમ કહ્યા છે તેને પણ ખોટા કલ્પે છે ને એ સત્પુરુષનો દ્વેષ કરે છે માટે અસુર ભાવને પામી જાય છે ને એના કલ્યાણને અર્થે પણ એ નિયમ થાતા નથી ને ઈશ્વરનાં ચરિત્ર તો સર્વે દિવ્ય છે ને જીવના કલ્યાણનો જ છે આગ્રહ જેમને વિષે એવા છે ને કોઈકનું પદાર્થ કોઈકને દઈ દે છે ને કોઈની વહુ દીકરી હોય તેને કોઈને દઈ દે છે ને કોઈની બહેન, સ્ત્રી હોય તેને કોઈને દઈ દે છે એવા અનંત પ્રકારનાં જે ચરિત્ર તેને દિવ્ય સમજે ને એમ જાણે જે એમનું કલ્યાણ એમ જ કર્યે થાતું હશે એમ પરમેશ્વરના ચરિત્રને વિષે અલૌકિકપણું સમજે ને એમ પણ જાણે જે મહારાજને તો કોઈ પદાર્થ જોઈતું નથી ને જે જે વસ્તુનું ગ્રહણ કરે છે તે તો જીવના કલ્યાણને અર્થે કેવળ દયાએ કરીને જ કરે છે ને પોતે અન્ન, જળ વિના વાયુ ભક્ષણ કરીને રહેતા માટે સર્વ ક્રિયાઓને કર્તા થકા પણ અકર્તા છે ને એની સર્વ ક્રિયા કલ્યાણરૂપ જ છે ને દિવ્ય છે. ત્યાં બે શ્લોક છે,

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।
त्यक्तवा देहं पुनर्जन्म नैंति मामेति सोऽर्जुन! ॥[1]

૧. અર્થઃ– મારાં જન્મ અને ચરિત્ર દિવ્ય છે, આ પ્રમાણે જે યથાર્થપણે જાણે છે તે પુરુષ દેહનો ત્યાગ કરીને ફરીથી જન્મને નથી પામતો, પરંતુ મને જ પામે છે. (ગી. ૪.૯ )

न मां कर्माणि लिंपन्ति न मे कर्मफले स्पृहा ।

इति मां योऽभिजानाति कर्मभिर्न स बध्यते ॥[१] ॥ ૪૬૦ ॥

જીવાત્માને મનન દ્વારાએ કરીને અક્ષરના સાધર્મ્યપણાને પમાડ્યો હોય ને સત્તારૂપે વર્તતો હોય ને જગતની સર્વે ક્રિયાને સ્વપ્નતુલ્ય ને નાશવંત ને કાખના મુવાળા જેવી અતિ તુચ્છ સમજતો હોય ને તેને શ્રીહરિજી કહે જે જગતના સર્વે વૈભવ અસત્ય છે ને અતિશય દુઃખરૂપ છે ને અસાર છે તો એ વચન યથાર્થપણે સત્ય મનાઈ જાય છે ને એવા જ્ઞાની ભક્ત તો જીવાત્માને પણ નિર્દોષ ને અકર્તા માને છે ને શ્રીહરિજીને પણ અલૌકિક ને અકર્તા સમ્યક્ પ્રકારે સમજીને જે ભજન સ્મરણ કરે છે. તેને પણ કર્મ વળગતું નથી કેમ જે જુઓને અર્જુન હતા તેમણે શ્રીકૃષ્ણનો યથાર્થ મહિમા જાણીને ને એમને વિષે અકર્તાપણાને સમજીને ને પોતાને આત્મસત્તારૂપ માનીને અકર્તાપણે વર્ત્યા તો કર્મ વળગ્યું જ નહિ ત્યાં શ્લોક છે જે :

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।

न कर्मफलसंयोगं, स्वभावस्तु प्रवर्त्तते ॥[२]

૧. અર્થઃ– કર્મો મને બંધનકારક થતાં નથી તેમ જ કર્મના ફળરૂપ ભોગમાં પણ મને ઈચ્છા નથી. આ પ્રમાણે મને જે યથાર્થપણે જાણે છે તે ફળની આસક્તિનાં કારણરૂપ શુભાશુભ કર્મોથી બંધાતો નથી. (ગી. ૪.૧૪)

૨. અર્થઃ– સમર્થી યોગી દેહના અહંભાવે કરીને પ્રવર્તતું કર્તાપણું, આશ્રમના અભિમાન થકી મમતાએ કરીને પ્રવર્તતું કર્મ અને તે તે કર્મ થકી ઊપજતો દેવાદિક ફલનો સંયોગ તેને નથી ઉપજાવતો. પરંતુ પ્રાચીન શુભાશુભ કર્મથી ઉત્પન્ન થયેલી દેહેઇંદ્રયાદિ રૂપ પ્રકૃતિ જ પ્રારબ્ધ કર્માનુસારે પ્રવર્તે છે. (ગી. ૫-૧૪)

यस्य नाहकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वापि स इमाल्लोकान् न हंति न निबध्यते ॥[1]
नैव किंचित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ।
पश्यन्श्रृणवन्स्पृशञ्जिजध्रन्नश्ननग्च्छन् स्वपन्श्वसन् ॥
पर्लपन विसृजन् गृहन्नुन्मिषन्निमिषन्नपि ।
इन्द्रियाणींद्रियोर्थेषु, वर्तते इति धारयन् ॥[2]

એવી રીતે જ્ઞાની હરિભક્તનું વર્તન કહ્યું ત્યારે પરમેશ્વરનું તો તે કરતાં પણ અતિશય અકર્તાપણે કરીને વર્તન સર્વે શ્રુતિ, સ્મૃતિને વિષે કહ્યું છે જે કર્તા, અકર્તા, અન્યથાકર્તા પરમેશ્વર જ છે. **॥ ૪૬૧ ॥**

જીવને શાસ્ત્રને વિષે શુદ્ધ કહ્યા છે તેને વિષે કર્મ ને માયા કેમ સમજવી ? ઉત્તર જે, જીવતો અનાદિના માયાત્મક જ છે ને કર્મ ને માયા તો ભિન્‍ન ન કહેવાય. તે કઈ માયા ? તો જે જીવને વિષે પંચવિષયની ઈચ્છારૂપે રહી છે ને વળી જેમ બીજને વિષે અંકુર છે તેમ અવ્યક્તપણે રહી છે. ને જે સ્ત્રીને આકારે માયા છે તે તો કર્મ થકી જુદી છે માટે કર્મ ને માયા જુદાં છે ને અનાદિથી ભેગાં પણ છે ને સત્ શાસ્ત્રને વિષે જે

૧. અર્થઃ– જે જે મુમુક્ષુને દેહાભિમાનથી થતા કર્મના કર્તાપણાનો સંકલ્પ નથી ઊપજતો, અને કર્મ સંબંધી મમતા તથા ફલને વિષે જેની બુદ્ધિ બંધાતી નથી તે પુરુષ સમગ્ર લોકને યુદ્ધને વિષે મારીને પણ નથી મારતો અને તે કર્મે કરીને બંધાતો પણ નથી. (ગી. ૧૮-૧૭)

૨. અર્થઃ– આ પ્રમાણે આત્મતત્ત્વને જાણનારો યોગી પુરુષ શ્રોતાદિક જ્ઞાનેઇંદ્રયો, વાક્ આદિક કર્મેઇંદ્રયો અંતઃકરણ ને પ્રાણ તેથી તે તે ક્રિયાઓને કરતાં છતાં પણ હું કંઈ નથી કરતો પણ સર્વ ઇંદ્રિયો જ પોતપોતાના વિષયોમાં પ્રવર્તે છે એમ માને. (ગી. ૫. ૮-૯)

જીવને શુદ્ધ કહ્યા છે તેવા તો મહત્પુરુષની સેવાએ કરીને થાય છે તે વાત પણ મુક્ત ભેદના સારંગપુરના ૧૭મા વચનામૃતને વિષે શ્રીજીમહારાજે કહી છે. ॥ ૪૬૨ ॥

જીવ, માયા ને પરમેશ્વર એ ત્રણે અનાદિ છે તેમના મધ્યે પુરુષોત્તમને વિષે સર્વ કારણપણું ને સર્વનું કર્તાપણું કેમ સમજવું ? ઉત્તર જે, પુરુષોત્તમ તો માયાને સ્થૂલ, સૂક્ષ્મ ભાવને પમાડી દે છે ને જીવને જ્ઞાનશક્તિના વિકાસ-સંકોચે કરીને સ્થૂલ-સૂક્ષ્મભાવને પમાડી દે છે ને એને વિષે જે જે ક્રિયા ક્રિયા કરવાનું સામર્થ્યપણું ને પ્રકાશપણું ઇત્યાદિક અનેક પ્રકારની સામર્થી રહી છે તે તો પુરુષોત્તમની આપેલ છે. માટે શ્રીહરિજીને વિષે સર્વનું કારણપણું, સર્વનું નિયંતાપણું ને સર્વનું કર્તાપણું કહેવાય છે. ॥ ૪૬૩ ॥

विद्याविद्ये मम तनू विद्धयुद्धव शरीरिणां ।

बन्धमोक्षकरी आद्ये मायया मे विनिर्मिते ॥[१]

એ શ્લોકને વિષે વિદ્યા અવિદ્યા એ બેય શબ્દે કરીને બંધ ને મોક્ષ કહ્યા છે. તેમાં વિદ્યા તે શું ? ને અવિદ્યા તે શું ? ઉત્તર જે, વિદ્યા જે તે ધર્મ સર્ગને વિષે વર્તવું, જ્ઞાન શીખવું, વૈરાગ્ય શીખવો ને શ્રીજીમહારાજનો ને મોટા સંતનો મહિમા શીખવો ને નવ પ્રકારની ભક્તિ કરવા શીખવી ને શમદમાદિક સાધન

૧. અર્થઃ– હે ઉદ્ધવ ! વિદ્યા અને અવિદ્યા મારી શરીરભૂત છે. અને મારી માયા (સંકલ્પ)થી નિર્માણ થયેલી ને આદિભૂત છે તે વિદ્યા અને અવિદ્યા શરીરીઓને બંધન અને મોક્ષ કરનારી છે. વિદ્યાશક્તિ મોક્ષ કરનારી છે અને અવિદ્યા શક્તિ બંધન કરનારી છે. (ભા. અ. ૧૧-૩)

શીખવાં ઇત્યાદિક સર્વે વિદ્યાશક્તિ કહેવાય છે. ને પંચવિષયને વિષે રાગ રાખવો ને દેહાભિમાને સોતા વર્તવું ઇત્યાદિક સર્વેને અવિદ્યાશક્તિ કહેવાય છે. ને અજ્ઞાનીમાં જે અવિદ્યાશક્તિ રહી છે ને તેને વિદ્યા જણાય છે તે પણ અવિદ્યા જ છે ને તે અવિદ્યા પણ અજ્ઞાની જીવ માત્રને વિષે ને ઐશ્વર્યાર્થીને વિષે રહી છે ને તે અજ્ઞાનીમાં જે વિદ્યા જણાય છે તે શું છે ? તો જે યજ્ઞ દાન, પુણ્ય, વેદાધ્યયન ને તીર્થ, વ્રતાદિક જે જે શુભ ક્રિયા કરે છે તે સર્વે ફળને પામવાની ઇચ્છાએ સહિત કરે છે. માટે એ વિદ્યા છે તે પણ અવિદ્યા જ છે ને જે ઐશ્વર્યાર્થી હરિભક્તિ છે તેને વિષે જે વિદ્યા જણાય છે તે પણ અવિદ્યા જ છે. માટે એ સકામ ભક્ત છે ને તે ઐશ્વર્યાર્થી તો સનકાદિકથી લઈને પ્રધાનપુરુષ પર્યંત કહેવાય છે. માટે જે ભક્તની ઇંદ્રિયોની વૃત્તિયું આત્મા કે પરમાત્મા સન્મુખ વર્તે છે ને વિષયને વિષે દોષના ધ્યાને યુક્ત વર્તે છે તે ભક્ત જે તે વિદ્યાશક્તિએ યુક્ત કહેવાય છે ને જે ભક્તની ઇંદ્રિયુંની વૃત્તિયું બાહેર વર્તે છે ને વિષયને વિષે ગુણના ધ્યાને યુક્ત વર્તે છે તે ભક્ત જે તે અવિદ્યાશક્તિએ યુક્ત કહેવાય છે. ને જે હરિભક્ત એમ નથી સમજતા ને નિશ્ચયનું કે મહિમાનું બળ લઈને સ્વભાવને ટાળતા નથી ને જે હરિભક્ત શ્રીજીમહારાજની ને સત્પુરુષની બીક રાખીને ને ભગવાનને અંતર્યામી જાણીને પ્રકૃતિને ટાળે છે ને જે નથી ટાળતા એ બેને સરવાળે બહુ ફેર પડે છે ને હમણાં તો સરખા

જણાય છે. જેમ બે નાવ સમુદ્રમાં ચાલ્યાં જાતાં હોય તેમાં એકના સુકાનને ધ્રુમાંકડી સામી દૃષ્ટિ નાખીને લગાર લગાર મરડ્યા કરે ને એકના સુકાનને ન મરડે તો એ બંને નાવને આગળ જતાં સો બસો ગાઉનો ફેર પડી જાય છે. તેમ જે સ્વભાવને ટાળતો હોય ને જે ન ટાળતો હોય તેમાં પણ એમ ફરે પડે છે ને કેવળ વિદ્યા શક્તિએ યુક્ત તો શ્વેતદ્વીપના તથા બદ્રિકાશ્રમના મુક્ત વર્તે છે ને તે કર્તા, કર્મ ને ફળના સંગને વિષે આસક્તિએ રહિત વર્તે છે ને જો કદાચિત્ દેશ કાળાદિકના વિષમપણાએ કરીને એ મુક્તોને પણ પંચવિષયને સન્મુખપણું ને એમને વિષે ગુણનું ધ્યાનપણું થઈ જાય તો તે વિદ્યાને વિષે પણ અવિદ્યા કહેવાય ને જે અક્ષરધામના મુક્ત છે તે તો ગુણાતીત વર્તે છે માટે એ નિર્ગુણ કહેવાય છે ને જે આ વાર્તાને શ્રવણ, મનન ને નિદિધ્યાસ તેણે કરીને યથાર્થ સમજ્યો હોય ને તે જો થોડાક દિવસનો નવો હરિભક્ત હોય તો પણ તે સત્સંગ તથા કુસંગને ઓળખે છે ને તેમાં લેવાતો નથી. ॥ ૪૬૪ ॥

કેમ સમજે તો નિરાકારની વાર્તા શંકરાચાર્ય જેવા કરે તો પણ તેનો ગંધ અંતઃકરણને વિષે પેસે જ નહિ ? ઉત્તર જે, આમ સમજે તો એ વાતનો ગંધ પેસે જ નહિ. તે સમજવાની રીત્ય જે શ્રુતિ, સ્મૃતિ સર્વેને વિષે પરમેશ્વરને તથા પરમેશ્વરના જે ગોલોક, વૈકુંઠ ને બ્રહ્મપુરાદિક દિવ્યધામ તથા નંદ-સુનંદાદિક દિવ્ય પાર્ષદ તથા લક્ષ્મીજી ને રાધિકાજી એ આદિક દિવ્ય શક્તિઓ એ સર્વેને સાકાર જ કહ્યાં છે ને તે

સાકારપણાના નિરૂપણ કરનારાં પણ હજારો શ્રુતિ તથા સ્મૃતિઓ છે તેનાં નામ જે नित्यो नित्यानां चेतनश्चेतनानां ॥[1] सऐक्षत ॥[2] सर्वेऽनिमेषा जज्ञिरे विद्युतःपुरुषात् ॥[3] यदा यदा हि धर्मस्य ॥[4] जन्म कर्म च में दिव्यं ॥[5] न मे पार्थास्ति कर्तव्यं ॥[6] ઇત્યાદિક અને શ્રુતિ સ્મૃતિના વચને એ સર્વેના સાકારપણાનો દૃઢ ઠરાવ કર્યો હોય ને શુદ્ધ સંપ્રદાયે કરીને સત્પુરુષથી અધ્યાત્મજ્ઞાન શ્રવણ કર્યું હોય તો નિરાકારપણાની પ્રતીતિ સ્વપ્નમાં પણ થાય નહિ ને અસત્ સંપ્રદાયના અસત્ પુરુષ પાસેથી જ્ઞાન પામ્યો હોય તો તેને નિરાકારની પ્રતીતિ થાય છે. માટે સત્ અસત્‌ના વિવેકનું મુખ્ય કારણ તો સત્ અસત્ પુરુષ જ છે. **॥ ૪૬૫ ॥**

ધર્માદિકની પક્વતાએ કરીને ભગવાનના દૃઢ ભક્તને માયિક વિષયની ઇચ્છા ટળી જાય છે તેણે કરીને એમને કચરો ને કંચ એ બે સરખાં જણાય છે કેમ જે એ બેનું પ્રયોજન એ જ્ઞાની ભક્તને રહેતું નથી માટે  સરખાં જણાય છે ને જે સુખ દુઃખ છે તે તો જીવની સમજણમાં જ રહ્યાં છે કેમ જે આ વસ્તુ તો સુખદાયક છે ને આ વસ્તુ તો દુઃખદાયક છે એવી અંતરમાં

૧. અર્થઃ– નિત્ય ચૈતન્ય અને બહુ જીવાત્માઓના મધ્યે નિત્ય, ચૈતન્ય અને એક જ પરમાત્મા જીવાત્માઓના મનોરથોને પૂર્ણ કરે છે.

૨. તેણે જોયું.

૩. તેજોમય પુરુષાકાર શ્રી ભગવાનથી સર્વ દેવો ઉત્પન્ન થયા.

૪. જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે, ત્યારે ત્યારે હું અવતરું છું.

૫. મારાં જન્મ અને કર્મ દિવ્ય છે.

૬. હે અર્જુન ! મારે કંઈ પણ કરવા યોગ્ય નથી.

જે દૃઢ સમજણની ગાંઠ પડી છે તેમાં સુખ દુઃખ રહ્યાં છે ને જુઓને આ લોકમાં પુરુષ જે તે પોતાના પુત્રને પરણાવવા જાય છે ત્યાં પોતાને ''મોચી ઘાંચીના રે સઈ સુતારના રે'' એવી રીતે અનેક જાતની ગાળો દે છે પણ તે સાકર જેવી ગળી લાગે છે. ત્યારે સુખ દુઃખ તે સમજણમાં જ રહ્યાં છે તે માટે અંતરમાં સત્ અસત્નો વિવેક કરીને આ લોકનાં સુખ દુઃખને ખોટાં સમજે તો બાહેરથી તે ખોટાં થઈ જાય છે. ॥ ૪૬૬ ॥

નૃસિંહાનંદ સ્વામીએ પૂછ્યું જે આસ્તિક કોને કહીએ ? ઉત્તર જે, જેને શ્રી હરિકૃષ્ણજી મહારાજ તથા તેમના અવતાર તથા વેદાદિક સચ્છાસ્ત્ર તથા તેમનાં ધામ તથા તેમના એકાંતિક સાધુ એ સર્વેનો સત્યપણાનો જેને વિશ્વાસ હોય તેને આસ્તિક મતિવાળો ભક્ત કહીએ. ॥ ૪૬૭ ॥

અને જગત આદ્યે નહોતું ને અંતે પણ નહિ રહે ને મધ્યે ઝાંઝવાના જળની પેઠે જણાય છે તે કહ્યું છે જે,

न यदिदमग्र आस ॥[1]
अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ! ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥[2] ॥ ૪૬૮ ॥

અહંવૃત્તિ તે શું ? તે ઉપર વાર્તા કરી જે લીંબુ, વઘાર, પુસ્તક અને વસ્ત્રને દૃષ્ટાંતે કરીને કહ્યું જે જેમ લીંબુનો રસ

૧. અર્થઃ– જે આ જગત છે તે આથી પહેલાં ન હતું.

૨. અર્થઃ– હે ભારત ! આ દેવ મનુષ્યાદિક ભૂત પ્રાણીમાત્રના પૂર્વાવસ્થા, તેમ જ અંત અવસ્થા તે સ્પષ્ટ જણાય તેવી નથી. માત્ર મધ્ય અવસ્થા જ સ્પષ્ટ જણાય છે તો તે માટે દુઃખ નિમિત્ત શોક શા માટે કરવો. (ગી. અ. ૨-૨૮)

લગારેક હોય છે તે જેમાં નાખે તે સર્વે વસ્તુમાં વ્યાપી જાય છે. તેમ જ વઘારને પણ જાણવું ને વસ્ત્ર અને પુસ્તકને જોઈને ત્રાગે ત્રાગે ને પાને પાને વૃત્તિ થઈ જાય છે. તેમ અહંવૃત્તિ પણ દેહને વિષે નખથી લઈને શિખા પર્યંત વ્યાપી રહે છે. ॥ ૪૬૯ ॥

આ ચાર વાનાં જીવનાં કલ્યાણના હેતુ છે. (૧) શ્રીજીમહારાજ, (૨) એમના એકાંતિક સાધુ, (૩) મંદિરમાં પધરાવેલી એવી જે ભગવાનની મૂર્તિઓ ને (૪) સત્શાસ્ત્ર, તેમાં પ્રથમના ને બીજા એ બે શ્રેષ્ઠ છે ને ત્રીજા તથા ચોથા તે એથી લગારેક ન્યૂન છે. ॥ ૪૭૦ ॥

શિખર ચઢીને મંદિર સંપૂર્ણ ક્યારે થાય ? ઉત્તર જે, ધર્મ-જ્ઞાનાદિક ગુણને પુરુષ પ્રયત્ને કરીને જ્યારે અતિ પક્વ કરે ને તેણે કરીને વાસના નિર્મૂળ થઈ જાય ત્યારે શિખર ચઢે ને મંદિર પૂરું થયું કહેવાય ને તે વિના તો અધૂરું જ કહેવાય ॥ ૪૭૧ ॥

અજ્ઞાન ને રાગ એ બે એક છે કે નહિ ? ઉત્તર જે, અજ્ઞાન તો આત્મા અને પરમાત્માના વિવેક સોતી યથાર્થ સમજણ ન હોય તેને કહીએ ને રાગ તો પંચવિષયને વિષે જે પ્રીતિ છે તેને કહીએ પણ એ બે કાંઈ એક નથી એ બેમાં તો બહુ ભિન્નપણું છે. ॥ ૪૭૨ ॥

જીવ જે તે જેવો ધર્મ, અર્થ અને કામને અર્થે પુરુષ પ્રયત્ન કરે છે તેવો મોક્ષને અર્થે પુરુષ પ્રયત્ન કરતો નથી એનું જ નામ મોહ છે ને વળી પ્રત્યક્ષ ભગવાન તથા પ્રત્યક્ષ સંતને મેલીને બીજે ઠેકાણે અજ્ઞાની ને પામર જેવા જે જીવ તેમનો જે વિશ્વાસ કરવો એ પણ મોહ જ છે. ॥ ૪૭૩ ॥

અને મુક્ત બુદ્ધિ શીખવી ને તે તો સત્વગુણી હોય તેમનાથી શીખાય છે તેનું લક્ષણ જે

प्रवृत्तिं च निवृतिं च कार्याकार्ये भयाभये ।
बंधं मोक्षं च यावेत्ति बुद्धिः सा पार्थ! सात्विकी ॥[1] ॥ ૪૭૪ ॥

જે હરિભક્તને વિષે સાંખ્ય અને અષ્ટાંગયોગ એ બે હોય તેને કાંઈ વાંધો જ રહે નહિ. તે સાંખ્ય તે શું તો પંચવિષયને વિષે બુદ્ધિ રાખવી ને તે બુદ્ધિ દિવસે દિવસે વૃદ્ધિ પામે તેને અર્થે વારંવાર પુરુષ પ્રયત્ન કરીને નિત્ય પ્રલયાદિકનો વિચાર કર્યા કરવો તે છે. અને યોગ તે શું તો પુરુષોત્તમ ભગવાનને પૂર્ણકામ સમજીને તેમની નવધા ભક્તિ કરવી ને તેમનો મહિમા સમજવો જે શ્રી હરિકૃષ્ણજી મહારાજ દયાએ કરીને જે જે પદાર્થને અંગીકાર કરે છે તે તો જીવના કલ્યાણના અર્થે જ કરે છે પણ પોતાના સ્વાર્થને અર્થે લેશમાત્ર કરતા નથી ને એ શ્રીજમહારાજની સૂક્ષ્મતા આગળ અક્ષર તો અતિશય સ્થૂળ જણાય છે ને એ તો એમને રહ્યાનું પૃથ્વીરૂપ સ્થાનક છે. ॥ ૪૭૫ ॥

ઉપાસ્ય, ઉપાસક અને સ્થાનક એ ત્રણેના શુદ્ધપણાએ કરીને ઉપાસક જે તે ઉત્તમ ભક્ત થાય છે ને સનકાદિકને ઉપાસ્ય સ્વરૂપ સરસ નથી એટલે તે સરસ થાતા નથી ને

૧. અર્થઃ– હે અર્જુન ! પ્રવૃત્તિ જે વૈભવનાં સાધનરૂપ ધર્મ અને નિવૃત્તિ જે મોક્ષનાં સાધનરૂપ ધર્મ, તેમ જ તે બંને ધર્મોનું પાલન કરતા સર્વ વર્ણાશ્રમીઓને કરવા યોગ્ય તથા નહિ કરવા યોગ્ય કાર્ય, અને શાસ્ત્રની મર્યાદા નિવૃત્તિ થવારૂપ ભયસ્થાન તેમ જ શાસ્ત્ર પ્રમાણે વર્તવા રૂપ અભયસ્થાન એ આદિકને જાણનારી બુદ્ધિ સાત્વિકી કહેવાય છે. (ગી. અ. ૧૮-૩૦)

પર્વતભાઈને રહેવાનું સ્થાનક સારું ન હતું માટે આગ્રહે કરીને સત્પુરુષને સહાય રાખીને જો ઉપાસ્ય સ્વરૂપને સમજવા મંડ્યા તો વૈરાજપુરુષથી લઈને પુરુષોત્તમ ભગવાન પર્યંત જેમ છે તેમ યથાર્થ સમજ્યા ખરા. તે ઉપર માછલાં જેમ અભ્યાસે કરીને જળમાં સામે પૂરે ચાલે છે તે દૃષ્ટાંતે[1] કરીને પુરુષ પ્રયત્નની વાર્તા કરી. ॥ ૪૭૬ ॥

શુકજીને જો જ્ઞાનાંશની સમજણ હતી તો શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્રને વિષે સંશય થયો નહિ ને પરીક્ષિત રાજાની જન્મોત્રીમાં એની મોટપ અતિશય કહી છે તો પણ એને જ્ઞાનાંશ વિના શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્રને વિષે સંશય થયો છે. ને બ્રહ્માને પણ તેમની પેઠે જ થયું ને નારદને પણ સંશય થયો જે ભગવાન ઘરોઘર દીઠા. માટે એકાંતિકનો સંગ કરીને જ્ઞાનાંશની સમજણનું અતિ દૃઢપણું કરવું ને ઇંદ્રિયો, મન, બુદ્ધિ ને જીવ એમને વિષે ભગવાનનો નિશ્ચય થયા પછી સત્પુરુષના સંગે કરીને જીવ બહુ વૃદ્ધિને પામે છે. તે ઉપર વેલો જેમ ઝાડને યોગે કરીને વૃદ્ધિ પામે છે તે દૃષ્ટાંતે[2] કરીને વાર્તા કરી. ॥ ૪૭૭ ॥

અધર્મ સર્ગના મોટેરા એવા જે લોભાદિક પાંચ દોષ છે તેને ધર્મ સર્ગના નિર્લોભાદિક જે પાંચ ગુણરૂપ ઉપાય કહ્યા છે તેણે કરીને જીતીને ભક્તિ કરવી એમ પાંચ અધ્યાયે કરીને કહ્યું છે ને છઠ્ઠા અધ્યાયને વિષે જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિ કહી છે. તે માહાત્મ્ય એમ જાણવું જે ભગવાનનો

૧. જુઓ પરિશિષ્ટ. ૨. જુઓ પરિશિષ્ટ.

દિવ્યભાવ ને મનુષ્યભાવ તે એક જ છે પણ રંચ માત્ર ફેર નથી. ॥ ૪૭૮ ॥

શ્રીહરિજીના ભક્તને હરિ ભજવામાં કોઈ અંતરાય છે કે નથી ? ઉત્તર જે, અંતરાય તો છે; તેની વિગત જે મોટા ગૃહસ્થ છે તેમને તો ગામ ગરાસ અને વાહનાદિક તથા વ્યવહાર જે રાજ્યકાર્યાદિક તથા ખાનપાનાદિક એ સર્વે હરિભજનમાં અંતરાય કરનારા થાય છે ને ગરીબ હરિભક્તને પણ એ મોટા ગૃહસ્થ અંતરાય કરનારા થાય છે. ને ગરીબ જે ત્યાગી છે તેને તો બરોબરિયા જે ત્યાગી તથા મોટા મનુષ્ય એ અંતરાય કરનારા થાય છે. એ અંતરાય કેમ ન થાય ? ઉત્તર જે, ધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય એ ત્રણે અંગે સહિત જે ભક્તિ તેણે યુક્ત એવા જે સત્પુરુષ તેમને ઓળખીને તેમની અનુવૃત્તિમાં રહીને જો એમનો સમાગમ કરે તો કોઈ અંતરાય ન થાય. ત્યારે કહેશો જે બીજાનો દ્રોહ ન થાય ? એમ કોઈ કહે તો એમાં દ્રોહ શાનો થાય ? ને એમ ન સમજે ને સર્વેને સરખા સમજે તેને તો પશુ જેવો મૂર્ખ જાણવો ને શાસ્ત્રમાં પણ કહ્યું છે જે સંત છે તે તો ત્રીસ તથા ચોસઠ લક્ષણે કરીને યુક્ત છે ને શ્રીજીએ પણ સત્સંગિજીવનને વિષે ધર્મરક્ષાના અધ્યાયમાં બે પ્રકારના સંત કહ્યા છે તેમાં અલ્પ બુદ્ધિવાળાનો સંગ પાપીની પેઠે દૂરથી ત્યાગ કરવાનું કહ્યું છે ને બહુ બુદ્ધિવાળા સંતના સંગે કરીને ત્રણ અંગે સહિત જે ભક્તિ છે તે વૃદ્ધિને પામે છે એમ કહ્યું છે. તે પછી મુક્તાનંદ સ્વામી તથા સ્વરૂપાનંદ સ્વામી તથા સચ્ચિદાનંદ સ્વામી એમના પ્રસંગની વાર્તા નીસરી તથા

પર્વતભાઈ તથા ડોડિયા પુંજા ભક્ત એમની વાર્તા વિસ્તારીને બહુ થઈ તેમાં પણ સચ્ચિદાનંદ સ્વામી દેહ મૂકીને બ્રહ્મપુરમાં ગયા ને ત્યાં ચોરની પેઠે છુપાઈ રહ્યા એવી રીતે વાર્તાનો[1] પ્રસંગ બહુ નીસર્યો. ત્યારે સંતે કહ્યું જે એવામાં સ્વભાવ હોય કે નહિ ? ઉત્તર જે, મુક્તાનંદ સ્વામી તથા સ્વરૂપાનંદ સ્વામી એ આદિક જે સંત તેમણે પુરુષ પ્રયત્ને કરીને પોતાના સ્વભાવને ટાળ્યા હોય તેવા સંતને વિષે ન હોય. ત્યારે તે સંતે કહ્યું જે એવાને વિષય તે બંધન કરે કે ન કરે ? ઉત્તર જે, બહુ ઉપશમ રૂપ ઐશ્વર્યને પામ્યા હોય તે તો જીવના કલ્યાણને અર્થે વિષયનું ગ્રહણ કરે પણ તત્કાળ વિષયના બંધનને ટાળી નાખે ને જે અલ્પ ઉપશમ રૂપ સામર્થીને પામ્યો હોય તે તો શાસ્ત્રના રહસ્યને પોતાની મેળે સમજે ને બીજા તો એવાની પાસે શાસ્ત્રના રહસ્યને શીખે તો જાણે. ॥ ૪૭૯ ॥

તપે કરીને જીવનું અંતઃકરણ શુદ્ધ થાય છે ને શ્રીહરિજી પણ પ્રસન્ન થાય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે પણ ભક્તિએ કરીને અંતઃકરણ શુદ્ધ થાય છે એમ શાસ્ત્રમાં કેમ કહેતા નથી ? ઉત્તર જે, તપે કરીને વિષયની નિવૃત્તિ થઈ જાય છે ને અંતઃકરણ શુદ્ધ થાય છે. ને ભક્તિમાં તો સકામ ભક્તને વિષયનો સંબંધ રહે છે એટલે અંતઃકરણ શુદ્ધ થાતું નથી. માટે ભક્તિએ કરીને અંતઃકરણની શુદ્ધિ શાસ્ત્રમાં કહેતા નથી. ॥ ૪૮૦ ॥

ભક્તિ, તપ, જ્ઞાન, વૈરાગ્ય, સ્વધર્મ અને વ્રતાદિક એમાં

૧. જુઓ પરિશિષ્ટ.

કોણ શ્રેષ્ઠ છે ? ઉત્તર જે, નિષ્કામભાવે કરીને એ સાધનને કરે તો સર્વે શ્રેષ્ઠ છે. નહિ તો સર્વે સમાન છે. ॥ ૪૮૧ ॥

મુમુક્ષુને જેમ છે તેમ સમજતાં પોતાની મેળે સર્વેને આવડતું નથી ને કેટલાકને તો સમજાતું જ નથી ને કેટલાક સમજે છે તે પણ વિષયને મૂકી શકતા નથી કેમ જે જુઓને સાઠ હજાર વાલખિલ્ય ઋષિ છે તે સમજતા નથી ને બૃહસ્પતિ, ઈંદ્ર ને દક્ષાદિક તે સર્વે સમજે છે. પણ તે વિષયને મૂકી શકતા નથી ને એમ સમજે છે જે આપણે તો એમ જ રહેવાય. એમ મનમાં આંટી પાડી છે. તેમ આ લોકના ભક્તને વિષે પણ એમ સમજણ છે. ત્યારે પૂછ્યું જે કેમ સમજવું ? ઉત્તર જે, ધર્મ-જ્ઞાનાદિક સાધને કરીને બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ એવા જે શ્રી હરિકૃષ્ણજી મહારાજ તેમને અતિશય શુદ્ધ ને અતિ નિર્વિકાર ને સર્વ થકી પર ને સર્વના અંતર્યામી ને સર્વના પ્રેરક ને સર્વના સ્વામી ને સર્વના કર્તા ને સર્વના કર્મફળપ્રદાતા એવા સમજીને અનેક ગુણે કરીને યુક્ત એવા જે શ્રીજીમહારાજ તેમની અતિશય દૃઢ ઉપાસના કરવી. ॥ ૪૮૨ ॥

ઉત્તમ ભક્તને સુષુપ્તિની પેઠે વર્તે છે. એમ વચનામૃતનો પ્રસંગ નીસર્યો ત્યારે હરિભક્તે શંકા કરી જે સુષુપ્તિમાં તો અજ્ઞાન છે તે જ્ઞાની ભક્તને ન હોય માટે એનું કેમ સમજવું ? ત્યારે મોટા સંતે કહ્યું જે જ્ઞાની ભક્તને જાગૃતિને વિષે સુષુપ્તિની પેઠે તો વિષયને વિષે અભાવે યુક્ત વર્તવાપણું છે. તે ભગવાને ગીતામાં કહ્યું છે જે,

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥[1] ॥ ૪૮૩ ॥

શ્રીજીમહારાજને દેખે છે પણ પોતાના સ્વરૂપને જુદું દેખતો નથી એ કેમ હશે ? ઉત્તર જે, એ તો સાધનકાળને વિષે જો જીવ, ઈશ્વર ને પરમેશ્વર એમના સ્વરૂપનો ભિન્ન ભિન્ન શ્રવણ, મનન ને નિદિધ્યાસ કર્યો હોય તો દૃઢ સ્થિતિમાં પણ જુદાં જણાય છે, નહિ તો ન જણાય. ॥ ૪૮૪ ॥

પરમેશ્વર તો પૂર્ણ કામ છે ને તેમને કાંઈક જોઈતું નથી ને ગ્રહણ કરે છે તેનું કેમ જાણવું ? ઉત્તર જે, એ તો જીવના કલ્યાણને અર્થે પરમેશ્વરે અતિશય દયાએ કરીને મનુષ્યભાવનું ગ્રહણ કર્યું છે ને જો એ કોઈ પદાર્થને અંગીકાર ન કરે તો આપણું શ્રેય કેમ થાય ? માટે પોતે એવો સંકલ્પ કર્યો છે જે અમને ભૂખ, તરસ, શીત, ઉષ્ણાદિક મનુષ્યની પેઠે થાઓ. તે વાત શ્રીજીએ પંચાળાના ચોથા વચનામૃતમાં કહી છે. ॥ ૪૮૫ ॥

લય, વિક્ષેપ, રસાસ્વાદ અને કષાય એ ચારને ટાળ્યાનો શો ઉપાય છે ? (૧) લય તો ભગવાનની લીલાના ચિંતવને કરીને તથા સ્વામિનારાયણ નામના ભજને કરીને ટળે છે.

૧. અર્થઃ– સર્વ જીવ પ્રાણી માત્રને આત્મા પરમાત્માના વિષયવાળી બુદ્ધિ રાત્રિની પેઠે અપ્રકાશ કરનારી છે. અર્થાત્ વિષયી જીવોને તે માર્ગે નથી ચલાતું અને તે આત્મા પરમાત્માના વિષયવાળી બુદ્ધિમાં સંયમી પુરુષ જાગે છે અર્થાત્ આત્મા પરમાત્માના સ્વરૂપનો જોતો થકો રહે છે. અને જે વિષયોમાં ભૂત પ્રાણી માત્ર જાગે છે તે જ્ઞાનવાન મુનિની રાત્રી છે અર્થાત્ તે વિષયોમાં તેને અભાવ વર્તે છે. (ગી. અ. ૨-૬૯)

(૨) વિક્ષેપ તો શ્રીજીમહારાજના માહાત્મ્યના વિચારે કરીને તથા આત્મા, અનાત્માના વિવેકે કરીને ટળે છે. (૩) રસાસ્વાદ તો નિયમને વિષે યથાર્થપણે વર્તવે કરીને ટળે છે, (૪) કષાય તો સત્તા રૂપ થઈને શ્રીજીમહારાજના ધ્યાને કરીને ટાળે તો ટળે છે. ॥ ૪૮૬ ॥

સત્સંગ કરે છે તેને દિવ્ય દેહ કેમ બંધાય છે ? ઉત્તર જે, જેમ મૂર્તિનું બીબું મીણનું કરે છે તેમ પાંચ પ્રકારના રસ રેડે છે તે રસની મૂર્તિ બંધાય છે ને મીણનું બીબું ગળી જાય છે ને તે ઉપર માટીનું ખોખું હોય તેને ભાંગી નાખે છે તેમ ધર્મ-જ્ઞાનાદિક સાધન જેમ જેમ પક્વતાને પામતાં જાય તેમ તેમ દિવ્ય દેહને વિષે પ્રકાશાદિક ઐશ્વર્ય આવતાં જાય ને ચાર સાધન જીવને વિષે સંપૂર્ણ પ્રાપ્ત થાય છે ત્યારે દિવ્ય દેહ સર્વ પ્રકારે સંપૂર્ણ થાય છે ને તે પછી માટીનાં ખોખાંને ઠેકાણે જે સ્થૂલ દેહ તે પડી જાય છે ને જેમ મૂર્તિને ઘસી ભૂંસીને દિવ્ય કરે છે તેમ એ એકાંતિક ભક્તને શ્રીહરિજી મહારાજ અતિ દયાએ કરીને ને ભીની દૃષ્ટિએ કરીને સર્વે કસર ટાળી નાખે છે ને દેહાભિમાન તો સ્થૂલ દેહને વિષે રહે છે ને માન તો સૂક્ષ્મ દેહને વિષે રહે છે. એ રીતે બે પ્રકારે માનના વિવેકની કરી. ॥ ૪૮૭ ॥

ઉપાસ્ય, ઉપાસક ને સ્થાનક એ ત્રણની શુદ્ધતા કહો ? ઉત્તર જે, પુરુષોત્તમ ભગવાનને તુલ્ય ઉપાસ્ય કોઈ નથી એ ઉપાસ્યની શુદ્ધતા કહેવાય ને જે અક્ષરના સાધર્મ્યપણે વર્તવું તે ઉપાસકની શુદ્ધતા કહેવાય છે ને સ્થાનકની શુદ્ધતા તો

અક્ષરબ્રહ્મ જ છે એમ જાણવું. ॥ ૪૮૮ ॥

સ્થૂળ ને સૂક્ષ્મ દેહના ભાવ ટાળવાના સાધનને વિષે બદ્રિકાશ્રમના ઋષિ મંડ્યા છે ને કારણ શરીરના ભાવને ટાળવાના સાધનને વિષે શ્વેતદ્વીપના મુક્ત મંડ્યા છે. ॥ ૪૮૯ ॥

સ્વયં, અંશ, કળા ને વિભૂતિ એ ચારના ભેદને કેમ સમજવા ? ઉત્તર જે, સગુણ, નિર્ગુણ એ બે પ્રકારના ભગવાનના અવતાર છે તેને મધ્યે સગુણ તો પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ ને સંકર્ષણ એ સ્વયં અવતાર છે ને બ્રહ્મા, વિષ્ણુ ને શિવ એ તો અંશાવતાર છે. ને કશ્યપાદિક કળાવતાર છે. ને નિર્ગુણમાં તો શ્રીકૃષ્ણાદિક સ્વયં અવતાર ને દત્ત કપિલાદિક અંશાવતાર ને મચ્છ કચ્છાદિક કાળાવતાર એમ છે ને વિભૂતિ તો ઇંદ્રાદિકને જાણવી ને વિભૂતિ તો ભગવાનની છડી છે. ગીતામાં તો રાજાને પણ વિભૂતિ કહ્યા છે. માટે છડી તો સર્વેને માનવા જોગ છે ને રાજા પરીક્ષિતનું ઋષિએ સન્માન ન કર્યું તો કેટલી ઉપાધિ થઈ ને તે રાજાઓને વિષે નિરંતર જે સ્વાભાવિક ગુણ રહે છે તે તો પોતાના છે ને જે વિશેષ ઐશ્વર્ય જણાય છે તે પરમેશ્વરનું છે એમ જાણવું. ॥ ૪૯૦ ॥

અને અન્નમયકોશ, પ્રાણમયકોશ, મનોમયકોશ, વિજ્ઞાનમયકોશ ને આનંદમયકોશ એમની સ્થિતિ જુદી જુદી કહી છે. ॥ ૪૯૧ * ॥

અને જીવ કિયે ઠેકાણે રહે છે ? જો સુષુમ્ણા નાડીમાં રહે છે એમ કહીએ તો એ તો મુક્તની નાડી છે. તેનો ઉત્તર જે,

જીવની દૃષ્ટિ દૃશ્ય સામી રહે છે માટે બદ્ધ રહે છે તેને પતંગિયાને દૃષ્ટાંતે[૧] કરીને સ્વામીએ બહુ વાત કરી. ॥ ૪૯૨ * ॥

અને પરમેશ્વરની આજ્ઞામાં બ્રહ્માદિક દેવ કેમ વર્તે છે ? તો જેમ રાજાની આજ્ઞામાં તેના કારભારી વગેરે વર્તે છે તેમ. ॥ ૪૯૩ * ॥

અને પૂછ્યું જે મહાપુરુષને રહ્યાનાં સ્થાનક શાનાં છે ? ત્યારે કહ્યું જે પંચભૂતનાં છે. ત્યારે સ્વામી કહે તે સમે પંચભૂત ક્યાંથી હોય ? જેમ મૂર્તિમાન અગ્નિદેવમાં જ્વાલા રહી છે તેમ પંચભૂત તો એમાં રહ્યાં છે. ॥ ૪૯૪ * ॥

અને સર્વે વર્ણને વિષે ધર્મ કેમ રહ્યો છે ? એ પ્રશ્નનો ઉત્તર જે, કોઈકને વિષે તો અર્થને લઈને ધર્મ રહ્યો છે ને કોઈકને વિષે તો કામને લઈને ધર્મ રહ્યો છે ને કોઈને વિષે કપટે કરીને ધર્મ રહ્યો છે. ઇત્યાદિક ઘણે પ્રકારે કરીને રહ્યો છે. પણ કેવળ મોક્ષને અર્થે નથી જણાતો. ત્યારે કોઈકે પૂછ્યું જે ત્યાગીને હશે ? ત્યારે સ્વામી કહે એમાં પણ નાત્યને લઈને તથા પ્રબંધે કરીને રહ્યો છે. ત્યારે ફરી પૂછ્યું જે તે મોક્ષને અર્થે કેમ થાય ? ત્યારે સ્વામી કહે સત્પુરુષને ઓળખીને તેમનો સંગ, મન, કર્મ, વચને કરે ને તેમના હાથ તળે રહ્યો થકો વર્ત્યા કરે તો મોક્ષને અર્થે થાય છે. ને એમ ન વર્તે તો ધર્મ, અર્થ ને કામ પર થઈ જાય છે. એમ કહીને અર્જુનના શૂરવીરપણાની વાત સાથે બીજા પણ શૂરવીરો[૨]ની વાત કરી. ॥ ૪૯૫ * ॥

---

૧. જુઓ પરિશિષ્ટ. ૨. જુઓ પરિશિષ્ટ.

અને નિશ્ચયનું શું લક્ષણ છે ? એ પ્રશ્નનો ઉત્તર બીજાએ કહ્યો જે ઓળખવું કે જ્ઞાન એને કહેતા હશે. ત્યારે એકે કહ્યું જે નિશ્ચયનું તો કાંઈ ઠેકાણું નથી કેમ જે પ્રથમ તો અતિશય જાણતો હોય ને પછી કાંઈએ રહે નહિ. ત્યારે સ્વામી બોલ્યા જે એવાને તો પ્રથમથી જ નહિ હોય ને કોઈકને લગાર ઈંદ્રિયુંમાં કે અંતઃકરણાં હશે તે કાંઈક અસમર્થ ચરિત્ર જણાઈ આવે તેણે કરીને ટળી જાય છે. ॥ ૪૯૬ * ॥

અને સ્વામીએ વાત કરી જે નામને તો સ્વરૂપ, ગુણ ને ચરિત્રનો સંબંધ રહે છે. ત્યારે કોઈએ પૂછ્યું જે ગુણ ને ચરિત્રમાં શો ફેર છે ? ત્યારે સ્વામી કહે જે પુંડરીકાક્ષ, પુંડરીકવદન, નિષ્કલંક, ચંદનાર્ચિત આદિક સ્વરૂપનિર્ણય છે ને અતિ દયાળુ, અતિ કૃપાળુ, અતિ વત્સલ ઈત્યાદિક ગુણનિર્ણય છે. ને ચરિત્ર તો જે નાના પ્રકારની ક્રિયા કરવી તે છે. ॥ ૪૯૭ * ॥

અને કર્મ, ભક્તિ ને જ્ઞાનના ભેદ છે તેની વિગત જે કર્મયોગ તે પોતાના વર્ણાશ્રમને અનુસારે ઉદ્યમ કરે ને તેમાંથી દશોંદ વીશોંદ શ્રીજીમહારાજને અર્થે કાઢે તેને કહીએ, ને ત્યાગી થઈને નવધા ભક્તિ નિષ્કામપણે પ્રમાદ મૂકીને કર્યા કરે તેને ભક્તિયોગ કહીએ ને સત્તારૂપ થઈને ગુણને ટાળતા થકા કૈવલ્યપણે ભક્તિ કરે તેને જ્ઞાનયોગ કહીએ. ॥ ૪૯૮ * ॥

અને શ્રીજીમહારાજમાં શક્તિ રહી છે તેને કેમ સમજવી ? તો જે મનુષ્ય, પશુ આદિક સર્વે શ્રીજીની મૂર્તિ

જોઈને તેને વિષે અતિશય તણાય છે ને પોતાની ક્રિયા કરવા સમર્થ થાતાં નથી અને જેની શક્તિ ભક્તમાં, કાળમાં, નામમાં તથા વચનમાં પણ રહી છે. એમ વિસ્તારે કરીને વાત બહુ કરી. ॥ **૪૯૯ *** ॥

અને પૂછ્યું જે ઋષભદેવાદિક તથા શુક જડભરતાદિક એ સર્વે ત્યાગી છે તેમાં કોણ શ્રેષ્ઠ છે ? તેનો ઉત્તર જે, ઋષભદેવાદિક તો અતિશય શ્રેષ્ઠ છે. ॥ **૫૦૦ *** ॥

અને પૂછ્યું જે પ્રેમી ભક્ત છે તે તો ઐશ્વર્યાર્થીમાં વળગી જાય છે ને જ્ઞાની છે તે તો બ્રહ્મ સુખમાં વળગી જાય છે માટે એ બેયને બાધ આવ્યો તે કેમ કરે તો ટળે ? તેનો ઉત્તર જે, એ બે જો શ્રીજીમહારાજનો મહિમા સમજે તો ટળે. તે ઉપર વજ્રની ખીલીનું વચનામૃત વંચાવ્યું. ને કહ્યું જે દિવ્યભાવ તથા મનુષ્યભાવ એ બેય તુલ્ય છે તેમાં રંચમાત્ર ફેર નથી. પણ જો જ્ઞાન, વૈરાગ્યાદિક સાધને કરીને નિર્વાસનિક થવાય તો સર્વ પ્રકારે માહાત્મ્ય સમજાય છે. ॥ **૫૦૧ *** ॥

અને ધર્મ, જ્ઞાનાદિકની અવધિ જોઈ ત્યારે પ્રથમના ત્રણની તો અવધિ જાણ્યામાં આવી ને એક તો અગાધ રહ્યું. ॥ **૫૦૨ *** ॥

અને જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ તથા ઇચ્છાશક્તિનાં લક્ષણ કહ્યાં જે પરમેશ્વર શ્રીહરિજી મહારાજ તે જે તે પોતાની જે જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ ને ઇચ્છાશક્તિ તેને અનુસારે પ્રેરે છે. તે વ્યાસજીએ શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે જે :–

बुद्धीन्द्रियमनःप्राणान् जनानामसृजत्प्रभुः ।
मायार्थं च भावार्थं च ह्यात्मने कल्पनाय च ॥[1]

અને નરનારાયણ ભગવાનનું તપ પણ એમ જ છે ને જ્ઞાનશક્તિ આદિક પણ એ પ્રમાણે છે. ॥ **૫૦૩ *** ॥

અને નિષ્ઠા ને મહિમા એક છે કે જુદા છે ? એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે નિષ્ઠા તો એને કહીએ જે એક પુરુષોત્તમને વિષે જ સર્વનું અંતર્યામીપણું તથા સર્વનું કર્તાપણું તથા સર્વનું આધારપણું તથા સર્વનું પ્રેરકપણું રહેલું છે. એવી રીતે અંતઃકરણમાં નિરંતર દૃઢ વર્ત્યા કરે તેને કહીએ. ને મહિમા તો આવે ને જાય પણ ખરો પણ એવી વાર્તાનું શ્રવણ, મનન ને નિદિધ્યાસ નિરંતર કર્યા કરે તો મહિમા નિરંતર રહે ને સાક્ષાત્કાર થાય. જેમ કોઈ શ્લોક કે કીર્તન મુખપાઠ કરેલ હોય તેને વરસ, છ મહિના સુધી ખટકો રાખીને વાર્તા કર્યામાં લાવ્યા કરે કે સંભાર્યા કરે તો પક્વ થાય. ॥ **૫૦૪ *** ॥

અને ॥ सत्त्वं यद्ब्रह्मदर्शनं ॥ સત્ત્વગુણથી બ્રહ્મનું દર્શન થાય છે. એવી જે માયા તે દુઃખરૂપ કેમ કહેવાય છે ? એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે જેમ પૃથ્વીની ઘટાદિક એવા અનેક પ્રકારની રચના છે તથા કાચ આદિકને વિષે સ્વચ્છપણું છે તે સર્વે કર્તાની શિલ્પતાએ કરીને છે, તેમ શ્રીહરિજી મહારાજ અને તેમના સત્પુરુષના સંબંધે કરીને સત્ત્વગુણને વિષે બ્રહ્મ દર્શનપણું છે ને એમ ન હોય તો આરબ ને કોળી

૧. અર્થઃ– પરમાત્માએ સર્વે દેહધારીઓને બુદ્ધિ, ઇંદ્રિય, મન, પ્રાણ વગેરે આપ્યું છે, જેનાથી તેઓ ભૌતિક સુખ, જન્મમરણ કે મોક્ષ પ્રાપ્ત કરી શકે.

આદિકને વિષે સત્ત્વગુણ તો દેખાય છે તો પણ બ્રહ્મદર્શન તો કહેવાય નહિ. ને નિર્ગુણપણું તો એ બેયના સંગે કરીને આવે છે. ને તેને વિષે બીજો એક ભેદ છે જેમ આંહીથી વડતાલ તથા ધોલેરે કે જૂનાગઢ ગયા તો પણ ગયા કહેવાય ને હોય તો મારગમાં તેમ હરિભક્ત નિર્ગુણ કહેવાય. એમ દેવને દૃષ્ટાંતે[૧] કરીને બહુ વાર્તા કરી. ॥ **૫૦૫ *** ॥

અને હેત ને માહાત્મ્ય જેમ પ્રથમ હતા એમ ને એમ સદાય કેમ રહેતાં નથી ? એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે તે પ્રથમની પેઠે ન રહે પણ ગૂઢ થઈ જાય છે ને ગૂઢપણે રહીને અતિશય વૃદ્ધિને પામે છે. ॥ **૫૦૬ *** ॥

અને પુરુષોત્તમ ભગવાન, માયા અને જીવ એ ત્રણેય અનાદિ છે, એ વાત યથાર્થ છે. પણ માયા અને જીવ તો ભગવાન આગળ અતિ અસમર્થ ને પશુ જેવાં જણાય છે ને એને અનાદિપણું છે એટલું જ સરખાપણું છે પણ સર્વ ઐશ્વર્યે યુક્ત તો પુરુષોત્તમ ભગવાન એકલા જ છે. એમ સ્વામીએ મનુષ્ય અને પશુના દૃષ્ટાંતે[૨] બહુ વાત કરી. ॥ **૫૦૭ *** ॥

અને સ્વામીએ વાત કરી જે શ્રદ્ધામાં વૈરાગ્યાદિક આવી જાય છે. તે સાંભળીને સંતે આશંકા કરી જે ત્યારે તે જુદા શા સારુ કહ્યા ? ત્યારે સ્વામી કહે શ્રદ્ધા તો બીજે પણ થાય છે, માટે સત્શાસ્ત્ર અને સત્પુરુષને સંગે કરીને જ્ઞાન, વૈરાગ્યાદિક ને શ્રવણ, મનનાદિકે કરીને શીખે તો સાચી શ્રદ્ધા ઊપજે છે ને

૧. જુઓ પરિશિષ્ટ. ૨. જુઓ પરિશિષ્ટ.

તે શ્રદ્ધામાં જ્ઞાન, વૈરાગ્યાદિક રહ્યા છે. ॥ **૫૦૮ *** ॥

અને ચૈતન્યાનંદ સ્વામી કહે કે એક દિવસ સ્વામીએ મારી આગળ એમ વાત કરી જે પોતાનો જેવો સ્વભાવ હોય તેવો સર્વનો કરવા ઇચ્છીએ તો તે કેમ થાય ? કારણ કે શરીરનાં બીબાં જુદાં જુદાં છે માટે ન થાય. ને તમોગુણ ને રજોગુણના જે મલિન સંકલ્પ છે તે તો શમદમાદિકે કરીને તથા શ્રીજીમહારાજના ગુણ ચરિત્રના કીર્તને કરીને ટળે છે. ને વિષયની ઉત્પત્તિ તો વિષયમાંથી ને દેહાભિમાનમાંથી છે અને સૂક્ષ્મભાવ તથા સ્થૂળભાવને ઓળખવા. તે સૂક્ષ્મભાવ શું જે મુક્તાનંદ સ્વામી જેવા સંત તે અનેક જીવનાં કલ્યાણ કરવાને અર્થે સર્વેના સરખા વર્તે છે ને પોતાને વિષે તો વૈરાગ્યાદિકનું બળ અપાર રહ્યું છે તો પણ એમ વર્તે એ સૂક્ષ્મભાવ કહેવાય ને સ્થૂળભાવ તો એ જે પોતાના અંતઃકરણમાં તો બળ અલ્પ હોય ને બાહેર બહુ જણાવે એ સ્થૂળભાવ કહેવાય. ॥ **૫૦૯ *** ॥

અને એક દિવસ સ્વામીએ શુદ્ધ સંપ્રદાયના જ્ઞાનની વાત કહી જે જ્યારે પુરુષોત્તમ ભગવાન આ પૃથ્વીને વિષે પધાર્યા હોય ત્યારે તેમાં સહેજે જ એવો ચમત્કાર હોય જે પૂર્વના અવતારને પોતાના સ્વરૂપમાંથી પ્રગટ કરી દેખાડે તથા તેને પોતાના સ્વરૂપને વિષે લીન કરી દેખાડે. ત્યારે એ વાર્તાને જોઈને તથા સાંભળીને એમ સમજવું જે એ ભગવાનના સ્વરૂપને કાળ, કર્મ તથા માયા પણ પરાભવ કરવાને સમર્થ થાય તેમ નથી તો મનુષ્ય તો ક્યાંથી જ એમને પરાભવ કરે ? કેમ જે એ ભગવાન તો કોઈના માર્યા મરે એવા નથી. એવી

રીતે ભગવાનના સ્વરૂપને સમજવું. ત્યારે કોઈકને એમ શંકા થાય જે એ ભગવાન તો માર્યા મરે એવા નથી ત્યારે ભીષ્મપિતાએ શ્રીકૃષ્ણ ભગવાનને બાણ માર્યાં એમાં એમને શો બાધ છે ? કેમ જે ક્ષત્રિયનો એમ ધર્મ છે જે સંગ્રામમાં જે સામો આવે તેની સન્મુખ ઊભા રહેવું ને મારવું તે ક્ષત્રિયનો એમ ધર્મ રાખ્યા સારુ એમણે ભગવાનને બાણ માર્યાં કેમ જે ભગવાન તો કોઈના માર્યા મરે એવા નથી એમ એની સમજણ હતી. પણ એ શુદ્ધ સંપ્રદાયના જ્ઞાનમાં કસર કહેવાય. માટે જે શુદ્ધ સંપ્રદાય થકી જ્ઞાનને પામ્યો હોય તે ભીષ્મની પેઠે ભગવાનને ન સમજે ને એ ભગવાન તો જેવા અક્ષરમાં છે તેવા જ પ્રગટ મનુષ્યના જેવી મૂર્તિ ધરીને વિચરતા હોય તેને સમજે પણ એમાં ને આમાં ફેર ન સમજે ને એમ સમજે જે એ અક્ષરાતીત પુરુષોત્તમ ભગવાન એવો શુભ સંકલ્પ ધારીને આ લોકને વિષે પધાર્યા હોય જે મારે અસંખ્યાત જીવનો ઉદ્ધાર કરવો છે. ત્યારે તે પ્રગટ ભગવાનની મૂર્તિનો સંબંધ જે જે જીવને જે પ્રકારે થાય તે સર્વે જીવનો મોક્ષ થાય. તથા તે ભગવાનના જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત એકાંતિક મોક્ષ તથા પ્રેમલક્ષણા ભક્તિ તેમણે યુક્ત જે એકાંતિક ભક્ત હોય તેમને પોતાની મૂર્તિ સંબંધી સુખ આપવું એવો સંકલ્પ ધારીને પધાર્યા હોય ત્યારે પોતે એમ વર્તે જે જેમ મનુષ્યને વિષે પક્ષપાત તથા પારકું પોતાનું તથા જે જે મનુષ્યના સ્વભાવ તેને ગ્રહણ કરીને ભગવાન પણ વર્તે ત્યારે તે જીવોનો મોક્ષ પણ થાય ને પોતાના એકાંતિક જે ભક્ત હોય

તેને પોતાની મૂર્તિનું સુખ પણ ત્યારે આવે તે વાસ્તે ભગવાનને વિષે મનુષ્યના જેવી સર્વે રીત હોય ત્યારે જે એ ભગવાનને વિષે અવળો સંકલ્પ કરે તેને એવું પાપ લાગે જે એનો જીવ પણ નાશ થઈ જાય. શા માટે ? તો એ ભગવાન એક નિમિષમાત્ર આ લોકમાં જો અધિક રહે તો અસંખ્યાત જીવોનો મોક્ષ થાય પણ આ લોકમાં આવે ત્યારે ભગવાન પણ મનુષ્યની રીતે વર્તતા હોય તે અંતર્ધાન થઈ જાય. વાસ્તે જેમ કોઈ રાજા આગળ દસ વીસ નટે રમત કરી હતી તે માંહોમાંહી કપાઈને મરી ગયા ને પછી ચાળીશ ગાઉ ઉપર નીસર્યા. તે દૃષ્ટાંતે કરીને જાણવા. તે માટે જ્યારે ભગવાન અંતર્ધાન થઈ જાય ત્યારે એક તો અગણિત જીવોનો મોક્ષ થાતો તે ન થાય ને એકાંતિક ભક્તને ભગવાનનો વિયોગ પણ થાય ને તે અવળો સંકલ્પ કરનારો જે જીવ તે નરકમાં જાય ને તેને એવું પાપ લાગે જે તે પાપની ગણતી કરવાને શેષજી પર્યંત કોઈ સમર્થ ન થાય. માટે જેમ અતિ અધિક જે મહાપાપ વગેરે પાપનો નિર્ણય તથા પ્રાયશ્ચિત્ત નથી તેમ જ ભગવાનને વિષે અવળો સંકલ્પ કરનારનું પણ જાણવું. ॥ **૫૧૦ *** ॥

અને એક દિવસ સ્વામી સંત હરિભક્ત ઉપર અતિ કૃપા કરી બોલ્યા જે બે પ્રકારનું જે જ્ઞાન છે તેનાં લક્ષણ તથા તેને ઊપજવાનો જે ઉપાય તે આજ કહીએ છીએ. તે બે પ્રકારનું જ્ઞાન કિયું ? તો એક તો એવું જ્ઞાન હોય જે તેમાં વિષયનો અવ્યક્ત રાગ રહે ને તે રાગ નિર્મૂળ ન થાય માટે તે જ્ઞાન વિષયાસક્તિએ સહિત કહેવાય, ને બીજું જ્ઞાન તો એવું જે

તેમાં વિષયનો અવ્યક્ત રાગ લગારેય પણ ન રહે. માટે તે વિષયાસક્તિએ રહિત કહેવાય. હવે તે જ્ઞાન શું ? તો જીવ, માયા અને ઈશ્વરના સ્વરૂપને યથાર્થ જાણવું તે તથા સ્થાવર, જંગમ જે જીવના ભેદ તે જાણવા તથા મનુષ્ય, દેવ, દૈત્ય તથા મરિચી આદિક પ્રજાપતિ તથા બ્રહ્મા, વિષ્ણુ અને શિવ તથા વૈરાટપુરુષ, પ્રધાનપુરુષ અને મૂળ પ્રકૃતિપુરુષ એ સર્વેના સ્વરૂપને જેમ છે તેમ યથાર્થ જાણવાં તથા તેમની ઉત્પત્તિ જે રીતે થાય છે તે જાણવી. તથા તેમની સ્થિતિ જાણવી, તથા કાળે કરીને એ સર્વેનો નાશ થાય છે તે જાણવું. તથા પ્રથમ જે પ્રકારે પુરુષોત્તમ ભગવાને અક્ષર દ્વારાએ પુરુષને પ્રેર્યો કે માયા સાથે જોડાણો ને તે થકી પ્રધાનપુરુષ અનંત થયા ને તે એક પ્રધાનપુરુષ થકી અનંત કોટિ વૈરાટ થયા તે વાત પણ જાણવી. તથા અક્ષરધામ અને તેમાં અનંતકોટિ મુક્તે સેવ્યા એવા પુરુષોત્તમ નારાયણ જે શ્રી હરિકૃષ્ણજી મહારાજ તે સદાય બિરાજમાન છે તેમને જાણવા. આવી રીતે એ સર્વેના સ્વરૂપને જાણવું તેને જ્ઞાન કહીએ. અને તે જ્ઞાન તથા વૈરાગ્યને પરસ્પર એમ છે જે જ્ઞાન વિના વૈરાગ્ય ન ઊપજે ને વૈરાગ્ય વિના જ્ઞાન સિદ્ધ ન થાય તે માટે પ્રથમ તો સ્થાવર જંગમથી આરંભીને પુરુષ પર્યંત એ સર્વેનાં સ્વરૂપને યથાર્થ જેમ છે તેમ જાણીને પછી એમને ચાર પ્રકારના પ્રલયે કરીને નાશવંત જાણવાં ને એ સર્વેને વિષેથી મનને ઉદાસ કરીને તે સર્વેથી પર ચિદાકાશને વિષે સદા બિરાજમાન ને કિશોરમૂર્તિ એવા જે પુરુષોત્તમ ભગવાન તેમના સ્વરૂપમાં વૃત્તિને ઠેરાવવી.

હવે તે વૈરાગ્યને સંક્ષેપે કરીને કહીએ છીએ જે પ્રથમ તો નિત્યપ્રલયને જાણવો, જે વીર્યમાંથી આ દેહ બંધાય છે ને પછી તે ગર્ભ વૃદ્ધિને પામે છે ને પછી જન્મે છે, પૌગંડાવસ્થાને પામે છે, જુવાન થાય છે, વૃદ્ધાવસ્થાને પામે છે ને મરી જાય છે. તથા સવારે ખાધું હોય તે સાંજે ક્ષુધા લાગે છે તથા સાંજે ખાઈને સવારે ભૂખ્યો થાય છે. તથા પશુપક્ષી એ સર્વે ઊપજે છે ને તેનો નાશ થાય છે. તથા વૃક્ષે ફળફૂલ આવે છે ને વળી નાશ થાય છે તથા કોઈકનું કોઈ બાળે છે તથા કોઈક લઈ જાય છે તથા કોઈક ભાઈને તથા દીકરાને તથા બાપને મારી નાખે છે એ સર્વે નિત્ય પ્રલયનું દુઃખ જાણવું.

અને નૈમિત્તિક પ્રલય તો એને કહીએ જે જ્યારે ચૌદ મનુ એકોતેર એકોતેર ચોકડીનું રાજ્ય કરીને મરી જાય છે ત્યારે વૈરાટપુરુષની રાત પડી જાય છે. તે જ્યારે ચૌદમો મનુ થઈ રહે ત્યારે સો વરસ સુધી તો કાળ પડે છે ત્યારે મનુષ્ય, પશુ, પક્ષી, વૃક્ષ એ સર્વેનો નાશ થઈ જાય છે તથા નદીયુંનાં જળ પણ સુકાઈ જાય છે. ત્યારે પૃથ્વીમાત્ર કાળા ઠીકરા જેવી રહે છે. ને ત્યાર પછી એકસો વરસ સુધી તો બાર સૂર્ય છે તે સોળ સોળ કળાનો પ્રકાશ લઈને ઊગે છે ને પૃથ્વીને બાળીને છાણાની રાખ જેવી કરે છે ને તે પછી શેષનાગના મુખમાંથી અગ્નિ નીકળે છે. તે અગ્નિ દસ લોકને બાળીને રાખ કરે છે. ને તે પછી સો વરસ સુધી હસ્તીની સૂંઢ જેવી છે ધારા જેની એવા જે પ્રલયકાળના તેર મેઘ તે વરસે છે, તેથી ધ્રુવના તારા સુધી જળ ભરાઈ જાય છે. ત્યારે દશ લોકમાં રહ્યા જે ઇંદ્ર,

ચંદ્ર, વરુણ, યમ, શિવજી, પ્રજાપતિ એ સર્વેના દેહ નાશ થઈ જાય છે ને એમના જે જીવ છે તે બ્રહ્માને વિષે લીન થાય છે, ને બ્રહ્માનો દેહ નાશ થાય છે ત્યારે તે બ્રહ્માનો જે જીવ તે વૈરાટપુરુષની નાભિમાં લીન થઈ જાય છે તેને નૈમિત્તિક પ્રલય કહીએ.

અને એવા ત્રીસ દિવસનો વૈરાટનો મહિનો ને એવા બાર મહિનાનું એક વરસ ને એવા પચાસ વરસનું એક પરાર્ધ કહેવાય. એવાં દ્વિપરાર્ધનું વૈરાટનું આયુષ્ય છે. તે જ્યારે સો વરસ પૂરાં થાય છે ત્યારે પ્રથમ કહ્યું છે તેમ સો વરસ સુધી અનાવૃષ્ટિ થાય છે ને પછી સો વરસ સુધી બાર સૂર્ય તપે છે ને તે પછી સંકર્ષણના મુખમાંથી મહાઅગ્નિ પ્રગટે છે તે ચૌદેય લોકને બાળીને છાણાની રાખ જેવા કરે છે ને તે પછી પ્રલયકાળના જે મેઘ છે તે સો વરસ સુધી વરસે છે ત્યારે ચૌદેય લોકમાં જળ ભરાઈ જાય છે ને ત્યારે જે પૃથ્વી અડાયા છાણાની રાખ જેવી હતી તે ઓગળીને ગંધે સહિત જળને વિષે લીન થાય છે, ને તે પછી જળ રસને વિષે લીન થાય છે, ને રસ તેજને વિષે લીન થાય છે, ને તેજ રૂપને વિષે લીન થાય છે, ને રૂપ વાયુને વિષે લીન થાય છે, ને વાયુ સ્પર્શને વિષે લીન થાય છે, ને સ્પર્શ આકાશને વિષે લીન થાય છે, ને આકાશ શબ્દને વિષે લીન થાય છે, ને શબ્દ તામસાહંકારને વિષે લીન થાય છે, ને તામસાહંકાર રાજસાહંકારને વિષે લીન થાય છે, ને રાજસાહંકાર સાત્વિકાહંકારને વિષે લીન થાય છે, ને સાત્વિકાહંકાર મહત્તત્ત્વમાં લીન થાય છે, ને અનંત જે

મહત્તત્ત્વ તે પ્રધાન જે પ્રકૃતિ તેને વિષે લીન થાય છે, ને તે પ્રધાન જે પ્રકૃતિ તે પુરુષને વિષે લીન થાય છે, ને પુરુષ તે મૂળ પ્રકૃતિને વિષે લીન થાય છે, એને પ્રાકૃતપ્રલય કહીએ. અને એ પ્રાકૃતપ્રલયે કરીને જેનો નિષેધ કર્યો હોય તેમાંથી જે જ્ઞાન પ્રગટે તેણે કરીને જીવમાંથી અવ્યક્ત વિષયનો રાગ ન ટળે. માટે એ જ્ઞાન વિષયાસક્તિએ સહિત કહેવાય તે માટે પૂર્વે જે જે મોટા આચાર્ય થયા છે તેને જ્ઞાન શાસ્ત્રમાં પ્રાકૃતપ્રલય સુધી જણાય છે, પણ તેથી અધિક નથી જણાતું તથા તેઓ મહાપુરુષને જ પુરુષોત્તમ જાણે છે.

અને આત્યંતિક પ્રલય તો એને કહીએ જે અનંત કોટિ જે પ્રધાન ને પુરુષ તે સર્વે મહામાયાને વિષે લીન થાય છે, ને મહામાયા તે મહાપુરુષને વિષે લીન થાય છે, અને મહાપુરુષ પણ એ દેહનો ત્યાગ કરીને પછી ભાગવતી તનુએ કરીને પુરુષોત્તમ ભગવાનની સેવામાં રહે છે, તેને આત્યંતિક પ્રલય કહીએ.

અને આવી રીતે ચાર પ્રકારના પ્રલયે કરીને એ સર્વેને નાશવંત જાણીને પછી અખંડ, અનાદિ, સત્ય પરિમાણે રહિત ને અપરિમિત ઐશ્વર્યે સહિત જે અક્ષરધામ તેને વિષે સદા દિવ્યમૂર્તિ એવા પુરુષોત્તમનારાયણ તે અપરિમિત અક્ષર મુક્તે સેવ્યા થકા સદા બિરાજમાન છે ને તે પુરુષોત્તમ ભગવાન તથા અક્ષર મુક્ત તે સદા મૂર્તિમાન થકા બિરાજે છે પણ તેમના આકાર કોઈ દિવસ ટળે એવા નથી, એમ સમજે પણ એ સમજણ કોઈ દેશે કરીને કે કાળે કરીને કોઈ દિવસ ફરે નહિ

અને ભગવાનને નિરાકાર માને નહિ ને સદા દિવ્ય સાકાર જ સમજે અને એવા જે એ પુરુષોત્તમ ભગવાન તે દયા કરીને આપણા કલ્યાણને અર્થે આંહીં પધાર્યા છે તેને સર્વે અવતારના અવતારી જાણીને પછી એ પુરુષોત્તમના સ્વરૂપને એમ સમજવું જે જ્યાં પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે એમ જાણવું. તે માટે પૂર્વે કહ્યું તેમ સર્વેનો નિષેધ કરીને પછી એમ જાણવું જે અક્ષરને વિષે જે પુરુષોત્તમ છે તે જ આ ભક્તિ ધર્મના પુત્ર શ્રીહરિજી મહારાજ છે ને અક્ષર સોતા જ આંહીં પ્રગટ બિરાજે છે, આવી રીતનું જે જ્ઞાન તેને આત્યંતિક જ્ઞાન કહીએ. અને આવો જે જ્ઞાની તેનું ઐશ્વર્ય ભગવાનની પેઠે સ્વતંત્ર હોય ને એવા જ્ઞાની તો બહુ દુર્લભ છે, તે સાધારણ લાખ મનુષ્ય હોય તેમાંથી પોતપોતાના આશ્રમ પ્રમાણે વર્તે એવો એક નીકળે ને એવા લાખ મનુષ્ય હોય તેમાંથી યથાર્થ શાસ્ત્ર પ્રમાણે ધર્મ પાળે એવો એક નીકળે ને એવા લાખ ભેળા કરીએ ત્યારે સત્સંગ કરે એવો એક નીકળે ને એવા હજાર સત્સંગી ભેળા કરીએ ત્યારે નક્કી સત્સંગી એક નીકળે ને એવા હજાર સત્સંગી ભેળા કરીએ ત્યારે સાધુ થાય એવો એક નીકળે ને એવા હજાર સાધુ ભેળા કરીએ ત્યારે ધર્મામૃત પ્રમાણે યથાર્થ વર્તે એવો તો એક નીકળે ને એવા હજાર ભેળા કરીએ ત્યારે ભગવાનને સંભારે એવો એક નીકળે ને એવા હજાર ભેળા કરીએ ત્યારે પૂર્વ કહ્યું જે જ્ઞાન તેણે સહિત પ્રેમલક્ષણા ભક્તિ કરે એવો એક નીકળે. તે માટે એવું જે જ્ઞાન પામવું તે મહા કઠણ છે. ॥ **૫૧૧ *** ॥

પછી દોલતરામે ફરી પૂછ્યું જે જ્ઞાતા ને જ્ઞાન તે કેમ સમજવું ? ત્યારે સ્વામીએ કહ્યું જે જેમ દૂધનું પાત્ર હોય તેમાંથી કટોરામાં લઈને હાથે કરીને પીવે છે ત્યારે દૂધનું સુખ જીભને આવે છે પણ હાથ તથા પાત્રને નથી આવતું. તેમ જે જીવ છે તે પોતાની જ્ઞાનમય શક્તિ વડે કરીને જાણે છે ત્યારે તે જ્ઞાન જીવને થયું પણ નેત્રાદિક ઇંદ્રિયોને તથા તેના દેવતા અને ગોલકને થતું નથી. તથા શ્રોત્રાદિક જે ઇંદ્રિયો તથા અંતઃકરણ તથા એમનાં ગોલક તથા એમના દેવતા તથા એમના વિષય એ સર્વેને પોતે જ્ઞાતા રૂપ જીવ તે પોતાની જ્ઞાનરૂપ જે શક્તિ તે વડે કરીને નોખાં નોખાં સમજે છે. જેમ સૂર્ય છે તે પોતે તેજોમય છે ને પોતાની તેજરૂપ જે શક્તિ તેણે કરીને બ્રહ્માંડમાં પ્રકાશ કરે છે ને પોતે તો સદાય મૂર્તિમાન પોતાના લોકમાં છે. તેમ જે જીવ છે તે પણ પોતે સદાય હૃદયમાં રહ્યો છે ને ત્યાં જ રહ્યો થકો પોતાની જ્ઞાનરૂપ શક્તિએ કરીને નખશિખાપર્યંત સર્વે ઇંદ્રિયુંને તથા અંતઃકરણને એકકાળે જાણે છે. ને જો એમ ન કહીએ તો બ્રહ્મજ્ઞાનીની પેઠે સમજાય તે માટે આ કહ્યું તેમ જ્ઞાતા અને જ્ઞાનના સ્વરૂપને જાણવું. ॥ **૫૧૨ *** ॥

અને જે બ્રહ્મ છે તેની તો એમ વિક્તિ છે જે પુરુષોત્તમને પણ બ્રહ્મ કહે છે ને પુરુષોત્તમ પણ કહે છે. અને જે સ્થાનકરૂપ અક્ષર છે તેને પણ બ્રહ્મ કહે છે ને અક્ષરધામ પણ કહે છે. અને મહાપુરુષને બ્રહ્મ કહે છે ને વળી તેને અક્ષર પણ કહે છે. માટે જ્યાં જેનું પ્રકરણ હોય ત્યાં તેને બ્રહ્મ જાણવા. જો મહાપુરુષનો પ્રસંગ હોય તો મહાપુરુષને બ્રહ્મ જાણવા અને અક્ષરનો પ્રસંગ

હોય તો અક્ષરને બ્રહ્મ જાણવા. ને જો પુરુષોત્તમનો પ્રસંગ હોય તો પુરુષોત્તમને બ્રહ્મ જાણવા. પણ તે શબ્દછળને જોઈને મુઝાવું નહિ. ॥ **૫૧૩ *** ॥

અને ગણેશનું ચક્ર છે ત્યાં પ્રધાનપણે પૃથ્વી તત્ત્વ વર્તે છે, ને બ્રહ્માને સ્થાનકે વિશેષપણે કરીને જળ તત્ત્વ વર્તે છે, ને વિષ્ણુને સ્થાનકે વિશેષપણે તેજ તત્ત્વ વર્તે છે, ને કંઠસ્થાને તથા ભ્રકૃટિ સ્થાને વિશેષપણે આકાશ તત્ત્વ વર્તે છે, ને બ્રહ્મરંધ્રને મધ્યે જે સહસ્ત્રદળનું કમળ તે સ્થાનકે વિશેષપણે જ્યોતિસ્વરૂપ ચિદાકાશ વર્તે છે. ને બીજાં સ્થાનકોને વિષે ચિદાકાશ સામાન્યપણે દેખાય છે. ॥ **૫૧૪ *** ॥

અને ચિદાકાશ તે શું છે ? તો કુટસ્થરૂપે મુક્તને રહ્યાના સ્થાનકરૂપ છે. ને જેમ બદ્ધજીવને રહ્યાનો ભૌતિક આકાશ તે હૃદયાકાશરૂપે સર્વે જીવોને ધરી રહ્યો છે, તેમ પરમેશ્વર નિર્મિત જે ચિદાકાશ તે સર્વે મુક્તોને ધરી રહ્યો છે, તેને ચિદાકાશ કહીએ ને તે સારુ જ્યોતિસ્વરૂપે જે મુક્તો તેને ચિદાકાશ ભૂમિ છે. ॥ **૫૧૫ *** ॥

બીજું પુરુષોત્તમ પરમાત્મા જે પરબ્રહ્મ તેનાં બે સ્વરૂપ છેઃ એક નિર્ગુણ ને બીજું સગુણ. તેમાં જે નિર્ગુણ સ્વરૂપ તે ગોલોકથી પર જે શૂન્ય તેથી પર છે ને બીજું ગોલોકમાં રહ્યા એવા પરમાત્મા જે શ્રીકૃષ્ણ તે ભગવાનનું સગુણ સ્વરૂપ છે. અને ગુણે સહિત એવું જે ભગવાનનું સ્થૂળ શરીર તેમાંથી ભગવાનની જોગમાયાને અંશે કરીને બ્રહ્માદિક સર્વે દેવ થયા

છે. અને ગુણ તે શું ? જે ચૈતન્યદેશ, પોતાનાં ઐશ્વર્ય અને યોગબળ તે થકી ઊપજ્યા એવા જે મહાવિષ્ણુ તે. અને સર્વેની જે ઉત્પત્તિ તે ભગવાનના એ ગુણ થકી છે ને પોતે જે ગુણી તે તો અચ્યુત છે તે ચ્યવે નહિ. જે ચ્યવવાનો સ્વભાવ તો ગુણી એવા જે પરમાત્મા તેને આશરે રહેલ જે ગુણ તેનો છે ને તે અંશઅંશીભાવે કરીને ચ્યવે છે ને વિસ્તાર પામે છે. અને ગુણી જે પરમાનંદ તે તો સરખા ને એક જ છે પણ બીજો કોઈ તે જેવો થાવાને સમર્થ થાતો નથી તે ગુણરૂપે તો થાય છે; અને મહાવિષ્ણુ જે અંશી તે વિરાટના અંતર્યામી છે ને તે વિરાટને વિષે બ્રહ્માંડ રહ્યું છે જેમ પાંચ ભૌતિક જે દેહ તેને વિષે રહ્યો જે જીવ તે બુદ્ધિને વિષે વિશેષપણે કરીને રહ્યો છે તે જીવનો વિશેષ અંશ છે ને અંતઃકરણ, દેવતા, ઇંદ્રિયું, પ્રાણ, પંચભૂત ને પંચ તન્માત્રા તે જીવના સામાન્ય અંશ છે, ને પંચભૂતના દેહને વિશે જે કરમિયાં તથા જૂ, લીખ, માંકડ, ચાંચડ રહ્યાં છે તે સ્થૂળ ભાવે રહ્યાં છે માટે તે જીવના સ્થૂળ અંશ છે, તે પ્રમાણે મહાવિષ્ણુ વિરાટના દેહમાં રહ્યા છે તે સ્થૂળભાવે રહ્યા છે, તે વિરાટ મહાવિષ્ણુનું બીજું રૂપ છે ને ઈંડનું ક્ષેત્રજ્ઞ છે. એવી રીતે ચૈતન્ય સ્વરૂપ જે મહાવિષ્ણુ તે માયાના ભાગ જે જડ અંશ તેણે કરીને સ્થૂળપણે અનેક પ્રકારે પ્રવર્ત્યા છે. ને પુરુષોત્તમ તો એક જ છે, તેને વિષે અંશઅંશીભાવ નથી. ને એવા જે એ શ્રીકૃષ્ણ પરમાત્મા પુરુષોત્તમ અચ્યુત તેને જે અંશઅંશી ભાવે કરીને સમજે છે તેને જૈન મતવાળા જાણવા ને દુષ્ટ જાણવા. અને એથી ઝાઝું ઝીણું કોઈ સમજવા જાશે તેને

માયાનું આવરણ થાશે. અને એવા જે એ ભગવાન શ્રીકૃષ્ણ તેનું જે ધામ તે તેજોમય છે ને જેમ મહાપ્રલયને વિષે ઈંડનો નાશ થયા પછી એકલું જળ રહે છે પણ બીજો કોઈ આકાર રહેતો નથી, ભગવાનનું ધામરૂપ જે સ્થાનક તે તેજોમય છે. ને તે ધામને વિષે પોતાની દૃષ્ટિ પ્રતિલોમપણે રહે છે. ત્યારે ગોલોકને વિષે રહ્યા જે મુક્ત તે સર્વે તે ધામને વિષે જાય છે. પછી ગોલોકને વિષે વસ્તી રહેતી નથી ને એકલો ઉજ્જડ રહે છે ને નિરંજન રહે છે. અને બ્રહ્માંડનો પણ પ્રલય થાય છે ત્યારે સર્વે જે જીવ તે એકલી તમરૂપ એવી જે માયા જેને અવ્યાકૃત કહીએ તેને વિષે રહે છે. અને જે મુક્ત તે તો તેજોમય જે ભગવાનનું ધામ તેને વિષે નિર્ગુણપણે રહે છે, અને એ ધામને વિષે જે રહ્યું છે તે ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ છે. અને જ્યારે ભગવાન ગોલોક સામી અનુલોમ દૃષ્ટિ કરે છે ત્યારે તમ જે માયા તે સમી થાય છે ત્યારે તે ભગવાનનું સગુણ સ્વરૂપ કહેવાય. કેમ જે ? અનુલોમ દૃષ્ટિ તે ભગવાનની સગુણ સ્થિતિ ને પ્રતિલોમ દૃષ્ટિ તે નિર્ગુણ સ્થિતિ છે, અને ભગવાન જે પ્રતિલોમ દૃષ્ટિ કરે છે તે પોતાના જે ભક્ત તેને શુદ્ધ સત્વગુણમય જે દેહ ગોલોકને વિષે છે તેની નિવૃત્તિને અર્થે અને સચ્ચિદાનંદ સ્વરૂપની પ્રાપ્તિને અર્થે છે. ને ભગવાનને તો સગુણ નિર્ગુણપણું નથી પણ તે સગુણ નિર્ગુણપણું તો ભક્તને છે, તે પરમાત્મા શ્રીકૃષ્ણ પરબ્રહ્મ જે પુરુષોત્તમ તેનું ધામ જે ગોલોકથી પર સચ્ચિદાનંદ ચિદાકાશ તેને વિષે રહેવું તે ભક્તનું નિર્ગુણરૂપ છે ને ભૌતિક આકાશને વિષે રહેવું તે

સગુણ સ્વરૂપ છે. અને ભગવાન નારાયણ તે સગુણરૂપે કાળ આદિક શક્તિને ગ્રહણ કરીને રહ્યા છે તે તો બ્રહ્માંડને ઉપજાવવું, નાશ કરવો ને સ્થિતિ કરવી તેને અર્થે છે એમ જાણવું. અને પૃથ્વીને વિષે ભગવાનના અવતાર તો એકલા જીવના કલ્યાણને અર્થે જ થાય છે. અને એવા જે એ ભગવાન તેને સાક્ષાત્કાર ભજે તેની વિક્તિ જે ભગવાનને ખાતા પીતા આદિક ક્રિયા કરતા દેખે ત્યારે એમ જાણે જે ભગવાનનાં જે કર્મ તે તો જે ભગવાનને ભજે તેનાં કર્મ ટાળ્યાને અર્થે છે ને ભગવાન તો કૈવલ્ય છે, નિર્ગુણ છે ને ચેષ્ટાએ રહિત છે ને એમની જે સર્વે ક્રિયા તે તો જીવના કલ્યાણને અર્થે છે. એવા ભગવાનને જાણીને ભજે ને દેહને ખોટો જાણે ને એમ જાણે જે હું તો દેહ નથી, હું તો આત્મા છું, બ્રહ્મ છું, સાક્ષી છું, દ્દષ્ટા છું ને અરૂપ છું. ને એમ સમજનારો જે ભક્ત તે તો ગોલોકથી પર જે ચિદાકાશ તેને વિષે જે અખંડ રાસ તેને પામે છે. અને એવો જે એ ઉત્તમ ભક્ત તેણે વૈરાટનો અંતર્યામી, દ્દષ્ટા, સાક્ષી અને તુરિયાતીત જે વિશ્વાભિમાની તેની સાથે ઇંદ્રિયું અંતઃકરણ યુક્ત ત્રણ અવસ્થાએ યુક્ત અને ત્રણ શરીરે યુક્ત એવો જે ક્ષેત્રજ્ઞ જીવ તેને એક કરીને ધારવો. અને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ તથા વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત એ સર્વેનો જે સાક્ષી તેને પોતાનું સ્વરૂપ માનવું અને પરમાત્મા તો પુરુષને બ્રહ્માંડ સાથે જોડે છે ને માયા સાથે જોડે છે ને જે માયા સાથે જોડાણો ને માયાને વિષે વ્યાપીને રહ્યો એવો જે એક રસ ચિદ્‌ઘન તે બ્રહ્મ છે. ને તેને માયા સાથે એકરસપણાને જેણે

પમાડ્યો તે પરબ્રહ્મ છે. અને પુરુષોત્તમ પરબ્રહ્મ પરમાત્માનો જેને સત્સંગ થયો હોય તેણે પોતાનું રૂપ બ્રહ્મ માનવું જે હું બ્રહ્મ છું. અને શ્રીમદ્‌ભાગવતમાં પણ એ વાર્તા છે જે પુરુષોત્તમ ભગવાનનો જે દાસ તેનું રૂપ બ્રહ્મ છે, માટે તેણે બ્રહ્મરૂપ થઈને પુરુષોત્તમ ભગવાનની ભક્તિ કરવી એ જ દાસપણું છે. ॥ **૫૧૬ *** ॥

## ૨૩ પ્રકીર્ણ વાતો

જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને માહાત્મ્ય જ્ઞાન યુક્ત ભક્તિ એ ચાર ગુણવાળા જે ઉત્તમ પુરુષ, સાધુ તે એક પ્રકૃતિવાળા જ્યારે એકાંતમાં ભેળા થયા હોય ત્યારે અતિશય શ્રેષ્ઠ જે ભગવદ્ વાર્તા તથા તેના જે ગુણદોષ હોય તેને નામ નિર્દેશે કહી દેખાડી અને યથાર્થ વાર્તા થાય, કેમ જે એકાંતમાં જેમ હોય તેમ યથાર્થ કહેવાય કેમ જે કોઈને અવગુણ આવે એમ ન હોય અને તે શ્રેષ્ઠ પ્રકૃતિવાળા જ્યારે સભામાં વાર્તા કરે ત્યારે તે સભામાં ઘણી જાતના મનુષ્યો હોય તેમાંથી કોઈકને અવળી લાગે માટે યથાર્થ વાર્તા ન થાય અને મધ્યમ અને કનિષ્ઠ પુરુષ તે સભામાં તો શ્રેષ્ઠ વાર્તા કરે અને જ્યારે એક પ્રકૃતિવાળા ભેળા થઈને એકાંતમાં બેસે ત્યારે તો તે મધ્યમથી મધ્યમ અને કનિષ્ઠથી કનિષ્ઠ એવી વાર્તા કરે તેને જાણવી. ॥ **૫૧૭** ॥

જીવ માત્રને બે દુઃખ છેઃ એક આધિ અને બીજી વ્યાધિ, તેને જાણે. ને બીજાં ત્રણ દુઃખ છે એક અન્નનું, બીજું વસ્ત્રનું ને ત્રીજું વચનનું, તેને જાણીને વાત કરે તો સૌ સુખી રહે. ॥ **૫૧૮** ॥

શ્રીજીમહારાજે સર્વે સંતને પૂછ્યું જે તમને ભૂત વળગે છે

કે નથી વળગતું ? ત્યારે કોઈ ન બોલ્યા ત્યારે શ્રીજીમહારાજ પોતે બોલ્યા જે અમને ત્રણને ન વળગે તેમાં એક અમને, બીજા મુક્તાનંદ સ્વામીને, ત્રીજા ગોપાળાનંદ સ્વામીને. એ સિવાયના બીજાને તો ક્રોધરૂપી ભૂત વળગે છે ને માનરૂપી ભૂત વળગે છે, સ્વાદરૂપી ભૂત વળગે છે, કામરૂપી ભૂત વળગે છે, ને લોભરૂપી ભૂત વળગે છે. ॥ **૫૧૯** ॥

અને અવતાર માત્રની એ રીત છે જે સ્ત્રી-દ્રવ્યનો ત્યાગ કરાવવો ને ગરીબની રક્ષા કરાવવી ને વિદ્યા, વૈરાગ્ય, ભક્તિને બળે કરીને કોઈક ગરીબનો તિરસ્કાર કરતો હોય તો તેને દેખીને ખમી શકે નહિ એવો સહજ સ્વભાવ છે. ॥ **૫૨૦** ॥

શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન એ છ મળીને એક સાધન કહેવાય છે ને વૈરાગ્ય, વિવેક ને મુમુક્ષુતા એ ત્રણ મળીને સાધન ચતુષ્ટય કહેવાય છે. ॥ **૫૨૧** ॥

રામદાસ વૈદ્યને મહારાજે કહ્યું જે બીક બહુ જણાય છે ? ત્યારે તેણે કહ્યું જે હા, મહારાજ. તે વાર્તા કરી જે પરમેશ્વર તો સર્વના નિયંતા ને અંતર્યામી છે ને સર્વેના પ્રેરક છે ને સર્વના નાડી-પ્રાણ એમના હાથમાં છે. એમ કહીને ચકલાંને સમાધિ કરાવી. ॥ **૫૨૨** ॥

મહાભારતને વિષે બ્રાહ્મણી ગીતા છે તેમાં અશ્વમેઘ યજ્ઞ કહ્યો છે તેની રીત એમ છે જે જીવરૂપ રાજા છે ને મનરૂપ ઘોડો છે ને ઇંદ્રિયોરૂપ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર ને દક્ષિણ એ આદિક દિશાઓ છે તે જીવ જે તે મનરૂપ ઘોડાને ઇંદ્રિયોરૂપ દિશાઓ

પ્રત્યે મૂકે છે ને તે મનરૂપ ઘોડાનો જ્યારે કોઈ ઇંદ્રિયો પોતપોતાના વિષયને વિષે બાંધી શકે નહિ ત્યારે જાણીએ જે સર્વે દેશ જિતાણા. ત્યારે શ્રીહરિજી મહારાજ સંબંધી જપયજ્ઞ, તપયજ્ઞ ને યોગયજ્ઞાદિક સર્વે યજ્ઞ સંપૂર્ણ થયા કહેવાય. એવી રીતે ગોમેધાદિક સર્વે યજ્ઞની રીત જાણવી. ॥ **૫૨૩** ॥

શ્રીહરિજીના સ્વરૂપને સર્વ સ્થાનકને વિષે પ્રકાશમાન જોવું. ને ક્યારેક વિજ્ઞાનદાસજીને શ્રીજીમહારાજે સમાધિમાં કહ્યું જે તમારે તો કુંઠિત વાસના છે ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે મારું પૂછો. ત્યારે તેણે પૂછ્યું ત્યારે શ્રીજીએ કહ્યું જે એમને તો નિર્મૂળ વાસના છે. પછી ફરીને પુછાવ્યું ત્યારે પણ એમ જ કહ્યું. ॥ **૫૨૪** ॥

ચાર પ્રકારના માંદાની વિગત જે એક તો દેહે કરીને માંદો ને બીજો મને કરીને માંદો ને ત્રીજો તો દેહે તથા મને કરીને માંદો ને ચોથો સાજો માંદો; એ ચાર પ્રકારે માંદાની વાર્તા કરી ને સોનાના વાટકાને ઠેકાણે દેહે માંદાની ને કાચના વાટકાને ઠેકાણે બીજા ત્રણ માંદા કેમ જે તેને જાળવવા પડે તેમાં જે દેહે જ કેવળ માંદો છે તે તો સાજા જેવો જ ગણાય ને બીજા ત્રણને તો મંદવાડ લાંબો ચાલે ખરો.[૧] ॥ **૫૨૫** ॥

કાળના માનની[૨] વાત કરી જે આ લોકને વિષે તો સૂર્યે કરીને કાળનું માન છે ને બ્રહ્મપુરને વિષે તો શ્રીજીમહારાજને શયને કરીને રાત્રિ કહેવાય છે. ॥ **૫૨૬** ॥

૧. જુઓ પરિશિષ્ટ. ૨. માપ.

જીવ તો માયાને વિષે જ સદા વર્તે છે તે મલીન, સત્ત્વ, રજ ને તમ તેણે યુક્ત છે ને ઈચ્છા સહિત છે ને શ્રીહરિજી મહારાજ તો પ્રથમ સત્‌યુગને વિષે જીવને સત્વગુણમય શરીરને આપે છે. તે પછી જીવ જેવાં જેવાં કર્મ કરતો જાય છે તેવા તેવા દેહને પામતો જાય છે ને સત્સંગે કરીને શ્રીજીમહારાજની મોટપ જેમ જાણતો જાય તેમ વિશ્વાસ પણ આવતો જાય છે ને તેમ તેમ શુદ્ધ ને પ્રકાશવાન પણ થતો જાય છે. ॥ **૫૨૭** ॥

ગુણાતીતાનંદ સ્વામીએ સ્વપ્નાની વાર્તા કરી જે શ્રીજીમહારાજે એકાંતિકમાં ભેદ દેખાડ્યો ને કહ્યું જે એવા તો આ સમયે એક જ ગોપાળાનંદ સ્વામી છે, બીજો કોઈ એ જેવો નથી. ॥ **૫૨૮** ॥

જે વિષયને વિષે આસક્ત છે તે તો ભૂત પ્રેતાદિકના અવતારને પામે છે ને જે હરિભક્તનો અવગુણ લે છે તે તો આસુરભાવને પામે છે. ॥ **૫૨૯** ॥

મયારામ ભટ્ટજીને પૂછ્યું જે ઉદ્ધવજી કેમ વાર્તા કરતા ? ત્યારે ભટ્ટજી બોલ્યા જે રામાનંદ સ્વામીએ એમ કહ્યું જે આપણા સત્સંગને વિષે ભાગવતાદિક શાસ્ત્રવિદ્યા ને વ્યાકરણાદિક શાસ્ત્રવિદ્યા તથા ગાનવિદ્યા ને વાજાં એ સર્વે નથી એમ વાર્તા કરતા. ત્યારે સંતે કહ્યું જે હમણાં તો એ સર્વેની પ્રવૃત્તિ જે તે સત્સંગને વિષે શ્રીજીમહારાજે અતિશય કરાવી છે ને ગાયક તથા પાઠક દ્વારાએ કરીને તથા મંદિર ને

મૂર્તિ દ્વારાએ કરીને અનંત રજોગુણી ને તમોગણી જીવોનાં કલ્યાણ પણ કર્યાં છે. ॥ **૫૩૦** ॥

વક્તાની અશુદ્ધતાએ કરીને શુદ્ધ શાસ્ત્ર પણ અશુદ્ધિપણાને પામી જાય છે. એવી રીતે શાસ્ત્રની શુદ્ધ અશુદ્ધપણાની વાર્તા કરી. ॥ **૫૩૧** ॥

એક હરિભક્તે પૂછ્યું જે જગત ખોટું કેમ જણાય ? ત્યારે સ્વામી બોલ્યા જે જેમ બાળકો રમત કરે છે. તેમાં કેટલાક તો સૂર્ય ને કેટલાક તો ચંદ્ર થઈને આવે છે. ને વળી ધૂડ્યનાં વરકન્યા ને ધૂડ્યના કંસાર તે મૂત્રના ઘીમાં પલાળે છે. ને ધૂડ્યના મગ ચોખા કરે છે. એ સર્વે જેમ અસત્ય છે તેમ સંસાર વ્યવહાર પણ અસત્ય છે. પણ તેને બાળકની પેઠે સત્ય માન્યો છે માટે એ બાળક જ છે. એમ કહીને ભવાયાના રમતના દૃષ્ટાંતે[૧] કરીને વાર્તા કરી. ॥ **૫૩૨** ॥

વિજ્ઞાનદાસજીને અવસ્થા લોપતી નથી ને મુઝાતા પણ નથી ને સદા સુખિયા રહેતાં આવડે છે. ને નિર્માનીપણું પણ બહુ છે ને શ્રીજીમહારાજનો ને સત્પુરુષનો વિશ્વાસ પણ અતિશય છે. ને ગુણાતીતાનંદ સ્વામી સ્વામી તથા સિદ્ધાનંદ સ્વામી એ બેયને તો અવસ્થા લોપાય છે ને મૂંઝવણ પણ આવે છે. તે જો પુરુષ પ્રયત્ને કરીને અતિ આગ્રહ કરે તો એમને પણ મૂંઝવણ આવે નહિ. ને કોઈકને તો વાતચીત કરતા થકા સર્વે ક્રિયાને વિષે શ્રીજીમહારાજ દેહની પેઠે નિરંતર સાંભર્યા

૧. જુઓ પરિશિષ્ટ.

કરે છે ને પૃથ્વીની પેઠે આધારપણાનો વિશ્વાસ પણ સદા વર્તે છે. ॥ **૫૩૩** ॥

વક્તા જો મુમુક્ષુને ઓળખીને ભગવદ્ વાર્તા કરે તો સમાસ થાય છે કેમ જે કોઈકને તો ભક્તિનું અંગ હોય ને કોઈકને જ્ઞાનનું અંગ હોય ને કોઈકને વૈરાગ્યનું અંગ હોય ને કોઈકને સ્વરૂપનિષ્ઠાનું અંગ હોય ને કોઈકને મહિમાનું અંગ હોય એવી જાતનાં અનેક પ્રકારનાં અંગ મુમુક્ષુને હોય છે. તે માટે તે તે અંગનું સ્થાપન કરીને પછી જો જ્ઞાનાદિક અંગની વાર્તા હળવે રહીને સમજાવે તો સમજે ને બહુ સમાસ થાય. ॥ **૫૩૪** ॥

ઘરમાં રહેતા હોઈએ ત્યારે બહુ મહિમા જણાય છે ને ભેગા રહે નથી જણાતો તે કેમ હશે ? ઉત્તર જે, ત્યાગીને વેષે કરીને સરખા થાય ને વળી ભેગા રહેવે કરીને જેવું જેનું વર્તન હોય તે જણાઈ આવે છે માટે ભાર રહેતો નથી ને જે મોટા પુરુષ હોય તે તો શિક્ષાપત્રી, ધર્મામૃત ને નિષ્કામશુદ્ધિ એ પ્રમાણે વર્તે છે ને બીજાને પણ એમ જ વર્તવાની વાર્તા કરે છે તેનો તો મહિમા બીજાને સહેજે જ રહે છે ને જે સત્ અસત્‌ને ઓળખતો હોય તેને તો ગરબડિયાનો ભાર રહે નહિ. ॥ **૫૩૫** ॥

કેટલાક જ્ઞાનવાર્તા સમજે છે ને વર્તતા નથી ને કેટલાક તો સમજતા નથી ને દેહે કરીને વર્તે છે ને કેટલાકને વિષે એ બેય વાત છે ને કેટલાકને વિષે તો એ બેય નથી. ॥ **૫૩૬** ॥

શ્રીજીમહારાજે કહ્યું જે અમે તો જ્ઞાન-વૈરાગ્યાદિક જે અમારી સર્વે સંપત્તિ તે સર્વે સાધુને ને સત્સંગીને સોંપી છે ને અમે તો સર્વેનાં દુઃખ લીધાં છે માટે તમે સર્વે સુખે કરીને પ્રભુને ભજો એવા કર્યા છે. ॥ **૫૩૭** ॥

કેમ સમજે તો અસત્ દેશકાળાદિકે કરીને લેવાય નહિ ? ઉત્તર જે, એક તો સ્થાનકને ઓળખે ને શ્રીજીમહારાજની મરજીને ઓળખે તથા સત્પુરુષને ઓળખે તો અસત્ દેશકાળાદિકે કરીને પણ લેવાય નહિ. ॥ **૫૩૮** ॥

આ ત્રણ ઠેકાણે દેહાભિમાન ઓળખાઈ આવે છે તેમાં (૧) ભોજન સમય, (૨) ભય જણાય ત્યારે, (૩) સ્ત્રીઓને પડખે નિસરે ત્યારે, એ ત્રણ ઠેકાણે દેહાભિમાન ઓળખાય છે. ॥ **૫૩૯** ॥

એક દિવસ જમ્યાની વાત નીસરી ત્યારે સ્વામીએ કહ્યું જે અમે સર્વે તપાસી જોયું ત્યારે એમ જણાયું જે રસે કરીને તો પ્રમાદ થયા વિના રહે જ નહિ. ॥ **૫૪૦** ॥

એક દિવસ મોટા સંતે કહ્યું જે શહેરના ને ગામડાના હરિભક્તની સમજણ કેવી છે તેને તમે ઓળખો છો ? ત્યારે સંતે કહ્યું જે નથી ઓળખતા. તે ઉપર મોટા સંતે બ્રહ્માદિકનાં ને ઇંદ્રાદિકનાં દૃષ્ટાંત દઈને બહુ વાર્તા કરી તેની વિગત જે બ્રહ્માદિકને ને ઇંદ્રાદિકને વિષય વિના ન ચાલે તેમ પરમેશ્વર વિના પણ ન ચાલે. તેમાં એટલો ફેર છે જે બ્રહ્માદિક છે તે તો દેશ-કાળાદિકના વિષમપણાને વિષે પણ પરમેશ્વરને મૂકી શકે

નહિ ને વિષને તો મૂકી દે ને ઈંદ્રાદિકને તો પરમેશ્વર જેતે દેશકાળાદિકની વિષમતાએ કરીને ગૌણ થઈ જાય પણ વિષયને મૂકી શકે નહિ. તેમાં બ્રહ્માદિક દેવને ઠેકાણે ગામડાના હરિભક્ત જાણવા ને ઈંદ્રાદિક દેવને ઠેકાણે શહેરના હરિભક્ત જાણવા. ॥ **૫૪૧** ॥

એક દિવસ મોટા સંતે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ પ્રધાન છે જેમને એવા જે પુરુષ તેમની વાર્તા કરી દેખાડી જે, જે મોક્ષપરાયણ વર્તતા હોય તેમના મનમાં કોઈ પદાર્થની સ્પૃહા ન હોય તે ગમે તે સ્ત્રી-પુત્રાદિક નાશ પામી જાઓ કે લાખોની દોલત હોય તે જાતી રહો કે ગામ ગરાસ હોય તે પણ જાતાં રહો પણ એના અંતરમાં એ કાંઈ ખટકે નહિ ને મૂંઝવણ પણ થાય નહિ ને નરસિંહ મહેતાની પેઠે શ્રીહરિજીનું ભજન સુખેથી કર્યા કરે પણ અંતરમાં બીજાની પેઠે દુખિયો થાય નહિ. ॥ **૫૪૨** ॥

પૃથ્વી પર જે ચાલતા હોય તે તો પડે પણ જે આકાશ માર્ગે ગતિ કરતા હોય તે કેમ પડે છે ? તેમાં આકાશને ઠેકાણે તો બ્રહ્મપુર જાણવું ને તેને વિષે ગતિ કરનારા જે સમાધિવાળા સર્વે હરિભક્ત તે જે તે બ્રહ્મપુરને વિષે તેજોમય શરીરવાળા દેખે છે તે કેમ સત્સંગમાંથી પડી જાય છે ? ઉત્તર જે, એ વાર્તા તો એમ છે જે અતિ દૃઢ શ્રીજીમહારાજના ભક્ત ન હોય તે યોગભ્રષ્ટ થાય છે પણ પડતા નથી. તે ભગવદ્ ગીતામાં કહ્યું છે જે,

पार्थ ! नैवेह नामुत्र, विनाशस्तस्य विधते ।
नहि कल्याणकृत्कश्चिद् दुर्गतिं तात ! गच्छति ॥[१]
प्राप्य पुण्यकृतांक्लोकानुपित्वा शाश्वतीः समाः ।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥[२]

ને વળી જ્યાં સુધી એકાંતિક ભક્ત ન થયો હોય ત્યાં સુધી તેને ઇંદ્રિયો—અંતઃકરણરૂપ જે માયા તે પીડે છે ને એકાંતિક ભક્તને તો માયા સહાય કરે છે જેમ ગુણ બુદ્ધિવાળા સત્સંગી હોય તેને કુસંગી ડગાવે છે ને જે નક્કી સત્સંગી છે તેની તો ખુશામત કરે છે એમ શ્રીજીમહારાજે લોયાના દશમા વચનામૃતમાં કહ્યું છે. ॥ **૫૪૩** ॥

કાળકર્માદિકને વિષે જે કર્તાપણાનો વિશ્વાસ તે તો મોટા ઋષિઓને છે ને જે આધુનિક પંડિત છે તેમને તો નથી. એ તો નાસ્તિક જેવા જ છે ને જે શ્રીજીમહારાજના ભક્ત છે તે તો પુરુષોત્તમ ભગવાનને જ જગતના કર્તા જાણે છે ને બીજા કોઈને માનતા નથી. ॥ **૫૪૪** ॥

પરમેશ્વરને યથાર્થ સમજ્યાની જે વાર્તા છે તે જો હરિભક્તને ન સમજાવે ને છાની છાની રાખે તો તેને વિષે

---

૧. અર્થઃ– હે અર્જુન ! યોગાભ્યાસથી પડી ગયેલા યોગીનો આ લોક પરલોકમાં (સ્વર્ગાદિક ભોગ તથા બ્રહ્માનુભાવ સુખમાં) વિનાશ નથી કારણ કે કલ્યાણને માર્ગે ચાલનાર કોઈ પણ યોગી ક્યારેય દુર્ગતિને નથી પામતો !

(ગી. અ. ૬-૪૦)

૨. અર્થઃ– ભોગની ઇચ્છાએ યોગમાર્ગથી પડેલો યોગી અતિશય પુણ્યશાળીના લોકને પામી ત્યાંના અતિસુખરૂપ ભોગને ભોગવીને ભોગ તૃષ્ણા પૂર્ણ થતાં યોગાભ્યાસના આરંભને યોગ્ય, પવિત્ર, સદ્‌ગૃહસ્થને ઘેર જન્મ પામે છે.

તમોગુણ વૃદ્ધિ પામે છે તે એ મોટો થાય તો પણ સંકર્ષણ જેવો થાય છે ને શ્રીહરિની સેવાને વિષે અખંડ રહી શકે નહિ કેમ જે એને તમોગુણ પ્રધાન છે માટે. ॥ **૫૪૫** ॥

ધર્મ, વૈરાગ્ય, ભક્તિ ને વિચાર એમાં શ્રેષ્ઠ તે કયો હશે ? ત્યારે સર્વે સંતે વિચારને શ્રેષ્ઠ કહ્યો. ત્યારે મોટા સંતે કહ્યું જે અમને પણ એ જ જણાય છે તે જુઓને પરમેશ્વરની મોટપ જે એમને ભજી ભજીને તો શુક-નારદાદિક પણ ભગવાન કહેવાય છે એવા એ ભગવાન અનેક સામર્થીએ યુક્ત છે ને પૂર્ણકામ છે ને એમને કોઈ પદાર્થ માત્ર જોઈતું નથી એ તો કેવળ દયાએ કરીને જીવનાં કલ્યાણને અર્થે મનુષ્યભાવને ગ્રહણ કરે છે ને શ્રીજીમહારાજે ઉત્તમ મુમુક્ષુની શિક્ષાને અર્થે તથા સર્વે આવિર્ભાવની શિક્ષાને અર્થે પ્રથમ વનમાં રહીને અષ્ટાંગ યોગ સાધ્યો ને શરીરમાં રુધિર તો રહેવા દીધું જ નહિ ને અન્ન તો જમતા જ નહિ ને વાયુ ભક્ષણ કરીને રહેતા ને સ્ત્રીનો તો ગંધ જ ગમતો નહિ. એવી રીતે અતિ ત્યાગી એવા જે શ્રીજીમહારાજ તે જે તે આપણા કલ્યાણને અર્થે જમવા મંડ્યા ને વસ્ત્ર પણ પહેરવા ઓઢવા માંડ્યાં. પણ આપણા સર્વેથી જેમ ઘટે તેમ યથાર્થ સેવા થઈ નહિ. કેમ જે કોઈ સત્સંગીએ છ મહિના કે પાંચ વર્ષ પર્યંત રોજ રોજ થાળ કરીને કે કરાવીને શ્રીજીમહારાજને અતિશય પ્રીતિએ કરીને જમાડી શક્યા નહિ ને વસ્ત્રાભૂષણ પણ વર્ષો વર્ષ ભાવે સોતા અર્પણ કરી શક્યા નહિ એવી રીતે મહિમા સમજવામાં ઘણી કસર રહી જાય છે. ॥ **૫૪૬** ॥

શ્રીકૃષ્ણ ભગવાને અહિંસા ધર્મ પ્રવર્તાવ્યો નહિ ને એકલી મારકૂટ જ કેમ કરી ? ઉત્તર જે, શિશુપાળને જરાસંઘાદિક જે અસુરી રાજા હતા તેમણે જ્યારે ભાગવત ધર્મ પૃથ્વી ઉપર પ્રવર્તવા ન દીધો ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને વિચારીને અર્જુન-ભીમાદિક દ્વારાએ કરીને અધર્મરૂપી રાજાઓની સમાપ્તિ કરાવીને યુધિષ્ઠિર રાજા દ્વારાએ કરીને શ્રીમદ્ ભગવદ્ ગીતા રૂપ જે સદ્ધર્મ તેને પ્રવર્તાવતા હવા. ॥ **૫૪૭** ॥

સાધર્મ્યપણું કેમ જાણવું ? ઉત્તર જે, જેમ દાવાનળે વનનો એક દેશ બાળ્યો હોય તો પણ વન બાળ્યું કહેવાય તેમ ભગવાનની આજ્ઞા પ્રમાણે ભગવાનને માર્ગે ચાલ્યો જે ભક્ત તે ભગવાન અને સત્પુરુષને સંગે કરીને નિર્ગુણપણાને પામ્યો કહેવાય છે. ને એ નિર્ગુણપણું જ ભગવાનનું સાધર્મ્યપણું છે ને આપણે સર્વે સાધર્મ્યપણાને પામ્યા છીએ તો જીવના કલ્યાણ કરીએ છીએ. તે સાધર્મ્યપણાને વિષે દૃષ્ટાંત છે. જેમ એક પર્વત તો સાકરનો જ હોય ને એક પર્વત તો પોણા ભાગનો સાકરનો હોય ને એક તો અર્ધો સાકરનો હોય ને એક તો પા ભાગનો સાકરનો હોય તે એક પર્વતનાં તો શિખર માથે સો કે પચાસ મણ સાકર પડી હોય ત્યાં જે જીવ જાય તે સર્વેનાં મુખ ગળ્યાં થાય તેમ સાધર્મ્યપણામાં ભેદ છે. ॥ **૫૪૮** ॥

ભગવાનના ભક્તને વ્યવહારના વિક્ષેપ બાધ કરે કે નહિ ? ઉત્તર જે, જે સમર્થ હોય તે તો વિક્ષેપને અંતઃકરણમાં પ્રવેશ કરવા દે નહિ ને ઉપરથી તો ખરખરો બહુ કરે ને જે અસમર્થ હોય તેને તો એ વિક્ષેપ અંતઃકરણમાં પ્રવેશ કરી જાય

છે. ॥ **૫૪૯** ॥

સર્વે જીવોનાં કર્મ તો એક નથી ને ઉત્પત્તિ તથા પ્રલય એક કાળે કેમ થાય છે ? ઉત્તર જે, ઉત્પત્યાદિક તો વૈરાજ પુરુષને લઈને થાય છે જેમ કોઈક મોટા સાધુને જૂનાગઢ જાવું હોય ત્યારે તેમના મંડળના સાધુને ગમે કે ન ગમે તો પણ એમની સાથે જાવું પડે છે એમ વૈરાજપુરુષને ઉત્પત્તિ, પ્રલયની રીત છે. ॥ **૫૫૦** ॥

મહત્તત્વાદિક ચોવીસ તત્ત્વ જે તે ભિન્ન ભિન્ન ઊપજે છે કે એક કાળે ઊપજે છે ? ઉત્તર જે, એક જ કાળે ઊપજે છે જેમ બાળક ઉત્પન્ન થાય છે તેમ. ॥ **૫૫૧** ॥

સર્વે સંતને તથા હરિજનને ઉપાસના ને ભજન સ્મરણાદિક સર્વે ક્રિયા તે સરખી છે તો પણ એ બેય પ્રકારના ભક્તને પરસ્પર નાના મોટાપણું કેમ થઈ જાય છે ? ઉત્તર જે, જેમ ખેતરમાં ખેડુ બીજ વાવે છે તેમાં પણ નાના મોટા છોડવા થઈ જાય તે તો ખાતર કે ધરતીના ફેરથી થાય છે. તેમ ભગવાનના ભક્તને પણ સંગ, સાધન, શ્રદ્ધા, ઉપાસના ને શ્રીજીમહારાજની જે શ્રવણાદિક નવ પ્રકારની ભક્તિ તેમાં જેટલો ફેર રહે છે તેટલી તે ભક્તમાં નાનપ મોટપ રહે છે. ॥ **૫૫૨** ॥

અહંવૃત્તિ જે તે સકામ અને નિષ્કામ ભક્તિએ કરીને અતિશય વૃદ્ધિ પામે છે તેમાં સકામ ભક્તિએ કરીને તો મનુષ્યથી લઈને પ્રકૃતિ પુરુષના જેવી મોટપને પામે છે ને

નિષ્કામ ભક્તિએ કરીને જીવસત્તા જે તે અક્ષરના સાધર્મ્યપણાને પામે છે અને સત્સંગમાં આવતાં વેંત જ જાણે જે હું મોટો થાઉં એમ મોટપ આવે નહિ. તે તો જેમ જેમ સત્સંગને વિષે દૃઢ નિષ્ઠા થાતી જાય ને એકાંતિક સાધુ પાસેથી ધર્મજ્ઞાનાદિકને શીખીને તે સાધનને પક્વ કરે તો મોટપને પામે છે. ॥ **૫૫૩** ॥

શક્તિ, ઐશ્વર્ય ને વિભૂતિ એ ત્રણ એક જ છે કે ભિન્ન છે ? ઉત્તર જે, શક્તિ ને ઐશ્વર્ય તો એક જ છે ને વિભૂતિ તો જુદી છે ॥ **૫૫૪** ॥

જે સત્સંગી હોય તે રાજાના રાજ્યમાં રહેતો હોય તેને તે રાજાનું કહ્યું કરવું પડે તેમ જે બ્રહ્મા, સૂર્યાદિકને અનુસરે છે તે તેવા થાય છે ને જે પુરુષોત્તમ ભગવાન કે તેમના મોટા સાધુ તેમની અનુવૃત્તિમાં વર્તે છે તે તો અક્ષર જેવા થાય છે ને જેને કાંઈક આડુંઅવળું વર્તાણું હોય ને તે જો પોતાના ધર્મમાં ખબડદાર થઈને વર્તે તો પાછો શુદ્ધ થઈ જાય છે. ॥ **૫૫૫** ॥

મન તો સત્વગુણમાંથી થયું છે માટે તેમાં રજ, તમના વિકાર કેમ રહ્યા છે ? ઉત્તર જે, મન તો વિષયનું પ્રકાશક છે. તેનું દીપકને દૃષ્ટાંતે[1] કરીને કહ્યું છે જે મન જો વિકારવાન હોય તો નારદ, સનકાદિકનું મન વિકારવાન કેમ નથી ? ॥ **૫૫૬** ॥

જે સ્થિતિવાન હોય ને તે ઠીક વર્તતા ન હોય ને જે

૧. જુઓ પરિશિષ્ટ.

સ્થિતિવાન ન હોય તે જેમ સંત કહે તેમ કરે છે. એ કેમ હશે ? ઉત્તર જે, સ્થિતિવાન નથી તેને સાધન છે ને જે સ્થિતિવાન છે તેને સાધન નથી. તે સંતદાસજીની વાર્તા બહુ કરી. ॥ **૫૫૭** ॥

અક્ષરબ્રહ્મ સર્વને વિષે વ્યાપકપણે કેમ રહ્યા છે ? ઉત્તર જે, ઐશ્વર્યે કરીને સર્વેને વિષે રહ્યા છે જેમ સૂર્ય પ્રકાશે કરીને સર્વ જગતને વિષે રહ્યો છે તેમ. ॥ **૫૫૮** ॥

સંતે કહ્યું જે મહારાજ મળ્યા એટલે શાંતિ થઈ ગઈ. ત્યારે મોટા સંત કહે જે ઉત્તમ મુમુક્ષુને તો દર્શને કરીને જ શાંતિ થાય છે. ને માની અને લોભી એવા જે મુમુક્ષુ હોય તેને તો માન ને લોભ સોતા જો સત્સંગ રહે તો શાંતિ રહે, નહિ તો ઉદ્વેગ રહે. ॥ **૫૫૯** ॥

એક દિવસ ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું જે, વાસનામય જે લિંગ શરીર નાશ પામ્યું કેમ જણાય ? ત્યારે મોટા સંતે કહ્યું જે ઉત્તમ પંચવિષય પ્રાપ્ત થયા હોય તેને મૂકી દે તો ફરી પાછા સાંભરે નહિ ? તે જેમ જન્માંતરનાં વિષય સુખ નથી સાંભરતાં તેમ હમણાના વિષય પણ ન સાંભરે, ત્યારે લિંગ દેહનો નાશ થયો જાણવો. ॥ **૫૬૦** ॥

અને ફળ, મૂળાદિકને વિષે તથા વગડાઉ સામા આદિકને વિષે તથા બાજરો, ઘઉં, ચોખા આદિક કાચા દાણાને વિષે તથા લોટ, ઘી, ગોળ, મિશ્રિત અન્ન એ સર્વેને વિષે એક એકથી અધિક ધુમાડો ને પ્રમાદ કહ્યો છે. ॥ **૫૬૧ *** ॥

અને જીવ સર્વે સરખા છે કે નાના મોટા છે ? એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે, જીવ સર્વે જાણપણા રૂપે તો સરખા છે પણ જેમ જેમ શ્રીજીમહારાજનો મહિમા સમજતો જાય ને ધર્મ, જ્ઞાનાદિક સાધન અતિ દૃઢ થાતાં જાય તેમ તેમ તેજ, પ્રતાપ ને ઐશ્વર્યાદિક સર્વે એ ભક્તને પ્રાપ્ત થાતાં જાય છે ને એ વાર્તા શ્રીજીમહારાજે સારંગપુરના ભક્તના ભેદના વચનામૃતમાં પણ કહી છે. **॥ ૫૬૨ *॥**

અને હરજી ઠક્કરે પૂછ્યું જે માયાવી પુરુષની માયામાં ન લેવાય એવો પુરુષ હોય તેને કેમ ઓળખવો ? ત્યારે સ્વામીએ કહ્યું જે પૂર્વે કહ્યો એવો જે જ્ઞાની હોય તે માયાવી પુરુષની માયામાં ન લેવાય ને બીજો તો ગમે તેવો હોય તો પણ માયાવી પુરુષની માયામાં લેવાય જાય. તે માયાવી પુરુષનું થોડાકમાં લક્ષણ કહીએ છીએ જે પોતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તે ન કરતો હોય પણ બીજા મુમુક્ષુને તે ધર્માદિક દેખાડીને તેનો ઉપદેશ કરે, પછી સારા સાધુ સાથે જોડાણો હોય તે સાધુનો અવગુણ ઘાલીને તેને પોતાની પાસે રાખે ને પછી ભક્તિનો ઉપદેશ કરીને તેમાં દોષ દેખાડીને તે ભક્તિ થકી પાડે તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્યનો ઉપદેશ કરીને પછી તેમાં દોષ દેખાડીને તે ધર્માદિક થકી પાડી નાખે છે. તથા ભગવાનનું માહાત્મ્ય કહી દેખાડીને પછી તેમાં દોષ દેખાડીને તે માહાત્મ્ય થકી પાડી નાખે છે. તથા ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અને પ્રતાપ પોતે કહીને પછી તેમાં દોષ દેખાડીને તેને ભગવાનના નિશ્ચય તથા પ્રતાપ થકી પાડી નાખે છે. એવી રીતે એ કહ્યાં એથી

અનંતગણાં છળ ને કપટ જેને વિષે છે એવો જે માયાવી પુરુષ તેની માયાનું તો અનંતપણું છે તે માટે એની માયામાં તો પૂર્વે કહ્યો જે જ્ઞાની તે ન લેવાય તથા તે સાથે જોડાણો હોય તેને પણ એની માયામાં ન લેવાવા દીયે અને બીજો તો ગમે તેવો હોય તો પણ માયાવી પુરુષની માયામાં લેવાયા વિના રહે નહિ. માટે આ વાત તે અવશ્ય સમજવાની છે. ॥ **૫૬૩ *** ॥

અને સુપર્ણાનંદ સ્વામીએ પૂછ્યું જે બદ્ધ મુક્ત (જીવન્મુક્ત) તથા શુદ્ધ મુક્ત (વિદેહ મુક્ત) તેને વિષયમાં રાગ છે તે કેમ છે ને તે બેને પ્રકૃતિ છે તે કેમ છે ? ત્યારે તેમણે કહ્યું જે જીવન્મુક્ત હોય તેને વિષયમાં રાગ પણ થાય. ને પ્રકૃતિ-સ્વભાવ પણ હોય ને જે વિદેહ મુક્ત તે તો શુદ્ધ મુક્તભાવને પામ્યા હોય તેને તો કોઈ સ્વભાવ તથા પ્રકૃતિ તે ન હોય ને જે કાંઈ પ્રકૃતિ-સ્વભાવ જણાય છે તે તો જીવના કલ્યાણને અર્થે જણાય છે. ત્યારે સ્વામીએ કહ્યું જે એ ઠીક કહ્યું એનો એ જ ઉત્તર છે, અને તે બેમાં જે સ્વભાવ-પ્રકૃતિ છે તે હમણાં તો ન જણાય કેમ જે મોટાનો જે કાયદો હોય તે કાયદા પ્રમાણે સર્વેને વર્ત્યું જોઈએ પણ આડુંઅવળું ન વર્તાય, જુઓને પ્રથમ આપણે એમ આજ્ઞા હતી જે અઢી હાથનો એક હજુરિયો રાખવો પણ એથી અધિક ન રખાય તથા એક કૌપીન ને ગોદડી રાખવી તથા ખટ રસનાં વર્તમાન હતાં એ આદિક જે જે આજ્ઞા હતી તે પ્રમાણે સૌ વર્તતા પણ અધિક ન્યૂન કોઈનાથી ન વર્તાતું. તેમ અક્ષરધામમાં પણ એક પુરુષોત્તમ ભગવાન પોતે એક જ તે સર્વે મુક્તના નિયંતા છે તે માટે એ મુક્તમાં

એકસરખી પ્રકૃતિ જણાય છે પણ જો સ્વતંત્રપણે આંહીં આવ્યા હોય ત્યારે જેની જેવી પ્રકૃતિ હોય તે જણાય કેમ જે પોતાની સ્મૃતિને અનુસારે જીવનો મોક્ષ કરે. તે ઉપર કહ્યું જે શ્રી રામચંદ્રજીએ અને શ્રીકૃષ્ણ ભગવાને જે કલ્યાણનો રસ્તો બાંધ્યો છે તે તપાસીને જુઓ ને મહારાજે જીવના કલ્યાણને અર્થે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત જે ભક્તિ તેનું સ્થાપન કર્યું છે તે જુઓ, કેમ જે મહારાજે જે ધર્મ બાંધ્યો છે તેમાં કોઈ કાળે અધર્મ પેસવાનો માર્ગ જ નથી. તે માટે ગમે તેવો મુક્ત હોય ને જો તે સ્ત્રી, ધન તથા માન એ ત્રણનો અતિ સંગ કરે તો તેનો ઠા ન રહે તો બીજાની તો વાત શી? ॥ **૫૬૪ *** ॥

## ૨૪ સાધુને પરસ્પર વાર્તા કરવાની રીત

ભગવાન પોતાના અક્ષરધામને વિષે દિવ્ય ઐશ્વર્ય, પાર્ષદ, દિવ્ય-શક્તિએ સહિત રહ્યા છે તેવા ને તેવા જ પ્રત્યક્ષ પ્રમાણ છે એ આદિક જે ભગવાનના માહાત્મ્ય તેની વાર્તા કરવી. ॥ ૧ ॥

સર્વ સુખમય, સર્વ થકી પર, સર્વના નિયંતા, સર્વના કર્તા, એ આદિક જે ભગવાનની મોટપ તેનું ગ્રહણ કરીને પોતાના સ્વભાવને ટાળવાની વાર્તા કરવી. ॥ ૨ ॥

ત્રણ દેહ, દસ ઇંદ્રિયો, ચાર અંતઃકરણ તે થકી પૃથક્ જે પોતાનો જીવાત્મા તે દેહ, ઇંદ્રિયો ને અંતઃકરણના જે સંકલ્પ ઊઠે છે તે ભેળો જીવાત્મા ભળ્યો છે તેને પૃથક્ પાડવો ને દેહ ને દેહનાં સંબંધી ખોટાં થઈ જાય એવી રીતે આત્મનિષ્ઠાની વાર્તા કરવી. ॥ ૩ ॥

અને નિત્ય પ્રલય, નિમિત્ત પ્રલય, પ્રાકૃત પ્રલય, આત્યંતિક પ્રલય એ ચાર પ્રકારના પ્રલયે કરીને સર્વેના ભોગ, દેહ ને લોક તે નાશ થઈ જાય છે ને માયામાંથી થયાં જે પદાર્થ માત્ર તે સંબંધી જે સુખ તે અપાર દુઃખે સહિત છે તે દુઃખને દેખાડીને વૈરાગ્યની વાર્તા કરવી. ॥ ૪ ॥

નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ, નિઃસ્નેહ, નિર્માન એ જે

સાધુના ધર્મ તે જે ધર્મશાસ્ત્રમાં કહ્યા હોય તેને શીખીને તે પ્રમાણે વર્તવું. ને તે પ્રમાણે વાર્તા કરવી. ॥ **૫** ॥

ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ તે મન, કર્મ, વચને કરીને નિરંતર કરવી પણ તે ભક્તિ કર્યા વિના વ્યર્થ કાળ જવા દેવો નહિ. ને તે વિના બીજી જે રીતની પોતાના સ્વભાવ અનુસારે પ્રકૃતિ હોય તેને ટાળવી ને તે અંગની વાર્તા કરવી. ॥ **૬** ॥

સત્ અસત્ એવા જે દેશકાળાદિક આઠ[૧] તેની જે પૃથક્ વિક્તિ તેની વાર્તા કરવી. ॥ **૭** ॥

સત્શાસ્ત્રને વિષે કહ્યાં એવાં જે સાધુનાં લક્ષણ તેને જોઈને તે લક્ષણ પોતાને વિષે કેટલાં આવ્યાં છે ને કેટલાં નથી આવ્યાં તેનો તપાસ કરવો ને જે લક્ષણ ન આવ્યાં હોય તે શીખવાં ને તે અંગની વાર્તા કરવી. ॥ **૮** ॥

શ્રીજીમહારાજે સ્થાપન કર્યાં જે દેવમંદિર તથા ધર્મવંશના આચાર્ય તેની ઉત્કૃષ્ટતા[૨] થાય તેવી રીતે વર્તવું ને તેવી રીતે જ વાર્તા કરવી. ॥ **૯** ॥

શિક્ષાપત્રી આદિક જે આપણા સંપ્રદાયના ગ્રંથ તેને ભણવા ભણાવવાનો અભ્યાસ પોતાની બુદ્ધિ પ્રમાણે રાખવો ને એ અંગેની વાર્તા કરવી. ॥ **૧૦** ॥

આવી રીત્યે જે સાધુને વર્તવાની રીત તેમાં આળસ રહેતી હોય તેને ટાળવાની વાર્તા કરવી. ॥ **૧૧** ॥

૧. જુઓ પરિશિષ્ટ. ૨. શ્રેષ્ઠતા.

શ્રીજીમહારાજ પોતાના ભક્તજનને તત્કાળ સમાધિએ કરીને પ્રાણ, ઇંદ્રિયોનો નિરોધ કરાવીને અનંત ઐશ્વર્યયુક્ત એવાં જે બ્રહ્મપુર, ગોલોક, વૈકુંઠાદિક દિવ્ય પોતાનાં ધામ તેને વિષે પોતાનું દિવ્ય દર્શન દેવું તથા પોતાના ભક્તજનને અંતકાળે વિમાન તથા રથ, અશ્વાદિક દિવ્ય વાહન ઉપર બેસીને દિવ્ય પાર્ષદ સહિત આવીને દર્શન દેવું ને તે ભક્તને પોતાના ધામમાં લઈ જવું એ આદિક જે શ્રીજીમહારાજના ચરિત્ર તેની વિસ્તારીને વાર્તા કરવી. ॥ ૧૨ ॥

## ૨૫ સત્સંગી હરિભક્ત હોય તેની આગળ વાત કરવાની રીત

શિક્ષાપત્રીમાં કહ્યાં જે પરસ્ત્રીનો ત્યાગ તથા ચોરી ન કરવી તથા મદ્ય-માંસનો ત્યાગ કરવો એ આદિક જે પંચ વર્તમાનના મોટા મોટા નિયમ તેની દૃઢતા થાય તેવી વાર્તા કરવી. ॥ **૧** ॥

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે તેવી રીતે જે ભગવાનના દિવ્યભાવનું અને મનુષ્યભાવનું વર્ણન કરીને ભગવાનના નિશ્ચયની વાર્તા કરવી. ॥ **૨** ॥

શ્રીજીમહારાજે સ્થાપન કર્યાં જે દેવમંદિર તથા આચાર્ય તેને દર્શને જાવું તથા ઉત્સવ સમૈયા ઉપર જાવું તેમાં શ્રદ્ધા ઉપજે એવી વાર્તા કરવી. ॥ ૩ ॥

પોતાના ગામમાં જે હરિભક્તો હોય તેમણે સાયંકાળે ભેળા થઈને પરસ્પર ભગવદ્ વાર્તા કરવી અને સાંભળવી એવી રીતની વાર્તા કરવી. ॥ ૪ ॥

પ્રત્યક્ષ ભગવાનની નિષ્ઠાવાળા જે સાધુ તેનાં લક્ષણની વાર્તા કરવી તથા પ્રત્યક્ષ ભગવાનની નિષ્ઠાએ રહિત જે અસાધુ તેનાં લક્ષણની વાર્તા સત્શાસ્ત્રની સાખ્ય લાવીને કરવી. ॥ **૫** ॥

દેશકાળાદિકને ઉપદ્રવે કરીને સુખદુઃખ આવી પડે તથા હાણ વૃદ્ધિ થાય તેણે કરીને સત્સંગમાંથી મોળા ન પડે એવી રીતે હિંમતની વાર્તા કરવી. ॥ ૬ ॥

હવે પ્રથમ સત્સંગી થવા આવે તેની આગળ પુણ્ય-પાપની વાર્તા કરવી તથા તે પુણ્યે કરીને થયું જે મોક્ષરૂપ સુખ અને પાપે કરીને થયું જે યમપુરી નરક-ચોરાશીરૂપ દુઃખ તેની વાર્તા કરવી. ॥ ૭ ॥

અને જે સાધુને સંગે કરીને જીવનું કલ્યાણ થાય તેવા સાધુના લક્ષણની વાર્તા કરવી. ॥ ૮ ॥

## ૨૬ ધ્યાનના શ્લોકો

यस्तिष्ठेदेकपादेन वायुभक्षः शतं समाः ।

ध्यानयोगीपरस्तस्मादिति ब्रह्मानुशासनम् ॥ १ ॥

અર્થઃ– જે પુરુષ જે તે વાયુનું ભક્ષણ કરતો થકો સો વર્ષ પર્યંત એક પગે કરીને ઊભો રહે તે થકી પણ ધ્યાનયોગી જે ધ્યાને કરીને નિરંતર ભગવાનના યોગનો રાખનારો ભગવાનનો ભક્ત તે જે તે શ્રેષ્ઠ છે. એવી રીતે બ્રહ્માનું આજ્ઞાવચન છે. ॥ ૧ ॥

अश्वमेघसहस्त्रेण राजसूयशतेन च ।

पुंडरीकसहस्त्रेण योगिश्ववसथो वरः ॥ २ ॥

અર્થઃ– અને એક હજાર અશ્વમેઘ યજ્ઞ કરવા; એક સો રાજસૂય નામે યજ્ઞ કરવા તથા એક હજાર પુંડરિક નામે યજ્ઞ કરવા તે થકી પણ યોગી જે ભગવાનના ધ્યાન યોગને કરનારા ભક્તજન તેમને વિષે નિવાસ કરવો તે શ્રેષ્ઠ સમય છે. કેમ જે તેમના સમાગમે કરીને તેમના જેવા ગુણ આવે છે. ॥ ૨ ॥

ध्याता ध्यानं तथा ध्येयं सच्च ध्यानप्रयोजनम् ।

एतच्चतुष्टयं ज्ञात्वा योगं युजीत तत्ववित् ॥ ३ ॥

અર્થઃ– અને ધ્યાતા જે ધ્યાનનો કરનારો પોતાનો જીવાત્મા તથા ધ્યાન જે ધ્યાન કરવાનો પ્રકાર તથા ધ્યેય જે

ધ્યાન કરવા યોગ્ય એવું ભગવાનનું સ્વરૂપ તથા તે ધ્યાનનું પ્રયોજન જે ભગવાનને વિશે સર્વ વૃત્તિનો નિરોધ થાય એ જે ચાર વાનાં તેને યથાર્થ જાણીને પછી પરમેશ્વર એવા જે પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપને યથાર્થ જાણનારો જે યોગી તે જે તે ભગવાનના ધ્યાનયોગને કરે. ॥ ૩ ॥

गच्छंस्तिष्ठन् स्वपन् जागृन्नुन्मिषन्निमिषन्नपि ।
शुचिर्वाप्यशुचिर्वापि ध्यायेत् सततमीश्वरम् ॥ ४ ॥

અર્થઃ– હવે ધ્યાન કરવાના પ્રકારને કહે છે. ધ્યાનનો કરનારો જે ભક્તજન તે જે તે ચાલતો થકો, બેઠો થકો, સૂતો થકો, જાગતો થકો, પોતાના નેત્રને ઉઘાડતો થકો, મીંચતો થકો, પવિત્રપણે રહ્યો થકો, અપવિત્રપણે રહ્યો થકો પણ પરમેશ્વર એવા જે પુરુષોત્તમ ભગવાન તેનું નિરંતર ધ્યાન કરે. કેવી રીતે, તો તે ભગવાનનાં ચરણારવિંદ આદિક એક એક અંગ તેનું પૃથક્ પૃથક્ ધ્યાન કરે અથવા સમગ્ર મૂર્તિનું ભેળું ધ્યાન કરે. ॥ ૪ ॥

अहं ब्रह्म परं ब्रह्म वासुदेवोति मत्प्रभुः ।
हृदीत्थं भावयन् शश्वत् ध्याता ध्यानं प्रयोजयेत् ॥ ५ ॥

અર્થઃ– હવે ધ્યાતા ને ધ્યેયને જાણવાની રીત કહે છે. ધ્યાતા જે ધ્યાનનો કરનારો ભક્ત તે પોતાને એમ જાણે જે હું જે તે બ્રહ્મ છું કે'તાં અક્ષરબ્રહ્મ સાથે એકત્વભાવને પામ્યો છું અને ધ્યેય જે ભગવાન તેને એમ જાણે જે અતિ સમર્થ એવા મારા સ્વામી જે વાસુદેવ ભગવાન તે પરબ્રહ્મ છે કે'તાં

અક્ષરબ્રહ્મ થકી પણ સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ, ઐશ્વર્યાદિકે કરીને અતિ ઉત્કર્ષપણે વર્તે છે એવી રીતે પોતાના મનને વિષે નિરંતર ભાવનાને કરતો કે'તાં વિચારને કરતો થકો નિરંતર તે ભગવાનના ધ્યાનને કરે. ॥ ૫ ॥

ध्यानात् शांतो जपेन्मंत्रं जपन् शांतश्च चिंतयेत् ।
जपध्यानप्रसक्तस्य विष्णुः शीघ्रं प्रसीदति ॥ ६ ॥

અર્થઃ– એવી રીતે ધ્યાન કરતા થકા તે ધ્યાન થકી થાકે ત્યારે તે ભગવાનના નામનો અથવા અષ્ટાક્ષર મંત્રનો જપ કરે અને તે જપને કરતો થકો થાકે ત્યારે વળી તે ભગવાનનું ધ્યાન કરે અને એવી રીતે ધ્યાન અને જપ તેને વિષે આસક્ત થયો એવો જે ભક્ત તેની ઉપર એ ભક્તના અંતર્યામી એવા જે ભગવાન તે જે તે તત્કાળ પ્રસન્ન થાય છે કે'તાં એ ભક્તના એવા ધ્યાનના આગ્રહને જાણીને તેને પોતાની મૂર્તિનું સાક્ષાત્ દર્શન આપે છે અને તે મૂર્તિને વિષે એ ભક્તના ચિત્તનો નિરોધ થાય છે અને એવી રીતે જે ચિત્તનો નિરોધ થાય તે ધ્યાનનું પ્રયોજન છે. ॥ ૬ ॥

वेदैस्तूक्ता सर्वयज्ञक्रियास्तु यज्ञाज्जप्यं ज्ञानमाहुश्च जप्यात् ।
ज्ञानाद्ध्यानं संगरागादपेतं तस्मिन्प्राप्ते शाश्वतस्योपलंभः ॥ ७ ॥

અર્થઃ– અને સર્વ યજ્ઞની જે ક્રિયાઓ જે તે વેદ તેમણે કહી છે અને તે યજ્ઞ થકી પણ જપવા યોગ્ય એવા જે ભગવાનના મંત્ર તે અધિક છે અને તે મંત્ર થકી પણ જ્ઞાન જે ભગવાનના માહાત્મ્યને જાણવું તે અધિક છે અને માયિક

પદાર્થના પ્રસંગે કરીને થયો જે તે પદાર્થને વિષે રાગ તેણે રહિત એવું જે ધ્યાન તે જે તે જ્ઞાન થકી પણ અધિક છે અને એવા ધ્યાનની પ્રાપ્તિ થયે સતે અનાદિ સિદ્ધ એવું જે ભગવાનનું સ્વરૂપ તેની પ્રાપ્તિ થાય છે કહેતાં તે ભગવાનની મૂર્તિ સાક્ષાત્ દેખાય છે. અને તે મૂર્તિને વિષે ધ્યાનના કરનારાના ચિત્તનો નિરોધ થાય છે એ ધ્યાનનું પ્રયોજન છે અને ફળ પણ એ જ છે. ॥ ૭ ॥

એવી રીતે મહાભારતના શાંતિ પર્વના મોક્ષ ધર્મમાં કહ્યું છે.

# ૨૭ પ્રતિલોમવૃત્તિએ ધ્યાન કરવાની રીતનો પત્ર

લિખાવિતં સ્વામી શ્રી સહજાનંદજી સમસ્ત મુમુક્ષુ બાઈ-ભાઈ સર્વે અમારા નારાયણ વાંચશો. જત તમે સર્વે નારાયણ દેવ જે પ્રત્યક્ષ ભગવાન તેનું ધ્યાન કરો છો તથા અન્વય વ્યતિરેકપણે કરીને તેના સ્વરૂપનો વિચાર કરો છો તથા તેનું નામ-સ્મરણ કરો છો તથા ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનો વિચાર કરો છો એટલે કરવે કરીને પણ સમગ્રપણે કરીને કૃતાર્થપણું મનાતું નથી અને મનમાં સંતોષ-શાંતિ પણ નથી થાતી અને તૃષ્ણા રહે છે તેનું શું કારણ છે ? તો જે પ્રથમ ભગવાન આ જગતને સરજીને તે જગત પ્રત્યે અંતર્યામીરૂપે કરીને પ્રવેશ કરતા હવા અને પોતાનું સ્વરૂપ તથા જગતનું સ્વરૂપ તેને જાણ્યાને અર્થે વેદને સર્જતા હવા. તે વેદ, પુરાણ, સ્મૃતિ તેને વિષે જીવોની શાંતિને અર્થે એમ કહ્યું છે જે જેમ પરાધીનપણે સ્વપ્નને અવલંબને કરીને તથા સુષુપ્તિને અવલંબને કરીને અને મૂર્છાને અવલંબને કરીને આ જીવ દેહનાં વિવર પ્રત્યે પ્રવેશ કરે છે. અને તે દેહના અવકાશને વિષે અજ્ઞાનમય સુખદુઃખને પ્રાપ્ત થાય છે તેમ જ્યારે સ્વાધીનપણે કરીને આ જીવ ભગવાનની મૂર્તિના ધ્યાનને અવલંબને કરીને હૃદય પ્રત્યે પ્રવેશ કરે તથા સ્મરણાદિક જે નવ પ્રકારે ભક્તિનાં અંગ તેના અવલંબને

કરીને દેહના હૃદયાકાશ પ્રત્યે પ્રવેશ કરે તથા પુરક, કુંભક, રેચક આદિક જે અષ્ટાંગયોગ તેના અવલંબને કરીને પ્રવેશ કરે તથા અન્વય વ્યતિરેકપણે કરીને વ્યષ્ટિ સમષ્ટિને વિષે રહ્યું જે પુરુષોત્તમનું સ્વરૂપ તેના વિચારના અવલંબને કરીને દેહના અવકાશ પ્રત્યે પ્રવેશ કરે તથા શ્રીમદ્ ભગવદ્ ગીતાના બીજા અધ્યાયને વિષે કહ્યું જે જીવનું સ્વરૂપ તેના વિચારને અવલંબને કરીને હૃદયાકાશને પ્રત્યે પ્રવેશ કરે.

એવી રીતે ભક્તિ તથા વિચારને અવલંબને કરીને દેહને માંહી અવકાશ પ્રત્યે સ્વાધીનપણે પ્રવેશ કરે, ત્યારે એ જીવના સ્વરૂપને દેખે ને સંશય નિવૃત્તિ પામે ને પુરુષોત્તમનું સ્વરૂપ જેવું પ્રત્યક્ષ છે તેવું દેખે અને બ્રહ્મમોહોલ, વૈકુંઠાદિક જે ધામ તેને પણ દેખે, અને મૂળાધારાદિક જે ચક્ર તેને વિષે રહ્યા જે દેવતા તેને દેખે અને પોતાના જીવને વિષે રહ્યા જે દ્રષ્ટા તેને દેખે. એવી રીતે જ્યારે દેખે ત્યારે કોઈક ઈશ્વર સાથે એકપણાને પામીને શાંતિ-સંતોષને પામે અને કોઈક સ્વામી-સેવકપણે રહીને સંતોષને પામે. એવી રીતે પૂર્વે નારાયણ દેવે એવો નિયમ બાંધ્યો છે જે આ દેહના વિવર પ્રત્યે પ્રતિલોમપણે કરીને જ્યારે પ્રવેશ કરે ત્યારે જ શાંતિને પામે, પણ વેદાંતશાસ્ત્ર તથા ભક્તિશાસ્ત્ર તેને શ્રવણે કરીને અથવા તેને કહેવે કરીને પણ શાંતિ ન પામે અને તીવ્ર વૈરાગ્યે કરીને પણ તેવી શાંતિને ન પામે અને અલ્પ વૈરાગ્યનું બળ હોય, અલ્પ ભક્તિનું બળ હોય, અલ્પ આત્મજ્ઞાનનું બળ હોય પણ જો પ્રતિલોમપણે દેહને વિષે હૃદયરૂપી ગુફાને વિશે પ્રવેશ કરે

ત્યારે જ શાંતિને પામે એવી રીતે સર્વે શાસ્ત્રને વિષે મોટા સાધુ કહી ગયા છે તે વાત સત્ય છે અને અમે પણ એવી રીતે જ શાંતિને દીઠી છે. એ વચનને જે અમારા હો તે સાચું માનજો.

## (૨૮) શ્રી પુરુષોત્તમ નારાયણ અવતારી જે સ્વયંમૂર્તિ તેનાં અસાધારણ લક્ષણ

(૧) પૂર્વે થયા જે સર્વે અવતાર તેમને પોતાના સ્વરૂપને વિષે દેખાડે.

(૨) વૈકુંઠાદિક ધામને વિષે રહી જે દિવ્ય મૂર્તિઓ અને તે મૂર્તિઓમાં રહ્યાં જે દિવ્ય ઐશ્વર્ય તે સર્વેને પોતાની મૂર્તિને વિષે બહુ મનુષ્યને દેખાડે.

(૩) જેવા તેવા જીવ હોય તેમને પણ સમાધિએ કરીને પોતાની મૂર્તિને વિષે ચિત્તનો નિરોધ અષ્ટાંગયોગ સિદ્ધ કર્યા વિના કરાવે.

(૪) બીજા અવતાર ધારીને જેવું જીવનું કલ્યાણ કર્યું તથા ચિત્તનો નિરોધ કર્યો તેવું પોતાના ભક્ત દ્વારે સામર્થ્ય જણાવે.

(૫) અપાર તેજોમય એવું જે અક્ષરધામ તેના મધ્યને વિષે રહ્યું જે દિવ્ય સિંહાસન તેની ઉપર સદા બિરાજમાન ને ચારે કોરે અનંતકોટિ મુક્ત મંડળની સભાએ વીંટાણા એવા જે દિવ્ય મૂર્તિ પોતે તેનું દર્શન જેવા તેવા જીવને સહેજે કરાવે.

(૬) પૂર્વે શાસ્ત્રને વિષે કહ્યા જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા યોગ, સાંખ્ય અને વેદાંતાદિક શાસ્ત્રના મત

તેમના સ્વરૂપનું પ્રતિપાદન જ્યારે પોતે કરે તથા તેમના પ્રતિપાદનનાં શાસ્ત્ર કરે ત્યારે પૂર્વેનાં શાસ્ત્ર થકી તેમાં બહુ જ ચમત્કાર આવે ને સહેજે સર્વના સમજ્યામાં આવે ને તે વાર્તા શાસ્ત્રમાં જેની બુદ્ધિ પુગતી હોય તેને યથાર્થ જાણ્યામાં આવે.

(૭) પોતાનાં દર્શન માત્રે કરીને જ અનેક જીવના મનની વૃત્તિઓ સહેજે પોતાની મૂર્તિમાં તણાઈ જાય.

(૮) જે કોઈ જીવે પોતાનો આશ્રય માત્ર કર્યો હોય તેણે કરીને પણ તેનું મોટું કલ્યાણ થાય ને તે જીવને અંત સમય થાય ત્યારે પોતે પોતાના પાર્ષદે સહિત રથ, વિમાન લઈને તેડવા આવે.

(૯) અને પોતાની આજ્ઞાએ કરીને અનેક સ્ત્રી-પુરુષ તે પોતપોતાના ધર્મને માર્ગે ચાલે તથા જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિને માર્ગે ચાલે એવી રીતનો પોતાના વચનમાં પ્રતાપ હોય.

(૧૦) પોતાના સંબંધને પામ્યું જે વસ્ત્ર-પુષ્પાદિક વસ્તુ તેને દર્શન માત્રે કરીને તથા તેના સ્પર્શ માત્રે કરીને તત્કાળ જીવને અંતરદૃષ્ટિ થઈ જાય ને તે પછી બ્રહ્મપુર આદિક ધામ તથા તે ધામનાં દિવ્ય ઐશ્વર્ય તે દેખાઈ આવે.

(૧૧) જેના સ્વરૂપ સંબંધી વાર્તાને કોઈ પરદેશમાં જઈને કરે તેને સાંભળીને મનુષ્યને અલૌકિકપણું જણાઈ આવે.

(૧૨) જીવાત્મા, વિરાટપુરુષ ઈશ્વર, પ્રધાનપુરુષ, મૂળ

પ્રકૃતિપુરુષ, અક્ષરધામના મુક્ત અને અક્ષરધામના નિવાસી જે પોતે પુરુષોત્તમ તે સર્વેનું નિરુપણ ભેદે સહિત ને ઐશ્વર્ય સહિત નોખું નોખું સ્પષ્ટપણે પોતે કરી દેખાડે તથા ઐશ્વર્ય સહિત તેમનાં સ્વરૂપ બીજાને દેખાડે તથા આવી રીતના જ્ઞાનને થકી પામીને પોતાના ભક્ત પણ કહી દેખાડે એવી રીતની પ્રવૃત્તિ હોય.

(૧૩) પોતાના અવતાર તે પોતાની મૂર્તિને વિષે લીન થાય પણ પોતાની મૂર્તિ કોઈ અવતારને વિષે લીન ન થાય એવી ક્રિયા સમાધિને વિષે કોઈક કોઈકને દેખાય.

એવા દિવ્ય મૂર્તિ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેની શ્રવણાદિક જે નવ પ્રકારની ભક્તિ તે સર્વે પાપને વિનાશ કરવાવાળી છે.

## ૨૯ શ્રીહરિજીએ ભગવાનના સ્વરૂપની ઉપાસના સિદ્ધ કરવા લખાવેલો પત્ર

લિખાવીતં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ જત સર્વે સત્સંગી નારાયણ વાંચજો. બીજું લખવા કારણ એમ છે જે, જે મનુષ્યને જેવું પોતાનું પ્રારબ્ધ હોય તેને અનુસારે તેના દેહને સુખદુઃખ થાય છે તથા જન્મ મરણ થાય છે. જીવનાં પ્રારબ્ધ કર્મને ઉલ્લંઘન કરીને તો રુદ્ર, ભૈરવ, ભવાની આદિક જે દેવ ને દેવીઓ છે તે કોઈ પણ જીવને સુખદુઃખ દેવાને અર્થે ને મારવા જીવાડવાને અર્થે સમર્થ થાતાં નથી અને પ્રારબ્ધ કર્મ ને કાળ તેને ખોટું કરી નાખવું તથા મુવાને જીવતો કરવો ને જીવતાને મારી નાખવો તેને વિષે તો એક પરમેશ્વર નારાયણ માત્ર સમર્થ છે. પણ બીજા કોઈ દેવી દેવતા સમર્થ નથી. માટે એક પરમેશ્વરનો દૃઢ આશ્રય રાખીને નિત્ય ભજન સ્મરણ કર્યા કરવું. ને કોઈ દેવ દેવીનો ભય રાખવો નહિ અને આપણે તો સર્વે ભગવાનના ભક્ત છીએ અને શૂરવીર છીએ માટે હરિભક્તને તો કોઈ રીતનો મનમાં ભય રાખવો ઘટે નહિ. અને મંત્ર, જંત્ર, ઔષધિએ કરીને કોઈ માણસ જીવતો રહેતો હોય તો પૃથ્વીમાં કોઈક તો દીઠામાં આવત પણ કોઈએ દીઠામાં તો આવ્યો નહિ. અને જે બહુ મંત્ર, જંત્રને જાણે છે તે પણ મરી જાય છે અને મંત્ર, જંત્ર કોઈ ઉપર કોઈનાં ચાલતાં

હોય તો ઘણાક શત્રુ જેની ઉપર હોય એવા મોટા જે રાજા તે જીવતા શા સારુ રહે ? ને જંત્ર, મંત્રે કરીને જ સિદ્ધિ થાતી હોય તો લાખો રૂપિયા ખર્ચીને રાજાઓ લશ્કર ભેળું કરે છે, તથા આયુધ સામગ્રી રાખે છે તે શા સારુ કરે? એક ભારે મંત્રશાસ્ત્રી રાખે અને જંત્ર, મંત્રની સિદ્ધિએ સર્વે પ્રતિપક્ષીને મારી નખાવે. પણ તેમ તો કોઈ ઠેકાણે દેખાતું નથી. માટે નિર્ભય થકા નારાયણનું ભજન કરજો અને ભગવાનનો જ દૃઢ વિશ્વાસ રાખજો. જેમ ભગવાને ધાર્યું હશે તે સત્ય થાશે પણ આપણું ધાર્યું તથા બીજા કોઈનું ધાર્યું નહિ થાય અને જો કોઈ જીવનું ધાર્યું થાતું હોય તો કોઈએ જીવ રંક તો રહે જ નહિ. સર્વેને રાજા થયાનો ઉમેદ છે પણ તેમ થાય નહિ.

## ૩૦ શ્રી પુરુષોત્તમ નારાયણના સ્વરૂપના જ્ઞાનનો નિર્ણય

ભગવાનનો જે દિવ્યભાવ અને મનુષ્યભાવ તેને અભેદપણે સમજવાની રીત દેખાડીએ છીએ જે અનંત કોટિ સૂર્ય ચંદ્રના પ્રકાશ જેવું તેજોમય એવું જે પોતાનું અક્ષરધામ તેને વિષે અનંત કોટિ અક્ષરરૂપ મુક્તે સેવ્યા અને દિવ્ય અને દ્વિભુજ મૂર્તિ એવા જે પુરુષોત્તમ ભગવાન તે સદા બિરાજમાન છે. તે કેવા છે તો અનંત કોટિ જે તે મુક્તો તથા અક્ષર તથા પુરુષ, પ્રકૃતિ ને કાળ એ સર્વેના નિયંતા છે અને એ સર્વેના સ્વામી છે અને એ સર્વેને સુખના આપનારા છે. અને સ્વતંત્ર છે ને મહારાજાધિરાજ છે અને એવા સામર્થ્યે યુક્ત જે એના એ પોતે ભગવાન તે જીવોની ઉપર દયાએ કરીને તેમના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થાય છે અને મનુષ્ય પોતાનો આશ્રય કરે અને પોતાની ભક્તિ કરે તેને અર્થે મનુષ્યને અનુસરતાં ચરિત્ર કરે છે. અને તે મનુષ્ય સ્વરૂપને વિષે પોતાની જે અક્ષરધામમાં રહી જે તેજોમય દિવ્ય મૂર્તિ તે દેખાઈ આવે તથા પ્રકૃતિપુરુષના જેવું સામર્થ્ય જણાઈ આવે તથા વિરાટપુરુષના જેવું સામર્થ્ય જણાઈ આવે તથા એક થકા અનંતરૂપે જણાઈ આવે તથા બ્રહ્મા, વિષ્ણુ, શિવના જેવું સામર્થ્ય જણાઈ આવે તથા તે પોતાની મૂર્તિને દેખીને અનંત

જીવના ચિત્તનો નિરોધ સમાધિએ કરીને થઈ જાય એ સર્વે મનુષ્યપણામાં દિવ્યભાવ જાણવો અને વળી એવો દિવ્યભાવ ન જણાવે અને મનુષ્યની રીતે વર્તે અને વળી પાછો દિવ્યભાવ જણાવે અને ક્યારેક તો એની એ મનુષ્યમૂર્તિને વિષે કેટલાકને દિવ્યભાવ જણાવે અને કેટલાકને મનુષ્યભાવ જણાવે તે માટે દિવ્યભાવ ને મનુષ્યભાવ તે એક જ છે. પણ એમાં કિંચિત્ પણ ભેદ નથી. એવી રીતે દિવ્યભાવ અને મનુષ્યભાવને અભેદપણે સમજવાની રીત કહી દેખાડી. ॥ ૧ ॥

ભગવાનના નિર્ગુણ સગુણપણાની રીત સમજવી જે એવી રીતે દિવ્યભાવ અને મનુષ્યભાવને જણાવતા એવા જે એ ભગવાન તેની જે મૂર્તિ તે તો માયાના જે સત્વ, રજ ને તમ એ ત્રણ ગુણ ને એ ત્રણ ગુણનાં કાર્ય તેણે રહિત છે અને દિવ્ય છે તે માટે એ ભગવાનને નિર્ગુણ જાણવા અને એવા જે એ નિર્ગુણ ભગવાન તેને વિષે સત્ય, શૌચ, દયા એ આદિક જે અમાયિક એવા દિવ્ય ગુણ તે રહ્યા છે. માટે એ ભગવાનને સગુણ જાણવા. અથવા માયાના ત્રણ ગુણે યુક્ત અને બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કારણ એવા જે અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણ તથા બ્રહ્મા, વિષ્ણુ અને શિવ, એ છ જે પોતાનાં રૂપ તેણે કરીને પણ એ ભગવાનને સગુણ જાણવા. ॥ ૨ ॥

ભગવાનના સાકાર-નિરાકારપણાની રીત સમજવી જે આત્યંતિક પ્રલયને અંતે પણ પોતાના અક્ષરધામને વિષે દિવ્ય અવયવવાન એવો નિત્ય સિદ્ધ એ ભગવાનનો આકાર તે રહ્યો છે તે માટે એ ભગવાનને સાકાર જાણવા અને એવો જે

ભગવાનનો સદા દિવ્ય આકાર તેને એ ભગવાનના એકાંતિક ભક્ત દેખે છે. અને એ ભગવાનનો જે સદા દિવ્ય અવયવ એવો આકાર તે માયામાંથી થયા જે ચોવીસ તત્ત્વ તેણે રહિત છે તે માટે એ ભગવાનને નિરાકાર જાણવા અથવા એ ભગવાનની અનન્ય ભક્તિએ રહિત ને આત્મજ્ઞાનાદિક સાધને સહિત એવા જે પુરુષ તે તો ભગવાનના અક્ષરધામના તેજને જ કેવળ દેખે છે, પણ તે ભગવાનના દિવ્ય આકારને નથી દેખતા. તે સારુ એ કૈવલ્યાર્થી છે તે એ ભગવાનને નિરાકાર કહે છે. ॥ ૩ ॥

ભગવાનના કર્તા-અકર્તાપણાની રીત જાણવી જે એવા એ ભગવાન પુરુષ, કાળ ને માયા તેના આદિ કર્તા છે અને પ્રેરક છે ને નિયંતા છે તે માટે એ ભગવાનને કર્તા જાણવા અને પુરુષ, કાળ ને માયા તે પાસે અનંત કોટી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને કરાવે છે, પણ પોતે નથી કરતા અને પોતે તો પોતાના અક્ષરધામને વિષે પોતાના ભક્તે સેવ્યાથકા નિત્ય બિરાજમાન છે તે માટે એ ભગવાનને અકર્તા જાણવા અને એ પુરુષ, કાળ અને માયા તે જે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને કરે છે તે એ ભગવાનની અંતર્યામી શક્તિની પ્રેરણાએ કરીને કરે છે પણ તે વિના સ્વતંત્રપણે કરવાને સમર્થ નથી અને જે એમને સ્વતંત્ર કર્તા જાણે છે તે તો નાસ્તિક છે ને એ ભગવાનની પ્રેરણાએ કરીને જે એમને કર્તા જાણે છે તે તો આસ્તિક એવા ભગવાનના ભક્ત છે.

આ ચાર રીતે જે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપને જાણે છે

તેને ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે ને એવી રીતે સમજ્યામાં જેને કસર છે તેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપમાં સંશય થાય છે. માટે ભગવાનના જે ભક્ત હોય તેને આ વાર્તા અવશ્ય સમજવાની છે. ॥ ૪ ॥

## ૩૧ શ્રી હરિકૃષ્ણ મહિમાષ્ટકમ્

श्री धर्मसद्मन्यवतीय विष्णुर्यो वासुदेवो हरिकृष्ण ईशः ।
श्रीनीलकण्ठोऽत्र पुनाति मर्त्यान् ध्याये हरिंतं हृदि धर्मपुत्रम् ॥ १ ॥

અર્થઃ– સર્વમાં વ્યાપક અને સર્વના નિયંતા એવા જે શ્રીહરિકૃષ્ણ વાસુદેવ ભગવાન તે ધર્મદેવના ઘરને વિષે અવતરીને અનેક મનુષ્યોને પવિત્ર કરે છે તે ધર્મના પુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥ ૧ ॥

यस्य स्वरूपे तिललक्षणानि स्वभक्तचेतांसि हरंति यद्वत् ।
अयांसि चाकर्षमणिप्रवेका ध्याये० ॥ २ ॥

અર્થઃ– જે શ્રીહરિની મૂર્તિને વિષે રહેલા તલ વગેરે ચિહ્નો છે તે, ઉત્તમ ચુંબક મણિ જેમ લોહને ખેંચી લે તેમ, પોતાના ભક્તોના ચિત્તને ખેંચી લે છે. એવા ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥ ૨ ॥

यस्याक्षरे धामनि यत्प्रसक्ता क्रीडन्ति दिव्येऽक्षरसंज्ञमुक्ताः ।
सामन्तपुत्रा इव सर्वमान्या ध्याये० ॥ ३ ॥

અર્થઃ– જે શ્રીહરિના દિવ્ય અક્ષરધામને વિષે કેવળ શ્રીહરિની મૂર્તિને વિષે પ્રીતિવાળા એવા અક્ષરધામના અનંત મુક્તો શ્રીહરિની સેવારૂપ ક્રીડા કરે છે, અને જે મુક્તો ચક્રવર્તિ રાજાના પુત્રોની પેઠે સર્વ દેવ ઈશ્વરોએ પણ માન આપવા

યોગ્ય છે. તે ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥ ૩ ॥

यस्यास्यपद्मेऽद्भताभूरिशोभे वसंति नेत्र भ्रमरा जनानाम् ।

हंसा यथा मानसपद्मवृन्दे ध्याये० ॥ ४ ॥

અર્થઃ– અદ્‌ભુત અને ઘણીક શોભાવાળા જે શ્રીહરિના મુખરૂપી કમળને વિષે ભક્તજનોની આંખ્યોરૂપી ભમરાઓ, માનસ સરોવરમાં કમળોના સમૂહને વિષે જેમ હંસો રહે છે તેમ નિવાસ કરી રહે છે, એવા મુખારવિંદવાળા ધર્મપુત્ર શ્રીહરિનું હું હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥ ૪ ॥

यः पोषयत्यत्र निजान्स्वकीयज्ञानोपदेशेन सुधोत्तमेन ।

वत्सान्सुशीला पयसा यथा गौः ध्याये० ॥ ५ ॥

અર્થઃ– જે શ્રીહરિ આ લોકને વિષે અમૃત થકી પણ ઉત્તમ એવા પોતાના માહાત્મ્ય જ્ઞાનના ઉપદેશ વડે, જેમ સારા સ્વભાવવાળી ગાય દૂધ વડે પોતાનાં વાછડાંઓનું પોષણ કરે તેમ પોતાના ભક્તોનું પોષણ કરે છે, તે ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥ ૫ ॥

पाषंडधर्माहृदयेन यस्य शाक्ता व्यलीयन्त यथोदितेऽर्के ।

धूका वृषद्वेषिण एव चान्ये ध्याये० ॥ ६ ॥

અર્થઃ– જે શ્રીહરિના પ્રગટ થવાથી પાખંડ ધર્મવાળાઓ તથા શક્તિ માર્ગવાળાઓ અને બીજા જે ધર્મના દ્વેષીઓ તે, સૂર્યના ઊગવાથી જેમ ઘૂવડ સંતાઈ જાય તેમ સંતાઈ ગયા, તેવા પ્રતાપવાળા ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે

ધ્યાન કરું છું. ॥ ૬ ॥

यत्पादपद्मेऽक्षरमुक्तचेतोभृङ्गा रमन्ते सरसीव मीनाः ।
आसेव्यमाने भुवि भूरि भक्तैः ध्याये० ॥ ७ ॥

અર્થઃ— પૃથ્વીને વિષે ઘણા ભક્તોએ અતિ પ્રેમથી સેવેલા જે શ્રીહરિના ચરણકમળને વિષે, અક્ષરમુક્તોના ચિત્તરૂપી ભમરાઓ, તળાવને વિષે પોતાના જીવનરૂપ જળમાં માછલાં રમે તેમ રમે છે- શ્રીહરિના ચરણને પોતાનું જીવન જાણી તેને તજી શકતા નથી તે ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥ ૭ ॥

यदीयसौन्दर्य गुणादिपारं शेषादयो यान्ति न यस्य भक्ताः ।
वाच्छन्ति नैवाक्षर सौख्यगन्तः ध्याये० ॥ ८ ॥

અર્થઃ— જે શ્રીહરિના સુંદરપણા આદિક ગુણોનો પાર શેષનારાયણ વગેરે પણ પામતા નથી, અને જે શ્રીહરિના ભક્તો ભગવાનની મૂર્તિ સિવાય અક્ષરધામના સુખને પણ અંતઃકરણમાં ઈચ્છતા નથી, તે ધર્મપુત્ર શ્રીહરિનું હું મારા હૃદયને વિષે ધ્યાન કરું છું. ॥ ૮ ॥

गोपालानन्दनाम्ना रचितमतिशुभं त्वष्टकं सन्मयेदं
प्रीत्यै श्रीधर्मसूनोः प्रकट भगवतः स्वामिनारायणस्य ॥
तन्माहात्म्यावबोधं य इदमिह जनः श्रावयेत्कीर्तयेद्वा
स स्याद्वै ब्रह्मरूपो हरिरतुलमुदं प्राप्नुयात्तत्र धार्मिः ॥ ९ ॥

અર્થઃ— ગોપાળાનંદ મુનિ છે નામ જેનું એવા અમે,

શ્રી ધર્મદેવના પુત્ર પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતા માટે, તેમના મહિમાને જણાવનારું માટે સર્વથી ઉત્તમ આ અષ્ટક રચેલું છે તેને જે મનુષ્ય આ લોકને વિષે કહેશે અથવા સાંભળશે તે પોતે બ્રહ્મરૂપ થાશે ને શ્રીહરિની અતિ પ્રસન્નતાને નિશ્ચે પામશે. ॥ ૯ ॥

૩૨

# સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીકૃત ભગવાન શ્રી સ્વામિનારાયણ સહજાનંદ સ્વામીનો મંત્ર

જ્યારે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત સત્સંગીઓને ધન, રાજ્ય કે શરીર સંબંધી ઉપદ્રવ આવી પડે ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે ક્ષુદ્રદેવનો જાપ ન કરવાની આજ્ઞા કરેલ છે છતાં તે કરી આજ્ઞાભંગ કરે છે. તેથી તેમના હિતાર્થે સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ ઇષ્ટદેવ શ્રી સહજાનંદ સ્વામીનો નીચે મુજબ મંત્ર બનાવેલ છે, જેનો વિધિપૂર્વક જાપ કરવાથી સંકટો નષ્ટ થાય છે. તે મંત્ર :

ॐ ह्रौं ह्रँ ॐ श्रीं ठँ ह्रीं
पत्रे पत्रे देवानां
ॐ भूते द्वीपे ह्रीं
सौं गौं त्रीं
योग पीवात्मानं ह्रां
ह्रँ भगवते ग्लाँ
महाष्टयोगसिद्धिं मां
प्रदात्रे श्री सहजानंद
परमात्मने नमः
औं ठँ भँ एँ ह्राँ जूँ ॐ

વિધિ નીચે પ્રમાણે છે :

(૧) મંત્રજાપનો આરંભ મંગળવાના દિવસે કરવો અને પંદર દિવસમાં દશ હજાર જાપ કરવા.

(૨) જાપ મંદિર અથવા પવિત્ર એકાંત જગ્યામાં બેસી ઘીનો દીવો અને સુગંધી ધૂપ સાથે કરવો.

(૩) જાપ કરનારે સ્ત્રીના હાથનું બનાવેલ ભોજન જમવું નહિ. બ્રાહ્મણના હાથનું અથવા પોતાને હાથે બનાવેલ ભોજન જમવું.

(૪) જાપ કરનારે ઉપવાસ કરવો એટલે દૂધ અથવા ફળાહાર લેવું અને અશક્ત હોય તેણે એકવાર ભોજન જમવું.

(૫) જાપ કરનારે સંસાર વ્યવહાર કાર્યનો, આળસનો, દિવસની નિદ્રાનો અને સ્ત્રી સંગનો ત્યાગ કરવો.

(૬) જાપ કરનારે કોઈ નિંદા કરવી કે સાંભળવી નહિ અને મંત્રમાં સંપૂર્ણ શ્રદ્ધા ને વિશ્વાસ રાખવાં.

પવિત્ર બ્રાહ્મણ પાસે આ જાપ કરાવી શકાય.

૩૩

# પરિશિષ્ટ

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પરમ યોગીવર્ય સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો જે રીતે પ્રચલિત છે તે મૂળ પ્રતમાં કાંઈ પણ ફેરફાર કર્યા વિના તે વાતોને વધારે સારી રીતે સમજવામાં મદદ મળે તે હેતુથી શબ્દોના અર્થ, સિદ્ધાંત કે દૃષ્ટાંતની સમજ વગેરે આપી **ટિપ્પણી** બનાવી છે.

**પાન ૧: વાત ૧: બીજા અવતારઃ** ચોવીસ અવતારો :— બ્રહ્મા, વરાહ, નારદ, નરનારાયણ, કપિલ, દત્તાત્રેય, યજ્ઞ, ઋષભ, પૃથુ, મત્સ્ય, કૂર્મ, ધન્વંતરિ, મોહિની, નૃસિંહ, વામન, પરશુરામ, વેદવ્યાસ, રામ, બલરામ, કૃષ્ણ, બુદ્ધ, કલ્કિ, હંસ, હયગ્રીવ.

એમાં દસ મુખ્ય અવતારો : મત્સ્ય, કચ્છ (કૂર્મ), વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કિ.

**મૂળપુરુષ તથા પ્રધાનપુરુષ તથા વિરાટપુરુષ તથા... :** આ પૃથ્વીને મૃત્યુલોક કે મર્ત્યલોક કહે છે. મૃત્યુલોકથી નીચે અતળ, વિતળ, સુતળ, રસાતળ, તળાતળ, મહાતળ ને પાતાળ- એવાં સાત લોક છે. જેમાં રાક્ષસો, અસુરો, નિશાચરો, નાગ વગેરે રહે છે. મૃત્યુલોકથી ઉપર (=ઊર્ધ્વ) ભુવર્લોક છે, તેમાં નિમ્નકક્ષાના દેવ રહે છે. તેથી ઉપર

સ્વર્ગલોક છે, તેમાં દેવ રહે છે. વરુણ (સમુદ્ર તથા પશ્ચિમ દિશાના દેવ), કુબેર (ધનના અધિપતિ દેવ), અગ્નિ, સૂર્ય, ચંદ્રમા, યમરાજા (મૃત્યુના દેવ) વગેરે દેવ છે. એ દેવના રાજા તે ઈંદ્ર. સ્વર્ગથી ઉપર મહર્લોક છે. તેમાં પિત્રિદેવ રહે છે. તેથી ઉપર જનલોક ને તપલોક છે, તેમાં ભૃગુ આદિ ઋષિઓ રહે છે. તેથી ઉપર સત્યલોક છે, તેમાં બ્રહ્મા રહે છે. આમ પાતાળથી લઈને સત્યલોક સુધીનાં ચૌદ લોક છે. તેમનું બ્રહ્મા સર્જન કરે છે, વિષ્ણુ પોષણ કરે છે, શિવ સંહાર કરે છે. બ્રહ્મા-વિષ્ણુ-શિવની ત્રિપુટીથી ઊર્ધ્વ વિરાટપુરુષ છે, જે ક્ષીરસાગરને વિષે શેષશય્યા ઉપર સૂતેલા છે, ને તેમની નાભિમાંથી પદ્મ (કમળ) થયું તેમાં બ્રહ્મા ઉત્પન્ન થયા ને તે પદ્મમાં બ્રહ્માએ ચૌદ લોકની રચના કરી છે, જેને પાદ્મકલ્પ કહે છે ને બ્રહ્માએ અંગથકી સૃષ્ટિ કરી તે બ્રાહ્મકલ્પ કહેવાય છે. (વચનામૃત : ગઢડા પ્રથમ ૧૩). જે વિરાટપુરુષ છે તે પ્રધાનપુરુષમાંથી ને પ્રધાનપુરુષ મૂળપુરુષમાંથી થયાં છે. મૂળપુરુષ જ્યારે મૂળમાયા સાથે જોડાય છે ત્યારે પ્રધાનપુરુષની ઉત્પત્તિ થાય છે. પ્રધાનપુરુષને ભૂમાપુરુષ કે મહાવિષ્ણુ પણ કહે છે. મૂળપુરુષને મહાપુરુષ પણ કહે છે. મૂળપુરુષ ગોલોકધામના અધિષ્ઠાતા છે. મૂળપુરુષે આ પૃથ્વીલોક ઉપર અવતાર લીધો ત્યારે દેવકી-વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ ભગવાન નામે ઓળખાયા, ને એ ચૈતન્ય ભૂમિકામાં રહેનારા છે.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની આ વાતોમાં પાન ૪ ઉપર વાત ૩માં સ્વામીશ્રી સ્પષ્ટ જણાવે છે : ‘‘શ્રીકૃષ્ણ

ભગવાને પોતાને વિષે ચોવીસ અવતારને પૃથક્ પૃથક્ દેખાડ્યા તે જોતાં એમ જણાય છે જે બીજા અવતારના અવતારી શ્રીકૃષ્ણ ભગવાન છે, અને મહારાજની અને શ્રીકૃષ્ણની સામર્થી જોઈએ ત્યારે શ્રીકૃષ્ણના અવતારી શ્રીજીમહારાજ છે એમ પોતાની બુદ્ધિમાં તપાસ કરીને તે સર્વે અવતારના અવતારી શ્રીજીમહારાજ છે એમ જાણવું.''

પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આ બ્રહ્માંડમાં પ્રાદુર્ભાવ થયા પછી મૂળપુરુષથી ઉચ્ચતર ચૈતન્ય ભૂમિકાઓની તથા શ્રી સ્વામિનારાયણ ભગવાનની સર્વશ્રેષ્ઠ ભૂમિકાની સુપાત્ર એવા મુમુક્ષુઓને અનુભૂતિ થઈ. શ્રી સ્વામિનારાયણ ભગવાન સાથે અક્ષરધામથી આ પૃથ્વીલોક ઉપર પધારેલા સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીશ્રી જેવા સત્પુરુષોએ કૃપા કરીને અતિશય દાખડો કરી મુમુક્ષુઓને આ હકીકત સુસ્પષ્ટ રીતે જેમ છે તેમ સમજાવી છે. વળી, સ્વામીશ્રી એમ પણ સમજાવે છે કે શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્યતમ અને સર્વશ્રેષ્ઠ સ્વરૂપનો અનુભવ થતાં અન્ય સૌ ભૂમિકાઓ આપોઆપ ગૌણ થઈ જાય છે. આથી ઉચ્ચતમ પરમપદની પ્રાપ્તિ અર્થે મુમુક્ષુઓનું અંતિમ લક્ષ્ય અતિ સ્નેહે કરીને શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વોપરી દિવ્ય સ્વરૂપમાં જ જોડાવાનું રહેવું જોઈએ.

**ઐશ્વર્યાર્થીઃ** ઐશ્વર્ય-ચમત્કાર-પ્રતાપ મેળવવાની ઈચ્છાવાળા. શ્રી સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ કરતાં કરતાં ભક્તને ઐશ્વર્ય પ્રતાપની સિદ્ધિ પણ પ્રાપ્ત

થાય છે. શ્રીહરિના અદ્‌ભુદ દિવ્ય સુખ તરફ આગળ વધવાને બદલે કેવળ ઐશ્વર્યમાં પ્રલોભન પામી કેવળ ઐશ્વર્યાર્થી બની રહે છે.

**પાન ૪: વાત ૩: મોટા સાધુની અનુવૃત્તિ :** તેમની મરજીને કે આજ્ઞાને અનુસરવું તે.

**પાન ૫: વાત ૪: ઐશ્વર્યઃ** ઈશ્વરીય સિદ્ધિ, દૈવી મોટાઈ.

**પાન ૬: વાત ૬: ઋષભદેવજી બહુ ગમેઃ** જુઓ વચનામૃતઃ લોયા ૧૪.

**અસંગીપણુંઃ** ત્યાગ, અનાસક્તિ.

**બ્રહ્મપુર** : અક્ષરધામ

**પાન ૮: વાત ૭: ખટરસનાં વર્તમાનઃ** કડવો ખાટો, ગળ્યો, ખારો, તીખો ને તૂરો એવા જીભના ષટ એટલે છ પ્રકારના રસાસ્વાદને નિયમમાં રાખવાનું વ્રત.

**કૌપીનઃ** લંગોટ.

**હજૂરિયોઃ** અઢી હાથ લંબાઈનું ટૂંકું વસ્ત્ર, રૂમાલ, અંગૂછો.

**ઓગણોતેરોઃ** સંવત ૧૮૬૯માં પડેલો ભયંકર દુકાળ.

**પાન ૯: વાત ૭: અષ્ટાવરણપાર જે અક્ષરધામઃ** આ બ્રહ્માંડ છે તે આઠ આવરણમાં રહેલું છે. તે આઠ આવરણઃ પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્ત્વ ને

પ્રકૃતિ. આ આવરણોની બહાર ચૈતન્યભૂમિકાઓ છે, એ સર્વથી પર, શ્રેષ્ઠ ને સૌનાં કારણ એવા શ્રીજીમહારાજને રહેવાનું ધામ તે અક્ષરધામ છે.

**પાન ૧૦: વાત ૮: સંકર્ષણાદિકમાં પ્રવેશ:** બ્રહ્માંડનું સર્જન, પોષણ ને વિનાશ કરનાર ત્રિપુટી જેમ બ્રહ્મા, વિષ્ણુ ને શિવ છે, તેમ વૈરાટપુરુષના સર્જન, પોષણ ને વિનાશ સાથે સંકળાયેલી ત્રિપુટીને અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ કહે છે. (વચનામૃત: લોયા ૭, ગઢડા મધ્ય ૩૧).

**જે જૂનેગઢ જાય તેને મળીએ:** જૂનાગઢમાં મંદિરનું ચણતર વગેરે કામ ચાલતું ત્યારે પથ્થરનું ચણતર થતું. તેમાં શારીરિક શ્રમ ઘણો કરવો પડે. વળી જૂનાગઢ રાજના કારભારીઓ પણ ઘણાં વિઘ્નો ઊભાં કરતા, પરંતુ તે બધી તકલીફોની સામે શ્રીહરિજીના પરમ કૃપાપાત્ર સ. ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીના સમાગમનો લાભ મળતો. આથી જે સાધુ-હરિભક્ત જૂનાગઢ કામ કરવા જાય તેના ઉપર શ્રીજીમહારાજ બહુ પ્રસન્નતા જણાવતા, પાંચવાર ભેટતા. પણ ત્યાં જવા તૈયાર થયેલા સાધુ-હરિભક્તને તેમના ગુરુ કે બીજા અટકાવતા ને કહેતા કે ત્યાં તો કામ કરી કરીને મરી જવાય તેમ છે; પણ ત્યાં સિદ્ધમુક્તના સમાગમનો લાભ છે તે કોઈ જોતું નહિ.

**જમાન:** જામીન.

**પાન ૧૧: વાત ૯: બ્રહ્મમહોલ:** અક્ષરધામ

**પાન ૧૧: વાત ૧૦: અક્ષરાતીતઃ** અક્ષર + અતીતઃ અક્ષરથી પર.

**પાન ૧૨: વાત ૧૧: પ્રણવઃ** ૐ એવો અવાજ, નાદ, શબ્દ. પરબ્રહ્મના સ્વરૂપમાંથી નીકળતા તેજનો ધ્વનિ.

**ઘોષઃ** અવાજ, ધ્વનિ

**પરછંદાઃ** પડઘા.

**પાન ૧૩: વાત ૧૧: અપરિમિતઃ** અમાપ.

**વિભૂતિ અવતારઃ** જેમનામાં શ્રીજીમહારાજની શક્તિ વ્યાપી છે તેવા અવતાર.

**ચક્રવર્તી રાજા ને ખંડિયા રાજાઃ** રાજાશાહીમાં વધુ સામર્થીવાળો રાજા બીજા રાજાને પોતાનો તાબેદાર બનાવી તેની પાસેથી દર વર્ષે રકમ (ખંડણી) વસૂલ કરે. તાબેદાર રાજા તે ખંડિયો રાજા. ઘણા ખંડિયા રાજાનો ઉપરી રાજા તે ચક્રવર્તી રાજા.

**પાન ૧૬: વાત ૧૫: મૂળપુરુષથી પર અક્ષરરૂપઃ** શ્રીજીમહારાજની મૂર્તિમાંથી નીકળતા તેજરૂપી- અક્ષરધામરૂપ.

**પાન ૧૮: વાત ૧૮: વ્યતિરેકપણેઃ** જુદાં ગણતાં.

**અન્વયપણેઃ** સાથે ગણતા. જગતની સાથે ગણો તો અન્વયપણે, જગતથી જુદાં ગણો તો વ્યતિરેકપણે ગણ્યા કહેવાય.

**બ્રહ્માંડાભિમાની ઈશ્વરઃ** બ્રહ્માંડનું નિયમન

કરનારા ઈશ્વરને તે બ્રહ્માંડનું સદાય સાતત્ય, અભિમાન રહે છે તેથી.

**પિંડાભિમાની જીવઃ** જીવ છે તે દેહને વિષે રહ્યો છે, તેને સદાય દેહનું અનુસંધાન, અભિમાન રહે છે તેથી.

**પાન ૧૯: વાત ૧૯: માયા સબળિત બ્રહ્મઃ** મૂળમાયા સાથે જોડાયેલ મૂળપુરુષ જે પ્રધાનપુરુષથી પર છે. (વચનામૃતઃ સારંગપુર ૬).

**પાન ૨૦: વાત ૨૨: સત્સંગિજીવનમાં ઉપાસનાનો પ્રસંગઃ** 'સત્સંગિજીવન' ગ્રંથ બનાવવાનો હતો ત્યારે તેમાં શ્રીજીમહારાજને શ્રીકૃષ્ણ આદિક અવતારોથી પર કહેવા કે તેમના જેવા કહેવા તે અંગે બધાનો અભિપ્રાય જાણવા શ્રીજીમહારાજે સભા કરેલી. તે વખતે સ. ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને સર્વ અવતારના અવતારી, સર્વેના સ્વામી ને કારણ એ રીતે લખવા આગ્રહ રાખેલો. શ્રીજીમહારાજે તે વખતે લીલા કરી સ. ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીને જંગલમાં કાઢી મુકાવેલા. વળી, 'તેમના વિના જમશું નહિ' એવું કહી પાછા બોલાવેલા. પછી બહુજનના સમાસ-સમજણ માટે એ ગ્રંથમાં બીજા અવતાર જેવા પોતાને કહેવા દેવાની હા પડાવેલી. આ રીતે લખાયેલા ગ્રંથથી ઘણાંને હેત થાય, ખેંચાણ થાય, ને સાધુના સમાગમ માટે આવતા થાય, અને તેમના મુખેથી સર્વોપરીપણાની વાતો સાંભળી સાચી સમજણ કેળવે.

**પાન ૨૧: વાત ૨૩: એકકાળાવચ્છિન્નઃ** એક જ સમયે, એક સાથે.

**પાન ૨૧: વાત ૨૪: મહામાયાઃ** મૂળમાયા.

**કૈવલ્યાર્થીઃ** કોઈ પણ બીજી ઈચ્છા વિના, અતિ હેતે કરીને ભગવત્સ્વરૂપમાં અતિશય સ્નેહથી રસબસપણે લીન થઈને રહેનારા મુક્તો.

**ઐશ્વર્યાર્થીઃ** મોટપ-ઐશ્વર્યની ઈચ્છાવાળા ભગવત્સ્વરૂપના સંબંધવાળા મુક્તો.

**પાન ૨૩: વાત ૨૬: કળાઓઃ** કુશળતા, નિપુણતા.

**વાત ૨૭: હસ્તામલઃ** હથેળીમાં રાખેલા આમળાને જેમ બરાબર જોઈ શકાય છે તેમ સુસ્પષ્ટ.

**વાત ૨૮: સુખનું ભાજનઃ** સુખનું આધારસ્થાન.

**પાન ૨૪: વાત ૨૯: અનવધિકાતિશયઃ** અન્ + અવધિક + અતિશયઃ અમાપ અને અતિશય.

**પાન ૨૫: વાત ૩૦: પરાવરઃ** સમગ્રપણે.

**પાન ૨૬: વાત ૩૧: પાશંગઃ** ત્રાજવાનાં બંને પાસાં સરખાં રાખવા માટે એકબાજુ મુકાતું વજન. ધડો - ની સરખામણીમાં નહીંવત્.

**સ્વરાટઃ** સ્વયંપ્રકાશ

**પાન ૨૭: વાત ૩૨: કારુણિકઃ** કરુણાવાળા.

**વાત ૩૨: પ્રત્યાહાર:** વિષયોમાંથી (ઇંદ્રિયોથી ભોગવવાના પદાર્થ, કામભોગ) મનની વૃત્તિઓને પાછી હઠાવીને ભગવાનના સ્વરૂપમાં સ્થિર કરવી તે.

**પૂર્વાપર રાત્રિ:** રાત્રિના આગળ ને પાછળના ભાગ.

**શલભ:** તીડ.

**ચકવા, ચકવી ને બપૈયા:** એ નામનાં પંખીઓ.

**અધ્યાસ:** સતત લક્ષ.

**પાન ૨૮:** **વાત ૩૩: પ્રતિલોમ:** અવળું, ઊલટું.

**યુક્ત આહારવિહાર:** યોગ્ય, ઘટિત આહારવિહાર.

**દાન્ત:** સંયમી.

**સમાહિત:** એકાગ્ર.

**પાન ૨૯:** **વાત ૩૫: કાકવિષ્ટા:** કાગડાનું ચરક.

**નિર્બીજ:** ભગવાનના સંબંધ વિનાનું.

**સબીજ:** ભગવાનના સંબંધવાળું.

**સાંખ્ય:** કપિલમુનિએ રચેલું શાસ્ત્ર.

**યોગ:** પતંજલિમુનિએ રચેલું શાસ્ત્ર.

**વાત ૩૬: આવિર્ભાવ:** અવતાર.

**વિલક્ષણઃ** અલગ, જુદું.

**પાન ૩૦: વાત ૩૮: નિષ્કામધર્મઃ** મન, કર્મ, વચને કામવાસના રહિત વર્તન; બ્રહ્મચર્ય વ્રતનું પાલન.

**વૈરાજઃ** વૈરાટપુરુષ

**પાન ૩૧: વાત ૩૯: સાધર્મ્યપણું:** દાસત્વભાવે સ્વરૂપ, સ્વભાવ અને ગુણધર્મની સમાનતા હોવાપણું.

**પાન ૩૨: વાત ૪૧: ભૂમાપુરુષઃ** પ્રધાનપુરુષ, આ પૃથ્વીના ગોળાની અંદર અડતાલીશ કરોડ યોજન અવકાશ છે. તે અવકાશમાં સાત દ્વીપ ને સાત સમુદ્ર છે, તેના ફરતો લોકાલોક પર્વત છે. તે લોકાલોકને ફરતું અંધકાર છે. તે અંધકારના ફરતું આ પૃથ્વીના ગોળાનું દળ એક કરોડ યોજન જાડું છે. તે દળની ને અંધકારની વચમાં ભૂમાપુરુષ પોતાના સાધનિક પાર્ષદો સહિત રહે છે, તે ધામને અવ્યાકૃત ધામ કહે છે. પૃથ્વીના દળના ફરતાં જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર ને મહત્તત્ત્વનાં આવરણ છે, તેનાથી પર પ્રધાનપુરુષનું આવરણ છે ત્યાં ભૂમાપુરુષનું ધામ છે. ત્યાં રહ્યા થકા અવ્યાકૃત ધામમાં દર્શન દે છે. (વચનામૃત : ગઢડા પ્રથમ ૬૬)

**પાન ૩૩: વાત ૪૨: જાંબૂનદઃ** જાંબૂ (શોણભદ્ર) નદીમાંથી મળતું સોનું.

**પાન ૩૫: વાત ૪૬: પ્રાકૃતઃ** તુચ્છ, મામૂલી.

**સુવાણ્યઃ** સમાગમનો આનંદ.

**પાન ૩૮: વાત ૫૨: તારતમ્યપણું:** ચઢતા-ઊતરતાપણું.

**પાન ૩૯: વાત ૫૩: સોનાનું તથા અંગ્રેજના મહેતાનું દૃષ્ટાંત:** વચનામૃત : ગઢડા મધ્ય ૪માં ત્રીજા પ્રશ્નમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે જેમ અન્ય ધાતુ છે ને સોનું છે તેને જમીનમાં દાટે તો સોના વિના અન્ય ધાતુ છે તે સર્વે લાંબા સમયે ધૂળ ભેગી ધૂળ થઈ જાય, પણ સોનું હોય તે તો જેમ વધુ સમય જમીનમાં રહે તેમ વૃદ્ધિ પામે પણ ઘટે નહિ. વળી, અંગ્રેજને ત્યાં સરકારી નોકરી કરતા મહેતાનો પગાર વર્ષે વર્ષે વધતો જ જાય છે. આ રીતે પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામેલા એકાંતિક ભક્ત શ્રેષ્ઠ છે ને દિન-પ્રતિદિન વધારે શ્રેષ્ઠ થતાં જાય છે.

**પાન ૪૦: વાત ૫૫: મન્વંતર:** એક મનુનો યુગ: (૪૩,૨૦,૦૦૦) તેંતાલીસ લાખ વીસ હજાર વર્ષ.

**પાન ૪૨: વાત ૫૮: કાષ્ઠમાં રહેલ અગ્નિ:** મોટા કાષ્ઠમાં મોટો અગ્નિ રહ્યો છે, ને લાંબા કાષ્ઠમાં લાંબો અગ્નિ રહ્યો છે, ને વાંકા કાષ્ઠમાં વાંકો અગ્નિ રહ્યો છે, તેમ એ પુરુષોત્તમ ભગવાન છે તે જે દ્વારે જેટલું કાર્ય કરાવવું હોય તેને વિષે તેટલી સામર્થીએ યુક્ત થકા રહે છે. (વચનામૃત : ગઢડા પ્રથમ ૪૧).

**પાન ૪૩ વાત ૬૦: ગોપીચંદન:** તિલક કરવામાં વપરાતી પીળી માટી; દ્વારકાની ગોપી તલાવડીની માટી.

**ખડીઃ** માટી

**શિંગડિયો વછનાગઃ** શિંગ (બીવાળી પાપડી) વાળું ઝેરી ઝાડ.

**મલિયાગરઃ** મલય નામના પર્વત ઉપર થતું ચંદન.

**પાન ૪૪: વાત ૬૦: પારસમણિઃ** સ્પર્શમણિ. લોઢાને અડકાડવાથી લોઢાનું સોનું થાય તેવો મણિ.

**ચિંતામણિઃ** હાથમાં રાખી ચિંતવન કરો તેવું થાય, તે જાતનો મણિ.

**વાત ૬૦: લિંગ દેહ સહિત ત્રણ દેહઃ** સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ- એવા ત્રણ દેહ. એ ત્રણ દેહમાં જનનેંદ્રિયના અનુસંધાન સાથેનો દેહભાવ તે લિંગદેહ.

**પાન ૪૬: વાત ૬૨: અહંમમત્વઃ** અહં એટલે હુંપણું, ને મમત્વ એટલે મારાપણું. હું ને મારું.

**વાત ૬૩: રાગઃ** મોહ, આસક્તિ.

**પાન ૫૩: વાત ૬૮: અર્ચિ માર્ગેઃ** તેજદ્વારે (વચનામૃતઃ ગઢડા પ્રથમ ૨૧).

**પાન ૫૪: વાત ૭૦: મષોન્મેષઃ** એકી નજરે.

**પાન ૫૫: વાત ૭૨: વાલખિલ્ય ઋષિઃ** અંગૂઠાના કદના ૬૦,૦૦૦ ઋષિઓ જે બ્રહ્માના શરીરમાંથી ઉત્પન્ન થયેલા તથા સૂર્યના રથની આગળ જતા મનાય છે.

**પૃથ્વ્યાદિકઃ** પૃથ્વી + આદિક.

**પાન ૫૬: વાત ૭૫: ગુણાતીતાનંદ તથા મુક્તાનંદ સ્વામીનાં દૃષ્ટાંતઃ** સ. ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીહરિની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવી, શ્રીહરિની મૂર્તિનું અખંડ અનુસંધાન રાખીને સેવા, ધ્યાન, ભક્તિ, ત્યાગ વગેરે દૃઢ કરાવી સત્સંગ કરાવ્યો. સ. ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિનો મહિમા, સ્વરૂપનિષ્ઠા ને આજ્ઞાપાલન પ્રવર્તાવ્યા. ગઢડા અંત્ય. ૨૪, ૩૩, સારંગપુર ૩ ને ગઢડા મધ્ય ૬૨- આ વચનામૃતમાં સ. ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીના ગુણનું વર્ણન છે.

**પાન ૫૭: વાત ૭૮: નોરઃ** ધોરણ, મર્યાદા.

**પાન ૬૧: વાત ૮૬: રાસરમણમાં શ્રી શ્યામજીઃ** શ્રીકૃષ્ણ ભગવાને રાસલીલા કરી ત્યારે શ્રીકૃષ્ણ મૂળરૂપે શ્રી રાધાજી પાસે રહેતા.

**પાન ૬૪: વાત ૯૧: પ્રતિલોમ ધ્યાનઃ** કોઈ વ્યક્તિ ખુરશીમાં બેસવા જાય ત્યારે બેસનારનું ને ખુરશીનું મુખ સામસામા હોય છે. ખુરશી પાસે જઈને બેસનાર અવળો ફરે છે, જેથી ખુરશીનું ને બેસનારનું મુખ એકતરફ થઈ જાય છે, ત્યારે બેસનાર ખુરશીમાં બેસે છે. તે રીતે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે ત્યારે ભગવાનનું મુખ ને ધ્યાન કરનારનું મુખ સામસામા હોય. પછી ધ્યાન કરનારે ભગવાનના સ્વરૂપને અવળું ફેરવીને પોતાના મુખેમુખ કરવું પડે. આમ કરે ત્યારે ભગવાન, ધ્યાન કરનારના હૃદય સિંહાસનમાં બિરાજે. આમ

ભગવાનના સ્વરૂપને ઊલટાવીને એ સ્વરૂપનું ધ્યાન કરે તે પ્રતિલોમ ધ્યાન. સન્મુખ મૂર્તિ ધારે તે લોમ (કે અનુલોમ) ધ્યાન. (લોમઃ સવળું, પ્રતિલોમઃ અવળું)

**પાન ૬૫: વાત ૯૧: પંચ ઈંદ્રિયો તથા ચાર અંતઃકરણઃ** પાંચ જ્ઞાનેંદ્રયો- શ્રોત્ર (કાન), ત્વક (ચામડી, ત્વચા), ચક્ષુ (આંખ), રસના (જીભ), ઘ્રાણ (નાક). ચાર અંતઃકરણ- મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર.

**પાન ૬૭: વાત ૯૩: દષ્ટામાંઃ** જોનારા આત્મામાં (પ્રતિલોમપણે).

**પ્રોવાઈઃ** પરોવાઈ, જોડાઈ.

**પાન ૬૯: વાત ૯૮: શુકજી સર્વે વૃક્ષરૂપે બોલ્યાઃ** શુકદેવજી સર્વાત્માબ્રહ્મની સ્થિતિને પામેલા, તેથી વ્યાસજીએ એમને બોલાવ્યા ત્યારે દરેક વૃક્ષમાં વ્યાપીને રહેલા હોય તે રીતે સર્વે વૃક્ષમાંથી જવાબ આપેલો.

**પાન ૭૦: વાત ૧૦૦: ગરુડજીની ઉપાસનાનું દષ્ટાંતઃ** હનુમાનજીને શ્રીરામચંદ્રજીમાં પૂર્ણ નિષ્ઠા હતી, રામચંદ્રજીનાં ચરિત્રોમાં સંશય થતો નહિ. રામ-રાવણનું યુદ્ધ થયું ત્યારે લંકામાં રાક્ષસે નાગપાશથી શ્રીરામચંદ્રજીને બાંધ્યા હતા. તે વખતે ગરુડજી આવ્યા, તેથી તેમનાથી ડરીને સર્વે નાગ ભાગી ગયા ને રામચંદ્રજીનો છુટકારો થયો. આ જોઈને ગરુડજીને રામચંદ્રજીના સામર્થ્યમાં સંશય થયો હતો. તે રીતે ગરુડજીની ઉપાસના અપક્વ હતી.

**પાન ૭૪: વાત ૧૦૫: સર્પનું દૃષ્ટાંતઃ** સર્પની કાંચળીનો આકાર સર્પ જેવો જ હોય છે. સર્પની ફેણ, પૂંછડી, શરીરના સાંધા, રેખા વગેરે પણ કાંચળીમાં હોય છે. એ જ રીતે દિવ્ય અક્ષરધામમાં સર્વે મુક્તોનાં સ્વરૂપ શ્રીહરિજીનાં સ્વરૂપ જેવાં જ છે. વળી શ્રીહરિ મનુષ્યરૂપે આ બ્રહ્માંડમાં પધાર્યા ત્યારે પણ ધામની મૂર્તિ જેવું જ આ મનુષ્યરૂપ હતું. તેમાં એક રૂંવાડાનો પણ ફેર ન હતો. (વચનામૃતઃ ગઢડા અંત્ય. ૩૧)

**પાન ૭૮: વાત ૧૧૧: ઉપશમઃ** ઇંદ્રિયોની વૃત્તિઓ વિષયોમાંથી પાછી ખેંચી લઈ તે ભગવાનના સ્વરૂપમાં જોડાવું તે.

**પાન ૭૯: વાતઃ ૧૧૩: કોંટાઃ** ફણગા.

**પાન ૮૦: વાત ૧૧૪: પંચભૂતઃ** પૃથ્વી, જળ, તેજ, વાયુ ને આકાશ.

**પાન ૮૨: વાત ૧૧૯: ઠાઃ** ઠેકાણું, ઠામ.

**પાન ૮૪: વાત ૧૨૩: ઉષ્ણીકનું દૃષ્ટાંતઃ** ઉષ્ણીક એટલે પાઘડી. ઝીણા-પાતળા કપડાની પાઘડી ખૂબ લાંબી ને પહોળી હોય, પણ જ્યારે તેને માથા ઉપર બાંધવામાં આવે છે ત્યારે તે સંકોચાઈને નાની લાગે છે. તેમ, જીવાત્મા સૂક્ષ્મ કરતાં મોટો છે.

**પાન ૯૩: વાત ૧૩૩: ભક્તિસિદ્ધિઃ** એ નામે ગ્રંથ.

**સર્ગઃ** અધ્યાય, પ્રકરણ ઉત્પત્તિ.

**પાન ૧૦૦: વાત: ૧૫૩: નાના પ્રકારનાં જે વિંબાં:** વિવિધ પ્રકારના દૃઢ પૂર્વ સંસ્કારો.

**વાત ૧૫૭: વિદ્યાર્થીના અભ્યાસનું દૃષ્ટાંત:** વિદ્યાર્થી ભણવા બેસે ત્યારે તેને કાંઈ આવડતું હોતું નથી, પણ જેમ જેમ અભ્યાસ કરે છે તેમ તેમ જ્ઞાન સિદ્ધ થતું જાય છે. તે રીતે, જીવને ઇંદ્રિયસુખ-વિષયોનો અભ્યાસ થાય તો વાસના તેટલી વધી જાય છે. સત્પુરુષનો સંગ રાખે તો સદ્‌વાસના વધે.

**વાત ૧૫૯: ડોળિયો:** ડહોળાયેલો, ગૂંચવાઈ ગયેલો, હાલી જઈને અવ્યવસ્થિત થયેલો.

**પાન ૧૦૨: વાત ૧૬૦: ખચિત:** જડબેસલાક, નિશ્ચિત.

**પાન ૧૦૩: વાત ૧૬૩: ઠરાવ:** ઠરાવેલી-નક્કી કરેલી વાત.

**પાન ૧૦૫: વાત ૧૬૮: અફીણિયાના ને જાર સ્ત્રીનાં દૃષ્ટાંત:** અફીણના બંધાણીને (વચનામૃત : ગઢડા અંત્ય ૩૩) પૈસા કરતાંય અફીણ વધારે વહાલું લાગે છે. અફીણનું વ્યસન તેના જીવ સંગાથે જડાઈ ગયું છે. તે રીતે, સત્પુરુષના સંગથી મુમુક્ષુનો જીવ ભગવાન સંગાથે જોડાય છે. વળી, વ્યભિચારિણી સ્ત્રીને પોતાના પતિ કરતાંય પરપુરુષમાં વધુ આસક્તિ રહે છે, તેમ સત્પુરુષના સંગથી મુમુક્ષુને ભગવાનને વિષે આસક્તિ થાય છે.

**વાત ૧૭૦: ગોલક:** ઇંદ્રિયોનું અધિષ્ઠાન (સ્થાન) જે દ્વારા તેનું કામ થાય તે જગ્યા.

**પાન ૧૦૬: વાત ૧૭૧: તાળાંસોતાં:** તાળાં સહિત.

**હિમાળો:** હિમાલય.

**વિરજ્યા નદી:** ગોલોકની નદી.

**પાન ૧૦૭: વાત ૧૭૨: પોપૈયાના વૃક્ષનું દૃષ્ટાંત:** પોપૈયાનાં ઘણાં ઝાડ હોય, તેમાં જો એક પણ નરજાતિનું પોપૈયાનું વૃક્ષ હોય તો બાકીનાં બધાં માદાં પોપૈયાનાં વૃક્ષને ફળ લાગે છે. એ રીતે, એક એકાંતિક ભક્તના સંગે કરીને અનેક એકાંતિક થાય છે.

**પાન ૧૧૦: વાત ૧૭૬: રુશનાઈ:** શાહી.

**વાત ૧૭૬: ધારણા:** અષ્ટાંગયોગનું એક અંગ. પૃથક્ પૃથક્ અંગ ધારવાં તે ધ્યાન ને સમગ્ર મૂર્તિ ધારવી તે ધારણા.

**પાન ૧૧૧: કલ્પ:** બ્રહ્માનો એક દિવસ. ચાર અબજ બત્રીસ કરોડ વર્ષ.

**પાન ૧૧૨: વાત ૧૭૭: ગ્રંથિઓ:** ગાંઠ. ગ્રંથિઓ છ છે: મિથુન, હૃદય, કર્મ, અહમ્, મમતા, ભય. પોતે પુરુષ છે કે સ્ત્રી છે તે ભેદભાવ ભુલાઈ જાય તે મિથુન ગ્રંથિ ભેદાઈ કહેવાય. જીવાત્મા સામાન્ય રીતે હૃદયાકાશમાં રહે છે તે દેહમાં ગમે ત્યાં રહી-પ્રકાશી શકે તે હૃદયગ્રંથિ ભેદાઈ

કહેવાય. કર્મનું કર્તાપણું મટી જાય, ને જેમ સીંદરી બળી જાય તો તેનો આકાર રહે પણ બાંધવાના કામમાં આવે નહિ તેમ કર્મગ્રંથિ ભેદાય ત્યારે થાય. હું ને મારું જિતાઈ જાય તે અહંમમતા ગ્રંથિઓ ભેદાઈ કહેવાય. ભય રહે નહિ, અભય થાય તે ભયગ્રંથિ ભેદાઈ કહેવાય.

**પાન ૧૧૩: વાત ૧૭૭: વરજે:** ત્યજે.

**પાન ૧૧૬: વાત ૧૮૫: નિરધાર:** નિર્ણય, નિશ્ચય.

**પાન ૧૧૮: વાત ૧૮૮: કારસા:** વિઘ્ન.

**ગુલતાન:** તલ્લીન, મશગૂલ.

**પાન ૧૧૯: વાત ૧૮૯: તળ:** પાયો, તળિયું.

**અમદાવાદના બે ગરાસિયાનું દૃષ્ટાંત:** અમદાવાદમાં ખોડોજી અને મોકોજી નામના બે ક્ષત્રિય હતા. તેઓ ખાખી સંપ્રદાયના આશ્રિત હતા. તેઓ શ્રીહરિના આશ્રિત થયા, પણ તેમને માનનું અંગ હતું, તેથી તેમના ખાખી ગુરુએ બહુ માન આપી પાછા બોલાવ્યા, તો પાછા તે સંપ્રદાયમાં જતા રહ્યા. આમ, તેમનો સત્સંગ ઉપરછલ્લો હતો.

**વાત ૧૯૦: દુબળા વાણિયાને અજમે હાથ:** ગરીબ વાણિયાને સસ્તા ઔષધ તરીકે અજમો આધાર રૂપ છે. પેટમાં દુઃખે તો અજમો ને સંચળ, માથું દુઃખે તો અજમાનો લેપ, શરદી થઈ હોય તો અજમાની પોટલી, તાવ આવ્યો હોય તો અજમાની ફાકી વગેરે રીતે ગરીબ વાણિયો અજમાને ઔષધ તરીકે વાપરે છે.

**વાત ૧૯૧: ઉપરિચરવસુ:** સ્વાયંભૂવંશના ઉત્તાનપાદકુળમાં જન્મેલા એક રાજર્ષિનું નામ. તેમણે ઘણા યજ્ઞો કર્યા હતા. તે વિમાનમાં બેસી ઊંચે જ ચાલતા-ફરતા. એક વખત એક યજ્ઞમાં પશુહિંસા વિહિત (શાસ્ત્રની આજ્ઞાવાળી) છે કે કેમ તે અંગે તકરાર થઈ. તેમાં ઉપરિચરવસુએ પશુહિંસા વિહિત છે તેમ મત આપ્યો તેથી સપ્તર્ષિ ક્રોધે ભરાયા ને કહ્યું કે તેં કામ્યપક્ષ (કર્મકાંડ) ઉપર નજર રાખી, મોક્ષપક્ષ પર નહિ, તેથી તું અધોલોકમાં પડીશ. તેથી તે રસાતળમાં પડ્યા.

**પાન ૧૨૧: વાત ૧૯૭: સત્તારૂપે વર્તવું:** સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહ રહિતપણે આત્મસત્તાએ વર્તવું.

**નિત્ય પ્રલય:** કાળની ગતિએ કરીને દરેક વસ્તુનો ક્ષણે ક્ષણે નાશ થાય તે. એવી રીતે નિમિત્ત પ્રલય, પ્રાકૃત પ્રલય ને આત્યંતિક પ્રલય મળીને ચાર પ્રકારના પ્રલય છે.

**વાત ૧૯૮: ઉત્થાન:** ઉત્પત્તિ.

**અંધ અંધ:** અંધાધૂંધ, આંધળું ને ધૂંધળું.

**પાન ૧૨૪: વાત ૨૦૭: સ્થિત્યાદિક:** સ્થિતિ + આદિક.

**ભીષ્મ, શંકર ને અક્રૂરનાં દૃષ્ટાંત:** ભીષ્મ પિતામહ શ્રીકૃષ્ણને ભગવાન જાણતા હતા છતાં મહાભારતના યુદ્ધ વખતે કૌરવોના પક્ષમાં રહ્યા અને પ્રતિજ્ઞા કરી કે કાલે કાં તો પૃથ્વી ઉપર પાંડવવંશનો નાશ કરીશ કાં તો શ્રીકૃષ્ણને

હથિયાર ધારણ કરાવીશ. ને જો તેમ નહિ કરી શકું તો દેહત્યાગ કરીશ. આ પ્રતિજ્ઞા જાણીને શ્રીકૃષ્ણએ દ્રૌપદીને દુર્યોધનની પત્ની જેવો વેષ પહેરાવી ભીષ્મપિતામહને પગે લાગવા મોકલ્યાં. દુર્યોધનની પત્ની જાણીને ભીષ્મપિતામહે દ્રૌપદીને 'અખંડ સૌભાગ્યવતી થા' એવા આશીર્વાદ આપ્યા. પછીથી શ્રીકૃષ્ણની આ લીલા જાણી, તેથી ભીષ્મપિતામહ તમોગુણના વેગમાં આવી શ્રીકૃષ્ણને ખૂબ બાણ મારવા લાગ્યા, શ્રીકૃષ્ણ લોહીલુહાણ થઈ ગયા, અર્જુન પણ એવા જ લોહીલુહાણ થયા. ત્યારે અર્જુનના રક્ષણાર્થે શ્રીકૃષ્ણે શસ્ત્ર ઉઠાવ્યાં. આમ, શ્રીકૃષ્ણને ભગવાન જાણવા છતાં તમોગુણના આવેગથી ભીષ્મપિતામહ અજાણ્યાની જેમ દુશ્મનની જેમ વર્ત્યા.

બાણાસુર હજાર હાથ સહિત અતિ બળવાન હતો. તેની પુત્રી ચિત્રલેખા (ઉષા = ઓખા)એ શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધનું ગુપ્ત રીતે અપહરણ કરાવી તેની સાથે લગ્ન કર્યું. અનિરુદ્ધને છોડાવવા શ્રીકૃષ્ણે બાણાસુર સાથે યુદ્ધ કર્યું. બાણાસુર શંકરના ઉપાસક હોવાથી, શ્રીકૃષ્ણને ભગવાન જાણવા છતાં શંકર બાણાસુરના પક્ષમાં રહીને શ્રીકૃષ્ણ સામે લડ્યા, તો ય બાણાસુર હાર્યો. આમ, શ્રીકૃષ્ણને ભગવાન જાણવા છતાં શંકર તેમની સામે લડ્યા.

અક્રૂર વંદનભક્તિવાળા હતા, તે છતાં તેમણે સુધન્વા પાસે સ્યમંતક મણિની ચોરી કરાવી. સુધન્વાએ મણિ અક્રૂરને દઈ દીધો ને પોતે ભાગી છૂટ્યો. શ્રીકૃષ્ણે તેનો પીછો કરીને

તેને માર્યો પણ મણિ મળ્યો નહિ. અક્રૂરે કાશીએ જઈ ગંગાજી ઉપર મણિકર્ણિકા ઘાટ બનાવરાવ્યો. શ્રીકૃષ્ણે એ જાણ્યું ને અક્રૂર પાસેથી મણિ લઈ આવ્યા. આમ અક્રૂર ભક્ત હોવા છતાં ભગવાન પાસે કપટ કર્યું.

એ રીતે જે હરિભક્ત સત્ત્વગુણ પ્રધાન ન વર્તે તેનાથી અવળું કર્મ થઈ જાય.

**વાત ૨૦૮: ચીકાશઃ** ચોંટી રહેવાનો ગુણ.

**પાન ૧૨૫: વાત ૨૧૦: પ્રમાદઃ** ગફલત, બેદરકારી, ધાર્મિક ક્રિયામાં અપ્રવૃત્તિ.

**વાત ૨૧૨: અર્થારામઃ** માત્ર દ્રવ્ય-ધનની પાછળ પડેલો.

**ઇંદ્રિયારામઃ** ઇંદ્રિયોના સુખમાં જ રચ્યાપચ્યા રહેનાર.

**ગુણાધ્યાનઃ** ગુણોનું અનુસંધાન.

**દોષાધ્યાનઃ** દોષોનું અનુસંધાન.

**પાન ૧૨૬: વાત ૨૧૨: કસરઃ** ખોટ.

**પાન ૧૨૭: વાત ૨૧૩: અવ્યક્તપણેઃ** અસ્પષ્ટપણે, અપ્રગટપણે.

**વાત ૨૧૪: બૃહસ્પત્યાદિકઃ** બૃહસ્પતિ + આદિકઃ દેવોના ગુરુ, વગેરે.

**મત્સરાદિકઃ** મત્સર + આદિકઃ

અદેખાઈ, વગેરે.

**પાન ૧૨૯: વાત ૨૧૫: વિષયખંડનનું વચનામૃતઃ** ગઢડા અંત્ય પ્રકરણ ૧૮.

**ધર્મામૃતઃ** સત્સંગિજીવન ગ્રંથના પ્રકરણ ૪ના અધ્યાય ૬૨ થી ૬૭માં કરેલો ઉપદેશ.

**નિષ્કામ શુદ્ધિઃ** સત્સંગિજીવન ગ્રંથના પ્રકરણ ૩ના અધ્યાય ૨૭માં કરેલો ઉપદેશ.

**વાત ૨૧૬: લહિયાઃ** લખવાનું કામ કરતો માણસ, લેખક.

**પાન ૧૩૦: વાત ૨૧૮: કાખના મુવાળા જેવાઃ** બગલમાં થતાં વાળના જેવા ક્ષુલ્લક.

**જડભરત અને અખંડાનંદ સ્વામીનાં દૃષ્ટાંતઃ** ભરતજીને મૃગલામાં આસક્તિ રહી તેથી મૃગનો દેહ આવ્યો, ત્યાર બાદ ફરી મનુષ્ય જન્મ થયો ત્યારે કોઈ જગ્યાએ આસક્તિ ન થઈ જાય તે માટે જાણીને ગાંડાની જેમ વર્ત્યા, ને જડભરત કહેવાયા. તે વખતે તેમનું પુષ્ટ શરીર જોઈને દેવીભક્તો તેમનું બલિદાન-ભોગ આપવા માટે લઈ ગયા તો યે તેમની ધીરજ ડગી નહિ.

સ. ગુ. શ્રી અખંડાનંદ સ્વામી શ્રીજીમહારાજના આશ્રિત મોટા સંત હતા. તેમને જંગલમાં વાઘ મળ્યો ને તેમને મારવા આવ્યો, તો ય સ્વામીની ધીરજ ડગી નહિ. આ રીતે, આત્મનિષ્ઠા દૃઢ કરવી જોઈએ.

**પાન ૧૩૧: વાત ૨૧૯: લક્ષ:** સમાધિ.

**વાત ૨૨૧: સત્તારૂપ:** આત્મસત્તારૂપ.

**પાન ૧૩૩: વાત ૨૨૨: દેહગેહાદિક:** દેહ + ગેહ (ઘર) + આદિક.

**પાન ૧૩૯: વાત ૨૨૮: અધરિયા:** અનિશ્ચિત, હવામાં લટકેલા.

**પાન ૧૪૧: વાત ૨૩૩: ટોકવે કરીને:** વારંવાર કહીને, ઠપકો આપીને.

**પાન ૧૪૩: વાત ૨૩૭: જીવને શોધવો:** જીવને શુદ્ધ કરવો.

**પરાભવ:** પરાજય, હાર.

**પાન ૧૪૪: વાત: ૨૩૭: ડોળ:** દેખાવ, દંભ.

**પાન ૧૪૫: વાત ૨૪૧: નિદિધ્યાસ:** નિરંતર રહેતું ચિંતવન.

**પાન ૧૪૭: વાત ૨૪૨: ભામે ચઢવું:** રવાડે ચઢવું, રવડવું, રખડવું.

**ચટકી:** તીવ્ર લાગણી, ચાનક.

**પાન ૧૪૯: વાત ૨૪૭: સમાસ:** ખુલાસો, સમજણ, સમર્થન, પુષ્ટિ, વૃદ્ધિ, પ્રચાર.

**વાત: ૨૪૮: ટવી:** કુલડી, ડબ્બી, પડિયો.

**ગોરખરૂપ:** સંયમી.

**પાન ૧૫૧: વાત ૨૫૧: ઉંદરનું ને પાટીદારનું દૃષ્ટાંત:** જે ઘરમાં ખાવાનું મળે તે ઘરમાં ઉંદર રહે છે. ખાવાનું મળતું બંધ થઈ જાય તો ઉંદર તે ઘરનો ત્યાગ કરી દઈ, જ્યાં ખાવાનું મળે તેમ હોય તેવા બીજા ઘરમાં રહેવા જાય છે. એ રીતે ખાવાપીવાની ટેવ પડી જાય, ને કદાચ તે સત્સંગમાં ન મળે તો સત્સંગમાંથી બહાર જતું રહેવાય.

ગુજરાતમાં ચરોતરમાં (ખેડા જિલ્લામાં) છ ગામના પાટીદારો પોતાને ઊંચા કહેવડાવે છે, ને તે સિવાયના ગામની કન્યા લેતા નથી, ને તેમ કરવામાં ઘણીવાર ખૂબ હેરાન ને દુ:ખી થાય છે, તો પણ તે રિવાજને છોડી શકતા નથી.

એ રીતે ટેવ પડે તો તેમાંથી સુખિયા કે દુ:ખિયા થવાય છે.

**વાત ૨૫૩: ખરડેલપણે:** ઘડીમાં દેહરૂપ ને ઘડીમાં બ્રહ્મરૂપ વર્તવું તે.

**પાન ૧૫૩: વાત ૨૫૬: ઘોડાના તબેલા તથા જાતવંત ઘોડાનું દૃષ્ટાંત:** ઘોડાના તબેલામાં જાતવંત ઘોડાની કિંમત જાણીને તેના માટે બાજરો, ચણા, ઘાસ, પાણી વગેરેની વ્યવસ્થા કરે છે. તબેલામાં ઘોડાને બાંધવાની જગ્યા સારી બનાવે છે, સ્વચ્છ રાખે છે. આમ કરવાથી ઘોડા સારી રીતે રહે છે. તે રીતે પોતાને જે ધન, બંગલા, ખેતીવાડી, પુત્રપરિવાર મળ્યો હોય તેને ભગવાનનું માહાત્મ્ય જાણી

ભગવાનને વિષે જોડવો.

**પરઠવું:** ઠરાવવું, આરોપવું.

**પાન ૧૫૪: વાત ૨૬૦: પ્રતીતિ:** વિશ્વાસ, ભરોસો.

**પાન ૧૫૫: વાત ૨૬૩: તલતુંબડીનું દૃષ્ટાંત:** સંસ્કૃત ભાષાના અભ્યાસ કરનારાને ઘણું ગોખવાનું હોય. તુંબડીમાં તલ ભરીને ગોખવાનું શરૂ કરે. એક વાક્ય એકવાર બોલે ને એક તલ બહાર કાઢે, તેમ કરતાં કરતાં જ્યારે આખી તુંબડી ખાલી થઈ જાય ત્યારે ગોખવાનું બંધ કરે. એ રીતે, ભગવાનનું શ્રવણ-મનન કરવું તો એ પુરુષાર્થ જોઈને ભગવાનની કૃપા ઊતરે ને સાક્ષાત્કાર થાય.

**પાન ૧૫૬ વાત ૨૬૬: ઓથ:** આશરો, બહાનું.

**પાન ૧૫૭: વાત ૨૬૭: માયાનું ટોળું:** ત્રણ દેહ (સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ), ત્રણ અવસ્થા (જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ), ત્રણ ગુણ (સત્ત્વગુણ, રજોગુણ ને તમોગુણ), પંચ પ્રાણ (પ્રાણ, અપાન, સમાન, વ્યાન ને ઉદાન), પંચભૂત (પૃથ્વી, જળ, તેજ, વાયુ ને આકાશ), પંચવિષય (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ), ચાર અંતઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર), દસ ઇંદ્રિયો (શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના ને ઘ્રાણ- એ જ્ઞાનેઇંદ્રયોઃ વાક્, પાણિ, પાદ, પાયુ ને ઉપસ્થ- એ (કર્મેઇંદ્રયો), ચૌદ દેવતા (દિશા, પવન, સૂરજ, પ્રચેતા, અશ્વિનીકુમાર, અગ્નિ, વિષ્ણુ, ઇંદ્ર, મિત્ર, પ્રજાપતિ, ચંદ્રમા, બ્રહ્મા, અચ્યુત, શંકર). આ બધું મળીને માયાનું ટોળું

કહેવાય છે.

**વાત ૨૬૮: ટિટોડીનું દૃષ્ટાંત:** એક ટિટોડીએ સમુદ્રને કાંઠે ઈંડાં મૂક્યાં. પાણીના મોજામાં સમુદ્ર તે ઈંડાંને તાણી ગયો. ટિટોડીએ સમગ્ર પક્ષીમંડળને બોલાવ્યું ને તેમની બધાંની ચાંચ ને પાંખથી માટી ને કાંકરા સમુદ્રમાં નાંખવા લાગ્યાં. આ વાત નારદજીએ જાણી. વૈકુંઠમાં જઈ ભગવાનને વાત કરી કે મૃત્યુલોકમાં બધાં કુશળ-સુખી છે, પણ ટિટોડી દુઃખી છે, તેનાં ઈંડાં સમુદ્ર લઈ ગયો છે, અને બધાં પક્ષીઓ મળીને સમુદ્ર પૂરવા માંડ્યા છે, પણ ગરુડની સહાય ન મળે ત્યાં સુધી તે બિચારા શું કરે ? આથી ભગવાને ગરુડને મોકલ્યો. ગરુડે પોતાની ચાંચ ને પગ દ્વારા મોટા મોટા પર્વતો લઈને સમુદ્ર પૂરવા માંડ્યો. તેથી સમુદ્ર ગભરાયો ને તેણે ટિટોડીનાં ઈંડાં પાછાં આપ્યાં. આમ ટિટોડીની જેમ જો કોઈ ભગવાનનો સાક્ષાત્કાર કરવા માટેનો પુરુષ પ્રયત્ન કરવા માંડે તો ભગવાન ને સંત જરૂર સહાય કરે.

**પાન ૧૬૦: વાત ૨૭૬: આકાશ ચાર ભૂતના સંગે મેલો થતો નથી:** પૃથ્વી, જળ, તેજ ને વાયુ એ ચાર ભૂતથી આકાશરૂપી પાંચમું તત્ત્વ મેલું થતું નથી.

**પાન ૧૬૧: વાત ૨૭૬: ગુણગણમંડન:** ગુણના સમૂહથી યુક્ત.

**વાત ૨૭૭: હાણ-વૃદ્ધિ:** નુકસાન-ફાયદો.

**પાન ૧૬૨: વાત ૨૭૯: શમ-દમાદિક સદ્‌ગુણ:** શમ

(શાંતિ, ક્ષમા, અંતઃકરણને નિયમમાં રાખવું), દમ (ઇંદ્રિયોને વશ રાખવી, સંયમ), વગેરે સદ્‌ગુણ.

**પાન ૧૬૫: વાત ૨૮૪: સોતાઃ** સહિત.

**પાન ૧૬૬: વાત ૨૮૭: ઝડપું ભરેઃ** ત્વરા રાખે, પડાપડી કરે.

**વાત ૨૮૮: છાદનઃ** ઓઢવાનું હોય તે, આચ્છાદન.

**નિરાનંદઃ** નિઃઆનંદઃ આનંદ વગરનું, દિલગીર.

**ગોડિયાની બાજીઃ** નટની રમત, જે સાચી ન હોય પણ સાચા જેવી જ લાગે.

**પાન ૧૬૭: વાત ૨૮૯: ક્ષુધાઃ** ભૂખ.

**પિપાસાઃ** તરસ.

**ખેતરને સમાર દેવું:** ખેતરમાં ચાસમાં બી નાંખી તે ઢાંકવા, ઉપર લાંબું પાટિયું ફેરવવું.

**પ્રેતઃ** અવગતિયો જીવ, બારમાને દહાડે પિંડીકર્મ થાય ત્યાં સુધી મુએલાની સ્થિતિ.

**સ્થાવરાદિકઃ** સ્થાવર + આદિકઃ ચલાયમાન ન થઈ શકે તેવું વગેરે.

**વાત ૨૯૦: ધ્રો તથા બોરડીની પેઠેઃ** ધ્રો એટલે એક જાતનું ઘાસ, દુર્વા. વરસાદ ન પડે ને બધી

વનસ્પતિ સુકાવા માંડે, ત્યારે પણ આ ઘાસનાં મૂળ ઊંડાં હોવાથી તે લીલું ને લીલું જ રહે છે. એ જ રીતે બોરડીના વૃક્ષનાં મૂળ પણ જમીનમાં ઊંડે સુધી ગયેલાં હોય છે, તેથી ઉપરથી કાપી નાખો તો ય ફરી ઊગી નીકળે છે. આમ, સત્સંગમાં નક્કી-ઊંડો પાયો કરેલાનો સત્સંગ લીલો ને લીલો રહે છે.

**લાંપડાની પેઠે ઊડવું:** લાંપડા નામના ઘાસનાં મૂળ સાવ જમીન ઉપર-ઉપર હોય છે, ને તે સહેજમાં સુકાઈ જાય છે અને થોડા પવનમાં પણ ઊડી જાય છે. તે રીતે, જેને સત્સંગમાં પાકો પાયો નથી તેને દેશ-કાળનો સહેજ વિષમ પવન લાગતાં સત્સંગમાંથી પાછા પડી જાય છે.

**પાન ૧૬૯: વાત ૨૯૨: સાકરકોળાનું દૃષ્ટાંત:** સાકર-કોળાના વેલામાં જ્યાં સુધી કોળાનાં ફળ બેઠાં હોતાં નથી, ત્યાં સુધી તેનાં પાંદડા, ડાળિયો વગેરે મોટાં લાગે છે, પણ કોળાં લાગે ને મોટા થતા જાય તેમ ડાળાં-પાંદડાં કમજોર થઈ જાય છે. તે રીતે સાકરકોળા રૂપ મુખ્ય સંકલ્પ છે, ડાળાં-પાંદડાં રૂપ આડા-અવળા સંકલ્પ છે. મુખ્ય સંકલ્પ દૃઢ થાય તેમ બીજા સંકલ્પ ગૌણ થઈ જાય. શ્રીહરિને પામવાનો મુખ્ય સંકલ્પ હોય તો બીજા સંકલ્પ ગૌણ થાય.

**પાન ૧૭૦: વાત ૨૯૪: ઊર્ધ્વરેતા:** ઊર્ધ્વ (ઊંચું) + રેતસ્ (વીર્ય) : ઉત્તમ બ્રહ્મચારીનું વીર્ય જનનેંદ્રયમાં આવતું જ નથી. ઇંદ્રિજીત.

**અવધિ:** પરાકાષ્ઠા, મર્યાદા, સીમા.

**ત્વરાઃ** તાકીદ, ઉતાવળ, વેગ, તાલાવેલી.

**પાન ૧૭૧: વાત ૨૯૬: વાવરશેઃ** વાપરશે.

**નીવડ્યોઃ** ઘડાઈને રીઢો થયો, સિદ્ધ થયો.

**પાન ૧૭૨: વાત ૨૯૮: ઇંદ્રિયુંને લડાવવીઃ** ઇંદ્રિયોને લાડ લડાવવા, ઇંદ્રિયસુખમાં રચ્યાપચ્યા રહેવું.

**પાન ૧૭૫: વાત ૩૦૧: પિંડીકરણઃ** જુઓ વાત ૨૮૯.

**પાન ૧૭૭: વાત ૩૦૭: મોટમનાઃ** મોટા મનના.

**ઉપેક્ષાઃ** અભાવ, અનાદર, અવગણના, બેપરવાઈ.

**જુક્તિઃ** યુક્તિ, ઉપાય, રીત.

**વાત ૩૦૯: કપાસના ક્ષેત્રનું દૃષ્ટાંતઃ** કપાસના ખેતરમાં છોડ ઉપરથી રૂ ભેગું કરવામાં આવે છે, ને ડાળાં-પાંખડાં પડી રહેવા દેવામાં આવે છે. તેમ મનુષ્ય બધેથી ગુણ ગ્રહણ કરે, ને દોષ પડી રહેવા દે, તો ગુણનો ઢગલો થાય.

**વાત ૩૧૦: બંધીવાળો મંડપઃ** ઉપર ને બાજુઓમાં કપડાં બાંધી બંધ કરેલો મંડપ.

**પાન ૧૭૯: વાત ૩૧૩: વિક્તિઃ** વિગત.

**પાન ૧૮૦: વાત ૩૧૩: તેલધારાવચ્છિન વૃત્તિઃ** તેલની ધાર જેવી અતૂટ વૃત્તિ, એકધારી વૃત્તિ.

**પાન ૧૮૧: વાત ૩૧૪: સામાવડિયાઃ** પ્રતિસ્પર્ધી, હરીફ, સમોવડિયા.

**પાન ૧૮૩: વાત ૩૧૬: ખૂંતી રહેવું:** ખૂંતવું-ખૂંચી જવું, અંદર જઈ સજ્જડ ચોંટવું.

**પાન ૧૮૫: વાત ૩૨૦: લેવાણો:** લેવાયો-ઝલાયો, ભળેલો.

**પાન ૧૮૭: વાત ૩૨૧: ઈંદ્રનું દૃષ્ટાંત:** એક વખત કામદેવ, વસંત, અપ્સરાઓ વગેરેને લઈને ઇંદ્ર બદ્રિકાશ્રમમાં નરનારાયણ ભગવાનની તપશ્ચર્યામાં ભંગ કરાવવા ગયો. ત્યારે શ્રી નરનારાયણના કહેવાથી નરે પોતાની ઉરુ (જાંઘ)માંથી ઉર્વશી નામની અપ્સરા ઉત્પન્ન કરી, જેને જોઈને પેલી અપ્સરાઓ નિસ્તેજ થઈ ગઈ ને ઇંદ્રનો ગર્વ ઊતરી ગયો. આ રીતે શ્રી નારાયણમાં કામ કે ક્રોધ હતા જ નહિ.

**શાહુકારની શાહુકારીનું દૃષ્ટાંત:** પૈસાવાળા દુકાનદારનું દિવાળું નીકળે તો તેનું બધી જગ્યાએથી અપમાન થાય છે, તેમ ભગવાનની આજ્ઞા લોપે તેનું સર્વત્ર અપમાન થાય છે. મેમકાના એક હરિભક્તે શ્રીજીમહારાજની ના છતાં સાંખ્યયોગ સાથે બ્રહ્મચર્ય વ્રત લીધું, તે પછી દુકાનમાં છાનોમાનો પરસ્ત્રી રાખતો. તેમાંથી પકડાઈ ગયો ને વાત જાહેર થઈ ને ખૂબ અપમાનિત થયો. પછી તે ડભાણમાં શ્રીજીનાં દર્શને આવ્યો ત્યારે મહારાજ કહે: સુતાર હરિભક્ત સાંખ્યયોગી બ્રહ્મચારી થઈને પધાર્યા છે ને મીઠો દંડપ્રસાદ ખાઈને આવ્યા છે તેમને આવવા દો. આ રીતે ભરી સભામાં તેનું અપમાન થયું.

**પાન ૧૮૮: વાત ૩૨૩: આકરપ:** આકરાપણું.

**મૂળગો:** મૂળમાંથી, બધી રીતે.

**પાન ૧૯૫: વાત ૩૪૦: સમુદ્રની વેળ:** ભરતીનું પાણી.

**ફૂલેલ:** સુગંધીદાર તેલ, જે તલ અને ફૂલને કેટલોક સમય સાથે રાખી, તેને પીલીને બનાવવામાં આવે છે.

**પાન ૧૯૬: વાત ૩૪૨: પાણિયારી તથા અસ્વારનાં દૃષ્ટાંત:** વચનામૃત: ગઢડા અંત્ય પ્રકરણ ૯ : ''જેમ પાણિયારી હોય તે કૂવા ઉપર જળ સિંચવા જાય છે ત્યારે કૂવાના કાંઠા ઉપર પગ મૂક્યો હોય તેની પણ સુરત રાખે છે જે રખે કૂવામાં પડી જાઉં, અને બીજી વૃત્તિએ કરીને કૂવામાંથી પાણી સિંચે છે... જેમ કોઈ પુરુષ ઘોડે ચડ્યો હોય ત્યારે ઘોડાના પેંગડામાં પગ હોય ત્યાં પણ સુરત રાખે અને ઘોડાની લગામ પકડી હોય ત્યાં પણ સુરત રાખે, અને દોડતાં થકાં વાટમાં ઝાડ આવે, ખાડો આવે, પથરો આવે, ત્યાં પણ સુરત રાખે.'' આ રીતે ભગવાનના ભક્તે ભક્તિ કરતાં કરતાં જ વ્યવહાર કરવો.

**પાન ૧૯૭: વાત ૩૪૪: ગોવિંદરામનું દૃષ્ટાંત:** ગોવિંદરામ નામના વિપ્ર હરિભક્તને દેહ ને દેહના સંબંધીમાં બહુ હેત હોવાથી કાંઈ દોષમાં આવ્યા. શ્રીહરિએ તેમને વિમુખ કરીને કાઢી મૂક્યા. તે છતાં ગોવિંદરામ તો રોજ મંદિરમાં આવતા જ રહ્યા. એ આવે ત્યારે એમનો તિરસ્કાર

કરવો એવી શ્રીહરિની આજ્ઞાથી એમનો ઘણો તિરસ્કાર થયો, તે છતાં તેમણે મંદિરમાં આવવાનું છોડ્યું જ નહિ. શ્રીજી ત્યાં પધાર્યા ત્યારે શ્રીજી કહેઃ ગોવિંદરામ, તું દોષિત છે તેથી અમે મંદિરમાંથી તને કાઢી મૂકીએ છીએ. ત્યારે ગોવિંદરામે કહ્યુંઃ મારામાં દોષ છે, તેવો તમારામાં પણ દોષ છે. તમે મારા હૃદયમાં પેસી ગયા છો તે નીકળતા જ નથી, જો તમે મારા હૃદયમાંથી નીકળી જાવ તો હું મંદિરમાંથી નીકળી જાઉં ! જો તમે મારા હૃદયમાંથી ન નીકળો તો કૃપા કરીને મને પણ તમારી સાથે રહેવા દો ! આવી વાણી સાંભળી શ્રીજી પ્રસન્ન થયા અને પ્રાયશ્ચિત્ત કરાવી સત્સંગમાં રાખ્યા.

**વાત ૩૪૫ઃ નિરવદ્યઃ** નિઃ + અવદ્ય : અજ્ઞાન રહિત, નિર્દોષ.

**નિરંજનઃ** નિઃ + રંજન : માયા રહિત.

**સૌકુમાર્યઃ** સુકુમારતા, નાજુકતા

**લાવણ્યઃ** સૌંદર્ય.

**પાન ૧૯૮ઃ ક્ષેત્ર ક્ષેત્રજ્ઞનો વિભાગઃ** ક્ષેત્ર એટલે શરીર, ક્ષેત્રજ્ઞ તે આત્મા. જીવથી માંડીને મૂળઅક્ષર પર્યંત ક્ષેત્ર ને શ્રીજીમહારાજ ક્ષેત્રજ્ઞ. ક્ષેત્ર ને ક્ષેત્રજ્ઞ જુદાં છે તેની સમજ.

**પાન ૧૯૯ઃ વાત ૩૪૯ઃ હનુમાનજીનું દૃષ્ટાંતઃ** સીતાજીની શોધમાં હનુમાનજી લંકા ગયા ત્યારે કેટલીય સ્ત્રીઓને જોવી પડેલી, પણ હનુમાનજીની વૃત્તિઓમાં કોઈ ક્ષોભ કે વિકાર થયો ન હતો. (વચનામૃત : જેતલપુર ૨).

**વાત ૩૫૧: નિરૂપણ:** વર્ણન વિવેચન.

**કીડીનું દૃષ્ટાંત:** કીડી દેહભાવને લીધે ખાદ્ય પદાર્થના કણને જમીનમાં ભેગા કરે છે, પણ તે ખાદ્ય પદાર્થને તેતર જેવાં પંખીઓ ચાંચ ને પગથી જમીન ખોદીને કાઢીને ખાઈ જાય છે. તે રીતે મનુષ્ય ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ભક્તિ કરે છે, પણ તે દેહભાવમાં રહેલી અહંવૃત્તિ સહિત કરે છે, તેથી તે અહંવૃત્તિરૂપ તેતર તે સાધનના ફળને ખાઈ જાય છે, ને મનુષ્યને પુરુષોત્તમનું સ્વરૂપ પામવા રૂપી ફળ મળતું નથી. કીડી જેવા સૂક્ષ્મ દેહધારીથી માંડીને પુરુષોત્તમનારાયણથી નીચેની ભૂમિકા સુધી સર્વેમાં સૂક્ષ્મ અહંવૃત્તિ રહી છે, જે સર્વેને આવરણ રૂપ છે. આ રીતે અહંવૃત્તિ અતિ સૂક્ષ્મ છે.

**પાન ૨૦૪: વાત ૩૫૭: ચાડ્ય:** ત્વરા, વેગ, તાકીદ.

**પાન ૨૦૬: વાત: ૩૫૭: બુદબુદા:** પરપોટા.

**પાન ૨૦૭: વાત ૩૬૦: સીધુ:** રાંધવા જેટલું કાચું અનાજ વગેરે સામગ્રી.

**ઈંધણાં:** રાંધવા માટે ઈંધણ, બાળવાનાં લાકડાં.

**વાત ૩૬૨: સ્ત્રી થકી બીવું:** પુરુષને સ્ત્રી થકી ને સ્ત્રીને પુરુષ થકી વિષયવિકાર ઉત્પન્ન થવાનો સંભવ હોવાથી પરસ્પર સાવધાન રહેવા રૂપી બીક રાખવાનું સૂચવ્યું છે. (વચનામૃત : ગઢડા પ્રથમ ૩૪).

**પુરંજનીનો વિસ્તાર:** શ્રીમદ્ભાગવતમાં

પુરંજન નામના રાજાનું આખ્યાન છે. પુરંજન રાજાએ પોતાનું કુટુંબ એટલું વિસ્તારી દીધું કે પોતે પ્રભુભજન કરી ન શક્યો. આ રીતે, પુરંજન રાજા રૂપે શરીરના રાજા જીવાત્માએ પોતાની વૃત્તિઓ રૂપી કુટુંબનો અતિશય વિસ્તાર ન કરવો, તેને પાછી વાળવી.

**પાન ૨૧૨: વાત ૩૭૧: ડંકઃ** ડંખ, દંશ, ચટકો.

**પાન ૨૧૩: વાત ૩૭૨: સેર્યઃ** ધાર, ધારા, પ્રવાહ.

**પાન ૨૧૭: વાત ૩૭૮: લાંપડાનો તાપઃ** લાંપડું સળગે ત્યારે તાપ લાગતો નથી, તે રીતે વિષયસુખ પણ નહિવત્ છે.

**પાન ૨૧૮: વાત ૩૮૦: વિશલ્યકરણીના છેલ્લા વચનામૃતમાંઃ** વચનામૃત : ગઢડા અંત્ય ૩૯.

**પાન ૨૨૧: વાત ૩૮૪: તજો સાધનનો ઉર આમળોઃ** સંગીત, શાસ્ત્રાર્થ વગેરે ભક્તિના સાધનનો મનમાં બહુ ભાર-મદાર રાખવો નહિ.

**પાન ૨૨૩: વાત ૩૯૦: રણમાં ટુક ટુક ઊડી જાય છેઃ** રણમેદાન લડાઈમાં ટુકડે ટુકડા થઈ જાય છે.

**પાન ૨૨૫: વાત ૩૯૫: એકોતેર ચોકડીઃ** એક ચોકડી એટલે સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ ને કળિયુગ એમ ચારે મળીને થતો સમય- તેંતાલીસ લાખ અને વીસ હજાર વર્ષ. આવી એકોતેર ચોકડી જેટલા સમય માટે એક ઇંદ્ર સ્વર્ગમાં રાજ્ય કરે છે.

**પાન ૨૨૭: વાત ૩૯૬: બિલાડીનું દૃષ્ટાંત:** એક બિલાડીએ માટીના ઘડામાં રાખેલું દૂધ પીવા માટે જોર કરી માથું ઘડામાં નાખ્યું ને દૂધ પીધું, પણ પછી માથું બહાર કાઢી શકી નહિ; પ્રયત્ન કરતાં ઘડો ફૂટી ગયો, પણ ઘડાનો કાંઠો ગળામાં રહી ગયો. આથી બિલાડનું હલનચલન મુશ્કેલ થયું. ગળામાં કાંઠલો પહેરેલી બિલાડીને જોઈ ઉંદર પૂછવા લાગ્યા : આ શું થયું ? બિલાડી કહે : હું કેદારેશ્વર તીર્થ કરવા ગઈ હતી. ત્યાંથી આ કંકણ પહેરીને આવી છું. હવે મેં અહિંસાનું વ્રત લીધું છે; હું પવિત્ર સાધ્વી થઈ ગઈ છું, કોઈને બિલકુલ મારતી નથી. આવો ! તમે બધાં નિર્ભય થઈને મારા પગમાં પડો, હું તમને આશીર્વાદ આપીશ. વિશ્વાસ રાખો. આથી ઉંદરને વિશ્વાસ થઈ ગયો ને પગમાં પડવા માંડ્યા. પણ ક્યારેક કોઈ એકલદોકલ ઉંદર પગમાં પડવા આવી ચડે તો તેને મારી ખાય. આમ બિલાડીનો સ્વભાવ ગયો નહિ. આ રીતે જીવનો અવળો સ્વભાવ મોટા પુરુષના સમાગમ વિના ટળતો નથી.

**પાન ૨૨૯: વાત ૩૯૯: ઘટગામીની તિથિ:** ધીરે ધીરે ઘટતાં ક્ષય તિથિ થાય તેવી તિથિ.

**વૃદ્ધિગામીની તિથિ:** ધીરે ધીરે વધતાં વૃદ્ધિ તિથિ થાય તેવી તિથિ.

**પાન ૨૩૧: વાત: ૪૦૩: ગાયનો વાઘ કર્યો એ દૃષ્ટાંત:** એક બ્રાહ્મણને ગાય દાનમાં મળી. દસવીસ ઠગ લોકોએ જુદી જુદી જગ્યાએ ઊભા રહી ‘‘આ વાઘ ક્યાં લઈ જાવ છો, તમને

ફાડી ખાશે,'' વગેરેવારેવારે કહ્યું. તેથી બ્રાહ્મણને ભ્રમ થયો ને તે ગાયને વાઘ માનીને છોડીને ભાગી ગયો. દેહ-ગેહાદિક મિથ્યા છે તેનું વારંવાર શ્રવણ કરે તો તે મિથ્યા થાય.

**પાન ૨૩૨: વાત ૪૦૪: નિષ્ફકર:** ફિકર ન કરે તેવા.

**કલ્પજીવી:** એક કલ્પ (ચાર અબજ ને બત્રીસ કરોડ વર્ષ) જીવે તેવું.

**પાન ૨૩૩: વાત ૪૦૫: પ્રકૃતિ ટાળ્યાની યુક્તિનું વચનામૃત:** ગઢડા મધ્ય ૩૭.

**વાત ૪૦૬: ઠાલો કૂવો:** ખાલી કૂવો.

**પાન ૨૩૫: વાત ૪૧૧: સાહેબ લોક ઘોડાને તોળીને દોડાવે છે:** જેમ આગળ નીકળેલો ઘોડો ને સ્વાર વધુ ભારવાળા હોય છે, તેમ બળવાન અહંવૃત્તિવાળાને તેની અહંવૃત્તિનો વિસ્તાર પણ વધુ હોય છે.

**પાન ૨૩૯: વાત ૪૧૪: અનુતાપ:** પશ્ચાત્તાપ, પસ્તાવો.

**પાન ૨૪૨: વાત ૪૧૯: વિહિત:** શાસ્ત્રે ફરમાવેલું, માન્ય કરેલું.

**પેચમાં ન આવવું:** જાળમાં ન ફસાવું, યુક્તિ-પ્રપંચમાં ન આવવું.

**પાન ૨૪૩: વાત ૪૨૪: શૌચ:** સ્વચ્છતા, પવિત્રતા.

**પાન ૨૪૬: વાત ૪૨૬: વિહિત ભોગનો સંકોચ કરવો:** શાસ્ત્રે માન્ય કરેલા ભોગ પણ ઘટાડવા.

**પાન ૨૪૯: વાત ૪૩૧: વિરક્તઃ** સ્પૃહા વગરનું.

**પટ્ટાનો રમનારોઃ** તલવારથી લડી જાણનાર.

**ફડકોઃ** બીક, ધ્રાસકો.

**પાન ૨૫૪: વાત ૪૩૯: ભાગવતી તનુ-બ્રહ્મમય તનુઃ** ભગવાનના સ્વરૂપના અખંડ અનુસંધાને કરીને ભક્તનો શુદ્ધ સત્ત્વમય દેહ બંધાય છે, જેને સ્વામીએ ભાગવતી તનુ કહેલ છે. આવા ભક્તોના ઉપર શ્રીજીમહારાજ કૃપા કરીને તેમને બ્રહ્મમય દેહને પમાડે છે, એટલે પોતાના જેવો દિવ્ય સાકાર બનાવી પોતાના ધામને વિષે રાખે છે.

**પાન ૨૫૬: વાત ૪૪૪: અધર્મસર્ગઃ** અધર્મની ઉત્પત્તિ, અધર્મનું ટોળું.

**કલંગીવાળા દેવઃ** શુદ્ધ વર્તનવાળા દેવ.

**પાન ૨૫૯: વાત ૪૫૨: ગોપીઓ તથા બળિરાજાનું દૃષ્ટાંતઃ** પ્રૌઢ સ્વભાવની ગોપીઓ ભગવાનનો મહિમા બહુ સમજતી હતી અને ભગવાનની બધી ક્રિયાઓ દિવ્ય સમજતી હતી. તેમણે ઉદ્ધવજીને કહ્યું કે જો અમારાં હાડકાંની વાંસળી બનાવશો તો તેમાંથી પણ ‘કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ’ એવા શબ્દો નીકળશે. ગોપીઓ દહીં વેચવા ગઈ તો ‘દહીં લો, દહીં લો’ કહેવાને બદલે ‘કૃષ્ણ લો, કૃષ્ણ લો’ બોલવા લાગેલી. આ રીતે, તેમણે ભગવાનમાં તદાત્મપણું સિદ્ધ કરેલું.

વળી, શ્રી વામનજીએ બલિરાજાના માથા ઉપર પોતાનો

પગ મૂકી બલિરાજાને પાતાળમાં પેસાડ્યા ત્યારે પણ બલિરાજાએ એમ જ કહ્યું કે ભગવાન, મારા વાળ ને રૂંવાડા લોઢાના શૂળ જેવા છે તેથી આપના કોમળ પગમાં ઘૂસીને વાગ્યા હશે, તેથી મોં ને આંખથી પગને પંપાળવા લાગ્યા. આ રીતે ભગવાનને તેમણે પ્રસન્ન કર્યા. હરિભક્તે ભગવાનને વિષે આવો દિવ્યભાવ રાખવો.

**પાન ૨૯૦: વાત ૪૫૬: માવા ભક્તનું દૃષ્ટાંત:** માવાભાઈ નામના હરિભક્ત હતા, જેમને વ્યવહારમાં કાંઈ ખબર પડતી નહિ. તેમણે એક વાણિયાને પૈસા ઉધાર આપેલા. તે પૈસાની ઉઘરાણી કરવા તે વાણિયાના ગામ ગયા, તેમને જોઈને વાણિયો (ઢોંગ કરીને) રડવા લાગ્યો. માવાભક્તે પૂછ્યું કે કેમ રડે છે ? વાણિયો કહે : મારી પાસે બિલકુલ પૈસા નથી, હું તમને કેવી રીતે પૈસા આપીશ ? હું નિર્ધન ક્યાંથી ધન લાવીશ ? વગેરે કહીને તે તો ફરી રડવા લાગ્યો. માવાભક્ત કહે : અત્યારે ન હોય તો પછી પૈસા આપજે. તો પણ વાણિયો રડતો બંધ થયો નહિ. માવાભક્તે પૂછ્યું કે હજુ કેમ રડે છે ? વાણિયો કહે : જ્યારે પણ પૈસા લેવા આવશો ત્યારે હું પૈસા ક્યાંથી કાઢીશ ? માવાભક્ત કહે : જા, એ પૈસા તને કૃષ્ણાર્પણ કરી દીધા, હવે લેવા ય નહિ આવું, બસ. એમ કહીને દસ્તાવેજમાં કહી દીધી કે પૈસા મળી ગયા છે. આ રીતે માવાભક્તને ભોળવીને પૈસા ખોટા કરાવી ગયો.

માવાભક્ત પાસે ઘાસચારાનો મોટો ગંજ હતો. તે ઓછા પૈસે ખરીદી લેવા એક પટેલ આવ્યા. માવાભક્તે તેની

કિંમત ૧૫૦ રૂ. કહી, તો પટલે કહે : કાંઈક ઓછું કરો. માવાભક્તે સીધા ૧૦૦ રૂ. કહ્યા. પટેલ કહે : હજી વધારે પડે છે, માટે કાંઈક ઓછા કરો. માવાભક્ત કહે : તો પચાસ દઈ દો ! પટેલ એ ગંજી લઈ ગયા. પછીથી આવીને માવાભક્તને કહે કે એમાંથી તો ચાલીસ રૂપિયાનું જ ઘાસ નીકળ્યું એટલે લો ચાલીસ રૂપિયા રાખો. માવાભક્તે કહ્યું : ઠીક, એમ હશે. એમ કહી રૂ. ૪૦ લીધા. આમ, વ્યવહારની કાંઈ ખબર પડતી નહિ તેથી વ્યવહાર ચલાવવામાં તેમને ઘણી મુશ્કેલીઓ પડતી. આ રીતે ભગવાન સંબંધી જ્ઞાન યથાર્થ જાણ્યા વિના મૂંઝવણ થાય.

**પાન ૨૬૧: વાત ૪૫૮: ગંડવાઃ** (પોતે કાંઈક છે તેવા માન-અહંરૂપી) ગાંડપણ.

**પાન ૨૬૨: વાત ૪૫૮: વિવેકસારની વાર્તાઃ** સ. ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીએ ‘વિવેકસાર’ નામનો ગ્રંથ લખ્યો છે, તેમાં કેટલાય પ્રકારના વિવેક વિષે વાત લખી છે એની વાર્તા.

**પાન ૨૬૩: વાત ૪૬૦: સોમલખારઃ** ઝેર.

**કામ્ય યજ્ઞઃ** કોઈ વસ્તુ મેળવવાની કામના સાથે કરેલો યજ્ઞ.

**પાન ૨૬૯: વાત ૪૬૪: ધ્રુમાંકડીઃ** ઉત્તર ધ્રુવના તારા પાસે આવેલું સપ્તર્ષિના આકારનું નાનું તારામંડળ, જેને જોઈને દિશા નક્કી કરી શકાય છે.

**પાન ૨૭૧: વાત ૪૬૬: મોચી ઘાંચીના રે સઈ સુતારના રેઃ** લગ્ન વખતે સ્ત્રીઓ ગાણાં ગાય તેમાં સામેનો

પક્ષ પોતાના પક્ષથી હલકો છે તેવી મશ્કરીરૂપે ગાણાં જોડે છે, તે સાંભળીને તેને ગાળ ગણવાને બદલે મીઠી મશ્કરી ગણે છે. આ રીતે જો સત્-અસત્‌ની સાચી સમજણ હોય તો આ લોકનાં સુખદુઃખ ખોટાં થઈ જાય.

**પાન ૨૭૨: વાત ૪૭૦: મંદિરમાં પધરાવેલી ભગવાનની મૂર્તિઓ:** તે સ્વયં શ્રીજી પોતે જ છે, પણ જ્ઞાન સમજવા માટે એકાંતિક સાધુને શ્રેષ્ઠ કહ્યા છે. એકાંતિક સાધુ પોતાની પાસે જ્ઞાન સમજવા આવેલા હરિભક્તને શ્રીજીમહારાજના સ્વરૂપમાં જ જોડે છે, પોતામાં જોડતા નથી. મૂર્તિઓ રૂપે પણ શ્રીજી પ્રત્યક્ષ જ છે.

**પાન ૨૭૪: વાત ૪૭૬: માછલાનું દૃષ્ટાંત:** નદીના પૂરમાં મોટા પથ્થરો-વૃક્ષો તણાઈ જાય, પણ નાની એવી માછલી સામા પૂરે જઈ શકે છે, કેમ કે તેને તેનો અભ્યાસ છે. તે રીતે સત્પુરુષની સહાયથી અભ્યાસ-પુરુષપ્રયત્ન કરે, તો હરિભક્ત માયા રૂપી સમુદ્ર તરી જાય છે.

**વાત ૪૭૭: વેલાનું દૃષ્ટાંત:** જેમ વેલો વૃક્ષને વીંટળાઈને ધીમે ધીમે પોષણ મેળવીને વૃક્ષના જેટલો વિશાળ થઈ જાય છે, તેમ જીવાત્મા સત્પુરુષના પ્રસંગથી વૃદ્ધિ પામે છે.

**પાન ૨૭૬: વાત ૪૭૯: સચ્ચિદાનંદ સ્વામી:** શ્રીજીમહારાજ મનુષ્યલીલા સંકેલી અંતર્ધાન થયા ત્યારે સ. ગુ. શ્રી સચ્ચિદાનંદ સ્વામી અતિ વિરહમાં પોતાના દેહની

નાડીઓ તોડીને શ્રીજી ઇચ્છાની ઉપરવટ થઈને અક્ષરધામમાં ગયેલા. ત્યાંથી મહારાજે પાછા દેહમાં મોકલાવી થોડો વખત એ દેહમાં રાખેલા.

**પાન ૨૭૮: વાત ૪૮૬: લય, વિક્ષેપ, રસાસ્વાદ ને કષાય:** એ ચાર વિઘ્નો ધ્યાન માર્ગમાં છે. કષાય એટલે વાસના, રાગ.

**પાન ૨૮૦: વાત ૪૯૧: અન્નમયકોશ:** અન્નથી બંધાયેલું સ્થૂળ શરીર.

**પ્રાણમયકોશ:** પાંચ પ્રાણ યુક્ત શરીર, જેનાથી સુખદુ:ખનું ભાન થાય છે.

**મનોમયકોશ:** કર્મેઇંદ્રયો સહિત મન.

**વિજ્ઞાનમયકોશ:** જ્ઞાનને ગ્રહણ કરીને વિવેકથી ધારણ કરે છે તે સૂક્ષ્મ શરીર.

**આનંદમયકોશ:** કારણ શરીર, જે અવિદ્યા સ્વરૂપ છે. આત્માને આનંદમયકોશ, વિજ્ઞાનમયકોશ, મનોમયકોશ, પ્રાણમયકોશ ને અન્નમયકોશ– એમ એ અનુક્રમે વીંટાયેલા છે.

**વાત ૪૯૨: સુષુમ્ણા નાડી:** ઇડા ને પિંગળા એ બે નાડીની વચ્ચે આવેલી નાડી. સિદ્ધપુરુષોનો આત્મા આ નાડીમાં રહે છે. (વચનામૃત : ગઢડા પ્રથમ ૬૫)

**પાન ૨૮૧: પતંગિયાનું દષ્ટાંત:** સારંગપુરના ૧૭મા

વચનામૃતમાં શ્રીજી કહે છે : ''જ્યારે ભજનનો કરનારો જીવ રૂપે હતો ત્યારે એ જીવમાં ખદ્યોત (જેનામાંથી તેજ નીકળે તેવું પતંગિયું-આગિયો) જેટલો પ્રકાશ હતો, પછી જેમ જેમ ભગવાનનું ભજન કરતાં કરતાં આવરણ ટળતું ગયું તેમ તેમ દીવા જેવો થયો, પછી મશાલ જેવો થયો, પછી અગ્નિની જ્વાળા જેવો થયો, પછી દાવાનળ જેવો થયો, પછી વીજળી જેવો થયો, પછી ચંદ્રમા જેવો થયો, પછી સૂર્ય જેવો થયો, પછી પ્રલયકાળના અગ્નિ જેવો થયો, પછી મહાતેજ જેવો થયો. એવી રીતે પ્રકાશ પણ વૃદ્ધિને પામ્યો ને સામર્થી પણ વૃદ્ધિને પામીને સુખ પણ વૃદ્ધિને પામ્યું. એવી રીતે ખદ્યોતથી કરીને મહાતેજ પર્યંત આદ્ય, મધ્ય ને અંત જે ભેદ કહ્યા તે સર્વે મુક્તના ભેદ છે, તે જેમ જેમ અધિક સ્થિતિને પામતા ગયા ને ભગવાનનો મહિમા અધિક જાણતા ગયા તેમ તેમ મુક્તપણામાં વિશેષપણું આવતું ગયું.''

**વાત ૪૯૫: પ્રબંધ:** ગોઠવણ, વ્યવસ્થા.

**શૂરવીરનું દૃષ્ટાંત:** અર્જુન એવા શૂરવીર અને નિશાનબાજ હતા કે એમણે છોડેલું બાણ કદી નિષ્ફળ જતું નહિ. તેમનું નામ સાંભળીને અન્ય યોદ્ધાઓને શૂરાતન ચડી જતું.

એક ગામમાં ઘણાં શૂરવીર લોકો હતાં. ધીરે ધીરે એ મૃત્યુ પામ્યા, ને એક વૃદ્ધ શૂરવીર જીવતા રહ્યા. એ ગામમાં હવે કોઈ શૂરવીર જીવતો રહ્યો નથી એમ માનીને લૂંટારાઓ

એ ગામ લૂંટવા આવ્યા. એ વૃદ્ધ શૂરવીરને શૂરાતન ચડ્યું ને 'મારું કે મરું'નો નિશ્ચય કરી નીકળ્યા. તેમને જોઈને ગામના અન્ય લોકોને પણ શૂરાતન ચડ્યું. ને બધાં હથિયારો લઈને નીકળ્યા. ઘણાં માણસોને આવતા જોઈને લૂંટારા ભાગી ગયા.

એકવાર હરિભક્ત મૂળજી ક્ષત્રિયની આંગળી કપાઈ ગઈ તો ય તે હસતા હતા. સંતોએ પૂછ્યું કે પીડા થતી નથી ? મૂળજી કહે : હું ક્ષત્રિય છું, મારાથી પીડાનું બોલાય પણ નહિ.

ખબડ-મતારા સાથે ભગુજીને યુદ્ધ થયું ત્યારે ખબડે ભગુજીને ઘા કરવા કહ્યું ત્યારે ભગુજી કહે : ક્ષત્રિય પહેલો ઘા કરે નહિ, તું ઘા કર. એ ઘાથી ઘવાયેલા ભગુજીએ ખબડને મારેલો.

લોયાના બીજા વચનામૃતમાં શ્રીજી કહે છે કે શૂરવીરના ઈંદ્રિયો-અંતઃકરણ એનાથી થર થર કાંપતા રહે છે.

એ રીતે સત્પુરુષના હાથ તળે વર્તે તેનો મોક્ષ થાય.

**પાન ૨૮૨: વાત ૪૯૭: પુંડરીકાક્ષ:** પુંડરીક (ધોળું કમળ)+ અક્ષ (આંખ): સફેદ કમળ જેવી આંખવાળા ભગવાન.

**પુંડરીકવદન:** સફેદ કમળ જેવા મુખવાળા ભગવાન.

**વાત ૪૯૮: દશોંદ-વીશોંદ:** પોતાની આવકનો દસમો કે વીસમો ભાગ ધર્માદા તરીકે કાઢવો તે.

**પાન ૨૮૩: વાત ૫૦૧: વજ્રની ખીલીનું વચનામૃત:** ગઢડા અંત્ય ૭.

**પાન ૨૮૫: વાત ૫૦૫: દેવનું દૃષ્ટાંત:** દેવ ઘણા પ્રકારના છે. એમની પાત્રતા પ્રમાણે એમની નિર્ગુણતા પણ અનેક પ્રકારની છે. બ્રહ્મા કરતાં ભૂમાપુરુષ વધુ નિર્ગુણ છે.

**વાત ૫૦૭: મનુષ્ય અને પશુનું દૃષ્ટાંત:** મનુષ્ય પાસે પશુ અસમર્થ છે ને તેને આધીન છે, તેવી રીતે માયા, કાળ, કર્મ વગેરે શ્રીહરિની પાસે અસમર્થ ને પરતંત્ર છે, ને તેઓ શ્રીહરિને આધીન છે.

**પાન ૨૯૦: વાત ૫૧૧: ચિદાકાશ:** શ્રીહરિજીની મૂર્તિમાંથી નીકળતો પ્રકાશ-અક્ષરબ્રહ્મ, અક્ષર: જુઓ વાત ૫૧૫.

**પૌગંડાવસ્થા:** ૫ થી ૧૬ વર્ષની ઉંમર સુધીની કિશોર અવસ્થા.

**પાન ૨૯૧: વાત ૫૧૧: પરાર્ધ:** આઠ અબજ ને ચોસઠ કરોડ વર્ષ બરાબર બ્રહ્માના એક રાત્રિ-દિવસ થાય છે, તેને નિમિત્ત પ્રલય કહે છે. એવા અઢાર હજાર નિમિત્ત થાય ત્યારે એક પરાર્ધ થાય. (સમયનું માપ.)

**પાન ૨૯૫: વાત ૫૧૫: કુટસ્થરૂપે:** અચળપણે.

**પાન ૨૯૬: વાત ૫૧૬: ઈંડ:** બ્રહ્માંડની ફરતું જે આવરણ (કોચલું, પડ) છે તે.

**પાન ૨૯૮: વાતઃ ૫૧૬: તુરિયાતીતઃ** જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ પછીની ચોથી અવસ્થા તે તુર્યા અવસ્થા. તુર્યા અવસ્થાને પસાર કરી ગયેલા.

**પાન ૩૦૧: વાત ૫૨૧: ઉપરતિઃ** વિરક્તિ, વૈરાગ્ય.

**તિતિક્ષાઃ** સહનશીલતા, ધૈર્ય.

**પાન ૩૦૨: વાત ૫૨૩: ગોમેધાદિકઃ** ગોમેધ, વગેરે નામના યજ્ઞો.

**વાત ૫૨૫:** સોનાના વાટકાને જમીનમાં દાટી રાખો તો ય તેનું સોનું ઓછું થાય નહિ, તેમ સિદ્ધ મુક્તોને વિમુખ માણસોના સંગથી પણ ઘસારો લાગતો નથી, તેથી તેઓ સોનાના વાટકા જેવા છે. કાચનો વાટકો દાટી રાખવાથી ધૂળ થઈ જાય છે તેમ જે વિમુખના સંગે સત્સંગમાંથી નીકળી જઈ મોક્ષ માર્ગમાંથી પડી જાય છે તે કાચના વાટકા જેવા છે.

**પાન ૩૦૪: વાત ૫૩૨: ભવાયાનું દૃષ્ટાંતઃ** ભવાયા વેષ કાઢે છે, તેમાં સ્ત્રીનો વેષ પણ કાઢે, પણ એ વેષ કાઢેલા (પુરુષ) ભવાયાથી સાચી સ્ત્રીની જેમ સંસાર માંડી વ્યવહાર કરી શકાતો નથી. તેવી રીતે હરિભક્તે સંસાર વ્યવહારમાં રહેવું તે વેષ કાઢીને રહેવું. સંસારના વિષયોમાં આસક્તિથી ન રહેવું.

**પાન ૩૧૨: વાત ૫૫૬: દીપકનું દૃષ્ટાંતઃ** દીવાના પ્રકાશથી અંધારામાં રહેલી વસ્તુ દેખાવા લાગે છે, તેવી રીતે

મનથી વિષયોમાં પ્રકાશ થાય છે, અને જેવા ગુણવાળા વિષયો હોય તેવી વૃત્તિથી મન તેનું ગ્રહણ કરે છે, પણ મન પોતે વિકારવાન નથી.

**પાન ૩૧૮ઃ વાત ૭ઃ દેશકાળઃ** દેશ, કાળ, સંગ, દીક્ષા, ક્રિયા, મંત્ર, શાસ્ત્ર, ધ્યાન -એ આઠ.

૩૪

# સંદર્ભ

આ પુસ્તકમાં સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતોને વિષયવાર છુટ્ટી પાડીને આપવામાં આવી છે. તે છતાં મૂળ જે બે પ્રકરણવાળી તથા ત્રણ પ્રકરણવાળી વાતનાં પુસ્તકો હતાં તેમાંની વાતોમાં કોઈ જ ફેરફાર કર્યો નથી. ફક્ત જોડણી સુધારી છે. આ પુસ્તકમાં આપેલ વાતો જૂનાં પુસ્તકોમાં ક્યા નંબરની હતી તેનો સંદર્ભ નીચે આપેલ છે.

| આ પુસ્તકમાં વાતનો નંબર | બે પ્રકરણવાળા પુસ્તકમાં નંબર | ત્રણ પ્રકરણવાળા પુસ્તકમાં નંબર | આ પુસ્તકમાં વાતનો નંબર | બે પ્રકરણવાળા પુસ્તકમાં નંબર | ત્રણ પ્રકરણવાળા પુસ્તકમાં નંબર |
|---|---|---|---|---|---|
| (अ) | (ब) | (क) | (अ) | (ब) | (क) |
| ૧ | ૧/૧૧ | ૨/૫ | ૧૪ | ૧/૧૫૫ | – |
| ૨ | ૧/૧૭ | ૨/૭ | ૧૫ | ૧/૧૫૬ | – |
| ૩ | ૧/૧૮ | ૨/૮ | ૧૬ | ૧/૧૫૭ | – |
| ૪ | ૧/૪૮ | ૨/૪૧ | ૧૭ | ૧/૧૫૮ | – |
| ૫ | ૧/૫૨ | ૨/૪૭ | ૧૮ | ૧/૧૫૯ | – |
| ૬ | ૧/૫૫ | ૨/૫૦ | ૧૯ | ૧/૧૬૦ | – |
| ૭ | ૧/૯૯ | ૩/૧૫ | ૨૦ | ૧/૧૬૧ | – |
| ૮ | ૧/૧૦૭ | ૩/૨૧ | ૨૧ | ૧/૧૬૨ | – |
| ૯ | ૧/૧૦૮ | ૩/૨૨ | ૨૨ | ૧/૧૬૩ | – |
| ૧૦ | ૧/૧૫૧ | – | ૨૩ | ૧/૧૬૪ | – |
| ૧૧ | ૧/૧૫૨ | – | ૨૪ | ૧/૧૬૫ | – |
| ૧૨ | ૧/૧૫૩ | – | ૨૫ | ૧/૧૬૬ | – |
| ૧૩ | ૧/૧૫૪ | – | ૨૬ | ૧/૧૬૭ | – |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭ | ૧/૧૬૮ | – | ૬૦ | – | ૩/૧ |
| ૨૮ | ૧/૧૬૯ | – | ૬૧ | – | ૩/૩૪ |
| ૨૯ | ૧/૧૭૦ | – | ૬૨ | ૧/૧૨ | ૨/૬ |
| ૩૦ | ૧/૧૭૧ | – | ૬૩ | ૧/૧૩ | ૨/૬ |
| ૩૧ | ૧/૧૭૨ | – | ૬૪ | ૧/૧૪ | ૨/૬ |
| ૩૨ | ૧/૧૭૩ | – | ૬૫ | ૧/૧૫ | ૨/૬ |
| ૩૩ | ૧/૧૭૪ | – | ૬૬ | ૧/૧૬ | ૨/૬ |
| ૩૪ | ૧/૧૭૫ | – | ૬૭ | ૧/૪૭ | ૨/૩૭ |
| ૩૫ | ૧/૧૭૬ | – | ૬૮ | ૧/૪૯ | ૨/૪૨,૪૩ |
| ૩૬ | ૨/૮ | ૧/૮ | ૬૯ | ૧/૫૦ | ૨/૪૪,૪૫ |
| ૩૭ | ૨/૬૨ | ૧/૬૩ | ૭૦ | ૧/૫૧ | ૨/૪૬ |
| ૩૮ | ૨/૮૪ | ૧/૮૪ | ૭૧ | ૧/૧૪૭ | ૩/૧૨ |
| ૩૯ | ૨/૮૭ | ૧/૮૭ | ૭૨ | ૨/૨૧ | ૧/૨૧ |
| ૪૦ | ૨/૧૩૮ | ૧/૧૩૬ | ૭૩ | ૨/૨૫ | ૧/૨૫ |
| ૪૧ | ૨/૧૩૯ | ૧/૧૩૭ | ૭૪ | ૨/૫૧ | ૧/૫૨ |
| ૪૨ | ૨/૧૪૧ | ૧/૧૩૯ | ૭૫ | ૨/૧૨૮ | ૧/૧૨૬ |
| ૪૩ | ૨/૧૪૨ | ૧/૧૪૦ | ૭૬ | ૨/૧૩૫ | ૧/૧૩૩ |
| ૪૪ | ૨/૧૪૩ | ૧/૧૪૧ | ૭૭ | ૨/૧૯૨ | ૧/૧૯૬ |
| ૪૫ | ૨/૧૯૧ | ૧/૧૯૫ | ૭૮ | ૨/૧૯૪ | ૧/૧૯૮ |
| ૪૬ | ૨/૧૯૫ | ૧/૯૯ | ૭૯ | ૨/૨૫૩ | ૧/૨૬૯ |
| ૪૭ | ૨/૨૦૦ | ૧/૨૦૩ | ૮૦ | ૨/૨૫૮ | ૧/૨૭૫ |
| ૪૮ | ૨/૨૦૩ | ૧/૨૦૬ | ૮૧ | ૨/૨૬૦ | ૧/૨૭૮ |
| ૪૯ | ૨/૨૩૪ | ૧/૨૪૩ | ૮૨ | ૨/૨૭૦ | ૧/૨૮૮ |
| ૫૦ | ૨/૨૩૯ | ૧/૨૪૯ | ૮૩ | ૨/૨૭૧ | ૧/૨૮૯ |
| ૫૧ | ૨/૨૪૦ | ૧/૨૫૦ | ૮૪ | ૨/૨૮૯ | ૧/૩૦૭ |
| ૫૨ | ૨/૨૪૮ | ૧/૨૬૨ | ૮૫ | ૨/૨૯૬ | ૧/૨૫૫ |
| ૫૩ | ૨/૨૫૧ | ૧/૨૬૭ | ૮૬ | ૨/૩૦૯ | ૧/૩૨૭ |
| ૫૪ | ૨/૨૭૯ | ૧/૨૯૮ | ૮૭ | ૨/૩૧૦ | ૧/૩૨૮ |
| ૫૫ | ૨/૨૯૫ | ૧/૨૫૫ | ૮૮ | – | ૧/૩૩૬ |
| ૫૬ | – | ૧/૨૬૬ | ૮૯ | – | ૨/૩૯ |
| ૫૭ | – | ૧/૩૧૦ | ૯૦ | – | ૩/૨ |
| ૫૮ | – | ૧/૩૧૬ | ૯૧ | ૧/૪૪ | ૨/૩૪ |
| ૫૯ | – | ૧/૩૩૭ | ૯૨ | ૨/૨૭૮ | ૧/૨૯૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯૩ | ૧/૩ | ૩/૪૫ | ૧૨૬ | ૧/૮ | ૨/૨ |
| ૯૪ | ૧/૪ | ૩/૪૫ | ૧૨૭ | ૧/૯ | ૨/૩ |
| ૯૫ | ૧/૨૭ | ૨/૧૭ | ૧૨૮ | ૧/૧૦ | ૨/૪ |
| ૯૬ | ૧/૩૫ | ૨/૨૫ | ૧૨૯ | ૧/૧૦૦ | ૩/૩૧ |
| ૯૭ | ૧/૨ | ૨/૫૩ | ૧૩૦ | ૧/૧૧૭ | ૩/૩૧ |
| ૯૮ | ૨/૧૪૯ | ૧/૧૪૭ | ૧૩૧ | ૧/૧૪૮ | ૩/૪૨ |
| ૯૯ | ૨/૨૦૧ | ૨/૨૦૪ | ૧૩૨ | ૨/૩૦૭ | ૧/૩૨૫ |
| ૧૦૦ | ૨/૨૨૦ | ૧/૨૨૭ | ૧૩૩ | ૧/૧ | ૨/૫૨ |
| ૧૦૧ | ૨/૧ | ૧/૧ | ૧૩૪ | ૧/૩૮ | ૨/૨૮ |
| ૧૦૨ | ૨/૧૨ | ૧/૧૨ | ૧૩૫ | ૧/૪૬ | ૨/૩૬ |
| ૧૦૩ | ૨/૯૬ | ૧/૯૮ | ૧૩૬ | ૧/૬૧ | ૨/૫૭ |
| ૧૦૪ | ૨/૧૬૧ | ૧/૧૬૦ | ૧૩૭ | ૧/૬૨ | ૨/૫૮ |
| ૧૦૫ | ૨/૨૭૩ | ૨/૨૯૧ | ૧૩૮ | ૧/૬૯ | ૨/૬૬ |
| ૧૦૬ | ૨/૨૮૧ | ૧/૩૦૦ | ૧૩૯ | ૧/૭૦ | ૨/૬૭ |
| ૧૦૭ | – | ૨/૪૦ | ૧૪૦ | ૧/૭૫ | ૨/૭૨ |
| ૧૦૮ | – | ૩/૬ | ૧૪૧ | ૧/૮૦ | ૨/૭૭ |
| ૧૦૯ | ૧/૮૯ | ૨/૮૬ | ૧૪૨ | ૧/૮૩ | ૨/૮૦ |
| ૧૧૦ | ૧/૯૦ | ૨/૮૭ | ૧૪૩ | ૧/૧૦૬ | ૩/૧૮ |
| ૧૧૧ | ૨/૪૮ | ૧/૪૯ | ૧૪૪ | ૧/૧૦૯ | ૩/૨૨ |
| ૧૧૨ | ૨/૧૮૬ | ૧/૧૮૬ | ૧૪૫ | ૧/૧૧૯ | ૨/૧૦૦ |
| ૧૧૩ | – | ૧/૨૯૬ | ૧૪૬ | ૧/૧૨૮ | ૨/૧૧૦ |
| ૧૧૪ | ૧/૫ | ૩/૪૬ | ૧૪૭ | ૧/૧૩૪ | ૨/૧૧૬ |
| ૧૧૫ | ૧/૨૬ | ૨/૧૬ | ૧૪૮ | ૨/૧૩ | ૧/૧૩ |
| ૧૧૬ | ૧/૩૧ | ૨/૨૧ | ૧૪૯ | ૨/૧૬ | ૧/૧૬ |
| ૧૧૭ | ૧/૩૯ | ૨/૨૯ | ૧૫૦ | ૨/૧૭ | ૧/૧૭ |
| ૧૧૮ | ૧/૪૫ | ૨/૩૫ | ૧૫૧ | ૨/૧૯ | ૧/૧૯ |
| ૧૧૯ | ૨/૪૧ | ૧/૪૩ | ૧૫૨ | ૨/૬૪ | ૧/૬૫ |
| ૧૨૦ | ૨/૧૧૩ | ૧/૧૧૪ | ૧૫૩ | ૨/૬૫ | ૧/૬૬ |
| ૧૨૧ | ૨/૨૫૯ | ૧/૨૭૬ | ૧૫૪ | ૨/૮૧ | ૧/૮૧ |
| ૧૨૨ | – | ૩/૩૬ | ૧૫૫ | ૨/૯૨ | ૧/૯૧ |
| ૧૨૩ | ૧/૬ | ૩/૪૧ | ૧૫૬ | ૨/૯૮ | ૧/૯૯ |
| ૧૨૪ | ૧/૧૪૯ | ૩/૪૩ | ૧૫૭ | ૨/૯૯ | ૧/૧૦૦ |
| ૧૨૫ | ૧/૭ | ૨/૧ | ૧૫૮ | ૨/૧૦૩ | ૧/૧૦૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫૯ | ૨/૧૦૬ | ૧/૧૦૭ | ૧૯૨ | ૧/૧૨૬ | ૨/૧૦૮ |
| ૧૬૦ | ૨/૧૨૬ | ૧/૧૨૫ | ૧૯૩ | ૧/૧૩૨ | ૨/૧૧૪ |
| ૧૬૧ | ૨/૧૩૬ | ૧/૧૩૪ | ૧૯૪ | ૧/૧૩૩ | ૨/૧૧૫ |
| ૧૬૨ | ૨/૧૫૦ | ૧/૧૪૮ | ૧૯૫ | ૨/૨૭ | ૧/૨૭,૨૮ |
| ૧૬૩ | ૨/૧૬૬ | ૧/૧૬૬ | ૧૯૬ | ૨/૩૯ | ૧/૪૧ |
| ૧૬૪ | ૨/૧૭૨ | ૧/૧૭૨ | ૧૯૭ | ૨/૫૦ | ૧/૫૦ |
| ૧૬૫ | ૨/૧૭૪ | ૧/૧૭૪ | ૧૯૮ | ૨/૬૧ | ૧/૬૧ |
| ૧૬૬ | ૨/૧૭૬ | ૧/૧૭૬ | ૧૯૯ | ૨/૬૩ | ૧/૬૪ |
| ૧૬૭ | ૨/૧૭૯ | ૧/૧૭૯ | ૨૦૦ | ૨/૬૮ | ૧/૬૯ |
| ૧૬૮ | ૨/૧૯૭ | ૧/૨૦૧ | ૨૦૧ | ૨/૭૦ | ૧/૭૧ |
| ૧૬૯ | ૨/૨૧૧ | ૧/૨૧૬ | ૨૦૨ | ૨/૭૫ | ૧/૭૬ |
| ૧૭૦ | ૨/૨૨૨ | ૧/૨૨૯,૨૩૦ | ૨૦૩ | ૨/૭૮ | ૧/૭૮ |
| ૧૭૧ | ૨/૨૪૫ | ૧/૨૫૯ | ૨૦૪ | ૨/૯૩ | ૧/૯૨ |
| ૧૭૨ | ૨/૨૮૫ | ૧/૩૦૪ | ૨૦૫ | ૨/૧૦૨ | ૧/૧૦૩ |
| ૧૭૩ | ૨/૩૧૪ | ૧/૩૩૩ | ૨૦૬ | ૨/૧૦૪ | ૧/૧૦૬ |
| ૧૭૪ | ૧/૩૪ | ૨/૨૪ | ૨૦૭ | ૨/૧૨૦ | ૧/૧૨૦ |
| ૧૭૫ | ૧/૩૭ | ૨/૨૭ | ૨૦૮ | ૨/૧૨૨ | ૧/૧૨૨ |
| ૧૭૬ | ૧/૧૫૦ | ૩/૪૩ | ૨૦૯ | ૨/૧૭૫ | ૧/૧૭૫ |
| ૧૭૭ | ૦/૧ | ૩/૪૭ | ૨૧૦ | ૨/૧૮૩ | ૧/૧૮૩ |
| ૧૭૮ | ૦/૨ | ૩/૪૭ | ૨૧૧ | ૨/૨૭૪ | ૧/૨૯૨ |
| ૧૭૯ | ૦/૩ | ૩/૪૭ | ૨૧૨ | ૨/૨૭૫ | ૧/૨૯૩ |
| ૧૮૦ | ૦/૪ | ૩/૪૭ | ૨૧૩ | ૨/૨૭૬ | ૧/૨૯૪ |
| ૧૮૧ | ૦/૫ | ૩/૪૭ | ૨૧૪ | ૨/૨૭૭ | ૧/૨૯૫ |
| ૧૮૨ | ૦/૬ | ૩/૪૭ | ૨૧૫ | ૨/૨૮૬ | ૧/૩૦૫ |
| ૧૮૩ | ૧/૧૯ | ૨/૯,૧૦ | ૨૧૬ | ૨/૨૯૨ | ૧/૩૦૯ |
| ૧૮૪ | ૧/૩૨ | ૨/૨૨ | ૨૧૭ | ૨/૨૯૩ | ૧/૨૫૩ |
| ૧૮૫ | ૧/૩૩ | ૨/૨૩ | ૨૧૮ | ૨/૨૯૪ | ૧/૨૫૪ |
| ૧૮૬ | ૧/૮૪ | ૨/૮૧ | ૨૧૯ | ૨/૩૧૬ | ૧/૩૩૮ |
| ૧૮૭ | ૧/૧૧૦ | ૩/૨૦ | ૨૨૦ | ૨/૩૧૭ | ૧/૩૪૦ |
| ૧૮૮ | ૧/૧૧૬ | ૩/૩૨ | ૨૨૧ | ૨/૩૧૮ | ૧/૩૪૧ |
| ૧૮૯ | ૧/૧૨૦ | ૨/૧૦૧,૧૦૨ | ૨૨૨ | – | ૩/૧૬ |
| ૧૯૦ | ૧/૧૨૩ | ૨/૧૦૫ | ૨૨૩ | – | ૩/૧૯ |
| ૧૯૧ | ૧/૨૫ | ૨/૧૦૭ | ૨૨૪ | – | ૩/૨૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨૫ | – | ૩/૨૯ | ૨૫૮ | ૨/૫૨ | ૧/૫૩ |
| ૨૨૬ | ૧/૪૦ | ૨/૩૦ | ૨૫૯ | ૨/૫૩ | ૧/૫૪ |
| ૨૨૭ | ૧/૪૨ | ૨/૩૨ | ૨૬૦ | ૨/૫૭ | ૧/૫૮ |
| ૨૨૮ | ૧/૪૩ | ૨/૩૩ | ૨૬૧ | ૨/૬૯ | ૧/૭૦ |
| ૨૨૯ | ૧/૫૮ | ૨/૫૪ | ૨૬૨ | ૨/૭૩ | ૧/૭૪ |
| ૨૩૦ | ૧/૫૯ | ૨/૫૫ | ૨૬૩ | ૨/૭૪ | ૧/૭૫ |
| ૨૩૧ | ૧/૬૫ | ૨/૬૧,૬૨ | ૨૬૪ | ૨/૭૬ | ૧/૭૭ |
| ૨૩૨ | ૧/૬૬ | ૨/૬૩ | ૨૬૫ | ૨/૮૦ | ૧/૮૦ |
| ૨૩૩ | ૧/૬૭ | ૨/૬૪ | ૨૬૬ | ૨/૮૫ | ૧/૮૫ |
| ૨૩૪ | ૧/૬૮ | ૨/૬૫ | ૨૬૭ | ૨/૮૮ | ૧/૮૭ |
| ૨૩૫ | ૧/૭૧ | ૨/૬૮ | ૨૬૮ | ૨/૧૦૧ | ૨/૧૦૨ |
| ૨૩૬ | ૧/૭૨ | ૨/૬૯ | ૨૬૯ | ૨/૧૦૫ | – |
| ૨૩૭ | ૧/૭૩ | ૨/૭૦ | ૨૭૦ | ૨/૧૦૯ | ૧/૧૧૦ |
| ૨૩૮ | ૧/૮૫ | ૨/૮૨ | ૨૭૧ | ૨/૧૧૨ | ૧/૧૧૩ |
| ૨૩૯ | ૧/૮૬ | ૨/૮૩ | ૨૭૨ | ૨/૧૨૯ | ૧/૧૨૭ |
| ૨૪૦ | ૧/૮૭ | ૨/૮૪ | ૨૭૩ | ૨/૧૩૦ | ૧/૨૮ |
| ૨૪૧ | ૧/૮૮ | ૨/૮૫ | ૨૭૪ | ૨/૧૩૩ | ૧/૧૩૧ |
| ૨૪૨ | ૧/૧૦૧ | ૩/૩૦ | ૨૭૫ | ૨/૧૪૬ | ૧/૪૪ |
| ૨૪૩ | ૧/૧૦૪ | ૨/૩૮ | ૨૭૬ | ૨/૧૫૧ | ૧/૧૪૯ |
| ૨૪૪ | ૧/૧૦૫ | ૨/૩૮ | ૨૭૭ | ૨/૧૫૪ | ૧/૧૫૨ |
| ૨૪૫ | ૧/૧૧૮ | ૨/૯૬થી૯૯ | ૨૭૮ | ૨/૧૫૫ | ૧/૧૫૨ |
| ૨૪૬ | ૧/૧૨૪ | ૨/૧૦૬ | ૨૭૯ | ૨/૧૫૬ | ૧/૧૫૩ |
| ૨૪૭ | ૧/૧૩૬ | ૨/૧૧૮ | ૨૮૦ | ૨/૧૬૦ | ૧/૧૫૯ |
| ૨૪૮ | ૨/૨૦ | ૧/૨૦ | ૨૮૧ | ૨/૧૬૭ | ૧/૧૬૭ |
| ૨૪૯ | ૨/૩૩ | ૧/૩૪ | ૨૮૨ | ૨/૧૭૩ | ૧/૧૭૩ |
| ૨૫૦ | ૨/૩૪ | ૧/૩૫,૩૬ | ૨૮૩ | ૨/૧૮૧ | ૧/૧૮૧ |
| ૨૫૧ | ૨/૩૫ | ૧/૩૭ | ૨૮૪ | ૨/૧૮૭ | ૧/૧૮૬ |
| ૨૫૨ | ૨/૩૬ | ૧/૩૮ | ૨૮૫ | ૨/૧૯૩ | ૧/૧૯૭ |
| ૨૫૩ | ૨/૩૭ | ૧/૩૯ | ૨૮૬ | ૨/૨૦૬ | ૧/૨૧૦ |
| ૨૫૪ | ૨/૩૮ | ૧/૪૦ | ૨૮૭ | ૨/૨૦૭ | ૧/૨૧૨ |
| ૨૫૫ | ૨/૪૩ | ૧/૪૪ | ૨૮૮ | ૨/૨૦૮ | ૧/૨૧૩ |
| ૨૫૬ | ૨/૪૪ | ૧/૪૫ | ૨૮૯ | ૨/૨૦૯ | ૧/૨૧૪,૨૧૫ |
| ૨૫૭ | ૨/૪૫ | ૧/૪૬ | ૨૯૦ | ૨/૨૧૫ | ૧/૨૨૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯૧ | ૨/૨૨૧ | ૧/૨૨૮ | ૩૨૪ | ૧/૧૦૩ | ૨/૩૮ |
| ૨૯૨ | ૨/૨૨૩ | ૧/૨૩૧ | ૩૨૫ | ૧/૧૩૫ | ૨/૧૧૭ |
| ૨૯૩ | ૨/૨૩૨ | ૧/૨૪૧ | ૩૨૬ | ૨/૭૭ | ૧/૭૮ |
| ૨૯૪ | ૨/૨૩૫ | ૧/૨૪૪,૨૪૫ | ૩૨૭ | ૨/૧૩૨ | ૧/૧૩૦ |
| ૨૯૫ | ૨/૨૩૭ | ૧/૨૪૭ | ૩૨૮ | ૧/૨૦ | ૨/૧૧ |
| ૨૯૬ | ૨/૨૩૮ | ૧/૨૪૮ | ૩૨૯ | ૧/૨૧ | ૨/૧૨ |
| ૨૯૭ | ૨/૨૪૧ | ૧/૨૫૧ | ૩૩૦ | ૧/૩૬ | ૨/૨૬ |
| ૨૯૮ | ૨/૨૪૩ | ૧/૨૫૨ | ૩૩૧ | ૧/૪૧ | ૨/૩૧ |
| ૨૯૯ | ૨/૨૪૭ | ૧/૨૬૧ | ૩૩૨ | ૧/૬૩ | ૨/૫૯ |
| ૩૦૦ | ૨/૨૫૦ | ૧/૨૬૫ | ૩૩૩ | ૧/૯૭ | ૨/૯૪ |
| ૩૦૧ | ૨/૨૫૨ | ૧/૨૬૮ | ૩૩૪ | ૧/૯૮ | ૨/૯૫ |
| ૩૦૨ | ૨/૨૫૬ | ૧/૨૭૨ | ૩૩૫ | ૨/૨ | ૧/૨ |
| ૩૦૩ | ૨/૨૬૭ | ૧/૨૮૫ | ૩૩૬ | ૨/૯ | ૧/૯ |
| ૩૦૪ | ૨/૨૭૨ | ૧/૨૮૯ | ૩૩૭ | ૨/૧૧ | ૧/૧૧ |
| ૩૦૫ | ૨/૨૮૩ | ૧/૩૦૨ | ૩૩૮ | ૨/૧૮ | ૧/૧૮ |
| ૩૦૬ | ૨/૩૦૫ | ૧/૩૨૩ | ૩૩૯ | ૨/૨૨ | ૧/૨૨ |
| ૩૦૭ | – | ૧/૧૦૫ | ૩૪૦ | ૨/૨૬ | ૧/૨૬ |
| ૩૦૮ | – | ૧/૧૯૪ | ૩૪૧ | ૨/૩૧ | ૧/૩૨ |
| ૩૦૯ | – | ૧/૨૧૧ | ૩૪૨ | ૨/૪૨ | ૧/૪૩ |
| ૩૧૦ | – | ૧/૨૨૪ | ૩૪૩ | ૨/૫૫ | ૧/૫૬ |
| ૩૧૧ | – | ૧/૨૭૪ | ૩૪૪ | ૨/૭૧ | ૧/૭૨ |
| ૩૧૨ | – | ૧/૩૧૭ | ૩૪૫ | ૨/૭૨ | ૧/૭૩ |
| ૩૧૩ | – | ૩/૪ | ૩૪૬ | ૨/૧૪૫ | ૧/૧૪૩ |
| ૩૧૪ | – | ૩/૭ | ૩૪૭ | ૨/૧૭૭ | ૧/૧૭૭ |
| ૩૧૫ | – | ૩/૮ | ૩૪૮ | ૨/૧૮૦ | ૧/૧૮૦ |
| ૩૧૬ | – | ૩/૧૭ | ૩૪૯ | ૨/૧૮૨ | ૧/૧૮૨ |
| ૩૧૭ | ૧/૨૨ | ૨/૧૩ | ૩૫૦ | ૨/૧૮૫ | ૧/૧૮૫ |
| ૩૧૮ | ૧/૨૩ | ૨/૧૪ | ૩૫૧ | ૨/૨૧૪ | ૧/૨૧૯,૨૨૦ |
| ૩૧૯ | ૧/૨૫ | ૨/૧૬ | ૩૫૨ | ૨/૨૨૪ | ૧/૨૩૨ |
| ૩૨૦ | ૧/૨૮ | ૨/૧૮ | ૩૫૩ | ૨/૨૬૮ | ૧/૨૮૬ |
| ૩૨૧ | ૧/૨૯ | ૨/૧૯ | ૩૫૪ | ૧/૭૭ | ૨/૭૪ |
| ૩૨૨ | ૧/૭૮ | ૨/૭૫ | ૩૫૫ | ૧/૮૧ | ૨/૭૮ |
| ૩૨૩ | ૧/૭૯ | ૨/૭૬ | ૩૫૬ | ૧/૮૨ | ૨/૭૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૫૭ | ૧/૧૦૨ | ૩/૨૫ | ૩૯૦ | ૨/૨૨૬ | ૧/૨૩૪ |
| ૩૫૮ | ૧/૧૨૧ | ૨/૧૦૩ | ૩૯૧ | ૨/૨૬૩ | ૧/૨૮૧ |
| ૩૫૯ | ૧/૧૨૨ | ૨/૧૦૪ | ૩૯૨ | ૨/૨૬૫ | ૧/૨૮૩ |
| ૩૬૦ | ૧/૧૩૧ | ૨/૧૧૩ | ૩૯૩ | ૨/૨૮૭ | ૧/૩૦૬ |
| ૩૬૧ | ૨/૪ | ૧/૪ | ૩૯૪ | ૨/૩૦૬ | ૧/૩૨૪ |
| ૩૬૨ | ૨/૫ | ૧/૫ | ૩૯૫ | – | ૩/૩૭ |
| ૩૬૩ | ૨/૬ | ૧/૬ | ૩૯૬ | ૧/૨૪ | ૨/૧૫ |
| ૩૬૪ | ૨/૧૪ | ૧/૧૪ | ૩૯૭ | ૧/૯૧ | ૨/૮૮ |
| ૩૬૫ | ૨/૯૫ | ૧/૯૮ | ૩૯૮ | ૧/૯૨ | ૨/૮૯ |
| ૩૬૬ | ૨/૧૦૭ | ૧/૧૦૮ | ૩૯૯ | ૧/૯૩ | ૨/૯૦ |
| ૩૬૭ | ૨/૧૭૮ | ૧/૧૭૮ | ૪૦૦ | ૧/૯૪ | ૨/૯૧ |
| ૩૬૮ | ૨/૨૩૬ | ૧/૨૪૬ | ૪૦૧ | ૧/૯૫ | ૨/૯૨ |
| ૩૬૯ | – | ૩/૧૩ | ૪૦૨ | ૧/૯૬ | ૨/૯૩ |
| ૩૭૦ | – | ૩/૨૪ | ૪૦૩ | ૨/૧૦૦ | ૧/૧૦૧ |
| ૩૭૧ | ૧/૫૩ | ૨/૪૮ | ૪૦૪ | ૨/૧૪૮ | ૧/૧૪૬ |
| ૩૭૨ | ૧/૫૬ | ૨/૫૧ | ૪૦૫ | ૨/૧૭૧ | ૧/૧૭૧ |
| ૩૭૩ | ૧/૧૧૧ | ૩/૨૩ | ૪૦૬ | ૨/૧૮૮ | ૧/૧૮૭ |
| ૩૭૪ | ૧/૧૧૨ | ૩/૨૬ | ૪૦૭ | ૨/૨૦૫ | ૧/૨૦૮,૨૦૯ |
| ૩૭૫ | ૧/૧૧૩ | ૩/૩૩ | ૪૦૮ | ૨/૨૧૬ | ૧/૨૨૩ |
| ૩૭૬ | ૧/૧૧૪ | ૩/૨૬ | ૪૦૯ | ૨/૨૫૪ | ૧/૨૭૦ |
| ૩૭૭ | ૧/૧૧૫ | ૩/૩૩ | ૪૧૦ | ૨/૨૫૫ | ૧/૨૭૧ |
| ૩૭૮ | ૧/૧૨૭ | ૨/૧૦૯ | ૪૧૧ | ૨/૨૮૨ | ૧/૩૦૧ |
| ૩૭૯ | ૧/૧૩૭ | ૨/૧૧૯,૧૨૦ | ૪૧૨ | ૨/૩૧૧ | ૧/૩૨૯ |
| ૩૮૦ | ૨/૪૬ | ૧/૪૭ | ૪૧૩ | – | ૧/૩૩૪ |
| ૩૮૧ | ૨/૬૦ | ૧/૬૧ | ૪૧૪ | – | ૩/૩ |
| ૩૮૨ | ૨/૬૭ | ૧/૬૮ | ૪૧૫ | – | ૩/૨૭ |
| ૩૮૩ | ૨/૧૧૬ | ૧/૧૧૭ | ૪૧૬ | ૧/૬૪ | ૨/૬૦ |
| ૩૮૪ | ૨/૧૨૩ | ૧/૧૨૩ | ૪૧૭ | ૨/૧૫ | ૧/૧૫ |
| ૩૮૫ | ૨/૧૩૧ | ૧/૧૨૯ | ૪૧૮ | ૧/૩૦ | ૨/૨૦ |
| ૩૮૬ | ૨/૧૪૦ | ૧/૧૩૮ | ૪૧૯ | ૨/૫૪ | ૨/૪૯ |
| ૩૮૭ | ૨/૧૪૭ | ૧/૧૪૫ | ૪૨૦ | ૧/૫૭ | ૩/૪૪ |
| ૩૮૮ | ૨/૧૯૦ | ૧/૮૯ | ૪૨૧ | ૧/૬૦ | ૨/૫૬ |
| ૩૮૯ | ૨/૨૦૪ | ૧/૨૦૭ | ૪૨૨ | ૧/૭૬ | ૨/૭૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૨૩ | ૧/૧૩૮ | ૨/૧૨૧ | ૪૫૬ | ૨/૧૧૯ | ૧/૧૧૯ |
| ૪૨૪ | ૧/૧૩૯ | ૨/૧૨૨ | ૪૫૭ | ૨/૧૨૭ | ૧/૧૨૬ |
| ૪૨૫ | ૧/૧૪૦ | ૨/૧૨૩ | ૪૫૮ | ૨/૧૫૨ | ૧/૧૫૦ |
| ૪૨૬ | ૧/૧૪૧ | ૨/૧૨૪ | ૪૫૯ | ૨/૧૫૩ | ૧/૧૫૧ |
| ૪૨૭ | ૧/૧૪૨ | ૨/૧૨૫ | ૪૬૦ | ૨/૧૫૭ | ૧/૧૫૬ |
| ૪૨૮ | ૧/૧૪૩ | ૨/૧૨૬ | ૪૬૧ | ૨/૧૫૮ | ૧/૧૫૭ |
| ૪૨૯ | ૧/૧૪૪ | ૨/૧૨૭ | ૪૬૨ | ૨/૧૬૨ | ૧/૧૬૨ |
| ૪૩૦ | ૧/૧૪૫ | ૨/૧૨૮ | ૪૬૩ | ૨/૧૬૩ | ૧/૧૬૩ |
| ૪૩૧ | ૧/૧૪૬ | ૨/૧૨૯,૧૩૦ | ૪૬૪ | ૨/૧૬૪ | ૧/૧૬૪ |
| ૪૩૨ | ૨/૩ | ૧/૩ | ૪૬૫ | ૨/૧૬૫ | ૧/૧૬૫ |
| ૪૩૩ | ૨/૭ | ૧/૭ | ૪૬૬ | ૨/૧૬૮ | ૧/૧૬૮ |
| ૪૩૪ | ૨/૧૦ | ૧/૧૦ | ૪૬૭ | ૨/૧૬૯ | ૧/૧૬૯ |
| ૪૩૫ | ૨/૨૩ | ૧/૨૩ | ૪૬૮ | ૨/૧૭૦ | ૧/૧૭૦ |
| ૪૩૬ | ૨/૨૪ | ૧/૨૪ | ૪૬૯ | ૨/૧૮૪ | ૧/૧૮૪ |
| ૪૩૭ | ૨/૨૮ | ૧/૨૯ | ૪૭૦ | ૨/૧૮૯ | ૧/૧૮૮ |
| ૪૩૮ | ૨/૨૯ | ૧/૩૦ | ૪૭૧ | ૨/૧૯૬ | ૧/૨૦૦ |
| ૪૩૯ | ૨/૩૦ | ૧/૩૧ | ૪૭૨ | ૨/૨૦૨ | ૧/૨૦૫ |
| ૪૪૦ | ૨/૩૨ | ૧/૩૩ | ૪૭૩ | ૨/૨૧૦ | ૧/૨૧૬ |
| ૪૪૧ | ૨/૪૦ | ૧/૪૨ | ૪૭૪ | ૨/૨૪૬ | ૧/૨૬૦ |
| ૪૪૨ | ૨/૪૭ | ૧/૪૮ | ૪૭૫ | ૨/૨૧૨ | ૧/૨૧૮ |
| ૪૪૩ | ૨/૫૬ | ૧/૫૭ | ૪૭૬ | ૨/૨૧૩ | ૧/૨૧૮ |
| ૪૪૪ | ૨/૮૨ | ૧/૮૨ | ૪૭૭ | ૨/૨૧૮ | ૧/૨૨૬ |
| ૪૪૫ | ૨/૮૬ | ૧/૮૬ | ૪૭૮ | ૨/૨૨૨ | ૧/૨૨૯,૨૩૦ |
| ૪૪૬ | ૨/૮૯ | ૧/૮૮ | ૪૭૯ | ૨/૨૨૫ | ૧/૨૩૩ |
| ૪૪૭ | ૨/૯૦ | ૧/૮૯ | ૪૮૦ | ૨/૨૨૭ | ૧/૨૩૫ |
| ૪૪૮ | ૨/૯૧ | ૧/૯૦ | ૪૮૧ | ૨/૨૨૮ | ૧/૨૩૬ |
| ૪૪૯ | ૨/૧૦૮ | ૧/૧૦૯ | ૪૮૨ | ૨/૨૩૦ | ૧/૨૩૮ |
| ૪૫૦ | ૨/૧૧૦ | ૧/૧૧૧ | ૪૮૩ | ૨/૨૩૧ | ૧/૨૪૦ |
| ૪૫૧ | ૨/૧૧૧ | ૧/૧૧૨ | ૪૮૪ | ૨/૨૫૭ | ૧/૨૭૩ |
| ૪૫૨ | ૨/૧૧૪ | ૧/૧૧૫ | ૪૮૫ | ૨/૨૬૧ | ૧/૨૭૯ |
| ૪૫૩ | ૨/૧૧૫ | ૧/૧૧૬ | ૪૮૬ | ૨/૨૬૨ | ૧/૨૮૦ |
| ૪૫૪ | ૨/૧૧૭ | ૧/૧૧૮ | ૪૮૭ | ૨/૨૮૪ | ૧/૩૦૩ |
| ૪૫૫ | ૨/૧૧૮ | ૧/૧૧૮ | ૪૮૮ | ૨/૩૦૪ | ૧/૩૨૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૮૯ | ૨/૩૧૨ | ૧/૩૩૦ | ૫૨૨ | ૨/૫૮ | ૧/૫૯ |
| ૪૯૦ | ૨/૩૧૩ | ૧/૩૩૨ | ૫૨૩ | ૨/૫૯ | ૧/૬૦ |
| ૪૯૧ | – | ૧/૫૧ | ૫૨૪ | ૨/૬૬ | ૧/૬૭ |
| ૪૯૨ | – | ૧/૯૪ | ૫૨૫ | ૨/૭૯ | ૧/૭૯ |
| ૪૯૩ | – | ૧/૯૫ | ૫૨૬ | ૨/૮૩ | ૧/૮૩ |
| ૪૯૪ | – | ૧/૯૬ | ૫૨૭ | ૨/૯૪ | ૧/૯૭ |
| ૪૯૫ | – | ૧/૧૫૪ | ૫૨૮ | ૨/૯૭ | – |
| ૪૯૬ | – | ૧/૧૫૫ | ૫૨૯ | ૨/૧૨૧ | ૧/૧૨૧ |
| ૪૯૭ | – | ૧/૧૬૧ | ૫૩૦ | ૨/૧૨૪ | ૧/૧૨૪ |
| ૪૯૮ | – | ૧/૧૯૦ | ૫૩૧ | ૨/૧૨૫ | ૧/૧૨૪ |
| ૪૯૯ | – | ૧/૧૯૧ | ૫૩૨ | ૨/૧૩૪ | ૧/૧૩૨ |
| ૫૦૦ | – | ૧/૧૯૨ | ૫૩૩ | ૨/૧૩૭ | ૧/૧૩૫ |
| ૫૦૧ | – | ૧/૧૯૩ | ૫૩૪ | ૨/૧૪૪ | ૧/૧૪૨ |
| ૫૦૨ | – | ૧/૨૨૧ | ૫૩૫ | ૨/૧૫૯ | ૧/૧૫૮ |
| ૫૦૩ | – | ૧/૨૩૯ | ૫૩૬ | ૨/૧૯૮ | ૧/૨૦૨ |
| ૫૦૪ | – | ૧/૨૬૪ | ૫૩૭ | ૨/૧૯૯ | ૧/૨૦૩ |
| ૫૦૫ | – | ૧/૨૯૭ | ૫૩૮ | ૨/૨૧૭ | ૧/૨૨૫ |
| ૫૦૬ | – | ૧/૩૧૫ | ૫૩૯ | ૨/૨૧૯ | ૧/૨૨૭ |
| ૫૦૭ | – | ૧/૩૧૮ | ૫૪૦ | ૨/૨૨૯ | ૧/૨૩૭ |
| ૫૦૮ | – | ૧/૩૩૧ | ૫૪૧ | ૨/૨૩૩ | ૧/૨૪૨ |
| ૫૦૯ | – | ૧/૩૩૯ | ૫૪૨ | ૨/૨૪૨ | ૧/૨૫૨ |
| ૫૧૦ | – | ૩/૫ | ૫૪૩ | ૨/૨૪૪ | ૧/૨૫૮ |
| ૫૧૧ | – | ૩/૯ | ૫૪૪ | ૨/૨૪૯ | ૧/૨૬૩ |
| ૫૧૨ | – | ૩/૧૪ | ૫૪૫ | ૨/૨૬૪ | ૧/૨૮૨ |
| ૫૧૩ | – | ૩/૩૫ | ૫૪૬ | ૨/૨૬૬ | ૧/૨૮૪ |
| ૫૧૪ | – | ૩/૩૮ | ૫૪૭ | ૨/૨૬૯ | ૧/૨૮૭ |
| ૫૧૫ | – | ૩/૩૯ | ૫૪૮ | ૨/૨૮૦ | ૧/૨૯૯ |
| ૫૧૬ | – | ૩/૪૦ | ૫૪૯ | ૨/૨૮૮ | ૧/૩૦૬ |
| ૫૧૭ | ૧/૭૪ | ૨/૭૧ | ૫૫૦ | ૨/૨૯૦ | ૧/૩૦૮ |
| ૫૧૮ | ૧/૧૨૯ | ૨/૧૧૧ | ૫૫૧ | ૨/૨૯૧ | ૧/૩૦૮ |
| ૫૧૯ | ૧/૧૩૦ | ૨/૧૧૨ | ૫૫૨ | ૨/૨૯૭ | ૧/૨૫૭ |
| ૫૨૦ | ૨/૪૯ | ૧/૪૯ | ૫૫૩ | ૨/૨૯૮ | ૧/૩૧૧,૩૧૨ |
| ૫૨૧ | ૨/૫૪ | ૧/૫૫ | ૫૫૪ | ૨/૨૯૯ | ૧/૩૧૩ |

| | | |
|---|---|---|
| ૫૫૫ | ૨/૩૦૦ | ૧/૩૧૪ |
| ૫૫૬ | ૨/૩૦૧ | ૧/૩૧૯ |
| ૫૫૭ | ૨/૩૦૨ | ૧/૩૨૦ |
| ૫૫૮ | ૨/૩૦૩ | ૧/૩૨૧ |
| ૫૫૯ | ૨/૩૦૮ | ૧/૩૨૬ |
| ૫૬૦ | ૨/૩૧૫ | ૧/૩૩૫ |
| ૫૬૧ | – | ૧/૯૩ |
| ૫૬૨ | – | ૧/૨૫૬ |
| ૫૬૩ | – | ૩/૧૦ |
| ૫૬૪ | – | ૩/૧૧ |

❁ ❁ ❁

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે —

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈ-બહેનને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધન કેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે

જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય તેવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

યોગ એટલે જોડાવું.
શ્રીજીમહારાજની મૂર્તિમાં
સંપૂર્ણપણે રસબસ જોડાવું
તે સર્વોત્તમ યોગ છે.

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org

Email: info@shriswaminarayandivinemission.com